ધ્યેયં સદા વલ્લભમ્

ભાગ-૨



ગો. શ્રી ઈન્દિરાબેટીજી

॥ શ્રીવલ્લભઃ ॥

ધ્યેયમ્ સદા વલ્લભમ્

(ભાગ-૨)

● વ્યાખ્યાતા ●

ગોસ્વામી શ્રી ઈન્દિરાબેટીજી

● સંકલન-સંપાદન ●

પ્રા. રમેશભાઈ પરીખ

● પ્રકાશક ●

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

'વૈષ્ણવ પરિવાર સદન',
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

DHYEYAM SADA VALLABHAM - II
by Goswami Indirabetiji
© કોપીરાઈટ : ગો. શ્રી ઈન્દિરાબેટીજી

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  'વૈષ્ણવ પરિવાર સદન',
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨ (ઉ. ગુજરાત)
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ :
પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨ (શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, શ્રીવલ્લભાબ્દ : ૫૧૪)
બીજી આવૃત્તિ : ૧૯૯૫
ત્રીજી આવૃત્તિ : ૨૦૦૨
ચોથી આવૃત્તિ : ૨૦૦૭
પાંચમી આવૃત્તિ : ૨૦૧૩
છઠ્ઠી આવૃત્તિ : ૨૦૧૫

પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ૯૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

સમર્પણ

શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ-મહાપ્રભુનાં
યુગલ ચરણકમળોમાં.
શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ-શ્રીનાથજી એ ત્રણે સ્વરૂપો
મૂળમાં એક જ સ્વરૂપ છે.
લીલાર્થે આપ આ ત્રિવિધ સ્વરૂપોએ દર્શન
અને અનુભવ આપે છે.
આથી આપ આ પૃથ્વી પર સ્વામી અને સેવક
એ ઉભય સ્વરૂપે બિરાજો છો.
એટલું જ નહિ, યજ્ઞકર્તા અને યજ્ઞભોક્તા
એ બંને સ્વરૂપે પણ આપ જ અનુભવ કરાવો છો.
સાથ સાથે પિતા અને પુત્ર સ્વરૂપ પણ આપનાં જ છે.
આપે જ એક સ્વરૂપે (શ્રીવિઠ્ઠલ સ્વરૂપે)
શ્રીસર્વોત્તમ સ્તોત્ર દ્વારા આપના જ અવર સ્વરૂપ
(શ્રીવલ્લભ સ્વરૂપ) ની સ્તુતિ કરી છે, તો આપના
તૃતીય સ્વરૂપે (શ્રીગોકુલેશ સ્વરૂપે) આ સ્તોત્રનો
ભાવ પ્રકટ કર્યો છે.
વળી આપ જ આ સ્તોત્રમાં નામ અને રૂપ
સ્વરૂપે, ગુણ અને લીલા સ્વરૂપે બિરાજમાન છો.
આપના જ કૃપાપ્રસાદ રૂપે આ ગ્રંથ પ્રકાશિત
થયો છે. આપનું આ વાક્પુષ્પ આપનાં ચરણકમળોમાં
સાદર, સદૈન્ય સમર્પિત કરું છું.

આપની કિંકરી
ગોસ્વામી શ્રીઈન્દિરાબેટીજી

અનુક્રમણિકા

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ ક્રમાંક
	પ્રસ્તાવના	૫-૮
૧.	શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ - શબ્દાર્થ અને શ્લોકાર્થ	૯-૨૦
૨.	શ્રીસર્વોત્તમ સ્તોત્ર નામાવલી	૨૧-૨૪
૩.	શ્રીસર્વોત્તમ સ્તોત્ર - થોડાક પ્રશ્નો	૨૫-૨૭
૪.	શ્રીસર્વોત્તમ સ્તોત્ર રસપાન - સ્તોત્રના નામનો વિચાર	૨૮-૩૩
૫.	શ્રીસર્વોત્તમ સુધારસ - સ્તોત્ર વિવરણ	૩૪-૨૯૧

પ્રસ્તાવના

'શ્રીસર્વોત્તમ રસપાન'

શ્રીસર્વોત્તમ સ્તોત્ર વૈષ્ણવોની ગાયત્રી છે. જેમ બ્રાહ્મણપુત્ર જનોઇ વખતે ગાયત્રીમંત્રની દીક્ષા લે છે અને નિત્ય ગાયત્રીમંત્ર જપે છે, તેમ વૈષ્ણવે પણ નિત્ય શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ અને જપ કરવા જોઇએ. બ્રાહ્મણ ગાયત્રીમંત્ર ન જપે તો તેનામાં રહેલા બ્રહ્મણ્ય દેવતા તિરોધાન થાય તેમ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો જપ-પાઠ ન કરનાર વૈષ્ણવના હૃદયમાં શ્રીમહાપ્રભુજી ન બિરાજે. આવી આ સ્તોત્રની અલૌકિક ભાવના છે. તેને કારણે બધા વૈષ્ણવો દરરોજ એકથી પાંત્રીસ સુધી શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરતા હોય છે.

પરંતુ બીજા પાઠની બાબતમાં બને છે એવું આ સ્તોત્રની બાબતમાં પણ બને છે. સ્તોત્રનો અર્થ જાણ્યા વિના આપણે પોપટની જેમ પાઠ રટી જઇએ છીએ. તેને કારણે તે પાઠમાં બિરાજેલું સ્વરૂપ અને સિદ્ધાંત આપણા હૃદયમાં સ્થિર અને દૃઢ થતા નથી. પાઠનો જે આનંદ મળવો જોઇએ અને જે ઉત્તમ ફળ મળવું જોઇએ તે પણ મળતું નથી. ઘણા વૈષ્ણવોની એવી ફરિયાદ રહી હતી કે અમે દરરોજ શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કરીએ છીએ, પરંતુ તેનો અર્થ જાણતા નથી. કેટલાકની એવી ફરિયાદ હતી કે એકાદ નાનકડા પુસ્તકમાંથી અમને સર્વોત્તમ સ્તોત્રનો સંક્ષિપ્ત અર્થ જાણવા મળ્યો છે, પરંતુ તેનું પૂરું રહસ્ય અમને સમજાતું નથી. માટે એવું કોઇક પુસ્તક મળે કે જેમાં શ્રીસર્વોત્તમ સ્તોત્રનું પૂરું રહસ્ય સરળ ભાષામાં અમને પ્રાપ્ત થાય.

આ દિશામાં અગાઉ સંપ્રદાયના કેટલાક નોંધપાત્ર પ્રયત્નો પણ થયા છે. પરમપૂજ્યપાદ ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી) એ વર્ષો પૂર્વે અતિ પરિશ્રમ લઇને શ્રીસર્વોત્તમ સચિત્ર નામનો ખૂબ જ સુંદર ગ્રંથ પ્રકાશિત કર્યો હતો. તેની ત્રણેક જેટલી આવૃત્તિઓ પણ આજસુધીમાં થઇ શકી છે અને આજે પણ તે સુપ્રાપ્ય છે. તેમાં પ્રત્યેક નામમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજીના સ્વરૂપની લીલાનું સુંદર બહુરંગી ચિત્ર સાથે સાથે આપવામાં આવેલું છે. ગુજરાતી

અને હિન્દી બંને ભાષામાં આ ગ્રંથ તૈયાર થયો છે. તદુપરાંત શ્રીસર્વોત્તમસ્તોત્ર ઉપર વિવેચનરૂપે શ્રી નરહરિ શાસ્ત્રીજી, શ્રી દ્વારકાદાસભાઇ પરીખ, શ્રી દીનકિંકર જેવા વિદ્વાનો દ્વારા પણ ગુજરાતી ભાષામાં વિવરણો લખાયાં અને પ્રકાશિત થયાં છે.

પરંતુ આ બધું સાહિત્ય કેટલાક વૈષ્ણવોને આજે હાથવગું થતું નથી. અને થાય છે તો પૂરા પ્રમાણમાં સમજાતું નથી.

મારી અમેરિકાયાત્રા દરમ્યાન સંખેડાના વયોવૃદ્ધ વૈષ્ણવ શ્રી ચીમનભાઇ પરીખની મુલાકાત થઇ. તેમણે પણ તેમની આ મુશ્કેલી રજૂ કરી અને સરળ ગુજરાતી ભાષામાં શ્રીસપ્તશ્લોકી, શ્રીવલ્લભાષ્ટક અને શ્રીસર્વોત્તમસ્તોત્ર આપવા માટેની માત્ર માગણી જ ન કરી, પરંતુ તેના પ્રકાશનમાં જરૂરી દ્રવ્યસહાય કરવાની તેમની ભાવના પણ વ્યકત કરી હતી. મેં તેમને જણાવેલું કે શ્રીમહાપ્રભુજીની કૃપા થશે ત્યારે તેમનો મનોરથ અવશ્ય પૂરો થશે.

અત્રે પાછા આવ્યા પછી મુંબઇના અમારા સ્નેહી એક વૈષ્ણવ બહેને એવી ઇચ્છા વ્યક્ત કરી કે વૈ.પ.દ્વારા શ્રીસર્વોત્તમ સ્તોત્રનું રસપાન પ્રાપ્ત થાય તો સારું. દરમ્યાન પ.પૂ.પાદ ગો. શ્રી ઇન્દિરાબેટીજીની સન્મુખ થવાનું થયું. ત્યારે આપશ્રીને આ બાબતમાં વિનંતી કરી. આપશ્રીએ નજીકના ભૂતકાળમાં અમદાવાદ મુકામે શ્રીસર્વોત્તમ સ્તોત્ર ઉપર એક સપ્તાહ સુધી સવારસાંજ વચનામૃતોને શબ્દસ્થ લિપિબદ્ધ કરવામાં આવ્યા. તેમાં એકાદ બે કેસેટની મુશ્કેલીને લઇને, ત્યારે અમદાવાદના પૂ.જીજીના કૃપાપાત્ર અને અમારા સ્વજન સમાન શ્રી પ્રવીણાબહેન કાંટાવાળા તરફથી જરૂરી કેસેટો પ્રાપ્ત થઇ. તેના પરિણામસ્વરૂપે શ્રીસર્વોત્તમ- સ્તોત્રનું સવિસ્તર અને સરળ ગુજરાતી વિવરણ તૈયાર થયું. જે પૂ. પાદ ગો.શ્રી ઇન્દિરાબેટીજીની આજ્ઞાથી આ પુસ્તક રૂપે પ્રકાશિત થઇ રહ્યું છે. તે શ્રીમહાપ્રભુજીની કૃપાનું જ ફળ છે, એમ હું સમજું છું. તે માટે હું પૂજ્યપાદ શ્રીબેટીજી મહારાજનો ઘણો ઋણી છું.

શ્રીગુસાંઇજીકૃત શ્રીમહાપ્રભુજી વિષયક ચારે સ્તોત્રો અને શ્રીહરિરાયચરણ રચિત શ્રીવલ્લભસ્તોત્રોના અનુવાદ થઇ તૈયાર થયા ત્યારે તે બધું સાહિત્ય એક જ પુસ્તકમાં પ્રકાશિત કરવું મુશ્કેલ લાગ્યું. અમારા સ્નેહી અમેરિકાવાસી શ્રી. ચીમનભાઇ પરીખે આ મુશ્કેલી જાણી. તેમનો મનોરથ બધું સાહિત્ય પ્રકાશિત કરવાનો હતો અને તેના મનોરથી તરીકે તેમના પરિવારની જ સેવા લેવાય તેવો

હતો. તેને લઈને ધ્યેયમ્ સદા વલ્લભમનો આ બીજો ભાગ પણ તેમના જ મનોરથ સ્વરૂપે પ્રકાશિત થાય છે. બંને ભાગના પ્રકાશનમાં તેમણે આર્થિક રીતે અને ભાવપૂર્ણ રૂપે જે સહયોગ આપ્યો છે. તેથી તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેમના મનોરથ સ્વરૂપે સૌ વૈષ્ણવો શ્રીવલ્લભસુધારસનું પાન કરવા ભાગ્યશાળી બનશે.

આપણે ત્યાં વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવાનો મોટો મહિમા છે. મહાપ્રસાદ તન અને મનમાંથી લૌકિકમાંથી અલૌકિક તરફ લઈ જનાર છે. તેવી રીતે આપણું આ ધર્મસાહિત્ય પણ આપણા પૂજ્યપાદ આચાર્યચરણોની અલૌકિક વાણીનો મહાપ્રસાદ છે. જે આપણી આંખોને અને મનને ભગવત્સ્વરૂપમાં ઓતપ્રોત કરે છે. મહાપ્રસાદ હાજર રહેલા વૈષ્ણવોને લેવડાવી શકાય. જ્યારે ગ્રંથરૂપી મહાપ્રસાદ વિશ્વના ખૂણે ખૂણે વસતા વૈષ્ણવો સુધી પહોંચાડી શકાય. એટલું જ નહિ પણ ભગવત્પ્રસાદ જે લે તેને જ લાભ કરે, જ્યારે ગ્રંથપ્રસાદ જેટલા વાંચે એ બધાને પેઢીઓની પેઢીઓ સુધી ફળ આપે. આમ, ગ્રંથમહાપ્રસાદ લેવડાવવાના મનોરથ વિશેષ પ્રમાણે થાય તે આવશ્યક છે. વિદેશમાં વસતા વૈષ્ણવ કુટુંબો તરફથી આવા મનોરથ અગાઉ પણ થયા છે. તેને કારણે બે પુસ્તકો વૈષ્ણવોને સમજવા માટે પ્રાપ્ત પણ થયા છે. આજે એવા જ વિદેશમાં વસતા શ્રી ચીમનભાઈ પરીખના પરિવારના મનોરથે બીજાં બે પુસ્તકો વૈષ્ણવોને મળતાં થાય છે, તે આનંદની વાત છે. વિદેશમાં વસતા વૈષ્ણવોને પ્રભુએ સવિશેષ દ્રવ્ય આપ્યું છે. જેનો ઉપયોગ પ્રકાશનમાં કરીને તેઓ નામ-સેવામાં તેમનું યોગદાન આપે એવી તેમની પાસે આશા રાખીએ તો તે વધારે પડતી નહિ કહેવાય.

આ ગ્રંથને ઓડિયોકેસેટો પરથી લિપિબદ્ધ કરવામાં સૌથી વધારે સહાય મારા શીઘ્રલિપિ લેખક શ્રી પરેશભાઈની મને મળી છે. તેમણે આ ગ્રંથની બબ્બે વખત ટાઈપ નકલ તૈયાર કરી છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં શ્રી ગોપાળભાઈ બુકસેલરનો ઘણો મોટો સહયોગ છે. તેના મુદ્રણની જવાબદારી તેમણે સંભાળી લઈને મને તે બાબતમાં નિશ્ચિંત કર્યો છે અને સમયસર પુસ્તક તૈયાર કરી આપ્યું છે. મારા બીજા મિત્ર પ્રા. રાજનભાઈ કડિયાએ આ પુસ્તકનું ટાઈટલ પેજ તૈયાર કરી આપવામાં ઘણી મદદ કરી છે. તે સૌ પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરું છું.

અંતમાં ફરી-ફરીને પરમપૂજ્યપાદ ગો. શ્રી ઈન્દિરાબેટીજીનું કૃપાપૂર્ણ ઋણ નતમસ્તકે માથે ચઢાવું છું. આપશ્રીની કૃપાથી જ આ પુસ્તક આપણને સુલભ બન્યું છે. મને શ્રદ્ધા છે કે સૌ વૈષ્ણવોને આ પુસ્તક શ્રીવલ્લભરસનું પાન કરવામાં ઘણું સહાયક બનશે.

શ્રીગુસાંઈજીનો ઉત્સવ,
સંવત ૨૦૪૮, મહેસાણા.

દાસાનુદાસ,
રમેશભાઈ પરીખ

ચોથી આવૃત્તિ ટાણે :
પ્રથમ આવૃત્તિનું આ પુનર્મુદ્રણ છે.

૧. શ્રીસર્વોત્તમસ્તોત્રમ્

શબ્દાર્થ અને શ્લોકાર્થ

આ સ્તોત્રમાં શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) એ શ્રીમદ્ આચાર્યચરણનાં ૧૦૮ અલૌકિક નામો યોજેલાં છે. નિઃસાધનતા અને દૈન્ય ધારણ કરી ધ્યાનપૂર્વક આ અલૌકિક નામનો પાઠ કરવાથી શ્રીમદ્ આચાર્યચરણની વાણી સુબોધ થઈ જાય છે. શ્રીમદાચાર્યચરણે ''શ્રીસુબોધિનીજી'' ''શ્રીતત્ત્વાર્થદીપ નિબંધ'' વગેરે ઘણા ગ્રંથો લખ્યા છે. આ સર્વોત્તમ સ્તોત્રનો પાઠ, પૂરી સમજણથી કરવામાં આવે તો શ્રીમહાપ્રભુજીની અસીમ કૃપાથી, તેમના બધા જ ગહન અને ગૂઢ ગ્રંથો આપણને સ્પષ્ટ રીતે સમજાય છે, ભક્તિમાં આવતી અડચણો અને મુશ્કેલીઓ દૂર થઈ જાય છે અને શ્રીકૃષ્ણ-ભક્તિ તરફ આપણું મન વળે છે. શ્રીસર્વોત્તમ- સ્તોત્ર વૈષ્ણવોની ગાયત્રી છે. તેનો રોજ પાઠ જરૂર કરવો.

અહીં એક વાત ખાસ નોંધવી જોઈએ કે સંસ્કૃત ભાષાથી અજાણ, સામાન્ય વૈષ્ણવે, આ સ્તોત્રનો પાઠ, પુસ્તકમાં જોઈ વાંચીને કરવો જોઈએ. મુખપાઠ કરેલો હોય છતાં ઘણી ભૂલો થઈ જતાં, એકના બદલે બીજું બોલતા, અપરાધ પડે તેટલું ચોક્કસ સમજી રાખવું ઘણું જ જરૂરી છે.

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

શબ્દોના અર્થ : પ્રાકૃતધર્માનાશ્રયમ્ = પ્રાકૃત + ધર્મ + અનાશ્રયમ્ = પ્રાકૃત ધર્મ (કામ, ક્રોધ વગેરે)ના આશ્રય વગરનું, **અપ્રાકૃત** = અલૌકિક, **નિખિલ** = સર્વ, **ધર્મરૂપમિતિ** = ધર્મરૂપમ્ + ઈતિ = ધર્મરૂપ છે, **નિગમ** = વેદ, **પ્રતિપાદ્યં** = પ્રતિપાદન કરેલું; કહેલું, (યત્તચ્છુદ્ધં = યત્ + તત્ + શુદ્ધં)= **યત્** = જે, તત્ = તે, **શુદ્ધં** = પવિત્ર; શુદ્ધ, **સાકૃતિ** = સ્વરૂપ, **સ્તૌમિ** = સ્તુતિ કરું છું.

અર્થ : શ્રી પૂર્ણ પુરૂષોત્તમનું શુદ્ધ સ્વરૂપ, જે લૌકિક ધર્મોના આશ્રય વગરનું છે, અલૌકિક છે, સર્વ ધર્મરૂપ છે, જે વેદોએ પ્રતિપાદન કરેલ છે તેની હું સ્તુતિ કરું છું.

કલિકાલતમશ્છન્ન   દૃષ્ટિત્વાદ્વિદુષામપિ   ।
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥

શબ્દોના અર્થ : કલિકાલતમશ્છન્નઃ = કલિકાલ + તમઃ + છન્નઃ = કળિયુગરૂપી અંધકારથી છવાયેલી, દૃષ્ટિત્વાત્ = દૃષ્ટિ હોવા છતાં, વિદુષામ્= વિદ્વાનોની, અપિ = પણ, સંપ્રતિ = હમણાં, અવિષયઃ = ન જણાય તેવું, ન સમજાય તેવું, તસ્ય = તેનું, માહાત્મ્યં = માહાત્મ્ય, સમભૂદ્ = થયું, ભુવિ= પૃથ્વી પર.

અર્થ : કળિકાળના અંધકારથી, વિદ્વાન પુરુષોની દૃષ્ટિ પણ ઢંકાઈ ગઈ છે અને હમણાં પૃથ્વી પર તેનું (પૂર્ણ પુરુષોત્તમના રૂપનું) માહાત્મ્ય જણાય નહીં-સમજાય નહીં તેવું થયું છે. (બલકે અદૃષ્ટ થઈ ગયું છે.)

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

શબ્દોના અર્થ : દયયા = દયા વડે, દયા કરીને, નિજમાહાત્મ્ય = પોતાનું માહાત્મ્ય-પોતાનું મહત્ત્વ, કરિષ્યન્ = કરતાં, પ્રકટં = પ્રગટ, હરિઃ = ભગવાન, વાણ્યા = વાણી વડે, યદા = જ્યારે, તદા = ત્યારે, સ્વાસ્યં = સ્વં + આસ્યં = પોતાનું મુખ, પ્રાદુર્ભૂતં ચકાર = પ્રકટ કર્યું, હિ = ખરેખર.

અર્થ : (ભક્તો પર) દયા કરીને શ્રીહરિ ભગવાને, વાણી વડે પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવા માટે, પોતાના મુખરૂપ શ્રીમહાપ્રભુજીનું પ્રાક્ટ્ય કર્યું.

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥

શબ્દોના અર્થ : તદ્ = તે, ઉક્ત = કહેલું, અપિ = છતાં; તો પણ, દુર્બોધ = ન સમજાય તેવું, સુબોધ = સમજાય તેવું, સ્યાત્ = થશે, યથા = જે રીતે, તથા = તે રીતે, તદ્ = તે, નામાષ્ટોત્તરશતં = નામ + અષ્ટ + ઉત્તર + શતં = ૧૦૮ નામ, પ્રવક્ષ્યામિ = કહું છું, અખિલાઘહૃત્ = અખિલ + અઘ + હૃત્ = સર્વ પાપનો નાશ કરનાર.

અર્થઃ (શ્રી મુખે) જે કહ્યું તે ન સમજાય તેવું હતું છતાં તે જે રીતે સમજાય તેવું થાય તે રીતે (તે માટે) (શ્રીમહાપ્રભુનાં) સર્વ પાપનો નાશ કરનાર ૧૦૮ નામ કહું છું.

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥

શબ્દોના અર્થ : ઋષિઃ = ઋષિ, અગ્નિકુમાર = ગુસાંઇજી, તુ = તો, નામ્ના = નામે-અનુષ્ટપ, છંદઃ = છંદ, જગત્યસૌ = જગતમાં પ્રસિદ્ધ, "અનુષ્ટુપ", શ્રીકૃષ્ણાસ્યં = શ્રી મહાપ્રભુજી, દેવતા = દેવતા, ચ = અને, બીજ = બી, કારુણિકઃ = દયા કરનાર; દયાળુ, પ્રભુઃ = પ્રભુ.

અર્થ : (શ્રીસર્વોત્તમ સ્તોત્રના) ઋષિ અગ્નિકુમાર (શ્રીગુસાંઇજી) છે, જગતમાં પ્રસિદ્ધ "અનુષ્ટુપ" છંદ છે, તેના દેવતા શ્રીમહાપ્રભુજી છે, તેનું બીજ દયાળુ પ્રભુ છે.

વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥

શબ્દોના અર્થ : વિનિયોગઃ = પ્રયોજન, હેતુ, ભક્તિયોગઃ = ભક્તિયોગ (ની), પ્રતિબંધ = મુશ્કેલીઓ, વિનાશને = દૂર કરવામાં, કૃષ્ણાધરામૃતાસ્વાદ= કૃષ્ણ + અધર + અમૃત + આસ્વાદ = કૃષ્ણના અધર (ઓષ્ઠ) રૂપી અમૃતનો સ્વાદ, (આસ્વાદ=ચાખવું), સિદ્ધિઃ = સિદ્ધિ, અત્ર = અહીં, ન = નહિ, સંશયઃ = શંકા.

અર્થ : (શ્રી સર્વોત્તમ સ્તોત્ર) નું પ્રયોજન ભક્તિયોગમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવાનું છે અને તેની સિદ્ધિ શ્રીકૃષ્ણના અધરામૃતનો આસ્વાદ છે, તેમાં કોઇ શંકા નથી.

આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥

અર્થ : (૧) આનંદ = આનંદ (૨) પરમાનંદ = પરમાનંદ (૩) શ્રીકૃષ્ણાસ્યં = શ્રીકૃષ્ણ + આસ્યં = શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ (૪) કૃપાનિધિઃ = કૃપાના સાગર (૫) દૈવોદ્ધારપ્રયત્નાત્મા = દૈવ + ઉદ્ધાર + પ્રયત્ન + આત્મા = દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રયત્ન કરનાર આત્માવાળા (૬) સ્મૃતિમાત્રાર્તિનાશનઃ = સ્મૃતિમાત્ર + આર્તિનાશનઃ = જેના સ્મરણ (સ્મૃતિ) માત્રથી ભક્તોનાં દુઃખ (આર્તિ) નાશ પામે તેવા-શ્રીમહાપ્રભુજી.

શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥૮॥

અર્થ : (૭) શ્રી ભાગવતગૂઢાર્થપ્રકાશન પરાયણઃ = શ્રી ભાગવતના ગૂઢ અર્થને સ્પષ્ટ કરવામાં તત્પર (૮) સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ = સાકાર બ્રહ્મવાદને સૌથી પહેલા સ્થાપનાર (૯) વેદપારગઃ = વેદનો પાર પામેલા.

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥

અર્થ : (૧૦) માયાવાદનિરાકર્તા = માયાવાદને હરાવનાર (૧૧) સર્વવાદિનિરાસકૃત્ = સર્વ વાદીઓને હરાવનાર (૧૨) ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ = ભક્તિમાર્ગ + અબ્જ + માર્તણ્ડઃ = ભક્તિમાર્ગરૂપી કમલ (અબ્જ)ને વિકસાવવામાં સૂર્ય સરખા (૧૩) સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ = સ્ત્રી + શૂદ્ર + આદિ+ ઉદ્ધૃતિ + ક્ષમઃ = સ્ત્રીઓ અને શૂદ્રો વગેરેનો ઉદ્ધાર કરવાને સમર્થ.

અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુરૂણિકો વિભુઃ ॥૧૦॥

અર્થ : (૧૪) અંગીકૃત્યૈવ = અંગીકૃત્ય + એવ = અંગીકાર કરીને જ, ગોપીશવલ્લભીકૃતમાનવઃ = શ્રીકૃષ્ણ (ગોપીપતિ)માં (દૈવી) ભક્તોને (માનવઃ) પ્રેમ કરાવનાર (વલ્લભીકૃત) (૧૫) અંગીકૃતૌસમર્યાદઃ = અંગીકાર કરવામાં મર્યાદાવાળા (૧૬) મહાકારુણિકઃ = અત્યંત દયાળુ, (૧૭) વિભુઃ = સર્વ કરવા સમર્થ.

અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ॥૧૧॥

અર્થ : (૧૮) અદેયદાનદક્ષઃ = અદેય + દાન + દક્ષઃ = ન આપી શકાય (અદેય) તેનું (શ્રીપ્રભુસ્વરૂપનું) દાન દેવામાં ચતુર (દક્ષઃ), ચ = અને (૧૯) મહોદારચરિત્રવાન્ = મહા + ઉદાર + ચરિત્રવાન્ = અત્યંત ઉદાર ચરિત્રવાળા (૨૦) પ્રાકૃતાનુકૃતિવ્યાજ = પ્રાકૃત + અનુકૃતિ + વ્યાજ = (પ્રાકૃત) લૌકિક મનુષ્યોનું અનુકરણ કરવા (અનુકૃતિ) નિમિત્તે (વ્યાજ) પણ,

મોહિતાસુરમાનુષઃ = મોહિત + અસુર + માનુષ : = આસુરી જીવોને મોહ પમાડનાર. (પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનાર).

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥

અર્થ : (૨૧) **વૈશ્વાનરઃ** = અગ્નિસ્વરૂપ, મહાપ્રભુ Supreme Being, વૈશ્વાનર, શ્રી પ્રભુના મુખરૂપ (૨૨) **વલ્લભાખ્યઃ** = વલ્લભ નામવાળા (૨૩) **સદ્રૂપઃ** = સત્ + રૂપઃ = સચ્ચિદાનંદરૂપ (૨૪) **હિતકૃત્સતામ્** = ભક્તો-સંતપુરુષોનું હિત કરનાર, (૨૫) **જનશિક્ષાકૃતે** = પોતાના ભક્તોને શીખવવા સારુ, **કૃષ્ણભક્તિકૃત્** = શ્રીકૃષ્ણની ભક્તિ કરનાર (૨૬) **નિખિલેષ્ટદઃ** નિખિલ+ઈષ્ટ+દઃ = ઇચ્છેલું સર્વ (નિખિલ) આપનાર (દઃ)

સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥

અર્થ : (૨૭) **સર્વલક્ષણસંપન્નઃ** = સર્વ લક્ષણવાળા (૨૮) **શ્રીકૃષ્ણજ્ઞાનદઃ** = શ્રીકૃષ્ણનું જ્ઞાન આપનાર, પ્રભુને ઓળખાવનારા (૨૯) **ગુરુઃ** = ઉપદેશ ફલદાન કરનાર ગુરુ (૩૦) **સ્વાનંદતુંદિલઃ** = સ્વ + આનંદ + તુંદિલઃ = પોતાના આનંદમાં મગ્ન રહેનાર (૩૧) **પદ્મદલાયતવિલોચનઃ** = પદ્મ + દલ + આયત + વિલોચનઃ = કમળના દળ (પાંખડી) સમાન વિશાળ (આયત) ચક્ષુવાળા.

કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥

અર્થ : (૩૨) **કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ** = કૃપા + દગ્ + વૃષ્ટિ + સંહૃષ્ટ + દાસ + દાસી + પ્રિયઃ = કૃપાપૂર્ણ નજરની વૃષ્ટિથી ખુશ થયેલા દાસદાસીઓ (ભક્તો) ને પ્રિય (૩૩) **પતિઃ** = સ્વામી (શરણાગતના) - શરણે આવેલા જીવોના પતિ (૩૪) **રોષદક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્** = રોષ + દક્પાત+ સંપ્લુષ્ટ + ભક્તદ્વિટ્ = રોષવાળી દષ્ટિ નાંખીને ભક્તજનોના શત્રુઓને (દ્વિટ્) ચોળી નાખનાર (સંપ્લુષ્ટ) (૩૫) **ભક્તસેવિતઃ** = ભક્તો વડે સેવાયેલા (શ્રીમહાપ્રભુજી).

સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુપૂરિતાશેષસેવકઃ ॥૧૫॥

અર્થઃ (૩૬) સુખસેવ્યઃ = સુખેથી સેવાય તેવા (૩૭) દુરારાધ્યઃ = મહાકષ્ટે આરાધી શકાય તેવા (૩૮) દુર્લભાંઘ્રિસરોરુહઃ = દુર્લભ + અંઘ્રિ + સરોરુહઃ = જેમનાં ચરણકમળ (સરોરુહ) ને મુશ્કેલીથી પ્રાપ્ત કરાય તેવા (૩૯) ઉગ્રપ્રતાપઃ = ઉગ્ર પ્રતાપવાળા (૪૦) વાક્સીધુ = વાણીવચનામૃતો વડે, પૂરિતાશેષસેવકઃ = પૂરિત + અશેષ + સેવકઃ = બધા સેવકોને પરિતૃપ્ત કરનાર, અંદરથી અને બહારથી તરબોળ-એકરસ કરી દેનારા.

શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૬॥

અર્થ : (૪૧) શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ = શ્રી ભાગવત + પીયૂષ + સમુદ્ર + મથન + ક્ષમઃ = શ્રી ભાગવતરૂપ અમૃત (પીયૂષ) સાગરનું મંથન કરવાને સમર્થ (ક્ષમઃ) (૪૨) તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ = તેના (ભાગવતના) સારરૂપ રાસસ્ત્રીઓના ભાવથી શરીર (વિગ્રહઃ) ધારણ કરનાર.

સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમાવિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥

અર્થ : (૪૩) સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા = પોતાના સાન્નિધ્ય માત્રથી જ (ભક્તોને) શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરનાર (૪૪) વિમુક્તિદઃ = વિશેષ (વિ) મુક્તિ આપનારા (દઃ) (૪૫) રાસલીલૈક્તાત્પર્યઃ = રાસલીલા+એક+ તાત્પર્યઃ = રાસલીલા એક જ માત્ર તાત્પર્ય-સાર ધ્યેયવાળા (૪૬) કૃપયૈતત્કથાપ્રદઃ = કૃપયા + એતત્ + કથા + પ્રદઃ = કૃપા કરી તેની (કૃષ્ણની) કથાનું ફળ આપનારા.

વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ॥૧૮॥

અર્થ : (૪૭) વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ = વિરહ + અનુભવ + એકાર્થ + સર્વત્યાગ + ઉપદેશકઃ = વિરહ-આર્તિના અનુભવ માટે

જ સર્વત્યાગનો ઉપદેશ આપનાર (૪૮) ભકત્યાચારોપદેષ્ટા = ભક્તિ + આચાર+ ઉપદેષ્ટા = ભક્તિમાર્ગની રીતિનો ઉપદેશ કરનાર, ચ = અને (૪૯) કર્મ-માર્ગપ્રવર્તકઃ = કર્મમાર્ગ + પ્રવર્તકઃ = કર્મમાર્ગનો ફેલાવો કરનાર-શ્રીકૃષ્ણની સેવારૂપી કર્મની રીતિનીતિનો ફેલાવો કરનાર.

યાગાદૌ ભકિતમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥

શબ્દોના અર્થ : યાગાદૌ = યજ્ઞ વગેરે. ભક્તિમાગકસાધનત્વોપદેશકઃ = ભક્તિમાર્ગ + એકસાધનત્વ + ઉપદેશકઃ = ભક્તિ માર્ગ જ એક સાધન છે એવો ઉપદેશ દેનાર, પૂર્ણાનંદઃ = પૂર્ણ આનંદવાળા, પૂર્ણકામઃ = જેમની કામનાઓ પૂર્ણ છે એવા, વાક્પતિ : = વાણીના પતિ, વિબુધેશ્વરઃ = જ્ઞાનીઓમાં સર્વશ્રેષ્ઠ.

અર્થ : (૫૦) યજ્ઞ વગેરે ભક્તિમાર્ગનાં જ સાધન છે એવો ઉપદેશ કરનાર (૫૧) પૂર્ણ આનંદવાળા (૫૨) પૂર્ણ કામવાળા - કામનાઓ પૂર્ણ છે તેવા (૫૩) વાણીના પતિ (૫૪) (ભક્તિમાર્ગીય) જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ.

કૃષ્ણનામસહસ્રસ્ય વકતા ભકતપરાયણઃ ।
ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ ॥૨૦॥

શબ્દોના અર્થ : કૃષ્ણનામસહસ્રસ્ય = શ્રીપુરુષોત્તમ સહસ્રના, વક્તા = બોલનાર, ભકતપરાયણઃ = ભક્તોના આશ્રયરૂપ, ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ = ભક્તિ + આચાર + ઉપદેશ + અર્થ + નાના + વાક્ય + નિરૂપકઃ = ભક્તિ અને આચાર (રીતિનીતિ)ના ઉપદેશ માટે ભિન્ન ભિન્ન (નાના) વાક્યોનું નિરૂપણ કરનાર.

અર્થ : (૫૫) શ્રીપુરુષોત્તમનામ સહસ્રના વક્તા (૫૬) ભક્તોના આશ્રયરૂપ (૫૭) ભક્તિ અને આચાર (રીતિનીતિ) ના ઉપદેશ માટે ભિન્ન ભિન્ન વાક્યો (ગ્રંથો)નું નિરૂપણ કરનાર.

સ્વાર્થોજ્જિતાખિલપ્રાણપ્રિયસ્તાદશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥

અર્થ : (૫૮) સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયઃ = સ્વાર્થ + ઉજ્ઝિત + અખિલ + પ્રાણ + પ્રિયઃ = સ્વાર્થ છોડીને પોતાના બધા પ્રાણ પ્રભુને અર્પણ કર્યા છે તેમને (એવા ભક્તોને) વહાલા (૫૯) તાદશવેષ્ટિતઃ = ભગવદીઓથી વીંટળાએલા (૬૦) સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ = સ્વદાસ + અર્થકૃત + અશેષ+ સાધનઃ = પોતાના સેવકો માટે બધાં સાધન કરનાર (૬૧) સર્વશક્તિધૃક્ = સર્વશક્તિ ધારણ કરનાર (ધૃક્).

ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશે સ્થાપિતાડશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥

શબ્દોના અર્થ : ભુવિ = પૃથ્વી પર, ભક્તિપ્રચારૈકકૃતે = ભક્તિ+ પ્રચાર + એકકૃતે = એકમાત્ર ભક્તિના પ્રચાર માટે, સ્વાન્વયકૃત્ = પોતાનો વંશ ચલાવનાર, પિતા = પિતા, સ્વવંશે = પોતાના વંશમાં, સ્થાપિતાડશેષસ્વમાહાત્મ્યઃ = સ્થાપિત + અશેષ + સ્વમાહાત્મ્યઃ = પોતાનું સઘળું માહાત્મ્ય મૂકનાર, સ્મયાપહઃ = ગર્વને હરનારા.

અર્થ : (૬૨) માત્ર ભક્તિના પ્રચાર માટે જ પોતાના વંશને વધારનાર (૬૩) પિતા (૬૪) પોતાના વંશમાં પોતાનું સઘળું માહાત્મ્ય મૂકનાર (૬૫) ગર્વને હરનારા, એવા શ્રીમહાપ્રભુજી.

પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયોડનન્યભકતેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥

શબ્દોના અર્થ : પતિવ્રતાપતિઃ = પતિવ્રતાના પતિ, પારલૌકિકૈહિકદાનકૃત્ = પારલૌકિક + ઐહિક + દાનકૃત્ = પરલોક અને આ લોકના ફળનું દાન કરનાર, નિગૂઢહૃદયઃ = અતિશય ગૂઢ હૃદયવાળા, અનન્યભકતેષુ = અનન્ય ભક્તોને, જ્ઞાપિતાશયઃ = જ્ઞાપિત + આશયઃ = (પોતાના હૃદયનો) હેતુ જણાવનાર.

અર્થ : (૬૬) પતિવ્રતાના પતિ (૬૭) પરલોક અને આ લોકના ફળનું દાન કરનાર (૬૮) અતિશય ગૂઢ હૃદયવાળા (૬૯) પોતાના અનન્ય ભક્તોને (પોતાના મનનો) હેતુ - આશય સમજાવનાર.

ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥

અર્થ : (૭૦) ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ = ઉપાસના + આદિ + માર્ગ + અતિમુગ્ધમોહનિવારકઃ = ઉપાસના વગેરે માર્ગોમાં અત્યંત આસક્તિના મોહને નિવારનાર (૭૧) ભક્તિમાર્ગે = ભક્તિમાર્ગમાં, સર્વમાર્ગ = બીજા બધા માર્ગો, વૈલક્ષણ્ય = વિશેષ લક્ષણવાળો, અનુભૂતિકૃત્ = અનુભવ કરનાર અને કરાવનાર, ભક્તિ માર્ગ એ બીજા બધા માર્ગો કરતાં કાંઇક જુદા પ્રકારનો છે-વિલક્ષણ પ્રકારનો છે એવો અનુભવ કરનાર અને કરાવનાર.

પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥૨૫॥

શબ્દોના અર્થ : પૃથક્ = અલગ, શરણમાર્ગોપદેષ્ટા = શરણમાર્ગ + ઉપદેષ્ટા = શરણમાર્ગનો ઉપદેશ આપનાર, શ્રીકૃષ્ણહાર્દવિત્ = શ્રીકૃષ્ણના હૃદયને જાણનારા, પ્રતિક્ષણ = દરેક ક્ષણે, નિકુંજસ્થ = નિકુંજમાં રહેલા, લીલારસસુપૂરિતઃ = લીલા રસથી ભરપૂર.

અર્થ : (૭૨) સ્વતંત્ર શરણમાર્ગનો ઉપદેશ આપનારા (૭૩) શ્રીકૃષ્ણના હૃદયને જાણનારા (૭૪) નિકુંજમાં રહેલા શ્રીભગવાનની લીલા રસથી પ્રતિક્ષણે ભરપૂર, એવા શ્રીમહાપ્રભુજી.

તત્કથાક્ષિપ્તચિત્તાસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃ પ્રિયઃ ॥૨૬॥

શબ્દોના અર્થ : તત્કથા = તે કથા એટલે ભગવત્ કથા, ક્ષિપ્તચિતઃ = ચિત્તને રોકાયેલું રાખનાર, તદ્ = તે, વિસ્મૃતાન્યઃ = બીજી બાબતો ભૂલી જનાર, વ્રજપ્રિયઃ = વ્રજ જેને પ્રિય છે એવા, પ્રિયવ્રજસ્થિતિઃ = પ્રિય વ્રજમાં બિરાજતા, પુષ્ટિલીલા = અનુગ્રહ લીલા, કર્તા = કરનાર, રહઃ પ્રિય = એકાંત પ્રિય.

અર્થ : (૭૫) ભગવત્ કથામાં ચિત્તને રોકાયેલું રાખનાર (૭૬) ભગવત્ કથાને લીધે બીજું બધું ભૂલી જનાર (૭૭) વ્રજ જેમને પ્રિય છે એવા (૭૮) પ્રિય વ્રજમાં બિરાજતા (૭૯) અનુગ્રહ લીલા - કૃપામાર્ગના કરનાર (૮૦) એકાંત પ્રિય, એવા શ્રીમહાપ્રભુજી.

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોઽતિમોહનઃ ।
સર્વાસકતો ભક્તમાત્રાસકતઃ પતિતપાવનઃ ॥૨૭॥

અર્થ : (૮૧) ભક્તેચ્છાપૂરકઃ = ભક્ત + ઈચ્છા + પૂરકઃ = ભક્તની ઈચ્છા પૂરી કરનાર (૮૨) સર્વાજ્ઞાતલીલાઃ = સર્વ અજ્ઞાત + લીલાઃ = જેમની સર્વ લીલાઓ સમજી ન શકાય (અજ્ઞાત) એવા (૮૩) અતિમોહનઃ = અત્યંત મોહ પમાડનાર (૮૪) સર્વાસકતઃ = સર્વ + અસકતઃ = સર્વમાં આસક્તિ વગરના (૮૫) ભક્તમાત્રાસકતઃ = ભક્તમાત્ર + આસકતઃ = માત્ર ભક્તોમાં જ આસક્તિ રાખનાર (૮૬) પતિતપાવનઃ = પાપીને પણ પવિત્ર કરનારા.

સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃપીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥

શબ્દોના અર્થ : સ્વયશોગાન = પોતાનાં યશોગાન, સંહૃષ્ટ = પ્રસન્ન થયેલા, હૃદયાંભોજવિષ્ટરઃ = હૃદય + અંભોજ + વિષ્ટરઃ = હૃદયરૂપી કમળમાં બિરાજમાન, યશઃ પીયૂષલહરી = યશના (ગાન) રૂપ અમૃતની લહેરોથી, પ્લાવિત = ડૂબાડી દેતા, અન્યરસઃ = બીજા રસ, પરઃ = શ્રેષ્ઠ.

અર્થ : (૮૭) પોતાના યશના ગાનથી ખુશ થયેલા ભક્તોનાં હૃદયકમળ પર બિરાજમાન (૮૮) (પોતાના) યશના (ગાન) રૂપ અમૃતની લહેરોથી અન્ય રસને ડૂબાડી દેનાર (૮૯) પરમ શ્રેષ્ઠ, એવા શ્રીમહાપ્રભુજી.

લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥૨૯॥

શબ્દોના અર્થ : લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ = લીલા + અમૃત + રસાર્દ્ર + આર્દ્રીકૃત + અખિલ + શરીરભૃત્ = લીલારૂપી અમૃતના રસના પ્રવાહમાં બધા મનુષ્યોને (શરીરધારીઓ-ભક્તોને) ભીંજવનાર (આર્દ્રીકૃત), ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ = ગોવર્ધનમાં રહેવામાં ઉત્સાહવાળા, તલ્લીલાપ્રેમપૂરિતઃ = તે (ગોવર્ધનની) લીલાના પ્રેમમાં ચકચૂર.

અર્થ : (૯૦) (શ્રી પ્રભુની) લીલાઓના અમૃતરસના પ્રવાહમાં સર્વ મનુષ્યોને ભીંજવી નાખનાર (૯૧) શ્રી ગોવર્ધનમાં રહેવાના ઉત્સાહવાળા (૯૨) શ્રી ગોવર્ધનની લીલાના પ્રેમમાં ચકચૂર.

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥૩૦॥

અર્થ : (૯૩) **યજ્ઞભોક્તા** = યજ્ઞનો ભોગ કરનાર (૯૪) **યજ્ઞકર્તા** = યજ્ઞ કરનાર (૯૫) **ચતુર્વર્ગવિશારદઃ** = ચાર પુરુષાર્થો (ધર્મ અર્થ, કામ અને મોક્ષ)ના નિષ્ણાત (૯૬) **સત્યપ્રતિજ્ઞઃ** = સત્ય પ્રતિજ્ઞાવાળા (૯૭) **ત્રિગુણાતીતઃ** = ત્રણે ગુણોને ઓળંગી ગયેલા, ત્રણે ગુણો (સત્વ, રજસ્, તમસ્) થી પર (૯૮) **નયવિશારદઃ** = પોતાની નીતિ - પોતાના સિદ્ધાન્તોમાં હોંશિયાર.

સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥૩૧॥

અર્થ : (૯૯) **સ્વકીર્તિવર્ધનઃ** = પોતાની કીર્તિને વધારનાર (પોતાના માર્ગના ગ્રંથો વડે) (૧૦૦) **તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ** = તત્ત્વસૂત્ર + ભાષ્ય + પ્રદર્શકઃ = તત્ત્વજ્ઞાનથી ભરેલાં બ્રહ્મસૂત્રો પર અણુભાષ્ય લખનારા (૧૦૧) **માયાવાદાખ્યતૂલાગ્નિઃ** = માયાવાદ + આખ્ય (નામના) + તૂલ + અગ્નિઃ = માયાવાદ નામના રૂના ઢગલામાં અગ્નિ સમાન (૧૦૨) **બ્રહ્મવાદનિરૂપકઃ** = બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા.

અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥

શબ્દોના અર્થ : **અપ્રાકૃત** = અલૌકિક, **અખિલ** = સઘળા, **આકલ્પ** = આભૂષણો, **ભૂષિતઃ** = શોભતા, **સહજસ્મિતઃ** = સ્વાભાવિક હાસ્યવાળા, **ત્રિલોકીભૂષણ** = ત્રિભુવનના ભૂષણરૂપ, **ભૂમિભાગ્ય** = પૃથ્વીના ભાગ્યરૂપ, **સહજસુંદરઃ** = કુદરતી રીતે જ સુંદર.

અર્થ : (૧૦૩) સઘળાં અલૌકિક આભૂષણોથી શોભતા (૧૦૪) સ્વાભાવિક હાસ્યવાળા (૧૦૫) ત્રિલોકના ભૂષણરૂપ (૧૦૬) પૃથ્વીના ભાગ્યરૂપ (૧૦૭) કુદરતી રીતે જ સુંદર, એવા શ્રીમહાપ્રભુજી.

અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥

શબ્દોના અર્થ : **અશેષ** = બધા-સમસ્ત, **ભક્ત** = ભક્તો, **સંપ્રાર્થ્ય** = પ્રાર્થના કરવાને યોગ્ય, **ચરણાબ્જ** = ચરણકમળ, **રજોધનઃ** = રજરૂપી ધન, **ઈતિ** = આ પ્રમાણે, **આનંદનિધેઃ** = આનંદનિધિ એવા શ્રીમહાપ્રભુજીનાં, **પ્રોક્તં** = કહેવામાં આવ્યા છે, **નામ્નામ્** = નામો, **અષ્ટોત્તરં શતમ્** = ૧૦૮.

અર્થ : (૧૦૮) જેમના ચરણકમળના રજરૂપી ધન માટે સમસ્ત ભક્તો વડે પ્રાર્થના કરાયેલા, એવા શ્રી મહાપ્રભુજી આ પ્રમાણે આનંદના સાગરરૂપ શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ કહેવામાં આવ્યાં છે.

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સતદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥

શબ્દોના અર્થ : **શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિ** = શ્રદ્ધાથી શુદ્ધ બુદ્ધિવાળા, **યઃ** = જે, **પઠતિ** = પઠન કરે છે, **અનુદિનં** = પ્રતિદિન, **જનઃ** = મનુષ્ય, **સઃ** = તે, **તદેકમનાઃ** = તદ્ + એકમનાઃ = તેમાં એક મનવાળો બની, **સિદ્ધિમ્** = સિદ્ધિ, **ઉક્તાં** = કહેલી, **પ્રાપ્નોતિ** = મેળવે છે, **અસંશયઃ** = શંકા વગર, સંશય વગર.

અર્થ : શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય, આચાર્યશ્રીમાં એક મનવાળો થઈને આ સ્તોત્રનો નિત્ય પાઠ કરે, તે આગળ કહેલી - શ્રીકૃષ્ણના અધરામૃતના આસ્વાદની - સિદ્ધિને મેળવે છે તેમાં કોઈ સંશય નથી.

તદપ્રાપ્તો વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

શબ્દોના અર્થ : **તદ** = તે, **અપ્રાપ્તૌ** = ન મળતાં, **વૃથા** = નકામો, **મોક્ષઃ** = મોક્ષ, **તદ્** = તે, **આપ્તૌ** = મળવાથી, **તદ્** = તે, **ગતાર્થતા** = હેતુ સરી ગયો, **અતઃ** = માટે, **સર્વોત્તમ** = સર્વોત્તમ - સ્તોત્રનો, **જપ્યં** = જપ કરવો જોઈએ, **કૃષ્ણરસાર્થિભિઃ** = કૃષ્ણના રસની ઈચ્છાવાળાઓએ.

અર્થ : તે (સિદ્ધિ) ન મળે તો મોક્ષ પણ નકામો છે પરંતુ તે (સિદ્ધિ) મળતાં સર્વ હેતુ સરી ગયા એમ માનવું. માટે શ્રીકૃષ્ણના રસની ઈચ્છાવાળાઓએ, આ સર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો જોઈએ.

॥ શ્રીમદ્ અગ્નિકુમાર-શ્રીગુસાંઈજીએ કહેલું શ્રીસર્વોત્તમસ્તોત્ર સંપૂર્ણ ॥

શ્રીસર્વોત્તમ સ્તોત્ર નામાવલી શ્રીઅષ્ટાક્ષર મંત્રસહિત

૧.	આનંદાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨.	પરમાનંદાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩.	શ્રીકૃષ્ણાસ્યાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪.	કૃપાનિધયે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫.	દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬.	સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭.	શ્રીભાગવતગૂઢાર્થ-પરાયણાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮.	સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯.	વેદપારગાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦.	માયાવાદનિરાકર્ત્રે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૧.	સર્વવાદનિરાસકૃતે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૨.	ભક્તિમાર્ગાબ્જમાર્તંડાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૩.	સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૪.	અંગીકૃત્યૈવગોપીશવલ્લભીકૃતમાનવાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૫.	અંગીકૃતૌસમર્યાદાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૬.	મહાકારુણિકાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૭.	વિભવે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૮.	અદેયદાનદક્ષાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૯.	મહોદારચરિત્રવતે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૦.	પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૧.	વૈશ્વાનરાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૨.	વલ્લભાખ્યાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૩.	સદ્રૂપાય નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૪.	સતાં હિતકૃતે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૫.	જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃતે નમઃ	શ્રીકૃષ્ણઃ શરણં મમ

૨૬. નિખિલેષ્ટદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૭. સર્વલક્ષણસંપન્નાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૮. શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૨૯. ગુરવે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૦. સ્વાનંદતુંદિલાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૧. પદ્મદલાયતવિલોચનાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૨. કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૩. પતયે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૪. રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિષે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૫. ભક્તસેવિતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૬. સુખસેવ્યાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૭. દુરારાધ્યાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૮. દુર્લભાંઘ્રિસરોરુહાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૩૯. ઉગ્રપ્રતાપાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૦. વાક્સીધુપૂરિતાશેષસેવકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૧. શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૨. તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૩. સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમ્ણે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૪. વિમુક્તિદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૫. રાસલીલૈકતાત્પર્યાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૬. કૃપયૈતત્કથાપ્રદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૭. વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૮. ભક્ત્યાચારોપદેષ્ટ્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૪૯. કર્મમાર્ગપ્રવર્તકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૦. યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૧. પૂર્ણાનંદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૨. પૂર્ણકામાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૩. વાક્પતયે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ

૫૪. વિબુધેશ્વરાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૫. કૃષ્ણનામસહસ્રસ્ય વક્ત્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૬. ભક્તપરાયણાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૭. ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૮. સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૫૯. તાદૃશવેષ્ટિતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૦. સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૧. સર્વશક્તિધૃષે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૨. ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃતે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૩. પિત્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૪. સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૫. સ્મયાપહાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૬. પતિવ્રતાપતયે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૭. પારલૌકિકૈહિકદાનકૃતે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૮. નિગૂઢહૃદયાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૬૯. અનન્યભકતેષુ જ્ઞાપિતાશયાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૦. ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધ મોહનિવારકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૧. ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃતે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૨. પૃથક્શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૩. શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૪. પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૫. તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૬. તદ્વિસ્મૃતાન્યાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૭. વ્રજપ્રિયાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૮. પ્રિયવ્રજસ્થિતયે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૭૯. પુષ્ટિલીલાકર્ત્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૦. રહઃપ્રિયાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૧. ભક્તેચ્છાપૂરકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ

૮૨. સર્વાજ્ઞાતલીલાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૩. અતિમોહનાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૪. સર્વાસકતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૫. ભક્તમાત્રાસકતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૬. પતિતપાવનાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૭. સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૮. યશઃ પીયૂષલહરીપ્લાવિતાન્યરસાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૮૯. પરાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૦. લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃતે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૧. ગોવર્ધનસ્થિત્યુત્સાહાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૨. તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૩. યજ્ઞકર્ત્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૪. યજ્ઞભોક્ત્રે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૫. ચતુર્વર્ગવિશારદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૬. સત્યપ્રતિજ્ઞાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૭. ત્રિગુણાતીતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૮. નયવિશારદાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૯૯. સ્વકીર્તિવર્ધનાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૦. તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૧. માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૨. બ્રહ્મવાદનિરૂપકાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૩. અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૪. સહજસ્મિતાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૫. ત્રિલોકીભૂષણાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૬. ભૂમિભાગ્યાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૭. સહજસુંદરાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ
૧૦૮. અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ

૩. શ્રીસર્વોત્તમસ્તોત્ર : થોડાક પ્રશ્નો

પ્રશ્ન-૧ : શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ ક્યારે અને કેવી રીતે થાય?

જવાબ : શ્રીસર્વોત્તમ સ્તોત્રને વૈષ્ણવોની 'ગાયત્રી' કહેવામાં આવે છે. જેમ બ્રાહ્મણ જનોઇની દીક્ષા લીધા પછી, દરરોજ ગાયત્રીમંત્ર ન જપે, તો તેનું બ્રાહ્મણત્વ ટકતું નથી, તેમ વૈષ્ણવોએ હંમેશા નિયમપૂર્વક શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરવા જોઇએ.

મંત્રને તેના ઋષિ, છંદ, દેવતા, બીજ અને ફળ હોય છે. શ્રી ગુસાંઇજીના જણાવ્યા પ્રમાણે શ્રીસર્વોત્તમ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર શ્રીગુસાંઇજી છે. છંદ જગતી છે. દેવતા શ્રીકૃષ્ણમુખસ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે. બીજ કારુણિક પ્રભુ છે અને ફળ કૃષ્ણાધરામૃતનો આસ્વાદ છે.

સ્તોત્રના અંતે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક દરરોજ તેનો પાઠ કરવો. શ્રદ્ધા = શ્રત્ + ધા. શ્રત્ એટલે સત્ય. ધા = ધારણ કરવું. શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી સત્ય છે. તેમની વાણી સત્ય છે. તેમને વિશ્વાસપૂર્વક સ્વીકારવા તેનું નામ શ્રદ્ધા. આ શ્રધ્ધા વિશુદ્ધ બુદ્ધિથી દૃઢ થાય છે. સત્ય-અસત્ય, શ્રેય-પ્રેયને અલગ તારવી, સત્ય અને શ્રેયને સ્વીકારે તે વિશુદ્ધ બુદ્ધિ. આ સ્તોત્રમાં વર્ણવાયેલાં ૧૦૮ અલૌકિક નામરૂપોથી ભગવત્સ્વરૂપ શ્રીમહાપ્રભુજી બિરાજે છે, તેવી દૃઢ શ્રદ્ધા રાખી, તેમનાં આ સ્તોત્રના પાઠ દ્વારા નિઃસ્વાર્થ પ્રેમબુદ્ધિથી સ્મૃતિસ્મરણ કરવાં. કોઇ લૌકિક હેતુ માટે તેના પાઠ ન કરવા.

પ્રશ્ન-૨ : જપ અને પાઠ વચ્ચે શો તફાવત?

જવાબ : આ સ્તોત્રના અંતે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે : 'પઠત્યનુદિનંજનઃ' અને 'જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ', શ્રીસર્વોત્તમ સ્તોત્ર પરની ટીકામાં શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીએ સ્પષ્ટતા કરતાં એવી આજ્ઞા કરી છે કે જ્યાં સુધી આ સ્તોત્ર બરોબર મોઢે ન થાય, ત્યાં સુધી ગ્રંથ સામે રાખી તેનો મોટેથી નિત્ય પાઠ કરવો. સ્તોત્ર મોઢે થઇ ગયા પછી તેનો

સતત મનમાં અર્થના અનુસંધાન માટે જપ કરવો. પાઠ મોટેથી બોલીને થાય. જપ હોઠ ફફડે અથવા હોઠ પણ ન ફફડે તેવી રીતે થાય. સ્તોત્રનો પાઠ થાય, મંત્રનો જપ થાય. તેથી શ્રીસર્વોત્તમ સ્તોત્રનો સ્તોત્ર તરીકે પાઠ અને મંત્ર તરીકે જપ કરવાનું વિધાન છે.

પ્રશ્ન-૩ : શ્રીસર્વોત્તમ સ્તોત્રના ૩૫ પાઠ કરવાનો હેતુ શો?

જવાબ : આ સ્તોત્રની કુલ શ્લોક સંખ્યા ૩૫ ની છે. સ્તોત્રમાં જેટલા શ્લોકો હોય, તેટલી વાર તે સ્તોત્રના પાઠ કરવાની પરંપરા જોવા મળે છે. જેમ કે 'શ્રીયમુનાષ્ટક' અને 'નવરત્ન'માં નવ-નવ શ્લોકો હોવાથી વૈષ્ણવો આ સ્તોત્રોના નવ વખત પાઠ કરે છે. શ્રીમહાપ્રભુએ 'સુબોધિની'માં જણાવ્યા પ્રમાણે પાઠ કરવો એ મર્યાદા રીત છે. જપ કરવો એ પુષ્ટિરીત છે. મર્યાદા રીત પ્રમાણે પાઠ કરતાં પાઠ સંખ્યાની મર્યાદા નક્કી કરીએ છીએ, જેમ કે ૩૫ પાઠ કરવા, જપ મનમાં સતત ચાલ્યા કરે, તેથી તેની સંખ્યા નક્કી થતી નથી. માટે તે પુષ્ટિ રીત છે. પાઠમાં નિયમ છે, જપમાં પ્રેમ છે. બાળક 'પપ્પા', 'મમ્મી'ના નામનો જપ કરે છે. પાઠ કરતું નથી. જ્યારે તેને ઉમળકો આવે, ત્યારે બોલાવે. તે નક્કી કરતું નથી કે પપ્પાને દિવસમાં ૩૫ વખત જ બોલાવવા. પ્રેમ વિના નિયમથી પાઠ કરવાથી, મન અને શરીર પાઠ કરતાં થાક અને કંટાળો અનુભવે છે. પ્રેમપૂર્વક જપ કરતાં પ્રસન્નતા અનુભવાય છે. પાઠ વ્યક્તિગત કે સમૂહગત થઇ શકે. જપ વ્યક્તિગત થાય, સમૂહમાં ન થાય.

પ્રશ્ન-૪ : ઘણા આખા સ્તોત્રનો પાઠ કરે છે, તો ઘણા ૧૦૮ નામનો પાઠ કરે છે. પાઠ કરવાની સાચી રીત કઇ?

જવાબ : શ્રીસર્વોત્તમસ્તોત્ર એકથી પાંત્રીસ શ્લોકોનું સ્તોત્ર સંપૂર્ણ સ્તોત્ર છે, તેથી સ્તોત્રનો પાઠ કરવો, સ્તોત્રને ખંડિત ન કરાય, સંપૂર્ણ સ્તોત્રનો પાઠ કરવો જોઇએ. પરંતુ તેનાં ૧૦૮ નામોની નામાવલીનો અલગ જપ કરી શકાય. શ્રીઅષ્ટાક્ષરમંત્રના સંપુટમાં ૧૦૮ નામોની નામાવલીનો જપ કરવાની પરંપરા છે.

પ્રશ્ન-૫ : શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરતી વખતે છેલ્લું નામ 'અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ' બે વખત બોલવું જરૂરી છે?

જવાબ : ના. જે વૈષ્ણવો 'આનંદ પરમાનંદ'થી શરૂ કરી ૧૦૮ નામોના ૩૫ પાઠ કરે છે, તેઓ છેલ્લું નામ બે વખત બોલે છે. તેનું કારણ એવું સમજાય છે કે તે નામ શ્લોકની પ્રથમ પંક્તિ છે. ત્યાં શ્લોક પૂરો થતો નથી, અપૂર્ણ રહે છે; તેથી શ્લોક પૂર્ણ કરવા કદાચ તે નામનું પુનરાવર્તન કરાય છે. સંપૂર્ણ સ્તોત્રનો પાઠ કરતાં તે નામ બીજી વખત બોલવાની કોઇ આવશ્યકતા નથી. વૈષ્ણવોએ દરરોજ બની શકે તેટલા વધુ શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ અને જપ આગ્રહપૂર્વક, આદરપ્રેમપૂર્વક કરવા જ જોઇએ. આવી રીતે પાઠ જપ કરનાર વૈષ્ણવોને આજે પણ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપના અલૌકિક અનુભવો થાય છે.

પ્રશ્ન-૬ : કેટલાક એમ કહે છે કે કેવળ શ્રીમહાપ્રભુજીની જ વાણીના પાઠ કરાય. શ્રીસર્વોત્તમ સ્તોત્ર શ્રીગુસાંઇજીની વાણી છે. તેથી તેનો પાઠ ન કરવો. આવું કેમ?

જવાબ : જેઓ પોતાને 'વલ્લભપંથી' કહેવડાવે છે, તેઓ આવું માને છે. તેમની માન્યતા સંકુચિત છે; શ્રીવલ્લભ-સિદ્ધાંતસંમત નથી. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી એક જ છે. શ્રીદામોદરદાસ હરસાનીજીને શ્રીમહાપ્રભુજીની પોતાની આજ્ઞા હતી કે શ્રીગુસાંઇજીને મારા પુત્ર નહિ, મારું જ સ્વરૂપ જાણો. જો આમ ન હોત તો 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' પર મહાનુભાવ ગોસ્વામી બાળકોની ૧૧ થી પણ વધુ ટીકાઓ છે, તે હોત ખરી? સૂરદાસજી કહે છે 'દ્વિવિધ આંધરો'- જે બંને સ્વરૂપમાં ભેદ જુએ છે, તે છતી આંખે આંધળો છે. શાસ્ત્રસંમત ન હોય તેવી કોઇ વાત ન સ્વીકારવાની શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે. માટે અન્યથા વાતોમાં આવી ન જવું.

■

૪. શ્રીસર્વોત્તમસ્તોત્ર-રસપાન

સ્તોત્રના નામનો વિચાર

આ સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમ છે. તેનું કારણ શું? સંસ્કૃત સાહિત્યમાં ઘણાં સ્તોત્રો છે. પુષ્ટિમાર્ગમાં પણ સારી એવી સંખ્યામાં સ્તોત્રો છે. તે બધાં જ સુંદર છે અને ઉત્તમ પણ છે; કારણ કે તેમાં પ્રભુની સ્તુતિ કરવામાં આવેલ છે, છતાં બીજા કોઈપણ સ્તોત્રનું નામ સર્વોત્તમસ્તોત્ર નથી; જ્યારે શ્રીગુસાંઈજીરચિત આ સ્તોત્રનું નામ સર્વોત્તમસ્તોત્ર રાખવામાં આવ્યું છે. આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો દ્વારા તેમનાં અલૌકિક સ્વરૂપોનો પરિચય આપવામાં આવ્યો છે. આપણા ભાવિકજનો આ સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમસ્તોત્ર રાખવા પાછળનાં ત્રણ કારણો સમજાવે છે. તેનો આપણે વિચાર કરીએ.

પહેલું કારણ એવું બતાવવામાં આવ્યું છે કે આ સ્તોત્ર સર્વોત્તમ એવા શ્રીમહાપ્રભુજીનું સ્તોત્ર છે, માટે સર્વોત્તમસ્તોત્ર.

બીજો અર્થ એવો બતાવ્યો કે જેમ શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ છે, તેમ શ્રીગુસાંઈજી પણ સર્વોત્તમ છે. સર્વોત્તમ શ્રીગુસાંઈજીએ આ સ્તોત્ર રચ્યું હોવાથી તેનું નામ સર્વોત્તમ સ્તોત્ર છે.

ત્રીજો અર્થ એવો છે કે આ સ્તોત્ર સર્વ સ્તોત્રમાં ઉત્તમ છે માટે તેનું નામ શ્રીસર્વોત્તમસ્તોત્ર છે.

આ ત્રણે અર્થો દ્વારા આપણે સમજી શક્યા કે સર્વોત્તમ શબ્દ શ્રીમહાપ્રભુજી માટે, શ્રીગુસાંઈજી માટે અને આ સ્તોત્ર માટે વાપરવામાં આવ્યો છે. ત્રણે અર્થ સાથે લઈએ તો એવો અર્થ નીકળે કે સર્વોત્તમ એવા શ્રીગુસાંઈજીએ સર્વોત્તમ એવા શ્રીમહાપ્રભુજી માટે, સર્વોત્તમ એવું સ્તોત્ર એટલે શ્રીસર્વોત્તમસ્તોત્ર.

આ સર્વોત્તમ શબ્દ હવે આપણે સમજીએ. તે બે શબ્દોને બનેલો છે. સર્વ + ઉત્તમ. જે સર્વમાં ઉત્તમ છે તે સર્વોત્તમ અથવા જેનું સર્વ એટલે બધું જ ઉત્તમ છે તે સર્વોત્તમ. એમાંના 'સર્વ' શબ્દને આપણે પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ સમજીએ. આપણી સન્મુખ શ્રીનાથજીબાવા અને શ્રીયમુનાજી છે. પૃથ્વી ઉપર શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી વગેરેનાં સેવ્ય અનેક નિધિસ્વરૂપો બિરાજે છે. એમાંથી કોઈના

માટે સર્વોત્તમ શબ્દ વપરાતો નથી; જ્યારે શ્રીમહાપ્રભુજી માટે સર્વોત્તમ શબ્દ વપરાયો છે.

આનું કારણ બહુ સુંદર છે. શ્રીમહાપ્રભુજીનું અલૌકિક સ્વરૂપ તૃતીયાત્મક સ્વરૂપ કેવી રીતે સમજી શકાય? શ્રીનાથજીબાવા + શ્રીયમુનાજી-શ્રીસ્વામિની = શ્રીમહાપ્રભુજી; કારણકે શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજેલું શ્રીસ્વામિનીજીનું સ્ત્રીભાવાત્મક સ્વરૂપ અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજેલું શ્રીઠાકોરજીનું પુંભાવાત્મક સ્વરૂપ એક થવાથી જે સ્વરૂપ પ્રગટ થયું તે શ્રીવલ્લભ-શ્રીમહાપ્રભુજી, આમ, શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં શ્રીનાથજી બાવા બિરાજે છે અને શ્રીનાથજી બાવાનું અડધું અંગ શ્રીસ્વામિનીજી છે, તેથી શ્રીમહાપ્રભુજીમાં એક સ્વરૂપે શ્રીનાથજી બાવા બિરાજે છે. તો બીજા સ્વરૂપે શ્રીયમુનાજી સહિત સકલ સ્વામિનીઓ બિરાજે છે. આ બધાં સ્વરૂપનો જે સરવાળો થયો તે શ્રીમહાપ્રભુજી.

આથી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં સ્રીભાવ અને પુંભાવ બંનેનો અનુભવ થાય છે. પુંભાવનો અનુભવ એટલે પુરુષોત્તમ સ્વરૂપનો અનુભવ; સ્રીભાવનો અનુભવ એટલે સ્વામિનીજી સ્વરૂપનો અનુભવ. બીજી રીતે કહીએ તો પુંભાવનો અનુભવ એટલે પિતાના સ્વભાવનો અનુભવ અને સ્રીભાવનો અનુભવ એટલે માતાના સ્વભાવનો અનુભવ.

સામાન્ય રીતે બાપ, બાપ જ બની શકે અને મા, મા જ બની શકે. કોઈક જ વખત એવું બને કે બાપ મા પણ બનતો હોય અને મા બાપ પણ બનતી હોય. માની કોમળતા અને બાપની કઠોરતા આ બંને જેનામાં હોય તે જ વ્યક્તિ એક સાથે મા-બાપ બંને બની શકે. બાપ નિયમપાલનનો આગ્રહ રાખતો હોય, જ્યારે મા નિયમભંગ ચલાવી લેતી હોય. બાપ બાળકોને આંખો કાઢી ધમકાવતા હોય કે તે આ ખોટું કર્યું છે, નહિ ચાલે; ત્યારે મા બાળકનું બાવડું પકડીને કહેતી હોય કે જવા દો ને બાળક છે.

આમ, જ્યારે શ્રીઠાકોરજી આપણા દોષો સામે જોતા હોય, ત્યારે શ્રીમહાપ્રભુજી આપણી મા બનીને શ્રીઠાકોરજીને વિનંતી કરતાં હોય છે કે, 'કૃપાનાથ! એમના દોષો જોશો નહિ; કારણ કે તે જીવ છે, એટલે સ્વભાવથી જ દોષોથી ભરેલો છે. આપ આપના સ્વભાવને જ જુઓ'.

આમાં એ વાત સમજાવવામાં આવે કે આપણે બે પ્રકારે વર્તન કરીએ છીએ: (૧) સામાનું વર્તન જોઈને અને (૨) આપણા પોતાના વિચાર પ્રમાણે. ઘણી વખત આપણે સમાજની જુદી જુદી વ્યક્તિઓના અને તેમની સાથેના

સંબંધોના કારણે બીજાનાં વર્તન જોઈને વર્તન કરીએ છીએ. એવું વર્તન સાપેક્ષ વર્તન છે, જેમ કે કોઈ માણસ આપણને ગાળ દે, એટલે આપણે તેની સામી ગાળ દઈએ છીએ અથવા તેની સામેથી મોઢું ફેરવી લઈ ગુસ્સો કરીએ છીએ. આ સાપેક્ષ વર્તન છે.

બીજા પ્રકારનું વર્તન નિરપેક્ષ વર્તન છે. જે આપણે સામા માણસોનું વર્તન જોઈને કરતા નથી; પરંતુ આપણા પોતાના સ્વભાવ પ્રમાણે કરીએ છીએ. જેમ કે કોઈ ગુસ્સે થઈને આપણને ગાળ દે; છતાં આપણે તેને હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કહીએ છીએ.

આમ, શ્રીમહાપ્રભુજી પણ શ્રીનાથજી બાવાને વિનંતી કરે છે કે આપ જીવનું વર્તન જોઈને વર્તન ન કરશો. આપ પ્રભુ છો; માટે આપના સ્વભાવને અને વિચારને અનુરૂપ વર્તન કરો. સાથે સાથે શ્રીમહાપ્રભુજી પિતાની કઠોરતા પણ ધારણ કરે છે અને પોતાનો સેવક સિદ્ધાંત પ્રમાણે ન ચાલે અને અપરાધ કરે, તો તેને દંડ પણ આપે છે. જેમ રામાનંદ પંડિતનો અપરાધ થતાં શ્રીમહાપ્રભુજીએ તેમનો ત્યાગ કર્યો હતો.

આમ, શ્રીમહાપ્રભુજી આપણા પિતા પણ બની શકે છે અને માતા પણ બની શકે છે. માટે શ્રીમહાપ્રભુજીને સર્વોત્તમ કહ્યા છે.

શ્રીમહાપ્રભુજીને સર્વોત્તમ કહેવાનું એક બીજું કારણ પણ છે. શ્રીદામોદરદાસ હરસાનીજીનો પ્રસંગ આપણ જાણીએ છીએ. શ્રીગિરિરાજજીની તળેટીમાં શ્રીમહાપ્રભુજી દમલાજીની ગોદમાં મસ્તક મૂકીને પોઢ્યા હતા, ત્યારે સાત વર્ષના સાંવરિયા, છેલછોગાળા અને લટકાળા શ્રીગોવર્ધનનાથજી લટક મટક કરતા શ્રીવલ્લભને મળવા આવ્યા. તેમનાં ઝાંઝર ઝણકી રહ્યા હતાં. વાંકા નેત્રકમળથી તેઓ આમતેમ નીરખી રહ્યા હતા. આપણને ગાવાનું મન થાય કે 'વાંકે અંબોડે શ્રીનાથજીને સુંદર શ્યામ સ્વરૂપ.' એવા મસ્તકે વાંકો અંબોડો બાંધ્યો હતો. તેમને પધારતા જોઈને શ્રીદમલાજીએ વિનંતી કરી: 'મારા પ્રાણનાથ પોઢ્યા છે, માટે હમણાં આપ નજીક ન પધારશો.' ત્યારે શ્રીનાથજી બાવા અદબ વાળીને થોડે દૂર વૃક્ષ નીચે ઊભા રહ્યા. શ્રીમહાપ્રભુજી તરત જ જાગી ગયા; કારણ કે સર્વત્ર સુગંધ પ્રસરી ગઈ હતી. વાતાવરણમાં આનંદ વ્યાપી વળ્યો હતો. શ્રીમહાપ્રભુજીએ શ્રીજીબાવાને નીરખ્યા. આપે ઊભા થઈને શ્રીનાથજીને પોતાની બંને ભુજાઓમાં ભીડી દઈ ખૂબ વહાલ કર્યું. શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું, 'આપ દૂર કેમ ઊભા છો?'

શ્રીજીબાવાએ હસીને કહ્યું, 'તમારો સેવક મને ક્યાં પાસે આવવા દે છે?' શ્રીમહાપ્રભુજી દમલાજી પર ગુસ્સે થઇ આજ્ઞા કરે છે, 'દમલા! મારા પ્રાણનાથ સાથે તું આવી વાત કેવી રીતે કરી શકે?' દમલાજીએ હાથ જોડી દીનતાથી કહ્યું: 'મહારાજ! જે કહેવું હોય તે કહો, પણ મારા માટે તો આપ જ સર્વસ્વ છો. મેં આપના સુખનો વિચાર કરીને જ વિનંતી કરી હતી.'

શ્રીમહાપ્રભુજીએ કહ્યું, દમલા! મારું તો સર્વસ્વ શ્રીજી છે. તેં એમને કેમ પરિશ્રમ કરાવ્યો?' દમલાજી બોલ્યા, 'કૃપાનાથ, એક સવાલ પૂછું? દાન બડો કે દાતા બડો?'

દમલાજીનો સવાલ સમજવા જેવો છે. દુનિયામાં આપણે કોને મોટું કહીશું? દાન મોટું કહેવાય કે દાનનો આપનાર દાતા મોટો કહેવાય? આપણી પાસે તિજોરીમાં લાખ રૂપિયા પડ્યા હોય, પણ એ રૂપિયા જાતે ક્યાંય જઇ શકતા નથી. આપણે રૂપિયા જ્યાં આપીએ, ત્યાં એ જાય છે. આપનાર માણસના અંતઃકરણમાં આપવાની વૃત્તિ જોઇએ. એ ન હોય તો બધા રૂપિયા તિજોરીમાં જ પડ્યા રહે છે. તેવી રીતે આ દુનિયારૂપી તિજોરીમાં પરમાત્મારૂપી પૈસો પડેલો છે. એને બહાર કાઢીને આપણા જેવા જીવને આપવાનું કામ આપણા સદ્ગુરુનું- શ્રીમહાપ્રભુજીનું છે. તેઓ બ્રહ્મસંબંધ દ્વારા શ્રીનાથજી દાનમાં આપે છે. શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજીનું જીવન-સર્વસ્વ છે. એવું સર્વસ્વ જે દાનમાં આપી દે, તે દાતા મોટો, તેથી શ્રીનાથજી કરતાં પણ આપણા માટે શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ છે.

શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ હોવાનું એક ત્રીજું કારણ પણ બતાવવામાં આવે છે. આપણે આગળ જોઇ ગયા કે શ્રીમહાપ્રભુજીમાં પુરુષોત્તમ ભાવ અને સ્વામિની-ભાવ રહેલો છે. તે સાથે શ્રીમહાપ્રભુજીમાં ગુરુભાવ પણ રહેલો છે. માટે શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર આચાર્ય સ્વરૂપે એટલે કે ગુરુ-સ્વરૂપે પ્રગટ થયા છે અને દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો છે. આમ શ્રીમહાપ્રભુજીમાં શ્રીનાથજીબાવા બિરાજે છે. શ્રીસ્વામિનીજી-શ્રીયમુનાજી બિરાજે છે. તેમજ શ્રીગુરુદેવ સ્વરૂપ પણ બિરાજે છે. તેથી શ્રીમહાપ્રભુજીમાં ત્રણ સ્વરૂપનો અનુભવ થતો હોવાથી શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ છે.

આપણ રસ્તે જતા હોઇએ અને કદાચ રસ્તા પરની ધૂળમાંથી આપણને કિંમતી હીરો મળી જાય, પરંતુ આપણને હીરાની પરખ હોતી નથી; તેથી તે કાચ છે કે હીરો તે આપણને નક્કી કરી શકતા નથી. તે હીરો છે એમ સમજવા માટે

બે વસ્તુની જરૂર પડે છે : એક તેને પારખનાર ઝવેરીની અને બીજા પ્રકાશની. તેવી રીતે શ્રીમહાપ્રભુજીરૂપી હીરાને શ્રીગુસાંઇજીરૂપી ઝવેરીએ આપણને ઓળખી બતાવ્યો છે. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો પરિચય તેમણે આ સ્તોત્રરૂપી પ્રકાશથી કરાવ્યો છે. માટે શ્રીમહાપ્રભુજીરૂપી હીરાને ઓળખનાર શ્રીગુસાંઇજીરૂપી ઝવેરી પણ આપણે માટે સર્વોત્તમ છે. તેમની કૃપા વગર આપણા હાથમાં આવેલ આ હીરાનો આપણે લાભ લઇ શકત નહીં.

શ્રીગુસાંઇજી સર્વોત્તમ હોવાનું બીજું પણ એક કારણ છે : શ્રીમહાપ્રભુજી જ્યારે પૃથ્વી પરિક્રમા કરતાં પંઢરપુર પધાર્યા, ત્યારે ત્યાં શ્રીનાથજી બાવાએ તેમને દર્શન આપીને આજ્ઞા કરી હતી કે આપ લગ્ન કરો; કારણ કે મારે આપનાં ત્યાં પુત્ર-સ્વરૂપે પ્રગટ થવું છે. માટે શ્રીમહાપ્રભુજીએ લગ્ન કર્યાં હતાં. શ્રીગુસાંઇજી સ્વરૂપે શ્રીનાથજી શ્રીમહાપ્રભુજીને ત્યાં પુત્ર-રૂપે પ્રગટ થયા, માટે શ્રીગુસાંઇજી સાક્ષાત્ શ્રીનાથજી સ્વરૂપ છે. એટલે આ રચના સાક્ષાત્ પ્રભુની રચના છે, માટે તેનું નામ સર્વોત્તમ સ્તોત્ર છે, જેમ વેદ પ્રભુની વાણી હોવાથી સર્વોત્તમ મનાય છે; તેમ આ સ્તોત્ર પણ શ્રીગુસાંઇજી-સ્વરૂપ શ્રીનાથજી બાવાની વાણી હોવાથી સર્વોત્તમ છે.

શ્રીગુસાંઇજી સર્વોત્તમ હોવાનું એક ત્રીજું કારણ પણ છે : નિત્યલીલામાં શ્રીગુસાંઇજી શ્રીચંદ્રાવલીજીના સ્વરૂપે છે. અને શ્રી ચંદ્રાવલીજી શ્રુતિરૂપા ગોપીજનોનાં સ્વામિની છે. વેદની શ્રુતિઓને પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરવાનો મનોરથ થયો. ત્યારે પ્રભુએ તેમને કૃપા કરીને વચન આપ્યું કે સારસ્વતકલ્પમાં વેદની બધી શ્રુતિઓ વ્રજમાં ગોપીજનોરૂપે જન્મ લેશે અને પોતે નંદનંદન શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રગટ થશે. ત્યારે તેમનો મનોરથ પૂર્ણ થશે. માટે વેદની બધી શ્રુતિઓ વ્રજમાં ગોપીજનોરૂપે જન્મી. તેમનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી. શ્રીચંદ્રાવલીજી શ્રીગુસાંઇજી સ્વરૂપે પ્રગટ થયાં છે, તેથી વેદમાં જેમ વેદની શ્રુતિઓએ પ્રભુના સ્વરૂપનું ગાન કર્યું તેમ શ્રુતિરૂપી શ્રીગુસાંઇજી સર્વોત્તમ સ્તોત્ર દ્વારા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ગાન કરે છે. શ્રુતિઓએ કરેલ વેદજ્ઞાન સર્વોત્તમ મનાય છે. માટે શ્રુતિરૂપે શ્રીગુસાંઇજીએ કરેલું હોવાથી આ સ્તોત્ર સર્વોત્તમ મનાય છે.

આમ, આ સ્તોત્રના કર્તા પણ સર્વોત્તમ હોવાથી આ સ્તોત્ર શ્રીસર્વોત્તમ-સ્તોત્ર કહેવામાં આવ્યું છે.

શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનાં નામ, રૂપ અને ગુણોનું વર્ણન કરતાં ત્રણ સ્તોત્ર રચ્યાં છે, જેમાં શ્રીસર્વોત્તમસ્તોત્રમાં નામોનું નિરૂપણ કર્યું છે. સપ્તશ્લોકી સ્ફુરત્ કૃષ્ણ પ્રેમામૃતમાં ગુણોનું નિરૂપણ કર્યું છે અને શ્રીવલ્લભાષ્ટકમાં રૂપનું નિરૂપણ કર્યું છે. આ ત્રણ સ્તોત્ર શ્રીમહાપ્રભુજી વિષયક જ છે; છતાં તેમાં શ્રીસર્વોત્તમસ્તોત્રને જ સર્વોત્તમ કહેવાનું કારણ શું? તેનો જવાબ આપણને શ્રીભાગવતમાંથી મળે છે.

શ્રીભાગવતના પ્રારંભમાં ત્રણ શ્લોક દ્વારા પ્રભુની સ્તુતિ કરવામાં આવી છે, તેનું કારણ એવું બતાવવામાં આવ્યું કે પહેલા શ્લોકમાં બીજભાવ છે. બીજા શ્લોકમાં વૃક્ષભાવ છે અને ત્રીજા શ્લોકમાં ફળભાવ છે. વૃક્ષને ફળ ત્યારે આવી શકે કે જ્યારે જમીનમાં બીજ વાવવામાં આવે અને તેમાંથી વૃક્ષ ઊગે; કારણ કે બીજમાં વૃક્ષ અને ફળ સૂક્ષ્મ રીતે રહેલાં છે; તેથી બીજને સર્વોત્તમ કહેવામાં આવે છે. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી વિષયક ત્રણ સ્તોત્રમાં શ્રીસર્વોત્તમસ્તોત્રમાં બીજભાવ છે. શ્રીવલ્લભાષ્ટકમાં વૃક્ષભાવ છે અને સપ્તશ્લોકી સ્ફુરત્ કૃષ્ણ પ્રેમામૃતમાં ફળભાવ છે. તેથી બીજભાવરૂપ સર્વોત્તમસ્તોત્રમાં સર્વથી ઉત્તમ ભાવ રહેલો હોવાથી તેને સર્વોત્તમસ્તોત્ર કહેવામાં આવ્યું છે.

આમ, આપણે જોઇ ગયા કે આ સ્તોત્રમાં જેમનું નિરૂપણ થયું છે તે શ્રીમહાપ્રભુજી; આ સ્તોત્ર જેમણે ગાયું છે તે શ્રીગુસાંઇજી અને આ સ્તોત્રમાં જે બીજભાવ રહેલો છે તે સ્તોત્ર, આ ત્રણે ઉત્તમ હોવાથી આ સ્તોત્રનું નામ શ્રીસર્વોત્તમ-સ્તોત્ર રાખવામાં આવ્યું છે અને તે યથાર્થ છે; કારણ કે શ્રીગુસાંઇજીએ આપેલું તે નામ અયથાર્થ(અયોગ્ય) હોઇ શકે જ નહીં.

આવા સર્વોત્તમ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં બેસીને આપણે શ્રીગુસાંઇજીની કૃપાથી આ સ્તોત્રનું રહસ્ય સમજતાં સમજતાં તેનો ભાવ ગ્રહણ કરીશું અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં આપણી ભક્તિને દૃઢ બનાવીશું.

■

૫. શ્રીસર્વોત્તમસ્તોત્ર-સુધારસ

શ્લોક : ૧

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥

શબ્દાર્થ : પ્રાકૃત + ધર્મ અનાશ્રયમ્ = પ્રાકૃત ધર્મ (કામ, ક્રોધ વગેરે) ના આશ્રય વગરનું, અપ્રાકૃત = અલૌકિક, નિખિલ = સર્વ, ધર્મરૂપમિતિ = ધર્મ + રૂપમ્ + ઇતિ = ધર્મરૂપ છે; નિગમ = વેદ; પ્રતિપાદ્ય = પ્રતિપાદન કરેલું, યત્તચ્છુદ્ધં = યત્ + તત્ + શુદ્ધં = જે, તે, પવિત્ર (શુદ્ધ, સાકૃતિ = સ્વરૂપ, સ્તૌમિ = હું સ્તુતિ કરું છું.

શ્લોકાર્થ : શ્રી પૂર્ણ પુરુષોત્તમનું શુદ્ધ સ્વરૂપ, જે લૌકિક ધર્મોના આશ્રય વગરનું છે, અલૌકિક છે, સર્વ ધર્મરૂપ છે, અને વેદોએ પ્રતિપાદન કરેલ છે, તે સ્વરૂપની હું સ્તુતિ કરું છું. (૧)

વિવરણ : સ્તોત્રનું મંગલાચરણ

સ્તવન જ્યારે કવનમાં નમનની ભાવના લઇને આવે ત્યારે એ સ્તવન જીવનમાં હવન-યજ્ઞ-રૂપ બની જાય છે. સ્તવનના શ્લોકો યજ્ઞના અલૌકિક મંત્રો બની જાય છે.

'શ્રીસર્વોત્તમસ્તોત્ર' ના પ્રારંભમાં શ્રીગુસાંઇજી પ્રભુચરણે આનંદઘન પરમાત્માના શુદ્ધ, સાકાર સ્વરૂપનું સ્તવન કર્યું. આપણને વિચાર થાય કે આ સ્તોત્ર શ્રીમહાપ્રભુજીનું છે, તો તેના આરંભે શ્રીવલ્લભનું સ્તવન થવું જોઇએ. એને બદલે આ સ્તોત્રનું મંગલાચરણ શ્રીનાથજી બાવાના સ્તવનથી કેમ થયું?

એનું એક કારણ એ છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીબાવા એ બે અલગ તત્ત્વો-સ્વરૂપો નથી. 'જો વલ્લભ સોઇ શ્યામ' એમ શ્રીપરમાનંદદાસજી કહે છે. તેહી એહી એહી તેહી કછુ ન સંદેહ' એમ શ્રીછીતસ્વામીજી પણ કહે છે. આ બંને સ્વરૂપોની એકરૂપતા બતાવવા માટે મંગલાચરણ આનંદઘન પ્રભુનું છે.

શ્રીમહાપ્રભુજી આનંદઘન 'વસ્તુતઃ કૃષ્ણ એવ' છે, તો શ્રીનાથજીબાવા પણ 'આનંદ કરપાદમુખોદરાદિ'- આનંદઘન છે. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી ગુરુરૂપે બિરાજે છે, જ્યારે શ્રીનાથજીબાવા ઈષ્ટરૂપે બિરાજે છે. પુષ્ટિમાર્ગમાં આરાધ્ય ઈષ્ટ અને આરાધન બતાવનાર ગુરુ બંને એક જ છે - 'વસ્તુતઃ કૃષ્ણ એવ' છે.

આ વાત વિચારતાં આપણી સામે શ્રીસૂરદાસજી આવે છે. શ્રીસૂરદાસજીએ કહ્યું : શ્રીકૃષ્ણ અને શ્રીમહાપ્રભુજીમાં કોઈ ભેદ નથી. શ્રીવલ્લભના ચરણપ્રતાપથી જ મેં સવા લાખ પદો ગાયાં છે. ''દૃઢ ઈન ચરનન કેરો ભરોસો.'' શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીનાં સ્વરૂપ અલગ-અલગ છે એવું દ્વિવિધ-દ્વૈત-પ્રકારનું જ્ઞાન જેનામાં છે, તે આંધળો છે 'સૂર કહા કહે દ્વિવિધ આંધરો.' દેખતો માણસ તો બંનેને એક સ્વરૂપે જ જુએ છે.

શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને ઘણીવાર શ્રીકૃષ્ણનાં રૂપમાં દર્શન આપ્યાં છે; એટલા માટે શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીબાવાનું એક સ્વરૂપ બતાવીને મંગલાચરણમાં સ્તવન કર્યું.

બીજું કારણ એ છે કે શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કરવા પધાર્યા છે. શુદ્ધાદ્વૈત મતમાં બ્રહ્મનું સ્વરૂપ કેવું છે તે શ્રીગુસાંઈજીએ આ સ્તવનમાં બતાવ્યું છે.

આપણે પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીબાવાને એક સ્વરૂપ સમજી, તેમને વંદન કરતાં મંગલાચરણનો પ્રથમ શ્લોક ગાઈએ.

આ શ્લોક 'આર્યા' છંદમાં છે. આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું 'આયા' સ્વરૂપ બતાવવું છે એવું સૂચન 'આર્યા' છંદથી કર્યું છે.

પ્રાકૃતધર્માનાશ્રય - મપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥

વૈષ્ણવો જ્યારે આ શ્લોકનો પાઠ કરે છે, ત્યારે બોલવામાં ઘણીવાર ભૂલ કરતા માલૂમ પડે છે. તેઓ આમ બોલતા સંભળાય છે- 'પ્રાકૃતધર્માનાશ્રય પ્રાકૃતનિખિલ - ધર્મરૂપમિતિ'- જ્યારે ખરેખર એમ બોલવું જોઈએ કે ''પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત્ - નિખિલધર્મ રૂપમિતિ. વૈષ્ણવો બોલે છે તે રીતે અર્થ કરવા જઈએ તો પ્રભુ પ્રાકૃત એટલે લૌકિક ધર્મો અને લૌકિક રૂપવાળા છે એવો અર્થ થાય, જે બરાબર નથી. માટે 'અપ્રાકૃત-નિખિલધર્મરૂપમિતિ' એમ બોલવું.

એક વખત હું કાઠિયાવાડ ગયેલી. એક ગામડાના વૈષ્ણવો 'શ્રીસર્વોત્તમ-સ્તોત્ર' નો પાઠ કરે. એમાં શ્લોક આવ્યો- 'દૈવોદ્ધારપ્રયત્નાત્મા.' વૈષ્ણવો પાઠમાં બોલ્યા, 'દીવો ધર્યો પ્રેતના હાથમાં.' મેં પૂછ્યું: 'તમને આવું કોણે શીખવ્યું?' તેઓ કહે: 'અમારા ગામમાં એક ભગવદીય બાપા હતા. આ બાપા એમ કહેતા કે શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરકમ્મા કરવા પધારે છે, ત્યારે પ્રેત હાથમાં દીવો લઇ આગળ ચાલે છે.' આમ, વૈષ્ણવો એક તો અશુદ્ધ ઉચ્ચાર કરે અને અર્થ તો પાછો વધારે ગોટાળાવાળો કરે!

શાસ્ત્રો કહે છે: 'શબ્દઃ સમ્યક્જ્ઞાતઃ સમ્યક્પ્રયુક્તઃ કામધેનુઃ ભવતિ' શબ્દને બરોબર જાણો અને બરાબર પ્રયોગ કરો, તો એ શબ્દ આપણા માટે કામધેનુ ગાય જેવો બની જશે. જેમ કામધેનુ ગાય આપણી તમામ કામનાઓ પૂરી કરે છે, તેમ એ શબ્દો આપણને સત્ય જ્ઞાન કરાવે છે. આપણે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' બરોબર જાણતા નથી અને બોલતા નથી તેનું આ ઉદાહરણ છે.

હવે આપણે શ્રીગુસાંઇજી મહારાજે મંગલાચરણના આ શ્લોકમાં બતાવેલ આનંદઘન, રસાત્મક, રસિકેન્દ્રશેખર પ્રભુનું અને મહાપ્રભુનું સ્વરૂપ સમજીશું.

પ્રાકૃતધર્મ અનાશ્રયમ્ :

શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીમાં પ્રાકૃત ધર્મો નથી. પ્રકૃતિએ ઉત્પન્ન કરેલાં તત્ત્વો-ધર્મો તે પ્રાકૃત ધર્મો. પ્રકૃતિનું મહત્ તત્ત્વ તે બુદ્ધિ તેમાંથી અહંકાર. અહંકારના ત્રણ પ્રકાર-સાત્ત્વિક અહંકાર, રાજસ અહંકાર, તામસ અહંકાર. સાત્ત્વિક અહંકારમાંથી મન જન્મ્યું. રાજસ્ અહંકારમાંથી ઇન્દ્રિયો અને તામસ્ અહંકારમાંથી પંચ ભૂતો- પૃથ્વી, તેજ, વાયુ, અગ્નિ, આકાશ અને પાંચ તન્માત્રાઓ પ્રગટ થયાં. આમ, આપણું આ શરીર પ્રકૃતિએ બનાવેલા ત્રણ ધર્મો-સત્ત્વ, રજસ્, અને તમસ્‌નું બનેલું છે. પ્રકૃતિએ આપણને શરીરરૂપી ઘર આપ્યું છે. તે પ્રાકૃત છે, કારણ કે તેમાં પ્રકૃતિના વિકારો છે. તેથી મનુષ્યોમાં સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ એ ત્રણ પ્રકારના સ્વભાવો જોવા મળે છે. પ્રકૃતિને કારણે આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા છ ભાવવિકારો જોવા મળે છે. આ શરીર શુક્ર અને રજના સંયોગથી બને છે. તેની ચાર અવસ્થાઓ છે : અસ્તિ, જાયતે, વર્ધતે, મ્રિયતે. તે સૌપ્રથમ માતાના ઉદરમાં આકાર લે છે, તે 'અસ્તિ'. જન્મ લેવાનો સમય થાય, ત્યારે 'જાયતે'. પછી શરીર ધીમે ધીમે વધે છે, તે 'વર્ધતિ'. અંતે તેનો નાશ થાય છે, તે 'મ્રિયતે'. આમ, આપણામાં નવા નવા વિકારો આવતા જ જાય છે.

શ્રીગુસાંઈજી મહારાજ આ શ્લોકથી એમ સમજાવે છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ આપણ જેવા પ્રાકૃત મનુષ્યો નથી. આપણા જન્મમાં અને તેમના પ્રાગટ્યમાં ઘણું અંતર છે. ભગવત્- સ્વરૂપોનો આપણી જેમ જન્મ થતો નથી કે મૃત્યુ પણ થતું નથી. તેમનું પ્રાગટ્ય- આવિર્ભાવ થાય છે. તેઓ ફરી પાછું પોતાનું સ્વરૂપ તિરોભૂત કરી દે છે. ભલે આપણે એમ બોલીએ કે જન્માષ્ટમીના દિવસે કૃષ્ણજન્મ થયો અને ચૈત્રવદ એકાદશીએ શ્રીમહાપ્રભુજી જનમ્યા. પણ તેમનો એ જન્મ નથી. પ્રાગટ્ય છે, આવિર્ભાવ છે. આર્વિભાવ એટલે જગતમાં દેખાવાપણું- આવિષ્કરણ. આમ, મહાપ્રભુજી અને શ્રીઠાકોરજી પ્રાકૃત ધર્મોવાળા નથી.

બીજી એક વાત પણ સમજવા જેવી છે. આપણું શરીર પ્રકૃતિનું બનેલું છે, તેથી એને ભૂખ-તરસ લાગે. એમાં ક્રોધ આવે અને લોભ જાગે, એમાં કામવિકારો પણ આવે. ડૉકટરો કહે છે માણસના બ્રેઈનમાં (મગજમાં) નર્વસ સિસ્ટમ (જ્ઞાનતંતુઓની રચના) છે. તેમાં જુદાં જુદાં સેન્ટરો (કેન્દ્રો) છે. તેમને લઈને માણસ જુદી જુદી, જાત જાતની વૃત્તિઓનો અનુભવ કરે છે. આવી વિકારોવાળી વૃત્તિઓ શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ-શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં નથી.

એક વખત વૈષ્ણવોને એવું લાગ્યું કે શ્રીમહાપ્રભુજીનું શ્રીઅંગ સ્વસ્થ નથી. તેથી તેઓ ઔષધિ લઈ આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'કૃપાનાથ, આ દવા આપના માટે લાવ્યા છીએ.' વૈષ્ણવોના મનમાં એમ કે દવા લેવાથી આપ સ્વસ્થ થશો. તેમને ખબર ન હતી કે શ્રીવલ્લભ પ્રાકૃત મનુષ્ય નથી, અપ્રાકૃત છે. પ્રકૃતિએ આપેલા રોગવિકારો તેમના શ્રીઅંગમાં સંભવે નહિ. આ અસ્વસ્થતા તો વિરહની અલૌકિક અસ્વસ્થતા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યારે પ્રેમ વિરહને પામે છે, ત્યારે તેની પ્રકૃતિમાં અસ્વસ્થતા આવી જાય છે. આ અસ્વસ્થતા અલૌકિક હોય છે, લૌકિક નહિ. આથી શ્રીવલ્લભે દવા લાવનાર વૈષ્ણવોને આજ્ઞા કરી: 'તમે દવા લાવ્યા તે સારું કર્યું. આપશ્રીએ દવા અગ્નિમાં નાખી દીધી. વૈષ્ણવોએ વિનંતી કરી: અમે તો આપને માટે દવા લાવ્યા હતા અને આપે તે અગ્નિમાં નાંખી દીધી? 'શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'વૈષ્ણવો, અગ્નિ પણ મારું જ સ્વરૂપ છે. હું દવા મુખમાં મૂકું કે અગ્નિમાં, તેથી કોઈ ફેર પડતો નથી. વળી મારે આ દવાની જરૂર પણ નથી. જેવો રોગ હોય તેવી દવા લેવાય. બીજી દવા ખાવાથી રોગ મટે?

વ્રજની ગોપિકાઓને અને નંદ-યશોદાને જે દુઃખ હતું, તે દુઃખ મને પણ છે. નિરુદ્ધ ભક્તોનું વિરહતાપનું આ દર્દ છે, લૌકિક- પ્રાકૃતિક દર્દ નથી.'

આ પ્રસંગથી આપણને સમજાય છે કે શ્રીમહાપ્રભુજી પ્રાકૃત ધર્મોથી રહિત છે. શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીમાં પ્રાકૃત ધર્મોનો અનાશ્રય છે. અર્થાત્ શ્રીવલ્લભસ્વરૂપને પ્રાકૃત ધર્મોનો લેશમાત્ર પણ સ્પર્શ નથી. જો તેમના સેવકોને પ્રાકૃત ધર્મો ન સતાવી શકે, તો તે ધર્મો શ્રીમહાપ્રભુજીને તો ક્યાંથી સતાવે? આપણી સામે કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસજીનો દાખલો છે. તેઓ શ્રીમદનમોહનજીની સેવા શ્રીમહાપ્રભુજીના ભાવથી, ખૂબ પ્રેમથી કરે. આથી શ્રીમદનમોહનજીનું મુખારવિંદ ગૌર અને ચરણારવિંદ શ્યામ. ગૌર મુખારવિંદ શ્રીસ્વામિનીભાવ અને શ્યામ ચરણારવિંદ શ્રીપુરુષોત્તમભાવ. શ્રીમહાપ્રભુજીમાં આ બંને ભાવ બિરાજે છે. તેથી એ ભાવથી સેવા કરતાં કરતાં ઘણાં વર્ષો વીત્યાં. શેઠ વૃદ્ધ થયા. એક દિવસ તેમના પુત્ર ગોપાલદાસના મનમાં વિચાર આવ્યો કે પિતાજી વયોવૃદ્ધ થયા છે, તો જળની સેવા તેમના બદલે હું કરું તો? તેમણે પિતાજીને વિનંતી કરી. શેઠે કહ્યું: 'બેટા, આજે નહિ. કાલ તમારી ઇચ્છા હોય તો કરજો.' શેઠ ગંગાઘાટેથી ગંગાજળની ગાગર ભરીને પાછા આવ્યા, ત્યારે તેમના પુત્રને પિતા સોળ વર્ષના યુવાન, શ્યામ કેશવાળા દેખાયા. તેઓ પિતાના પગે પડ્યા. શેઠે કહ્યું: 'બેટા, જેનામાં ભગવદ્ધર્મોની જાગૃતિ હોય છે, તેનું પ્રાકૃત તત્ત્વ ચાલ્યું જાય છે.' તેનું નામ તનુનવત્વ- દેહની અલૌકિકતા. જો વૈષ્ણવોને આવું તનુનત્વ મળતું હોય, તો સાક્ષાત્ આનંદઘન શ્રીવલ્લભમાં પ્રાકૃતવૃત્તિ હોય જ કેવી રીતે?

જેવી રીતે શ્રીમહાપ્રભુજીનું શ્રીઅંગ પ્રાકૃત નથી, તેવી રીતે આપનો સ્વભાવ પણ પ્રાકૃત નથી. પ્રાકૃત સ્વભાવવાળો માણસ બીજાઓ માટે રાગદ્વેષ રાખે, પણ શ્રીમહાપ્રભુજીનો પ્રાકૃત સ્વભાવ ન હોવાથી આપને કોઇના માટે રાગદ્વેષ નથી. આપનું ચરિત્ર અલૌકિક છે. આપ કેવળ પ્રેમસ્વરૂપ હોવાથી, દુનિયાના કોઈ વિકારો આપના સ્વભાવને સ્પર્શી શકતા નથી. આથી શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી: 'પ્રાકૃતધર્માનૂઅનાશ્રયમ્'.

શ્રીગુસાંઇજી મહારાજે શ્રીસર્વોત્તમસ્તોત્રના પ્રથમ શ્લોકમાં શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુના સ્વરૂપની એકતા બતાવતાં તેમના સ્વરૂપનું પહેલું લક્ષણ બતાવ્યું કે તેઓ પ્રાકૃત ધર્મો વિનાના છે. એટલે કે દુનિયાના કોઇ વિકારો તેમના સ્વભાવને સ્પર્શી શકતા નથી.

અપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ

હવે બીજી વાત સમજીએ. ઉપનિષદો કેટલીક વાર ભગવાનને નિર્ગુણ અને નિર્ધર્મક કહે છે. એટલે કે ભગવાન ગુણ વગરના છે. પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ નામના ગુણો પરમાત્માના સ્વરૂપમાં નથી. તેથી ભગવાન ગુણ વગરના કહેવાયા. ઉપનિષદોએ એમ પણ કહ્યું કે, હે વિભુ, આપ ધર્મ વગરના છો. અહીં 'ધર્મ' શબ્દ પણ ગુણના અર્થમાં જ વપરાયો છે. ઉપનિષદોની આ વાત શ્રીગુસાંઇજી મહારાજે આ શ્લોકમાં કહી છે કે 'અપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ'.

પ્રભુની આ નિર્ગુણતા અને નિર્ધર્મકતા સાપેક્ષ છે. પ્રભુમાં પ્રકૃતિએ આપેલા ગુણો નથી. પ્રકૃતિએ આપેલ સ્વભાવ કે પ્રકૃતિએ આપેલું શ્રીઅંગ નથી અને પ્રકૃતિએ સર્જન કરેલાં બધાં કાર્યોથી પણ તેઓ રહિત છે.

પ્રભુ વિરુદ્ધધર્માશ્રયી હોઇ શ્રીગુસાંઇજી મહારાજ આ શ્લોકની પ્રથમ પંક્તિના બીજા ચરણમાં આજ્ઞા કરે છે કે 'અપ્રાકૃતનિખિલ ધર્મરૂપમ્' હે પ્રભુ અને મહાપ્રભુ, આપ અપ્રાકૃત એવા બધા જ ધર્મોવાળા છો. અપ્રાકૃત ધર્મોવાળા હોવાથી પ્રભુ સગુણ અને સધર્મક છે. શુદ્ધ આનંદ અપ્રાકૃત છે, માટે શ્રીવલ્લભ અને શ્રીઠાકોરજી આનંદરૂપ અલૌકિક ગુણ, આનંદરૂપ અલૌકિક સ્વભાવ અને આનંદરૂપ આકારવાળા છે. તેથી તેઓ અપ્રાકૃત છે.

પ્રથમ પંક્તિના અંતે શબ્દ મૂક્યો 'ઇતિ' તેના ટીકાકારોએ અર્થ કર્યો, 'એ પ્રમાણે'.

નિગમપ્રતિપાદ્યમ્

બીજી પંક્તિમાં આપે આજ્ઞા કરી, 'નિગમપ્રતિપાદ્યમ્' અર્થાત્ પ્રભુનું પ્રાકૃત ધર્મોથી રહિતપણું અને અપ્રાકૃત ધર્મોથી યુક્તપણું વેદોમાં કહેવામાં આવ્યું છે. આમ, શ્રીગુસાંઇજી મહારાજ કહે છે કે પ્રભુનું અને મહાપ્રભુનું જે સ્વરૂપ મેં આ શ્લોકની પ્રથમ પંકિતમાં કહ્યું તે વેદશાસ્ત્રોએ કહેલું છે, મારો પોતાનો આગવો મત નથી. સજ્જનો! પુષ્ટિમાર્ગની અને શુદ્ધાદ્વૈત વેદાંતની આ એક અલૌકિક ખૂબી છે.

વેદોની શ્રુતિઓએ બ્રહ્મને જે જે રૂપે નિરૂપણ કરવાની પ્રવૃત્તિ કરી છે તે બધાં જ સ્વરૂપોને શ્રીમહાપ્રભુજીએ પોતાના વેદાંતમાં સમાવી લીધાં છે. વેદમાં બે પ્રકારની શ્રુતિઓ મળે છે. એક શ્રુતિ કહે છે, બ્રહ્મ રૂપ વગરનો છે, તો બીજી શ્રુતિ કહે છે, તે રૂપવાળો છે. એક શ્રુતિ કહે છે, બ્રહ્મ વ્યાપક છે. બીજી શ્રુતિ કહે

છે બ્રહ્મ સાકાર છે. તેને હજાર આંખ છે. હજાર ચરણ છે, હજાર બાહુ છે. તો બીજી શ્રુતિ કહે છે તેમને હાથ નથી. તેમને પગ નથી.

શ્રુતિ આવું બોલતાં તો બોલી ગઇ, પણ જ્યારે તે ગોપી બનીને ગોકુળમાં આવી અને શ્રીકૃષ્ણ-સ્વરૂપે બ્રહ્મને ગાયોની પાછળ દોડતા જોયા, માખણ-મિશ્રી માગતા જોયા, ત્યારે તેને કહેવું પડ્યું કે તમે તો ખૂબ દોડો છો. શ્રુતિએ શબ્દો વાપર્યા 'અપાણિપાદઃ જવનઃ' ચરણ નથી, છતાં તમે દોડો છો. આનું નામ પ્રભુનું વિરુદ્ધધર્માશ્રયત્વ.

આવાં વિરોધાભાસી શ્રુતિવચનોને લઇને વેદાંતના વિચારકોના પણ બે વિભાગ પડી ગયા. એક વિભાગે એમ કહ્યું, 'પરમાત્મા નિરાકાર, નિર્ગુણ, નિર્ધર્મક છે' તો બીજા વિભાગે કહ્યું, 'ના ના. તેઓ સગુણ, સાકાર અને સધર્મક છે.' એકે કહ્યું તેમને પગ અને હાથ નથી. બીજાએ કહ્યું તેઓ ચાલે છે અને ગ્રહણ કરે છે. એકે કહ્યું તેમને આંખ જ નથી, બીજાએ કહ્યું તેઓ બધું જ જુએ છે. આમ, બંને પ્રકારના વિચારકો અંદર અંદર ઝઘડવા લાગ્યા.

ત્યારે શ્રીમહાપ્રભુજીએ બંને વચ્ચે મધ્યસ્થી કરી બંનેને ઝઘડતા રોક્યા. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, તમે બ્રહ્મના સ્વરૂપનો અડધો ભાગ જ જોયો છે, માટે તમે ઝઘડો છો. જેમ પેલા છ આંધળા માણસો હાથના સ્પર્શથી, હાથીના કોઇક અંગનો આકાર સમજી સમગ્ર હાથીને તેવા આકારનો કહેતા હતા. અંધ માણસોનું દર્શન ખંડદર્શન હતું તેથી તેમની વચ્ચે વિવાદ થયો હતો.

શ્રીમહાપ્રભુ સમજાવે છે કે આ બધા વિચારકોનું દર્શન પણ ખંડદર્શન છે; તેથી બ્રહ્મની બાબતમાં તેઓ વિવાદ કરે છે. હે વૈષ્ણવો; હું તમને બ્રહ્મનું અખંડ દર્શન કરાવું. જેથી આવો કોઇ વિવાદ રહેશે નહિ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે બ્રહ્મમાં બંને વિરોધાભાસી લાગતી બાબતો એક સાથે રહેલી છે અને એ જ તેની વિશિષ્ટતા પણ છે. એટલે કે બ્રહ્મ જેમ પ્રાકૃત સ્વરૂપથી રહિત હોવાથી નિરાકાર છે, તેમ આનંદ સ્વરૂપવાળાથી સાકાર પણ છે. બ્રહ્મમાં પ્રાકૃત ગુણો ન હોવાથી તે સગુણ પણ છે. પ્રભુમાં સર્વ કંઇ સંભવિત છે.

અહીં ઘણા વૈષ્ણવો બેઠેલા છે. કોઇનો પણ આકાર બીજાને મળતો આવતો નથી; છતાં પણ સૌના શરીર પરથી એક વાત નક્કી છે કે અહીં બેઠેલા બધા માણસો છે અને છતાં એકબીજા કરતાં જુદા જુદા આકારના છે. કુસુમબહેનના

આકારથી સરલાબેન રહિત છે પણ સરલાબેન પોતાના આકારથી સહિત છે. દરેક પોતપોતાના આકારથી સાકાર છે; જ્યારે બીજાના આકારથી નિરાકાર છે.

આ જ તર્કના આધારે ઉપનિષદોએ એમ સમજાવ્યું કે પરબ્રહ્મ પરમાત્મા પ્રાકૃત આકારથી રહિત છે, માટે નિરાકાર છે એનો અર્થ એવો નથી કે તેમને આકાર જ નથી. તેમને આકાર લેવાની ઈચ્છા થાય, તો તેવો આકાર લઈ શકવા માટે તેઓ અસમર્થ નથી. તેઓ ધારે તેવો આકાર લઈ શકે છે માટે તેઓ સાકાર છે.

શ્રી ભાગવતજીમાં વ્યાસજીએ પ્રભુના કેટલા બધા અવતારો વર્ણવ્યા? તેઓ માછલું બની શકે, વરાહ (ભૂંડ) પણ બની શકે. નૃસિંહ, વામન, રામ અને કૃષ્ણ પણ બની શકે. તેઓ પોતાના આનંદયુક્ત વિવિધ આકારોથી સાકાર છે. પ્રભુનું આ અલૌકિક સ્વરૂપ 'નિગમપ્રતિપાદ્યમ્' છે. જ્ઞાનમાર્ગની ઉપાસના કરનારાને આખું વિશ્વ બ્રહ્મના વ્યાપક સ્વરૂપે દેખાય છે. તેમની દૃષ્ટિમાં બ્રહ્મનું નિરાકાર સ્વરૂપ આવે છે, તેથી તેમને એવો ભાસ થાય છે કે બ્રહ્મને હાથ અને પગ નથી; પરંતુ ભક્તિ-માર્ગના ભક્તની આંખ પ્રેમીની આંખ હોય છે. તેથી તેને બ્રહ્મ ચાલતો, ખાતો, દોડતો, નાચતો, હસતો, કૂદતો દેખાય છે. માટે વલ્લભાખ્યાન ગાતાં ગોપાલદાસજીએ ગાયું કે 'ગોધન પૂંઠે ધાયે જી'. સૂરદાસજીની ગોપિકાએ ગાયું, 'શ્યામ લગ્યો સંગ ડોલે, જિત જાઉં તિત આડો હી આવે.'

આમ, જ્ઞાનીનો અનુભવ એક છે, તો પ્રેમીનો- ભક્તનો અનુભવ બીજો છે.

ઉદ્ધવજી વ્રજભક્તોને ઉપદેશ આપવા માટે વ્રજમાં ગયા. જ્ઞાનિભક્ત ઉદ્ધવજી તેમની સાથે જ્ઞાનનું પોટલું બાંધીને લાવ્યા. ઉદ્ધવજીએ ગોપીજનોને કહ્યું, 'તમે કૃષ્ણને માટે રડવાનું બંધ કરો; કારણ કે તે સર્વવ્યાપી છે. તેનો વિરહ ન હોય.' ગોપીઓએ ઉદ્ધવજીને કહ્યું, 'તમારો બ્રહ્મ નિરાકાર હશે. અમારો બ્રહ્મ તો મુરલી વગાડતો, છમકછમ નાચતો, માખણમિશ્રી માંગતો, રાસ રમાડતો કન્હૈયો છે. અમારો બ્રહ્મ તો બધું કરી શકે છે.'

શ્રીહરિરાયજીએ આ સ્તોત્રની ટીકામાં બહુ સુંદર વાત કહી. નિગમ એટલે વેદ. વેદની શ્રુતિઓ પુષ્ટિમાર્ગનો અનુભવ કરવા વ્રજમાં ગોપીઓ સ્વરૂપે પ્રકટ થઈ છે. તે શ્રુતિરૂપા ગોપીઓએ પોતાના અનુભવથી જે સ્વરૂપનું પ્રતિપાદન કર્યું તે આ અલૌકિક સ્વરૂપ છે.

યત્ શુદ્ધં સાકૃતિ સ્તૌમિ

શ્રીગુસાંઇજી મહારાજે આ શ્લોકની બીજી પંક્તિના ચોથા ચરણમાં કહ્યું, 'યત્ શુદ્ધમ્ સાકૃતિ સ્તૌમિ', આ પ્રભુનું આનંદરૂપ સ્વરૂપ શુદ્ધ અને સાકાર છે. અપ્રાકૃત ધર્મોવાળું છે. તેમની હું સ્તુતિ કરું છું.

આમ, આ શ્લોકમાં પ્રભુ અને મહાપ્રભુના પ્રાકૃત ધર્મોથી રહિત અને અપ્રાકૃત ધર્મોવાળા વેદમાં બતાવેલા શુદ્ધ સાકાર સ્વરૂપની સ્તુતિ કરવામાં આવી છે.

શ્રીસર્વોત્તમસ્તોત્રના પહેલા શ્લોકના વિવરણમાં આપણે જોઇ ગયા કે શ્રીગુસાંઇજી મહારાજે આજ્ઞા કરી હતી કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી બંનેનું સ્વરૂપ શુદ્ધ અને સાકાર છે પ્રકૃતિએ આપણને જે આકાર આપ્યો છે, તે અશુદ્ધ છે; કારણ આપણો આકાર જન્મથી મૃત્યુ સુધી બદલાતો રહે છે. તેમાં ઘણા ફેરફાર થાય છે. આપણું સાકાર સ્વરૂપ ખરું. કારણ કે આપણને હાથ-મોઢું, પગ બધું છે, પણ એ અશુદ્ધ છે. જેમ જેમ વખત જાય છે તેમ તેમ શરીરની શક્તિઓ ક્ષીણ થાય છે. આંખમાં મોતિયો આવે એટલે જોવાની શક્તિ ઘટી જાય છે. કાન નબળા પડે એટલે મશીન મૂકીને સાંભળવું પડે છે, જ્યારે બ્રહ્મ-પરમાત્માનું સ્વરૂપ શુદ્ધ સાકાર છે. અખંડ એકરૂપ છે. એકરસ અલૌકિક છે.

આપણને પ્રશ્ન થાય કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીનું આવું શુદ્ધ સાકાર અને અલૌકિક ગુણયુક્ત સ્વરૂપ છે એવું શ્રીગુસાંઇજી સિવાય અન્ય કોઇ વિદ્વાનોએ કેમ બતાવ્યું નથી?

આપણને એક બીજો પ્રશ્ન થાય કે જેમ આપણો જન્મ આપણાં માતાપિતાથી થયો છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ જગતમાં જન્મ લઇને આપણા જેવા જ મનુષ્યરૂપે પધાર્યા છે. આપણામાં અને શ્રીમહાપ્રભુજીના આકારમાં કોઇ ફેર જણાતો નથી. શ્રીમહાપ્રભુજી પણ બાળકમાંથી મોટા થયા હતા, તો મહાપ્રભુજીનું સ્વરૂપ શુદ્ધ સાકાર કેવી રીતે? પંડિતોને શ્રીમહાપ્રભુજીના શુદ્ધ સાકાર સ્વરૂપનાં દર્શન નથી થયાં તેનું કારણ શું?

આપણા આ પ્રશ્નોના જવાબ શ્રીગુસાંઇજી મહારાજ હવે શ્રીસર્વોત્તમસ્તોત્રના બીજા શ્લોકમાં આપે છે.

શ્લોક-૨ :

કલિકાલ-તમશ્છન્નદૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥

શબ્દાર્થ : કલિકાલતમશ્છન્નઃ = કલિકાલ + તમઃ + છન્ન = કળિયુગરૂપી અંધકારથી છવાયેલી, **દૃષ્ટિત્વાત્** = દૃષ્ટિ હોવા છતાં, **વિદુષામ્**= વિદ્વાનોની, **અપિ** = પણ, **સંપ્રતિ** = હમણાં, **અવિષયઃ** = ન જણાય તેવું (ન સમજાય તેવું), **તસ્ય** = તેનું, **માહાત્મ્યં** = માહાત્મ્ય, **સમભૂદ્** = થયું, **ભુવિ**= પૃથ્વી પર.

શ્લોકાર્થ : કળિયુગના અંધકારથી, વિદ્વાનોની પણ દૃષ્ટિ ઢંકાઇ ગઇ છે અને હમણાં પૃથ્વી પર તેનું (શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપનું) માહાત્મ્ય સમજાય નહિ તેવું થયું છે. (બલકે અદૃષ્ટ થઇ ગયું છે.)

વિવરણ :

શ્રીગુસાંઇજીએ કહ્યુઃ વૈષ્ણવો, જ્યારે આપણી આંખ પર અંધારું છવાઇ જાય છે ત્યારે સામેનું દૃશ્ય ગમે તેટલું સુંદર હોવા છતાં આપણને સાફ દેખાતું નથી. એવી રીતે અત્યારે કળિયુગ ચાલે છે. કળિયુગનું લક્ષણ અજ્ઞાનરૂપી અંધકાર ફેલાવવાનું છે. તેને કારણે કળિયુગમાં બધા મનુષ્યોની દૃષ્ટિ અજ્ઞાનરૂપી અંધકારથી છવાઇ ગઇ છે. તેમાં વિદ્વાનો પણ અપવાદરૂપ નથી. વિદ્વાનોની બુદ્ધિ ઉપર અંધારું છવાઇ ગયું છે. તેને લઇને શ્રીમહાપ્રભુજી તેમની સામે બિરાજતા હોવા છતાં તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન ભગવદ્રૂપે થતાં નથી.

દર્શન કરવા માટે બે તરફ પ્રકાશ જરૂરી છે. એક તો જે પદાર્થનું દર્શન કરવું હોય તે પદાર્થ પ્રકાશિત જોઇએ. સાથે સાથે પદાર્થનું દર્શન કરવા માટે આપણી દૃષ્ટિમાં પણ પ્રકાશ જોઇએ. જેમ કે રાતે અંધારું થઇ જાય, ત્યારે જો ટમટમિયો દીવો પણ સળગતો ન હોય, તો આપણી આંખમાં જોવાની શક્તિ હોવા છતાં આપણે સામે પડેલા પદાર્થને જોઇ શકતા નથી. કેટલીકવાર એવું બને કે પદાર્થ ઉપર ફૂલ લાઇટ હોય, પરંતુ આપણી આંખે પાટા બાંધેલા હોય તો પણ આપણે પદાર્થને જોઇ શકતા નથી. આમ, દર્શન કરવા માટે આંખોમાં અને દૃશ્ય વસ્તુ પર પ્રકાશ જરૂરી છે.

આપણે શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનું જ સ્વરૂપ છે, એ જાણી શકતા નથી; કારણ કે શ્રીઠાકોરજી જ્યારે જગતમાં પ્રગટ થાય છે ત્યારે પોતાનું મૂળ સ્વરૂપ ઢાંકીને પ્રગટ થાય છે. જેમ આપણે કોઇ ઠેકાણે જવું હોય ત્યારે રસ્તામાં આપણને

કોઈ જોઈ ન જાય તે માટે માથા ઉપર વસ્ત્ર ઢાંકી આપણે નીકળીએ છીએ, એમ શ્રીઠાકોરજીને અને શ્રીમહાપ્રભુજીને પણ એવો વિચાર આવે છે કે જગતમાં લોકો મને જાણી ન જાય તે રીતે જગતમાં પ્રગટ થઈએ તો સારું.

વ્રજમાં એક ગોપીએ કૃષ્ણને પૂછયું, 'લાલા, તું કાળો થઈને જગતમાં કેમ આવ્યો?'

લાલાજી હસે છે. તેમણે કહ્યું, 'ગોપી તું જ કહે ને, હું જગતમાં કાળો થઈને કેમ આવ્યો હોઈશ?'

'લાલા, તેં કામળો ઓઢ્યો એટલે તું કાળો બની ગયો. તેં આ કામળો એટલા માટે ઓઢ્યો કે તું ભગવાન છે, અનંત આનંદનો સાગર છે, એ કોઈને ખબર ન પડે. જો દુનિયાને ખબર પડી જાય કે તારી પાસે આનંદનો સમુદ્ર ભરેલો છે; તો આ દુનિયાના કીડીઓ જેવા લોકો તને છોડે ખરા? જો મધમાખીને ખબર પડી જાય કે અહીં મધપૂડો છે તો મધમાખીઓ તેને છોડે ખરી? જો ભૂખ્યા માણસોને ખબર પડી જાય કે અહીં અઢળક ભોજનના ભંડાર છે. તો ભૂખ્યો માણસ તેને છોડે ખરો? રસ્તામાં કૂતરા, બિલાડાં, કાગડાઓ હોય છે. આપણે ભોજન ઢાંકીને લઈ જઈએ છીએ, કારણ કે આ બધાં ભોજન ઉપર ઝાપટ મારવા તૈયાર હોય છે.'

જગતના લોકો પ્રગટ થયેલ પ્રભુના સ્વરૂપનો રસાસ્વાદ ન કરે તે માટે પ્રભુ પોતાનું સ્વરૂપ ઢાંકીને પૃથ્વી ઉપર પધારે છે. જે જીવોને પોતાના સ્વરૂપનો રસાસ્વાદ કરાવવો હોય, તેમની સામે પ્રભુ પોતાનું સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ પ્રગટ કરે છે.

શ્રીગુસાંઈજી સમજાવે છે કે આનંદઘન શ્રીમહાપ્રભુજી, સાક્ષાત્ શ્રીવલ્લભ પોતાની નિત્યલીલાનું અલૌકિક રૂપ લઈને ભૂતળ ઉપર પ્રગટ થયા છે, પણ અજ્ઞાનરૂપી અંધકારથી આપણી દૃષ્ટિ છવાઈ ગયેલી હોવાથી આપણે તેમના અલૌકિક સ્વરૂપને જોઈ શકતા નથી.

એક ભક્તે ભગવાનને વિનંતી કરી કે 'પ્રભુ! મને ખબર છે તમારી વાંસળી મારાથી દૂર વાગતી નથી. મારી પાસે ને પાસે તમે છો. તમારી વાંસળી મારી એટલી બધી નજીક વાગે છે કે કદાચ મારા શ્વાસમાં તમારી વાંસળીના સૂર ભરાઈ જાય છે. હે શ્યામસુંદર! તમારું નયનાભિરામ રૂપ મારાથી જરાય દૂર નથી. તમે મારી દૃષ્ટિથી તમારો સ્પર્શ થાય, એટલા નજીક છો.

તમારું માખણ જેવું સુકોમળ સ્વરૂપ મધુવનમાં કે વૃંદાવનમાં છે એમ નથી. તમે મારી નજીકમાં નજીક છો, છતાં મને એમ લાગે છે કે તમે સાંભળતા નથી, તમે દેખાતા નથી, તમે સ્પર્શતા નથી, એનું એક જ કારણ છે કે તમારો અલૌકિક અનુભવ કરવા મારી પાસે જે સામર્થ્ય જોઈએ તે નથી. મારી આંખ ઉપરનો પડદો જો ખસી જાય, તો તમારું રૂપ દેખાય. કાન ઉપરનો પડદો ખસી જાય, તો મધુરી મોરલીનું શ્રવણ થાય. અંતઃકરણ ઉપરનો પડદો ખસી જાય, તો સર્વત્ર તમારા સુંદર રૂપનાં દર્શન થાય.'

શ્રીગુસાંઈજી મહારાજ સમજાવે છે કે આનંદદાતા, સર્વ અલૌકિક ગુણોથી યુક્ત રસિકેન્દ્રશેખર પ્રભુનું દિવ્ય અલૌકિક માહાત્મ્ય પૃથ્વીના માણસોનો વિષય નથી. પૃથ્વીના માણસો ચાહે તો પણ અલૌકિક પ્રભુને પોતાના જીવનમાં પોતાની ઇન્દ્રિયો કે વૃત્તિનો વિષય બનાવી શકતા નથી.

એક કવિએ સાચું જ કહ્યું છે કે 'તમારી અલૌકિકતાને માણવા મેં મારી લૌકિકતા ધોઈ નાંખી છે. તેથી અલૌકિકતાનો આનંદ મારા અંતરમાં ઊતરી આવ્યો છે. મેં મારા ઘર-આંગણે તમને જોયા છે અને માણ્યા છે.'

ભગવાનનું માહાત્મ્ય જગતમાં પ્રગટ હોવા છતાં આપણી બુદ્ધિનાં બારણાં બંધ છે; એટલે આપણે તેમને સમજી શકતા નથી. માણસો પ્રભુથી બે રીતે ભડકી જાય છે : (૧) અજ્ઞાનથી અને (૨) અન્યથા જ્ઞાનથી. અજ્ઞાન એ છે કે આ પ્રભુ છે તેવી આપણને પ્રતીતિ થતી નથી. અન્યથા જ્ઞાન એ છે કે આપણામાં ને શ્રીમહાપ્રભુજીમાં આપણને કોઈ ફેર લાગતો નથી.

શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય સમયે પાંચ વર્ષના દામોદરદાસ હરસાનીજીને ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન અલૌકિક સ્વરૂપે થયાં, ત્યારે ત્યાં બીજા ઘણા મનુષ્યો હાજર હતા. તેમના પિતા પણ હાજર હતા, તે સૌને મનુષ્ય બાળક-સ્વરૂપે શ્રીમહાપ્રભુજી દેખાયા. આ આપણું અજ્ઞાન છે.

શ્રીમહાપ્રભુજીના સમયમાં કેશવ ભટ્ટ નામના એક કાશ્મીરી વિદ્વાન થઈ ગયા. તેઓ શ્રીમહાપ્રભુજીને મળ્યા. તેમને પોતાના જ્ઞાનનું અભિમાન હતું. તેઓ શ્રીમહાપ્રભુજીની સમાન આસને બેસી ભાગવતકથા સાંભળવા લાગ્યા.

તેમના શિષ્ય માધવ ભટ્ટ હતા, તેઓ શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં બેસી કથા શ્રવણ કરતા હતા. તેમની દીનતાથી તેમને શ્રીમહાપ્રભુજીના પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે

દર્શન થયાં. જ્યારે કેશવ ભટ્ટને શ્રીમહાપ્રભુજી પોતાના જેવા એક પંડિત લાગ્યા. કેશવ ભટ્ટની બુદ્ધિમાં અન્યથા જ્ઞાન હતું, તેથી કળિકાળરૂપી પડદો ઢંકાઇ ગયો હતો.

શ્રીદામોદરદાસ હરસાની તેમના ગામ વર્ધામાં તેના મકાનના છજામાં બેઠા હતા. ત્યાં નીચે રાજમાર્ગ ઉપર શ્રીમહાપ્રભુજી પધારતા હતા. સામાન્ય લોકોને દક્ષિણી બ્રાહ્મણ કિશોર-સ્વરૂપે શ્રીમહાપ્રભુજી દેખાતા હતા; પરંતુ દામોદરદાસજીને અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. જેમ લોહચુંબકને જોઇ લોઢું ખેંચાઇ આવે, પ્રેમાસ્પદને જોઇ પ્રેમીનું અંતઃકરણ ખેંચાઇ આવે, તેમ હરસાનીજી છજામાંથી કૂદીને શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં પડ્યા. એમના ભાઇઓને શ્રીમહાપ્રભુજીનું આવું અલૌકિક દર્શન ન થયું.

ઘણાંને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં અન્યથા જ્ઞાન થવાથી શ્રીમહાપ્રભુજીમાં પણ દોષદર્શન થાય છે. શ્રીમહાપ્રભુજીમાં બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન થતું નથી. તેમના મનમાં શ્રીમહાપ્રભુજીના પણ કેટલીય જાતના દોષો ઘૂસી આવે છે. શિશુપાલને પણ ભગવાન શ્રીકૃષ્ણ માટે આવી દોષદૃષ્ટિ હતી. શ્રીશુકદેવજી મહારાજે ભાગવતમાં આવું વિપરીત જ્ઞાન અને અજ્ઞાન ધરાવનારા યાદવોને દુર્ભાગી ગણાવ્યા છે. આમ તો આખી દુનિયા દુર્ભાગી જ છે; પણ યાદવો વિશેષ દુર્ભાગી છે, કારણ કે શ્રીકૃષ્ણની સાથે રહેવા છતાં તેઓ શ્રીકૃષ્ણને ઓળખી શક્યા નથી. એવી રીતે જે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને ઓળખી શક્યા નથી, તે પણ દુર્ભાગી છે. બ્રહ્મસંબંધ લઇને, શ્રીમહાપ્રભુજીના સેવક બનીને પણ આપણે શ્રીમહાપ્રભુજીને ઓળખી શક્યા નથી. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં અને તેમના સિદ્ધાંતોમાં આપણે દોષદર્શન કરીએ છીએ, ત્યારે આપણે સમજી લેવું જોઇએ કે આપણી બુદ્ધિ ઉપર કલિયુગનો પડદો પડેલો છે.

આપણી બુદ્ધિ ઉપર જ્યારે કલિયુગનો પડદો પડેલો છે, ત્યારે આપણને પૂછવાનું મન થાય કે શ્રીગુસાંઇજી મહારાજ! આ કલિયુગમાં કોઇ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજી શકતું નથી, તો આપ કેવી રીતે સમજ્યા? આપને આ સ્વરૂપની પ્રતીતિ થઇ કેવી રીતે? ત્યારે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે, 'દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।'

શ્લોક : ૩

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

શબ્દાર્થ : દયયા = દયા કરીને, નિજમાહાત્મ્યં = પોતાનું માહાત્મ્ય, કરિષ્યન્ = કરતાં, પ્રકટં = પ્રગટ, હરિઃ = શ્રી હરિ ભગવાન, વાણ્યા = વાણી વડે, યદા = જ્યારે, તદા = ત્યારે, સ્વાસ્યં-સ્વં + આસ્યં = પોતાનું મુખ, પ્રાદુર્ભૂતં ચકાર = પ્રકટ કર્યું, હિ = ખરેખર.

શ્લોકાર્થ : (ભક્તો પર) દયા કરીને શ્રીહરિ ભગવાને, વાણી વડે પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવા માટે, પોતાના મુખરૂપ શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય કર્યું.

વિવરણઃ

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેઃ વૈષ્ણવો, આ માહાત્મ્ય તેમની દયા સિવાય સમજાતું નથી. શ્રીમહાપ્રભુજીએ દયા કરી, તો આપણે શ્રીમહાપ્રભુજીને સમજી શક્યાં. અહીં 'દયયા' શબ્દ બહુ સુંદર રીતે વાપરવામાં આવ્યો છે.

આમ જુઓ તો કરુણા અને દયા બે જુદી જુદી વસ્તુ છે. કોઇને બિચારો સમજી એની ઉપર કૃપા કરવી એ દયા છે અને કોઇને પોતાનો સમજી એની સાથે વર્તન કરવું એ કરુણા છે. આપણા મનમાં એમ થશે કે શ્રીગુસાંઇજીએ દયા શબ્દ કેમ વાપર્યો? 'પ્રેમ્ણાનિજમાહાત્મ્યમ્' એમ કહેવું હતું! પ્રેમથી પોતાનું માહાત્મ્ય પ્રગટ કર્યું. પોતાનો સમજી કરુણાનું વર્તન કરવાને બદલે બિચારો સમજી દયાનું વર્તન કેમ કર્યું?

શ્રીગુસાંઈજી મહારાજ આપણને સમજાવે છે કે ભગવદીયજનો! આપણે એવા રહ્યા જ નથી કે આપણે શ્રીપ્રભુના પ્રેમપાત્ર બની શકીએ. પ્રેમી પાત્ર ઉપર જ પ્રેમનું વર્તન થાય છે. અરે! કમ-સે-કમ ભગવાન 'બિચારો' સમજીને દયા કરે તોય બસ છે. પોતાનો સમજીને પ્રેમ કરે એ તો બહુ ઊંચી પરિસ્થિતિ થઇ ગઇ; પણ 'બિચારો' સમજીને દયા તો કરી! એની દયાની દૃષ્ટિ તો આપણી ઉપર પડી! જેવી રીતે કોઇ બહુ દુખિયો હોય, આખું શરીર રોગગ્રસ્ત હોય, અન્નજળના સાંસાં હોય, શરીરમાંથી લોહીના ફૂવારા ઊડતા હોય, ત્યારે સામાન્ય રીતે જોનારની આંખમાં દયા જાગે છે કે ચાલો બિચારાને મદદ કરીએ. એવી રીતે આપણાં દુઃખ-દર્દોને જોઇને ઠાકોરજીના મનમાં દયા તો જાગે છે!

આપે વિચાર કર્યો કે આ લૌકિક સંસારથી લિપ્ત થયેલા જીવ ઉપર કૃપા કરી એને પ્રભુ સન્મુખ કર્યો. ઠાકોરજીનું વિમુખ બનવું એ મોટામાં મોટું દુઃખ છે. ભગવાનને ભૂલી જવા એ દુઃખ અને ભગવાનને યાદ રાખવા એ સુખ. દયાનો આ એક અર્થ કર્યો. જીવને બિચારો સમજીને એના પર કરુણા

કરવાને માટે પોતાનાં મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભને શ્રીઠાકોરજીએ ભૂતળ પર મોકલ્યા.

'દયા' નો બીજો અર્થ જોઈએ. ગોકુલનાથજીએ બડી ટીકામાં લખ્યું કે અહીં દયા શબ્દ કરુણા અથવા તો પ્રેમના અર્થમાં છે. ઠાકોરજીના મનમાં ખૂબ કરુણા જાગી જે દૈવી જીવો ભૂતળમાં પડી પ્રવાહમાં તણાવા લાગ્યા છે, લૌકિક સુખ-દુઃખનો શિકાર બનેલા છે; આવા દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રભુના અંતઃકરણમાં જે કરુણાની સરવાણી ફૂટી, જે ભાવ જાગ્યો, એ ભાવનું જ નામ છે 'દયા'. ભક્તોનું દુઃખ દૂર કરવા માટેની જે ઈચ્છા એ એની દયા બનીને આવી.

શ્રીઠાકોરજીએ વિચાર કર્યો કે મારું સ્વરૂપ હું જ જગતમાં પ્રગટ કરીશ, તો જગત જાણશે. **'નિજ માહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ'** હરિ એવા ભગવાન પોતાનું માહાત્મ્ય જગતમાં પ્રગટ કરવાને માટે વાણી દ્વારા પોતાનું આસ્ય એટલે મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભને પ્રગટ કરે છે. **'વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ.'**

શ્રીમહાપ્રભુજી આસ્યાવતાર એટલે ભગવન્ મુખારવિંદનો અવતાર છે. અલૌકિક વાણી મુખમાંથી પ્રગટ થાય છે. જેમ ગંગાજીનું મૂળ ગંગોત્રીમાં છે, યમુનાજીનું મૂળ યમનોત્રીમાં છે, એવી રીતે ભગવદ્‌વાણીનું મૂળ પ્રભુના મુખારવિંદમાં છે.

પ્રભુના મુખારવિંદમાંથી જે વાણી પ્રગટ થાય છે, તે દિવ્ય અને અલૌકિક છે. વેદો પ્રભુના મુખશ્વાસથી પ્રગટ થયા. ભગવાને વિચાર કર્યો કે શ્વાસમાંથી પ્રગટ થયેલા વેદો કરતાં પણ વધારે રસરૂપી વાણી પ્રગટ કરવી છે. આ રસરૂપ વાણી મુખારવિંદમાંથી પ્રગટ થાય. માટે વેદોમાં જે રસરૂપતા નથી એ રસરૂપતા શ્રીઠાકોરજીની, શ્રીવલ્લભની વાણીમાં છે.

દા.ત. તમે સુંદર કેસર મેળવેલું દૂધ સૂંઘો તો એમાં મીઠાશ આવે કે તમે મોઢામાં લઈને ચાખો તો મીઠાશ આવે? જેનો સ્પર્શ મોઢાને થવાનો છે, એમાં મીઠાશ વધારે આવવાની છે. વાણીનો સ્પર્શ મુખારવિંદનો થાય તો વાણી વધારે રસરૂપ અને મધુરી બને. એટલા માટે તો શ્રીગોવર્ધનધર સ્વયમ્ ભૂતળમાં પોતાના નિજ મુખારવિંદ સ્વરૂપે- શ્રીમહાપ્રભુજીરૂપે પ્રગટ થયા.

અહીં શબ્દ વાપર્યો છે **'સ્વઆસ્યમ્'** પોતાનું મુખારવિંદ. 'સ્વ' શબ્દ મૂકી એમ બતાવ્યું કે અંશ, કલા વગેરે અવતારનું મુખારવિંદ નથી, પરંતુ આ તો

સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુનું મુખારવિંદ છે. નહીં તો ભગવાન તો ઘણાં મુખારવિંદ પ્રગટ કરી શકે છે. જગતમાં જેટલાં રૂપ છે તેટલાં ભગવાન જો ગ્રહણ કરી શકતા હોય તો કોઈ પણ રૂપ લઈ શકે છે.

રામાયણમાં એક પ્રસંગ આવે છે. નારદજીને ઈચ્છા થઈ કે હું પરણું. રઘુપતિએ જબરજસ્ત માયા નારદજી ઉપર ઢાંકી દીધી. **'અતિ પ્રચંડ રઘુપતિ કી માયા જાહી ન લાગી અસ કો જાય ।'**. દોડતા દોડતા ભગવાન પાસે આવ્યાં 'નારાયણ, નારાયણ!'

'બોલો શું છે?'

'નારાયણ, મારે પરણવું છે.'

ભગવાન કહે છે: 'પરણોને, હું ક્યાં ના પાડું છું?'

'નાથ! કન્યા વરયતે રૂપમ્. કન્યા રૂપનું વરણ કરે છે.'

ભગવાન કહે છે, 'તમારી માએ તમને જે રૂપ આપ્યું હોય તે જ રૂપ લઈને તમે પરણવા જાઓને.'

નારદજી કહે છે, 'ના પ્રભુ, મારે તો આપનું રૂપ જોઈએ. આપના જેવું મોઢું જોઈએ. મને ખાત્રી છે કે મારા શરીર ઉપર આપનું મુખારવિંદ હશે તો કન્યા બીજા કોઈને પસંદ નહીં કરે; કારણ કે દુનિયામાં રૂપાળામાં રૂપાળા તમે જ છો. ત્રિભુવનનું સૌંદર્ય તમારામાં છે.'

ભગવાન કહે છે, 'તથાસ્તુ. મેરા રૂપ, મેરા મુખ લે જાઓ.'

નારદજી પરણવા માટે સ્વયંવરમાં બેઠા. કન્યા વરમાળા લઈને આવી, મોઢું મચકોડી નાંખ્યું કે આવા તે વરરાજા હોય?

કન્યા તો મોં મચકોડીને આગળ ચાલી ગઈ. બે દૂતો હતા તે બેઠા બેઠા હસ્યા કરે. નારદજીનું મોઢું નાળિયેરના ઝાડ પર લટકેલા નાળિયેર જેવું થઈ ગયું. પેલા બે શિવના ગણો કહે છે: 'ભલા તુમ આપના મુખ દર્પનમેં તો દેખો.' દર્પણમાં જોયું તો વાંદરાનું મોઢું!

'તુમ ભી ભગવાન ઠીક હો, મુઝે તો બંદર બના દિયા, ઔર, ખુદ ઉસકો લે કે ગયે!'

પેલી કન્યા સાથે ભગવાન પોતે પરણ્યા. ક્રોધ કરતા કરતા નારદજી આવ્યા, 'નારાયણ! યે આપને કયા કિયા?'

ભગવાન કહે છે, 'મૈંને ક્યા કિયા?'

'મુઝે બંદર બના દિયા? મૈંને આપસે માંગા થા કિ આપકા રૂપ દીજિયે.'

ભગવાન કહે છે, ભાઈ! મારાં તો બધાં જ રૂપો છે. હું હરિ છું. હું તો વાંદરોય થાઉં, હું તો માંકડોય થાઉં. હું સિંહ પણ થાઉં ને હાથી પણ થાઉં. એટલે એવું તો તેં નહોતું કહ્યું ને કે આ નારાયણનું મુખારવિંદ છે તેવું મને આપો.'

હરિ એટલે સિંહ પણ થાય અને હરિ એટલે વાંદરો પણ થાય. આમ, ભગવાનનાં જુદાં જુદાં મુખારવિંદ છે.

આવા કોઈ અવતારનું કે નામનું કોઈ મુખારવિંદ ન સમજી લેવાય, એટલા જ માટે શ્રીગુસાંઈજીએ 'સ્વ' પદ મૂક્યું. મહારાજ! બરાબર છે કે આપનાં ઘણાં મુખારવિંદ છે. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરો અને શ્રીનાથજીબાવાનાં દર્શન કરો, તો બેમાં કોઈ ફેર નહિ. શ્રીજીકા મુખારવિંદ શ્રીવલ્લભ અને વલ્લભકા હિ સ્વરૂપ શ્રીનાથજી બાવા. શ્રીમહાપ્રભુજી પોતે વાણીના અધિપતિ સ્વરૂપે છે, અને શ્રીનાથજી બાવાના મુખારવિંદ સ્વરૂપે ભૂતળમાં પ્રગટ થયા.

પ્રગટ થઈને શું કર્યું? એ વાણી દ્વારા ભક્તોનાં દુઃખ દૂર કર્યાં. શ્રીમહાપ્રભુજીની વાણી અમૃત-સ્વરૂપા છે. અમૃત સ્વરૂપ વાણીનું સતત સેવન કરવાથી આપણા ત્રિવિધ તાપો દૂર થાય છે અને શ્રીનાથજીબાવા સાથે સંગમ થાય છે.

બીજી વસ્તુ એ છે કે શ્રીમહાપ્રભુજીએ પ્રગટ થઈને ભગવત્ સ્વરૂપ આપણને સમજાવ્યું. ઠાકોરજી કેવા છે એ ઠાકોરજી વગર આપણને કોણ સમજાવી શકે? પોતાનું સ્વરૂપ સમજાવવા માટે જ શ્રીઠાકોરજી મહાપ્રભુજી સ્વરૂપે જગતમાં પ્રગટ થયા છે.

પ્રથમ સ્કંધના સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ સ્વયમ્ આજ્ઞા કરી છે કે ભગવાને સ્વયમ્ વૈશ્વાનર સ્વરૂપ એવા મને ભૂતળમાં પ્રગટ થવાની આજ્ઞા કરી. એ ભગવદ્- આજ્ઞાથી હું ભૂતળમાં પ્રગટ થયો છું. મુખારવિંદમાં આધિદૈવિક અગ્નિ બિરાજે છે. એટલા માટે શ્રીમહાપ્રભુજી વાણી-સ્વરૂપ, મુખારવિંદ-સ્વરૂપ અને અગ્નિ- સ્વરૂપ. અગ્નિ-સ્વરૂપ હોવાથી, આપણા મનમાં, અંતઃકરણમાં તાપ-કલેશ પેદા કરે છે. વાણી-સ્વરૂપ હોવાથી એ દિવ્ય અલૌકિક વાણી સાક્ષાત્ ભગવત્- સ્વરૂપનું આપણી પાસે નિરૂપણ કરે છે અને ભગવાનનું મુખારવિંદ હોવાથી પ્રભુનું વાસ્તવિક સ્વરૂપ આપણી પાસે નિરૂપણ કરે છે.

ભગવદ્ગીતામાં ભગવાનને વિનંતી કરતાં અર્જુન કહે છે, 'પ્રભુ! આપની અભિવ્યક્તિ દેવો કે દાનવો કોઈની પાસે વ્યવસ્થિત નથી. નથી દેવો આપને ઓળખી શકતા, નથી દાનવો આપને ઓળખી શકતા કે નથી માનવો આપને ઓળખી શકતા. આપ સ્વયમ્ આપના સ્વરૂપને ઓળખો છો અને આપ ઓળખાવો છો ત્યારે જ અમે આપના સ્વરૂપને ઓળખી શકીએ છીએ.' તો પોતાનું સ્વરૂપ દર્શાવવા માટે ભગવાને પણ પોતાનું મુખારવિંદ પ્રગટ કર્યું. શ્રીમુખારવિંદ-સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને વંદન કરીએ.

શ્રીમહાપ્રભુજીની વાણી આપના ગ્રંથ-સ્વરૂપે બિરાજે છે. જેમ શ્રીઠાકોરજીએ વેણુનાદ કર્યો, એમ શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથોમાં વેણુનાદ કર્યો છે. શ્રીઠાકોરજીની વેણુમાંથી સુધા પ્રગટ થાય છે. તે સુધા સાક્ષાત્ ભગવત્ સ્વરૂપા છે. દ્રવીભૂત બનેલું ભગવાનનું સ્વરૂપ છે. એ સ્વરૂપ પ્રભુની વેણુ દ્વારા પ્રગટ થાય છે, એમ શ્રીમહાપ્રભુજીની વાણીમાં અને ગ્રંથોમાં સાક્ષાત્ દ્રવીભૂત ભગવત્- સ્વરૂપ સુધારૂપે આપણને પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસૂત્રો ઉપર ટીકા લખી છે, જે અણુભાષ્ય કહેવાય છે. આપે શાસ્ત્રોનું મંથન કરી, શાસ્ત્રાર્થ નિબંધ પ્રકરણ રજૂ કર્યો છે. સર્વનિર્ણય નિબંધ પ્રગટ કર્યો. શ્રીમદ્ ભાગવતનું તત્ત્વમંથન કરી શ્રીમદ્ ભાગવતાર્થ નિબંધ પ્રગટ કર્યો. આ બધા શ્રીમહાપ્રભુજીના ગ્રંથો એ અલૌકિક સુધા- સ્વરૂપ છે; એટલા માટે પરમ ભગવદીયો કદી એમ નથી કહેતા કે અમે ગ્રંથોનું શ્રવણ કરીએ છીએ. તેઓ એમ કહે છે કે અમે ગ્રંથોનું પાન કરીએ છીએ. આ બધા ગ્રંથોનું શ્રવણ કરવું એ સામાન્ય બાબત છે. શ્રવણ જ્યારે પાન બને ત્યારે પરમાસ્વાદનું દાન બને.

શ્રીમદ્ ભાગવતજીના મંગલાચરણમાં વ્યાસ મુનિએ કહ્યું: અરે ઓ વહાલા જનો! આ ભાગવતરૂપી રસને સાંભળો નહિ, પીઓ. ઉસકા પાન કરો. 'પિબત' શબ્દ ઉપર શ્રીગુસાંઈજીએ એક સુંદર અર્થ આપ્યો. જે વસ્તુ બહાર રહી ગઈ હોય, એને આત્મસાત્ કરીએ એનું નામ પાન. આ શબ્દો રસ-સ્વરૂપ છે, સુધા - સ્વરૂપ છે. એને આપણા રોમરોમમાં ભરી લેવા; એ રસમાં તદાકાર બની જવું એનું નામ શબ્દોનું પાન કરવું. ક્યારેક આપણે શ્રીવલ્લભની વાણી સાંભળીએ, ત્યારે સાંભળીએ એટલું જ નહિ, પણ એનું પાન કરીએ.

આ શ્રીવલ્લભ-વાણી, વ્યાસસૂત્રો ઉપર ભાષ્ય સ્વરૂપે, ત્રણ નિબંધ ગ્રંથ

સ્વરૂપે, શ્રીમદ્ ભાગવત્ ઉપર શ્રીસુબોધિનીજી સ્વરૂપે, પૂર્વમીમાંસાની કારિકા સ્વરૂપે, અને છેલ્લે બધાંનો નીચોડ ષોડશ ગ્રંથ સ્વરૂપે શ્રીમહાપ્રભુજીએ આપણને આપી છે. પુરુષોત્તમ સહસ્રનામ સ્વરૂપે અને પરિવૃઢાષ્ટક સ્વરૂપે આમ અનેક સ્વરૂપે શ્રીમહાપ્રભુજીએ આપણી સામે વેણુનાદ કર્યો છે, અલૌકિક સુધા પ્રગટ કરી છે. આ સુધાનું પાન કરવાથી દિવ્ય પ્રભુનું અલૌકિક સ્વરૂપ જરૂર આપણને જણાય.

શ્લોક-૪

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥

શબ્દાર્થ : **તદ્** = તે, **ઉક્તં** = કહેલું, **અપિ** = છતાં, **દુર્બોધં** = ન સમજાય તેવું, **સુબોધં** = સમજાય તેવું, **સ્યાત્** = થશે, **યથા** = જે રીતે, **તથા** = તે રીતે, **તદ્** = તે, **નામાષ્ટોત્તરશતં** = નામ + અષ્ટ + ઉત્તર + શતં ૧૦૮ નામ, **પ્રવક્ષ્યામિ** = હું કહું છું, **અખિલાઘહૃત્** = અખિલ + અઘ + હૃત્ - બધાં પાપોનો નાશ કરનાર.

શ્લોકાર્થ : (શ્રી મુખે) જે કહ્યું તે ન સમજાય તેવું હતું, છતાં તે જે રીતે સમજાય તેવું થાય તે માટે બધાં પાપોનો નાશ કરનારાં (શ્રીમહાપ્રભુજીના) ૧૦૮ નામ હું કહું છું.(૪)

વિવરણ :

શ્રીગુસાંઇજી મહારાજ સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીએ તેમની અલૌકિક વાણી દ્વારા અલૌકિક સુધારસ પ્રગટ તો કર્યો, પણ જગતના બધા લોકો એ અલૌકિક સુધારસનું પાન કરી શકતા નથી, પાન કરવાની વાત તો દૂરની છે, પણ શ્રીમહાપ્રભુજીની અલૌકિક વાણીને વાંચીને એના શબ્દો પણ સમજી શકતા નથી. કારણ **'તદુક્તમ્ અપિ દુર્બોધમ્'** શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલી વાણી ઘણી દુર્બોધ છે. તે સરળતાથી સમજાય તેવી નથી. શાંકર-ભાષ્ય સમજવું સહેલું, રામાનુજ-ભાષ્ય પણ થોડા પ્રયત્ને સમજાય. પણ શ્રીમહાપ્રભુજીનું અણુ-ભાષ્ય સમજવું ઘણું અઘરું; કારણ કે આપશ્રીની વાણી સૂત્રાત્મક છે. ભલભલા વિદ્વાનો એમ કહી દે છે કે શ્રીમહાપ્રભુજીએ બરાબર લખ્યું નથી! સંસ્કૃતમાં શિયાળની વાર્તા આવે છે. તે દ્રાક્ષ ખાવા કૂદકા મારવા લાગ્યું, પણ તેનું મોં માંડવા પર

લટકતી દ્રાક્ષ સુધી પહોંચ્યું નહિ એટલે તેણે તેના મિત્રોને કહ્યું : જવા દો, આ દ્રાક્ષ ખાટી છે, ખાવા જેવી નથી. કવિ કાલિદાસે પણ આ વાત સમજાવતાં કહ્યું: 'કોઇ નાનો ઠીંગુજી નારિયેળના વૃક્ષ પરથી નારિયેળ મેળવવા માટે ગમે તેટલા ઠેકડા મારે તો યે નારિયેળ તેના હાથમાં આવવાનું નથી.'

શ્રીગુસાંઇજી મહારાજ કહે છે કે, શ્રીમહાપ્રભુજીની આવી દુર્બોધ વાણી સરળ ક્યારે બને? શ્રીમહાપ્રભુજી પોતે કૃપા કરે તો જ શ્રીમહાપ્રભુજીની વાણી સમજી શકાય. શ્રીગુસાંઇજી જેવાને પણ તે વાણી પોતાના પ્રયત્નથી સમજાતી નથી, તો શ્રીવલ્લભવંશરૂપી બિંદુસૃષ્ટિ અને વૈષ્ણવોરૂપી નાદસૃષ્ટિને એ વાણી કેવી રીતે સમજાય? માટે શ્રીગુસાંઇજી મહારાજ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરે છે કે આપ અમારા પર એવી કૃપા કરો કે આપની વાણી અમારા હૃદયમાં પ્રકાશિત થાય. અમે આપની વાણીના અધરામૃતનું પાન કરી શકીએ. શ્રીમહાપ્રભુજી આવી કૃપા કરે એ માટે શ્રીગુસાંઇજી મહારાજે આ સર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ પ્રગટ કર્યાં છે.

એનું સ્પષ્ટ ઉદાહરણ લેખવાળા શ્રીપુરુષોત્તમજી મહારાજ છે. તેઓ અમારા સુરતમાં થઇ ગયા. તેમણે શ્રીમહાપ્રભુજીના એકેએક ગ્રંથ ઉપર ટીકા લખી છે. તેમના વિશે એમ કહેવાતું કે તેઓ જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં પોતાની સાથે ૩૨ ગાડાં ભરીને પુસ્તકો લઇ જતા. તેમની બહુમુખી પ્રતિભા હતી. તેમની સાથે ૧૫- થી ૨૦ જેટલા લહિયાઓ લખવા માટે બેસતા. શ્રીપુરુષોત્તમજી મહારાજ તે બધા લહિયાઓને જુદા જુદા ગ્રંથો એક સમયે લખાવતા. તેમને વેદનાં સર્વ દર્શનોનું સંપૂર્ણ જ્ઞાન હતું.

આવા શ્રીપુરુષોત્તમજી મહારાજ આઠ દશ વર્ષના હતા ત્યારે એક માયાવાદી પંડિત સુરતમાં શાસ્ત્રાર્થ કરવા માટે આવ્યા. શ્રીપુરુષોત્તમજીના પિતૃચરણ બહારગામ પધાર્યા હતા. પંડિતે ચેલેન્જ આપી કે કાં તો મારી સાથે શાસ્ત્રાર્થ કરો કાં તો હાર સ્વીકારી લો.

શ્રીપુરુષોત્તમજીનાં માતૃચરણે શ્રીપુરુષોત્તમજીને કહ્યું : 'બાવા, તમે શા માટે રડો છો? આપણા માથે શ્રીમહાપ્રભુજીની છત્રછાયા છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તમને સર્વ સિદ્ધાંતો અને શાસ્ત્રો સમજાશે. શ્રીમહાપ્રભુજીની કૃપા મેળવવા તમે શ્રીસર્વોત્તમસ્તોત્રના જપ કરો. 'શ્રીપુરુષોત્તમજી નાના બાળક હોવા છતાં મંદિરના ભોંયરામાં જઇ ત્રણ દિવસ-રાત શ્રીસર્વોત્તમસ્તોત્રના જપ કરવા લાગ્યા.

ત્યારે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી મહારાજ અલૌકિક સ્વરૂપે ત્યાં પ્રગટ થયા અને તેમણે શ્રીપુરુષોત્તમજીના મસ્તકે પોતાનો વરદ હસ્ત મૂકી આશીર્વાદ આપ્યા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે 'તમે મારા બધા ગ્રંથોનાં પહેલાં અને છેલ્લાં પાનાં જોઈ જાઓ. તમને સર્વ શાસ્ત્રો અને સિદ્ધાંતો હૃદયમાં સમજાઈ જશે.' ત્યારબાદ શ્રીપુરુષોત્તમજીએ એ માયાવાદી પંડિત સાથે શાસ્ત્રાર્થ કરી, તેને પરાજિત કર્યા. આ સામર્થ્ય શ્રીસર્વોત્તમ સ્તોત્રનું છે.

શ્રીમહાપ્રભુજીનો કોઈપણ ગ્રંથ તમે વાંચવા, શીખવા કે સમજવા બેસો. તે ગમે તેટલો અઘરો હશે, પણ જો તમે શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કરી, શ્રીમહાપ્રભુજીને કૃપા કરવા વિનંતી કરશો, તો તમને તે ગ્રંથ જરૂર સમજાશે.

મારા પોતાના અનુભવની એક વાત કહું. મુ.પ.ભ. શ્રી નાગરદાસકાકા મને વિદ્યાભ્યાસ કરાવવા વડોદરા આવતા. તેમની પાસે હું ષોડશ ગ્રંથ શીખતી. તેઓ એક એક ટીકા લઈને સમજાવે, પણ મને કંઈ સમજાય નહિ. આથી મને ઘણી અકળામણ થતી. કોઈ વાર તો આંખમાંથી આંસુ ટપકી પડતાં. એક વખત ૧૫-૧૫ દિવસ સુધી સતત વાંચતી રહી, છતાં એક પણ અક્ષર મગજમાં ઉતરતો નહોતો. મને એમ લાગ્યું કે શ્રીઠાકોરજીએ મને એટલી ઓછી બુદ્ધિ આપી છે કે મને કંઈ આવડતું નથી. ત્યારે મેં શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કરવા માંડ્યો. શ્રીસર્વોત્તમ-સ્તોત્રના જેમ જેમ વધારે ને વધારે પાઠ હું કરતી ગઈ તેમ તેમ શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણી મને સુબોધ થતી ગઈ.

આપણા જેવા મૂઢ અને અજ્ઞાની જીવો પર કૃપા કરવા શ્રીગુસાંઈજી મહારાજે આ સ્તોત્રમાં પ્રતિજ્ઞા કરી કે શ્રીમહાપ્રભુજી આપણા તમામ દોષોને ભસ્મ કરી, પોતાની દુર્બોધ વાણીને સુબોધ કરાવશે. એક વયોવૃદ્ધ વૈષ્ણવ બહેન હતાં. મેં જોયું કે તેઓ શ્રીમહાપ્રભુજીના ગ્રંથો વાંચતાં ઘણું રડે અને કહે કે મને સમજણ પડતી નથી. મેં તેમને સમજણ આપીને કહ્યું : 'બહેન તમે રડશો નહિ. શ્રીગુસાંઈજીની વાણીમાં વિશ્વાસ રાખો અને દરરોજ શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કરો.' તેમણે રોજ ૧૦૮ પાઠ કરવાનું અનુષ્ઠાન કર્યું. શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં ચિત્તને અનન્યતાપૂર્વક ચોંટાડી તેમણે સતત રોજના ૧૦૮ પાઠ કર્યા. એમ કરતાં કરતાં જે વાણી અત્યાર સુધી અઘરી લાગતી હતી તે વાણી તદ્દન સરળતાથી સમજાવા લાગી.

શ્રીમહાપ્રભુજીના હાર્દને સમજવા આપણી શક્તિ નથી. શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ સ્વમાર્ગનો સિદ્ધાંત સમજી શકાય. માટે જેમણે સ્વમાર્ગનો સિદ્ધાંત સમજવો હોય તેમણે શ્રીસર્વોત્તમસ્તોત્રના દરરોજ નિયમપૂર્વક પાઠ કરવા જોઈએ. જેમ બ્રાહ્મણો બ્રાહ્મણત્વ ટકાવવા ગાયત્રીમંત્રના જપ કરે છે અને તેમ કરવાથી તેમનો વેદમાં પ્રવેશ થાય છે, તેમ વૈષ્ણવોએ શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કરવા. તેનાથી તેમનો પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોમાં પ્રવેશ થશે. શ્રીસર્વોત્તમસ્તોત્ર એ વૈષ્ણવ સંપ્રદાયની ગાયત્રી છે. તેથી વૈષ્ણવોએ નિયમપૂર્વક તેના રોજ પાઠ કરવા જોઈએ.

શ્રીગુસાંઈજી મહારાજ સમજાવે છે કે અઘ એટલે પાપ. તમામ પાપોને દૂર કરનારા શ્રીમહાપ્રભુજી છે. જેમ લૌકિકમાં અગ્નિ કચરો બાળી નાંખે અને સોનાને તપાવી શુદ્ધ કરે તેમ અલૌકિક વૈશ્વાનર સ્વરૂપ તેમના શ્રીસર્વોત્તમસ્તોત્રમાં કહેલાં ૧૦૮ નામોમાં પણ છે. એટલે આ નામોના બને તેટલા પાઠ કરવાથી આપણાં બધાં પાપ નાશ પામશે.

આપણને પ્રશ્ન થાય કે પાપ કોને કહેવું? પુષ્ટિમાર્ગમાં મુખ્ય પાપ એ છે કે આપણે શ્રીમહાપ્રભુજીની વાણીને સમજીને તેનું આચરણ કરતા નથી. શ્રીમહાપ્રભુજીની વાણીને ન સમજવી તે વૈષ્ણવો માટે મોટામાં મોટું પાપ છે. આપણી અજ્ઞાનતા, બુદ્ધિની શિથિલતા, શ્રીમહાપ્રભુજી પ્રત્યે શ્રદ્ધા ન હોવી, શ્રીમહાપ્રભુજીમાં પૂર્ણ અને અનન્ય અનુરાગ ન હોવો, શ્રી મહાપ્રભુજીનાં ચરણારવિંદમાં ચિત્ત ન લાગવું, બ્રહ્મસંબંધ લીધા પછી અને શ્રીમહાપ્રભુજીનાં માર્ગ ઉપર ચાલવાની પ્રતિજ્ઞા કર્યા પછી તે પ્રમાણે ન વર્તવું- આ બધાં જ પાપ છે.

આજે આપણા પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ બતાવેલો મુખ્ય માર્ગ છોડી કેટલાક લોકો નવા પંથો શરૂ કરવા લાગ્યા છે. આ નાનકડા પંથો ધોરી માર્ગ નથી. તે તો નાની- નાની કેડીઓ છે, તે તે લોકોએ પોતાની મરજી મુજબ શ્રીમહાપ્રભુજીની વાણીનું અર્થઘટન કરી, આ પંથો ઊભા કર્યા છે. આપણે શ્રીમહાપ્રભુજીના પગલે પગલે પગલું મૂકવાને બદલે આડાં-અવળાં ડગ મૂકવાં માંડયાં અને નવા નવા પંથો શરૂ કરવા માંડયા એ પણ એક પાપ છે. શ્રીવલ્લભના સેવક બનીને શ્રીવલ્લભની વાણીમાં વિશ્વાસ ન મૂકવો એ મોટું પાપ છે. જેમ જેમ આપણે શ્રીસર્વોત્તમ- સ્તોત્રના પાઠ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિ વડે કરતા જઈશું તેમ તેમ આપણાં આ બધાં પાપ હૃદયમાંથી દૂર થશે. માટે શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામનું સતત રટણ અને સ્મરણ કરવું જોઈએ.

આમ, શ્રીગુસાંઇજી મહારાજે આપણને શ્રીસર્વોત્તમ સ્તોત્રના પ્રથમ ચાર શ્લોકો સમજાવ્યા. હવેના બે શ્લોકોમાં શ્રીસર્વોત્તમસ્તોત્રનું મંત્રાત્મક સ્વરૂપ આપશ્રી આપણને સમજાવશે.

શ્રીસર્વોત્તમસ્તોત્રમાં ૧૦૮ નામો શા માટે?

શ્રી ગુસાંઇજી મહારાજે આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ બતાવ્યાં. આપણને પ્રશ્ન થશે કે ૧૦૮ નામ શા માટે? તેનાં કારણો નીચે પ્રમાણે છે:

(૧) શ્રીમહાપ્રભુજી ત્રણ સ્વરૂપે બિરાજમાન છે - (અ) આધિભૌતિક (બ) આધ્યાત્મિક અને (ક) આધિદૈવિક. આ ત્રણ સ્વરૂપોના ભાવથી શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનાં મૂળ ત્રણ નામો પ્રગટ કર્યા- (ક) આનંદાય નમઃ (ખ) પરમાનંદાય નમઃ (ગ) શ્રીકૃષ્ણાસ્યાય નમઃ ।

આ ત્રણ નામો ધર્મી સ્વરૂપનાં નામો છે. આ ધર્મી સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે પાંચ પુરુષાર્થ બતાવ્યા છે : (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ અને (૫) ભક્તિ. આ પાંચ પુરુષાર્થ જેમને શ્રીમહાપ્રભુજીની કૃપાથી સિદ્ધ થાય તેમને શ્રીમહાપ્રભુજીના અલૌકિક છ ધર્મો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય સહિત તેમના ધર્મી સ્વરૂપનો અનુભવ થાય છે.

શ્રીગુસાંઇજી મહારાજે શ્રીમહાપ્રભુજીના આધિભૌતિક ધર્મી સ્વરૂપનું નિરૂપણ કરવા માટે ૩૫ અલૌકિક નામ પ્રગટ કર્યાં. પ્રભુના છ ધર્મ અને સાતમું ધર્મી સ્વરૂપ એ કુલ સાત સ્વરૂપો છે. તેને પ્રાપ્ત કરવા માટે પાંચ પુરુષાર્થો છે. સાતને પાંચે ગુણવાથી પાંત્રીસનો આંક પ્રાપ્ત થાય છે. આમ, શ્રીગુસાંઇજી મહારાજે આધિભૌતિક સ્વરૂપનાં ૩૫ નામો પ્રગટ કર્યાં. પાંત્રીસને ત્રણે ગુણવાથી ૧૦૫ થાય. તેમાં મૂળ ત્રણ નામો ઉમેરવાથી કુલ ૧૦૮ ની સંખ્યા થાય. આથી શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં કુલ ૧૦૮ નામો છે. પ્રભુનું ધર્મ-ધર્મી સ્વરૂપ મળી સાતની સંખ્યા અને પુરુષાર્થ પાંચની સંખ્યાનો ગુણાકાર કરવાથી પાંત્રીસની સંખ્યા થાય. માટે શ્રી સર્વોત્તમસ્તોત્રમાં કુલ ૧૦૮ નામ છે. પ્રભુનું ધર્મ-ધર્મી સ્વરૂપ મળી સાતની સંખ્યા અને પુરુષાર્થ પાંચની સંખ્યાનો ગુણાકાર કરવાથી પાંત્રીસની સંખ્યા થાય. માટે શ્રીસર્વોત્તમસ્તોત્રની કુલ શ્લોક સંખ્યા પાંત્રીસની છે. આથી, શ્રીસર્વોત્તમસ્તોત્રના પાંત્રીસ પાઠ કરવાની મોટાઓની આજ્ઞા છે. આથી શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં પાંચ પુરુષાર્થ આપનારા અને સાત ઐશ્વર્યાદિ ધર્મી સ્વરૂપે બિરાજતા શ્રીમહાપ્રભુજી

તેમના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણ સ્વરૂપે બિરાજમાન છે; માટે તેમનાં ૧૦૮ નામ શ્રીગુસાંઈજી મહારાજે પ્રગટ કર્યાં છે.

(૨) બીજું કારણ એ છે કે આ ૧૦૮ નો આંક ધર્મશાસ્ત્રોમાં ઘણો પ્રચલિત છે. ઘણા વૈષ્ણવો એમ પૂછે છે કે શ્રીગુરુદેવના નામની આગળ 'શ્રી ૧૦૮' એમ શા માટે લખાય છે? તેનું કારણ મને એમ સમજાય છે કે શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો પ્રસિદ્ધ છે. શ્રીમહાપ્રભુજી આ તમામ નામોથી તેમનાં વંશમાં બિરાજમાન છે, એટલા માટે શ્રીગોસ્વામી બાળકોનાં નામની આગળ 'શ્રી ૧૦૮' એમ લખાય છે, કોઈક એમ પણ પૂછે છે કે બીજા બધા ૧૦૦૮ લખે છે, તો આપણાથી ૧૦૦૮ કેમ ન લખાય? મને લાગે છે કે ૧૦૦૮ લખવાની વ્યવસ્થા આપણે ત્યાં નથી. આપણે ત્યાં ૧૦૮ લખવાની વ્યવસ્થા છે; કારણ કે શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ પ્રગટ છે. શ્રીમહાપ્રભુજીનું અશેષ માહાત્મ્ય એમના વંશમાં બિરાજમાન છે, તેથી શ્રીગોસ્વામી બાળકોનાં નામની આગળ ૧૦૮ લખાય છે. ૧૦૦૮ નહિ.

(૩) ત્રીજું કારણ એ છે કે આપણે જપ કરીએ ત્યારે જપમાળામાં ૧૦૮ મણકા હોય છે. બારને નવે ગુણવાથી ૧૦૮ નો આંક મળે છે. નવનો આંકડો પૂર્ણતાવાચી છે. સૂર્યના બાર બિંબ તેજસ્વિતાવાચી છે. બારને નવે ગુણવાથી ૧૦૮ નો જે આંકડો મળે છે, તે તેજસ્વિતા અને પૂર્ણતા છે, તે બતાવવા માટે આ ૧૦૮ નામ છે, તેથી તેમનાં નામની પૂર્વે શ્રી ૧૦૮ લખાય છે.

(૪) ચોથું કારણ એ છે કે ભાગવતજીમાં ભગવાનની બાર અલૌકિક શક્તિઓનું વર્ણન છે. આ બાર અલૌકિક શક્તિઓ શ્રીમહાપ્રભુજીમાં છે; તેથી બારનો અંક શક્તિઓનું નિરૂપણ કરે છે, જ્યારે નવનો અંક પૂર્ણતા સૂચવે છે. તેથી ૧૦૮ નો આંક સૂચવે છે કે શ્રીમહાપ્રભુજીમાં અને શ્રીવલ્લભકુળમાં પૂર્ણ પ્રકારે સર્વ અલૌકિક શક્તિઓ રહેલી છે. આ આંક પ્રતીકાત્મક છે. તે ઘણો શુકનવંતો પણ છે; તેથી આપણા ધર્મશાસ્ત્રોએ ૧૦૮ ના આંકડાને આગળ કર્યો છે. આ ૧૦૮ નામ સ્વરૂપે બિરાજેલા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ.

અત્યાર સુધીમાં આપણે શ્રીસર્વોત્તમ સ્તોત્રની ભૂમિકાના ચાર શ્લોકો જોયા. ભૂમિકાના કુલ શ્લોકો છ છે. છ નો આંક ભગવાનની જેમ શ્રીમહાપ્રભુજીના છ દિવ્ય ધર્મો સૂચવે છે. આ છ દિવ્ય ધર્મોવાળા શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો છે એમ સૂચવવા સ્તોત્રની શરૂઆતમાં ભૂમિકાના છ શ્લોકો છે. આ સ્તોત્ર કોઈ

સાધારણ સ્તોત્ર નથી, પણ અસાધારણ સ્તોત્ર છે. એનું અસાધારણત્વ બતાવવા માટે શ્રીગુસાંઈજી પછીના બે શ્લોકોમાં મંત્ર-સ્વરૂપ સમજાવે છે.

મંત્રમાં ઋષિ, બીજ, છંદ આદિ બાબતોનું ઘણું મહત્ત્વ હોય છે. મંત્ર સાધારણ શબ્દ નથી. સામાન્ય શબ્દોથી મંત્ર બનતો નથી. આપણા શબ્દો કેવળ વૈખરી વાણીમાં પ્રગટ થાય છે, પરા વાણીનો સ્પર્શ જેટલો હૃદયમાં અને વાણીમાં થાય એટલો વૈખરી વાણીમાં થતો નથી. શબ્દ એકનો એક હોય, પણ ક્યાંથી બોલાય છે, તેના ઉપર ઘણો આધાર હોય છે. આથી આ સ્તોત્રની દિવ્ય મંત્રાત્મકતા સમજાવવા શ્રીગુસાંઈજી મહારાજ હવે પછીના બે શ્લોકો આપે છે.

શ્રીગુસાંઈજી મહારાજ હવે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'નું મંત્રસ્વરૂપ સમજાવે છે. મંત્રને તેના ઋષિ, છંદ, દેવતા, બીજ વગેરે પણ હોય. 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' મંત્ર છે. તેના ઋષિ, છંદ, બીજ દેવતા વગેરેની સમજ હવે પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ આપે છે.

શ્લોક : ૫

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુ ॥૫॥

શબ્દાર્થ : ઋષિઃ = ઋષિ, અગ્નિકુમારઃ = ગુસાંઈજી, તુ = તો, નામ્નાં = નામે (અનુષ્ટુપ), છંદઃ = છંદ, જગત્યસૌ = જગતમાં પ્રસિદ્ધ છે, શ્રીકૃષ્ણાસ્યં = શ્રી મહાપ્રભુજી, દેવતા = દેવતા, ચ = અને, બીજં = બી, કારુણિકઃ = દયાળુ, પ્રભુઃ = પ્રભુ.

અર્થ : (આ સ્તોત્રના) ઋષિ તો શ્રીગુસાંઈજી છે, જગતમાં પ્રસિદ્ધ "અનુષ્ટુપ" છંદ છે, તેના દેવતા શ્રીમહાપ્રભુજી છે, તેનું બીજ દયાળુ પ્રભુ છે. (૫)

વિવરણ :

સૌ પ્રથમ મંત્રના ઋષિનો પરિચય કરાવે છે - 'ઋષિઃ અગ્નિકુમારઃ ।' આ મંત્રોના ઋષિ શ્રીઅગ્નિકુમાર છે. પુષ્ટિમાર્ગમાં 'અગ્નિ' શ્રીમહાપ્રભુજી છે. શ્રીમહાપ્રભુજીના પુત્ર શ્રીગુસાંઈજી છે. આથી શ્રીગુસાંઈજીને પોતાને 'અગ્નિકુમાર' કહ્યા.

'અગ્નિકુમાર' કહેવાનો બીજો હેતુ પણ છે. સારસ્વત કલ્પમાં વ્રજમાં કુમારિકા ગોપીજનો હતાં. તેઓ રામાવતારના ઋષિકુમારો હતા, તેથી તેમને ઋષિરૂપા

ગોપીજનો કહેવામાં આવે છે. તેમણે 'કાત્યાયની વ્રત' કર્યું. શ્રીયમુનાઘાટે વાલુકામાંથી શ્રીયમુનાજીની મૂર્તિ બનાવી, તેમનું પૂજન-અર્ચન કર્યું. પછી મંત્રજપનો વારો આવ્યો ત્યારે તેમણે વેદ, ગીતા, ભાગવત આદિ શાસ્ત્રોમાંથી મંત્ર નહોતો શોધ્યો. મંત્ર સ્વયં તેમના હૃદયમાંથી પ્રગટ થયો હતો; કારણ કે તેઓ પૂર્વજન્મના ઋષિઓ હતા, તેથી તેમનું ઋષિપણું પ્રકટ થયું. તેવી રીતે અગ્નિકુમાર શ્રીગુસાંઇજી મહારાજ પણ આ સ્તોત્રના ઋષિ છે. શ્રીમહાપ્રભુજીની આસુર-વ્યામોહલીલા પછી, શ્રીગુસાંઇજી મહારાજના હૃદયમાં પ્રકટેલા વિરહતાપના ફળરૂપે વિવિધ મંત્રાત્મક સ્વરૂપોથી આપશ્રીને શ્રીમહાપ્રભુજીનો દિવ્ય અનુભવ થયો. એ મંત્ર-સ્વરૂપનાં દર્શન કરી, આપે એ મંત્રો પ્રકટ કર્યાં. તેથી આપ સ્તોત્રના ઋષિ છે.

'અગ્નિકુમાર' કહેવાનો ત્રીજો હેતુ પણ છે. અત્યાર સુધીમાં જે જે ઋષિઓ થઇ ગયા, તે બધા વૈદિક માર્ગના ઋષિઓ હતા. શ્રીગુસાંઇજી મહારાજ પુષ્ટિમાર્ગના ઋષિ છે. અગાઉના ઋષિઓએ જે મંત્રો પ્રકટ કર્યા તેના કરતાં શ્રીગુસાંઇજી મહારાજ કંઇક જુદું પ્રતિપાદન કરે છે. શ્રીગુસાંઇજી મહારાજ શ્રીમહાપ્રભુજીનું દિવ્ય સ્વરૂપ અનુભવે છે. એ સ્વરૂપના મંત્રો પ્રકટ કરવાની અને સમજાવવાની જે શક્તિ આપનામાં છે તે બીજાનામાં નથી. માટે આપ આ સ્તોત્રના ઋષિ છે.

એક ચોથું કારણ પણ છે: ઋષિ કોણ? જે ભૂત, વર્તમાન અને ભવિષ્યને ઓળખે તે. નિત્યલીલામાં બિરાજતા, ભૂતળ પર બિરાજતા અને ભગવદીયોનાં અંતઃકરણમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપને શ્રીગુસાંઇજી મહારાજ જ જાણે છે. માટે તેઓ આ સ્તોત્રના ઋષિ છે. ઋષિની વ્યાખ્યા છે- 'આર્ષદ્દષ્ટા હિ ઋષયો ભવન્તિ'. જેમનામાં આર્ષદર્શનની-પારલૌકિક વસ્તુને જોવાની-શક્તિ હોય તે ઋષિ.

આપણે આધિભૌતિક વસ્તુઓનું દર્શન કરીએ છીએ. સામાન્ય યોગીઓ આધ્યાત્મિક વસ્તુનું દર્શન કરે છે. અલૌકિક ઋષિઓ આધિદૈવિક વસ્તુનું દર્શન કરે છે. જે આ આંખે દેખાય તે આધિભૌતિક દર્શન. આ શક્તિ સૌમાં છે. કેટલાક યોગીઓ કે સિદ્ધો આપણા મનના ભીતરને જોઇ શકે છે; બીજાના દિલમાં થતી ઊથલપાથલ વાંચી શકે છે- તે આધ્યાત્મિક દર્શન. આપણું નિત્યલીલાનું મૂળ સ્વરૂપ કયું છે તે ભગવદીયો જાણી શકે છે, તે આધિદૈવિક દર્શન.

આપણે પુષ્ટિજીવો શ્રીઠાકોરજીની નિત્ય લીલામાંથી આવ્યા છીએ. અત્યારે ભલે આપણે સંસારમાં આસક્ત હોઈએ, પણ આપણામાં એક આધિદૈવિક સ્વરૂપ રહેલું છે, જે ભગવત્‌સ્વરૂપનો અનુભવ કરનારું છે, જે નિત્યલીલામાં ભગવત્‌સ્વરૂપ સાથે સંબંધ ધરાવનાર છે. આ આધિદૈવિક સ્વરૂપને પુષ્ટિમાર્ગના ઋષિ જ જાણી શકે છે, અન્ય કોઈ ઋષિ તે સ્વરૂપને જાણતા નથી.

શ્રીમહાપ્રભુજીનું આધિભૌતિક અને આધ્યાત્મિક સ્વરૂપ જગતના લોકો અને પંડિતો કદાચ સમજે, પણ આપશ્રીનું આધિદૈવિક સ્વરૂપ શ્રીગુસાંઈજી મહારાજ જ બતાવી શકે, અન્ય કોઈ નહિ. માટે આ સ્તોત્રના ઋષિ કોઈ સામાન્ય ઋષિ નથી, પણ 'અગ્નિકુમાર' શ્રીગુસાંઈજી મહારાજ છે.

શ્રીમહાપ્રભુજી પાંચસોથી વધુ વર્ષ પહેલાં દક્ષિણ ભારતમાં, ઉત્તમ તૈલંગકુળમાં પ્રકટ થયા. સમગ્ર ભારતની ત્રણ-ત્રણ વખત પરિક્રમા કરી. પૃથ્વી પર બાવન વર્ષ બિરાજ્યા. પુષ્ટિમાર્ગનું સ્થાપન કર્યું. આ સર્વ હકીકત આપશ્રીનું આધિભૌતિક દર્શન છે.

શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીના સ્ત્રીભાવ અને શ્રીસ્વામિનીજીના પું-ભાવના મિલનનું તૃતીય ભાવાત્મક-તાપાત્મક-દિવ્ય ભગવત્-સ્વરૂપ છે. રસાત્મક, ફલાત્મક સ્વરૂપ છે-આ આપશ્રીનું આધિદૈવિક દર્શન છે.

જેમની પાસે આવી આધિદૈવિક દૃષ્ટિ હોય, તે જ આવા આધિદૈવિક સ્વરૂપનું દર્શન કરી શકે. આવી દૃષ્ટિ શ્રીગુસાંઈજી મહારાજ પાસે છે, તેથી શ્રીગુસાંઈજી મહારાજ આ સ્તોત્રના ઋષિ છે. માટે કહ્યું: **'ઋષિઃ અગ્નિકુમારઃ ।'**

આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર એવા શ્રીગુસાંઈજી મહારાજનું દર્શન આધિદૈવિક છે. એ ઋષિના શબ્દો મંત્રાત્મક છે. એ જે કંઈ બોલે છે તે બધું મંત્રાત્મક છે એ જણાવવા ઋષિ તરીકે પોતાનો પરિચય કરાવ્યો. આ દ્વારા આપ એવું સૂચવી રહ્યા છે કે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' એ સામાન્ય પાઠ નથી, પણ મંત્રાત્મક પાઠ છે. વેદના મંત્રોમાં, ગીતાના તથા ભાગવતના મંત્રોમાં જે શક્તિ છે, એ જ શક્તિ આ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'ના મંત્રોમાં છે. તે મંત્રાત્મક સ્તોત્ર હોવાથી, તેમાં પાઠ અને જપ કરવાની બે રીત બતાવીઃ **'પઠતિ અનુદિનમ્'** દરરોજ મોટેથી આ સ્તોત્ર બોલવું, તે પાઠ. **'જપ્યં કૃષ્ણ-રસાર્થિભિઃ'** - કૃષ્ણ રસની કામનાવાળાઓએ એનો મનમાં જપ કરવો. શ્રીગોકુલનાથજી મહારાજ આજ્ઞા કરે છે : જ્યાં સુધી 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' માં પૂર્ણ પ્રવેશ થયો નથી, ત્યાં

સુધી તેનો પાઠ કરો. પાઠ કરતાં કરતાં તમે તેમાં એવાં તન્મય અને તદ્રૂપ બની જાઓ કે જ્યારે મનમાં ચિંતન સહિત જપ થવા લાગે, ત્યારે તેનો પાઠ નહિ રહે. એ જપ બની જશે.

આમ, આપણે આ સ્તોત્રના ઋષિને સમજ્યા 'ઋષિઃ અગ્નિકુમારઃ । આટલું કહ્યા પછી શ્રીગુસાંઇજી મહારાજે 'તુ' પદ મૂક્યું - 'ઋષિરગ્નિકુમારસ્તુ'. 'તુ' શબ્દ એમ સમજાવવા મૂક્યો કે અન્ય ઋષિઓથી શ્રીગુસાંઇજી મહારાજનું ઋષિપણું જુદું છે. તમે આ બાબતમાં જરા પણ સંશય રાખશો નહિ.

હવે શ્રીગુસાંઇજી મહારાજ આ સ્તોત્રના 'છંદ' વિષે કહે છેઃ મંત્રનો છંદ જાણવો અને તે છંદ મુજબ મંત્રનો પાઠ-જપ કરવો જરૂરી હોય છે. આથી આપે કહ્યું, 'નામ્નાં છંદો જગત્યસૌ'. અર્થાત્ જે છંદ જગતમાંથી સૌથી વધુ પ્રસિદ્ધ છે, તે જ આ સ્તોત્રનો છંદ છે, સંસ્કૃતમાં સૌથી વધુ પ્રસિદ્ધ છંદ 'અનુષ્ટુપ' છે. આ સ્તોત્રના પ્રથમ શ્લોકને બાદ કરતાં બાકીના બધા શ્લોકો 'અનુષ્ટુપ' છંદમાં છે.

મંત્રના દેવતા હોય. દેવતાને બિરાજવા માટે આસન તૈયાર કરવું પડે. ભગવદીયોનું અંતઃકરણ એ મંત્રાત્મક દેવતાને બિરાજવા માટેનું આસન છે. આસન પર પધરાવ્યા પછી એ મંત્રાત્મક દેવતાનું પૂજન કરવામાં આવે. મંત્રજપ કરવાનું વિધિવિધાન મંત્રશાસ્ત્રોમાં છે, ત્યાં એમ સમજાવવામાં આવ્યું છે કે યંત્ર સાથે મંત્રનું પૂજન કરવું. યંત્ર એટલે દેવતાને બિરાજવાનું આસન. દેવતાનું પૂજન કર્યા પછી, તેમનો મંત્ર જપવો.

અહીં આપણા માટે કયું પૂજન? શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં સમર્પણ કરવું. સમર્પિત થઇ, શ્રીવલ્લભમય બની જવું. તેથી હવે આ શ્લોકની બીજી પંકિતમાં શ્રીગુસાંઇજી મહારાજ આપણને આ સ્તોત્રના દેવતા અને બીજ કોણ છે તે સમજાવશે.

આપણે જોયું કે શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં આપણું સર્વસ્વ સમર્પણ કરવું અને શ્રીવલ્લભમય બની જવું એ જ આપણા માટે દેવતાનું પૂજન છે. ત્યાં આપણને પ્રશ્ન થાય કે દેવતા કોણ છે? શ્રીગુસાંઇજી મહારાજ તેનો ખુલાસો પાંચમા શ્લોકની બીજી પંકિતમાં નીચે પ્રમાણે કરે છેઃ

'શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુ' અર્થાત્ આ મંત્રના દેવતા શ્રીકૃષ્ણાસ્ય છે. 'શ્રીકૃષ્ણાસ્ય' શબ્દ બે શબ્દોનો બનેલો છેઃ શ્રીકૃષ્ણ + આસ્ય. આસ્ય એટલે મુખારવિંદ. માટે શ્રીકૃષ્ણાસ્ય એટલે શ્રીકૃષ્ણનું મુખારવિંદ. આપણે

અગાઉ સમજી ગયા છીએ કે શ્રીકૃષ્ણ અને શ્રીસ્વામિનીજી એ બંનેનો સરવાળો એટલે શ્રીમહાપ્રભુજી. માટે અહીં 'શ્રી' શબ્દથી શ્રીસ્વામિનીજી અને 'કૃષ્ણ' શબ્દથી રસાત્મક સદાનંદ પૂર્ણ પુરુષોત્તમ એમ સમજવાનું છે. આ બંને સ્વરૂપોનું સંયુક્ત મુખારવિંદ એ આપણા શ્રીમહાપ્રભુજી.

શ્રીગુસાંઈજી મહારાજે આવા શ્રીમહાપ્રભુજીને આ મંત્રના દેવતા કહ્યા. લીલામાં શ્રીસ્વામિનીજી ભોગ્ય સ્વરૂપ છે અને શ્રીઠાકોરજી ભોક્તા સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીમાં આ બંને સ્વરૂપો બિરાજતાં હોવાથી શ્રીમહાપ્રભુજી ભોગ્ય અને ભોક્તા પણ છે. શ્રીમહાપ્રભુજી ભોગ્ય સ્વરૂપે સ્વયં ભગવત્-સ્વરૂપનો આનંદ લે છે અને ભોક્તા સ્વરૂપે વિરહનું દાન કરે છે. ભક્તના હૃદયમાં આ બંને ગુણો હોવા જોઈએ. પ્રભુ માટેનો વિરહ અને પ્રભુના મિલનનો આનંદ. બંને ગુણો ભેગા થાય ત્યારે ભક્તિ પૂર્ણ બને છે. જેવી રીતે કેરી જ્યાં સુધી પાકે નહિ ત્યાં સુધી તે મીઠી બનતી નથી. જેમ જેમ ગરમી પડે તેમ તેમ કેરીનું ફળ મીઠું થતું જાય. એવી રીતે ભગવાનનો સ્વરૂપાનુભવ કરવા માટે તાપ એ મૂળ સાધન છે.

શ્રીમહાપ્રભુજી અગ્નિ- સ્વરૂપ છે; તેથી કૃપા કરી આપણને વિરહતાપનું દાન કરે છે. શ્રીમહાપ્રભુજી આનંદ-સ્વરૂપ પણ છે, તેથી આપનામાં અમૃતભાવ રહેલો છે. માટે આપ અમૃતની વૃષ્ટિ પણ કરે છે. આ બંને ભાવ-અગ્નિભાવ અને અમૃતભાવ- શ્રીમહાપ્રભુજીમાં રહેલા હોવાથી શ્રીગુસાંઈજી મહારાજે આપનું સ્વરૂપ સમજાવવા 'શ્રીકૃષ્ણાસ્ય' પદનો પ્રયોગ કર્યો.

મંત્રમાં દેવતાની સાથે મંત્રનું બીજ પણ હોવું જોઈએ. જેમ કે પ્રણવ મંત્રનું બીજ છે ઓમ્કાર. શ્રીમંત્રનું બીજ છે ક્લીં. એમ જુદા જુદા મંત્રોનાં જુદાં જુદાં બીજ હોય છે. બીજ સાથે મંત્રનો પાઠ કરવામાં આવે તો એ મંત્ર જલદી ફળરૂપ થાય છે. એવી રીતે શ્રીગુસાંઈજી મહારાજ હવે શ્રીસર્વોત્તમસ્તોત્રનું બીજ બતાવે છે. કોઈ પણ ફૂલવાડી બનાવવા માટે પ્રથમ બીજ વાવવું પડે, આ સ્તોત્રનું બીજ છે કરુણાનિધાન શ્રીપ્રભુ. આપણે સમજી ચૂક્યા છીએ કે શ્રીપ્રભુએ પોતાના નિજ જીવોનો ઉદ્ધાર કરવા શ્રીવલ્લભને પૃથ્વી પર પધારવાની આજ્ઞા કરી હતી. આવી કરુણા કરનાર શ્રીપ્રભુ આ મંત્રના બીજરૂપ છે. અર્થાત્ આ મંત્રના જપથી શ્રીપ્રભુની કૃપા પ્રાપ્ત થાય છે. કરુણાનિધાન પ્રભુ કૃપા કરે તો આપોઆપ આ નામો આપણા અંતઃકરણનો નિરોધ કરે છે. નિરોધ માટે અન્ય કોઈ સાધનોની જરૂર રહેતી નથી. આપણા પ્રભુ સર્વસમર્થ છે, એમ સૂચવવા માટે અહીં કરુણાનિધાન ભગવાન માટે 'પ્રભુ' શબ્દ વપરાયો છે. પ્રભુ એટલે સર્વસમર્થસ્વામી.

પ્રભુ શબ્દ વાપરીને શ્રીગુસાંઇજી મહારાજે એવું સૂચન કર્યું કે જેમની આપણે ઉપાસના કરીએ, જેમના મંત્રનો જાપ કરીએ તેઓ આપણું ઇચ્છિત ફળ આપવામાં સર્વ રીતે સમર્થ ન હોય, તો તેની ઉપાસના કે મંત્રજાપથી શું મળે? ગરીબ માણસ ઠાઠમાઠથી રહે એનાં ખીસાં ખાલી હોય અને ભપકો ભારે હોય, તે જોઇને કોઇ ઝૂંપડાવાસી વિચાર કરે કે આ મોટો શ્રીમંત લાગે છે, દાન આપશે, ચાલો તેને પૂજીએ. તેના ઘેર રોજ આંટા મારે અને તેની ચાકરી કરે; પરંતુ જેનાં ખીસાં ખાલી છે તે બીજાનાં ખીસાં ક્યાંથી ભરશે?

માટે શ્રીગુસાંઇજી મહારાજ અહીં 'પ્રભુ' શબ્દથી આપણને વિશ્વાસ અપાવે છે કે તેઓ આનંદનું દાન કરવા સર્વસમર્થ છે; કારણ કે સાચો આનંદ આપણી પાસે નથી. દુનિયામાં પણ નથી, દેવોની પાસે પણ નથી. દુનિયા અને દેવો બંને આનંદની બાબતમાં તો ભિખારી જ છે. આપણે તેમની પાસે માગીએ તો તેઓ આપણને સાચો આનંદ આપી શકવાના નથી. પૂર્ણ આનંદરૂપ કેવળ પ્રભુ અને શ્રીમહાપ્રભુજી છે. આનંદરૂપી સંપત્તિવાળા હોવાથી તેઓ આનંદનું દાન કરવા સમર્થ છે, માટે શ્રીગુસાંઇજી મહારાજે કહ્યું કે પરમાનંદ સ્વરૂપ પ્રભુ આ મંત્રના બીજ છે. તેઓ કૃપાસાગર છે; માટે આપણને જરૂર આનંદનું દાન કરશે. આમ, શ્રીગુસાંઇજી આપણને આજ્ઞા કરે છે કે તમે આ બાબતો સમજીને આ સ્તોત્રના પાઠ કરતાં શ્રીમહાપ્રભુજીને અંતઃકરણમાં પધરાવી તેમનું સ્મરણ કરો. તેઓ પ્રભુ-સમર્થ છે. આપણને સાક્ષાત્ આનંદનું દાન કરશે. આ આનંદની પ્રાપ્તિ શ્રીસર્વોત્તમસ્તોત્રના જપથી અવશ્ય થશે.

શ્રીગુસાંઇજી મહારાજ હવે છઠ્ઠા શ્લોકમાં આ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ શા માટે કરવો તે સમજાવશે. તેનાથી શું ફળ મળે, તે પણ સમજાવશે. પુષ્ટિમાર્ગમાં કોઇપણ દિવસ લૌકિક ફળની કામના કરવામાં આવી નથી અને આવતી પણ નથી. લૌકિક ફળનો વિચાર પણ પુષ્ટિમાર્ગમાં કરવાની ના છે. આથી શ્રીગુસાંઇજી મહારાજ આ સ્તોત્રના જપથી કયાં અલૌકિક ફળ મળશે તે આપણને બતાવશે. આપશ્રી લૌકિક ફળની વાત કરવાના નથી; એટલે લૌકિક દુઃખો દૂર કરવા માટે અને લૌકિક ફળ મેળવવા માટે આ સ્તોત્ર નથી એ વાત આપણે સૌએ સમજી લેવાની છે.

શ્રીસર્વોત્તમસ્તોત્રરૂપી આ મંત્રનો જપ ભક્તિયોગમાં આવતા પ્રતિબંધોનો વિનાશ કરે છે અને કૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ કરાવે છે. આ બંને શ્રીસર્વોત્તમસ્તોત્રના

મંત્રજાપનાં ફળ છે; તેથી આ બંને ફળોનું સૂચન શ્રીગુસાંઇજી મહારાજે શ્રીસર્વોત્તમસ્તોત્રના છઠ્ઠા શ્લોકમાં કર્યું છે:

શ્લોક-૬ :

વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥

શબ્દાર્થ : વિનિયોગઃ = હેતુ, પ્રયોજન, **ભક્તિયોગ :** = ભક્તિયોગ, **પ્રતિબંધ** = નડતરો, **વિનાશને** = દૂર કરવામાં, **કૃષ્ણાધરામૃતાસ્વાદ** = કૃષ્ણ + અધર + અમૃત + આસ્વાદ = કૃષ્ણના અધરના અમૃતનો સ્વાદ, **સિદ્ધિઃ** = સિદ્ધિ, **અત્ર** = અહીં, **ન** = નહિ, **સંશયઃ** = શંકા.

શ્લોકાર્થ : (શ્રીસર્વોત્તમસ્તોત્રનો) હેતુ ભક્તિયોગમાં આવતાં નડતરો દૂર કરવાનો છે. તેની સિદ્ધિરૂપ શ્રીકૃષ્ણના અધરામૃતનો આસ્વાદ છે. તેમાં કોઇ શંકા નથી.

વિવરણ :

આમાં એમ સમજાવવામાં આવ્યું કે આ સ્તોત્રના પાઠ અને જપથી શ્રીઠાકોરજીની ભક્તિમાં આવતા પ્રતિબંધો દૂર થાય છે. તેથી આપણે ભક્તિમાં વધારે સારી રીતે તત્પર થઇ શકીએ છીએ. ભક્તિ કરતાં કરતાં પ્રભુની કૃપા થવાથી પુષ્ટિમાર્ગનું પરમ ફળ કૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ થાય છે. આ વાત આપણે એક દૃષ્ટાંતથી સમજીએ.

આપણે એક રૂમમાં જવું છે, પરંતુ તેનું બારણું બંધ છે. બંધ બારણું રૂમમાં જતાં આપણને અટકાવે છે. તેથી તે આપણા માટે પ્રતિબંધરૂપ છે. તે બારણું ખોલી નાખવું એ પ્રતિબંધનો વિનાશ કર્યો કહેવાય; કારણ તેમ કરવાથી રૂમમાં જવામાં કોઇ અડચણ રહેતી નથી.

સ્ટેજ ઉપર પડદો પડેલો હોય, ત્યારે પડદા પાછળનું દૃશ્ય દેખાતું નથી. પડદો એ પ્રતિબંધ છે. પડદાને ઉઠાવી લેવો એ પ્રતિબંધનો નાશ છે. એ પ્રતિબંધ દૂર થયા પછી સ્ટેજ ઉપર રહેલું દૃશ્ય આપણને દેખાય છે.

આવી રીતે ભક્તિયોગની પ્રાપ્તિ કરવી એ આપણું લક્ષ્ય છે. આપણામાં આ ભક્તિયોગ જાગે તેમાં ઘણા બધા પ્રતિબંધો નડે છે. તેમને દૂર કરવા માટે શ્રીસર્વોત્તમસ્તોત્રનો મૂળ વિનિયોગ છે. આપણામાં આજે જેવી સ્થિતિ છે કે

ભક્તિ જાગતી જ નથી. આ પહેલો પ્રતિબંધ છે. ડગલેને પગલે ઘણા બધા પ્રતિબંધોનો અનુભવ થયા કરે છે. પાઠ કરવા બેસીએ ત્યારે ઊંઘ આવે છે. આ ઊંઘ વેરણ બને તે પણ એક પ્રતિબંધ છે. જપ કરવા બેસીએ અને બીજા વિચારો આવે છે તે પણ પ્રતિબંધ છે.

એક બહેન મારી પાસે આવ્યાં. તેમણે કહ્યું: 'હું પાઠ કરવાથી ઘણી કંટાળી ગઇ છું. પાઠ તો થાય છે પણ સાથે સાથે તે જ વખતે વિચારોનું ચકડોળ ચાલે છે. પાઠ બંધ કરું ત્યારે વિચારો આવતા નથી. પાઠ કરવા બેસું ત્યારે જ ગામભરના વિચારો આવે છે. આ વિચારો ભક્તિમાં પ્રતિબંધ કરનારા હોય છે.

આપણે દર્શન કરવા જઇએ, ત્યારે ઠાકોરજીનાં દર્શનની સાથે સાથે આજુબાજુ કોણ ઊભું છે તેમનાં પણ દર્શન કરવા લાગીએ છીએ. આ પણ એક પ્રકારનો પ્રતિબંધ છે. આમ જપ કરવામાં, સેવા કરવામાં, સ્મરણ કરવામાં, કથા સાંભળવામાં ત્રણ પ્રતિબંધો વિશેષ પ્રમાણમાં નડે છે. તે છે તન્દ્રા, નિદ્રા અને આળસ. કથા સાંભળવા જતાં આળસ આવે છે. માંડ જઇએ ત્યાં કથામાં ઊંચા-નીચાં થવાય છે. સહેજ ઝોકાં આવવા લાગે છે. ચિત્ત બીજા વિચારે ચડે છે. તે છે તન્દ્રા અને પછી ઘસઘસાટ નિદ્રા આવે છે. આ બધા પ્રતિબંધો આપણા હૃદયમાં ભગવાન પ્રત્યેનો પ્રેમ જાગવા નથી દેતા. ભક્તિયોગ જાગવામાં તેઓ ડગલે ને પગલે આપણને નડે છે. ભક્તિ એ પ્રભુ પ્રત્યેનો અનુરાગ છે. જ્યાં સુધી આપણામાં લૌકિક અનુરાગોની ગંદકી ભરેલી હશે ત્યાં સુધી ભગવદ્ અનુરાગ નહિ જાગે. કોઇ વસ્તુ પ્રત્યેની, જાત પ્રત્યેની વ્યક્તિ પ્રત્યેની લૌકિક આસક્તિ ભગવાન તરફ આસક્તિ જાગવા દેતી નથી. તે ભક્તિમાં પ્રતિબંધ છે. આપણને આશ્ચર્ય થાય છે કે મંદિરોમાં જવા છતાં, ઘેર સેવા કરવા છતાં, જપપાઠ કરવા છતાં, કથાકીર્તનમાં બેસવા છતાં આપણા મનમાં એવો એક રાક્ષસ ભરાઇ બેઠો છે કે જે પ્રભુમાં પ્રેમ જાગવા દેતો નથી. આ પ્રતિબંધરૂપી રાક્ષસને દૂર કરવા માટે આપણે શ્રીસર્વોત્તમસ્તોત્રનો વિનિયોગ કરવો જોઇએ. જો શ્રદ્ધાપૂર્વક આ સ્તોત્રના પાઠ કરવામાં આવે, તો આ પ્રતિબંધો શ્રીમહાપ્રભુજી અવશ્ય દૂર કરે છે.

શ્રીભાગવતજીમાં વૃત્રાસુરનું વર્ણન છે. તેના સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે આસુરી શરીર ભક્તિયોગનો અનુભવ કરવામાં પ્રતિબંધ બને છે. વૃત્રાસરનું શરીર આસુરી હોવાને કારણે તે ભક્તિના માર્ગે આગળ વધી શકતો ન હતો.

એ શરીર ભગવાને ઈન્દ્ર દ્વારા દૂર કરાવ્યું. શરીરનો પ્રતિબંધ દૂર થતાં વૃત્રાસુરને ભગવચ્ચરણારવિંદ પ્રાપ્ત થયાં.

અહીં શ્રીગુસાંઈજી મહારાજે ભક્તિના પ્રતિબંધ દૂર થશે એમ ન કહેતાં ભક્તિયોગના પ્રતિબંધ દૂર થશે એવી આજ્ઞા કરી છે. ભક્તિયોગ દ્વારા શ્રીગુસાંઈજી મહારાજે એમ સૂચવ્યું કે ભક્તિના બે પ્રકાર છે : ક્રિયાત્મિકા ભક્તિ અને ભાવાત્મિકા ભક્તિ. પુષ્ટિમાર્ગમાં ભાવાત્મિકા ભક્તિ મુખ્ય છે. મર્યાદામાર્ગમાં ક્રિયાત્મિકા ભક્તિ મુખ્ય છે. ભક્તિ સાથે યોગ શબ્દ જોડવાનું કારણ એ છે કે યોગ એટલે બીજા સાથે જોડાઈ જવું. જે ભાવાત્મિકા ભક્તિ સાક્ષાત્ પ્રભુ સાથે આપણો સંબંધ કરાવે તે ભક્તિયોગ કહેવાય. આવી પુષ્ટિભક્તિમાં આવતા તમામ પ્રતિબંધો આ સ્તોત્રના પાઠ અને જપથી અવશ્ય દૂર થાય છે.

આ છઠ્ઠા શ્લોકની બીજી પંક્તિમાં બતાવવામાં આવ્યું કે આ ઉપરાંત એક બીજું ફળ પણ મળે છે. તે છે કૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ. શ્રીકૃષ્ણના અધરમાંથી ત્રણ પ્રકારનું અમૃત પ્રગટ થાય છે. આ ત્રણે પ્રકારનાં અમૃત એટલે સુધાનો અનુભવ આ સ્તોત્ર દ્વારા ભગવદીયોને થાય છે. શ્રીઠાકોરજીએ પોતાના અધરો ઉપર વેણુ ધરીને વેણુનાદ કર્યો. ત્યારે આપના મુખારવિંદમાંથી જે રસ ટપક્યો તે વેણુનાં છિદ્રોમાં એકઠો થયો. ત્યાંથી આ રસ શબ્દરૂપી પાત્રમાં ભરાઈને ભક્તોનાં હૃદય અને રોમરોમ સુધી પહોંચ્યો. શ્રીઠાકોરજીનું સ્વરૂપ આનંદમય છે, તેથી શ્રીઠાકોરજીના અધરમાંથી પ્રગટ થતાં એ રસબિંદુઓ પણ આનંદમય છે. જેમ જળ પ્રવાહીરૂપે અને બરફ ઘનીભૂત રૂપે હોય છે, તેમ શ્રીઠાકોરજીના સ્વરૂપમાં આનંદ ઘનીભૂત રૂપે અને પ્રવાહાત્મક રૂપે રહેલો છે.

વેણુમાંથી પ્રગટ થઈ ભક્તો સુધી પહોંચેલી આ સુધા ત્રણ પ્રકારની છે : (૧) સર્વાભોગ્યા સુધા (૨) ભગવદ્ભોગ્યા સુધા (૩) દેવભોગ્યા સુધા. શ્રીવેણુગીતના સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આ વાત સુંદર રીતે સમજાવે છે. દેવભોગ્યા સુધા એટલે 'દેવોને મળતી સુધા' એવો અર્થ નથી. અહીં દેવો એટલે શ્રીઠાકોરજીની સેવામાં વૃંદાવનમાં રહેલા ભક્તો, વનરાજિ, ગાયો, મોર, ગ્વાલ વગેરે છે. આ બધાં દેવ છે; કારણ કે તેઓ વૃંદાવનમાં સાક્ષીભાવે રહેલાં છે.

શ્રીઠાકોરજીનો અધર-રસ વેણુ દ્વારા અમૃતરૂપે બહાર પ્રસર્યો, તે થોડો નદી-નાળાંએ પીધો, થોડો વૃક્ષોએ પીધો, થોડો ગાયોએ પીધો, થોડો ગ્વાલોએ પણ પીધો. આમ થોડી થોડી માત્રામાં રસપાન કરી તે સૌ રસમસ્ત બની ગયાં.

એક બુંદના રસથી આટલી મસ્તી જાગે, તો કટોરા ભરીને પીએ તે કેટલી મસ્તી પામે?

આ રસપાનથી વહેતી નદીઓ ઉછળવા લાગી. તેમનામાં રહેલા કમળના વેલા ઉખાડી પ્રભુનાં ચરણોમાં ધરી દીધા. મૂઢ મતિવાળી હરણીઓ સુંદર મતિવાળી બની ગઇ. અત્યાર સુધી મૃગ સાથે પ્રણય ગોષ્ઠિ કરનારી આ હરણીઓ કૃષ્ણમાં પ્રણયભાવવાળી બની અને કૃષ્ણ તરફ પ્રણયભર્યું અવલોકન કરવા લાગી. તે સૌના અંતઃકરણમાં ભક્તિનો- અમૃત અને આનંદનો- ભાવ જાગ્યો.

આજ પ્રકારે ભગવાને વેણુના માધ્યમથી પોતાનું સ્વરૂપ ગોપીજનોના હૃદયમાં પધરાવ્યું. આ સ્વરૂપનું પાન ગોપીજનોએ કર્ણ દ્વારા કર્યું. કર્ણની અંદર શબ્દના પાત્રમાં પ્રભુનું અમૃત રેડાયું. કર્ણ દ્વારા એ અમૃત ગોપીજનોના રોમેરોમમાં પ્રસરી ગયું. તેનું નામ સર્વાભોગ્યા સુધા.

શ્રીઠાકોરજીના અધરમાંથી ત્રીજા પ્રકારની સુધા પ્રગટ થઇ, તે ભગવદ્ભોગ્યા સુધા. શ્રીઠાકોરજીએ પોતાનું જે સ્વરૂપ શ્રીગોપીજનોની અંદર પધરાવ્યું હતું તે પોતાના સ્વરૂપનો આસ્વાદ પોતે સ્વયં કરવા લાગ્યા. જે અમૃતનું પાન ભગવાને પોતે કર્યું તે ભગવદ્ભોગ્યા સુધા.

શ્રીગુસાંઇજી મહારાજ આજ્ઞા કરે છે કે આ સ્તોત્રના પાઠ અને જપથી આ સુધાનું દાન આપણને પ્રાપ્ત થશે. તેમાં કોઇપણ પ્રકારની શંકા નથી, શંકાનું કારણ નથી.

આ રીતે શ્રીસર્વોત્તમસ્તોત્રના પહેલા છ શ્લોક આપણે જોયા. આ છ શ્લોક દ્વારા આપણને એક વાત સ્પષ્ટ રીતે સમજાઇ કે આ સ્તોત્રનો પ્રત્યેક શબ્દ અલૌકિક છે. એક કવિએ બહુ સુંદર વાત કહી. ભલે શબ્દો લૌકિક હોય, પણ જ્યારે તે શબ્દો તે કોઇ અલૌકિક મહાપુરુષના મુખારવિંદમાંથી પ્રગટ થાય છે, ત્યારે તે અલૌકિક બની જાય છે. તેમના અર્થ પણ અલૌકિક બની જાય છે.

પ્રેમની ભાષા હંમેશા પારિભાષિક હોય છે. સામાન્ય રીતે દુઃખનાં અશ્રુ આપણને દઝાડનારાં હોય છે; પરંતુ તે અશ્રુ જ્યારે પ્રેમનાં અશ્રુ બની જાય છે; ત્યારે જીવનમાં એક કીમતી ભેટરૂપે આપણને પ્રાપ્ત થાય છે. આ અશ્રુ પ્રેમની નજરમાં દિવ્ય મોતી જેવાં હોય છે. પ્રેમીઓએ પ્રેમનું દુઃખ પણ કીમતી ભેટ જેવું લાગે છે. આ શ્રીસર્વોત્તમસ્તોત્રથી આપણને પણ વિરહતાપનું અલૌકિક દુઃખ પ્રાપ્ત થવાનું છે. આપણા માટે તે મહાન ફળ છે.

અલૌકિક શબ્દો લખવાથી કે વૈખરી વાણીમાં બોલવાથી સમજાતા નથી. તે તો અંતરમાં સમજાય છે; છતાં શ્રીગુસાંઈજી મહારાજે આપણા માટે આ અલૌકિક શબ્દો પ્રગટ કર્યા છે, કારણ કે આત્માને આત્મા સમજાવી શકે છે.

જે હોંશિયાર વિદ્યાર્થી હોય તેને મૌખિક કે લેખિત કશું કહેવાની જરૂર પડતી નથી. તે ઈશારાથી સમજી જાય છે, પણ આપણા જેવા મંદ બુદ્ધિના લોકો માટે શ્રીગુસાંઈજીને આટલું બધું કરવું પડે છે.

શ્રીગુસાંઈજી મહારાજ સમજાવે છે કે આ શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કર્યા પછી આપણામાં પ્રેમનો એક મહાસાગર જાગશે અને છલકાશે. માટે પ્રેમસાગરમાં ડૂબકી મારવા હવે આપણે તૈયાર થવાનું છે.

સાતમા શ્લોકથી લઈને શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમહાપ્રભુજીનાં એક પછી એક એમ ૧૦૮ નામોનું નિરૂપણ કરે છે. એક-એક નામમાં શ્રીવલ્લભનું અલૌકિક દર્શન થશે.

જ્યારે શ્રીગુસાંઈજી મહારાજના અંતઃકરણમાં શ્રીસર્વોત્તમ સ્તોત્રની ભૂમિકાના શ્લોકો લખતાં પરમાનંદ જાગૃત થયો, ત્યારે શ્રીમહાપ્રભુજીનું અલૌકિક સ્વરૂપ તેમના ચિત્તપટલ પર પધાર્યું. તે સ્વરૂપ હતું શ્રીમહાપ્રભુજીનું આનંદ સ્વરૂપ. પરિણામે આનંદમાં આપ ડૂબી ગયા.

શ્લોક-૭ :

આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥

શબ્દાર્થ : (૧) **આનંદ** = આનંદ (૨) **પરમાનંદ** = પરમાનંદ (૩) **શ્રીકૃષ્ણાસ્ય** = શ્રીકૃષ્ણ + આસ્યં = શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ (૪) **કૃપાનિધિઃ** = કૃપાના સાગર (૫) **દૈવોદ્ધારપ્રયત્નાત્મા** = દૈવ + ઉદ્ધાર + પ્રયત્ન + આત્મા = દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રયત્ન કરનાર અંતઃકરણવાળા (૬) **સ્મૃતિમાત્રાર્તિનાશનઃ** = સ્મૃતિમાત્ર + આર્તિનાશનઃ = સ્મરણથી (ભક્તોનાં) દુઃખ નાશ કરનાર (શ્રીમહાપ્રભુજી છે.).

વિવરણ :

(૧) 'આનંદઃ' = આનંદાય નમઃ = હું આનંદ-સ્વરૂપને શ્રીમહાપ્રભુજીને નમન કરું છું.

મારા પ્રાણનાથ શ્રીવલ્લભ આનંદમય છે. શ્રીવલ્લભનું આનંદસ્વરૂપ ટીકાકારોએ જુદી જુદી રીતે આપણને સમજાવ્યું છે. શ્રીગુસાંઇજી મહારાજના અંતઃકરણમાં શ્રીવલ્લભ-સ્વરૂપનું ચિંતન કરતાં આનંદની ઊર્મિ પ્રગટ થઇ, તેથી આપે કહ્યું કે **આનંદાય નમઃ ।** પછી આપશ્રીને વિચાર આવ્યો હશે કે આનંદ તો અક્ષરબ્રહ્મમાં પણ છે. તેવી જ રીતે સ્વર્ગલોકમાં સ્વર્ગાનંદ પણ છે. પૃથ્વીમાં પણ જુદા જુદા વિષયોમાં આનંદ રહેલો છે.

શાસ્ત્રોએ આનંદના ત્રણ પ્રકાર બતાવ્યા, વિષયાનંદ, બ્રહ્માનંદ અને ભજનાનંદ. લૌકિક ભોગ ભોગવવામાંથી જે આનંદ મળે તે વિષયાનંદ, મોક્ષપ્રાપ્તિનો આનંદ તે બ્રહ્માનંદ અને ભક્તિથી જે આનંદ મળે તે ભજનાનંદ. શ્રીવલ્લભ ભોગ અને મોક્ષના આધાર નથી. શ્રીવલ્લભ તો ભક્તિના આધાર છે. પોતે દૈવી જીવોના ઉદ્ધાર માટે પૃથ્વી પર પધાર્યા છે. દૈવી જીવોનો ઉદ્ધાર વિષયાનંદ કે બ્રહ્માનંદથી કરવાનો નથી. ભજનાનંદની પ્રાપ્તિ એ જ દૈવી જીવોનો ઉદ્ધાર છે. માટે પ્રાણનાથ શ્રીવલ્લભ પુષ્ટિજીવોને ભક્તિનું દાન કરનારા છે અને ભજનાનંદની પ્રાપ્તિ કરાવનારા છે. એટલે શ્રીવલ્લભનું આનંદ- સ્વરૂપ એ ભજનાનંદ સ્વરૂપ છે, વિષયાનંદ કે બ્રહ્માનંદનું સ્વરૂપ નથી.

શ્રીગોકુલનાથજીએ સમજાવ્યું કે અક્ષરબ્રહ્મ પણ આનંદસ્વરૂપ છે અને પરબ્રહ્મ પણ આનંદરૂપ છે. ફરક એટલો છે કે અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે; જ્યારે પરબ્રહ્મ પૂર્ણાનંદ છે. જે આનંદની એક અવધિ અથવા મર્યાદા હોય તે ગણિતાનંદ કહેવાય. જે આનંદની અવધિ જ ન હોય તે પૂર્ણાનંદ યા અગણિતાનંદ કહેવાય. આપણા સૌનો આનંદ ગણિતાનંદ છે. ખાવાનો આનંદ હોય, તો તે ક્ષણ પૂરતો છે. કોઇક માણસ એકાદ વેઢમી ખાય, કોઇક બેચાર ખાય તો કોઇક દશ-બાર પણ ખાય. માણસ ગમે તેટલું ખાય, પણ તેની એક મર્યાદા હોય છે. આપણી બધી ક્રિયાઓની એક મર્યાદા છે. ખૂબ આનંદમાં ડૂબેલો માણસ કેટલો સમય એ ચરમસીમામાં રહી શકે?

ઉપનિષદમાં આનંદ- મીમાંસા સમજાવવામાં આવી છે. એક સંપૂર્ણ મનુષ્યના આનંદ કરતા દેવ-ગંધર્વનો આનંદ વધારે છે. દેવ-ગંધર્વના આનંદ કરતાં સ્વર્ગના દેવનો આનંદ વધારે છે. એમ કરતાં કરતાં અક્ષરબ્રહ્મ સુધીના આનંદની ગણતરી કરવામાં આવી; પરંતુ અક્ષરબ્રહ્મમાં બિરાજતા પરબ્રહ્મના આનંદની ગણતરી થઇ શકી નહિ, કારણ કે તે અગણિત છે.

આનંદ એ ભાવાત્મક વસ્તુ છે. તેને એક-બે-ચાર પાંચની સંખ્યામાં દર્શાવી શકાય નહિ. બીજાની સાથે તુલના થઈ શકે. આમ, ઋષિ-મુનિઓએ આનંદની સમજ આપી. પરબ્રહ્મ પરમાત્માનો જે પૂર્ણાનંદ છે તે જ શ્રીવલ્લભનો પણ પૂર્ણાનંદ છે. માટે શ્રીગોકુલનાથજી સમજાવે છે કે શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભ કૃષ્ણ-સ્વરૂપ છે એમ સમજાવવા સૌ પ્રથમ તેમનું 'આનંદ' નામ પ્રગટ કર્યું.

બીજું કારણ એ છે કે વિષયાનંદ કરતાં ભજનાનંદ ઉત્તમ છે. ભજનાનંદરૂપ પ્રભુનો અનુભવ સંયોગ અને વિપ્રયોગ બંને પ્રકારે થાય છે. સંયોગમાં પ્રભુના જે ભજનાનંદનો અનુભવ થાય છે તે 'આનંદ' કહેવાય છે. માટે આનંદ નામથી શ્રીમહાપ્રભુજીના સંયોગ- સ્વરૂપનો પોતાને થયેલો અનુભવ શ્રીગુસાંઈજી મહારાજે સમજાવ્યો છે.

વળી, એક કારણ એ પણ છે કે રસનો અનુભવ એટલે આનંદસ્વરૂપનો અનુભવ. શ્રીવલ્લભ રસ- સ્વરૂપ છે, માટે તેમનું નામ 'આનંદઃ' પ્રગટ થયું.

આનંદાય નમઃ 'આનંદ' નામથી શ્રીગુસાંઈજીને સંતોષ ન થયો. તેમને એવો વિચાર આવ્યો કે શ્રીવલ્લભ કેવળ આનંદ- સ્વરૂપ નથી, પરમાનંદ સ્વરૂપ પણ છે. માટે હવે આપશ્રી શ્રીમહાપ્રભુજીનું બીજું નામ ઉચ્ચારે છે.

(૨) 'પરમાનંદઃ' = પરમાનંદાય નમઃ = હું પરમાનંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમન કરું છું.

સંયોગ અવસ્થામાં જેમ પ્રભુના આનંદ- સ્વરૂપનો અનુભવ થાય છે, તેમ વિપ્રયોગ અવસ્થામાં શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીના આનંદરૂપ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થાય છે. આ અનુભવ અંતઃકરણમાં થાય છે; કારણ કે વિપ્રયોગ સમયે સકળ લીલા- સામગ્રી પ્રભુની અંદર બિરાજમાન હોય છે. કેવલ પ્રભુનો આનંદાત્મક ભાવ પ્રગટ હોય છે. આ પ્રકારે ભગવત્ સ્વરૂપનો જે અનુભવ થાય, તે પ્રભુનું આનંદાત્મક સ્વરૂપ છે.

પ્રભુ પોતાનામાં સમાવેલી લીલાસૃષ્ટિને બહાર પ્રગટ કરે છે, ત્યારે આપણી આંખોથી સકળ લીલાસૃષ્ટિનો પ્રગટ અનુભવ કરી શકીએ છીએ અને વ્રજ ભૂમિ, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજબાવા, અનંત ગોપો તથા અનંત સ્વામિની એવાં ગોપીજનો પ્રભુનાં અંતઃકરણમાંથી બહાર પ્રગટ થઈ, પ્રભુ સાથે લીલાવિહાર કરે

છે ત્યારે પ્રભુના પરમસંયોગનો અનુભવ થાય છે. આવું પરમ વિપ્રયોગસ્વરૂપ એટલે પરમાનંદ સ્વરૂપ.

જેમ પ્રભુનું વિપ્રયોગોત્મક પરમાનંદ સ્વરૂપ છે, તેમ શ્રીમહાપ્રભુજીનું પણ પરમ વિપ્રયોગાત્મક પરમાનંદસ્વરૂપ છે. આથી શ્રીગુસાંઇજી મહારાજ એ સ્વરૂપને વંદન કરે છે. કેવળ રસનો અનુભવ એ આનંદસ્વરૂપનો અનુભવ નથી, રસાત્મક પ્રભુ પરમાનંદ પ્રભુનો અનુભવ હોઈ શ્રીમહાપ્રભજીને 'પરમાનંદ' કહ્યા.

એક બીજો અર્થ પણ બતાવવામાં આવ્યો. શ્રીમહાપ્રભુજી પોતાને સેવક માને છે અને શ્રીઠાકોરજીને સ્વામી ગણે છે; છતાં નિત્યલીલામાં શ્રીઠાકોરજીનું જે સ્વરૂપ છે તે જ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું પણ છે. વળી નિત્યલીલામાં શ્રીમહાપ્રભુજી સાક્ષીસ્વરૂપે બિરાજે છે. સાક્ષીસ્વરૂપે શ્રીવલ્લભ સકળ લીલાના સ્વામી છે. સકળ લીલા ઉપર તેમનું આધિપત્ય છે. આમ, સ્વામી સ્વરૂપે બિરાજતા હોવા છતાં ક્યારેક પ્રભુ પોતાનો સ્વામિભાવ છોડી ભક્તોના સેવક બની જાય છે. જે ભોક્તા છે તે સ્વયં ભોગ્ય બને છે, ત્યારે તેમનું પરમાનંદ સ્વરૂપ પ્રગટ થાય છે.

ભક્તો માટે સ્વયં રસરૂપ બની જતા પ્રભુનું દર્શન આપણને રસખાનજીએ કરાવ્યું. રસખાનજી પરમાનંદરૂપ બ્રહ્મની શોધમાં હતા. આનંદરૂપ બ્રહ્મ તેમણે વેદ, ઉપનિષદોમાં જોયા હતા; પરંતુ પરમાનંદરૂપ બ્રહ્મનું દર્શન તેમને થયું ન હતું. આથી શોધતા શોધતા રસખાનજી ગોકુળમાં આવ્યા. રસખાનજીને રમણરેતીની નિકુંજોમાં નિકુંજલીલાનાં દર્શન થયાં. તે દર્શનથી રસખાનજી પાગલ થઈ ગયા. આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. રસખાનજીએ જોયું કે શ્રીરાધાજી ષોડશ શૃંગાર ધરી સિંહાસન ઉપર બિરાજ્યાં છે. સખીઓ ચામર ઢોળે છે, પંખા કરે છે; ત્યારે આપણા સ્વામી શ્રીનંદકિશોર શ્રીરાધાજીના સેવક બની, શ્રીરાધાજીનાં ચરણો પાસે બિરાજ્યા છે. પોતાની ગોદમાં શ્રીરાધાજીનાં ચરણો લઈ, ચરણસેવા કરી રહ્યા છે. ક્યારેક એ ચરણોને પોતાના મસ્તકે પધરાવે છે, તો ક્યારેક ચરણો હૃદય પર ચાંપે છે. ક્યારેક એ ચરણોની રજ આંખે લગાવે છે. શ્રીરાધાજી પોતાના ચરણોમાં મહેંદી લગાવવા શ્રીનંદકિશોરને આજ્ઞા કરે છે. શ્રીનંદકિશોર માખણ જેવાં કોમળ કુમકુમ - વરણાં ચરણોમાં ઉષાના રંગો જેવી મહેંદી લગાવે છે. ત્યારે એવાં દર્શન થાય છે કે જાણે શ્રીજમુનાજીમાં ઊગેલા કમળ સાચાં નથી, સાચાં કમળ તો અહીં ચરણોમાં બિરાજે છે. અનંત કમળો પણ

જેનાં ચરણારવિંદ પાસે ફિક્કા લાગે એવાં ચરણો શ્યામસુંદરની ગોદમાં બિરાજે છે. એ દર્શન કરીને રસખાનજીની આંખમાં આંસુ આવ્યાં. તેમણે ગદ્ગદ્ કંઠે ગાયું 'દેખ્યો કુંજ કુટિર, રાધા પાય પલોટત.' આ પ્રભુનું પરમાનંદ સ્વરૂપ છે. આવા પરમાનંદ સ્વરૂપ શ્રીવલ્લભને, શ્રીગુસાંઇજી વંદન કરે છે.

પુરુષાકાર ભગવાનનું દર્શન એટલે આનંદરૂપ દર્શન. ત્રિગુણ ભવન દર્શન એટલે પરમાનંદનું દર્શન. સેવકભાવરૂપે, સાક્ષીભાવરૂપે અને ભગવત્ સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પણ આપણને તેમના ત્રિગુણ ભવન સ્વરૂપનો અનુભવ કરાવે છે. ક્યારેક સ્વામી બનીને અનુભવ કરાવે છે તો ક્યારેક સેવક બનીને અનુભવ કરાવે છે. માટે જેમ પ્રભુ પરમાનંદ સ્વરૂપ છે. તેમ શ્રીમહાપ્રભુજી પણ પરમાનંદ સ્વરૂપ છે. તેથી આપણે તેમને વંદન કરીએ છીએ. **પરમાનંદાય નમઃ ।**

(૩) 'શ્રીકૃષ્ણાસ્યમ્' = શ્રીકૃષ્ણાસ્યાય નમઃ = શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ 'સુબોધિની' ગ્રંથોમાં પોતાનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરી કે હું વૈશ્વાનર અર્થાત્ અલૌકિક અગ્નિ સ્વરૂપ છું. વેદ મુજબ અલૌકિક અગ્નિ પ્રભુનું મુખારવિંદ છે. આથી શ્રીમહાપ્રભુજી ભગવન્ મુખારવિંદ સ્વરૂપ છે. સાથે સાથે શ્રીમહાપ્રભુજી દૈન્ય ભાવ પ્રગટ કરી આજ્ઞા કરે છે કે હું શ્રીકૃષ્ણનો દાસ છું. પોતાના ઘણા ગ્રંથોને અંતે શ્રીમહાપ્રભુજીએ પોતાનો આવો દાસભાવ પ્રગટ કર્યો છે. શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પોતાને પ્રભુની દાસી તરીકે સમજે છે. માટે શ્રીગુસાંઇજી મહારાજે આ ભાવના સ્વરૂપને અહીં વંદન કર્યું છે.

જ્યારે શ્રીમહાપ્રભુજીનું હૃદય શ્રીઠાકોરજીના સ્વરૂપમાં અને લીલાઓમાં ડૂબી જાય છે ત્યારે એ આનંદ સ્વરૂપ છે. જ્યારે શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીના હૃદયમાં ડૂબી જાય છે ત્યારે તે તેમનું પરમાનંદ સ્વરૂપ છે. આથી 'નિરોધ લક્ષણ'-માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે હું મારા પ્રાણનાથ પ્રભુમાં નિરુદ્ધ થઇ ગયો છું. હવે મારું ચિત્ત ચિત્તચોરને છોડી કયાંય જતું નથી. જેમ જળનું બિંદુ સિંધુ સુધી જાય તેમ મારું ચિત્ત ચિત્તચોરમાં તદ્રૂપ થઇ ગયું છે. મન કૃષ્ણને પકડનારું બની ગયું છે. આવા નિરુદ્ધ ચિત્તથી જ્યારે શ્રીમહાપ્રભુજી બોલે છે ત્યારે તેઓ આનંદ સ્વરૂપવાળા છે.

જ્યારે ભગવાન સ્વયમ્ અંતઃકરણમાં પધારે અને અનેક લીલાઓનો અંતઃકરણમાં અનુભવ કરાવે ત્યારે એ પરમાનંદ સ્વરૂપ છે. પ્રભુ સુધી જવું તે

આનંદ. પ્રભુ પોતાના આનંદને આપણા સુધી લઇ આવે તે પરમાનંદ. અરસપરસને મળવાના સામ-સામે બે રસ્તા છે. પરંતુ જ્યાં બંને મળી જાય તે રસ્તાનો કોઇ ખૂણો એ ત્રીજો રસ્તો છે. પ્રભુ સુધી જવું એ જીવની કૃતિ છે, પ્રભુ આપણી સામે પધારે તે પુરુષોત્તમની કૃતિ છે.

શ્રીમહાપ્રભુજીએ જ્યારે 'નમામિ હૃદયે શેષે' એ મંગલાચરણનો શ્લોક લખ્યો ત્યારે તેમને પરમાનંદ સ્વરૂપનો અનુભવ થયો. પ્રભુ લીલા પરિકર સહિત શ્રીમહાપ્રભુજીના હૃદયમાં આવી બિરાજ્યા હતા. આ રીતે શ્રીમહાપ્રભુજીનું આનંદ સ્વરૂપ છે અને પરમાનંદ સ્વરૂપ પણ છે. પુરુષોત્તમ રૂપે તેઓ આનંદ સ્વરૂપ છે અને શ્રીસ્વામિનીજી રૂપે તેઓ પરમાનંદ સ્વરૂપ છે. શ્રીઠાકોરજી પોતે જ પુરુષોત્તમ છે અને પોતે જ પોતાનો સ્ત્રીભાવ પ્રગટ કરી સ્વામિનીરૂપ બન્યા છે. માટે શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે સ્વામિનીભાવ સંયુક્ત અને ભગવદ્ભાવભાવિત શ્રીવલ્લભને હૃદયમાં ધારણ કરો.

'સૌંદર્ય પદ્ય' માં શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનાં ત્રણ સ્વરૂપો બતાવ્યાં. શ્રીપુરુષોત્તમ સ્વરૂપ, શ્રીસ્વામિની સ્વરૂપ અને સાક્ષી સ્વરૂપ. જ્યારે પરમાનંદ સ્વરૂપ અને આનંદ સ્વરૂપ મળીને ક્રીડા કરતા હોય ત્યારે એના સાક્ષીરૂપે શ્રીમહાપ્રભુજી છે. તેથી શ્રીમહાપ્રભુજીનું ત્રીજું નામ 'શ્રીકૃષ્ણાસ્યાય નમઃ' કહેવામાં આવ્યું.

શ્રીમહાપ્રભુજી જ્યારે શ્રીદામોદરદાસજીને આજ્ઞા કરતા કે 'દમલા, ભગવદ્ વાર્તા કિયે બડી બેર ભઇ', ત્યારે શ્રીસ્વામિનીભાવથી સાક્ષીરૂપે હૃદયમાં જે ભાવો પ્રગટ થતા તે કહેવા માટે આપ ઉત્સુક બનતા.

પ્રભુનું આનંદ અને પરમાનંદ સ્વરૂપ એમ શ્રીમહાપ્રભુજીનું પણ આનંદ અને પરમાનંદ સ્વરૂપ આપણે જોયું. આ સ્વરૂપ અમૃત સ્વરૂપ છે. જ્યારે ભગવન્મુખારવિંદ સ્વરૂપ અગ્નિસ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી અમૃત સ્વરૂપ પણ છે અને અગ્નિ સ્વરૂપ પણ છે. શ્રીમહાપ્રભુજી સ્વામિની સ્વરૂપે માતૃસ્વરૂપ છે અને પુરુષોત્તમ સ્વરૂપે પિતૃસ્વરૂપ છે. ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા એ આપનું અગ્નિ સ્વરૂપ. એ જ શ્રીકૃષ્ણાસ્યસ્વરૂપ છે.

આમ આપણે શ્રીમહાપ્રભુજીનાં ત્રણ નામનો વિચાર કર્યો. આ ત્રણેય નામો મુખ્ય નામો છે. કારણ કે શ્રીમહાપ્રભુજીનાં ત્રણ મુખ્ય સ્વરૂપો આ નામોથી સમજાય છે. બાકીનાં બધાં નામો આ ત્રણ મુખ્ય નામોનો વિસ્તાર છે. અહીં

આપણે આનંદ, પરમાનંદ અને શ્રીકૃષ્ણાસ્ય એવા શ્રીમહાપ્રભુજીનાં ત્રણે સ્વરૂપોને વંદન કરીએ. શ્રીકૃષ્ણાસ્યાય નમઃ.

(૪) 'કૃપાનિધિઃ' = કૃપાનિધયે નમઃ = કૃપાના ભંડાર એવા શ્રીમહાપ્રભુજીનું 'હું વંદન કરું છું.'

નિધિ એટલે ભંડાર. નિધિનો બીજો અર્થ છે સમુદ્ર. નિધિ શબ્દના આવા ઘણા અર્થો છે. આથી એમ સમજાય છે કે શ્રીમહાપ્રભુજી કૃપાના મહાસાગર છે. કૃપાનો મહાસાગર એટલે શું? આપણે આગળ જોઈ ગયા કે શ્રીમહાપ્રભુજીનું ભોક્તારૂપે આનંદ સ્વરૂપ, ભોગ્યરૂપે પરમાનંદ સ્વરૂપ અને સાક્ષીરૂપે શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપ છે. જેની અંદર આ ત્રણે સ્વરૂપો બિરાજતાં હોય એ જ સાચો ભંડાર (નિધિ) કહેવાય.

આપણા ઘરના ભંડારમાં ઘણી બધી જરૂરી, બિનજરૂરી વસ્તુઓ ભરેલી હોય છે. બેંકના લોકરમાં ઘણા દાગીના અને રૂપિયા પડ્યા હોય છે. પરંતુ એ બધું આપણા અંત સમયે કોઈ કામમાં આવતું નથી. કોઈ એમ કહેતું નથી કે આમના મૃતદેહને હીરાના દાગીના પહેરાવી દે. ઊલટાં એમ કહે છે કે આમના શરીર પરની સોનાની બંગડીઓ ઉતારી લો. જે વસ્તુઓ તિજોરીમાં પડી હોય, છતાં આપણા ઉપયોગમાં ન આવે તેને શું કરવાનું? જે ભંડાર જીવનમાં સાથ ન આપે, તે સાચો ભંડાર નથી. સાચો ભંડાર તો એ છે કે જેમાં શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી અને શ્રીમહાપ્રભુજી એ ત્રણે બિરાજતાં હોય.

જ્યારે નિત્યલીલામાં બિરાજતા શ્રીવલ્લભ પોતાના સાક્ષીરૂપને લઈને પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે તેમની સાથે આખોને આખો લીલાભંડાર પણ નીચે ઊતરી આવ્યો. શ્રીઠાકોરજીએ એ ભંડારને પૃથ્વી ઉપર મોકલી આપ્યો. આ ત્રણેય સ્વરૂપો તેમનાં હૃદયમાં બિરાજે છે તેવા આપણા નિધિ શ્રીમહાપ્રભુજી છે. આવા નિધિસ્વરૂપે પધારી તેમણે આપણા ઉપર કૃપા કરી, આપણો ઉદ્ધાર કર્યો છે, માટે તેઓ કૃપાનિધિ છે.

નિધિ એટલે ભંડાર. તેનો એક બીજો અર્થ ટીકાકારોએ સમજાવ્યો - લીલામાં ઈચ્છાશક્તિ શ્રીસ્વામિનીજી છે. જ્યારે કૃપાશક્તિ શ્રીયમુનાજી છે આ બંને શ્રીમહાપ્રભુજીમાં બિરાજે છે માટે શ્રીમહાપ્રભુજી કૃપાનિધિ છે.

શ્રીગોકુલનાથજીએ વિશેષમાં સમજાવ્યું કે, સમુદ્ર જળનો નિધિ છે. આ સમુદ્રમાંથી ગમે તેટલાં વાસણો ભરીએ તો તે વાસણો છલકાઈ જાય, પરંતુ સમુદ્ર

ઘટતો નથી. શ્રીમહાપ્રભુજી પણ કૃપાના એવા મહાસાગર છે. આપણે જેવડું પાત્ર લઈને તેમની પાસે જઈશું, તેવડું પાત્ર આપ છલકાવી દેશે. ખોબો લઈને જઈશું તો ખોબો છલકાવશે અને ગાગર લઈને જઈશું તો ગાગર છલકાવશે. શ્રીમહાપ્રભુજી આવા કૃપાના મહાસાગર હોવાથી, કૃપા માટે અધિકારી અથવા અનઅધિકારી જે જીવો તેમની પાસે આવ્યા, તે સૌને કૃપાનું દાન કરી, છલકાવી દીધા. માટે આપનું નામ પડ્યું કૃપાનિધિ.

સમુદ્રનું એક બીજું નામ છે રત્નાકર, કારણ કે સમુદ્રમાં ઘણાં રત્નો છે. સમુદ્રમાં રહેલાં રત્નો મરજીવા ડૂબકી લગાડી અંદરથી શોધી લાવે છે. મરજીવામાં ડૂબકી લગાડવાની જેટલી તાકાત હોય, એટલા ઊંડાણમાંથી તેને રત્નો મળે છે. શ્રીમહાપ્રભુજીના શરણાગત જીવો પણ આવા મરજીવાઓ છે. તેઓ શ્રીવલ્લભ સ્વરૂપરૂપી મહાસાગરમાં ડૂબકીઓ લગાવે છે. કૃપાનાથ શ્રીવલ્લભની કૃપાથી તેઓ અનેક રત્નો પ્રાપ્ત કરે છે. આમ શરણાગત જીવોને કૃપારત્નોનું દાન કરનાર શ્રીમહાપ્રભુજી છે.

શ્રીમહાપ્રભુજી પોતાને માટે પૃથ્વી ઉપર પધાર્યા નથી. આ દુનિયામાંથી તેમને કંઈ મેળવવાનું ન હતું. પરંતુ દુનિયામાં ભટકતા દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે આ અવતાર લીધો. નિત્યલીલામાંથી આપે ભૂતળમાં પધારી, ઘણો પરિશ્રમ કર્યો. આપે કૃપાના સાગરને પૃથ્વી ઉપર છલકાવી દીધો. શ્રીમહાપ્રભુજીનું ચરિત્ર આપણે જાણીએ છીએ. એટલે અહીં એનો વિસ્તાર નહીં કરીએ. શ્રીમહાપ્રભુજી આવા કૃપાના નિધિ મહાસાગર હોવાથી શ્રીગુસાંઈજીએ તેમને કૃપાનિધિ કહ્યા.

તમે આકાશમાં વાદળો જોયાં છે. વાદળોમાં વિવેક હોતો નથી. વાદળું ગમે ત્યાં વરસે છે. મીઠા જળનું વાદળું સમુદ્રમાં વરસે, ક્યારે સમુદ્રના ખારા જળમાં તેનું જળ પડતાં, એ મીઠું જળ ખારું બની જાય છે. ખાબોચિયામાં વરસતાં વાદળાનું સ્વચ્છ જળ ગંદુ બની જાય છે. વાદળની એક એક બુંદ ચાતકની ચાંચમાં પડતાં તેની પ્યાસ બુઝાવે છે. વાદળનું બિંદુ છીપમાં પડતાં મોતી બને છે. વરસવું એ વાદળનો સ્વભાવ છે. પણ વરસાદ વિવેક વગરનો કહેવાય છે. ચોખાને વધારે પાણીની જરૂર પડે છે. ઘઉંને ઓછા પાણીની જરૂર પડે છે. વિવેક વિનાનું વાદળું ચોખાના ખેતરમાં એક ખોબો પાણી ઠલવે તો ક્યારેક ઘઉંના ખેતરને પાણીમાં ડૂબાડી દે.

આથી કોઈકને એમ પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી પણ કૃપાનો વરસાદ વરસાવનારા છે તો શું શ્રીમહાપ્રભુજીની કૃપાવૃષ્ટિ વાદળના જેવી વિવેક વગરની

હશે? ના. શ્રીમહાપ્રભુજીની કૃપાદૃષ્ટિ વિવેકવાળી છે, તે કેવળ દૈવી જીવો ઉપર વરસે છે. જે કૃપાને ધારણ ન કરી શકે તેના ઉપર વરસતી નથી માટે કૃપાનિધયે નમઃ।

(૫) 'દૈવોદ્ધારપ્રયત્નાત્મા' = દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ = દૈવી જીવોના ઉદ્ધાર માટે જેમનો આત્મા સતત પ્રયત્નશીલ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીનો આત્મા એટલે કે અંતઃકરણ દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે સતત પ્રયત્નશીલ છે. સંસ્કૃતમાં 'આત્મા' શબ્દ ઘણા અર્થોમાં વપરાય છે. બ્રહ્મ માટે પણ આત્મા શબ્દ વપરાય છે તેમજ જીવ માટે પણ આત્મા શબ્દ વપરાય છે. તેવી રીતે અંતઃકરણ, શરીર, મન વગેરે માટે પણ આત્મા શબ્દ વપરાય છે. અહીં આત્મા શબ્દ અંતઃકરણના અર્થમાં વપરાયો છે.

ભગવાને ગીતામાં બે પ્રકારના જીવો બતાવ્યા છે. દૈવી જીવો અને આસુરી જીવો. આપણને વિચાર થશે કે ભગવાને આવા ભેદ કેમ કર્યા? આમ તો બધા જીવો પ્રભુમાંથી છૂટા પડ્યા, ત્યારે તો સરખા જ હતા. સળગતી સગડીમાંથી તણખાઓ નીકળે ત્યારે બધા તણખાઓ અગ્નિરૂપ હોય છે. તેવી રીતે બ્રહ્મમાંથી છૂટા પડેલા જીવો બ્રહ્મરૂપ હતા. ભગવાન સચ્ચિદાનંદ છે, માટે આ જીવાત્માઓ પણ સચ્ચિદાનંદ હતા. ભગવાનમાં છ પ્રકારનું ઐશ્વર્ય છે, તેથી જીવાત્માઓમાં પણ છ પ્રકારનું ઐશ્વર્ય હતું. ભગવાન પોતાના કૃતિરૂપા આ જીવાત્માઓને જોઈને ઘણા પ્રસન્ન થયા.

તેમણે વિચાર કર્યો કે આ બધા તો મારા જેવા જ છે. નવીન લીલા કરવા માટે એકસરખાં રૂપો ચાલે નહિ. રૂપોમાં વૈવિધ્ય જોઈએ. સ્વભાવ પણ અલગ અલગ જોઈએ. આથી ભગવાને આ બધા જીવોને જુદાં જુદાં રૂપ, રંગ અને ભાવનું દાન કર્યું. આ માટે ભગવાને આ જીવાત્માઓમાંથી પોતાનો આનંદ ચોરી લીધો. જીવ પૂર્ણાનંદ હતો, તે આનંદહીન બની ગયો.

ભગવાને પોતાની ક્રીડાના આનંદ માટે એક વિશેષ કાર્ય કર્યું. પોતાની માયા પ્રગટ કરી. જીવાત્માઓને માયાનું આવરણ આપ્યું. કોઈમાં માયાનો અંશ હતો, તો કોઈમાં માયા પૂર્ણરૂપે હતી. આમ જીવાત્માઓના જુદાં જુદાં રૂપ બન્યાં. કોઈ સ્ત્રી બની. કોઈ પુરુષ બન્યો. સ્ત્રી-પુરુષના સ્વભાવમાં એકતા ન મૂકી. શરીરમાં એકતા ન મૂકી. શરીરમાં સમાનતા દેખાવા છતાં કોઈપણ અંગમાં

એકસરખી સમાનતા ન મૂકી. આમ ભગવાને જીવોનાં રૂપ, રંગ, શરીર અને સ્વભાવ અલગ અલગ બનાવ્યાં.

કોઈને આસુરી સ્વભાવ આપ્યો, કોઈને દૈવી સ્વભાવ આપ્યો. જગતમાં આસુરી વૃત્તિવાળા અને દેવવૃત્તિવાળા જીવાત્માઓ પ્રગટ થયા. જેમનામાં કેવળ આસુરી વૃત્તિ હતી તે રાક્ષસ કહેવાયા. જેમનામાં આસુરી અને દેવવૃત્તિનું મિશ્રણ હતું તે મનુષ્ય કહેવાયા. જેમનામાં દેવવૃત્તિ હતી તે દેવો કહેવાયા.

મનુષ્યોમાં પણ ભગવાને બે ભાવ પ્રગટ કર્યા. એક આસુરીભાવ અને બીજો દૈવીભાવ. આસુરી ભાવવાળા જીવો સંસારમાં રચ્યા-પચ્યા રહ્યા. તેથી તેઓ પ્રવાહી જીવો કહેવાયા. દૈવી જીવો ભગવાનને પ્રાપ્ત કરવાની મથામણ કરતા રહ્યા. તેમાં શાસ્ત્ર પ્રમાણે ચાલનારા મર્યાદા જીવો કહેવાયા. ભગવાનમાં પૂર્ણ સ્નેહ રાખનારા પુષ્ટિ જીવો કહેવાયા.

ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું : હે અર્જુન! મારી માયાને જીતવી કપરી છે. માયાને વરેલા આસુરી સ્વભાવના જીવો અનંત જન્મો સુધી ભટક્યા જ કરે છે, છતાં ક્યારેય એમને પ્રાપ્તિ થતી નથી. જે લોકો મૂળથી આસુરીભાવને વરેલા છે એવા માણસો લાખ પ્રયત્ન કરે તો પણ પ્રભુ તરફ વળતા નથી. આવા જીવો બે પ્રકારના છે. (૧) દુર્જ્ઞ અને (૨) અજ્ઞ. આસુરી વાસનાને કારણે, જે સ્વભાવથી બગડેલા છે, તે દુર્જ્ઞ જીવો અને જે સંગથી બગડેલા છે તે અજ્ઞ જીવો. સ્વભાવ- દોષથી બગડેલા જીવો કદી સુધરતા નથી. જ્યારે સંગદોષથી બગડેલા જીવો સુધરી શકે છે. સત્સંગથી અજ્ઞ સુધરી શકે છે, પણ સત્સંગ દુર્જ્ઞ પુરુષને સુધારી શકતો નથી. જેમ કપડાં ઉપર કાચો રંગ લાગે તો દૂર થાય, પણ પાકો રંગ જતો નથી. સૂરદાસજી કહે છે ખલપુરુષની કાળી કામળને બીજો રંગ ચઢતો નથી.

આવા દુર્જ્ઞ પુરુષ માટે ભગવાને અવતાર લીધો નથી. તેનો ઉદ્ધાર કરવા કોઈ આચાર્યનું અવતરણ થયું નથી. કોઈ મહાપુરુષોએ તેમને ઉપદેશ આપ્યો નથી. સંસર્ગદોષથી બગડેલો અજ્ઞ જીવ સુધરી શકે છે. તેને સુધારવા માટે આચાર્યોએ પરિશ્રમ કર્યો છે.

શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય દૈવી જીવો માટે છે. આપણે આગળ જોઈ ગયા કે દૈવી જીવો બે પ્રકારના છે. મર્યાદા અને પુષ્ટિ. આ બંને જીવોનો ઉદ્ધાર શ્રીમહાપ્રભુજીએ કર્યો છે.

પ્રવાહી જીવોનું નિર્માણ પ્રભુના મનમાંથી થયું. ભગવાનને તેમની ઈચ્છાથી મનમાં જેમ તરંગો આવતા ગયા, તેમ તેમ પ્રવાહી જીવોનું નિર્માણ કર્યું. ઈચ્છા ઘણી ચંચળ હોય છે. તેને બાંધી શકાતી નથી. તેને બાંધવા માટે ભગવાને માણસને બુદ્ધિરૂપી દોરડું આપ્યું. તેનાથી પણ ઈચ્છાને કબજે રાખવાનું કામ ઘણું અઘરું છે. ક્યારેક તો બુદ્ધિ ન સ્વીકારે એવી ઈચ્છાઓ પેદા થાય છે. આમ, ભગવાનની ઈચ્છાથી પ્રગટ થયેલા પ્રવાહી જીવો ચંચળ પ્રકૃતિના હતા.

ભગવાને મર્યાદા જીવોને પોતાની વાણીમાંથી પ્રગટ કર્યાં. વેદમાં મોક્ષને ફળ કહ્યું છે, તે મેળવવા માટેના ઘણાં વિધિવિધાનો બતાવવામાં આવ્યા છે. મર્યાદા જીવો આ બધાં કર્મો તરફ રુચિ ધરાવનારા હોય છે. યજ્ઞ, તપ, જપ, તીર્થસ્નાન વગેરે તેઓ કરે છે. તેનાથી તેમને વધુમાં વધુ મોક્ષ મળે છે.

પુષ્ટિસૃષ્ટિ ભગવાનના શ્રીઅંગમાંથી પ્રગટ થઈ. જેવી રીતે બાળકનું કર્તવ્ય માતા-પિતાની સેવા કરવાનું છે તેમ પુષ્ટિજીવનું કર્તવ્ય પ્રભુની સેવા કરવાનું છે. કારણ કે બાળકનો માતા-પિતા સાથે જેમ શરીરનો સંબંધ હોય છે, તેમ પુષ્ટિજીવનો પ્રભુ સાથે શ્રીઅંગનો સંબંધ છે. માટે ભગવદ્રૂપની સેવા કરવી એ જ પુષ્ટિ-સૃષ્ટિનું કર્તવ્ય છે અને તે જ ફળ પણ છે. મર્યાદા જીવોના ઉદ્ધારનો માર્ગ તો વેદ વગેરે શાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે બતાવેલો હતો. પરંતુ પુષ્ટિજીવો માટે સેવાનો પ્રકાર અને માર્ગ શાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે બતાવેલો ન હતો. તેથી પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા છે, અને તેથી તે માટે આપ પ્રયત્નશીલ છે.

નિત્યલીલામાં બિરાજતા લીલાના જીવો કોઈક અપરાધને કારણે પૃથ્વી ઉપર અવતર્યા. તેમનો ઉદ્ધાર કરવા માટે શ્રીમહાપ્રભુજી પધાર્યા છે. 'ઉદ્ધાર' શબ્દનો અર્થ પણ સમજવા જેવો છે. જ્યાં પતન થાય ત્યાં ઉદ્ધાર હોય. પડનાર માણસને ઉપર ખેંચવો તેનું નામ ઉદ્ધાર. ઉપર રહેલાને ખેંચવાની જરૂર હોતી નથી. ઉપરથી નીચે પડવું એ ઉદ્ધાર માટે જરૂરી છે. દૈવી જીવો નિત્યલીલામાં આનંદનો અનુભવ કરનારા હતા. તેઓ ભૂતળમાં પછડાયા. તેમનું પતન થયું. એ પતન એટલું મોટું હતું કે તેઓ પોતાના પ્રાણનાથ પ્રભુને ભૂલી ગયા. તેને વર્તમાન સમય યાદ રહ્યો. તે પોતાનો ભૂતકાળ ભૂલી ગયો. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો એ મોટામાં મોટું પતન. પોતાના સ્વામી પ્રભુને ભૂલી ગયો એ પણ એવું જ મોટું પતન. આ પતનમાંથી નિત્યલીલાના જીવોનો શ્રીમહાપ્રભુજીએ ઉદ્ધાર કર્યો. એટલે કે આપણને બ્રહ્મસંબંધ આપી, આપણા પોતાના મૂળ સ્વરૂપને યાદ કરાવ્યું. જે પ્રભુને ભૂલી

ગયા હતા, તે પ્રભુ સાથેનો સંબંધ ફરી જોડી આપ્યો. અંતઃકરણમાં પ્રભુનાં મિલન માટેનો તાપ ક્લેશ પ્રગટ કરી આપ્યો. આમ, આપણામાં પ્રભુને પ્રાપ્ત કરવા માટેની ઝંખના પ્રગટ કરી, આનું નામ ઉદ્ધાર. આ રીતે શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો. આપણામાં પ્રભુપ્રાપ્તિની આર્તિ જાગે, પ્રભુનાં સેવાસ્મરણ કરવાની ઈચ્છા જાગે તો માનવું કે આપણો ઉદ્ધાર થયો છે. આ સ્મરણ ઉત્કટ અને તીવ્ર બનતાં પ્રભુને મેળવવાની ઝંખના જાગે છે. તેને આર્તિ કહેવામાં આવે છે. આપણે આરતીનાં દર્શન કરીએ છીએ, પરંતુ હૃદયમાં આર્તિ જાગતી નથી.

ઉનાળામાં બહુ તાપ પડે તો વાદળ બંધાય, અને વરસાદ વરસે. એમ પ્રભુને મેળવવાનો અલૌકિક તાપભાવ શ્રીમહાપ્રભુજી આપણામાં જગાડે છે. પછી પ્રભુ કૃપા કરી આપણા પર વરસે છે, આમ શ્રીમહાપ્રભુજી પ્રભુ સાથે પુષ્ટિજીવોનો સાક્ષાત્ સંબંધ કરાવી આપે છે.

આવા જીવો માટે શ્રીમહાપ્રભુજીએ અનહદ પ્રયત્નો કર્યા છે. ઘણો પરિશ્રમ કર્યો છે. પહેલો પરિશ્રમ એ કર્યો કે આપ નિત્યલીલાનો નિત્ય આનંદ છોડી, ભૂતળમાં પ્રગટ થઈને પધાર્યા. બીજો પરિશ્રમ એ કર્યો કે જીવોને સમજણ આપવા ઘણા ગ્રંથોની રચના કરી. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રગટ કર્યો. ત્રીજો પરિશ્રમ એ કર્યો કે બ્રહ્મસંબંધ મંત્ર પૃથ્વી ઉપર પ્રગટ થયો. ચોથો પરિશ્રમ એ કર્યો કે પોતાની સાથે શ્રીનાથજી બાવાને પણ પૃથ્વી ઉપર પ્રગટ કર્યા. પાંચમો પરિશ્રમ એ કર્યો કે સતત ત્રણવાર ભારતયાત્રા કરી, અનેક દૈવી જીવોને શરણે લીધા. આવા અનેક પરિશ્રમ શ્રીમહાપ્રભુજીએ કર્યા. દશ વર્ષની કોમળ વયથી માતાની આજ્ઞા લઈ ભારત- પરિક્રમા શરૂ કરી. આપ ખુલ્લા ચરણારવિંદે યાત્રા કરતા રહ્યા. આ યાત્રાથી શ્રીમહાપ્રભુજીને કોઈ પુણ્ય મેળવવાનું ન હતું. તીર્થયાત્રા તો એક બહાનું હતું, તે બહાને જ્યાં જ્યાં દૈવી જીવો વસતા હતા, ત્યાં ત્યાં પધારી, તેમનો ઉદ્ધાર કર્યો. આપ હિમાલય સુધી પધાર્યા. આપે કેવળ એક ધોતી-ઉપરણો ધારણ કર્યો. આપણે શ્રીવલ્લભના પરિશ્રમનો વિચાર કરીએ, તો આપણું મન ગદ્ગદ થાય છે.

આપની ભારતયાત્રા ધર્મ જાગૃતિનું બહુ મોટું સાધન હતી. ધર્મ અને સંસ્કૃતિનો ફેલાવો મંદિરમાં કે મઠમાં બેસીને થઈ શકતો નથી. તે માટે જનમન સુધી પહોંચવા ગલીએ ગલીએ ફરવું પડે છે. આજે પણ બદ્રિકાશ્રમની યાત્રા ઘણી કઠિન કહેવાય છે. શ્રીમહાપ્રભુજીએ ત્રણ ત્રણ વખત એ યાત્રા કરી હતી. જગતાનંદ

જેવા વિદ્વાન બ્રાહ્મણોનો આપે ઉદ્ધાર કર્યો. તેમના માટે ષોડશગ્રંથ, સુબોધિની, નિબંધ વગેરેની રચના કરી. આવા સાત્ત્વિક જીવોનો આ રીતે આપે ઉદ્ધાર કર્યો. જે તામસ જીવો હતા તેમને ચમત્કાર બતાવીને પોતાના શરણે લીધા અને તેમનો ઉદ્ધાર કર્યો. રાજસ જીવોને સેવાની પ્રવૃત્તિનું દાન કરી, તેમનો ઉદ્ધાર કર્યો. જીવ, સાત્ત્વિક, રાજસ કે તામસ ગમે તે હોય પણ કલિયુગમાં પ્રભુના ચરણની શરણાગતિ સિવાય તેના ઉદ્ધારનો બીજો કોઈ ઈલાજ નથી. શ્રીમહાપ્રભુજીએ આ જીવોને શરણાગતિનો અર્થ શીખવાડ્યો કે પોતાનું બધું જ પ્રભુને સોંપી દઈ પ્રભુમય બની જાઓ.

એક માણસ હતો. સમુદ્રના કિનારે ઊભો હતો અને સમુદ્રના તરંગોથી ડરતો હતો. બીજા ડાહ્યા માણસે કહ્યું તરંગો તને ડરાવી રહ્યા છે, કારણ કે તું તરંગોથી દૂર છે. તું પાણીમાં તરંગો પાસે પહોંચી જા. તરંગમય બની જા. પછી તરંગોનો ડર લાગશે નહિ. શરણાગતિમાં પણ આવું જ છે. પ્રભુમાં આપણે એટલા બધાં ઓતપ્રોત થઈ જઈએ કે આપણે પ્રભુના તરંગોમાં ડૂબી જઈએ. શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવોને શરણાગતિનો આવો સરળ અને ઉત્તમ માર્ગ આપ્યો.

દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીમહાપ્રભુજીએ આવા અનેક પરિશ્રમ કર્યા માટે આપનું નામ પ્રગટ થયું. દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ.

(૬) 'સ્મૃતિમાત્રાર્તિનાશનઃ' = સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ = સ્મરણમાત્રથી આપણા તાપને દૂર કરનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણને શરણે લઈ પ્રભુના વિરહતાપની આર્તિ આપનારા શ્રીમહાપ્રભુજી છે, તો તે આર્તિનું સમાધાન પણ શ્રીમહાપ્રભુજી કરે છે. જેમ જેમ આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથો વાંચવા લાગીશું, તેમ તેમ આપણને શ્રીમહાપ્રભુજીનું સાન્નિધ્ય પ્રાપ્ત થશે, કારણ કે ગ્રંથોમાં વાણી સ્વરૂપે શ્રીમહાપ્રભુજી બિરાજે છે. એ ગ્રંથોના સેવનથી આપણામાં પ્રભુને મળવાની સતત ઝંખના અને આર્તિ જાગશે. મને ક્યારે પ્રભુનાં દર્શન થાય એવી ઉત્કટતા તેમાંથી પ્રગટ થશે.

આજે આપણે પ્રભુનાં દર્શન કરીએ છીએ. છતાં પ્રભુનાં સાક્ષાત્ દર્શન માટેની આપણા હૃદયમાં આર્તિ નથી. વૈષ્ણવ બહેનો સોળે શણગાર સજી દર્શન કરવા જાય છે. પરંતુ મંદિરની ભીડમાં તેમને શ્રીઠાકોરજીનાં દર્શન કરવાનો રસ

રહેતો નથી. તેમનું ધ્યાન તેમનાં ઘરેણાં સાચવવામાં હોય છે. તેથી મંદિરમાં તેઓ શ્રીઠાકોરજીને જોવાને બદલે પોતાને જ જોયા કરે છે. કોઈ પૂછે કે આજે શ્રીઠાકોરજીએ કયા શૃંગાર ધર્યા હતા? તો આપણે મનમાં કહીશું કે હું મારા શણગાર જોવામાંથી ઊંચી આવું ત્યારે શ્રીઠાકોરજીના શણગાર જોઉંને? આને લઈને આપણામાં પ્રભુને મળવાની આર્તિ જાગતી નથી.

આજે જગતમાં આપણે આપણી જાતને સર્વત્ર જોયા કરીએ છીએ. પુત્રને જોતાં, પત્નીને જોતાં, પતિને જોતાં, મિત્રોને જોતાં આપણી જાતમાં જ ધ્યાન રહે છે. માણસ જ્યારે એમ કહે છે કે હું પુત્રને, પત્નીને, મિત્રને પ્રેમ કરું છું ત્યારે ખરેખર તો તેની જાત સાથે જ પ્રેમ કરી રહ્યો છે. ઘરની દરેકે દરેક વસ્તુમાં આપણે આપણું અસ્તિત્વ અનુભવીએ છીએ. આ સંજોગોમાં પ્રભુને જોવાની ઉત્કટ ઝંખના આપણને થતી નથી. જે દિવસે આપણે આપણી જાતમાંથી બહાર નીકળી, પ્રભુને જોવાની ઝંખના રાખીશું તે દિવસે આપણા હૃદયમાં આર્તિ જાગશે.

રાસલીલાના પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર વાત સમજાવી. ગોપીજનો વચ્ચેથી શ્રીઠાકોરજી સંતાઈ કેમ ગયા? પ્રેમમાર્ગમાં નિયમ છે કે તમારે પ્રિયતમને છોડીને, કોઈ બીજાના ઉપર દૃષ્ટિ નાંખવી નહિ. ગોપીજનોએ આ નિયમ તો પાળ્યો જ હતો. પ્રભુને છોડી તેઓ ક્યાંય ગયા ન હતા પરંતુ તેમણે એક અપરાધ કર્યો હતો. પ્રભુની હાજરીમાં તેમને છોડી તેઓ પોતાની જાતમાં તન્મય થઈ ગયાં હતાં. તેઓ પોતાને જોતાં જોતાં એવાં તન્મય બની ગયાં કે તેમને લાગવા માંડ્યું અમે પૂર્ણ છીએ, અમે આનંદમય છીએ. આમ પ્રભુમાંથી દૃષ્ટિ હટાવી, પોતાનામાં એ દૃષ્ટિને જોડતાં, તેમણે પ્રભુનો અપરાધ કર્યો. પ્રભુએ કહ્યું તમે અન્યાશ્રય કર્યો છે. કારણ તમારી દૃષ્ટિ મને છોડી ગઈ છે. તેથી પ્રભુ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

આર્તિ જાગવાનો અર્થ એટલો છે કે આપણે આપણી જાતમાંથી બહાર આવીએ. પ્રાણનાથ પ્રભુને મેળવવા માટે, જોવા માટે, સતત વિરહતાપ વધારીએ. એમનું સ્મરણમાત્ર આપણાં હૃદયમાં ભડકો કરનારું થવું જોઈએ. તે માટે ભગવત્‌કથાઓ છે. ભગવત્‌કથાઓ પ્રભુનું સ્મરણ અને આર્તિ વધારનારાં છે. શ્રીઠાકોરજીની સેવા કરતાં તેમનું દર્શન, સ્મરણ અને આર્તિ વધારનારું છે. વ્રજમંડળમાં વાસ અને યમુનાપાન પણ સ્મરણ અને આર્તિ વધારે છે. આ બધાં આપણા સ્મરણરૂપી અગ્નિને પ્રજ્વલિત કરે છે.

આપણે સગડી સળગાવવી હોય તો કાકડો પેટાવી, કોલસા વચ્ચે મૂકી, પંખો નાંખવો પડે છે જેમ જેમ પવન વધે, તેમ તેમ અગ્નિની જવાળાઓ પણ વધે છે. આપણા પ્રિયતમ પ્રભુના સંબંધની જે જે વસ્તુઓ હોય, તેમના સંસર્ગમાં આપણે જેમ જેમ વધુ આવીએ, તેમ તેમ એ સંસર્ગ સ્મરણ અને આર્તિ વધારે છે.

જ્યારે શ્યામસુંદર વ્રજમંડળ છોડીને પધાર્યા ત્યારે ગોપીઓ વિરહ કરતી. કોઈ વ્રજવાસી શ્યામસુંદરની જેમ વેણુ વગાડતો તો ગોપીઓ કહેતી, 'ભૈયા, અબ તુમ ઈતની વેણુ મત બજાવો. કોઈ ગોપી યશોદામા પાસે માખણ લઈને આવતી તો માનાં નેત્રોમાંથી દડદડ આંસુ પડતાં અને મા કહેતાં, 'મેરે આગે માખન મત લાઓ. માખનકો દેખકર મુઝે મોહનકી યાદ આ રહી હૈ.'

શ્રીઠાકોરજીના સંસર્ગની તમામ વસ્તુઓ આપણને સ્મરણરૂપી અગ્નિ આપે છે. તેમ દાઝતાં આપણાં હૃદયોને શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનો સંપર્ક કરાવી શીતળ કરે છે.

આર્તિના બે પ્રકાર છે. લૌકિક આર્તિ અને અલૌકિક આર્તિ. લૌકિક આર્તિ પીડારૂપ હોય છે. તે દુ:ખ આપનારી છે. અલૌકિક આર્તિ આનંદરૂપ હોય છે. વિરહમાં પણ એ જ પ્રકારના સુખનો અનુભવ થાય છે. ભક્તિમાર્ગમાં વિરહતાપની આર્તિ પ્રગટ થાય ત્યારે હૃદયમાં ઉત્સવનો અનુભવ થાય છે. આવો અનુભવ લૌકિકમાં થતો નથી. એક કવિએ સુંદર વાત બતાવી. તે બધાંને પૂછવા લાગ્યો, આજે મને બધું ઉત્સવ જેવું કેમ લાગ્યા કરે છે? કોઈએ પૂછયું, તને કેવો ઉત્સવ લાગે છે? તેણે કહ્યું, મારી આંખમાં મેળો ભરાયો છે. આવો ઉત્સવ કોઈ દિવસ આપણી આંખમાં આપણે ઉજવ્યો છે? શ્રીઠાકોરજી ન મળવાથી આંખમાંથી આંસુ ઝર્યાં છે? આ આંસુઓનો મેળો ભરાતો હોય તો એ મેળામાં ક્યારેક આપણા પ્રિયતમં દેખાઈ જાય. આપણને ભગવન્ મિલનની આર્તિ વધે તે માટે શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરવું. શ્રીમહાપ્રભુજી આપણને પ્રભુનો સંગમ અવશ્ય કરાવશે. માટે આપણા સેવાપ્રકારમાં શ્રીઠાકોરજીને જગાવતાં પહેલાં શ્રીમહાપ્રભુજીનું પદ ગવાય છે. આમ, શ્રીગુસાંઈજી મહારાજે આપણને સમજાવ્યું કે, શ્રીઠાકોરજીને મેળવવાનો વિરહતાપ વધારવા અને શ્રીઠાકોરજીને મળ્યા પછી હૃદયને આનંદ અનુભવવા માટે શ્રીમહાપ્રભુજીની કૃપા જરૂરી છે. જે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનું રાતદિવસ સ્મરણ કરે છે, તેમના હૃદયના તાપ શ્રીમહાપ્રભુજી મિટાવે છે.

શ્રીગુસાંઇજી મહારાજે આગળ દૈવોદ્ધાર પ્રયત્નાત્મને નમઃ એવું માત્ર સમજાવ્યું હતું. આ નામમાં શ્રીમહાપ્રભુજીનો અલૌકિક ઐશ્વર્ય ગુણ રહેલો છે. સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ આ નામમાં શ્રીમહાપ્રભુજીનો અલૌકિક વીર્ય ગુણ રહેલો છે. હવે નવું નામ પ્રગટ કરે છે, જેમાં શ્રીમહાપ્રભુજીનો અલૌકિક યશ ગુણ રહેલો છે. સ્મૃતિમાત્રાર્તિનાશનાયનમઃ ।

શ્લોક-૮ :

શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈક - સ્થાપકો વેદપારગઃ ।।૮।।

શબ્દાર્થ : (૭) **શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશન પરાયણઃ** = શ્રીભાગવતના ગૂઢ અર્થને સ્પષ્ટ કરવામાં તત્પર (૮) **સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ** = સાકાર બ્રહ્મવાદને સૌથી પહેલા સ્થાપનાર (૯) **વેદપારગઃ** = વેદનો પાર પામેલા (શ્રીમહાપ્રભુજી છે.)

વિવરણ :

(૭) 'શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશન પરાયણઃ' = શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણાય નમઃ = શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રગટ કરવામાં જે તત્પર છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જેમ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનો એક હેતુ દૈવી જીવોના ઉદ્ધારનો છે, તેમ બીજો હેતુ શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રગટ કરવાનો છે, કારણકે શ્રીભાગવતના ગૂઢ અર્થો શ્રીમહાપ્રભુજી સિવાય બીજું કોઇ જાણી શક્યું નથી. ભારતના ચારેખૂણે શ્રીભાગવતની ઉપર ઘણી ટીકાઓ લખાઇ છે, ઘણા મહાત્મા, સંતો અને આચાર્યો શ્રીભાગવતનાં રત્નોની ભાળ મેળવવા મથ્યા છે. પરંતુ શ્રીમહાપ્રભુજીની જેવી ઉત્તમ ટીકા કોઇપણ આચાર્યે રચી નથી.

પ્રથમ સ્કંધની શરૂઆતનાં 'સુબોધિની'માં શ્રીમહાપ્રભુજીએ સ્વમુખથી આજ્ઞા કરી કે હે વૈષ્ણવો : મારો અવતાર જ શ્રીભાગવતના ગૂઢ અર્થો સમજાવવા માટે છે. કારણ શ્રીમહાપ્રભુજી વાક્પતિ વૈશ્વાનર છે. ભગવાનનું સ્વરૂપ ભગવાન સિવાય અન્ય કોણ સમજાવી શકે?

શ્રીભાગવત અઢાર હજાર શ્લોકોની બાર સ્કંધ યુક્ત સંહિતા છે. તેમાં ૩૩૫ અધ્યાયો છે. સમસ્ત ભગવાન શ્રીગોવર્ધનનાથજીનું નામાત્મક સ્વરૂપ છે.

એક એક સ્કંધ પ્રભુનું એક એક અંગ છે. દશમ સ્કંધ પ્રભુનું હૃદય છે. તમામ સ્કંધોમાં ગૂઢાર્થ છે, પરંતુ દશમ સ્કંધના ગૂઢાર્થો વધારે અલૌકિક છે. આ દશમ સ્કંધનું હૃદય રાસપંચાધ્યાયી છે. પ્રભુની રાસલીલાને શ્રીશુકદેવજી પણ પૂરી સમજાવી શક્યા નથી. પરીક્ષિત રાજા જેવા પરમત્યાગી શ્રોતા પણ રાસલીલાનું રહસ્ય સમજી શક્યા નથી. એમની બુદ્ધિ રાસલીલાને ગ્રહણ કરી શકી નથી. તેથી શંકાઓનાં છિદ્રો એમના મનમાં જાગ્યાં. તેમણે શુકદેવજીને પ્રશ્ન કર્યો કે પારકી સ્ત્રીઓ સાથે શ્યામસુંદર આમ રાસ કેમ રમ્યા? રાસમાં વિહાર કરતા શ્રીઠાકુરજીનું સ્વરૂપ ગૂઢ છે. શ્રીઠાકોરજીની નિત્યલીલા, નિકુંજલીલા, ગોલોકધામની લીલા એવી અનેક અનેક અતિ ગૂઢ લીલાઓની આછી ઝલક રાસલીલામાં બતાવવામાં આવી છે. એનું ગૂઢ તાત્પર્ય સમજાવવા માટે શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર પ્રગટ થયા છે.

તદુપરાંત દશમ સ્કંધમાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત અને ભ્રમરગીત લીલાઓનું સ્મરણ પણ જેવું શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે, તેવું બીજા કોઈ સમજાવી શક્યા નથી. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શ્રીકૃષ્ણ રસરૂપ બ્રહ્મ છે. તેમના સંયોગ અને વિપ્રયોગ એવાં બંને સ્વરૂપો છે. માટે આ બંને સ્વરૂપોનો અનુભવ જરૂરી છે સંયોગ અને વિપ્રયોગની ગૂઢ વાત શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવી. શ્રીમહાપ્રભુજીએ તે દ્વારા એમ બતાવ્યું કે પ્રભુના ધર્મસંયોગ અને ધર્મી સંયોગ એવાં બે સ્વરૂપ છે. તે જ પ્રમાણે ધર્મવિપ્રયોગ અને ધર્મી વિપ્રયોગ એવાં પણ બે સ્વરૂપો છે આવા સ્વરૂપોનું વર્ણન અન્ય કોઈ ટીકાકારે કર્યું નથી. અવતારલીલામાં ઈન્દ્રિયો દ્વારા બાહ્ય અનુભવ થયો. તે સંયોગ સ્વરૂપ છે. અનવતાર સમયમાં અંતઃકરણમાં જે અનુભવ થયો તે વિપ્રયોગ સ્વરૂપ. આ બધું વર્ણન કરી શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત્ લીલાનું સ્વરૂપ પ્રગટ કરી, શ્રીભાગવતના ગૂઢ અર્થો સમજાવ્યા છે.

આ માટે શ્રીમહાપ્રભુજીએ બે ગ્રંથો લખ્યા. શ્રીભાગવતાર્થપ્રકરણ અને શ્રીસુબોધિની, શ્રીભાગવતાર્થ પ્રકરણમાં શ્રીભાગવતજીના ચાર પ્રકારે અર્થો આપ્યા. શાસ્ત્ર, પ્રકરણ, સ્કંધ અને અધ્યાય, શાસ્ત્રીય રહસ્ય, સ્કંધનું રહસ્ય, પ્રકરણનું રહસ્ય, અને અધ્યાયનું રહસ્ય તેમાં બતાવ્યું. શ્રીસુબોધિનીમાં વાક્ય, પદ અને અક્ષરનું રહસ્ય પ્રગટ કર્યું. આમ આપે શ્રીભાગવતજીના ગૂઢ અર્થોનું પ્રકાશન કર્યું.

શ્રીસુબોધિનીજી લખવાનો પ્રારંભ કર્યા પછી પ્રથમ ત્રણ સ્કંધ ઉપર ટીકા લખાઈ, ત્યારે શ્રીનાથજીબાવાએ શ્રીવલ્લભને નિત્યલીલામાં પાછા પધારવાની આજ્ઞા કરી. આથી ચોથા સ્કંધની ટીકા લખવાનું છોડી, આપે સીધો દશમ સ્કંધ હાથ પર લીધો. સંપૂર્ણ દશમ સ્કંધની ટીકા અને એકાદશ સ્કંધની થોડીક ટીકા લખાઈ. ત્યારે ફરી શ્રીઠાકોરજીની આજ્ઞા થઈ. દરમ્યાનમાં આ ટીકા લખવા માટે લહિયા તરીકેની સેવા કરતા માધવભટ્ટ કાશ્મીરીને બાણ વાગવાથી તેમનો દેહ છૂટી ગયો. તેથી લેખનકાર્ય અટકી ગયું. આમ આજે આપણને પ્રથમ ત્રણ સ્કંધ, દશમ સ્કંધ અને થોડાક અગિયારમા સ્કંધ ઉપરની શ્રીસુબોધિનીજીની ટીકા મળે છે.

ઘરમાં લગ્ન આવે ત્યારે કોઈ છોકરો માંદો પડે છતાં જમણવારમાં વધારે ખાય તો તેનો રોગ વધે. આપણા જેવાની સ્થિતિ આવી છે. ભગવદ્‌રસ ધારણ કરવા આપણે અપાત્ર છીએ. માટે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે શ્રીભાગવતના વધારે ગૂઢ અર્થો આપ પ્રગટ કરશો નહિ.

આમ, શ્રીભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરનારા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણાય નમઃ ।

(૮) 'સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ' = સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ = સાકાર બ્રહ્મવાદનું સ્થાપન કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીભાગવતના અઢાર હજાર શ્લોકની આ સંહિતામાં કેવળ સાકાર બ્રહ્મના આનંદનું નિરૂપણ છે, એમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે. સમગ્ર શ્રીભાગવત કૃષ્ણલીલાને કેન્દ્રમાં રાખીને રચાયું છે. જ્યાં સુધી આપણે કૃષ્ણને રસબ્રહ્મ તરીકે નહીં સ્વીકારીએ ત્યાં સુધી સાકાર બ્રહ્મનું સ્વરૂપ સમજમાં આવશે નહિ. 'આનંદમાત્ર કરપાદમુખોદરાદિ' બ્રહ્મને નહિ માનીએ, ત્યાં સુધી શ્રીભાગવતજીની લીલામાં આનંદ ક્યાંથી આવે?

દશમ સ્કંધમાં માખણચોરીની લીલા આવે છે. જો બ્રહ્મને હસ્તચરણ વગેરે ન હોય તો આ લીલા બને કેવી રીતે? શ્રીભાગવતજીમાં મધુરી બાલલીલાઓ અને કિશોરલીલાઓ પણ છે. રાસલીલાનું પણ તેમાં નિરૂપણ થાય છે. કેવળ સાકાર બ્રહ્મને કારણે જ આ લીલાઓનો અનુભવ થાય છે. આમ શ્રીભાગવતમાં ડગલેને પગલે શ્રીમહાપ્રભુજીએ સાકાર બ્રહ્મનું નિરૂપણ પ્રગટ કર્યું છે.

શ્રીભાગવતજીની શરૂઆતમાં જ નરાકાર પુરુષોત્તમની સ્તુતિ છે. પ્રથમ સ્કંધની કથા જુઓ. પરમ વૈરાગી અને પરમજ્ઞાની શ્રીશુકદેવજી મહારાજ શિવજીનું રૂપ છે. તેઓ માનતા હતા બ્રહ્મ નિર્ગુણ અને નિરાકાર છે. બ્રહ્મનો આ રીતે વિચાર કરતાં કરતાં શુકદેવજી મહારાજ વ્યાસજીનો આશ્રમ છોડીને ચાલ્યા ગયા. એકાંતમાં હિમાલયની ગુફાઓમાં નિરાકારનું ધ્યાન ધરવા લાગ્યા. એક દિવસ તેમના કર્ણમાં મીઠા મંગલ શ્લોકોનો ધ્વનિ ગૂંજવા લાગ્યો. વ્યાસજીએ તેમના શિષ્યોને શ્રીભાગવતજીના એ શ્લોકો ભણાવી મોકલ્યા હતા. વ્યાસજીએ શિષ્યોને કહ્યું હતું તમે મારા પુત્રના કાનમાં આ શ્લોકોને રેડો. તે નિરંજન નિરાકારનું ધ્યાન ધરતો હશે, તો પણ આ શ્લોકો સાંભળીને સગુણ સાકારનો ભક્ત થઇ જશે.

આ શ્લોકો સાંભળતાં સાંભળતાં શુકદેવજી મહારાજ મનથી વૃંદાવનમાં પહોંચી ગયા. જ્યાં બપોરનો સમય હતો. ગોચારણ લીલા થઇ રહી હતી. શુકદેવજીના અંતઃકરણમાં નટવરલાલ નંદકિશોરનું સ્વરૂપ નાચવા લાગ્યું. વાંકડિયા કેશમાં એમણે મોરપિચ્છ બાંધ્યું હતું. શૃંગારરસનાં બે દલ છે : સંયોગ અને વિપ્રયોગ. એ બંને રસના નિધિ સ્વરૂપે કર્ણમાં કરેણનું ફૂલ ખોસ્યું હતું. પીતાંબરનો કચ્છ કમર પર બાંધ્યો હતો. કંઠમાં વૈજયન્તીમાળા ધારણ કરી હતી. અધરો ઉપર વેણુ ધરી, મીઠા મીઠા સૂર વગાડતા ફરતા હતા. તેમની બંસીનો નાદ ગૂંજતો શુકદેવજીના કાનથી કાળજા સુધી પહોંચી ગયો. શુકદેવજી ધૈર્ય ધારણ કરી ન શકયા. તેઓ વ્યાકુળ બની ગયા. ત્યાં વૃંદાવન વિહારીલાલનો જય જયકાર થયો. આગળ આગળ ધેનુ, અધરો ઉપર વેણુ અને વાંકડિયા કેશમાં રેણુ એવા શ્યામસુંદર જાણે વૃંદાવનમાં પરિભ્રમણ કરતા સામે પધારી રહ્યા છે.

શુકદેવજીનું હૈયું હાથમાં ન રહ્યું. તેઓ ગુફામાંથી બહાર આવ્યા. પેલા વિદ્યાર્થીઓના હાથ પકડી લીધા. તેમણે વિનંતી કરીઃ મને આવા શ્લોકો વધારે સંભળાવો. વિદ્યાર્થીઓએ કહ્યુંઃ બાપજી, આ નટવરલાલ ગાયો ચરાવવા જાય, ત્યારે આવા લાગે છે. પરંતુ ગાયો ચરાવીને પાછા ગોકુળ પધારતા હોય, ત્યારે કેવા લાગે છે તે સાંભળો. એમના વાંકડિયા કેશમાં ગાયોની રજ છવાયેલી છે. કમળનો રસ પીવા માટે ભમરાઓ ગુંજારવ કરે છે. તેમ કૃષ્ણરસ પીવા માટે ગોપીજનોનાં નેત્રો ભ્રમર બની કૃષ્ણમુખ ઉપર લાગી રહ્યાં છે. ચાતક જેમ સ્વાતિ બિંદુની વાટ જુએ, તેમ વ્રજભક્તોનાં મન કૃષ્ણરૂપી બિંદુની વાટ જોતાં બારણે ઊભેલા છે. સાંજનો સમય છે. આખું વ્રજમંડળ કામ-ઠામ છોડી કૃષ્ણના આગમનની પ્રતીક્ષા કરી રહ્યું

છે. કમળદલલોચન કૃષ્ણના મુખારવિંદનાં દર્શનથી દિવસભરનો તેમનો તાપ શીતળ બન્યો છે.

શુકદેવજીને બહુ આનંદ થયો. તેઓ વિચારવા લાગ્યા ગાયો ચરાવવા જાય ત્યારે આટલા રૂપાળા, અને ગાયો ચરાવીને પાછા આવે ત્યારે પણ આટલા રૂપાળા! મોઢું લૂછેલું હોય તોયે રૂપાળું અને રજથી ખરડાયેલું હોય તોયે રૂપાળું. અલૌકિક સૌંદર્યની કલ્પના કરતાં કરતાં સૌંદર્યના આનંદમાં શુકદેવજી ડૂબી ગયા ત્યારે પેલા વિદ્યાર્થીઓએ કહ્યું, એમનું એકલું સ્વરૂપ જ સુંદર નથી, તેમનો સ્વભાવ પણ સુંદર છે.

સુંદર સ્વભાવનું વર્ણન કરતો એક શ્લોક તે વિદ્યાર્થીઓએ કહ્યો, જે ઉદ્ધવજીએ વિદુરજીને સંભળાવ્યો હતો. હે વિદુર, પ્રાણનાથ પ્રભુનો સ્વભાવ એવો છે કે પૂતના દૂધની સાથે ઝેર પિવડાવવા તૈયાર થયેલી ત્યારે પૂતનાનું દૂધ તો લાલાએ પીધું. પણ સાથે સાથે તેનું ઝેર પણ પીધું. ઝેર પીતાં પીતાં પૂતનાના પ્રાણોમાં રહેલા સોળ હજાર બાળકોના પ્રાણ પણ લાલાએ પોતાના પ્રાણોમાં ખેંચી લીધા. પછી શ્રીબાલકૃષ્ણલાલે વિચાર કર્યો આમ તો પૂતના મને મારવા આવી છે. પરંતુ તે ઈચ્છે તે લોકની તેને પ્રાપ્તિ કરાવું. આકુળવ્યાકુળ બનેલી પૂતના કહેવા લાગીઃ લાલા! મને જે નરકમાં નાંખવી હોય ત્યાં નાંખ. હું તેને લાયક છું. કરુણાનિધાન કૃષ્ણના મનમાં કરુણા જાગી. તેમણે પૂતનાને કહ્યું : તું નાટક કરનારી નટી છે. તું માતાનો વેશ લઈને આવી છે માટે જે ઊર્ધ્વલોકમાં હું મારી માતાને મોકલું, તે લોકમાં તને પણ મોકલું છું. આમ પૂતનાને પ્રભુએ મોક્ષ આપ્યો.

આ સાંભળી શુકદેવજી રડી પડ્યા. તેઓ વિચારવા લાગ્યા કૃષ્ણથી મોટો દયાળુ કોણ હોય? પ્રેમ કરે એને તો સૌ પ્રેમ આપે. પરંતુ દ્વેષ કરનારને પણ પ્રેમમાં ભીંજવી દે એ ભગવાન. શુકદેવજીએ પેલા વિદ્યાર્થીઓને કહ્યું, ભાઈ! તમે જે ભગવાનની વાતો કહો છો, તે ભગવાન ક્યાં છે? તે ભગવાનના આવા શ્લોકો તમને કોણે શીખવ્યા? શિષ્યોએ કહ્યુંઃ મહારાજ, અમે તો થોડાક સેમ્પલ તમારી પાસે લાવ્યા છીએ. બાકી માલ તો ઘણો કિંમતી છે. અઢાર હજાર શ્લોકોનો છે. અમારી સાથે પધારો તો બધો માલ મળી શકશે. શુકદેવજીએ કહ્યુંઃ તમે મને બધો માલ આપો તો હું તમારી સાથે આવું. શિષ્યોએ કહ્યુંઃ બાપજી, એની કિંમત જાણો છો? શુકદેવજીએ કહ્યુંઃ વધુમાં વધુ શી કિંમત હશે? એ માલ માટે મારું સર્વસ્વ, મારી જિંદગી આપી દેવા તૈયાર છું. અઢાર હજાર શ્લોકોના ખજાનાના બદલામાં

મારું આખું જીવન તમારા ચરણોમાં મૂકી દઈશ. પોતાની જાતને અર્પણ કરવા કરતાં બીજું મોટું મૂલ્ય કયું હોય?

અઢાર હજાર શ્લોકોનો ખજાનો મેળવવા શુકદેવજી વ્યાસનારાયણની ગુફામાં પધાર્યા. ત્યાં વ્યાસજીને જોતાં જ ઓળખી લીધા. આ તો મારા પિતા છે! દોડીને વ્યાસજીનાં ચરણોમાં વંદન કર્યાં. વ્યાસજીએ કહ્યું: બેટા, આ રત્નો છોડીને ગુફાની ધૂળ ફાકવા ક્યાં ગયો હતો? શુકદેવજીએ કહ્યું: તમારી વાત સાચી છે. નિર્ગુણ નિરંજન નિરાકારનો જપ જપીને મને કંઈ ન મળ્યું. વ્યાસજીએ તેમને શ્રીભાગવતના અઢાર હજાર શ્લોકો કહ્યા. તે દિવસથી શુકદેવજીને શ્રીભાગવતજીનું રટણ કરવાની ટેવ પડી ગઈ. તેઓ સગુણ સાકારના ગુણો ગાતા થાકતા જ નથી.

પ્રથમ સ્કંધમાં પ્રથમ શ્લોક એટલો સુંદર છે કે શ્રીચૈતન્ય મહાપ્રભુએ તેના લગભગ સાતથી પણ વધારે અર્થો બતાવ્યા છે. આ શ્લોક ઉપર એક સ્વતંત્ર ગ્રંથ લખ્યો છે. આત્મામાં રમણ કરનારા મુનિઓ ભગવાનના આવા સ્વરૂપની ભક્તિ કરે છે. તેઓ નિષ્કારણ ભક્તિ કરે છે. શુકદેવજીને કોઈ પૂછે કે તમને કૃષ્ણ કેમ પ્રિય છે? તો શુકદેવજી કહે છે કે એની મને ખબર નથી. એટલી ખબર છે કે કૃષ્ણ મને ઘણા પ્રિય છે. પ્રેમ જાગવાનું કારણ પણ ન સમજાય એવા પ્રેમને અહૈતુકી ભક્તિ કહેવામાં આવે છે.

સાકાર બ્રહ્મનું એટલું બધું આકર્ષણ છે કે એક વખત તે જેના હૃદયને પોતાના તરફ ખેંચે, તે પોતાનું સર્વસ્વ એનાં ચરણોમાં ધરી દે છે. આવા સાકાર બ્રહ્મનું પ્રતિપાદન શ્રીમહાપ્રભુજીએ સમગ્ર શ્રીભાગવતમાં કર્યું છે અને તે દ્વારા આપણને અપૂર્વ આનંદનું દાન કર્યું છે.

એ સાકાર બ્રહ્મ યશોદાજીને ત્યાં માખણમિસરી ખાય છે. ગોપીઓના ઘેર છાલિયું ભરેલી છાશ માટે ઠમ ઠમ નાચે છે. તે રાસ રમે છે. સારસ્વત કલ્પની જ આ વાત નથી. આજે પણ મોટા મોટા ભક્તોના અંતઃકરણમાં તે રમી રહ્યો છે, નાચી રહ્યો છે. તેમને તમને પૂછો કે તમને સાકાર કૃષ્ણ ગમે કે નિરાકાર કૃષ્ણ ગમે? સૂરદાસજી કહે છે: 'ખંજનનયન રૂપ રસ માતે', જે રૂપની રાશિ છે, સૌંદર્યનો ખજાનો છે, એને છોડીને નિરાકાર બ્રહ્મનું ભજન કોણ કરે?

એકવાર સૂરદાસજી ઊંડા ખાડામાં પડી ગયા. ત્યારે શ્રીગોપાલલાલે તેમને બહાર કાઢ્યા. સૂરદાસજી તેમનો હાથ પકડવા ગયા, ત્યારે તેઓ ભાગી ગયા. સૂરબાબાએ કહ્યું: ભલે આજે તમે મને નિર્બળ જાણી, મારો હાથ છોડાવીને ચાલ્યા

જાઓ, તમારા બાહ્યરૂપને હું રોકી નહીં શકું. પણ એટલું ધ્યાન રાખજો કે મારા મનમંદિરમાં આપની જે મધુરી મૂરત બિરાજે છે, તેને તેમાંથી હટાવી શકો તો હું માનીશ કે તમે મર્દ છો. સુંદર ચરણારવિંદ, સુંદર વેણુ, સુંદર અધરો, અને સુંદર વાંકડિયા કેશ આવું સુંદર સલોણું સ્વરૂપ મારી અંદર છે. તે મારું જ છે. તે તમને નહીં લઇ જવા દઉં. શ્રીમહાપ્રભુજી કહે છે આ જ રસબ્રહ્મ છે, તેઓ સાકાર બ્રહ્મ છે.

મીરાંબાઈ આ સાકાર બ્રહ્મ પાછળ ગાંડી બની હતી. તેનો આનંદ લૂંટતાં લૂંટતાં તે નાચતી હતી. મીરાંબાઈને કોઈ કહે કે બ્રહ્મને હાથ નથી, પગ નથી, તો મીરાંબાઈ કહેશે કે એવો વર મારો નથી. હું તો ગિરિધરની પ્યારી છું. જે પીતાંબર પહેરી વૃંદાવનમાં વિચરે છે, અધરો ઉપર મુરલી ધરી, તે બજાવે છે. ગોપીઓને કોઈ પૂછે કે તમારે માટે આ કૃષ્ણ કનૈયાને બદલે બીજો વર લાવીએ તો? તો ગોપીઓ કહેશે કે અમે તેનું પોટલું બાંધી જમુનાજીમાં વહેવડાવી દઈશું. તમે અહીંથી સીધા મથુરાના માર્ગે પડો. તમારે નિર્ગુણ નિરાકારની વાત કરવી હોય તો ત્યાં કરજો.

આ બધાં સાકાર બ્રહ્મના ઉપાસી છે. શ્રીભાગવતજી સાકાર રસધર છે. શ્રીભાગવતજીમાં સાકાર બ્રહ્મનું સ્વરૂપ વ્યાસજી અને શુકદેવજીએ સમજાવ્યું. એનું પ્રતિપાદન શ્રીમહાપ્રભુજીએ કર્યું. તેમણે આપણને બતાવ્યું કે યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ જ સાકાર રસબ્રહ્મ છે. આ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજી પૂર્વે કોઈએ બતાવ્યો ન હતો. તેથી શ્રીગુસાંઈજીએ કહ્યું: સાકાર બ્રહ્મવાદ સૌ પહેલો સ્થાપનાર શ્રીમહાપ્રભુજી છે. આવા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ ।

(૯) 'વેદપારગઃ' = વેદપારગાય નમઃ = વેદનો પાર પામેલા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણે પૂછીશું કે શ્રીમહાપ્રભુજીની પૂર્વે જો કોઈએ સાકાર બ્રહ્મવાદ પ્રગટ નહોતો કર્યો તો શ્રીમહાપ્રભુજીએ તે ક્યાંથી શોધ્યો? એનો જવાબ એ છે કે શ્રીમહાપ્રભુજી વેદને જેટલો સમજ્યા છે તેટલો અન્ય કોઈ સમજ્યું નથી. વેદની તમામ શ્રુતિઓએ પોતાનું રહસ્ય શ્રીમહાપ્રભુજી પાસે પૂરેપૂરું ખુલ્લું કરી દીધું છે. કારણ કે શ્રીમહાપ્રભુજી પ્રભુનું મુખારવિંદ સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીએ વેદની શ્રુતિઓનું રહસ્ય આપણને બતાવ્યું. આપશ્રીએ એમ સમજાવ્યું કે સાકાર બ્રહ્મનું નિરૂપણ કેવળ ભાગવતમાં જ નથી, તે સમગ્ર વેદોમાં, ઉપનિષદોમાં અને

ગીતામાં પણ છે. શ્રીભાગવત વેદોનું ફળ છે. જે ભાગવતનો પાર પામે છે, તે વેદોનો પાર પણ પામે છે. વેદોનું ભાષ્ય ભગવદ્ગીતા છે. અને ભગવદ્ગીતાનું ભાષ્ય બ્રહ્મસૂત્રો છે. બ્રહ્મસૂત્રોનું ભાષ્ય શ્રીમદ્ભાગવત છે. શ્રીમહાપ્રભુજીએ ભાગવતાર્થ પ્રકરણમાં ભાગવતજીના અર્થો સ્પષ્ટ કર્યા. તત્ત્વાર્થદીપ નિબંધમાં ગીતાનાં રહસ્યો સમજાવ્યા. અણુભાષ્યમાં બ્રહ્મસૂત્રોનું ભાષ્ય કર્યું. પૂર્વ મીમાંસામાં વેદનું રહસ્ય સમજાવ્યું. આમ શ્રીમહાપ્રભુજીએ વેદના પરમ ગૂઢ રહસ્યો પ્રગટ કર્યાં છે. વેદમાં જે સિદ્ધાંત રૂપે છે, તે ભાગવતજીમાં દૃષ્ટાંતરૂપે છે. વેદ એક સમુદ્ર છે. તેને પાર પામવા માટે જુદા જુદા લોકો, જુદાં જુદાં સાધનો વાપરે છે. કોઈ હોડકું લઈને નીકળે છે, કોઈ નાવ લઈને નીકળે છે, તો કોઈ જહાજ લઈને નીકળે છે. કોઈક સમુદ્ર ઉપર સેતુ બાંધે છે. શ્રીમહાપ્રભુજીએ વેદ રૂપી સમુદ્ર ઉપર શબ્દરૂપી સેતુ બાંધ્યો છે. સિદ્ધાંતોના આ સેતુનો આશ્રય લઈ, કીડી જેવો સામાન્ય મનુષ્ય પણ આ પારથી પેલે પાર જવા માંગે, તો આખો વેદસમુદ્ર ઓળંગી શકે છે. એક બાજુ વેદના સિદ્ધાંતો છે, તો બીજા છેડે વેદના ફળરૂપ શ્રીભાગવતજી છે. શ્રીમહાપ્રભુજીએ આમ વેદનો પાર પામી બતાવ્યો. માટે આપનું નામ પ્રગટ થયું વેરપારગાય નમઃ ।

શ્લોક-૯ :

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ, સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥

શબ્દાર્થ : (૧૦) માયાવાદનિરાકતા = માયાવાદનું નિરાકરણ કરનારા (૧૧) **સર્વવાદિનિરાસકૃત્** := માયાવાદ ઉપરાંતના અન્ય વાદોનું નિરાકરણ કરનાર (૧૨) **ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ** = ભક્તિમાર્ગ રૂપી કમળનો વિકાસ કરનારા સૂર્યરૂપ (૧૩) **સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ** = સ્ત્રી, શૂદ્ર વગેરેનો ઉદ્ધાર કરવા સામર્થ્યવાન (શ્રીમહાપ્રભુજી છે.)

વિવરણ :

(૧૦) 'માયાવાદનિરાકર્તા' = માયાવાદનિરાકર્ત્રે નમઃ = માયાવાદનું નિરાકરણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

બ્રહ્મને કેવળ નિરાકાર માનવા એ માયાવાદનો સિદ્ધાંત છે. જેમ અંધકાર છવાઈ જાય ત્યારે સામે રહેલી વસ્તુ કે વ્યક્તિનું સાચું સ્વરૂપ ઓળખાય નહિ,

તેમ જેમની બુદ્ધિમાં માયાવાદ છવાઈ ગયો હતો, તેઓ વેદનાં સાચાં રહસ્યો જાણી શક્યા ન હતા. શ્રીમહાપ્રભુજી સૂર્યરૂપે પૃથ્વી ઉપર પધાર્યા છે. જેમ સૂર્ય અંધકારને ભૂસી નાંખે છે તેમ શ્રીમહાપ્રભુજીએ પણ જગતમાંથી માયાવાદને ભૂંસી નાંખ્યો હતો. માટે શ્રીગુસાંઇજી મહારાજ શ્રીમહાપ્રભુજી માયાવાદનું નિવારણ કરનારા કહે છે.

આપણી સામે બે શબ્દો આવ્યા. બ્રહ્મવાદ અને માયાવાદ. જેમાં બ્રહ્મ એટલે ભગવાનનું પ્રાધાન્ય હોય તે બ્રહ્મવાદ. જેમાં માયાનું પ્રાધાન્ય હોય એ માયાવાદ. બ્રહ્મવાદી કરતાં માયાવાદીની વૃત્તિ જુદી હોય છે. આંખમાં પ્રકાશ હોય તો સર્વત્ર પ્રકાશ દેખાય, તેમ બ્રહ્મવાદીને સર્વત્ર બ્રહ્મનાં દર્શન થાય છે. આંખમાં અંધારું હોય તો સર્વત્ર અંધારું દેખાય. જેનાં મન બુદ્ધિમાં માયા ચઢી બેઠી હોય, તેમની દૃષ્ટિસૃષ્ટિમાં સર્વત્ર માયાનું દર્શન થાય છે. આવા માયાવાદીઓ સૌ પહેલાં પોતાની આજુબાજુના જગતને જુએ છે. માયાગ્રસિત બુદ્ધિથી તેને જગત માયાવી દેખાય છે. જગત એક સ્વપ્ન જેવું દેખાય છે. ગૌડપાદ નામના માયાવાદી વિદ્વાને જગતને ગંધર્વનગર કહ્યું. તેમણે કહ્યું : બધું અશક્ય છે, બધું મિથ્યા છે, આ જગત પણ મિથ્યા છે. આપણામાંથી પણ જે લોકોમાં નિરાશા વધે છે, તેઓ આવા શબ્દો બોલે છે. માયાવાદી કહે છે જગત જેવું કોઈ તત્ત્વ જ નથી. અંધારી રાતે ફરવા નીકળ્યા હોઈએ, ત્યારે ખેતરમાં મોટા સાપ ફરે છે એવી ખબર હોય, દૂરથી સાપ જેવું કંઈક દેખાય, એટલે તેનાથી ડરી જઈએ. અને કહીએ કે ત્યાં સાપનાં ગૂંચળાઓ પડેલાં છે. આ સાંભળી સમજુ માણસ હાથમાં દીવો લઈ, આપણને ત્યાં લઈ જાય. દીવાના પ્રકાશમાં જોતાં ખબર પડે કે ત્યાં સાપ પણ નથી કે સાપોલિયાં પણ નથી. ત્યાં તો દોરડાંનાં ગૂંચળા પડ્યાં હતાં દોરડામાં સાપ નથી તે જાણીએ છીએ છતાં અંધારી રાતે દોરડામાં સાપને જોઈએ છીએ તે સાપનો આભાસ છે. એવી રીતે આ માયાવાદીઓ કહે છે જગત જેવું કંઈ નથી. એ તો આપણી માયા છે. તે માયાને લીધે આપણને જગત જેવું કંઈક દેખાય છે.

તેઓ ગંધર્વનગરનું ઉદાહરણ આપે છે. ગંધર્વનગર એટલે કલ્પનાનું નગર. જાદુગરો માયાથી આપણને મોટા મોટા મહેલ દેખાડે છે. એવી રીતે જગત પણ માયાવી ઈન્દ્રજાળ છે. બાકી વાસ્તવમાં જગત જેવું કંઈ નથી, તેવું તેઓ કહે છે.

તેઓ ત્રીજું ઉદાહરણ સ્વપ્નનું આપે છે. આપણે રાતે સૂઈ જઈએ ત્યારે આપણું અચેતન મન જાગતું હોય છે. ત્યારે અનેક પ્રકારનાં સ્વપ્નો દેખાય છે જે

દુનિયામાં હારી ગયા હોય તે સ્વપ્નમાં જીત મેળવતા દેખાય છે. આવું બધું સ્વપ્નમાં આવે છે અને ચાલ્યું જાય છે તેમ જગત પણ એક સ્વપ્ન છે. તે બધી માયાની કરામત છે.

માયાવાદીઓની આવી દલીલોનો જવાબ આપતાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું: તમને બધું મિથ્યા લાગતું હશે. કારણ તમારી આંખમાં માયાનું અંજન છે. અમારી આંખમાં શ્યામસુંદર અંજનરૂપે બિરાજે છે, એટલે અમને બધું સત્ય દેખાય છે. તમે કહો છો, દોરડું અને સાપ એક જેવાં લાગે છે. પરંતુ દોરડું અને સાપ એ બંને અલગ અલગ વસ્તુઓ તો છે જ. સર્પ પણ સત્ય છે અને દોરડું પણ સત્ય છે. તમારી ભૂલ એટલી જ થઇ કે તમે દોરડા અને સાપને એક માની બેઠાં. સ્વપ્નમાં થતી અનુભૂતિ અને દુનિયામાં થતી અનુભૂતિ ભલે જુદી હોય, પરંતુ બંને અનુભૂતિઓ તો છે જ. જે નજર સામે દેખાય છે તે મિથ્યા કેવી રીતે હોઇ શકે? ઋષિમુનિઓની આવી જ અનુભૂતિ હતી. તેમણે ઇશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું કે આ બધું ભગવાનમાંથી પ્રગટ થયું છે. ભગવાન તેના કણકણમાં રહેલા છે. તેના કારીગર ભગવાન પોતે જ છે. જેમાં ભગવાન બિરાજમાન હોય તે મિથ્યા ક્યાંથી હોઇ શકે? માટે આ જગત મિથ્યા નથી, માયાવી નથી, ગંધર્વનગર નથી કે સ્વપ્ન નથી. જગત સત્ય છે.

બ્રહ્મવાદ કહે છે જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ ભગવાન પોતે છે. આ બે શબ્દો આપણને નવા લાગશે. પરંતુ તે વેદાંતની ભાષાના શબ્દો છે. તેને માટી અને ઘડાના ઉદાહરણથી સમજીએ. ઘડો બનાવનાર કુંભાર છે. માટીમાંથી ઘડો બને છે. માટે ઘડાનું ઉપાદાન કારણ માટી છે, અને તેને બનાવનાર કુંભાર એ તેનું નિમિત્ત કારણ છે માટી કારણ છે ઘડો તેનું કાર્ય છે, કુંભાર તેને બનાવનાર છે. આમ કોઇ પણ વસ્તુનો બનાવનારો જોઇએ. બનવા માટે મૂળ પદાર્થ જોઇએ અને તેમાંથી તૈયાર થયેલી વસ્તુ જોઇએ. આપણું આ જગત ભગવાનમાંથી પ્રગટ થયું છે. એટલે તેનું ઉપાદાન કારણ ભગવાન છે. તેને બનાવનાર નિમિત્ત કારણ પણ ભગવાન છે. આપણે કહીશું આવું કેવી રીતે બને? માટી પોતે પોતાની જાતે ઘડો બની શકે ખરી? વાત સાચી છે. કુંભારમાં એટલી શક્તિ નથી કે પોતાનામાંથી ઘડો બનાવી શકે. પણ ભગવાન પરમ શક્તિશાળી છે. તેથી તેઓ જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બંને થઇ શકે છે. નરસિંહ મહેતાએ હજાર વર્ષ પહેલાં આ વાત કહી. એ મર્યાદા

ભક્ત હતા, પરંતુ તેમણે બ્રહ્મવાદના પુષ્ટિ સિદ્ધાંતો આપ્યા છે. તેમણે કહ્યું: જેમ સોનામાંથી દાગીનો બનાવીએ અને પછી તેને ઓગાળી નાંખીએ તો પાછું તે સોનું જ રહે છે, એવી રીતે આ બધું જગત ભગવાનમાંથી પેદા થાય છે અને ભગવાનમાં વિલીન થઈ જાય છે. આ સિદ્ધાંતને 'અવિકૃત પરિણામવાદ' કહેવામાં આવે છે.

બ્રહ્મવાદીઓ તેને સમજાવવા માટે કરોળિયાનું ઉદાહરણ આપે છે. તમે તેને વારંવાર જોયો જ હશે. કરોળિયો પોતાના મોઢામાંથી લાળ બહાર કાઢે છે. એ લાળનું જાળું બનાવી તેમાં તે રહે છે. અને અંતે એ લાળ પોતે પાછો ખાઈ જાય છે. કરોળિયાના કામ જેવું જ ભગવાનનું કામ છે. ભગવાન પણ પોતાનામાંથી જગતરૂપી જાળું બનાવે છે. ભગવાન જગતના દરેક નામરૂપમાં વસી આનંદ કરે છે. અને એક દિવસ આખું જગત પાછું પોતાનામાં સમાવી લે છે. આમ બ્રહ્મવાદીઓ જગતને ભગવદ્રૂપ માને છે.

એકવાર અકબર બાદશાહને પ્રશ્ન થયો. ભગવાન કયાં છે? આપણે કહીએ છીએ કે ભગવાન વ્યાપક છે. જો વ્યાપક હોય તો આ જગતની અંદર પણ તે વસેલો હોવો જોઈએ. ભગવાનની સત્તાનો વિચાર આપણે કરી શકતા નથી. જેમાં ભગવાન બિરાજેલો હોય તેને ગંધર્વનગર કહેવાનું કોઈ કારણ નથી. બાદશાહે પ્રશ્ન કર્યો કે પરમાત્મા ક્યાં છે? દરબારમાં જેમની બુદ્ધિ સામાન્ય દેડકા જેવી હતી તેમણે જુદી જુદી વાતો કહી. રાજાએ પૂછયું ભગવાનનાં આટલાં બધાં જુદાં જુદાં સરનામાં બતાવો છો, ત્યારે તેને કેવી રીતે મેળવી શકાય? પરમાત્માને મળવાનું કોઈ એક સરનામું આપો. ત્યારે સમજદાર માણસે કહ્યું દુનિયામાં ભગવાન એક જ છે. અને તેથી ભગવાનનું સરનામું પણ એક જ છે. ભલે તે આપણને જુદાં જુદાં નામ, રૂપ અને કામથી ઓળખાતા હોય. બીરબલ પાસે આ વાત આવી. બીરબલે વિચાર કર્યો હજી સુધી મને પરમાત્મા મળ્યો નથી અને મળવાની સંભાવના પણ નથી. કદાચ જન્મ પહેલાં તે મળ્યો હોય અથવા તે મરણ પછી મળે. કદાચ જગતમાં તેની મુલાકાત થઈ જાય તો પણ તેને ઓળખવો મુશ્કેલ છે. આથી બીરબલ મૂંઝાયો. તેની દીકરીને ખબર પડી. ચતુર દીકરીએ કહ્યું : પિતાજી ભગવાનનું સરનામું હું આપું. તેણે અકબરની પાસે જઈને કહ્યું : હું તમને ભગવાનના સરનામાનું જ્ઞાન આપવા આવી છું. તેનો નિયમ એવો છે કે જ્ઞાન આપનાર ઊંચા આસને બેસે અને જ્ઞાન લેનાર નીચા આસને બેસે. માટે

આપ સિંહાસન પરથી ઉતરી જાઓ. પેલી કન્યા રાજસિંહાસન પર બેઠી. બાદશાહ નીચે બેઠો. પછી તેણે કહ્યુંઃ મને ઘણી તરસ લાગી છે. મારા માટે શીતળ છાશનો લોટો મંગાવો. છાશનો લોટો આવ્યો તે, લઈને કન્યાએ બાદશાહને કહ્યું : આ છાશમાં માખણ છે કે નહિ? બાદશાહ કહે : છાશમાં માખણ જ હોય. બીજું શું હોય? છાશના કણકણમાં માખણ છે. કન્યાએ કહ્યું તો મને દેખાતું કેમ નથી? બાદશાહે કહ્યુંઃ તારી હથેળીમાં છાશ લે. તેમાં જે ચિકાશ દેખાશે તે માખણ છે. કન્યાએ તેમ કરીને કહ્યું હું કેવી રીતે માનું કે આ ચિકાશ માખણની છે? બાદશાહે કહ્યુંઃ છાશને વલોવો એટલે માખણ અલગ તરી આવશે. છાશને વલોવવામાં આવી, માખણ જુદું પડ્યું. કન્યાએ હસતાં હસતાં કહ્યું, બાદશાહ હું આપને આ વાત સમજાવવા જ આવી હતી કે જેમ છાશમાં અવ્યક્ત રીતે માખણ રહેલું છે તેમ જગતમાં પણ અવ્યક્ત રીતે પરમાત્મા રહેલો છે. છાશમાંથી માખણ કાઢી લીધા પછી છાશ અને માખણ બે અલગ અલગ પદાર્થ બની જાય છે. તેમ ભગવાનમાંથી જગતને અલગ કરતાં બે અલગ અલગ રૂપે જણાય છે. પરંતુ વાસ્તવમાં જગતના કણકણમાં ભગવાન જ રહેલા છે. મંથન કરનાર દરેક મહાત્માનો આ અનુભવ છે.

આથી, શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે જેમ બ્રહ્મ સત્ય છે તેમ જગત પણ સત્ય છે. કોઈ કલાકાર સુંદર ચિત્ર બનાવે, પછી તેને જોનારા જુદા જુદા લોકો તે ચિત્ર વિશે જુદા જુદા અભિપ્રાયો આપે. કોઈ તેને ખરાબ કહે તો કોઈ તેને સારું કહે. ભગવાન પણ એક કલાકાર છે. તેમણે આ જગતરૂપી ચિત્ર બનાવેલું છે. માયાવાદીઓ તેને અસત્ય કહે છે અને બ્રહ્મવાદીઓ તેને સત્ય કહે છે. શ્રીમહાપ્રભુજીએ પ્રતિપાદન કર્યું કે આ જગત અસત્ય નથી, તે સત્ય છે.

આપણા મનમાં એક પ્રશ્ન જાગશે કે જગત ભગવાનનું રૂપ છે, સત્ય છે તો તેમાં આટલી બધી ગંદકી, જૂઠાણું , પાપાચાર વગેરે કેમ જોવા મળે છે? શ્રીમહાપ્રભુજીએ તેનું કારણ સમજાવ્યું. જગત સત્ય છે, પણ એમાં રહેનારા જીવો તેના મનમાં સંસારનું સર્જન કરે છે. સંસાર એટલે અહંકાર અને મમત્વ. જેને આપણે અહંતા-મમતા કહીએ છીએ. આપણી કોઈપણ વસ્તુ આપણે બનાવી નથી. છતાં આપણે કહીએ છીએ કે આ બધું મારું છે. આપણે દુનિયામાં આવ્યા ત્યારે કોઈપણ વસ્તુ સાથે લઈને આવ્યા ન હતા, છતાં દુનિયાની વસ્તુઓ ઉપર આપણો માલિકી હક્ક કરીને મારા-તારાના ભેદભાવ ઊભા કરીએ છીએ. તે માટે કોર્ટ સુધી

જઈએ છીએ. આ બધી આપણા મનની વૃત્તિઓ અહંતા અને મમતા તરીકે જાણીતી છે. તેનું નામ માયા છે. તેને સંસારના નામથી પણ ઓળખવામાં આવે છે. આ માયા અથવા સંસાર મિથ્યા છે, કારણ કે તે આપણા મનમાંથી જાગેલો છે. ભગવાને બનાવેલો નથી. આ સંસારના પરિણામરૂપે જગતમાં જુઠાણાં, પાપાચાર વગેરે જોવા મળે છે. ગીતામાં પણ ભગવાને અર્જુનને કહ્યું કે જેઓ આ જગતને અસત્ય કહે છે તે બધા આસુરી જીવો છે, માટે આપણે યાદ રાખવાનું કે જે જગતને મિથ્યા કહે છે તે બધા માયાવાદીઓ છે. જે જગતને સત્ય ગણે છે તે બધા બ્રહ્મવાદીઓ છે. શ્રીમહાપ્રભુજીએ જગતને સત્ય કહ્યું અને સંસારને મિથ્યા કહ્યો છે.

જગત અને સંસારનો વિચાર કર્યા પછી શ્રીમહાપ્રભુજી જીવ વિશે સમજાવે છે. માયાવાદીઓને બધે માયા દેખાય છે. તેઓ કહે છે કે જીવ નામનું પણ કોઈ તત્ત્વ નથી. મલિન અવિદ્યાના અરીસામાં બ્રહ્મનું જે પ્રતિબિંબ પડ્યું તેનું નામ જીવ. આમ જીવ પરમ ચૈતન્યનું પ્રતિબિંબ છે. તે ઉપાધિગ્રસ્ત છે, એમ માયાવાદીઓ કહે છે. તે સમજાવવા તેમણે એક દૃષ્ટાંત આપ્યું છે. આકાશ ઘણું વ્યાપક છે. આકાશની નીચે આપણે પંદર-વીસ માટલાં મૂકી દઈએ. દરેક માટલાને જુદા જુદા રંગના પાણીથી ભરી દઈએ. તો દરેક માટલાના પાણીમાં આકાશનું પ્રતિબિંબ પડશે. કોઈકમાં આકાશ લાલ રંગનું દેખાશે, તો કોઈકમાં તે લીલા રંગનું પણ દેખાશે. આકાશ એક છે, પણ તેનું પ્રતિબિંબ જુદા જુદા રંગનું પડ્યું. હવે આપણે આ માટલાં ફોડી નાંખીએ પછી પૂછીએ કે તેમાં રહેલું આકાશ ક્યાં ગયું? તો જવાબ મળશે કે મૂળમાં જ્યાં હતું ત્યાં ગયું. આ ઉદાહરણ દ્વારા માયાવાદીઓ એમ સમજાવે છે કે માયા નામની નર્તકીએ આ બધી ઉપાધિ બનાવી છે. પરમાત્માનું વ્યાપક ચૈતન્ય એ જીવ છે એવું આપણને લાગે છે, માટે કહીએ.છીએ કે આ મણિભાઈ, આ છગનભાઈ. એમના શરીર-રૂપી માટલાં ફૂટી જાય ત્યારે તેમનામાં રહેલો આત્મા પરમાત્મામાં એક બની જાય છે. માટે આત્મા કોઈ અલગ તત્ત્વ નથી. પરમાત્માનું પ્રતિબિંબ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : આ બધી માયાવાદીઓની કલ્પના છે. કારણ કે ભગવાન એટલા બધા સામાન્ય નથી કે તેમની જ એક શક્તિ માયાથી આમ ઘેરાઈ જાય. શું શરીરરૂપી માટલું ફૂટી જાય એટલે જીવ ભગવાન બની જાય અને તેનો મોક્ષ થઈ જાય? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સાચો સિદ્ધાંત સમજવા આપણે ગીતા વાંચવી જોઈએ. ભગવાને સ્વયં ગીતામાં આજ્ઞા કરી છે

કે ભગવાનના સ્વરૂપમાંથી જીવો છૂટા પડ્યા છે. જીવ અણુરૂપ છે. તેનો આનંદ ગુપ્ત થઇ જવાથી તે ગુપ્તાનંદ છે. જ્યાં સુધી તેને માયા વળગેલી રહે છે ત્યાં સુધી તે અહંતા મમતાના સંસારમાં રચ્યોપચ્યો રહે છે. જ્યારે ભગવાન તેને પોતાનો બનાવવા ઈચ્છે છે, ત્યારે જીવને પોતાનાં ચરણોમાં ખેંચીને પોતાના આનંદનું દાન કરે છે. જીવ પ્રભુજીનો અંશ છે. પ્રભુનું પ્રતિબિંબ નથી.

આપણે પ્રશ્ન કરીએ કે જીવ ભગવાનનો અંશ જ હોય તો તે જ્યાં બેઠો હોય ત્યાં ચૈતન્ય હોય. પરંતુ શરીરના બધા અવયવોમાં તેનું ચૈતન્ય કેવી રીતે પહોંચે?

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે દીવો એક જ ઠેકાણે હોય છે, પણ તેનું અજવાળું બધી દિશાઓમાં પહોંચે છે. સૂર્ય આકાશમાં એક જ ઠેકાણે છે, પણ તેનો પ્રકાશ તમામ ઠેકાણે છે. તેમ જીવ શરીરમાં એક જ ઠેકાણે હોવા છતાં તેનું ચૈતન્ય આખા શરીરમાં પહોંચે છે. આમ શ્રીમહાપ્રભુજીએ આપણને બ્રહ્મવાદીની દષ્ટિ આપી. ચાર બાબતો સમજાવી. બ્રહ્મ સત્ય છે, જગત પણ સત્ય છે. સંસાર મિથ્યા છે. જીવ પ્રભુનો અંશ છે. હવે શ્રીમહાપ્રભુજી બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે.

માયાવાદીઓ બ્રહ્મને નિર્ગુણ નિરાકાર માને છે. શ્રીમહાપ્રભુજી કહે છે બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો રહેલા છે, તે જેમ નિર્ગુણ બની શકે છે તેમ સગુણ અને સાકાર બની શકે છે. શ્રીમહાપ્રભુજીએ માયાવાદનું ખંડન મોટી મોટી સભાઓમાં કર્યું. એકવાર શ્રીમહાપ્રભુજી મધ્યપ્રદેશમાં આવેલા ઓડછા ગામમાં રાજા રામભદ્રની સભામાં પધાર્યા. ત્યાં આવો શાસ્ત્રાર્થ ચાલતો હતો. શ્રીમહાપ્રભુજીએ વેદ, ઉપનિષદ, ગીતા વગેરેના દાખલા આપી માયાવાદનું ખંડન કર્યું અને બ્રહ્મવાદનું સ્થાપન કર્યું અને પુષ્ટિનો ધ્વજ લહેરાવી ભારતમાં બ્રહ્મવાદનો ડંકો વગાડ્યો. માટે શ્રીગુસાંઇજીએ અહીં શ્રીમહાપ્રભુજીનું નામ સમજાવ્યું કે આપ માયાવાદનું નિવારણ કરનારા છો. માયાવાદનિરાકર્ત્રે નમઃ ।

(૧૧) 'સર્વવાદિનિરાસકૃત્:' = સર્વવાદિનિરાસકૃતે નમઃ = માયાવાદ સિવાયના પણ બીજા વાદોનું નિવારણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

આપણા હિન્દુ ધર્મમાં માયાવાદ સિવાયના પણ અન્ય વાદો છે. આપણા તત્ત્વજ્ઞાનમાં છ આસ્તિક દર્શનો અને કેટલાંક નાસ્તિક દર્શનોનો સમાવેશ થાય છે. તેમાં એક પૂર્વમીમાંસા છે, જે કર્મપ્રધાન છે. બીજી ઉત્તર મીમાંસા છે, જે જ્ઞાનપ્રધાન છે. ઉત્તર મીમાંસાની અનેક શાખાઓ છે. જેમાં શ્રીશંકરાચાર્યનો

કેવલાદ્વૈતવાદ, શ્રીરામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ, શ્રીમધ્વાચાર્યનો દ્વૈતવાદ, શ્રીનિમ્બાર્કચાર્યનો દ્વૈતાદ્વૈતવાદ અને શ્રીવલ્લભાચાર્યજીનો શુદ્ધાદ્વૈતવાદ જેવી વિવિધ વિચારસરણીઓનો સમાવેશ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ કેવળ માયાવાદનો જ વિરોધ નથી કર્યો. પરંતુ બ્રહ્મવાદથી વિરુદ્ધ દલીલો અને વિચારણાઓ જ્યાં જ્યાં જણાઈ છે ત્યાં ત્યાં એ સર્વ વિશે પોતાનું વિવેચન કરી, તેમને નિરૂત્તર કર્યા છે. આમ સર્વ વાદોનું નિરાકરણ શ્રીમહાપ્રભુજીએ કર્યું છે.

ઉત્તર મીમાંસા પછી સાંખ્ય, મીમાંસા, ન્યાય વગેરે વિચારસરણીઓ પણ આપણા તત્ત્વજ્ઞાનમાં જોવા મળે છે. નૈયાયિકો બ્રહ્મવાદને માને છે. તેમના મતે બ્રહ્મ, સૃષ્ટિનું નિમિત્ત કારણ છે, પરંતુ બ્રહ્મને સૃષ્ટિનું ઉપાદાન કારણ માનવામાં નૈયાયિકો હિચકિચાટ અનુભવે છે. તેમના મતે બ્રહ્મમાં ત્રણ શક્તિ છે. ઈચ્છા શક્તિ, જ્ઞાનશક્તિ અને પ્રયત્નશક્તિ. બ્રહ્મ આનંદમય, રસપ્રચુર હોઈ શકે. એમ કહેતાં તેઓ અચકાય છે. શ્રીમહાપ્રભુજીએ આ વિચારસરણીમાં રહેલી ભૂલોને સમજાવી.

સાંખ્ય વિચારમાં કેટલાક લોકો ઈશ્વરને માને છે, જ્યારે કેટલાક લોકો ઈશ્વરને માનતા નથી. તેમના મતે જગત રચનારી અને ભોગવનારી પ્રકૃતિ છે. પરમાત્મા પ્રકૃતિથી અલગ છે, છતાં કોઈકવાર તે પ્રકૃતિના બંધનમાં બંધાય છે. જ્યારે પ્રકૃતિ પરમાત્માનું સંપૂર્ણ દર્શન કરે, ત્યારે મોક્ષ થાય છે. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ભગવાનની પ્રકૃતિનું જોર ભગવાન પર ચાલતું નથી. માટે બ્રહ્મને પ્રકૃતિ કરતાં વધારે મહત્ત્વ આપવું જોઈએ.

આમ મીમાંસા, ન્યાય, સાંખ્ય આ બધી વિચારસરણીમાં માયા અને બ્રહ્મને પ્રકૃતિના વશમાં મૂકી દેવામાં આવ્યા છે. તેમના મતે બ્રહ્મ એક પૂતળા જેવો છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે મીમાંસામાં ઈશ્વરની જે કલ્પના છે તે મંજૂર નથી. કારણ કે તેમાં બ્રહ્મ કરતાં કર્મને મોટું માનવામાં આવ્યું છે. તમે જેવું કર્મ કરો, તેવું તમારે ભોગવવું પડે એમ કહેવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું: શું ઈશ્વરને કોઈ સ્વતંત્ર સત્તા જ નથી? શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ભગવાન પાસે અનેક શક્તિઓ છે તેમાં સર્વોચ્ચ કૃપાશક્તિ છે. તે પ્રભુની પૂર્ણશક્તિ છે. માટે બ્રહ્મ સ્વતંત્ર છે કર્મને ધ્યાનમાં ન લેતાં બ્રહ્મ કૃપા કરે છે.

આમ જુદાં જુદાં દર્શનશાસ્ત્રો અને જુદા જુદા વાદોની જે માન્યતાઓ હતી તેનું શ્રીમહાપ્રભુજીએ ખંડન કર્યું, તેથી આપ સર્વવાદોનું નિરાકરણ કરનારા કહેવાયા. શ્રીમહાપ્રભુજીએ એમ પણ સમજાવ્યું કે બ્રહ્મવાદ ભક્તિમાર્ગ સાથે સંબંધિત છે. બ્રહ્મવાદમાં ડગલે ને પગલે ભક્તિવાદનું પ્રાધાન્ય છે. માટે હવે આગળના નામમાં શ્રીમહાપ્રભુજીને ભક્તિમાર્ગ રૂપી કમળને ખીલવનારા સૂર્યરૂપ કહ્યા છે. સર્વવાદિનિરાસકૃતે નમઃ ।

(૧૨) 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ' = ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડાય નમઃ = ભક્તિમાર્ગરૂપી કમળના સૂર્ય રૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

ભક્તિમાર્ગ એટલે ભક્તિ દ્વારા ભગવાનને મેળવવાનો માર્ગ. અબ્જ એટલે કમળ. કારણ કે તે પાણીમાં ઉત્પન્ન થાય છે. ભક્તિમાર્ગાબ્જ શબ્દથી સમગ્ર ભક્તિમાર્ગને કમળના ફૂલની ઉપમા આપી છે. જે સાધન દ્વારા ભક્તિ મેળવવામાં આવે તે ભક્તિમાર્ગ, એવી પણ ભક્તિમાર્ગની વ્યાખ્યા મળે છે. સંસ્કૃતમાં 'મૃગ્યતે' શબ્દનો અર્થ છે શોધવું. માર્ગ એટલે શોધવાની પ્રક્રિયા. આમ સમગ્ર ભક્તિમાર્ગ કમળના ફૂલ જેવો છે. 'માર્તણ્ડ' એટલે સૂરજ. કમળના ફૂલને ખીલવવા માટે સૂર્યની જરૂર પડે છે. તેમ ભક્તિમાર્ગ રૂપી કમળના ફૂલને ખીલવવા માટે શ્રીમહાપ્રભુજી સૂર્ય સમાન છે. આવા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ છીએ.

શ્રીભાગવતમાં કપિલદેવજીએ માતા દેવહૂતિને કપિલગીતા સમજાવી હતી. તેમાં કપિલદેવજીએ કહ્યું કે ભક્તિમાર્ગ અનેક પ્રકારના છે. કારણ કે ભક્તિના ચોર્યાસી જેટલા પ્રકારો છે. આમાંથી શ્રીમહાપ્રભુજીએ કયા ભક્તિમાર્ગનો વિકાસ કર્યો એ સમજાવવા માટે શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે જે ભક્તિમાર્ગ કમળ જેવો છે, તેનો વિકાસ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. પુષ્ટિમાર્ગ માટે શ્રીગુસાંઈજીએ આ શબ્દો વાપર્યા છે. એનું કારણ એ છે કે પુષ્ટિભક્તિના માર્ગમાં કેવળ વિધિવિધાનો કે કર્મકાંડો નથી. આપણા હૃદયની અંદર ભગવાન પ્રત્યે જે ભાવરૂપી જળ રહેલું છે, એ જળમાં પ્રગટ થયેલા કમળ જેવો આ પુષ્ટિભક્તિનો માર્ગ છે. પુષ્ટિમાર્ગ ભાવાત્મક માર્ગ હોવાથી પુષ્ટિભક્તિનો સીધો સંબંધ આપણા હૃદય સાથે છે.

પુષ્ટિમાર્ગ ભાવાત્મક હોવા છતાં તેને ન સમજવાથી કેટલાક લોકો આ પુષ્ટિમાર્ગને ક્રિયાત્મક બનાવી દે છે. જ્યાં જ્યાં જવાનું થાય છે ત્યાં ત્યાં વૈષ્ણવો કેટલાક કોમન પ્રશ્નો પૂછે છે. તેમાંનો એક પ્રશ્ન એ હોય છે કે શું પુષ્ટિમાર્ગ છૂતાછૂતનો માર્ગ છે? આમ અડકવાનું અને આમ નહીં અડકવાનું આ બધું શું

છે? આવું બધું સામાન્ય જનતા જુએ છે ત્યારે એમને લાગે કે પુષ્ટિમાર્ગ તો ક્રિયાનો માર્ગ છે. આથી આ માર્ગ ઘણો અઘરો છે. આપણાથી પાળી શકાશે નહિ.

બે વર્ષ પહેલાં લંડનમાં યુવાન બહેનો મને મળવા આવી. તેમનાં મા-બાપે તેમને બ્રહ્મસંબંધ લેવા આગ્રહ કરેલો. એ બહેનોએ મને કહ્યું અમને બ્રહ્મસંબંધ લેવામાં વાંધો નથી. પરંતુ તમે અમારી સાથે અભડાઇ જવાય, છોવાઇ જવાય એવું તો નહિ કરોને! અમને એની ઘણી બીક લાગે છે. અમે જ્યારે મોટા બહેનોના મંડળમાં જઇએ છીએ, ત્યારે તેઓ વારંવાર આમ કેમ કર્યું એમ કહી અમને લડે છે. માટે અમે આ બધાથી ડરીએ છીએ.

મેં તેમને સમજાવ્યું કે, પુષ્ટિમાર્ગ વિષેની આ બધી ગેરસમજો છે. પુષ્ટિમાર્ગ કર્મકાંડ કે અભડાઇ જવાનો માર્ગ નથી. તે તો હૃદયના શુદ્ધભાવોનો માર્ગ છે. જેના હૃદયમાં જેવો ભાવ હશે, એવી પુષ્ટિભક્તિ તેમના હૃદયમાં પામશે. શ્રીગુસાંઇજીના ચરિત્રમાં એક પ્રસંગ છે. શ્રીગુસાંઇજી દ્વારકા પધારતા હતા ત્યારે સાથે કેટલાક વૈષ્ણવો હતા. તેમાં એક શ્રીમંત વૈષ્ણવ હતા. બીજા વિરક્ત વૈષ્ણવ હતા. એક ઠેકાણે બંને વૈષ્ણવોએ આજુબાજુમાં રસોઇ બનાવી, તેમના ઠાકોરજીને ભોગ ધર્યા. એટલામાં એક કૂતરું આવ્યું અને બંનેની રસોઇની બાજુમાંથી પસાર થયું. બંને શ્રીગુસાંઇજી પાસે આવ્યા અને શું કરવું એની આજ્ઞા માગી. શ્રીગુસાંઇજીએ વિરક્ત વૈષ્ણવને કહ્યું કશું છોવાયું નથી, તું પ્રસાદ લે. શેઠને કહ્યું કૂતરાના સ્પર્શથી રસોઇ છોવાય. માટે ફરી બનાવી ભોગ ધરો. શેઠે પૂછ્યું: વિરક્ત વૈષ્ણવની રસોઇ અપવિત્ર ન થઇ, તો મારી રસોઇ કેવી રીતે અપવિત્ર થઇ? શ્રીગુસાંઇજીએ ખુલાસો કર્યો, તમારે જાતે રસોઇ બનાવવાની નથી. માત્ર હુકમ કરવાનો છે. વિરક્તને ફરી રસોઇ બનાવવામાં ઘણી મુશ્કેલી પડે. માટે મેં તેને છૂટ આપી હતી.

આમ આપણને ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાંથી જાણવા મળે છે કે, વૈષ્ણવના સંજોગો અને સ્થિતિ પ્રમાણે તેને છૂટછાટો મળી શકે છે. શ્રીગુસાંઇજીએ એક જ પરિસ્થિતિમાં જુદા જુદા નિર્ણયો આપ્યા છે, કારણ આ પુષ્ટિમાર્ગ જડ માર્ગ નથી, જાગૃત માર્ગ છે.

શ્રીગુસાંઇજીના ચરિત્રમાં શાક વેચનારી મુસલમાન બાઇ કુંજરીનો પ્રસંગ આવે છે. શ્રીગુસાંઇજીએ સોનાની ઝારીનું જળ તે બાઇને પીવડાવી દીધું હતું. આમ પુષ્ટિમાર્ગમાં જડતા નથી. તેમાં માનવતાના મહામૂલા જીવંત સિદ્ધાંતો

પડેલા છે. દુઃખ એટલું છે કે આપણે આ ભાવાત્મક માર્ગને ક્રિયાત્મક બનાવી દીધો છે. ભક્તિમાર્ગને વિધિવિધાનોથી કર્મમાર્ગ બનાવી નાંખ્યો છે.

આ માર્ગ તો એવો છે કે જેમાં શ્રીઠાકોરજી તમારા ઘરમાં બિરાજે એટલાથી શ્રીમહાપ્રભુજીને સંતોષ નથી. શ્રીમહાપ્રભુજી ઇચ્છે છે કે એ ઠાકોરજી તમારા હૃદયમાં બિરાજે. જ્યાં સુધી આપણું હૃદય શ્રીઠાકોરજીને બિરાજવા લાયક ભાવાત્મક નહિ બને ત્યાં સુધી આપણી ભક્તિ અધૂરી છે. જ્યારે ભક્તિની ચરમસીમા આવે છે ત્યારે પ્રભુનું એ ભાવાત્મક સ્વરૂપ સતત હૃદયમાં અનુભવ આપે છે. જીવ એ સ્વરૂપનું સતત ચિંતન, મનન અને સેવન કરે છે. પુષ્ટિમાર્ગ પુષ્ટિ ભકિતને માનસી સેવા સુધી લઇ જાય છે. તનુ-વિત્તજા સેવા તો બાહ્ય સેવા છે, સાધનસેવા છે. એ કરતાં કરતાં વૈષ્ણવનું મન ધીરે ધીરે લૌકિક દુનિયામાંથી હટાવી શ્રીમહાપ્રભુજી એને માનસી સેવા સુધીની દુનિયામાં લઇ જાય છે.

આથી પુષ્ટિમાર્ગ કમળ જેવો ભાવાત્મક માર્ગ છે. હૃદયને જેમ કમળ સાથે સરખાવવામાં આવે છે તેમ પુષ્ટિમાર્ગને કમળ સાથે સરખાવવામાં આવ્યો છે. કમળ શીતળતા, શાંતિ અને આનંદ આપનારું છે, તેમ પુષ્ટિભક્તિ પણ શીતળતા, શાંતિ અને પરમઆનંદ આપનારી છે, કમળમાં સૌંદર્ય રહેલું છે, તેમ આ પુષ્ટિભક્તિ પણ સૌંદર્યશિરોમણિ પ્રભુની ઉપાસના કરનારી છે. આ ભક્તિ પ્રભુ પ્રત્યેના સ્નેહના સતત ચિંતન દ્વારા જીવને પણ સુંદર બનાવી, પરમાત્માની સુંદરતા સાથે ઓતપ્રોત કરે છે. કમળમાં રસ હોવાથી ભ્રમરો આકર્ષાઇને આવે છે. પુષ્ટિજીવો ભ્રમર જેવા છે. પુષ્ટિભક્તિ કમળ જેવી છે. પુષ્ટિભક્તિ રૂપી ભ્રમર હંમેશા પુષ્ટિમાર્ગ રૂપી કમળની સુંગધનો સ્વાદ લેવા ઇચ્છા ધરાવે છે. પુષ્ટિભક્તોને પુષ્ટિપ્રભુના રસનું દાન કરનાર પુષ્ટિમાર્ગ છે. આથી કમળની ઉપમા આપવામાં આવેલી છે.

સૂર્યનો ઉદય થતાં કમળ ખીલે છે. શ્રીમહાપ્રભુજી રૂપી સૂર્યનો ઉદય થતાં પૃથ્વી ઉપર પુષ્ટિભક્તિ પ્રગટ થઇ. શ્રીમહાપ્રભુજી રૂપી સૂર્ય જેમ જેમ આપણા અંતઃકરણમાં પ્રકાશતા જાય, તેમ તેમ પુષ્ટિમાર્ગ રૂપી કમળ વધારે ખીલતું જાય છે. સૂર્ય તાપાત્મક છે. તેના તાપરૂપી હસ્ત દ્વારા તે કમળની પાંદડીઓને વિકસાવે છે. તેમ શ્રીવલ્લભ પણ તાપાત્મક છે. જેમ જેમ આપણા હૃદયમાં તેમનો તાપાત્મક ભાવ વધારેને વધારે પ્રગટ થાય તેમ તેમ પુષ્ટિભક્તિરૂપી કમળ ખીલે છે. સૂર્ય બીજા વૃક્ષછોડને ગરમીથી સૂકવી નાંખે છે, પણ કમળને ખીલવે છે, તેમ જે લોકો ભક્તિમાર્ગ રૂપી કમળને લાયક નથી, એવા લોકોને શ્રીમહાપ્રભુજી

પોતાના ઉગ્ર તાપથી દઝાડી દૂર રાખે છે. જ્યારે પુષ્ટિભક્તોના હૃદયને શ્રીમહાપ્રભુજીનો પ્રતાપ ખીલવે છે. માટે આવા સૂર્ય સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ છીએ.

અહીં આપણને પ્રશ્ન થાય કે પુષ્ટિમાર્ગ રૂપી કમળ ઉપર ભ્રમર બનવાનો અધિકાર કોનો? પુષ્ટિભક્તિનો આનંદ લેવાનો અધિકાર કોનો? ધર્મમાં દરેક ઠેકાણે અધિકારનો વિચાર પહેલાં કરવામાં આવે છે. શાસ્ત્રોએ જુદા જુદા અધિકારી જીવો માટે જુદાં જુદાં સાધનો બતાવેલાં છે. આ સંદર્ભમાં શ્રીગુસાંઇજી મહારાજ હવે પછી એમ સમજાવશે કે પુષ્ટિભક્તિના માર્ગે ચાલવાનો સૌને સરખો અધિકાર છે. ભક્તિમાર્ગાબ્જમાર્તંડાય નમઃ ।

(૧૩) 'સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ' = સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ = સ્ત્રીઓ અને શૂદ્રોનો ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

પુષ્ટિમાર્ગ સ્ત્રીઓ અને શૂદ્રોનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે. માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ દ્વારા સ્ત્રીઓ અને શૂદ્રો સહિત સૌનો ઉદ્ધાર કર્યો. પુષ્ટિભક્તિનો માર્ગ એવો છે કે જેનું પાલન કોઇપણ પુષ્ટિજીવ કરી શકે છે. તે માટે એટલી જ શરત છે કે તે જીવનો શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરેલો હોવો જોઇએ. પછી તે જીવ પુરુષ જાતિમાં જન્મ્યો હોય કે સ્ત્રી જાતિમાં, બ્રાહ્મણ યોનિમાં જન્મ્યો હોય કે શૂદ્ર યોનિમાં. એક વખત શ્રીમહાપ્રભુજીએ જે જીવનો અંગીકાર કર્યો. તે પુષ્ટિમાર્ગ દ્વારા તેનો ઉદ્ધાર મેળવી શકે છે.

શ્રીઠાકોરજીની સેવા પુરુષ પણ કરી શકે છે અને સ્ત્રી પણ કરી શકે છે. શદ્ર પણ કરી શકે છે અને બ્રાહ્મણ પણ કરી શકે છે. તેમાં કોઇ ઝઘડો નથી. જો શ્રીમહાપ્રભુજીએ આવો માર્ગ પ્રગટ ન કર્યો હોત તો જે સ્ત્રીભક્તો શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા તે કેવી રીતે આવત? શ્રીઠાકોરજીએ તેમને પોતાનો અનુભવ જણાવ્યો તે કેવી રીતે બનત?

શ્રીગુસાંઇજીના સેવક મોહના ભંગી યાદ આવે છે. તેઓ ભંગી જાતિના હતા. છતાં શ્રીનાથજીબાવા એમના ઉપર રાજી હતા. તેમના ખભાનો ઘોડો બનાવી શ્રીનાથજીબાવા તેમના ઉપર વિહાર કરતા હતા. એવા શૂદ્ર જાતિના બીજા સેવક પણ થયા. તેઓ વાર્તા સાહિત્યમાં ચહૂડાના નામે પ્રસિદ્ધ છે. શ્રીનાથજીબાવા સ્ત્રી કે શૂદ્ર સૌના ઉપર કૃપા વરસાવે છે, તેમાં કોઇ ભેદભાવ તેમણે રાખ્યો નથી.

ગીતાજીમાં ભગવાને અર્જુનને કહ્યું : હે અર્જુન! ભક્તિનું આચરણ સૌ કોઇ કરી શકે છે. પછી તે સ્ત્રી હોય કે શૂદ્ર હોય. પુષ્ટિજીવ વિશ્વના કોઇપણ ખૂણામાં ભલે જન્મ્યો હોય, ભલે કોઇપણ જાતિમાં જન્મ્યો હોય, પરંતુ જો તે પુષ્ટિમાર્ગમાં શરણે આવી, પુષ્ટિમાર્ગનું પાલન કરવા ઇચ્છે તો, તેને માટે શ્રીમહાપ્રભુજીનાં દ્વાર સદા ખુલ્લાં છે.

આવા વિલક્ષણ પુષ્ટિમાર્ગ ઉપર વિશ્વાસ મૂકી, આંખો મીંચી આગળને આગળ ચાલનારનું ક્યારેય પતન થતું નથી. આજથી ૫૦૦ વર્ષ પૂર્વે સ્ત્રીઓ અને શૂદ્રોને સેવક કરી, શ્રીમહાપ્રભુજીએ મોટી ક્રાંતિ કરી હતી. તે સમયનો ઇતિહાસ સ્ત્રીઓ અને શૂદ્રો માટે અન્યાયનો ઇતિહાસ હતો. તે મોગલાઇનો, ચોરી, લૂંટફાટ અને અન્યાયનો જમાનો હતો. સમાજવ્યવસ્થા એટલી હદ સુધી તૂટી ગઇ હતી કે બહેન-દીકરીઓને તેમની લાજ મર્યાદા જાળવવા ઓઝલમાં પડદામાં રહેવું પડતું. ત્યારે પુરુષપ્રધાન સમાજ એવા આદેશો કરતા કે સ્ત્રીઓથી આમ ન થાય અને તેમ ન થાય. એવા સમયમાં શ્રીમહાપ્રભુજીએ સ્ત્રીઓ અને શૂદ્રોને સન્માનપૂર્વક ધર્માચરણનો અધિકાર આપ્યો. શ્રીમહાપ્રભુજીએ તો પુરુષસેવકને પણ આજ્ઞા કરી કે જ્યાં સુધી તમારામાં સ્ત્રીભાવ- ગોપીભાવ નહિ જાગે ત્યાં સુધી તમે પ્રભુને રસાત્મક સ્વરૂપે મેળવી નહિ શકો. જગદગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ ભારતીય સમાજમાં બહુ મોટી ક્રાંતિ કરી. આવા ક્રાંતિકારી શ્રીવલ્લભને આપણે લાખ-લાખ વંદન કરીએ.

સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ ।

શ્લોક-૧૦ :

અંગીકૃત્યૈવ ગોપીશ-વલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ॥૧૦॥

શબ્દાર્થઃ (૧૪) **અંગીકૃત્યૈવ** = અંગીકાર કરીને જ, ગોપીશ = શ્રીકૃષ્ણમાં **વલ્લભીકૃત** = માનવ મનુષ્યોને (ભક્તોને) પ્રેમ કરાવનારા (૧૫) **અંગીકૃતૌ સમર્યાદ** := અંગીકાર કરવામાં મર્યાદાવાળા (૧૬) **મહાકારુણિક** := મહાદયાળુ (૧૭) **વિભુ** := સર્વ કરવા સમર્થ (શ્રીમહાપ્રભુજી છે.) **'અંગીકૃત્યૈવગોપીશ-વલ્લભીકૃત માનવઃ = અંગીકૃત્યૈવગોપીશ-વલ્લભીકૃત-માનવાય નમ**:- અંગીકાર કરેલા જીવોને અંગીકારમાત્રથી ગોપીપતિ શ્રીશ્યામસુંદરને જે પ્રિય બનાવે છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી જો જીવનો અંગીકાર કરે તો શ્રીઠાકોરજી પણ તેનો અંગીકાર કરે છે. પછી શ્રીઠાકોરજી એ અંગીકૃત જીવને કોઇ દિવસ તરછોડતા નથી. બ્રહ્મસંબંધના પ્રસંગમાં શ્રીગોવર્ધનનાથજી પ્રગટ થયા હતા, ત્યારે આપે શ્રીવલ્લભને વચન આપ્યું હતું કે આપ કૃપા કરીને જે જીવનો અંગીકાર કરશો, તેને હું કોઇ દિવસ નહિ તરછોડું. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી હતીઃ કૃપાનાથ! એ જીવ પાપી, પતિત કે અપરાધી હોય તો પણ શું આપ તેનો સ્વીકાર કરશો? ત્યારે શ્રીનાથજી બાવાએ આજ્ઞા કરી હતીઃ હા. તમે જો એનો અંગીકાર કરશો તો હું પણ એનો સ્વીકાર કરીશ. આથી શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે મારા અંગીકારમાં જીવના ઉદ્ધારનું સામર્થ્ય રહેલું છે. એની પ્રતીતિ વૈષ્ણવોને થવી જોઈએ. કારણ કળિયુગના જીવો માહાત્મ્ય વિના કોઇ વાત જલદી સ્વીકારી શકતા નથી. આથી, આપે પોતાના અંગીકારના સામર્થ્યની પ્રતીતિ રામાનંદ પંડિતના પ્રસંગમાં કરાવી.

રામાનંદ પંડિત મોટા વિદ્વાન હતા, અને શ્રીમહાપ્રભુજીના શિષ્ય હતા. એક વખત શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોની સાથે રામાનંદ પંડિતને ત્યાં પધાર્યાં. રાતે ત્યાં પોઢ્યા. વહેલી સવારે પંડિતજીએ તેમનાં પત્નીને કહ્યુંઃ ભાગ્યવાન, ઝટપટ ઊઠીને ગાયોનું બધું છાણ એકઠું કરી દો, વૈષ્ણવો સવારે જાગશે. તેમને છાણની જરૂર પડશે. એટલે બધું છાણ વપરાઇ જશે. પછી આપણને છાણ વિના મુશ્કેલી પડશે.

રામાનંદ પંડિતનાં આ વચનો શ્રીમહાપ્રભુજીએ સાંભળ્યાં. આપે વિચાર્યું રામાનંદ પંડિત મારા વૈષ્ણવોનો અનાદર કરી રહ્યા છે. મારા વૈષ્ણવો તો નિત્યલીલાનાં ગોપીજનો છે. તેમનો અનાદર કેમ થાય? આથી શ્રીમહાપ્રભુજીએ રામાનંદ પંડિતને બોલાવી, તેમના આ વર્તનથી પોતાની અપ્રસન્નતા વ્યકત કરી. પોતે શ્રીહસ્તમાં જળ લઇ, સંકલ્પ કર્યોઃ રામાનંદ આજથી હું તમારો ત્યાગ કરું છું.

રામાનંદ ગભરાઇ ગયા, કારણ જેને શ્રીમહાપ્રભુજી તરછોડે તે જીવ ક્યાં જાય? રામાનંદને પોતાનાં વચનો માટે પારાવાર વેદના થવા લાગી. સાથે સાથે તેમના મનમાં એવી પણ ગડમથલ ચાલી કે એકવાર મારા શ્રીવલ્લભે મને અપનાવ્યો છે, તે શું ખરેખર મને તરછોડે ખરા? મને પોતાનો જાણ્યો પછી જ મને દૂર કરે ખરા? છોરું કછોરું થાય, પણ માતા કુમાતા બને ખરી? રામાનંદ

પંડિત પાસે આ પ્રશ્નોનો કોઈ જવાબ ન હતો? તેમની માનસિક સ્થિતિ પાગલ જેવી થઈ ગઈ. સતત ભટકવા લાગ્યા. સૌને એક જ પ્રશ્ન કરવા લાગ્યા મારા ગુરુદેવ મને ખરેખર તરછોડે ખરા?

એક દિવસ તેઓ બપોરે બજારમાંથી ચાલ્યા જતા હતાઃ હલવાઈની દુકાને સુંદર જલેબી બનતી હતી. જલેબી જોઈ તેમને વિચાર થયો, આ સામગ્રી તો મારા શ્રીજીબાવાને લાયક છે. તેમણે હલવાઈ પાસેથી પડિયામાં જલેબી લીધી. આંખો બંધ કરી, આંસુ સાથે હાથ ઊંચો કરી, શ્રીજી બાવાને આર્ત હૃદયથી વિનંતી કરીઃ હે શ્રીજી! જો મારા શ્રીમહાપ્રભુજીએ મારો ત્યાગ ન કર્યો હોય, તો આપ આ જલેબી આરોગો.

તે દિવસે શ્રીમહાપ્રભુજી ગિરિરાજ ઉપર શ્રીનાથજીબાવાની સેવા કરતા હતા. આપ આ સમયે શ્રીજી બાવાને રાજભોગ ધરતા હતા. આપે જોયું, શ્રીજીબાવાને ધરેલી સામગ્રીમાં જલેબીના ટૂક છે. આપે શ્રીજીબાવાને પૂછયું. હે પ્રાણવલ્લભ! કયા સેવકના મનોરથની આ જલેબી છે? શ્રીજીબાવાએ આજ્ઞા કરીઃ પ્યારે વલ્લભ! આપના સેવક રામાનંદે મને તેનો ભોગ ધર્યો છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ અરે! મેં તો એ રામાનંદનો ત્યાગ કર્યો છે. શ્રીજીબાવાએ કહ્યું ના. આપ શરણે આવેલા જીવનો ત્યાગ કરી શકતા જ નથી. આપે તેનો અંગીકાર કર્યો છે. એટલે મેં આપની કાનિથી તેનો ભોગ અંગીકાર કર્યો છે. આવા શ્રીવલ્લભ પરમ દયાળુ છે. શરણે આવેલા જીવને શ્રીઠાકોરજી સાથે હંમેશ માટે મેળવી આપે છે. આવા શ્રીવલ્લભને આપણે વંદન કરીએ. અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવાય નમઃ ।

(૧૫) 'અંગીકૃતૌ સમર્યાદઃ' = અંગીકૃતૌ સમર્યાદાય નમઃ = શરણે આવેલા જીવોનો મર્યાદા સહિત અંગીકાર કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી સ્ત્રી અને શૂદ્ર જીવોનો પણ અંગીકાર કરે છે, પરંતુ પોતે મર્યાદા રાખીને અંગીકાર કરે છે. નિત્યલીલામાં પુષ્ટિ જીવનો પ્રભુ સાથે સંબંધ છે. આવા જીવોને પ્રભુની ઈચ્છાથી પૃથ્વી ઉપર આવવાનું થતું રહે છે. એ જીવોનો આ પૃથ્વી ઉપર શ્રીમહાપ્રભુજી અંગીકાર કરે છે. જે જીવો નિત્યલીલાના નથી તેમનો અંગીકાર શ્રીમહાપ્રભુજી કરતા નથી. શ્રીમહાપ્રભુજીના અંગીકારમાં આ એક મર્યાદા છે. જે આપે રાખી છે.

શ્રીમહાપ્રભુજીએ એક બીજી મર્યાદા પણ રાખી છે. શરણે આવવા તત્પર થયેલા જીવને શ્રીમહાપ્રભુજી અષ્ટાક્ષર મંત્ર અને બ્રહ્મસંબંધ મંત્રનું દાન આપીને તેનો અંગીકાર કરે છે. તે જીવને પ્રભુનો શરણાગત બનાવી પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરીને તેનો સ્વીકાર કરે છે. આમ, આ મંત્રદીક્ષા શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગની બીજી મર્યાદા છે.

પુષ્ટિજીવને સૌ પ્રથમ કૃપાસાગર શ્રીમહાપ્રભુજી અષ્ટાક્ષર મંત્રનું દાન કરે છે. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મહામંત્ર છે. આ મંત્ર દ્વારા આપે કળિયુગના જીવોને ઉગાર્યા અને તેમના પાપ, તાપ અને સંતાપ નિવાર્યા છે. અશરણને પોતાનાં ચરણોમાં રાખ્યા છે.

જેમ વર લગ્નની મર્યાદા સ્વીકારીને કન્યાનો પત્ની તરીકે સ્વીકાર કરે છે, તેમ બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષાની મર્યાદા રાખીને, શ્રીઠાકોરજી તે જીવનો અંગીકાર કરે છે. લગ્ન પહેલાં સગાઇની વિધિ થાય છે. પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી સાથે આપણી સગાઇની વિધિ શ્રીગુરુદેવ અષ્ટાક્ષર મંત્રની દીક્ષા આપીને કરાવે છે. નામમંત્રનું દાન એ સગાઇની વિધિ છે. સગાઇ થઇ જાય એટલે લગ્નની નોબતો વાગે.

બ્રહ્મસંબંધમાં બે ભાવનાઓ બતાવવામાં આવી છે. બ્રહ્મસંબંધ લેવો એટલે નવો જન્મ પામવો. આધિભૌતિક જન્મ પછી આધ્યાત્મિક જન્મ થવો. માણસ તરીકે જન્મ્યા પછી વૈષ્ણવ બનવું. બ્રહ્મસંબંધ લેવું એટલે પિયર છોડીને પતિના ત્યાં જવાનો અધિકાર મેળવવો. શ્રીઠાકોરજી સાથે લગ્ન થાય, એટલે શ્રીઠાકોરજી આપણો અંગીકાર કરે. એટલે આપણે તે દિશામાં જવાનું થાય. શ્રીઠાકોરજી સાથે ચાર ફેરા ફરવાનો વિધિ એટલે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા.

અષ્ટાક્ષર મંત્રનું દાન મળ્યા પછી શ્રીમહાપ્રભુજી કૃપા કરી, આપણને બ્રહ્મસંબંધ મંત્રનું દાન કરે છે, તે દ્વારા આપણે સંપૂર્ણ રીતે પ્રભુના બનીએ છીએ. આ મંત્ર સમર્પણ મંત્ર છે. જેમ લગ્ન વખતે વરકન્યા સપ્તપદીની પ્રતિજ્ઞા લે છે, તેમ આ દીક્ષા વખતે પણ જીવ પ્રતિજ્ઞા કરે છે. શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ છે. લગ્નમાં અગ્નિ સામે હાથ જોડી પ્રતિજ્ઞા કરવામાં આવે છે. તેમ આપણે પણ શ્રીમહાપ્રભુજીને હાથ જોડી તેમને સાક્ષીમાં રાખી, પ્રતિજ્ઞા કરીએ છીએ.

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ આવો છે. હજારો વર્ષોથી એટલે કે ગણ્યા ન ગણાય એટલા સમયથી આ જીવ ભગવાન શ્રીકૃષ્ણથી વિખૂટો પડ્યો છે. વિખૂટા પડેલા આ જીવને પ્રભુ મેળવવા માટે તાપક્લેશરૂપી આનંદ થવો જોઇએ, પરંતુ

તે આનંદ આ જીવ ગુમાવી બેઠો છે. એવો હું જીવ છું. આવો હું, ભગવાન કૃષ્ણ-શ્રી- શ્રીગોપીજનવલ્લભ કે જે મારા છે એમને મારો દેહ, એ દેહમાં રહેલી મારી બધી ઈન્દ્રિયો, મારા પ્રાણ, મારું અંતઃકરણ, તેના ધર્મો મારી પત્ની અથવા મારા પતિ, મારાં બાળકો, મારાં સ્વજનો, મારું ઘર, મારું ધન, આ લોકમાં મેં કરેલાં કર્મો, પરલોકમાં કરેલાં કર્મો અને સંબંધો એ બધું જ મારા આત્મા સાથે સમર્પણ કરું છું. હે પ્રભુ, હું આપનો દાસ છું. હે કૃષ્ણ! હું આપનો છું.

આ મહામંત્ર સંવત ૧૫૪૭ના શ્રાવણ સુદ એકાદશીએ મધ્યરાત્રિએ ગોકુળમાં શ્રીનાથજીબાવાએ શ્રીમહાપ્રભુજીને આપ્યો હતો. તે વખતે શ્રીમહાપ્રભુજીની અવસ્થા ૧૪ વર્ષની હતી. પહેલી પૃથ્વી પ્રદક્ષિણા કરતાં કરતાં ત્યારે, આપ ગોકુળમાં પધાર્યા હતા. આપના હૃદયમાં ભારે વિરહ તાપ હતો, કે સંસારમાં ભટકી રહેલા પુષ્ટિજીવોનો કેવી રીતે ઉદ્ધાર કરવો? શ્રીદમલાજી પણ સાથે હતા. શ્રીયમુનાજીના કિનારે ગોવિંદ ઘાટ પર શ્રીદમલાજીની ગોદમાં મસ્તક મૂકી શ્રીવલ્લભ પોઢ્યા હતા, પણ નિંદ્રા આવતી ન હતી. આપનાં કમળ જેવાં લોચનમાંથી વિરહતાપમાં બોર બોર જેવડાં અશ્રુઓ વહી રહ્યાં હતાં. શ્રીદમલાજી વિરહતાપથી સંતપ્ત શ્રીવલ્લભનાં દર્શન કરી રહ્યા હતા, પરંતુ તેઓ તેમાં કંઈ બોલી શકે તેમ ન હતા. આજનો વિરહતાપ તો કેમેય કરીને શાંત થતો નથી. ત્યારે બરાબર મધ્યરાત્રિનો સમય થયો.

શ્રીમહાપ્રભુજીનો વિરહતાપ શ્રીનાથજીબાવા સહન કરી શક્યા નહિ. રૂમઝૂમ રૂમઝૂમ કરતા મધુરાધિપતિ શ્રીનાથજીબાવા શ્રીવલ્લભની સામે પધાર્યા. અંધારી રાત હોવા છતાં ચારેબાજુ અજવાળું થઇ ગયું. સુગંધ સુગંધ ફેલાઇ ગઇ. અમૃત કરતાં ય વધારે મધુર એવા અવાજથી શ્રીનાથજીબાવાએ શ્રીવલ્લભને બોલાવ્યા. શ્રીમહાપ્રભુજીએ નેત્રકમળો ખોલ્યાં. કરુણાનિધાન શ્રીનાથજીબાવાએ પોતાના પીતાંબરથી શ્રીમહાપ્રભુજીના અશ્રુઓ લૂછયાં.

શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી નાથ! દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે મને આપે આ પૃથ્વી ઉપર મોકલ્યો, પણ તેમનો ઉદ્ધાર કેવી રીતે કરું?

મધરું મધુરું હાસ્ય કરતાં શ્રીજીબાવાએ આજ્ઞા કરી: 'શ્રીવલ્લભ, આ કલિયુગમાં જ્ઞાન, કર્મ કે ભક્તિથી જીવોનો ઉદ્ધાર થવો શક્ય નથી. જે જીવ શરણાગત ભાવથી મારા ચરણમાં શરણે આવશે, તેનો જ ઉદ્ધાર થશે. માટે આપ પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધનું દાન કરાવો. તેમને શરણાગત અને સમર્પિત કરો.

શ્રીનાથજીબાવાએ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો. તે વખતે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીબાવાને કેસરમાં રંગેલુ સૂતરનું પવિત્રું ધરાવ્યું.

પવિત્રામાંનું સૂતર એ ભક્તિનું પ્રતીક છે. કારણ પ્રેમનો તાંતણો સૂતરનાં તાંતણા જેવો હોય છે. એકવાર પ્રેમનો તાંતણો કપાઇ જાય પછી તેને સાંધવો, બહુ અઘરો હોય છે. કાચા સુતરના તાંતણાની જેમ પ્રેમને જાળવી રાખવો પડે છે. તેનો કેસરી રંગ શ્રીસ્વામિનીજીના સ્વરૂપનો રંગ છે. શ્રીસ્વામિનીજીના ભાવથી શ્રીઠાકોરજીને તે અંગીકાર કરાવવામાં આવે છે. એનું નામ પવિત્રું એટલા માટે છે કે દુનિયામાં પ્રેમ જેવી બીજી કોઇ પવિત્ર વસ્તુ નથી. પ્રેમ બહુ પવિત્ર છે. લોકો પ્રેમના નામે આ જગતને અભડાવે છે, તેઓ પ્રેમના એક બિંદુને પણ સમજતા નથી. પ્રેમ તો એક પાવક જ્વાળા છે. અગ્નિમાં પડતી બધી વસ્તુઓ પવિત્ર બને છે. તેમ પ્રેમ સૌને પવિત્ર બનાવે છે. જેના અંતઃ કરણમાં આ પ્રેમની પવિત્રતા હોય તે ગંગાજળ કરતાંય વધારે પવિત્ર બની જાય છે. આથી કાચા સૂતરના તાંતણાઓને કેસરી રંગમાં રંગી, તેનું પવિત્રું બનાવી, શ્રીઠાકોરજીના કંઠમાં ધરાવવામાં આવે છે.

કેટલેક ઠેકાણે આ સૂતરના પવિત્રાના ઉપર રેશમ ચઢાવવામાં આવે છે. રેશમ એ હૃદયની કોમળતાનું સ્વરૂપ છે. પ્રેમ કોમળ પણ છે. તેની નાજુકતા એટલી બધી છે કે તેની સાથે છેડછાડ કરવામાં આવે તો તે પ્રેમ કરમાઇ જાય છે. 'નારદ ભક્તિસૂત્રો' માં એને સૂક્ષ્મથી સૂક્ષ્મ સ્વરૂપનો કહ્યો છે. આપણે શ્રીઠાકોરજીને જ્યારે પવિત્રું ધરાવીએ છીએ ત્યારે આપણા હૃદયમાં રહેલા કોમળ અને પવિત્ર એવા પ્રેમના ભાવ શ્રીઠાકોરજીને અર્પણ કરીએ છીએ. ૩૬૦ તારનું એ પવિત્રું બને છે. વર્ષના ૩૬૦ દિવસની તમામ ભાવાત્મક સેવાઓ પવિત્રાના સ્વરૂપે આપણે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવીએ છીએ.

બીજા દિવસે શ્રીમહાપ્રભુજીએ આ બ્રહ્મસંબંધ મંત્રનું દાન સૌ પ્રથમ શ્રીદમલાજીને કર્યું અને 'સિદ્ધાંત રહસ્ય ગ્રંથ' દ્વારા બ્રહ્મસંબંધનું રહસ્ય શ્રીદમલાજીને સમજાવ્યું.

આમ બ્રહ્મસંબંધ મંત્રની મર્યાદા રાખીને શ્રીમહાપ્રભુજી આપણો અંગીકાર કરે છે. શ્રીનાથજીબાવા સાથે આપણાં લગ્ન કરાવી આપે છે. જે વરદાન મેળવવા માટે ઋષિરૂપા કુમારિકાઓને વ્રજલીલામાં કાત્યાયની વ્રત કરવું પડ્યું અને તેની પહેલાના જીવનમાં દંડકારણ્યમાં ઋષિઓ બનીને તપ કરવું પડ્યું, જેના માટે

તેમને યુગોના યુગો સુધી પ્રતીક્ષા કરવી પડી, જે વરદાન મેળવવા વેદોની શ્રુતિઓને પણ અનેક યુગો સુધી વિરહ કરવો પડ્યો, એ વરદાન શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને આપણને વિના વિલંબે પ્રાપ્ત કરાવી દીધું છે. આપણને પ્રભુનાં ચરણોમાં સ્થાપ્યાં છે. આપણા બ્રહ્મસંબંધદાતા શ્રીવલ્લભનાં ચરણોમાં આપણે સદૈન્ય વંદન કરીએ.

બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા એ પુષ્ટિમાર્ગના અંગીકારનું લક્ષણ છે. જ્યાં સુધી શ્રીમહાપ્રભુજી, શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી આપણો અંગીકાર કરતાં નથી, ત્યાં સુધી મધુરાધિપતિ પ્રભુની મધુરતાનો સ્વાદ જીવને મળતો નથી. ઉપનિષદોમાં કહેવામાં આવ્યુંઃ પરમાત્માનું સ્વરૂપ રસરૂપ છે. તેઓ મધુર બ્રહ્મ છે. સૌંદર્ય અને આનંદમય છે. જેમનામાં સૌંદર્ય અને આનંદ એ બંને તત્ત્વોનો સમન્વય થયો હોય, તે મધુર કહેવાય. આવા મધુર રસરૂપ બ્રહ્મને મેળવવા માટે વેદની શ્રુતિઓએ ઘણી મથામણ કરી, પણ એ મધુર તત્ત્વ તેમને પ્રાપ્ત થયું નહિ. પરંતુ તેમને એટલી વાત જરૂર સમજાઇ કે આ રસબ્રહ્મ ખૂબ પ્રવચનો કરવાથી કે સાંભળવાથી મળતા નથી. બુદ્ધિના ચમકારા વધારી; બુદ્ધિના પ્રકાશમાં પરમેશ્વરને મેળવી શકાતા નથી. બુદ્ધિના પ્યાલામાં લાગણીનું અમૃત જરૂરી છે. પ્રભુનું માધુર્ય માણવું એ બુદ્ધિનો વિષય નથી.

બુદ્ધિને ખોળવા માટે મન ભટકે છે. પરંતુ જેમ પથ્થર સાથે ટકરાઇને વસ્તુ પાછી પડે, તેમ બુદ્ધિ સાથે ટકરાઇને મન પાછું પડે છે. કોઇ કહે છે કે હું શાસ્ત્રો સાંભળીને આ રસબ્રહ્મને મારા હૃદયમાં પધરાવું, તો વેદની શ્રુતિઓ કહે છે તમારો પ્રયત્ન નકામો જશે. ત્યારે આ રસબ્રહ્મ કેવી રીતે મળે? શ્રુતિઓએ કહ્યું ‘પરમાત્મા પોતે જે જીવની પસંદગી કરે-વરણ કરે તેને જ પરમાત્મા મળે છે. ઉપનિષદો આને ‘વરણ’ કહે છે. પુષ્ટિમાર્ગમાં તેને ‘અંગીકાર’ કહેવામાં આવે છે. લૌકિક ભાષામાં પરણનાર છોકરાને વર કહેવામાં આવે છે. જે દિવસે તે છોકરો ઘોડે બેસે છે ત્યારે તેને વરરાજા કહેવામાં આવે છે. આમ, પ્રભુ તરફથી જીવનું વરણ થયા પછી જીવ પ્રભુનો સ્વીકાર કરી તેમને સમર્પણ કરે તે પણ એટલું જ જરૂરી છે.

સ્વીકાર અને સમર્પણ પરિપૂર્ણ હોવાં જોઇએ. જો સ્વીકાર અને સમર્પણ અધૂરાં હોય તો માધુર્યનો અનુભવ થતો નથી. બીજી ભાષામાં કહીએ તો સ્વીકાર વર છે અને સમર્પણ વધૂ છે. સ્વીકાર શ્રીઠાકોરજીનો છે અને સમર્પણ

જીવનું છે. શ્રીઠાકોરજી તો સંપૂર્ણ રીતે સ્વીકાર કરે છે. જીવ જેવો હોય તેવો પણ મારો છે. સ્વીકારમાં તેઓ કોઈ શરત મૂકતા નથી. આજે તો ઘણા વરરાજાઓ કન્યાના સ્વીકારમાં અનેક શરતો કરે છે. જગતમાં પણ આપણે એકબીજાનો સ્વીકાર કરીએ છીએ ત્યારે શરતો કરીએ છીએ. આ શરતો જ્યારે પૂરી થતી નથી ત્યારે આપણને લાગે છે કે મેં તેનો સ્વીકાર કરવામાં ભૂલ કરી. પરિણામ સ્વીકાર પછીના જીવનમાં શિથિલતા આવે છે અને કજોડાં જન્મે છે.

આનાથી ઊલટું ભગવાન જીવનો સ્વીકાર બિનશરતી કરે છે. ભગવાન કહે છેઃ 'તું સારો હોય કે કદરૂપો હોય, સદ્‌ગુણી હોય કે દુર્ગણી હોય, મને તેની પરવા નથી, હું તો સંપૂર્ણ ભાવથી તને મારો ગણું છું.

રૂપા પોળિયા આનું સુંદર ઉદાહરણ છે. ભેંસ પણ ભડકીને ભાગે એવો રૂપાનો અવાજ, પણ રાતે શ્રીનાથજીના મંદિરની ચોકી કરતાં એ મસ્તરામ જેવું કીર્તન આવડે તેવું ગાય. ગોવિંદસ્વામી જેવા કીર્તનકારને રૂપાનું સંગીત ગમે નહિ. એમણે રૂપાનું કીર્તન બંધ કરાવ્યું. તે રાતે રૂપાનું કીર્તન ન થવાથી શ્રીનાથજીને ઊંઘ ન આવી. બીજા દિવસે સવારે શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને જાગરણનું કારણ પૂછયું. ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી આજે રૂપાએ કીર્તન ગાયું નથી. શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. હે મારા પ્રભુ! જીવની ઉત્તમતા જોઈને તમે એનો અંગીકાર કરતા નથી.

મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગમાં એક પાયાનો તફાવત છે. શ્રીઠાકોરજી બંને માર્ગથી જીવનો સ્વીકાર કરે છે. પરંતુ મર્યાદામાર્ગમાં એ સ્વીકારમાં કેટલીક શરતો મૂકે છે. તારા પૂર્વ જન્મનાં પુણ્ય હોય, તારી ઊંચી સાધના હોય, તું પવિત્ર હોય, તો હું તારો સ્વીકાર કરું, પુષ્ટિમાર્ગમાં ભગવાન આવી કોઈ શરત કરતા નથી. કારણ પુષ્ટિ એટલે કૃપા. તેઓ જીવ સામે પોતાની કૃપાનો ખજાનો જ ખોલી દે છે અને આજ્ઞા કરે છે તારામાં કંઈ નહિ હોય, તો પણ હું તને મારો બનાવીશ. પ્રભુની ઈચ્છા જ પ્રભુની પસંદગીનું કારણ બને છે. પુષ્ટિમાર્ગમાં ભગવાન પોતાની ઈચ્છાથી પહેલાં જીવને પોતાનો દાસ બનાવે છે અને પછી તેઓ જીવના દાસ બની જાય છે.

આમ શ્રીમહાપ્રભુજી જ્યારે આપણો અંગીકાર કરે ત્યારે શ્રીનાથજીબાવા પણ સંપૂર્ણ રીતે તે જીવને પોતાનો બનાવે છે. શ્રીઠાકોરજીનો સ્વીકાર તો પૂર્ણ છે,

પણ જીવનું સમર્પણ અધૂરું છે. આપણે ઉપર જોયું તે પ્રમાણે સૌંદર્ય અને માધુર્યને માણવું હોય તો સ્વીકાર પૂર્ણ જોઈએ. માની લો કે એક યુવાન, કન્યાને પરણીને આવે. તે પરણનારી કન્યા ઉપર પૂર્ણ પ્રેમ રાખે છે. પણ પેલી કન્યા જે પરણીને આવી છે તે મનમાં કપટ લઈને આવી છે. આ સ્થિતિમાં તેમના સંસારમાં કજોડું સર્જાય. કારણ કે કન્યાનું સમર્પણ અધૂરું છે.

સમર્પણનાં ત્રણ પગથિયાં છે. આપણે બ્રહ્મસંબંધની દીક્ષા લઈએ છીએ. ત્યારે પહેલું સમર્પણ વાચિક સમર્પણ છે. હાથમાં તુલસીદળ લઈ પ્રભુને આપણે વિનંતી કરીએ છીએ. હે નાથ! હજારો હજારો વર્ષોથી હું તમારાથી વિખૂટો પડેલો છું. તમને ફરી મેળવવા મારા હૃદયમાં તાપકલેશ હોવો જોઈતો હતો; એ તાપક્લેશ રૂપી આનંદ મારામાં રહ્યો નથી. આવો હું જીવ છું. હે કૃષ્ણ! હે ગોપીજનવલ્લભ! મારો દેહ, મારી ઇન્દ્રિયો, મારા પ્રાણ, મારું અંતઃ કરણ, તેના ધર્મો, મારી પત્ની કે મારો પતિ, મારું ઘર, મારું કુટુંબ, મારું ધન, મારા આલોક અને પરલોકના બધા સંબંધો અને કર્મો તેમજ મારો આત્મા આપને સમર્પણ કરું છું. આ થયું વાચિક મૌખિક સમર્પણ. માની લો કે, આવા મૌખિક સમર્પણ પછી શ્રીઠાકોરજી આ બધું લેવા આવે તો આપણે આપીએ ખરા? આપણી એવી તૈયારી છે? આ સમર્પણ શ્રીમહાપ્રભુજીની અને શ્રીયમુનાજીની સાક્ષીમાં આપણે કરીએ છીએ. તે વખતે આપણા હાથમાં તુલસીદળ હોય છે. શ્રીતુલસીજી ભગવદીયનું સ્વરૂપ છે. આ સૌની સાક્ષીમાં આપણે વાચિક સમર્પણ કરીએ છીએ.

સામાન્ય રીતે આપણે બ્રહ્મસંબંધ લેવા જઈએ છીએ ત્યારે સમર્પણની માનસિક તૈયારી કરીને જતા નથી. ઘણીવાર આપણા વડીલો આપણને બ્રહ્મસંબંધ લેવા આગ્રહ કરતા હોય છે, એટલે આપણે બ્રહ્મસંબંધ લઈએ છીએ. ઘણીવાર કુટુંબની પરંપરા છે માટે બ્રહ્મસંબંધ લઈએ છીએ. ઘણીવાર ઘરમાં નવીન પરણીને આવેલી વહુને સાસુજી એમ કહેતાં હોય છે કે 'તારે બ્રહ્મસંબંધ નથી, એટલે તારા હાથનું પાણી મારાથી ન પીવાય.' આ સ્થિતિમાં સાસુજીને રાજી રાખવા માટે બ્રહ્મસંબંધ લેતાં હોઈએ છીએ. પહેલાના સમયમાં બાળલગ્ન થતાં, ત્યારે નાનકડી કન્યાને અડધી રાતે ઉઠાડી કપડાં પહેરાવી, માંડવામાં બેસાડી કન્યાની મા તેને ઊંચકી ચાર ફેરા ફેરાવી દેતી. જેને પરણવાનું એટલે શું એની ખબર નથી. તેને પરણાવી દેવામાં આવતી.

આવી જ રીતે આજે આપણે બ્રહ્મસંબંધ લેવા જઈએ છીએ. ગુરુજી જે મંત્ર બોલાવે તે પોપટની જેમ કશું સમજ્યા વગર, કોઈ ભાવ વગર, કોઈપણ પ્રકારની માનસિક તૈયારી વગર બોલી નાંખીએ છીએ. તેનો અર્થ આપણે પૂછતા નથી. ગુરુજી સમજાવે તો ધ્યાનથી સમજતા નથી. આ વાચિક સમર્પણ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : બ્રહ્મસંબંધ લીધા પછી, શ્રીઠાકોરજીની સેવા કરવી જોઈએ. તેમને સમર્પિત થઈને રહેવું જોઈએ. અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. આમ જ્યારે તનુવિત્તજા સેવા દ્વારા સમર્પિત જીવન જીવવામાં આવે ત્યારે તે કાયિક સમર્પણ કહેવાય છે. કાયિક સમર્પણમાં ઘણીવાર શરીર પ્રભુની સેવામાં જોડાય છે, પરંતુ મન જોડાતું નથી. જ્યાં સુધી મન જોડાય નહિ ત્યાં સુધી સમર્પણ પણ અધૂરું છે.

તનુવિત્તજા સેવા કરતાં જ્યારે આપણા હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમનો ઉદય થાય, ભાવના જાગૃત થાય, સેવામાં મન તલ્લીન થાય, અને માનસી સેવાની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે તે મનનું સમર્પણ બને છે. એ સ્થિતિમાં આપણાં તન, મન હંમેશાં પ્રાણનાથ પ્રભુમાં લાગેલાં રહે છે. પછી આપણે ક્યાંય જઈને કંઈપણ જોઈએ ત્યારે સતત આપણા મનમાં આપણા પ્રભુનું અનુસંધાન થતું રહે છે. હૃદયમાં ભાવોર્મિ જાગતી રહે છે. આવી રીતે જ્યારે આપણી માનસિક વૃત્તિ પ્રભુને અંગીકાર કરાવીએ છીએ ત્યારે પ્રભુ એ સમર્પણનો પૂર્ણ રીતે સ્વીકાર કરે છે. આ સ્વીકાર અને સમર્પણમાં સંપૂર્ણ આનંદ છે. પૂર્ણ મધુરતા છે.

એક કવિ કહે છેઃ આવી ભાવસ્થિતિમાં જાણે હૃદયમાં ઝીણી ઝીણી સિતાર વાગ્યા કરે છે. આ આપવાનો આનંદ છે. લેવાના આનંદ કરતાં આપવાનો આનંદ અનેક ગણો વધારે હોય છે. લેવાનો આનંદ તો ઘણા સામાન્ય માણસો ભોગવે છે. આપવાનો આનંદ અસામાન્ય માણસોના ભાગ્યમાં હોય છે. બ્રહ્મસંબંધ એ સમર્પણનો-પ્રભુને બધું સોંપી દેવાનો આનંદ છે. જીવ કાયિક, વાચિક અને માનસિક સમર્પણ કરીને જ્યારે પ્રભુને બધું સોંપી દે છે, ત્યારે તેના હૃદયમાં જાણે દિલરૂબાના તાર ઝંકારે છે. એના હૃદયની સિતારના તારમાંથી આનંદના તરંગો નીકળે છે. જીવ કહે છેઃ પ્રભુ, હું તમને બધું આપવા આવ્યો છું. આજે મને અનહદ આનંદ થઈ ગયો છે. જીવ એ આનંદ છુપાવી શકતો નથી. એ આનંદ હર્ષનાં આંસુ બની, એની આંખોમાંથી પ્રભુનાં ચરણોમાં વહેવાં લાગે છે. સમર્પણની ખુમારી આવી છે. જેની લાચારી ચાલી જાય તેનામાં ખુમારી આવે.

સંસારી માણસોમાં કેટલાક પૈસાની ખુમારીવાળા, કેટલાક જ્ઞાનની ખુમારીવાળા, કેટલાક સત્તાની ખુમારીવાળા, કેટલાક પ્રતિષ્ઠાની ખુમારીવાળા હોય છે. પરંતુ આવા દિવ્ય સ્નેહની ખુમારીવાળા ભાગ્યે જ જોવા મળે છે.

સમર્પણ કરતી વખતે પ્રભુના અને જીવનાં નેત્રો એક થાય છે. ત્યારે જીવને પ્રભુનાં નેત્રોમાં રહેલા સ્વીકારનાં દર્શન થાય છે. પરિણામે તેના અંતઃ કરણમાં સમર્પણની ખુમારી ઉભરાય છે. જીવને ખબર પડી જાય છે કે આ રસબ્રહ્મ પરમાત્મા મારો છે. ત્યારે જીવને પોતાના જીવન મરણનો સાર સમજાય છે. જ્યાં સુધી સમર્પણ નહોતું થયું, ત્યાં સુધી જીવ મડદા જેવો હતો. એમ લાગે કે તે જીવતી લાશ છે. એમાં જ્યારે સમર્પણનો પ્રેમનો સંચાર થાય, તેના હૃદયમાં આનંદની ઝીણી ઝીણી સિતાર વાગવા લાગે ત્યારે તેનું જીવન પરિપૂર્ણ બને છે. પછી જીવ મધુરાધિપતિ ભગવાનના મધુર સ્વરૂપનો આસ્વાદ લઈ શકે છે.

આપણા ચોર્યાસી બસો બાવન વૈષ્ણવોએ પ્રભુનાં ચરણોમાં આવું સંપૂર્ણ સમર્પણ કર્યું હતું અને પ્રભુએ એ જીવોનો સંપૂર્ણ સ્વીકાર કર્યો હતો. માટે શ્રીમહાપ્રભુજીનું નામ આપ્યું 'અંગીકૃતૌસમર્યાદાય નમઃ' આવી રીતે સમર્પણની મર્યાદા જેમણે રાખી છે અને તે દ્વારા પુષ્ટિજીવોનો અંગીકાર કરનારા છે, એવા શ્રીમહાપ્રભુજીને આપણે લાખ લાખ વંદન કરીએ.

અહીં એક પ્રશ્ન થશે, પ્રભુ આ પ્રકારે આપણો અંગીકાર શું કામ કરે છે? કોઈપણ જાતની શરત કર્યા વગર આપણો સ્વીકાર શા માટે કરે છે? પ્રભુ આપણી પાસે કોઈપણ જાતની આશા અને અપેક્ષા કેમ રાખતા નથી? આ પ્રશ્નોના જવાબ શ્રીગુસાંઈજી મહારાજ હવે પછીના શ્રીમહાપ્રભુજીના નામ દ્વારા આપે છે. અંગીકૃતૌ સમર્યાદાય નમઃ ।

(૧૬) 'મહાકારુણિકઃ' = મહાકારુણિકાય નમઃ = મહાકારુણિક એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

શ્રીગુસાંઈજી મહારાજે અહીં શ્રીમહાપ્રભુજીને કારુણિક ન કહેતાં, મહાકારુણિક' કહ્યા. કારુણિક શબ્દની આગળ 'મહા' વિશેષણ મૂક્યું. કારણ જગતમાં કરુણાવાળા જીવો તો ઘણા હોય છે. પરંતુ મહાકરુણા કરનારા તો શ્રીમહાપ્રભુજી એક જ છે.

આપણને પ્રશ્ન થશે કરુણા અને મહાકરુણામાં ફેર શો? તેનો જવાબ એ છે કે કરુણા ક્યારે જાગે? આપણે કોઈનું દુઃખ કે પીડા જોઈએ તો આપણું અંતઃ

કરણ પીગળે છે. તે કરુણા કહેવાય. લોકોને શારીરિક દુ:ખો ઘણાં હોય છે. ઘણા રોગ થાય. શરીર પર ગૂમડાં થાય. તેમાં જીવડાં પણ પડે. શરીરના સાંધાઓ અટકી જાય. તેમનાથી હલનચલન ન થાય. તેમનાં આવાં દુ:ખો જોતાં, જોનારની આંખમાં પણ આંસુ આવી જાય છે. એવા માણસને મદદ કરવા મન થાય છે. આ સામાન્ય કરુણા છે.

કેટલાક લોકો માનસિક રોગોથી પીડાતા હોય છે. આવાં એક બહેન રડ્યાં કરતાં હતાં. એની બહેનપણીએ પૂછયું: તું કેમ આટલું બધું રડે છે? રડનારી સ્ત્રીએ કહ્યું: 'હું શું કરું?' બધાં જ મારા માટે ખરાબ વર્તન કરે છે.' પિયરવાળાં પણ ખરાબ છે અને સાસરિયાં પણ ખરાબ છે. બા બોલાવતી નથી. ભાભીઓ ઘેર આવવાનું કહેતી નથી. એની બહેનપણીએ એને પૂછયું. બધાંની જવા દે. તારા પતિ કેવા છે, એ કહે. રડતી સ્ત્રીએ આંખો નીચે ઢાળી દીધી. અને કહેવા લાગી: 'એ સળગતા અંગારા જેવા છે. દીકરા દીકરીઓ અંગારામાં ઘી હોમે એવાં છે. પડોશીઓ મારા દુ:ખનાં નગારાં પીટે એવા છે. જ્યાં જાઉં ત્યાં દુ:ખ જ દુ:ખ છે. એની બહેનપણીએ કહ્યું 'જો બધાં જ ખરાબ હોય તો એવું પણ બને કે તું જ આ બધાં માટે સારી નહિ હોય! બીજાના આયનામાં તારું પ્રતિબિંબ જોવાને બદલે તારા જ આયનામાં તારું પ્રતિબિંબ જો. માણસ પોતાની જાતને દુ:ખી સમજીને માનસિક ટેન્શન અનુભવે છે. પોતાના જ માનસિક બોજામાં પિડાય છે. આવી રીતે માનસિક પીડાઓથી દુ:ખી લોકો સામે કરુણા રાખવી એ માનસિક કરૂણા છે.

કેટલાક માણસોને આધિદૈવિક દર્દ થયું હોય છે. આધિદૈવિક દર્દની પીડા મધુર હોય છે. શરીર અને મનની પીડા કરતાં આ પીડા જુદા જ પ્રકારની હોય છે. હું હજારો વર્ષોથી ભગવાનથી વિખૂટો પડી ગયો છું. મારા પ્રાણનાથ પ્રભુ મને ક્યારે મળશે? આવી ઝંખનામાંથી હૃદયમાં જે પીડા જાગે, તે આવી આધિદૈવિક પીડા છે. આવી આધિદૈવિક પીડા મને રોજ રોજ મળે એવી શ્રીમહાપ્રભુજીએ પણ પ્રાર્થના કરી છે. યશોદામાને જે દુ:ખ છે, ગોપીજનોને જે દુ:ખ છે, એ સૌને કૃષ્ણના વિરહનો જે સંતાપ છે, એ સંતાપનું દાન હે પ્રાણનાથ! શ્રીગોવર્ધનધર મને ક્યારે કરશો? આ છે આવી આધિદૈવિક પીડા. આવા પીડિત જીવો પ્રત્યે પ્રભુ જે કરુણા વરસાવે છે, તે સામાન્ય કરુણા હોતી નથી. તે મહાકરુણા હોય છે.

ઘણીવાર આપણે કહીએ છીએ કે રોગ અસાધ્ય હોય ત્યારે સામાન્ય ડૉક્ટર પાસે ન જશો. મોટા ડૉક્ટર પાસે જજો. તે તમારા રોગનું નિદાન કરી, તમને

સારી દવા આપશે. એ જ પ્રમાણે આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખની દવા આપનારા ઘણા સ્પેશિયાલિસ્ટ દુનિયામાં છે. પરંતુ આપણાં આધિદૈવિક દુઃખને દૂર કરનારા સુપર સ્પેશિયાલિસ્ટ કેવળ શ્રીમહાપ્રભુજી છે. શ્રીમહાપ્રભુજીના સાન્નિધ્યમાં આધિદૈવિક પીડા અવશ્ય દૂર થાય છે. સાથે સાથે આધિભૌતિક અને આધ્યાત્મિક પીડાઓ પણ નાશ પામે છે. જો કે એમની દવાનો સાચો ઉપયોગ તો આપણી આધિદૈવિક પીડાને દૂર કરવા માટે છે. પરંતુ દુઃખની વાત છે કે ઘણીવાર લોકો મોટા મોટા ડૉક્ટરો પાસે જઇ, તેમની નાની નાની ફરિયાદ કરતા હોય છે. હૃદયના રોગને મટાડનાર કોઇ મોટા ડૉક્ટર પાસે જઇ આપણે એમ કહીએ કે મને શરદી થઇ છે તો એ ડૉક્ટર જરૂર કહેશે તમારા ગામના તમારા ફેમીલી ડૉક્ટર પાસે જાઓ.

આપણા શ્રીમહાપ્રભુજી આવા મોટા સુપર સ્પેશિયાલીસ્ટ છે. એમની પાસે આપણા લૌકિક પ્રોબ્લેમ લઇને જવું ન જોઇએ. કેટલીક દવાઓ એવી હોય છે કે પહેલાં તે દુઃખ વધારે અને પછી ધીમે ધીમે દુઃખ દૂર કરે છે. આયુર્વેદમાં અને હોમિયોપથીમાં આવી દવાઓ હોય છે. તે પ્રકારે શ્રીમહાપ્રભુજી પણ પહેલાં આપણને પ્રભુના વિરહતાપરૂપી દુઃખ આપે છે અને પછી ધીમે ધીમે તેને શાંત કરે છે. આવા શ્રીમહાપ્રભુજી પાસે જઇને આપણે સામાન્ય દુઃખો દૂર કરવાની પ્રાર્થના કરીએ, તો આપણું એ કાર્ય કરોડ રૂપિયા આપીને કોડી મેળવવા જેવું છે. આપણે શ્રીમહાપ્રભુજીના સેવક થયા. ઘરમાં શ્રીઠાકોરજી બિરાજતા હોય, તેમની સેવા કરતા હોઇએ, અને હાથ જોડી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીએ કે હે શ્રીમહાપ્રભુજી! મારી વિનંતી સાંભળો. મારાં બાળકો રડે છે. તેમના માટે સારાં સારાં ભોજન આપો. અમે ધન વગર દુઃખી છીએ. અમારા ઘરમાં ધનના ઢગલા કરજો. આવું કહીએ ત્યારે આપણી સ્થિતિ પેલા સુપર સ્પેશિયાલીસ્ટ પાસે શરદીની દવા લેવા જવા જેવી થાય ને! શ્રીમહાપ્રભુજી આધિદૈવિક દર્દ મટાડનાર મહાકારુણિક છે. જ્યારે તમને આવું આધિદૈવિક દુઃખ જાગે, ત્યારે શ્રીમહાપ્રભુજીના શરણે જજો. તેઓ અવશ્ય તેને દૂર કરે છે.

કારુણિક અને મહાકારુણિક શબ્દોનો એક બીજો અર્થ પણ વિચારવા જેવો છે. જે કેવળ સાધનનું દાન કરે, તે કારુણિક છે. જે સાધન અને ફળ બંનેનું દાન કરે તે મહાકારુણિક. શ્રીમહાપ્રભુજીએ આપણને સેવામાર્ગરૂપી સાધન આપ્યું. સાથે સાથે સેવારૂપી ફળ પણ આપ્યું. માટે શ્રીમહાપ્રભુજી મહાકારુણિક છે.

મહાકારુણિક શબ્દનો ત્રીજો અર્થ કરવામાં આવ્યો. પોતાની ઉપર આસક્તિ રાખનારાઓને જ્યારે મદદરૂપ થવામાં આવે ત્યારે તે કારૂણિક છે. પરંતુ અનંત અપરાધો કરનાર ઉપર કરુણાની વર્ષા કરે તે મહાકારુણિક છે. ભક્તો ઉપર શ્રીમહાપ્રભુજી કૃપા કરે છે એ તેમનું કારુણિક સ્વરૂપ. પરંતુ મહાઅપરાધી ઉપર શ્રીમહાપ્રભુજી કૃપા કરે છે એ આપનું મહાકારુણિક સ્વરૂપ છે.

શ્રીવલ્લભ અડેલમાં સ્થિરવાસ કરી શ્રીયમુનાજીના કિનારે પર્ણકૂટિ બાંધી બિરાજતા હતા. તેમની સાથે તેમનાં કેટલાક જ્ઞાતિજનો પણ રહેતા હતા. એમાં એક ૮૦ વર્ષના માજી હતાં. શ્રીમહાપ્રભુજીની જ્ઞાતિનાં જ હતાં. એ માજીના મનમાં વિચાર આવતો કે હું ૮૦ વર્ષની થઇ, પણ કોઇ મારા પગ પૂજતું નથી. આ વલ્લભ મારાથી અડધી ઉમ્મરનો ય નથી, સૌ એના પગ પૂજે છે. શાસ્ત્રોએ તો કહ્યું છે કે, પુજાવવા માટે ઉમરને કોઇ સંબંધ નથી. માણસ પોતાના ગુણોથી પુજાય છે. પણ માજીના મનમાં શ્રીવલ્લભ માટે ઈર્ષા જાગી. આ ઈર્ષા એટલી દુષ્ટ હોય છે કે તે પોતાને બાળે છે અને બીજાને પણ બાળે છે. વેર-ઝેર, ઈર્ષા આ બધાં ચિતા સમાન છે. ઈર્ષાની અગ્નિ ભડકી ઊઠે ત્યારે માણસ માણસ મટી રાક્ષસ બની જાય છે. એના માણસાઈના દીવા ઓલાઈ જાય છે.

જ્યારે જ્યારે આ માજી શ્રીમહાપ્રભુજીને જુએ ત્યારે ત્યારે તેમનો ઈર્ષાનો અગ્નિ ભડકી ઊઠે. તેઓ દાંત કચકચાવે. તેઓ વૈષ્ણવોને પણ કહે કે મારા પણ પગ પૂજો. વૈષ્ણવો માજીને કહેઃ ડોકરી, તારા પગ શા માટે પૂજીએ? માજી ઘણા પ્રયત્નો કરવા છતાં શ્રીમહાપ્રભુજીની કીર્તિને રોકી શક્યા નહિ. વૈષ્ણવોની બુદ્ધિ પર પથરા ફેંકી શક્યા નહિ.

તેમણે એક બીજો રસ્તો લીધો. શ્રીમહાપ્રભુજીના સેવકો માથા ઉપર ગાગર લઇ જમુનાજળ ભરવા જાય. એમના ઉપર તેઓ ગંદા કપડાના કાકડા ફેંકે. આમ થતાં એક વૈષ્ણવ એક જ દિવસમાં ત્રણ વખત નાહ્યા. ઘણો ગુસ્સો આવ્યો. અંતે તેમણે શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : માજી ઘરડા થયા છે. એમની વાત ધ્યાન પર લાવશો નહિ. તે જે કપડાં ફેંકે તે લઇ લેજો. ધોઇ સાફ કરી, સૂકવી તેની કાકડીઓ બનાવી, સગડી સળગાવવામાં ઉપયોગમાં લેજો. આપણે વૈષ્ણવ છીએ, એ માજી પાગલ છે. આપણે ધૈર્ય ધારણ કરવું જોઇએ. પાગલની સામે આપણે પાગલ ન બનાય.

જળઘરિયા વૈષ્ણવે તે પ્રમાણે કર્યું. માજીના કાપડના ટૂકડા જેમ જેમ સગડીમાં સળગતા ગયા, તેમ તેમ માજીનું મન શાંત થતું ગયું. તેમને પસ્તાવો થયો, મને

આશરો આપનારને જ મેં દુઃખ આપ્યું છે. માજી શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં દોડી ગયા અને ક્ષમા માંગી. શ્રીમહાપ્રભુજીએ તેમના તરફ પ્રેમ પ્રગટ કર્યો. શ્રીમહાપ્રભુજીનું આવું મહાકારુણિક સ્વરૂપ છે.

મહાકારુણિક શબ્દનો એક ચોથો અર્થ પણ સમજવા જેવો છે. શ્રીમહાપ્રભુજી જ્યારે ભક્તના હૃદયમાં કૃપા કરી શ્રીઠાકોરજી પ્રત્યેના પ્રેમ, આસક્તિ અને વ્યસનનું દાન કરે ત્યારે તેમનું તે કારુણિક સ્વરૂપ, પરંતુ જ્યારે શ્રીઠાકોરજીની સાથે શ્રીવલ્લભ ભક્તને પોતાના સ્વરૂપમાં પણ પ્રેમ, આસક્તિ અને વ્યસનનું દાન કરે ત્યારે તે આપનું મહાકારુણિક સ્વરૂપ.

આજે વૈષ્ણવ સૃષ્ટિમાં શ્રીનાથજીબાવા પ્રત્યે બહુ પ્રેમ રાખનારા વૈષ્ણવો ઘણા છે. કેટલાક વૈષ્ણવો કેવળ શ્રીમહાપ્રભુજી પ્રત્યે પ્રેમ રાખનારા છે. પરંતુ શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી બંને પ્રત્યે પ્રેમ રાખનારા વૈષ્ણવો મુઠ્ઠીભર છે. શ્રીદામોદરદાસ હરસાનીજી આવા વૈષ્ણવ હતા. શ્રીહરસાનીજી માટે શ્રીમહાપ્રભુજી સર્વસ્વ છે. મહાવનમાં એક ક્ષત્રાણી થઈ ગયા. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયાં હતાં. શ્રીમહાપ્રભુજીએ તેમને સેવા કરવા કહ્યું. ક્ષત્રાણીએ કહ્યુંઃ હું આપને જ સર્વસ્વ જાણું છું. શ્રીમહાપ્રભુજીએ પોતાના ચરણારવિંદની છાપ તેમને પધરાવી આપી. તેઓ તેમની સેવા કરવા લાગ્યા. એકવાર જમુનાજળ ભરતાં તેમની ગાગરમાં ચાર સ્વરૂપો પધાર્યાં. તેમણે શ્રીમહાપ્રભુજી પાસે જઈને વિનંતી કરીઃ મહારાજ! આ સ્વરૂપો ઘેર લઈ આવું? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા થવાથી ઘેર લઈ આવ્યાં. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપોને જુદા જુદા વૈષ્ણવોને પધરાવી આપ્યાં. પરંતુ તે ક્ષત્રાણીએ તો જીવનભર શ્રીમહાપ્રભુજીની જ સેવા કરી. આમ શ્રીઠાકોરજીમાં જીવની આસક્તિ જાગે તે કરુણા અને શ્રીમહાપ્રભુજીમાં આસક્તિ જાગે તે મહાકરુણા.

જીવનો શ્રીઠાકોરજીમાં નિરોધ થાય, અને શ્રીઠાકોરજીનો જીવમાં નિરોધ થાય, ત્યારે સંપૂર્ણ નિરોધ થયો કહેવાય. આમ, વૈષ્ણવોએ પણ શ્રીઠાકોરજી સાથે સાથે શ્રીમહાપ્રભુજીમાં પણ એટલો જ પ્રેમ, આસક્તિ અને વ્યસન રાખવાં જોઈએ.

આપણને એક પ્રશ્ન થાય કે આપણે શ્રીઠાકોરજીની અને મહાપ્રભુજીની ભક્તિ કરીએ છીએ. આપણે કહીએ કે અમે આપના છીએ, પરંતુ શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજી આપણને કદી કહેતા નથી કે તું અમારો છે. તેનો જવાબ એ છે કે શ્રીમહાપ્રભુજી

મહાકારુણિક છે. એમ કહીએ ત્યારે મહાકારુણિક શબ્દનો એક પાંચમો અર્થ વિચારવો જોઈએ. જ્યારે જીવ શ્રીવલ્લભનો બને ત્યારે તે શ્રીવલ્લભની મહાકરુણા.

શ્યામદાસજી નામે એક સુથાર વૈષ્ણવ હતા. શ્યામદાસજીને શ્રીમહાપ્રભુજી વિના ચાલતું નહિ. તેમ શ્રીમહાપ્રભુજીને પણ શ્યામદાસજી વિના એક મિનિટ પણ ન ચાલે. આપ વારંવાર શ્યામદાસજીને ઘેર પધારે. એકવાર માતાજીએ શ્રીવલ્લભને ટકોર કરી. શ્યામદાસજી શૂદ્ર જાતિનો કહેવાય. આમ તેના ઘેર પધારો તે ઉચિત નથી. શ્રીમહાપ્રભુજીએ માતાજીની આજ્ઞા તો માની. પરંતુ શ્યામદાસ વિના આપનું શ્રીઅંગ સુકાવા લાગ્યું. આ શ્રીમહાપ્રભુજીની મહાકરુણા. પોતાના જીવો ઉપર પોતે જ નિરૂદ્ધ થઈ જાય ત્યારે સમજવું કે શ્રીવલ્લભની મહાકરુણા છે. આવા મહાકરુણાનિધાન શ્રીમહાપ્રભુજી ભક્તોને સર્વ કંઈ આપવા સમર્થ છે એમ સમજાવવા શ્રીગુસાંઈજી હવે બીજું નામ આપે છે. મહાકારુણિકાય નમઃ ।

(૧૭) 'વિભુઃ' = વિભવે નમઃ = વિભુ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ઉપનિષદોમાં 'વિભુ' શબ્દ વારંવાર વપરાયો છે. 'વિ' એટલે વ્યાપક થવું અને 'ભુ' એટલે બનવું. વ્યાપક બનવાની શક્તિ જેનામાં હોય, જે જુદાં જુદાં સ્વરૂપો ધારણ કરી શકે, તે વિભુ. તેનો એક બીજો પણ અર્થ થાય છે. 'વિ' એટલે વિશિષ્ટ અને 'ભુ' એટલે શક્તિ. જેમનામાં વિશિષ્ટ શક્તિ હોય તે વિભુ. શ્રીમહાપ્રભુજી આ બંને અર્થમાં 'વિભુ' છે. પોતાના ભક્તોને માટે જુદાં જુદાં સ્વરૂપો ધારણ કરી શકે છે. ભક્તોને પોતાના વ્યાપક સ્વરૂપનું દર્શન કરાવે છે, તો પોતાના વિશિષ્ટ સ્વરૂપનું પણ દર્શન કરાવે છે. આ સ્વરૂપનાં દર્શન અનેક ભગવદીયોને કરાવ્યાં છે.

પદ્મનાભદાસજીએ શ્રીમહાપ્રભુજીનાં અતિ ગૂઢ પદો લખ્યાં છે. તેનો અર્થ બહુ ઓછા લોકો સમજી શકે છે. એક પદ્મમાં પદ્મનાભદાસજી કહે છે વૈષ્ણવો! શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં ચોર્યાસીકોશ વ્રજમંડલ બિરાજે છે. જો શ્રીમહાપ્રભુજી વિભુ ન હોય તો આવું કેમ બને? વૃંદાવનમાં મધુર નિકુંજોરૂપી અલૌકિક સંપત્તિ છે. શ્રીમહાપ્રભુજીના એક એક રોમની અંદર અનંત અનંત નિકુંજો છે. કારણ કે આપ વિભુ છે. પૃથ્વી વ્યાપક અને મોટી છે. એટલે આપણે તેના ઉપર જુદાં જુદાં સંકુલો બનાવી શકીએ છીએ. હૉસ્પિટલ, ગૌશાળા, સ્કૂલ-કૉલેજો, મંદિરો બનાવી

શકાય છે. આ બધું બનાવવા માટે ઘણી મોટી જમીન જોઇએ, જે પૃથ્વી ઉપર મળી રહે છે. આ જ પ્રમાણે શ્રીમહાપ્રભુજી પણ એવું વ્યાપક અધિષ્ઠાન છે. આપના એક એક રોમ રોમની અંદર કરોડો કરોડો વ્રજભૂમિ, ગિરિરાજજી અને તેમની નિકુંજો બિરાજે છે.

શ્રીમહાપ્રભુજી વિભુ છે, માટે જ આટલા વ્યાપક બની શકે છે. શ્રીમહાપ્રભુજીના મુખારવિંદમાં સમગ્ર વૃંદાવન છે. જ્યારે આપણે વૃંદાવનમાં જઈએ, ત્યાંની લતા-પતાઓને જોઈએ, ત્યારે વિચાર કરીએ કે આ બધું વૃંદાવન તો મારા શ્રીવલ્લભમાં પણ બિરાજે છે. આથી શ્રીપદ્મનાભદાસજીએ ગાયું કે 'શ્રીમદ્‌વલ્લભ રૂપ સુરંગે, અંગ અંગ પ્રતિ ભાવન કે ભૂષણ, વૃંદાવન સંપત્તિ અંગ અંગે.'

શ્રીવલ્લભનું સુરંગી રૂપ જુઓ. અંગ અંગ પ્રતિ ભાવોનાં આભૂષણ ધારણ કર્યાં છે. આપના એક એક રોમમાં કરોડો વૃંદાવનની સંપત્તિ રહેલી છે. શ્રીમહાપ્રભુજી અતિ કૃપા કરે ત્યારે લીલાસામગ્રી સહિત આપનું દર્શન મળે છે. એથી પણ વધારે કરુણા કરે ત્યારે લીલાસામગ્રી સહિત ભક્તો સાથે અનંત પ્રકારની લીલા કરતા શ્રીમહાપ્રભુજીનું દર્શન થાય છે અને લીલામાં રસાનંદ લેવાનો તથા મધ્યપાતી બનવાનો જીવને અધિકાર મળે છે. આવા શ્રીવલ્લભ હોવાથી આપનું નામ આપ્યું 'વિભવે નમઃ'

વિભુનો બીજો અર્થ છે જે ઘણાં રૂપો ધારણ કરી શકે છે. શ્રીમહાપ્રભુજી વિભુ હોવાથી ભક્તોને કોઇક વખત શ્રીનાથજી સ્વરૂપે દર્શન આપે છે તો કોઇક વખત શ્રીસ્વામિનીજી સ્વરૂપે દર્શન આપે છે. કોઇકવાર શ્રીરણછોડરાયજી સ્વરૂપે પણ દર્શન આપે છે. દ્વારકાલીલાના કેટલાક જીવોને શ્રીરણછોડરાયજી સ્વરૂપે દર્શન આપીને શ્રીમહાપ્રભુજીએ તેમનો અંગીકાર કરેલો છે. આમાં પદ્મા રાવલ અને ગોવિંદ દુબે મુખ્ય છે. પદ્મા રાવલ વાંસવાડા ગયા. ત્યાં વાંસવાડાના શ્રીમહાપ્રભુજીના સેવક ગોપાલદાસજીએ બંધાવેલી ધર્મશાળામાં ઊતર્યા હતા. એ ધર્મશાળા બંધાવવા પાછળ તેમનો આશય એવો હતો કે કોઈ ભગવદીય અહીં મુકામ કરે તો એમની ચરણરજથી આ સ્થાન પવિત્ર બને. ગોપાલદાસજીએ પદ્મા રાવલને પૂછયું : 'તમે ક્યાં જાવ છો?' પદ્મા રાવલે કહ્યું : દ્વારકા જાઉં છું. ગોપાલદાસે ફરી પૂછયુંઃ 'શું શ્રીદ્વારકાનાથજી તમારી સાથે વાતો કરે છે, અને પ્રગટ દર્શન આપે છે?' પદ્મા રાવલ રડવા લાગ્યા અને કહેવા લાગ્યાઃ 'એવું તો કદી બન્યું નથી.' ગોપાલદાસજીએ કહ્યું : 'તમને ખબર નથી, પણ આ કરાલ કલિયુગમાં

શ્રીરણછોડરાયજી પ્રગટ થયેલા છે. આ સાંભળી પદ્મા રાવલે કહ્યું : 'મને જલદી કહો. તેઓ ક્યાં બિરાજે છે?' ગોપાલદાસજીએ કહ્યું : 'પ્રયાગ પાસે અડેલ નામનું ગામ છે. ત્યાં તેઓ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે બિરાજમાન છે.' આ સાંભળી પદ્મા રાવલ તરત જ અડેલ જવા ઉપડયા. અડેલ પહોંચવા પ્રયાગથી નાવમાં જવું પડે. કિનારે કોઈ નાવ ન હતી, તેથી તેઓ નાવની રાહ જોતા બેઠા. એટલામાં એક નાવિક નાવ લઈને આવ્યો. તેમણે બૂમ પાડી પૂછયું : 'પદ્મા રાવલ કોણ છે?' જલદી ચાલો. તમને શ્રીરણછોડરાયજી બોલાવે છે.' પદ્મા રાવલ નાવમાં બેસી અડેલ ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીરણછોડરાયજીના ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં. આથી પદ્મા રાવલ ઘણા પ્રસન્ન થયા. તેઓ શ્રીમહાપ્રભુજીના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. થોડીવાર પછી તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન ધોતીઉપરણામાં થવા લાગ્યા. આથી પદ્મા રાવલને ઘણું આશ્ચર્ય થયું.

આમ શ્રીમહાપ્રભુજી વિભુ સ્વરૂપ છે. વિવિધ રૂપો ધારણ કરે છે. જેનો જે લીલામાં અધિકાર હોય, એ લીલાનું સ્વરૂપ ધારણ કરી, તેનો સ્વીકાર કરે છે.

પરંતુ જે જીવોનો અધિકાર પુષ્ટિલીલામાં છે તે જીવોને પુષ્ટિમાર્ગમાં ખેંચવા માટે આપ અદેય દાન આપનારા છે. માટે શ્રીગુસાંઈજી મહારાજ હવે આપનું બીજું નામ આપે છે. વિભવે નમઃ ।

શ્લોક-૧૧ :

અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ - મોહિતાસુરમાનુષઃ ॥

શબ્દાર્થ : (૧૮) અદેયદાનદક્ષશ્ચઃ = અદેય વસ્તુઓનું દાન કરવાની ક્ષમતાવાળા **(૧૯) મહોદાર-ચરિત્રવાન્** = મહા ઉદાર ચરિત્રવાળા (૨૦) **પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાનુસાર - માનુષઃ** = પ્રાકૃતોના અનુકરણના બહાને આસુરી જનોને મોહિત કરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

વિવરણ :

(૧૮) 'અદેયદાનદક્ષઃ' = અદેયદાનદક્ષાય નમઃ = અદેય વસ્તુઓનું દાન કરવાની જેમનામાં દક્ષતા છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી અંગીકૃત પુષ્ટિ જીવોને આપી ન શકાય એવી અદેય વસ્તુઓનું દાન કરવામાં પોતાની દક્ષતા પ્રગટ કરે છે. અદેય વસ્તુનું દાન અંગીકૃત જીવો માટે છે.

સામાન્ય જીવો માટે નથી. જેમનો સંપૂર્ણ સ્વીકાર કરેલો છે, જેમનું વરણ કરી એમને પોતાના માન્યા છે, એવા જીવો માટે શ્રીમહાપ્રભુજી મહાકરુણાથી અદેય દાન કરે છે.

આવા જીવોને સૌ પ્રથમ શ્રીમહાપ્રભુજી પ્રેમની દીક્ષા આપે છે, પછી વિરહતાપની દીક્ષા આપે છે. એના પછી શ્રીમહાપ્રભુજી એ જીવને પોતાનો બનાવે છે. અદેય કેવળ પ્રભુનો પ્રેમ છે. આ અદેય પ્રભુપ્રેમનું દાન શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી ઉપર પોતાના સેવકોને કર્યું છે.

દુનિયામાં બધું મળે છે, પણ ભગવત્ પ્રેમ મળતો નથી. દુનિયામાં સાધના દ્વારા તમે ઘણું મેળવી શકો, તમારા બળથી ઝઝૂમી શકો, પરંતુ યુગોના યુગો વહી જવા છતાં જો પ્રાણનાથ પ્રભુની કૃપા ન થાય તો તેમનો પ્રેમ પામી શકતા નથી. માટે એક કવિએ સાચું કહ્યું કે : પ્રેમની દીક્ષા એ જ જીવનની સાચી દીક્ષા છે. પ્રેમની આ દીક્ષા કેવળ શ્રીમહાપ્રભુજી આપે છે. બ્રહ્મસંબંધ લેવું એટલે પ્રેમમંત્રથી દીક્ષિત બનવું. આ દીક્ષા આપ્યા પછી શ્રીમહાપ્રભુજી આપણા હૃદયમાં પ્રભુને પામવાની ઝંખના જગાડે છે. તે માટેનો તાપકલેશ પ્રગટ કરે છે, કે મને પ્રભુનાં દર્શન ક્યારે થાય? આ ઝંખનામાંથી ચિર પ્રતીક્ષા જાગે છે. એક કવિએ કહ્યું કે : 'હે પ્રભુ! તને મળવા કરતાં, તને ન મળવામાં પણ વધારે આનંદ આવે છે.' એ આનંદ તારી ઇંતેજારીનો છે. મળ્યા પછી તો કિનારો આવી જાય છે. તું નથી મળતો ત્યાં સુધી ઝઝૂમવાનો આનંદ છે.' શ્રીમહાપ્રભુજી આવા અદેયદાનદક્ષ છે.

આપણને એક પ્રશ્ન થશે કે શ્રીઠાકોરજીના પ્રેમને અદેય શા માટે કહ્યો? શું બીજા મહાત્માઓ ભગવત્પ્રેમ નથી આપી શકતા? શું આપણી જાતે આપણે ભગવાનની ભક્તિ કરીએ તો ભગવાન સ્વયમ્ એમનો પ્રેમ ન આપે? શ્રીમહાપ્રભુજી એકલા જ ભગવત્પ્રેમ આપી શકે એવું શા માટે? એનો જવાબ એ છે કે કદાચ બીજા મહાત્માઓ ભગવત્પ્રેમ આપી શકતા હશે, પરંતુ એ મર્યાદિત છે. આ કરાલ કલિયુગમાં શ્રીઠાકોરજીએ પોતાનો પ્રેમનો ખજાનો બંધ કરી દીધો છે. તેમણે પ્રતિજ્ઞા કરી છે કે કલિયુગમાં બધું આપીશ, પણ મારો પ્રેમ નહિ આપું. ભાગવતના પંચમ સ્કંધમાં શ્રીશુકદેવજીએ આ વાતનું સ્મરણ કરાવ્યું છે. ભગવાન કહે છેઃ 'તારે મુક્તિ જોઇએ તો લઇ જા. સ્વર્ગનું સુખ જોઇએ તો પણ લઇ જા. પણ હું તને મારો પ્રેમ નહિ આપું.' આપણને ફરી પ્રશ્ન થશે ભગવાન પાસે પ્રેમનો આટલો મોટો ખજાનો છે ત્યારે થોડો થોડો પ્રેમ આપે તો પ્રેમ શું ઓછો થશે? તેઓ આટલા કંજૂસ કેમ છે? જવાબમાં ભગવાન કહે છેઃ

ભાઈઓ, પ્રેમનો ખજાનો ખોલી દેતાં મારે ઘણી ઉપાધિઓ વહોરવી પડે છે. દ્વાપર યુગમાં મેં ખજાનો થોડોક ખોલેલો. તેમાંથી એક બુંદ પ્રેમ મેં દ્રૌપદીને આપેલો. એનું પરિણામ એ આવ્યું કે મારે દ્રૌપદીના જોડા ઊંચકવા પડ્યા હતા.

પાંડવો અને કૌરવો વચ્ચે યુદ્ધ ચાલતું હતું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે દ્રૌપદીને સમજાવ્યું કે તમારા પતિના વિજય માટે તમે ભીષ્મ પિતામહનું વરદાન મેળવો. તેથી શ્રીકૃષ્ણ દ્રૌપદીને કૌરવોની છાવણી તરફ લઈ ગયા. છાવણી પાસે પહોંચતાં દ્રૌપદીએ કહ્યું: મારા જોડા અહીં ઉતારીશ તો કૌરવોને ખબર પડશે કે હું અહીં આવી છું. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું: 'દેવી, તમારા જોડાઓની હું રખેવાળી કરીશ.' શ્રીકૃષ્ણે દ્રૌપદીના જોડા ઊંચકી લીધા. પોતે જે વસ્ત્ર ધારણ કર્યું હતું તેમાં છાતી સરસા છુપાવી દીધા. જાણે ભગવાનનું હૃદયકમળ અને ભક્તના જોડા એક બની ગયા. દ્રૌપદીએ અંદર જઈ ભીષ્મ પિતામહના આશીર્વાદ લીધા. ભીષ્મ પિતામહને ખબર પડી કે દ્રૌપદીની સાથે શ્રીકૃષ્ણ પધાર્યા છે, એટલે બહાર દર્શન કરવા આવ્યા. શ્રીકૃષ્ણના હૃદય પર રહેલા પોતાના જોડા જોઈને દ્રૌપદીને ઘણી વેદના થઈ. તેમણે પ્રભુની માફી માંગી. ભીષ્મજી ભક્ત અને ભગવાનની આ લીલા જોઈ ગદ્‌ગદ બન્યા અને વિનંતી કરી: મહારાજ! મને પણ આવી ભક્તિનું દાન કરો. ત્યારથી પ્રભુએ પોતાના પ્રેમનો આ ખજાનો બંધ કરી દીધો.

આ ખજાનો ખોલવો કેમ, એવો આપણને પ્રશ્ન થાય? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: વૈષ્ણવો, તમે ડરશો નહિ. એની ચાવી હું મારી સાથે લઈ આવ્યો છું. માટે શ્રીમહાપ્રભુજી અદેય એવા ભગવત્‌પ્રેમનું જીવોને દાન કરે છે.

અદેયનો બીજો અર્થ છે કે પ્રભુની રાસલીલા. જ્યાં બ્રહ્માજી કે મહાદેવજીનો પણ પ્રવેશ નથી, એવી દિવ્ય રાસલીલામાં શ્રીમહાપ્રભુજી આપણો પ્રવેશ કરાવે છે. માટે આપ અદેયદાનદક્ષ છે.

જેમ પ્રભુની પુષ્ટિભક્તિ અદેય છે તેમ પુષ્ટિપ્રભુ પણ અદેય છે. લાખ પ્રયત્નોથી જે પ્રાપ્ત થતા નથી, એ શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત થાય છે. માટે શ્રીહરિરાયજીએ એક કીર્તનમાં ગાયું: 'પ્રગટે પુષ્ટિમહારસ દેન' અદેય દાનભક્તિ અને ભક્તિગમ્ય ભગવાનનું દાન કરનાર શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં લાખ લાખ વંદન.

અદેયદાનદક્ષ: કહ્યા પછી શ્રીગુસાંઈજીએ એક વિશેષ પદ મૂક્યું છે, 'ચ'. 'ચ' ચકારથી એમ બતાવ્યું કે આપ અદેય વસ્તુનું દાન તો આપે છે પરંતુ સાથે

સાથે દેય વસ્તુનું પણ દાન આપે છે. મોંઘામાં મોંઘું તો મળે છે પરંતુ સાથે સસ્તું માંગો તો સસ્તું પણ મળે છે. શ્રીવલ્લભ અદેય એવી ભક્તિનું દાન આપે છે. તો દેય એવી મુક્તિનું દાન પણ કરે છે. કારણ કે કેટલાક જીવો ભક્તિના અધિકારી છે, તો કેટલાક જીવો મુક્તિના અધિકારી છે.

શ્રીમહાપ્રભુજી મુક્તિનું દાન આપે, એમાં કાંઇ નવાઇ નથી. કારણ કે એમના સેવકો પણ, મુક્તિ આપી શકે છે. જેના સેવકો આવા હોય, એમના સ્વામીની તો વાત જ શી કરવી? આપણે પ્રભુદાસ જલોટાને યાદ કરીએ. ચોર્યાસી વૈષ્ણવ પૈકીના એ વૈષ્ણવ હતા. એક વખત દાન એકાદશીનો દિવસ આવ્યો. શ્રીને અંગીકાર કરાવવા માટે ગોરસ જોઇતું હતું. શ્રીવલ્લભે તેમને ગોરસ લઇ આવવાની આજ્ઞા કરી. એક આહીર જાતિની સ્ત્રી ગોરસ વેચવા નીકળેલી, તે રસ્તામાં મળી. તાજું મીઠું ગોરસ હતું. સ્ત્રીએ કહ્યું: બહુ મોંઘું છે.' પ્રભુદાસ જલોટાએ કહ્યું: માંગી માંગીને શું માંગીશ?' બાઇએ કહ્યું: 'ભગતજી, આપી આપીને શું આપશો? મુક્તિ આપી શકશો?' પ્રભુદાસજીએ કહ્યું: 'જા, મુક્તિ આપી.' બાઇ રાજી થતી ઘેર ગઇ, પાડોશણે કહ્યું : 'એ માણસ તને છેતરી ગયો. કાગળ ઉપર લખી આપે કંઇ મુક્તિ મળતી હશે!' શ્રીઠાકોરજીને શરણે જઇ એક દિવસ તે બાઇ મૃત્યુ પામી. પાડોશણે જોયું કે તે બાઇને લેવા ચાર વિષ્ણુદૂતો આવ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ કહ્યું: કૃપાનાથ, આ ગોરસના બદલામાં મુક્તિ આપી છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: ભક્તિ આપી હોત તો તે બાઇનું વધારે ભલું થાત.

શ્રીમહાપ્રભુજીને અહીં 'દક્ષ' એટલે ચતુર કહ્યા છે. આપણને પ્રશ્ન થશે કે દાન આપવામાં ચતુરાઇની શી જરૂર! ટીકાકારો કહે છે: દાન આપવામાં પણ ચતુરાઇ જોઇએ. દાન લેનારને ખબર ન પડે કે દાન મને મળ્યું છે. કારણ લેનારને એની ખબર પડે તો એના મનમાં ઉપકારનો ભાર રહે. પરિણામે જે વસ્તુ તેને મળી છે, એને ભોગવવાનો આનંદ ન આવે. લેનાર આપનારને સતત યાદ કરાવે કે તમે મને આ દાન આપ્યું છે તો આપનારનો આપવાનો આનંદ પણ ચાલ્યો જાય. માટે દાન એવી રીતે કરવું કે લેનારને તેની ખબર ન પડે.

દાન આપવામાં એક બીજી ચતુરાઇ પણ રાખવી જોઇએ. તમે જે દાન આપો છો, તે બરાબર વપરાય, તેનો સદુપયોગ થાય, એ બેકાર ન જાય. કોઇને લાખ રૂપિયાનો હીરો આપો અને તે હીરો પહેરવાના ઉપયોગમાં ન આવે તો તે દાન બેકાર છે.

શ્રીમહાપ્રભુજી આપણને જે દાન આપે છે તે જીવનમાં ધારણ કરવા માટે છે. આપણી જીવબુદ્ધિથી એ ધારણ ન કરી શકીએ તો શ્રીમહાપ્રભુજી આપણને ધારણ કરવાની શક્તિ પણ આપે છે. આમ, શ્રીમહાપ્રભુજી દાન આપે છે અને સાથે સાથે એ દાનને પચાવવાની શક્તિ આપે છે. આ શક્તિ 'દક્ષતા' છે.

શ્રીમહાપ્રભુજી અદેય કહેવાતી કઈ કઈ વસ્તુઓ આપે છે, એનો પણ વિચાર કરીએ. એક છે પુષ્ટિભક્તિ, બીજા છે શ્રીઠાકોરજી. ત્રીજો છે પ્રેમભક્તિનો વિરહતાપ. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેઃ આ લૌકિક શરીરથી નિત્યલીલામાં જવાતું નથી. પ્રભુનો રસ અચ્યુત છે. તેને ધારણ કરવા અલૌકિક શરીર જોઈએ. આ અલૌકિક શરીર એટલે તનુનવત્વઃ. જેમ શ્રીયમુનાજી તનુનવત્વ આપે છે એમ શ્રીમહાપ્રભુજી પણ તનુનવત્વ આપે છે. આ દિવ્ય શરીરની પ્રાપ્તિ પણ અદેય વસ્તુ છે.

જે આવું અદેય આપી શકે તે સ્વભાવે મહાઉદાર હોય. માટે શ્રીગુસાંઈજી હવે શ્રીમહાપ્રભુજીનું નામ આપે છે 'મહોદારચરિત્રવાન્'. જેમ કરુણા સાથે મહા શબ્દ જોડાયો હતો તેમ ઉદારતા સાથે પણ અહીં મહાશબ્દ જોડાયેલો છે. જે પાત્ર અને અપાત્રનો વિચાર કરીને દાન આપે, તે મહોદાર. શ્રીમહાપ્રભુજી પોતાના પ્રમેય બળથી જીવની પાત્રતા જોયા વિના દાન કરે છે. સાધનબળથી જે દાન આપે તેનું દાન ઘણું મોટું હોય, કારણ કે 'કૃપા' ઘણી વિશાળ છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ વૈષ્ણવો, શ્રીઠાકોરજી પાસે કદી માંગશો નહિ. શ્રીઠાકોરજીને આપવું હોય તેટલું આપે. માંગવાનો અવિવેક ન કરશો. કારણ તમારી માંગણી ખાબોચિયા જેવડી હશે. શ્રીઠાકોરજીની આપવાની લાગણી સમદ્ર જેટલી હશે. શ્રીમહાપ્રભુજીનું આવું મહોદારચરિત્ર હોવાથી, આપશ્રીને મહોદાર ચરિત્રવાન કહ્યા છે. અદેયદાનદક્ષાય નમઃ ।

(૧૯) મહોદારચરિત્રવાન્ - મહોદારચરિત્રવતે નમઃ મહાઉદાર ચરિત્રવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું :

શ્રીમહાપ્રભુજી મહાઉદાર ચરિત્રવાળા છે. એટલા માટે તેમને જે આપવું હોય તે આપે. આપણે ક્યારેય માગણી કરીને મન નાનું ન કરવું.

શ્રીમહાપ્રભુજીને મહોદાર ચરિત્રવાળા કહ્યા, એનું એક બીજું કારણ છે. અમુક વસ્તુઓ અમુક સમયમાં અને અમુક દેશમાં અપાય. આપવામાં જે દેશકાળનો વિચાર રાખે, તે ઉદાર ચરિત્રવાન. દેશકાળનો વિચાર કર્યા વિના જે આપે તે મહોદાર ચરિત્રવાન.

એક ત્રીજો અર્થ પણ છે. માંગો તેટલું આપે, તે ઉદાર ચરિત્રવાન. તમે માંગો તેના કરતાં વધારે આપે તે મહોદાર ચરિત્રવાન. સામાન્ય રીતે જે વસ્તુ આપણને ઓછી ગમતી હોય અથવા આપણા ઉપયોગમાં ઓછી આવતી હોય, તે આપણે બીજાને આપીએ છીએ. આપવામાં માણસ થોડી મર્યાદા રાખે છે. પોતાને ગમતી અને પોતાના ઉપયોગમાં વધારે આવતી વસ્તુ જે આપી દે, તે મહોદાર ચરિત્રવાન.

પરણેલી સ્ત્રીને સૌથી વધારે ગમતી વસ્તુ હોય, તેનો પતિ. તેના પતિમાં કોઈ ભાગ પડાવવા આવે ત્યારે તે રણચંડી બની જાય. બધું આપી શકાય, પણ અતિગમતી વસ્તુ આપી શકાતી નથી. માટે માણસ ઉદાર બની શકે છે, મહોદાર બની શકતો નથી.

શ્રીમહાપ્રભુજીને પ્રિયથી પ્રિય છે શ્રીનાથજી. તેઓ પ્રાણનાથ છે. તેમના વિના શ્રીમહાપ્રભુજી એક ઘડી રહી શકતા નથી. છતાં શ્રીમહાપ્રભુજીએ ક્યારેય એવો દાવો નથી કર્યો કે શ્રીનાથજી એકલા મારા જ છે. આપશ્રીએ શ્રીનાથજીબાવાનું દાન પોતાના બધા સેવકોને કરી દીધું છે. માટે આપ મહોદર ચરિત્રવાન છો. શ્રીમહાપ્રભુજીએ પોતાનું સર્વસ્વ આપી દીધું છે.

શ્રીમહાપ્રભુજી સ્વામિની ભાવનું સ્વરૂપ છે અને શ્રીનાથજી સ્વામી ભાવનું સ્વરૂપ છે. સ્વામી અને સ્વામિનીનો એમનો સંબંધ છે. આજથી ૫૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર આ બંને સ્વરૂપોનું મધુરું મિલન થયું હતું. આવા મધુરાધિપતિ પ્રાણનાથ શ્રીનાથજીબાવાને શ્રીમહાપ્રભુજીએ આપણને આપી દીધા છે માટે શ્રીમહાપ્રભુજી મહોદાર ચરિત્રવાન છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીબાવાના પ્રથમ મધુર મિલનનું સ્મરણ થયું છે ત્યારે એ લીલાનો કંઈક મધુર આસ્વાદ કરી લઈએ. જે દિવસે ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું હતું, બરાબર તે જ દિવસે અને સમયે શ્રીગિરિરાજમાં પણ શ્રીનાથજીબાવાનું મુખારવિંદનું પ્રાગટ્ય થયું હતું. શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા કાશીથી બિહાર રાજ્યમાં આવેલા ઝારખંડ નામના પ્રદેશમાં પધાર્યા હતા, ત્યાં એક રાતે શ્રીનાથજીબાવાએ શ્રીમહાપ્રભુજીને દર્શન આપીને આજ્ઞા કરી: 'હે વલ્લભ! આપને મળવા માટે મારું મન વ્યાકુળ છે. આપ સત્વરે વ્રજમાં પધારો.' આથી પોતાની પરિક્રમા અધૂરી મૂકી, શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા.

ગિરિરાજજીની તળેટીમાં આન્યોર નામનું એક ગામ છે. ત્યાં સદુપાંડે નામના એક વ્રજવાસી રહેતા હતા. તેમના ઘરની આગળના ચોતરા ઉપર શ્રીમહાપ્રભુજીએ મુકામ કર્યો. સદુપાંડેએ શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજીબાવાના પ્રાગટ્યની વાત કરીઃ મહારાજ અહીં પર્વતના દેવ પ્રગટ થયા છે. આ ગામના એક ગોવાળિયાની એક ગાય હતી. રોજ સવાર-સાંજ તે ક્યાંક બધું દૂધ સ્રવી આવતી હતી. ગોવાળિયો શોધતો શોધતો પાછળ ગયો. તેણે જોયું કે ગાય ગિરિરાજ પર્વત પરની એક શિલામાં બધું દૂધ આપમેળે સ્રવી દે છે. તેણે ગામના વડીલોને વાત કહી. સૌએ ત્યાં જઇ તે શિલા ઉઠાવી. જોયું તો પર્વતમાં સુંદર મુખાકૃતિ ચમકે છે. આપની ઊંચી ભુજાનાં સૌને દર્શન થયાં. વ્રજના એ ઠાકુરે આજ્ઞા કરીઃ 'તમે હમણાં મને દૂધ-દહીં-માખણ આરોગાવો. શ્રીવલ્લભ અહીં પધારશે ત્યારે હું બહાર પધારીશ.' ત્યારથી વ્રજના આ ઠાકુર સૌ વ્રજવાસીના દૂધ-દહીં-માખણ પ્રત્યક્ષ આરોગે છે. આ ભુજાનાં દર્શન શ્રાવણ સુદ પાંચમ નાગપંચમીના દિવસે પ્રથમ વખતે થયાં હતાં. શ્રીમહાપ્રભુજી આ સાંભળી ખૂબ રોમાંચિત થયા.

એટલામાં સદુ પાંડેની કન્યા નરો દૂધનો કટોરો લઇ, શ્રીનાથજીને આરોગાવવા પર્વત પર ગઇ. ત્યાંથી તે પાછી ફરી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ પ્રેમભર્યા સ્વરે પૂછ્યુંઃ 'નરો, આ કટોરામાં કંઇ દૂધ બચ્યું છે?' કટોરામાં થોડું બચ્યું હતું. જે શ્રીનાથજીનું પ્રસાદી હતું. તે આરોગીને શ્રીમહાપ્રભુજી પરમ તૃપ્ત થયા.

શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીના સ્વામિની ભાવનું સ્વરૂપ છે. પોતાના પ્રિયતમને આરાધવા આપ ભૂતલ ઉપર પધાર્યા છો. આથી બીજા દિવસે સદુ પાંડે વગેરેને સાથે લઇ, આપ ગિરિરાજ ઉપર પધારવા તત્પર થયા. તે દિવસે અખાત્રીજનો દિવસ હતો. શ્રીનાથજીબાવાના લાવણ્યરૂપી સરોવરમાં સ્નાન કરવા માટે, મધુર મુખચંદ્રનાં દર્શન કરવા માટે, સૌંદર્યના વિશાળ આકાશની અંદર ઉડ્ડયન કરવા માટે, ચિર વિરહતાપ દૂર કરવા માટે અતિ રોમાંચિત બની; પ્રેમ અને આનંદ સહિત શ્રીવલ્લભ શ્રીગિરિરાજ બાવાની આજ્ઞા લઇ તેમની શિલાઓ ઉપર ચઢવા લાગ્યા.

શ્રીજીબાવાએ જાણ્યું કે મારા વલ્લભ પધારી રહ્યા છે. જેટલી તાલાવેલી શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજીબાવાને મળવા માટે હતી, એટલી જ તાલાવેલી શ્રીનાથજીબાવાને પણ શ્રીમહાપ્રભુજીને મળવાની છે. શ્રીનાથજીબાવા ગિરિકંદરામાંથી બહાર પધાર્યા. શિખરની શિલા ઉપર ઠાડા રહ્યા. શ્રીમહાપ્રભુજી ઉપર ચડી રહ્યા છે. શ્રીનાથજીબાવા નીચે પધારી રહ્યા છે.

શ્રીમહાપ્રભુજીએ અને શ્રીનાથજીબાવાએ એક-બીજાની સામે જોયું. ત્યારે સમગ્ર મધુરતા પ્રગટ થઇ ગઇ. એ મધુરતાના અનુભવે શ્રીમહાપ્રભુજીના મુખારવિંદમાંથી શબ્દો પ્રગટ થયા 'અધરમ્ મધુરમ્'! હે પ્રાણવલ્લભ! આપના અધર મધુર છે. જેવી રીતે સૂર્ય ઊગે અને કમળ ખીલી જાય, તેમ મધુરતાના મકરન્દરૂપી શ્રીનાથજીબાવાનાં દર્શન કરતાં શ્રીમહાપ્રભુજીનું વદન કમળ ખીલી ગયું. નેત્રકમળ, મુખકમળ અને હૃદયકમળમાંથી ચોગરદમ સુગંધ ફેલાઇ ગઇ. આનંદની કેટલીયે ઊર્મિઓ આપના હૃદયમાં પ્રગટ થવા લાગી.

આપે બીજી પંક્તિ ઉચ્ચારીઃ 'વદનં મધુરમ્' ચાર મિલે, ચોસઠ ખીલે, બે નેત્રો શ્રીમહાપ્રભુજીનાં અને બે નેત્રો શ્રીનાથજીબાવાનાં! ચારે નેત્રો એક-બીજાની સાથે ઓતપ્રોત બની ગયા. સ્વામિની ભાવથી પ્રિયતમના દર્શન કરતાં, લજ્જાથી શ્રીમહાપ્રભુજીનાં નેત્રો નીચે ઢળી ગયાં. શ્રીનાથજીનાં નેત્રોમાં શ્રીમહાપ્રભુજીનાં નેત્રો ડૂબી ગયાં. એટલે આપના મુખમાંથી ત્રીજી પંક્તિ પ્રગટ થઇ. 'નયનમ્ મધુરમ્' નેત્રોથી નેત્રો મળ્યાં, એટલે વગર કહે મુખ પર હાસ્યનાં ઝરણાં ફૂટી નીકળ્યાં. જ્યારે પ્રેમાસ્પદ આપણી આંખ સામે આવે, આંખોથી આંખો મળે ત્યારે દુનિયાની કોઇ શક્તિ એ આંખોમાંથી નીકળતા હાસ્યના ઝરણાંને રોકી શકતી નથી. એ હાસ્ય આંખોમાંથી કે અધરોમાંથી પ્રગટતું નથી, પણ હૃદયમાંથી પ્રગટે છે. હાસ્ય એ હૃદયનું પ્રતિબિંબ છે. જ્યાં સુધી હૃદય ખીલે નહિ ત્યાં સુધી સાચું હાસ્ય મુખ પર પ્રગટે નહિ. આજે તો ઘણાં લોકો હૃદયની ઇચ્છા વિરુદ્ધ હસવાનો ખોટો દેખાવ કરે છે. સાચું હાસ્ય તો સવારે ખીલતી ઉષા જેવું છે. વસંતમાં ખીલતા ફૂલ જેવું છે. શ્રીનાથજીબાવાનાં મુખારવિંદ પર હાસ્યનાં દર્શન કરી, શ્રીમહાપ્રભુજીએ વધુ એક પંક્તિ ઉચ્ચારી 'હસિતમ્ મધુરમ્', 'હૃદયમ્ મધુરમ્'.

હવે શ્રીનાથજીબાવાને થયું કે એકક્ષણનો વિલંબ પણ યુગ જેવો લાગી રહ્યો છે. શ્રીવલ્લભ વિના હવે હું એક ક્ષણ પણ રોકાઇ શકીશ નહિ. ચાતુર્માસમાં વરસાદની મુશળધાર ધારાઓ વરસી પડે તેમ શ્રીવલ્લભ વિના મારાં નેત્રો વરસી પડશે. એટલે આપ દોડતા દોડતા નીચે શ્રીવલ્લભની દિશામાં પધારવા લાગ્યા. માનો પવન દોડી રહ્યો છે. દોડતા દોડતા પધારતા શ્રીનાથજીબાવાનાં દર્શન કરી શ્રીમહાપ્રભુજીએ ગાયુંઃ 'ગમનમ્ મધુરમ્'.

આખરે બંને સ્વરૂપો શ્રીગિરિરાજબાવાની એક મોટી શિલા ઉપર ભેગાં થયાં, ભેટી પડ્યાં. બંનેનું પ્રથમ મિલન થયું. શ્રીનાથજીબાવાએ શ્રીમહાપ્રભુજીને

પોતાની ભુજાઓમાં ઘેરી લીધા. શ્રીનાથજીબાવાના મધુર સુકોમળ શ્રીઅંગનો સ્પર્શ શ્રીવલ્લભ માણવા લાગ્યા. જેમ બિંદુ સિંધુમાં મળી જાય, તેમ શ્રીવલ્લભ અને શ્રીનાથજીબાવા એકબીજામાં મળી ગયા. આ મધુર અનુભવ શ્રીવલ્લભે ગાયો. 'મધુરાધિપતેરખિલમ્ મધુરમ્'.

શ્રીવલ્લભે આ બધી વાતો 'મધુરાષ્ટકમ્'માં આપણને કહી છે. આ પ્રથમ મધુર મિલન પછી શું થયું, એવો આપણને પ્રશ્ન થાય. શ્રીનાથજીબાવાએ શ્રીમહાપ્રભુજીનો હસ્ત પકડી ગિરિરાજની તળેટીમાં આવેલી નિકુંજોમાં ફરવા માંડ્યું. સાથે બેસી નિત્યલીલાની, નિકુંજોની કેટલીયે રસભરી લીલાઓનું બંનેએ સ્મરણ કર્યું. કેટલાંય ચરિત્રોનું ગાન કર્યું. એ વખતે એવાં દર્શન થતાં હતાં કે શ્રીમહાપ્રભુજીએ ધોતી-ઉપરણો નથી ધર્યો. પરંતુ સ્વામિની ભાવથી નીલાંબર ધારણ કર્યું છે. શ્રીનાથજીબાવાના શ્યામસ્વરૂપના દિવ્ય શ્યામપ્રકાશની ઝાંય શ્રીવલ્લભના ધોતી-ઉપરણા ઉપર પ્રકાશી રહી હતી.

જેમ વૃંદાવનમાં ગોપાલ વેણુ વગાડતા અને ગોપીઓ દોડી આવતી. પછી શ્રીકૃષ્ણ શ્રીરાધાજીના ખભા ઉપર પોતાનો હસ્ત ધરી, પરસ્પરને ટગર ટગર જોતાં અને લલિતત્રિભંગીલાલ વેણુનાદમાં મશગૂલ થઇ જતા. તેમ શ્રીનાથજીબાવા પણ શ્રીવલ્લભના ખભે મસ્તક ટેકવી, વેણુનાદમાં મશગૂલ થઇ ગયા. વેણુનાદ કરતાં કરતાં આપ લલિતત્રિભંગી બની નૃત્ય કરવા લાગ્યા. શ્રીવલ્લભે સ્વામિની ભાવથી શ્રીનાથજીબાવાને શૃંગાર ધર્યા. મસ્તક ઉપર તિલક કર્યું. ધોતી-ઉપરણો ધરાવ્યો. ગુંજામાળા અને કમળની માળા ધરાવી. મસ્તકે પાગ બાંધી મોરપિચ્છ ધરાવ્યું. શ્રીનાથજીબાવાના રૂપને વધારે સુંદર બનાવ્યું. પછી બંને સ્વરૂપો પ્રિયા પ્રિયતમના ભાવથી શ્રીયમુનાજીના કિનારે વિહાર કરવા લાગ્યાં.

આજે શ્રીયમુનાજી મોટાં મોટાં તરંગોથી પ્રસન્ન છે. બંને સ્વરૂપોએ જલક્રીડા કરી. શ્રીયમુનાજી મધુર છે, તેમાં ખીલેલાં કમળો પણ મધુર છે. બંને પરસ્પરના ઉપર કમળોની વૃષ્ટિ કરી રહ્યા છે. બધી ગોપીઓ યુગલ સ્વરૂપનાં દર્શન કરવા દોડી આવી. ગ્વાલો પણ દોડી આવ્યા. શ્રીનાથજીબાવા હવે ગૌચારણ કરી રહ્યા છે. આ પ્રથમ મિલનની વાત શ્રીમહાપ્રભુજીએ એકસઠ પદાવલીઓમાં કહી. યુગલ સ્વરૂપની મધુરતાથી વ્રજ અને વ્રજની બધી લીલાઓ મધુર થઇ ગઇ છે.

શ્રીનાથજીબાવા મધુર છે. શ્રીસ્વામિનીજી પણ મધુર છે. મધુરા એવા શ્રીસ્વામિનીજીના જે અધિપતિ છે તે શ્રીનાથજીબાવા, માટે આપને મધુરાપતિ

કહ્યા. આપનું રોમ રોમ મધુર છે, આપનું રૂપ મધુર છે. આપનું નામ મધુર છે, આપની લીલાઓ મધુર છે, આપનું નિજસ્થાન મધુર છે. માટે શ્રીનાથજીબાવાને ‘મધુરાપતિ’ કહ્યા. શ્રીનાથજીબાવા મધુર છે. મધુર એટલે આનંદ, જેનામાં આનંદ પૂર્ણરૂપે રહ્યો છે તે મધુર. શ્રીસ્વામિનીજી મધુરા છે. જેમનામાં પરમાનંદ પૂર્ણરૂપે છે તે મધુરા. બંને સ્વરૂપો પૂર્ણ મધુર છે. તેમનું બધું જ મધુર છે. સાકરની પૂતળીને કોઈપણ ભાગથી મોમાં મૂકીએ તો તે મીઠી જ લાગે. એના હાથ મીઠા, એના પગ મીઠા, એનું મોં પણ મીઠું.’ એવી રીતે શ્યામસુંદર ભગવાન રસબ્રહ્મ છે અને સુંદરતાના નિધાન છે. એનું સ્મરણ પણ મધુર આનંદ આપનારું છે.

આવા મધુરાપતિ શ્રીનાથજીબાવાનો શ્રીમહાપ્રભુજીએ સ્વામિની ભાવે રસાનુભવ કર્યો. પોતાના પ્રાણનાથ પ્રાણવલ્લભને શ્રીમહાપ્રભુજીએ કેવળ પોતાના જ બનાવી ન રાખતાં સૌ સેવકોને આપી દીધા. આનાથી મોટું દાન દુનિયામાં બીજું કયું હોઈ શકે?

આજે પણ શ્રીમહાપ્રભુજીના આરાધ્ય રસબ્રહ્મ શ્રીનાથજીબાવા પૃથ્વી ઉપર બિરાજી, વૈષ્ણવોના ઘર-ઘરમાં બિરાજી, પોતાના મધુર આનંદનું દાન દઈ રહ્યા છે. શ્રીમહાપ્રભુજીની આ મહાન ઉદારતા છે. આપણે એમની ભક્તિ કરીએ કે ન કરીએ, એમના સાન્નિધ્યમાં જઈએ કે ન જઈએ તોય તેઓ આજે પણ આનંદનું દાન આપવા બિરાજે છે. તમે શ્રીનાથજીદ્વારા જાઓ અને શ્રીમહાપ્રભુજીના પ્રાણનાથનાં દર્શન કરો, ત્યારે તમારું હૈયું નાચીને બોલવા લાગશે ‘વાંકે અંબોડે શ્રીનાથજીને સુંદર શ્યામસ્વરૂપ, શ્રીવલ્લભસુત સેવા કરે, એ છે ગોકુળના ભૂપ’.

શ્રીવલ્લભ આવા મહોદાર ચરિત્રવાન છે. એ ચરિત્રનું ચિંતન કરતાં એક પ્રશ્ન થશેઃ સામાન્ય લોકોને શ્રીવલ્લભનું સ્વામિનીભાવયુક્ત આવું અલૌકિક સ્વરૂપ કેમ સમજમાં આવતું નથી? એનો જવાબ હવે પછીના નામમાં શ્રીગુસાંઈજી મહારાજ આપે છે. મહોદારચરિત્રવતે નમઃ ।

(૨૦) ‘પ્રાકૃતનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ’ = પ્રાકૃતાનુકૃતિ વ્યાજમોહિતાસુરમાનુષાય નમઃ = પ્રાકૃત મનુષ્યોના અનુકરણ દ્વારા શ્રીમહાપ્રભુજી આસુરી ભાવવાળા જીવોને મોહ પમાડનારા છે. એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જેની આંખે મોતિયો આવ્યો હોય, તેને બધું ઝાંખું ઝાંખું લાગે. જેણે આંખે લીલા ચશ્મા પહેર્યા હોય, તેને બધું લીલું દેખાય. જેણે લાલ ચશ્મા

પહેર્યા હોય તેને બધું લાલ દેખાય. જેવી જેની દૃષ્ટિ તેવી સૃષ્ટિ તેને દેખાય. પ્રાકૃત મનુષ્યોની દૃષ્ટિ પ્રાકૃત હોય છે, કારણ કે એમની દૃષ્ટિ ઉપર અજ્ઞાનનો અંધકાર છવાયેલો હોય છે. આથી પ્રાકૃત મનુષ્યો શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપને સમજી શકતા નથી. શ્રીમહાપ્રભુજી પણ આ પ્રાકૃત મનુષ્યોને પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન આપવા ઈચ્છતા નથી. એટલે તેમનાથી પોતાનું અપ્રાકૃત સ્વરૂપ છુપાવવા માટે આપ પ્રાકૃત મનુષ્યોનું અનુકરણ કરે છે.

પ્રાકૃતાનુકૃતિવ્યાજ- એ પદ ત્રણ શબ્દોનું બનેલું છે. પ્રાકૃત + અનુકૃતિ + વ્યાજ. અનુકૃતિ એટલે અનુકરણ. ગુજરાતીમાં રૂપિયાનું વ્યાજ કહીએ છીએ. એ અર્થમાં 'વ્યાજ' શબ્દ નથી. ઘણીવાર આપણે કહીએ છીએ મારો પ્રેમ નિર્વ્યાજ છે. એટલે કે તેમાં બહાનું, છળ કે કપટ નથી. આમ 'પ્રાકૃતાનુકૃતિવ્યાજ' પદનો અર્થ થયો પ્રાકૃત માણસોના અનુકરણ કરવાના બહાના નીચે. આ નામનો બીજો ભાગ છે. 'મોહિતાસુરમાનુષઃ' એમાં ત્રણ શબ્દો છે. મોહિત + અસુર + માનુષઃ જે મનુષ્યો આસુરી ભાવવાળા છે, જેમને પ્રવાહી જીવો કહેવામાં આવે છે, તેમને પ્રાકૃત મનુષ્યો કહીએ છીએ. આવા આસુરી જીવોના સંગથી કેટલાક દૈવી જીવો પણ દુ:સંગમાં પડે છે. અને આસુરી જીવોના જેવા બની જાય છે. આવા જીવોને પ્રાકૃત મનુષ્યોનું અનુકરણ કરવાના બહાના હેઠળ શ્રીમહાપ્રભુજી મોહિત કરે છે, એટલે મોહમાં નાંખી દે છે. પરિણામે તેઓ શ્રીમહાપ્રભુજીના દિવ્ય અલૌકિક સ્વરૂપને જાણી શકતા નથી.

શ્રીમહાપ્રભુજી પ્રાકૃત મનુષ્યોનું અનુકરણ કરે છે એટલે શું કરતા હશે? એવો આપણને પ્રશ્ન થાય. જેમ પ્રાકૃત મનુષ્યો જન્મ લે છે તેમ શ્રીમહાપ્રભુજીનો પણ જન્મ થયો હતો એમ તેઓ માને છે. વસ્તુતઃ શ્રીમહાપ્રભુજીનો જન્મ થયો નથી; પ્રાગટ્ય થયું છે. પ્રાકૃત મનુષ્યોનો જન્મ થાય ત્યારે તેની કોઈ માતા હોય, કોઈ પિતા હોય. પરંતુ શ્રીમહાપ્રભુજી એવી રીતે જન્મ્યા નથી. તેમનું પ્રાગટ્ય અગ્નિકુંડમાંથી થયું હતું. શ્રીલક્ષ્મણ ભટ્ટજી તેમના પિતા બન્યા. શ્રીઈલ્લમાજી તેમનાં માતા બન્યાં. ખરેખર ભગવાનને કોઈ મા હોતી નથી કે કોઈ બાપ હોતો નથી. શ્રીમહાપ્રભુજી પણ વસ્તુતઃ કૃષ્ણ એવ છે, સાક્ષાત્ બ્રહ્મ છે, એટલે તેમણે ધરતી ઉપર અવતાર લીધેલો છે. તેમનો જન્મ થયો નથી, પરંતુ આ વાત પ્રાકૃત મનુષ્યો સમજી શકતા નથી.

જેમ પ્રાકૃત બાળક ધીમે ધીમે મોટો થાય, એમ શ્રીમહાપ્રભુજીએ પણ આપણને દર્શન કરાવ્યાં. બાળક મોટો થાય એટલે ભણવા જાય. સાક્ષાત્ વાક્પતિ શ્રીમહાપ્રભુજીએ પણ વિદ્યાભ્યાસરૂપી નાટક કર્યું. સૂર્યને પ્રગટ કરવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી, તેમ સ્વયમ્ જ્ઞાનીને બીજું જ્ઞાન મેળવવાની જરૂર રહેતી નથી. શ્રીમહાપ્રભુજી જ્ઞાનનું સાક્ષાત્ સ્વરૂપ છે, છતાં પણ સામાન્ય મનુષ્યોની જેમ આપે વિદ્યાભ્યાસ કર્યો. ભગવાન કૃષ્ણ પણ આજ પ્રકારે સાંદીપનિ ઋષિને ઘેર ભણવા ગયા હતા. ભગવાન રામ પણ કૌશિક, વશિષ્ઠ અને વિશ્વામિત્ર મુનિને ઘેર ભણવા ગયા હતા. તેથી તુલસીદાસજીને પણ અચરજ થયું હતું. વિદ્યાભ્યાસની આ ક્રિયા માનવ જીવનનું અનુકરણ છે.

બ્રહ્મને કોઈ જાતિ હોતી નથી. પણ શ્રીમહાપ્રભુજી દ્વિજકુળમાં પ્રગટ થયા. માટે આપનો યજ્ઞોપવીત સંસ્કાર થયો. શ્રીમહાપ્રભુજીએ બ્રાહ્મણ જાતિના આચાર-વિચારનું અનુકરણ કર્યું.

આપણને પ્રશ્ન થશેઃ શ્રીમહાપ્રભુજીને આવું અનુકરણ કરવાની, પોતાનું સ્વરૂપ છુપાવવાની શી જરૂર હતી? એનું કારણ શ્રીગુસાંઇજીએ બતાવ્યું. મહાપ્રભુજી બધા જીવોને પોતાનું અલૌકિક સ્વરૂપ બતાવવા માંગતા ન હતા. સૂર્યની આડે વાદળ આવી જાય, તો તે સૂર્યના તેજસ્વી સ્વરૂપને ઝાંખું પાડી દે છે અથવા ઢાંકી દે છે. તેમ શ્રીમહાપ્રભુજીએ પોતાના ઉગ્ર દેદીપ્યમાન સ્વરૂપને ઢાંકી દીધું. કોઈક પુષ્ટિ ભક્તોને પોતાના પુષ્ટિ પુરુષોત્તમ સ્વરૂપનું દર્શન કરાવ્યું. શ્રીમહાપ્રભુજીની આવી લીલાથી આસુરી મનુષ્યો મોહમાં પડી જાય છે. એમને પોતાના જેવા સામાન્ય મનુષ્ય સમજવા લાગે છે. તમે તેમને લાખવાર સમજાવો છતાં પણ તેઓ કહેશે અમે પણ માણસ છીએ અને તેઓ પણ માણસ છે. જે દૈવી જીવો છે, તે જ શ્રીમહાપ્રભુજીને સમજી શકે છે. આસુરી જીવો શ્રીમહાપ્રભુજીને સમજી શકતા નથી. એનો એક પ્રસંગ પણ છે.

શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ મેઘન કેશવ ભટ્ટ નામના વિદ્યાગુરુ પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. ગંગા કિનારે સોરમજીમાં તેમનો આશ્રમ હતો. કૃષ્ણદાસ મેઘનને મનમાં એમ થતું કે જેમ મને શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં તેમ મારા વિદ્યાગુરુને પણ થાય.

એકવાર શ્રીમહાપ્રભુજી હિમાલય પર્વત પર પધારી રહ્યા હતા. માર્ગમાં સામ-સામે બે પર્વતો આવેલા હતા. વચ્ચે અતિ સાંકડો રસ્તો હતો. આપ પધારતા હતા ત્યારે

બંને બાજુએથી પર્વતની મોટી મોટી શિલાઓ ગબડતી નીચે આવી. શ્રીમહાપ્રભુજીને પરિશ્રમ ન થાય એ હેતુથી કૃષ્ણદાસ મેઘને બે હાથ ઊંચા કરી શિલાઓને પડતી રોકી લીધી. તેમની ગુરુભક્તિથી શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઇ વરદાન માંગવા આજ્ઞા કરી. કૃષ્ણદાસે ત્રણ વરદાન માગ્યાં. (૧) મને માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય. (૨) મારો મુખરતા દોષ જાય. (૩) મારા ગુરુજીને આપ દર્શન આપો. શ્રીમહાપ્રભુજીએ પહેલાં બે વરદાન આપ્યાં, પણ ત્રીજું વરદાન ન આપ્યું.

શ્રીમહાપ્રભુજી હિમાલય ઉપર વ્યાસાશ્રમમાં પધાર્યા. આપની આજ્ઞાથી ત્રણ દિવસ-રાત કૃષ્ણદાસ મેઘન વ્યાસાશ્રમની ગુફાના બારણે ખાધા-પીધા વિના ઊભા રહ્યા. શ્રીમહાપ્રભુજી પાછા પધાર્યા ત્યારે મેઘનજીની આ તપશ્ચર્યા જોઇ પ્રસન્ન થયા. ફરીથી વરદાન માંગવાની આજ્ઞા કરી. મેઘનજીએ ફરીથી એ જ ત્રણ વરદાન માંગ્યાં. ત્રીજી વખત શ્રીમહાપ્રભુજી બંગાળમાં ગંગાસાગરસંગમ ઉપર પધાર્યા હતા. મધ્યરાત્રે આપને મમરા આરોગવાની ઇચ્છા થઇ. શ્રીવલ્લભના મનની વાત કૃષ્ણદાસજીએ જાણી. સંગમ તરીને પાર કર્યો. સામે કિનારેના ખેતરમાં જઇ, મમરા તૈયાર કરાવી, પોટલી બાંધી લઇ આવ્યા. શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. ફરી વરદાન માંગવા કહ્યું : ફરી તે જ ત્રણ વાત માંગી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : તારા ગુરુને મારામાં વિશ્વાસ નથી. તે મારા સ્વરૂપને જાણી શકશે નહિ. તું હઠ ન કર. પણ કૃષ્ણદાસ મેઘન માન્યા નહિ.

જ્યારે શ્રીમહાપ્રભુજી સોરમજી પધાર્યા ત્યારે કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઇ, તેમના વિદ્યાગુરુને મળવા ગયા. તેમના વિદ્યાગુરુએ ઘણો ક્રોધ કર્યો. મેઘનજીએ કહ્યું : તમને હું ગુરુ માનું છું. શ્રીમહાપ્રભુજીને હું પુરુષોત્તમ માનું છું. તેમના ગુરૂએ કહ્યું : આપણા જેવા તે પણ મનુષ્ય છે. તે પુરુષોત્તમ કેવી રીતે હોય? કૃષ્ણદાસ મેઘનને ઘણું લાગી આવ્યું. તેમને શ્રીવલ્લભના સ્વરૂપમાં દૃઢ વિશ્વાસ હતો. તેમણે હાથમાં ધખધખતા અંગારા લીધા, અને કહ્યું : મારા શ્રીવલ્લભ પૂર્ણ પુરુષોત્તમ ન હોય તો મારા હાથ બળી જજો. તેમણે એકઘડી એટલે ચોવીસ મિનિટ સુધી હાથમાં ધખધખતા અંગારા પકડી રાખ્યા. તેમના હાથ બળ્યા નહિ. છતાં તેમના ગુરુના મગજમાં અશ્રદ્ધા હતી. તેથી તેમણે કહ્યું તારા ગુરુએ કંઇક જંતર-મંતર કર્યું લાગે છે.

આમ, શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ વિદ્વાનો પણ સમજી શક્યા નથી. પ્રભુ પોતે જ પોતાનું સ્વરૂપ જ્યાં સુધી ન જણાવે ત્યાં સુધી સામાન્ય મનુષ્યોને તેમાં શ્રદ્ધા

બેસતી નથી. આથી, કોઈકે શ્રીમહાપ્રભુજીને વિપ્ર કહે છે, કોઈ પંડિત કહે છે, કોઈ આચાર્ય કહે છે, પણ વસ્તુતઃ કૃષ્ણ કહેનાર તો કેવળ પુષ્ટિજીવો જ છે.

કૃષ્ણાવતારમાં ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાનું પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ બધાંને બતાવ્યું નથી. પૂતના જેવા આસુરી જીવોને એક બાળક સ્વરૂપનો અનુભવ રહ્યો છે. આમ, પોતાની આસુરી બુદ્ધિથી દુનિયાના લોકો પ્રભુના અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સમજી શકતા નથી. માટે કહ્યું આપ પ્રાકૃત મનુષ્યોનું અનુકરણ કરી, આસુરી મનુષ્યોને મોહમાં નાખનારા છો.

આપણને પ્રશ્ન થાય કે, શ્રીમહાપ્રભુજી આપણો મોહ દૂર કરે અને અલૌકિક પ્રકાશનું દાન આપણને કરે તો એ પ્રકાશમાં શ્રીમહાપ્રભુજીના કેવા સ્વરૂપનાં આપણને દર્શન થાય? એના જવાબમાં શ્રીગુસાંઈજી મહારાજ આજ્ઞા કરે છે, જેમ શ્યામસુંદર ભગવાન શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે તેમ આપણા શ્રીમહાપ્રભુજી પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ ત્રણ તત્ત્વો યુક્ત છે. સત, ચિત્ અને આનંદ. શ્રીમહાપ્રભુજીમાં પણ સત્, ચિત્ અને આનંદરૂપી ત્રણ અલૌકિક તત્ત્વો રહેલાં છે એમ સમજાવવા માટે શ્રીગુસાંઈજી મહારાજ હવે શ્રીમહાપ્રભુજીનાં ત્રણ નામ સાથે આપે છે. પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષાય નમઃ ।

શ્લોક - ૧૨

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥

શબ્દાર્થ : (૨૧) **વૈશ્વાનરઃ** = અલૌકિક અગ્નિરૂપ (૨૨) **વલ્લભાખ્યઃ**= વલ્લભ નામવાળા, (૨૩) **સદ્રૂપઃ** = સચ્ચિદાનંદરૂપ (૨૪) **હિતકૃત્સતામ્** = સજ્જનો - ભક્તોનું હિત કરનારા (૨૫) **જનશિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિકૃત્** = જીવોને શીખવવા શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા; (૨૬) **નિખિલેષ્ટદઃ** = સર્વ કંઈ ઈષ્ટ આપનારા (શ્રીમહાપ્રભુજી છે).

વિવરણ :

'વૈશ્વાનરઃ' 'વલ્લભાખ્યઃ' 'સદ્રૂપઃ' આ ત્રણ નામ બતાવે છે કે શ્રીમહાપ્રભુજી સચ્ચિદાનંદ છે.

'વૈશ્વાનરઃ' = વૈશ્વાનરાય નમઃ = વૈશ્વાનર અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણા પ્રાણનાથ શ્રીમહાપ્રભુજી અગ્નિસ્વરૂપ છે. વેદમાં એમ સમજાવવામાં આવ્યું કે પરબ્રહ્મ પૂર્ણ પૂરુષોત્તમનું મુખારવિંદ અલૌકિક અગ્નિસ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખારવિંદનો અવતાર હોવાથી, આપશ્રી અલૌકિક અગ્નિસ્વરૂપ છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો પરિચય આપતાં અર્જુનને આજ્ઞા કરી હતી કે હું વૈશ્વાનર છું. પ્રભુ અને શ્રીમહાપ્રભુજી એક જ સ્વરૂપ હોવાથી જેમ પ્રભુ અગ્નિસ્વરૂપ છે તેમ શ્રીમહાપ્રભુજી પણ અગ્નિસ્વરૂપ છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રની પહેલી પંક્તિમાં પણ શ્રીગુસાંઈજી મહારાજે સમજાવ્યું કે વેદોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે એવું શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. 'શ્રુતિ રહસ્ય' નામના ગ્રંથમાં કઇ કઇ શ્રુતિઓ શ્રીવલ્લભના સ્વરૂપનું નિરૂપણ કરે છે એનો સંગ્રહ કરવામાં આવ્યો છે તે મુજબ પણ શ્રીમહાપ્રભુજીનું અગ્નિ સ્વરૂપ વેદોમાં વર્ણવાયેલું છે. શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભાષ્ટકમાં કહ્યું છે કે પ્રાચીન કવિઓ અને શ્રુતિઓએ શ્રીમહાપ્રભુજીના અગ્નિ સ્વરૂપનું વર્ણન કર્યું છે.

જ્યારે પરબ્રહ્મ પરમાત્મા દ્વિજરૂપ ધરીને દર્શન આપે છે ત્યારે શ્રુતિઓ 'નમો બ્રહ્મણે' કહીને, તેમને વંદન કરે છે. એવી રીતે આપ શ્રીવલ્લભના દ્વિજરૂપે અવતાર લઇ પધાર્યા છે. ત્યારે પણ શ્રુતિઓ આપને વંદન કરે છે. શ્રુતિ જ્યારે 'નમઃ અગ્નયે' કહે છે ત્યારે આપણને પ્રશ્ન થાય કે અગ્નિ નામના દેવતાનું અહીં નિરૂપણ કેમ ન સમજવું? એનો જવાબ ટીકાકારોએ એવો આપ્યો કે અગ્નિ નામના દેવતા તો સ્વર્ગલોકમાં રહે છે, જ્યારે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભ પૃથ્વી ઉપર બિરાજે છે. માટે શ્રુતિઓએ આગળ કહ્યું: "નમઃ પૃથિવ્યૈ-" ફરી આપણને પ્રશ્ન થશે કે અગ્નિ સ્વરૂપ પ્રભુને પૃથ્વી ઉપર આવવાની જરૂર કેમ પડી? તેનો જવાબ આપ્યો કે ભવસાગરમાંથી જીવોનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છે. આ ઉદ્ધાર માટે શ્રીમહાપ્રભુજી ઔષધિ જેવા બનીને પધારે છે. માટે શ્રુતિઓએ કહ્યું: 'નમઃ ઔષધયે.' આપણને પ્રશ્ન થશે કે ભગવાન અનેક અવતારો લઇ પૃથ્વી ઉપર પધારે છે. નૃસિંહ, વામન વગેરે પણ તેમના અવતારો છે. તો આ શ્રુતિઓ શ્રીમહાપ્રભુજીનું નિરૂપણ કરે છે એમ શાથી જાણવું? ત્યાં કહે છે બીજા બધા અવતારો ક્રિયાથી મુક્તિ અપાવે છે. શ્રીમહાપ્રભુજી વાણીરૂપી અમૃત પ્રગટ કરી, મુક્તિ અપાવે છે. તેઓ વાણીના અધિપતિ છે. માટે શ્રુતિઓએ તેમને વંદન કર્યાં, 'નમઃ વાચસ્પતયે'- જેમ બ્રહ્મ વ્યાપક સ્વરૂપે પણ બિરાજે છે તેમ શ્રીમહાપ્રભુજી પણ વ્યાપક સ્વરૂપ ધારણ કરે છે. કારણ કે આપ સાક્ષાત્ આધિદૈવિક

વિષ્ણુરૂપ છે. માટે કહ્યું : 'નમો વિષ્ણવે'. આવા શ્રીમહાપ્રભુજીને શ્રુતિઓ લાખ લાખ વંદન કરે છે. માટે શ્રીમહાપ્રભુજી વૈશ્વાનર અગ્નિસ્વરૂપ છે.

પુરાણોએ ભવિષ્યવાણી ભાખી હતી કે અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી કલિયુગમાં પ્રગટ થશે. આ અગ્નિ લૌકિક અગ્નિ નથી, પરંતુ અલૌકિક અગ્નિ છે. લૌકિક અગ્નિ પાસે જઇએ ત્યારે દાઝી જવાય; તેને હાથમાં ઊંચકીએ તો હાથ બળી જાય. અલૌકિક અગ્નિ એવો હોય છે કે જેમ જેમ આપણે તેની નજીક જઇએ તેમ તેમ આપણને શીતળતા આપે.

લૌકિક અગ્નિ અને અલૌકિક અગ્નિમાં એક બીજો તફાવત છે. લૌકિક અગ્નિ સારું ખોટું બધું બાળી નાંખે. કપડાંને લાગેલો એક ડાઘ કાઢવા તમે ઉકળતા પાણીમાં એને બાફો, અગ્નિ તીવ્ર બનતાં તે આખું કપડું બળી જશે. એક ડાઘ કાઢવા જતાં આખું કપડું બળી ગયું! અગ્નિનો સ્વભાવ બધું બાળી નાંખવાનો છે. અલૌકિક અગ્નિ બધું બાળી નાખતો નથી. પરંતુ જીવમાં જેટલા દોષ હોય તેટલા દોષ બાળી નાંખે છે. અપરાધની જેટલી વૃત્તિઓ હોય તે બધી બાળી નાખે છે. જીવને બિલકુલ શુદ્ધ, પ્રભુને યોગ્ય બનાવે છે. જો માનવ જીવનનો સંપૂર્ણ નાશ થઇ જાય તો તે જીવન પ્રભુની સેવાના ઉપયોગમાં આવે નહિ. તેથી અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી જીવના દોષો દૂર કરે છે. જીવને મારતા નથી. જીવને પ્રભુને યોગ્ય બનાવે છે.

અગ્નિની જરૂર માટીના કાચા ઘડાને પાકો બનાવવા માટે છે. કાચું માટલું કોઇ કામમાં આવતું નથી. નિભાડામાં અગ્નિમાં તપ્યા પછી પાકું બને છે અને તેમાં રહેલું જળ ઠંડું થાય છે. એવી રીતે જીવ અપકવ છે. એની ઇન્દ્રિયો પ્રાકૃત ધર્મોથી યુક્ત છે. કાચા ઘડામાં છિદ્રો હોય, તેમ આપણા શરીરમાં એટલાં છિદ્રો છે કે ગમે તેટલો ભગવદ્રસ રેડો પણ ટકતો નથી. શ્રીમહાપ્રભુજી આપણા ઉપર કૃપા કરે છે ત્યારે આપના અલૌકિક અગ્નિના સંસર્ગથી આપણું શરીર અને બધી ઇન્દ્રિયો અલૌકિક બની જાય છે. ભગવદ્રસને ધારણ કરવા માટે યોગ્ય પરિપકવ બની જાય છે.

આપણે આગળ જોઇ ગયા કે શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીબાવાના મુખારવિંદ સ્વરૂપ છે. મુખારવિંદમાં આધિદૈવિક અગ્નિનો નિવાસ છે. પ્રભુની ભક્તિ બે પ્રકારની બતાવી. ઉગ્ર ભક્તિ અને શીતળ ભક્તિ. પ્રભુના મુખારવિંદને જોઇને જે પ્રેમભક્તિ જાગે તે ઉગ્રભક્તિ. પ્રભુના ચરણારવિંદને જોઇને જે ભાવ જાગે તે

શીતળભક્તિ. ઉગ્રભક્તિથી પ્રભુમાં વાત્સલ્ય ભાવ, માધુર્યભાવ અને સખ્યભાવ જાગે છે. શીતળ ભક્તિથી દાસભાવ અને શાંતભાવ જાગે છે. જેમ જેમ અંતઃકરણમાં ઉગ્રભક્તિ વધતી જાય, તેમ તેમ આનંદની ઉષ્ણતા પણ વધતી જાય છે. અલૌકિક આનંદ આપણા મન, બુદ્ધિ અને શરીરમાં એક ઉષ્ણતા પેદા કરે છે. તેની અસર ક્યારેક શરીરના બાહ્ય અવયવો ઉપર જોવા મળે છે. લૌકિકમાં પણ કોઈ છોકરીને કોઈ છોકરો ખૂબ ગમી જાય તો એ છોકરીના કાનની બૂટો, નાક, ગાલ, બધાં લાલ થઈ જાય છે. એવું લાગે કે એને કોઈએ અગ્નિની ભઠ્ઠીમાં તપાવી છે. આમ ઉષ્ણતાનો અનુભવ થતાં શરીરમાં લોહીનું ભ્રમણ વધી જાય છે. તાવ આવ્યો હોય તેમ શરીર તપેલું જણાય છે. આ ઉષ્ણતાની ઉગ્રતાનો અનુભવ છે. શ્રીમહાપ્રભુજી ઉગ્ર આનંદ સ્વરૂપ હોવાથી, જેમ જેમ આપણી ભક્તિની ઉગ્રતા વધતી જાય, તેમ તેમ આપનું અલૌકિક અગ્નિરૂપ ખૂબ આનંદ આપે છે. એટલા માટે મુખારવિંદની ભક્તિ આનંદ આપે છે.

ચરણાવિંદની ભક્તિ શાંતિ આપે છે, જ્યારે શાંતિ હોય ત્યારે બધું ઠંડું ઠંડું લાગે. શ્રીમહાપ્રભુજીના ચરણાવિંદનું સ્મરણ કરતાં આપણાં બધાં દુઃખો દૂર થાય છે ત્યારે હૃદયમાં શાંતિનો-ઠંડકનો અનુભવ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ પોતાના અગ્નિ સ્વરૂપનાં દર્શન અનેક ભક્તોને કરાવ્યાં છે. જ્યારે શ્રીમહાપ્રભુજી પ્રથમ વખત શ્રીદામોદરદાસ હરસાનીજીના ગામ વર્ધા પધાર્યા, ત્યારે દમલાજી ઘર છોડી શ્રીમહાપ્રભુજીની સાથે ચાલી નીકળ્યા. તેમના બીજા ત્રણ ભાઈઓ તેમને લેવા પાછળ દોડ્યા. ગામ બહાર શ્રીમહાપ્રભુજીએ એક તળાવના કિનારે મુકામ કર્યો હતો. પેલા ત્રણ ભાઈઓ ત્યાં આવ્યા. ત્યારે તેમને શ્રીમહાપ્રભુજીએ ધખધખતી અગ્નિની જવાળાઓના સ્વરૂપે દર્શન આપ્યાં, તેથી ગભરાઈને ત્રણે ભાગી ગયા.

જ્યારે શ્રીમહાપ્રભુજી ગુજરાતમાં પધાર્યા ત્યારે અમદાવાદમાં મહમદ બેગડાનું રાજ્ય હતું. તેનો નિયમ હતો કે તે ઝરૂખામાં બેઠો હોય ત્યારે ત્યાંથી કોઈ સવારી શોભાયાત્રાના રૂપે નીકળી શકે નહિ. શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા ત્યારે વાત જાણી. રોજ ચરણારવિંદથી પરિક્રમા કરનારા શ્રીમહાપ્રભુજીએ બાદશાહનું અભિમાન ઉતારવા પાલખીમાં બિરાજી ત્યાંથી પધારવાનું નક્કી કર્યું. સૌએ વિનંતી કરી ત્યારે આપે આજ્ઞા કરી : હું બાદશાહનો પણ બાદશાહ છું. તમે ફિકર કરશો નહિ. શ્રીમહાપ્રભુજી પાલખીમાં બિરાજી શોભાયાત્રાના રૂપે પધાર્યાં.

એ જોઈ બાદશાહનું માથું ગુસ્સાથી ફાટી ગયું. હાથમાં તલવાર ખેંચી સામે આવ્યો. પરંતુ શ્રીમહાપ્રભુજીના અગ્નિ સ્વરૂપને જોતાં તે થોભી ગયો અને શરમાઈને પાછો ફરી ગયો.

શ્રીગુસાંઈજી મહારાજે આપને વૈશ્વાનર કેમ કહ્યા એનું એક છેલ્લું કારણ સમજી લઈએ. આપ સતત પ્રભુના વિરહતાપનો અનુભવ કરનારા છે. આપણા શરીરને બહારનો તાપ જેટલું તપાવે તેના કરતા અંદરના તાપ વધારે તપાવે છે. માટે જે વૈષ્ણવ આપના સંસર્ગમાં આવે છે તેમને આપના ઉગ્ર વિરહતાપનો અનુભવ થાય છે. શ્રીમહાપ્રભુજી વિરહતાપ આપી શકે છે તેમ તેનું નિવારણ પણ કરી શકે છે. આપ અગ્નિનું દાન કરે છે તો સાથે સાથે આનંદનું પણ દાન કરે છે. સંસારનું દર્દ પ્રેમભક્તિની દવાથી મટે છે પણ પ્રેમભક્તિ એ પણ દર્દ છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે દિવ્ય સુખમાં પરિણમે છે. એક કવિએ કાંટાવાળું ગુલાબ હાથમાં લઈ, કહ્યું : ગુલાબના કાંટા મને ખૂંચે છે એનું દુઃખ નથી. મને સંતોષ છે કે મારા હાથમાં સાચું ગુલાબ છે.

શ્રીગોકુલનાથજીએ કોઈ દિવસ શ્રીવલ્લભને શ્રીમહાપ્રભુજી તરીકે સંબોધ્યા નથી. હંમેશા 'શ્રીવલ્લભાગ્નિ' કહ્યા છે. આપણા તમામ દોષો દૂર કરવા માટે એ અગ્નિસ્વરૂપે પ્રગટ થયા, માટે આપણે એમના શરણે જઈએ.

અગ્નિ સ્વરૂપનું સેવન કરતાં મનમાં ડર લાગે. મનમાં એવો વિચાર આવે કે અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની સેવા સાક્ષાત્ બને ખરી? એના જવાબરૂપે શ્રીગુસાંઈજી મહારાજ હવે આપનું બીજું નામ આપે છે. આપણે વૈશ્વાનર સ્વરૂપ શ્રીવલ્લભને લાખ લાખ વંદન કરીએ. વૈશ્વાનરાય નમઃ ।

(૨૨) 'વલ્લભાખ્યઃ - વલ્લભાખ્યાય નમઃ- વલ્લભ નામ ધારણ કરનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

'વલ્લભાખ્યઃ' શબ્દ બે શબ્દોનો બનેલો છે. વલ્લભ + આખ્યઃ આખ્ય એટલે નામ, જેમનું નામ શ્રીવલ્લભ છે તે શ્રીવલ્લભાખ્ય. બીજા બધા અગ્નિનું નામ વલ્લભ નથી. માત્ર આપણા આધિદૈવિક અગ્નિનું નામ શ્રીવલ્લભ છે. 'વલ્લભ' શબ્દનો અર્થ છે પ્રિય. તેઓ શ્રીઠાકોરજીને પ્રિય છે. શ્રીસ્વામિનીજીને પ્રિય છે. ગોપીજનોને પ્રિય છે. સકલ લીલાસૃષ્ટિને પ્રિય છે. માટે આપનું નામ 'વલ્લભ' છે. 'વલ્લભ' નામમાં સમગ્ર લીલાસૃષ્ટિનો સમાવેશ થઈ જાય છે. શ્રીઠાકોરજીને વૃંદાવન, શ્રીયમુનાજી, વૃંદાવનની વનરાજીઓ, વનવિહાર કરતી

ગાયો, મોરલાઓ, બધું પ્રિય છે. તેથી શ્રીઠાકોરજી આ બધું પોતાના હૃદયમાં ધારણ કરે છે. આવા શ્રીઠાકોરજીને શ્રીવલ્લભે પોતાના હૃદયમાં અને રોમરોમમાં ધારણ કર્યા છે. માટે સર્વ લીલાસૃષ્ટિ શ્રીવલ્લભમાં બિરાજમાન છે.

એકવાર જેને પુષ્ટિનો રંગ લાગી જાય તેને પ્રભુ સંબંધી બધું પ્રિય લાગે છે. અર્થાત્ બધું વલ્લભરૂપ લાગે છે. આથી ગોપિકાઓએ ઘણીવાર ઈચ્છા કરી કે હે નાથ! અમને કેવળ ગોપીઓ જ કેમ બનાવી? અમારે યમુનાની ધારા બનવું છે, લતા-પતા બનવું છે, ગાયો બનવું છે. તમારા અધરો પર રમતી વાંસળી બનવું છે. અમે તમારાં વલ્લભ બનવા માંગીએ છીએ.

નિત્યલીલામાં જે સામગ્રી, જે ભક્તો અને યુગલ સ્વરૂપ છે એ બધું શ્રીવલ્લભનું છે. શ્રીવલ્લભને પરમપ્રિય છે. માટે એમનું નામ શ્રીવલ્લભ છે. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી લો એટલે તમામ નિત્યલીલાનાં દર્શન થઈ જાય. શ્રીમહાપ્રભુજી આવા સૌના વલ્લભ હોવાથી સુખસેવ્ય છે, પ્રેમાસ્પદ હોવાથી સૌને માટે સેવા કરવા યોગ્ય છે. બીજાઓને વલ્લભાગ્નિ દઝાડતો હશે, પણ પુષ્ટિ જીવોને એ આનંદ આપે છે.

શ્રીગોકુલનાથજી મહારાજે બહુ સુંદર વાત કરી. પ્રિય સ્વરૂપ આનંદરૂપ હોય છે. જગતમાં ઘણાં બધાં પ્રિય રૂપો હોય છે. પણ શ્રીમહાપ્રભુજી એવું પ્રિય સ્વરૂપ છે કે જે સતત આનંદ આપે છે. દુનિયાના બીજા પદાર્થો આનંદના હેતુભૂત છે માટે આપણને પ્રિય લાગે છે. જેનાથી આપણને સુખ થાય, તે પ્રિય ગણાય. જે જેનું પ્રિય ગણાય તે તેનું સર્વસ્વ ગણાય. આપણે સુખનાં જુદાં જુદાં સાધનો માની લીધાં છે. આથી, એ સાધનો આપણને પ્રિય લાગે છે. આ બધાં પ્રાકૃત સાધનો છે. વાસ્તવમાં એનાથી મળતું સુખ, સાચું સુખ નથી. માની લીધેલું સુખ છે. કારણ કે પ્રાકૃત પદાર્થોમાં સુખ હોતું જ નથી. ભોજન કરવાથી ઘડીભર સુખ થયું, પણ વધારે ખવાઈ જવાથી, પેટમાં દુ:ખ પણ થયું, અને દવા લેવી પડી એટલે આ સુખ સાચું નથી. શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ સુખ સ્વરૂપ છે તે આનંદના હેતુરૂપ નથી. પણ આનંદરૂપ છે. માટે સમગ્ર વિશ્વમાં તેઓ 'વલ્લભ' નામથી પ્રસિદ્ધ છે.

ભગવદીયોએ સમજાવ્યું કે આ 'વલ્લભ' નામ ઘણું ગૂઢ છે, માટે જ્યાં ત્યાં તે ઉચ્ચારીશ નહિ, એના સાચા ગ્રાહક મળે ત્યારે તેમની પાસે તે ઉચ્ચારજે. શ્રીવલ્લભનામ એટલું અગાધ છે કે તેનું રહસ્ય એક જન્મમાં પૂરું સમજાય નહિ.

આપણા શ્રીમહાપ્રભુજીનું નામ વલ્લભ શા માટે પડ્યું? એનો જવાબ એ છે કે શ્રીમહાપ્રભુજી અંતરંગ ભાવાત્મક સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજીના હૃદયમાં પ્રિયતમ શ્રીઠાકોરજી બિરાજે છે. શ્રીઠાકોરજીને પ્રિય શ્રીસ્વામિનીજી છે. શ્રીસ્વામિનીજીને પ્રિય શ્રીઠાકોરજી છે. આમ એક બીજાના હૃદયમાં બિરાજતું આ પ્રિય સ્વરૂપ બહાર પ્રગટ થયું. એ ભાવાત્મક ભાવાગ્નિ સ્વરૂપ હતું. શ્રીયુગલ સ્વરૂપને અત્યંત પ્રિય હતું માટે એમનું નામ પડ્યું 'વલ્લભ'.

જ્યારે શ્રીનાથજીબાવાની સેવા કરવી હોય ત્યારે શ્રીમહાપ્રભુજી સ્વામિની ભાવ પ્રગટ કરે છે અને શ્રીસ્વામિનીજીની સેવા કરવી હોય ત્યારે શ્રીઠાકોરજીનો ભાવ પ્રગટ કરે છે. આમ, આપ બંનેના પ્રેમાસ્પદ બનીને પ્રિયત્વ સંપાદન કરે છે. માટે આપ 'વલ્લભ' કહેવાયા.

શ્રીઠાકોરજીને અને શ્રીસ્વામિનીજીને શ્રીમહાપ્રભુજી અતિ પ્યારા છે. શ્રીયુગલ સ્વરૂપને અતિપ્યારા હોવાથી, સકલ ભક્તિસૃષ્ટિના આપ પ્યારા બનેલા છે. જ્યારે જ્યારે ભક્તો પ્રભુ પાસે જવાની ઈચ્છા કરે છે ત્યારે 'શ્રીવલ્લભ' આ પ્યારા ભક્તોનો હાથ પકડી તેમને પ્રભુ પાસે લઈ જાય છે. એટલા માટે એક કવિએ કહ્યું ભાઈ, શ્રીમહાપ્રભુજી તો પ્રેમની બારી છે. શ્રીમહાપ્રભુજી પ્રેમનું દ્વાર છે. માટે સૌને પ્રિય છે. બધાંને પ્રેમ ગમે છે. માટે આપનું નામ 'વલ્લભ' પડ્યું.

શ્રીમહાપ્રભુજીનું 'વલ્લભ' નામ કહેતાં પહેલાં 'વૈશ્વાનર' નામ કહ્યું. કારણ કે ઘી અગ્નિમાં તપી જાય, એટલું બધું તપી જાય કે બિલકુલ નિઃસહાય બની તેની શક્તિઓ ગુમાવી દે. પણ અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી કહે છે કે હે ભક્ત! હું તને કેવલ તપાવતો જ નથી. તાપ આપીને સ્નેહ પણ આપું છું. એમ સૂચવવા 'વૈશ્વાનર' પદ પછી ''વલ્લભાખ્યઃ'' એવું પદ મૂકવામાં આવ્યું. એક કવિએ ભગવાનને કહ્યુંઃ હે નાથ! મને ખબર છે કે તું દર્દ વગર મળતો નથી. હું તને એટલી જ વિનંતી કરું છું કે મને દર્દ ભલે આપો, પણ એટલું બધું દર્દ આપશો નહિ કે જેમાં હું બળીને ખાખ થઈ જાઉં. મને થોડું ઓછું દર્દ આપજો. શ્રીઠાકોરજીએ વિચાર કર્યો કે ભલે ભક્તને થોડું ઓછું દર્દ આપીએ. એકવાર તમાચો મારીને પછી સરસ મજાનો લાડવો ખવડાવીએ આથી, 'વૈશ્વાનર' પદ પછી 'વલ્લભાખ્યઃ' પદ આવ્યું.

શ્રીમહાપ્રભુજીનું વલ્લભ નામ પડવાનું એક બીજું કારણ પણ છે. શ્રીમહાપ્રભુજી સ્વયમ્ આનંદ સ્વરૂપ છે. માટે સૌને પ્રિય છે. રસરૂપી ભક્તો

પ્રેમસૌંદર્યના ખજાનાને શોધતા હોય છે. એક વાર તેઓ દિવ્ય અલૌકિક પ્રેમ સૌંદર્યને જોઇ લે, પછી જગતમાં જોવા જેવું કંઇ બાકી રહેતું નથી. એક કવિ કહે છેઃ હે શ્યામસુંદર! તમારું સૌંદર્ય અને માધુર્ય જોયું. તે દિવસથી આખું જગત તમારું તસ્વીરખાનું થઇ ગયું છે. શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયા પછી કાળજામાં વિરહનો કંટક ભોંકાઇ ગયો છે. માટે ભક્ત કહે છે કે શ્રીવલ્લભ! આપના અનંત રૂપરાશિનાં હું દર્શન કરતો રહું. એટલા માટે આપ સ્વાતિ નક્ષત્રની જળધારા બનીને પધારો. હું આપનો ચાતક બનીને રહું. આપણી લૌકિક દષ્ટિ શ્રીવલ્લભના માધુર્યને ઓળખી શકતી નથી. એને નીરખવા પ્રેમરંગમાં તરબોળ બનેલી દષ્ટિ જોઇએ. એ દષ્ટિથી જે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરે, તેમને શ્રીમહાપ્રભુજી 'વલ્લભ' લાગે. માટે આવા વલ્લભ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને શ્રીગુસાંઇજી નમન કરે છે. શ્રીવલ્લભાખ્યાય નમઃ।

(૨૩) 'સદ્રૂપઃ' = સદ્રૂપાય નમઃ = સદ્રૂપ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જેમ ભગવાન સચ્ચિદાનંદ છે તેમ શ્રીમહાપ્રભુજી પણ સચ્ચિદાનંદ છે. વૈશ્વાનર સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનો ચિત્ ધર્મ છે. વલ્લભ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનો આનંદ ધર્મ છે અને સદ્રૂપ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનો સત્ ધર્મ છે. સદ્રૂપ શબ્દના ઘણા અર્થ આ સ્તોત્રના મહાનુભાવ ટીકાકારોએ બતાવ્યા છે. જેમાંનો એક અર્થ છે સુંદરરૂપ. શ્રીમહાપ્રભુજીનું રૂપ અત્યંત સુંદર છે. એક વખત તેમનાં દર્શન કરી લઇએ, પછી આપણી આંખોને બીજું કોઇ રૂપ જોવું ગમશે નહિ. બીજો અર્થ છે અવિનાશી સ્વરૂપ. શ્રીવલ્લભનું સ્વરૂપ અવિનાશી છે. આપણે મનુષ્યો વિનાશી છીએ. આપણો દેહ વિનાશી છે જ્યારે આત્મા અવિનાશી છે. આપણું શરીર પાંચભૌતિક પદાર્થોનું બનેલું વિનાશી છે. તે ગમે ત્યારે ખખડી જવાનું છે. શરીરનો જન્મ થાય છે અને મૃત્યુ પણ થાય છે. શ્રીમહાપ્રભુજી આપણી જેમ જન્મ્યા નથી. આપને મનુષ્યની જેમ જન્મ મૃત્યુના ચક્કર કાપવાના નથી. આપ અવિનાશી છો, અનંત છો, માટે આપને 'સદ્રૂપ' કહ્યા.

આપણે પ્રશ્ન કરીશું કે જો શ્રીમહાપ્રભુજીનો જન્મ થયો નથી તો તેમનો જન્મદિવસ કેમ ઉજવીએ છીએ? જવાબ એ છે કે જેમ આપણો જન્મ થાય છે તેમ શ્રીમહાપ્રભુજીનો જન્મ નથી. એમનો પ્રાદુર્ભાવ અથવા પ્રાગટ્ય થયેલું છે.

તેમના પૂર્વજોએ સોમયજ્ઞ કર્યા. ત્યારે સ્વયમ્ ભગવાને દર્શન આપીને આજ્ઞા કરી કે : હું તમારે ત્યાં પ્રગટ થઈશ. એ વચન પ્રમાણે સ્વયમ્ ભગવાન શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રગટ થયા. તે વખતે પોતાનો જન્મ લૌકિક નથી એમ બતાવવા માટે માતાને એવું લાગ્યું કે સાત મહિનાનો ગર્ભ સ્રવી ગયો છે જ્યારે માતા-પિતા એ ગર્ભને ઝાડની ખોલમાં મૂકીને આગળ ચાલ્યાં ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને દર્શન આપીને કહ્યું કે : હું પૂર્ણ પુરુષોત્તમ તમારો પુત્ર બનીને આવ્યો છું. તમે પાછા ફરો. માતા-પિતા પાછા ફર્યા ત્યારે અગ્નિના કુંડમાં એક વર્ષની વય જેવડા બાળકને રમતું જોયું. કમળ જેવા લોચન હતાં. ખિલખિલાટ કરતું મુખારવિંદ હતું. વૃક્ષોની કોમળ કુંપળ જેવાં ચરણારવિંદ હતાં. સકળ શ્રીઅંગમાંથી લાવણ્ય અને માધુર્યનો જાણે ફુવારો ઊડતો હતો. જો શ્રીમહાપ્રભુજીનો લૌકિક રીતે જન્મ થયો હોત તો પ્રાગટ્યની આવી દિવ્ય વાર્તા ક્યાંથી હોત?

ભગવાને ગીતાજીમાં કહ્યું : હે અર્જુન! મારો જન્મ પણ દિવ્ય છે અને મારું કર્મ પણ દિવ્ય છે. એ જ વાત શ્રીમહાપ્રભુજીને પણ લાગુ પડે છે. પૃથ્વી પરનાં પોતાના કાર્યો પૂરાં કરી. શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરથી અંતર્ધાન થઈ ગયા. જેમ માણસો મૃત્યુ પામે, એમ થયું નહિ. શ્રીનાથજીબાવાએ શ્રીમહાપ્રભુજીને બે વખત આજ્ઞા કરી, આપ નિત્યલીલામાં પાછા પધારો. જ્યારે ત્રીજી આજ્ઞા થઈ ત્યારે આપે સંન્યાસ ધારણ કર્યો. પૂર્ણાનંદ નામ ધારણ કર્યું અને અડેલથી કાશી પધાર્યા. હનુમાન ઘાટ પર ૨૧ દિવસ બિરાજ્યા. રથયાત્રાના દિવસે મધ્યાહ્નના સમયે ગંગાજીની મધ્યધારામાં શ્રીવલ્લભ પધાર્યાં. અનેક ભગવદીયો દર્શન કરી રહ્યા છે. શ્રીવલ્લભના સ્વરૂપમાંથી તેજપુંજ પ્રગટ થયો. વધતો વધતો આકાશ સુધી પહોંચ્યો. જેમ કોઈ સ્વપ્ન આવીને ઊડી જાય, એક સુગંધ આવીને ચાલી જાય તેમ શ્રીમહાપ્રભુજી અંતર્ધાન થઈ ગયા. પછી કોઈને દર્શન થયાં નહિ. આખી દુનિયાએ જાણ્યું કે શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહલીલા કરી છે. ભગવદીયો શ્રીવલ્લભનો વિરહ સહન કરી શકતા નથી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: હું સદ્રૂપ છું. તેથી હું તમને દર્શન આપીશ. ભલે મેં અંતર્ધાન થવાની લીલા કરી હોય. પણ તમારા માટે હું પ્રત્યક્ષ છું. એક દિવસ શ્રીગિરિરાજબાવાના સુંદર મુખ પાસે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીબાવાની આરતી કરતાં દર્શન વૈષ્ણવોને કરાવ્યાં. કાશીમાં શેઠ પુરુષોત્તમદાસને ત્યાં સાક્ષાત્ દર્શન આપ્યાં. પટણા પાસે હાજીપુરમાં ભગવાનદાસ નામના વૈષ્ણવને ત્યાં બહારગામથી આવેલા એક વૈષ્ણવને ઉત્થાપન

સમયે શ્રીમહાપ્રભુજીએ પોતાનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. દમલાજીને પણ આપ દર ત્રીજા દિવસે દર્શન આપતા હતા.

આ બધું શ્રીવલ્લભ એટલા માટે કરતા હતા કે આપ સદ્રૂપ અવિનાશી સ્વરૂપ છો. આજે પણ જો શ્રીવલ્લભ કૃપા કરે તો આપણને એ જ સ્વરૂપનાં દર્શન થાય, જે સ્વરૂપે આપ પાંચસો વર્ષ પહેલાં ભૂતળમાં બિરાજતા હતા.

જેમ આપણા શરીરમાં દેહ અને દેહી એમ બે વિભાગ છે. તેવા વિભાગ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં નથી. શ્રીઠાકોરજીની જેમ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સંપૂર્ણ આનંદ, વિગ્રહાત્મક છે. આપનું આ અલૌકિક રૂપ સદા અસ્તિત્વ ધરાવનારું છે. આપણું રૂપ તો નાશવંત છે. જ્યારે શ્રીમહાપ્રભુજીનું રૂપ અવિનાશી છે.

સદ્રૂપ શબ્દનો એક વધુ અર્થ કર્યો, ભગવદીયજનો પાસે જે સ્વરૂપ પ્રકાશમાન છે તે. સામાન્ય મનુષ્યો શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક સ્વરૂપનાં દર્શન કરી શકતા નથી. જેમનું હૃદય ભક્તિમય હોય, ભાવસભર હોય, જેમના હૃદયમાં વલ્લભાગ્નિ ઓતપ્રોત હોય, એમની સામે શ્રીમહાપ્રભુજી પોતાનું રૂપ પ્રગટ કરે છે.

સદ્રૂપ શબ્દનો વળી એક વિશેષ અર્થ કર્યો. જે સત્ય સ્વરૂપ છે તે. જેમ શ્રીઠાકોરજી સત્ય સ્વરૂપ છે તેમ શ્રીમહાપ્રભુજી પણ સત્ય સ્વરૂપ છે. સત્ય ત્રણે કાળમાં એક સમાન રહે છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી. તેથી સત્યને નિત્ય કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પણ નિત્ય છે. હમણાં પ્રગટ છે અને ભવિષ્યમાં નહીં હોય એવું નથી. આપનું સ્વરૂપ પહેલાં પણ હતું. આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેવાનું છે. શ્રીમદ્ભાગવતે કહ્યુંઃ આવા પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. આ સત્ય સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે.

જ્યારે ભગવાનનો પ્રાદુર્ભાવ થવાનો હતો ત્યારે દેવતાઓએ કારાગૃહમાં ભગવાનની સ્તુતિ કરી હતી. એ સ્તુતિમાંથી એક શબ્દ શ્રીગુસાંઈજી મહારાજે અહીં શ્રીમહાપ્રભુજીના નામ તરીકે સ્વીકાર્યો છે. દેવોએ કહ્યું હતું પ્રભુ આપ સત્યાત્મક છો તેથી દૈવી બુદ્ધિવાળા જે ભગવદીયો છે તેઓ સદા 'શ્રીવલ્લભઃ શરણં મમ' નું રટણ કરે છે.

સત્ય માટે એમ કહેવામાં આવ્યું કે જે યજ્ઞાત્મક છે જે, તપાત્મક છે, જે દાનાત્મક છે, તે સત્ય છે. શ્રીમહાપ્રભુજી પણ યજ્ઞાત્મક, તપાત્મક અને દાનાત્મક છે. શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ તો એ સેવા શ્રીનાથજીબાવાને પહોંચે છે. જેમ યજ્ઞમાં આહુતિઓ આપવામાં આવે તો એ આહુતિઓ સીધી સ્વર્ગમાં પહોંચે છે,

એવી રીતે શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ તો તે સેવા શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. આમ, શ્રીમહાપ્રભુજી યજ્ઞાત્મક છે.

શ્રીમહાપ્રભુજી નિત્ય પ્રભુના વિરહ તાપનો અનુભવ કરતા હોવાથી, આપ તપાત્મક છે. તપનો એક અર્થ જ્ઞાન છે. શ્રીમહાપ્રભુજી આ અર્થમાં જ્ઞાનાત્મક પણ છે. કારણ કે, શ્રીનાથજીબાવાના સ્વરૂપને જાણીને આપણને બતાવનારા છે.

શ્રીમહાપ્રભુજી દાનાત્મક પણ છે. કારણ કે શ્રીનાથજીબાવાનું સાક્ષાત્ સ્વરૂપ આપણને દાનમાં આપ્યું છે. માટે ભક્તો કહે છે : હે મહારાજ, આપના જેવા દાતાને છોડીને અમે બીજે ક્યાં માંગવા જઈએ?

આ પ્રમાણે વૈશ્વાનર, વલ્લભ અને સદ્રૂપ આ ત્રણ શબ્દોથી શ્રીમહાપ્રભુજીનાં ત્રણ રૂપ બતાવ્યાં. સત્, ચિત્ અને આનંદ - આ ત્રણેય રૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસરખાં છે. એક ટીકાકારે એમ પણ કહ્યું કે : શ્રીમહાપ્રભુજી તૃતીયાત્મક સ્વરૂપ છે. આપનામાં શ્રીઠાકોરજીનું રૂપ, શ્રીસ્વામિનીજીનું રૂપ અને સાક્ષીરૂપ બિરાજમાન છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનું રૂપ છે એમ સૂચવવા 'વલ્લભ' નામ કહ્યું. શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજીનું રૂપ છે એમ 'વૈશ્વાનર' શબ્દથી સમજાવ્યું. શ્રીઠાકોરજીમાં અમૃત બીજ છે તેમ શ્રીસ્વામિનીજીમાં અગ્નિ બીજ છે, માટે આપને વૈશ્વાનર કહ્યા. આ બંનેનો અનુભવ કરનાર શ્રીમહાપ્રભુજી સાક્ષીરૂપ છે. બંનેના અસ્તિત્વરૂપ છે, એટલે કે સદ્રૂપ છે. કારણ કે શ્રીસ્વામિનીજીના સાક્ષીભાવ વિના અનુભવ થઈ શકે નહિ.

ભગવાનમાં રહેલા સત્, ચિત્ અને આનંદના અલૌકિક ગુણો માટે ઉપનિષદો ત્રણ શબ્દો વાપરે છે. અસ્તિ, ભાતિ અને પ્રિયમ્. પહેલાં અસ્તિત્વ હોવું જોઈએ. 'અસ્તિ' એ સત્‌રૂપ છે. જેનું અસ્તિત્વ છે એ પ્રકાશે છે. 'ભાતિ' એ ચિત્‌રૂપ છે. જે પ્રકાશે છે તે પ્રિય લાગે છે. 'પ્રિયમ્' આનંદરૂપ છે. વેદાંતની દૃષ્ટિએ આ ત્રણ નામો આપીને તે દ્વારા ઉપનિષદોએ જીવનનાં ત્રણ મૂલ્યો આપણને સમજાવ્યાં. સત્યમ્, શિવમ્, સુંદરમ્ આપણા શ્રીવલ્લભ સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ છે. આપનું સત્ રૂપ સત્ય છે. આપનું ચિત્‌રૂપ શિવમ્- કલ્યાણકારક છે. આપનું આનંદરૂપ સુંદર છે. માટે શ્રીમહાપ્રભુજી વૈશ્વાનર બની, જગતનું કલ્યાણ કરે છે. વલ્લભ બની જગતની શોભા વધારે છે. અને સત્ સ્વરૂપે સર્વત્ર બિરાજે છે. આ ત્રણ સ્વરૂપો દ્વારા શ્રીવલ્લભ ભૂતળમાં પધારી, શું કાર્ય કરે છે તેનું નિરૂપણ હવે પછીના નામમાં શ્રીગુસાંઈજી મહારાજ કરે છે. સદ્રૂપાય નમઃ ।

(૨૪) 'હિતકૃત્ સતામ્' = સતામ્ હિતકૃતે નમઃ = સાધુ પુરુષો-ભગવદીયોનું હિત કરનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

શ્રીમહાપ્રભુજી ભૂતળમાં પ્રગટ થઈ, સાધુ પુરુષોનું હિત કરે છે. આપણને પ્રશ્ન થશે સાધુ પુરુષ કોને કહેવો? અહીં સાધુ પુરુષ માટે 'સતામ્' શબ્દ વાપર્યો છે. સંતની ઘણી વ્યાખ્યાઓ મળે છે. જેમ કે જેની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનો અંત નથી તે સાચો સંત. શ્રદ્ધાનો અંત આવી જાય તો તેને સંત ન કહેવાય. ભગવદીય અખૂટ શ્રદ્ધાનો ખજાનો હોય છે. જેને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં સતત પૂર્ણ પુરુષોત્તમનું ધ્યાન છે, તે સાચો સંત છે, તે સાચો ભગવદીય છે.

જેની ધર્મમાં શ્રદ્ધા છે. અને એ ધર્મ જે ઈશ્વર માટે ધારણ કરવામાં આવે છે એ ઈશ્વરમાં જેની શ્રદ્ધા છે તથા એ ઈશ્વરને બતાવનાર ગુરુમાં પણ જેની પૂરી શ્રદ્ધા છે, એને સાચો સંત કહેવામાં આવે છે. આવા સંતો-ભગવદીયોનું હિત કરનારા શ્રીમહાપ્રભુજી છે.

હિત બે રીતે થાય. ઈષ્ટની પ્રાપ્તિ કરાવીને અને અનિષ્ટની નિવૃત્તિ કરાવીને. કોઈ બાળક સળગતા ચૂલામાંથી આગ પકડવા દોડે, ત્યારે એની માતા તરત જ બાળકને પકડી લે છે. બાળક રડે છતાં મા તેને ચૂલા પાસે જવા દેતી નથી. બાળકને આમ પકડી લે તે બાળક માટે હિતકર્તા છે. એના અનિષ્ટનું નિવારણ કરનાર છે. તે જ માતા બાળકને ભાવતું ભોજન જમાડે છે અને તે રીતે તેને વહાલ કરે છે. બાળકને મનગમતી વસ્તુઓ આપવી એ પણ બાળકનું હિત છે. જે ઈષ્ટની પ્રાપ્તિરૂપ છે. આમ અલૌકિકમાં શ્રીઠાકોરજી પણ આપણા અનિષ્ટને નિવૃત્ત કરી, ઈષ્ટની પ્રાપ્તિ કરાવે છે.

પુષ્ટિમાર્ગમાં અનિષ્ટ કયાં? ભગવદ્પ્રાપ્તિમાં જેટલા પ્રતિબંધો આવે તે બધાં અનિષ્ટો છે. શ્રીમહાપ્રભુજી આવા અનિષ્ટોને દૂર કરી પોતાના ઈષ્ટ શ્રીશ્યામસુંદરની પ્રાપ્તિ ભક્તોને કરાવે છે. માટે આપ ભગવદીયોના હિત કરનારા છે.

લૌકિક ઈષ્ટ અને લૌકિક અનિષ્ટ બહુ સામાન્ય વસ્તુઓ છે. દુનિયાદારીનો કોઈપણ માણસ એ આપી શકે. પરંતુ શ્રીમહાપ્રભુજી અસાધારણ અનિષ્ટને દૂર કરી અસાધારણ હિતની પ્રાપ્તિ કરાવનારા છે. માટે આપને સતામ્ હિતકૃતે નમઃ કહ્યા છે.

જ્યારે જ્યારે હિન્દુ ધર્મ ઉપર, હિન્દુ સંસ્કૃતિ ઉપર અને હિન્દુ સંસ્કારો ઉપર આપત્તિ આવી, ત્યારે ત્યારે શ્રીમહાપ્રભુજીએ હિત કરવાનો ઝંડો પોતાના

હસ્તમાં લીધો. તે વખતે મોગલાઈનો સમય હતો. બળજબરીથી ધર્મપરિવર્તનનો સમય હતો. એ વખતે સમાજમાં હિન્દુ ધર્મમાં સનાતન વૈદિક ધર્મનું સ્થાપન કરવાનું કામ શ્રીમહાપ્રભુજીએ ઉપાડ્યું. તેથી આપણે કહી શકીએ કે શ્રીમહાપ્રભુજી 'સતામ્ હિતકૃત્' છે. શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય દ્વારા, શ્રીમહાપ્રભુજીના પરમ ઉપદેશો દ્વારા આપણા ભારતવર્ષને બહુ લાભ થયો. સનાતન વૈદિક ધર્મને પણ ઘણો લાભ થયો.

ઘણા લોકો એમ કહે છે કે: પુષ્ટિમાર્ગ તો એક પંથ છે. માર્ગ નથી. માર્ગ અને પંથમાં ફેર કેટલો? જે મુખ્ય રસ્તો હોય, જેને આપણે ધોરી માર્ગ કહીએ તેને માર્ગ કહેવાય. જે નાની કેડી હોય, એને પંથ કહેવાય. આ અર્થમાં પુષ્ટિમાર્ગ એ નાની કેડી નથી, ધોરી માર્ગ છે. પુષ્ટિમાર્ગ એક નાનો પંથ છે એવો સંકુચિત વિચાર જો આપણા મનમાં હોય તો તે કાઢી નાખવો જોઈએ. કારણ કે પુષ્ટિમાર્ગ મહાન માર્ગ છે. ધોરી માર્ગ છે.

સનાતન વૈદિક ધર્મમાં આમ તો લાખો પંથો છે, પરંતુ મુખ્ય ધોરીમાર્ગો કેટલાક આચાર્યોએ આપ્યા. જેમાં શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય અને શ્રીવલ્લભાચાર્ય મુખ્ય છે. આ બધાએ હાઈ-વેના માર્ગો બતાવ્યા છે. શ્રીવલ્લભાચાર્યે પણ આવો એક હાઈ-વે માર્ગ બતાવી, ભારતના લોકોને બચાવી લીધા. માટે આપ જગદ્ગુરુ કહેવાયા અને આપનું નામ પડ્યું 'સતામ્ હિતકૃતે નમઃ.'

શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં એક પ્રસંગ આવે છે. મથુરા આપણું તીર્થધામ છે. દિલ્હીના બાદશાહ સિકંદર લોદીને શું સૂઝ્યું કે તેણે પોતાના સૂબા મારફત મથુરામાં વિશ્રામઘાટ ઉપર એક યંત્ર મુકાવ્યું. ત્યાંથી પસાર થનારની ચોટલી ઊડી જાય અને દાઢી ઊગી જાય. હિન્દુઓમાં ખળભળાટ મચી ગયો. એ જમાનામાં કોઈ હિન્દુ ગાયત્રી મંત્ર જપનાર, સંધ્યાવંદન કરનાર બ્રાહ્મણની ચોટલી ઊડી જાય એ તો ચાલે જ નહિ. તે સમયમાં નિમ્બાર્ક સંપ્રદાયના આચાર્ય કેશવ ભટ્ટ હતા. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ આપણા ધર્મ ઉપર કાળો કેર વર્તાવવામાં આવે છે. કંઈક કરવું જોઈએ. શ્રીમહાપ્રભુજીએ વાસુદેવદાસ છકડાને આજ્ઞા કરી. વિશ્રામઘાટ પરથી યવનોનું યંત્ર ઉખાડી નાંખો. વાસુદેવદાસ એ યંત્ર ઉખાડવા ગયા. મુસલમાન સૈનિકો લડવા આવ્યા. એ બધાને માર મારી એકલા વાસુદેવદાસે ભગાડી મૂક્યા, અને યંત્ર ઉતારી લીધું. શ્રીમહાપ્રભુજીએ

આજ્ઞા કરી આ યંત્રને દિલ્હીના મુખ્ય દરવાજે લગાડી આવો. ત્યાં લગાડતાં મુસલમાનોની દાઢી ઊડી જવા લાગી અને તેને સ્થાને માથા પર ચોટલી ઊગવા લાગી. જ્યારે દિલ્હીના બાદશાહે આ જાણ્યું ત્યારે એ યંત્ર ઉઠાવી લેવા તેણે વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : અમે તમારા ધર્મમાં હાથ નાંખતા નથી, તો તમે શું કામ અમારા ધર્મમાં હાથ નાંખો છો? બાદશાહ નમી પડ્યો. આમ, શ્રીમહાપ્રભુજીએ દેશવાસીઓમાં વૈદિક ધર્મની પતાકા ફેલાવી. આપણા સંસ્કારો અને સંસ્કૃતિનું રક્ષણ આજથી ૫૦૦ વર્ષ પહેલા શ્રીમહાપ્રભુજી કર્યું. માટે આપનું નામ પડ્યુ 'સતામ્ હિતકૃતે નમઃ'

કોઇકવાર એવું પણ બને કે વૈષ્ણવ સાચો માર્ગ છોડી આડે માર્ગે જતો હોય, ત્યારે પણ શ્રીમહાપ્રભુજી એનું સતત હિત વિચારે. ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં સુંદરદાસ અને માધવદાસ આનંદથી સંતોની સેવા કરતા. એક વખત તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. તેમણે શ્રીમહાપ્રભુજીની સેવા માંગી. સેવકોએ કહ્યુંઃ શ્રીમહાપ્રભુજી સેવક વિના કોઇની સેવા સ્વીકારતા નથી. સુંદરદાસ શ્રીમહાપ્રભુજીના શરણે ગયા. સેવક થયા. શ્રીમહાપ્રભુજીને પોતાને ઘેર પધરાવ્યા. એમના જીગરજાન દોસ્ત માધવદાસ બ્રાહ્મણ હતા. તેઓ બહારથી પંચાયતન પૂજા કરતા. અને અંદરખાને પીરને પૂજતા. એમના પિતા પણ એમ જ કરતા. તેઓ તેમના દેવને ભોગ ધરે ત્યારે પીરને બોલાવે. પીર આવી બધું ભોજન ખાઇ જાય. માધવદાસ જ્યારે શ્રીમહાપ્રભુજીને મળવા આવ્યા ત્યારે શ્રી મહાપ્રભુજી સેવા કરતા હતા. શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને ભોગ સરાવ્યા, ત્યારે દર્શન કરતાં માધવદાસે કહ્યુંઃ સુંદરદાસ! તારા ગુરુ શ્રીઠાકોરજીને ભોગ ધરાવે તોય શ્રીઠાકોરજી ખાતા નથી. બધું ભોજન એમનું એમ છે. મારા ગુરુની તો એવી કૃપા છે કે શ્રીઠાકોરજી બધી પાતળ સફાચટ કરી જાય છે. આ સાંભળી શ્રીમહાપ્રભુજી હસ્યા. એમણે આજ્ઞા કરી પૂર્ણ પુરુષોત્તમમાં એવી શક્તિ છે કે બધું આરોગે પણ ઓછું થાય નહિ. શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો, માધવદાસ દૈવી જીવ છે. માટે આપ તેને ત્યાં પધાર્યા. આપે ભોગ ધરવા માધવદાસને આજ્ઞા કરીઃ આપ એના મંદિરના બારણાની બહાર બિરાજ્યા. માધવદાસે ભોગ ધરી પીરને બોલાવ્યા. પીર આવ્યો ખરો, પણ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી ડરી ગયો. ઊભી પૂંછડીએ ભાગ્યો. તે દિવસે બધું ભોજન એમનું એમ રહ્યું. શ્રીમહાપ્રભુજીએ માધવદાસને બધી વાત સમજાવી. તેમને પોતાની ભૂલ સમજાઇ. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા. પછી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી આખા ગામને પ્રસાદ લેવા બોલાવો.

માધવદાસે કહ્યું કે મહારાજ, આપે તો એટલો જ ભોગ ધર્યો છે કે માંડ બે જણ લઈ શકે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ મહાપ્રસાદમાં શ્રદ્ધા રાખો. મહાપ્રસાદ કદી ઘટે નહિ. આખું ગામ પ્રસાદ લેવા આવ્યું. એક જ પાતળમાંથી તમામ વૈષ્ણવોને પ્રસાદ પિરસાયો. સૌએ ધરાઈને ભોજન કર્યું. તોય પાતાળમાંનો પ્રસાદ ખૂટ્યો નહિ. આવો ચમત્કાર માધવદાસને બતાવી શ્રીમહાપ્રભુજીએ તેમને ભક્તિનું દાન કર્યું, માટે પોતે ભક્તોના હિતકારી કહેવાયા.

શ્રીમહાપ્રભુજી જ હિત કરનારા નથી. શ્રીમહાપ્રભુજીના સેવકોમાં પણ એવી શક્તિ છે કે તેઓ સમાજનું હિત કરી શકે. સનાતન વૈદિક ધર્મમાં કેટલીક અંધશ્રદ્ધા અને અનિષ્ટો ઘૂસી ગયાં છે. જેમ કે સ્ત્રીઓને ભગવત્ પ્રાપ્તિનો અધિકાર નથી, સ્ત્રીને કંઈપણ પુણ્ય કરવું હોય તો તે એકલીથી ન થઈ શકે. પુરુષની જોડે બેસીને જ કરી શકાય. જ્યાં સુધી સ્ત્રીનું લગ્ન ન થાય ત્યાં સુધી તે વૈદિક કર્મો કરી શકે નહિ. સ્ત્રી યોનિમાં જન્મ મરણમાંથી મુક્તિ ન મળે વગેરે. આ સમયમાં શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું કે સ્ત્રી અને શૂદ્રોનો ઉદ્ધાર કરવા માટે હું આવ્યો છું. મારા પુષ્ટિમાર્ગમાં સ્ત્રી કે પુરુષ એવા કોઈ ભેદ નથી. શ્રીઠાકોરજીની સેવા દરેક જણ કરી શકે છે. પરિણામ એ આવ્યું કે, સેવા કરવામાં બહેનો આગળ નીકળી ગઈ, ભાઈઓ પાછળ રહી ગયા. બહેનો ધર્મના બધા નિયમો પાળશે. ભાઈઓ બહુ ઓછું પાળશે. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ધર્મના જે નિયમો છે એ બધાને એકસરખા લાગુ પડે છે. કોઈને તેમાં વિશેષ અધિકાર નથી.

આજે આપણે એવું સમજતા થયા છીએ કે ઘરમાં સ્ત્રીવર્ગ સેવા કરે એટલે એનું પુણ્ય આપણને આપોઆપ મળી જાય. એ માન્યતા સાચી નથી. ભોજન અને ભજન જાતે કરવું પડે. બીજા દ્વારા કરાવીએ તેનું ફળ મેળવી શકાય નહિ. ભજન અને ભોજનની જેમ લગ્ન અને મરણ પણ જાતે જ પામવા પડે. તેમાંય આપણા બદલે બીજા ચાલી શકે નહિ. શ્રીમહાપ્રભુજીએ પોતાના સમયમાં સમૂળી ક્રાંતિ કરી. સ્ત્રીઓનું મોટું હિત કર્યું. એમને સેવાનો અધિકાર આપ્યો. કેટકેટલાક દુઃખી જીવોને સુખી થવાની શક્તિ આપી. આપના ભક્તોએ પણ આવું સામર્થ્ય બતાવ્યું. આપણી સામે માધવ ભટ્ટ કાશ્મીરીનો દાખલો છે. આ બધા વૈષ્ણવો સદા સમાજનું હિત કરનારા રહ્યા છે. જે સમાજનું હિત ન કરે, એ વૈષ્ણવ શાનો? જે જાતે વૈષ્ણવ બની, બીજાને વૈષ્ણવ બનાવે નહિ, બીજાનું હિત ન કરે તે વૈષ્ણવ શાનો?

માધવ ભટ્ટ કાશ્મીરી ઘણા વિદ્વાન હતા. પણ બહુ જ ભોળા હતા. સતત પ્રભુની સેવામાં લાગેલા રહેતા. એક દિવસ એમના ગામના એક મોટા શેઠિયાનો એકનો એક દીકરો સર્પદંશથી મૃત્યુ પામ્યો. ગામમાં કાળો કેર વર્તાયો. લોકો પણ રડવા લાગ્યા. દીકરાના મડદાને વળગી મા માથા કૂટતી હતી. કોઈએ આ વાત માધવ ભટ્ટને કહી. સમાજનું હિત કરનાર માધવ ભટ્ટ ઘરમાંથી બહાર આવ્યા. એમણે આ કરુણ દૃશ્ય જોયું. ઘરમાં જઈ શ્રીઠાકોરજીને વિનંતી કરીઃ હે દયાળુ પ્રભુ! આપના હૃદયમાં અત્યંત દયા છે. જગતમાં સૌ દુઃખી છે. તમે અમારા હૃદયમાં પણ દયા નામનું તત્ત્વ મૂક્યું છે. પણ અમે અસમર્થ છીએ. દયાનો કોઈ ઉપયોગ કરી શકતા નથી. તમે સમર્થ દયાળુ છો. માટે આ કુટુંબ ઉપર કૃપા કરો. હે નાથ! અમને અસમર્થને તમે દયા શું કામ આપી? આપણી અસમર્થ દયા આપણને દુઃખ આપે છે. ભૂખ્યો આંગણે આવે, તેને આપવા ઘરમાં અનાજનો દાણો ન હોય, ત્યારે આપણી દયા આપણા હૃદયને દુઃખી કરે છે.

માધવ ભટ્ટની વિનંતી શ્રીઠાકોરજીએ સાંભળી. શેઠનો દીકરો આળસ મરડી બેઠો થયો. માધવ ભટ્ટે વિચાર કર્યો લોકો આ પ્રસંગને ભગવાનની મહત્તા તરીકે નહિ સમજે. મારી મહત્તા સમજી મારી પૂજા કરશે. તો મારો દાસધર્મ જશે. માટે માધવ ભટ્ટ વતન છોડી ચાલ્યા ગયા.

શ્રીમહાપ્રભુજીના બીજા એક સેવક બૂલા મિશ્રા હતા. તેઓ કાશી ભણવા આવ્યા. સરસ્વતીની ઘણી સાધના કરી. સરસ્વતીએ રાજી થઈને કહ્યું : તારા નસીબમાં વિદ્યા નથી. ભગવાન પ્રસન્ન થાય તો તેને વિદ્યા મળે. તું વિષ્ણુસહસ્રનામના જપ કર. તેમના તપથી પ્રસન્ન થઈને ભગવાને સરસ્વતીને આજ્ઞા કરીઃ તૂં બૂલા મિશ્રને વિદ્યા આપ. સરસ્વતીવિદ્યા આપવા આવી, હવે બૂલા મિશ્ર કહે છેઃ 'તું શા માટે આવી? મારે વિદ્યા નથી જોઈતી, વિદ્યાનું ફળ છે ભગવદ્ દર્શન, મારે પ્રભુનાં દર્શન કરવાં છે. તારા ભગવાનને મોકલ.' ભગવાને સ્વયમ્ પધારી બૂલા મિશ્રને દર્શન આપ્યાં અને આજ્ઞા કરીઃ તમે અડેલ જઈ શ્રીમહાપ્રભુજીના સેવક બનો.' બૂલા મિશ્ર વૈષ્ણવ થયા.

એક વખત એક શ્રીમંત માણસ એની પત્નીને લઈને બૂલા મિશ્ર પાસે આવ્યો. તેણે કહ્યું બાપજી, મારી પાસે કરોડોની મિલકત છે. બે પત્ની છે. પણ સંતાન થતું નથી. આપ કૃપા કરો. બૂલા મિશ્રે એક ફળ લઈ, મોટી પત્નીના ખોળામાં મૂક્યું. શ્રીમંત મનુષ્યે કહ્યુંઃ બાપજી, ભારે થઈ. આ બાઈએ તો વયમર્યાદા

વટાવી દીધી છે. બૂલા મિશ્રે કહ્યું: 'તેની ફિકર ન કરશો, શ્રીઠાકોરજીની કૃપાથી એને બાળક થશે.' તે બાઈને સંતાન થયું.

શ્રીમહાપ્રભુજીના આવા અનેક સેવકોએ જગતના મનુષ્યોનું હિત કર્યું છે. પરંતુ શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તોને કેવળ લૌકિક સુખ આપીને તેમનું હિત કરતા નથી. ભક્તોના હિત માટે આપ જગતમાં ભગવાનની સેવા પ્રગટ કરી. પોતાના સેવકોને સેવા શીખવવા માટે આપે પોતે સેવા કરી. આપનું આ અલૌકિક સ્વરૂપ હવે પછીના નામ દ્વારા શ્રીગુસાંઇજી મહારાજ સમજાવે છે. સતામ્ હિતકૃતે નમઃ.

(૨૫) 'જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્' = જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃતે નમઃ = મનુષ્યોને શિખામણ આપવા માટે કૃષ્ણભક્તિ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

દૈવી જીવો સેવા કરનારા બને એટલા માટે શ્રીમહાપ્રભુજી કૃષ્ણસેવા કરે છે. પોતે સેવા કરશે તો બીજાઓને પણ સેવા કરવાની ઇચ્છા થશે. અને તેઓ સેવા કરશે તો સેવાનો આનંદ પામશે. મોટા માણસો જે આચરણ કરે છે તેવું આચરણ તેની પાછળ પાછળ ચાલનારાઓ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે: હે અર્જુન! મારે કોઇ કર્મો કરવાની જરૂર નથી. કોઇ કર્મ મને બાંધી શકે તેમ એમ પણ નથી, છતાં જગતમાં હું જે કંઇ કર્મ કરું છું તે મારી પાછળ ચાલનારા લોકોને દીવાદાંડીરૂપ બનવા માટે કરું છું. જે તમામ વસ્તુઓથી પર થઇ ગયા છે એને કંઇ કરવાનું રહેતું નથી. છતાં પણ તેઓ પોતાના આચરણ દ્વારા જગતને આચરણ કરવાનું શીખવે છે. આચરણ શબ્દને ચરણ શબ્દ સાથે સંબંધ છે. આચરણ એટલે જ્યાં જ્યાં પગલાં પડ્યાં હોય ત્યાં ત્યાં તેની પાછળ પાછળ ચાલવું. મહાપુરુષો જે રસ્તે ચરણ ધરીને ચાલશે તે રસ્તે એની પાછળ પાછળ આપણે ચાલીશું. તે આપણું આચરણ કહેવાય.

આથી, શ્રીમહાપ્રભુજી બીજાને સમજાવવા માટે ભગવાન શ્યામસુંદરની સેવા કરે છે. શ્રીમહાપ્રભુજીના આ નામ દ્વારા આપણને ઘણી વાતો શીખવા મળે છે. શ્રીમહાપ્રભુજીએ સેવામાર્ગ પ્રગટ કર્યો. પુરાણોમાં ઉપાસના અને પૂજાના માર્ગ બતાવવામાં આવ્યા છે, જેને ભગવદ્ આરાધન કર્મ કહેવામાં આવે છે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ તેનાથી અલગ એવું ભગવદ્. આરાધન કર્મ બતાવ્યું, જે સેવામાર્ગ તરીકે પ્રસિદ્ધ છે.

આપણને પ્રશ્ન થશે પૂજામાર્ગ અને સેવામાર્ગમાં શો તફાવત છે? પૂજામાર્ગમાં જેની પૂજા કરવામાં આવે છે તેને મૂર્તિ કહેવામાં આવે છે. આપણો ફોટો એ આપણી મૂર્તિ કહેવાય. તેવી રીતે પરમાત્માની મૂર્તિ એટલે પરમાત્માનો ફોટો. પરમાત્માનું પ્રતીક. પૂજા માર્ગમાં પરમાત્માની મૂર્તિને પ્રતીક માનીને પૂજા કરવામાં આવે છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં એમને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સમજીને સેવા કરવામાં આવે છે. પૂજામાર્ગના નિયમ પ્રમાણે જો મૂર્તિ ખંડિત થઇ જાય તો તેની પૂજા થઇ શકતી નથી પછી તેને જળમાં વિસર્જિત કરવી પડે છે. જ્યારે સેવામાર્ગમાં આવો કોઇ પ્રકાર નથી. કારણ કે આપણા કોઇ સ્વજનનો હાથ કે પગ કપાઇ જાય તો આપણે તેને કૂવામાં ફેંકી દેતા નથી પણ તેમને એટલો પ્રેમ આપીએ છીએ. એવી રીતે સેવામાર્ગમાં સ્વરૂપ કદાચ ખંડિત થાય તો પણ તેમની સેવા કરવામાં આવે છે.

આ બુદ્ધિનો વિષય છે. તમારી બુદ્ધિ વસ્તુને કઇ રીતે જુએ છે તેના પર તેનો આધાર છે. એને પ્રતીક માનો તો ફેંકી દઇ શકો. એને સ્વરૂપ માનો તો નહિ ફેંકો. એ સ્વરૂપ જેવું હશે તેવું તમે સેવશો. ઘણા વૈષ્ણવો અમને પૂછવા આવે છે. અમારા પૂર્વજોના ઠાકોરજી બિરાજે છે. ચિત્રજી તદ્દન ઝાંખા થઇ ગયાં છે. અમે તેમની સેવા કરીએ કે તેમને યમુનાજીમાં પધરાવી દઇએ? અમે એમને કહીએ છીએ કે તમે એમની સેવા કરો કારણ કે આ પૂજામાર્ગ નથી, આ ભક્તિમાર્ગ છે તમને જરૂર લાગે તો સાથે બીજું સ્વરૂપ પધરાવો. પણ એકવાર જેમાં સાક્ષાત્ સ્વરૂપનો ભાવ કર્યો એમને ફેંકી કેવી રીતે દેવાય? શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત્ સેવા કરી એ સમજાવ્યું કે ઉપાસના અને પૂજામાર્ગ કરતાં પ્રેમમાર્ગ-સેવામાર્ગ-ભક્તિમાર્ગ જુદો છે. ઉપાસનામાર્ગમાં આવાહન અને વિસર્જન કરવામાં આવે છે. શ્રીઠાકોરજી વિચાર કરે છે કે આ લોકો કેવા છે, જે મને ઘડીકમાં બોલાવે છે અને પછી ચાલ્યા જવાનું કહે છે. પુષ્ટિમાર્ગમાં આવાહન અને વિસર્જન કરવામાં આવતું નથી. જે સ્વરૂપ એકવાર સેવ્ય બને, તેમાં સદાને માટે સાક્ષાત્ શ્રીઠાકોરજી બિરાજે છે. એવો ભાવ રહે છે. આપણું સ્વરૂપ પુષ્ટ બન્યા પછી કાયમ માટે એ સ્વરૂપ જ રહે છે. કદાચ કોઇક કારણસર તે ખંડિત થાય. તો પણ તેમની સેવા થાય છે. આમ, મૂર્તિમાં અને સ્વરૂપમાં બહુ અંતર છે તેવી રીતે પૂજામાર્ગમાં અને ભક્તિમાર્ગમાં બહુ અંતર છે. પૂજામાર્ગમાં ભગવત્ સુખનો વિચાર જ નથી. પુષ્ટિમાર્ગમાં કેવળ ભગવત્ સુખનો જ વિચાર છે.

એકવાર અમે બદ્રિકાશ્રમ ગયાં. ઘણા વૈષ્ણવો સાથે હતા. ત્યાંના પૂજારી શ્રીબદ્રિકાનાથજી ઉપર ફૂલો ફેંકે અને ઠંડા જળે સ્નાન કરાવે. તે જોઇને એક વૈષ્ણવે કહ્યું : જુઓ તો ખરાં, આ લોકો મૂર્તિઓને બોચીથી પકડીને ઊંચી કરે છે. આવું કેમ કરતાં હશે? ભગવાનને કેટલું કષ્ટ થાય? આપણા ઘણા વૈષ્ણવો પણ શ્રીબાલકૃષ્ણલાલજીને સ્નાન કરાવે ત્યારે આવી જ રીતે પકડે છે. તે વખતે તેઓ વિચાર કરતા નથી કે આપણે આપણા દીકરાને આમ બોચીથી પકડીને નવડાવીએ ખરા! કેટલાક વૈષ્ણવો અમારી પાસે તેમના ઠાકોરજી ઝાંપીજીમાં લાવવાને બદલે થેલીમાં મૂકીને લઇ આવે છે. હું એમને પૂછું કે તમે તમારા છોકરાને આમ થેલીમાં નાંખીને લાવશો ખરા?

ભક્તિમાર્ગમાં 'યથાદેહે તથા દેવે' સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પંઢરપુરમાં પંઢરીનાથ બિરાજે છે. ગમે તેવો શિયાળો હોય તોય તેમને પહેલા ઠંડા જળથી અભિષેક કરાવે અને પછી તેમની સન્મુખ માખણનો દડિયો ધર્યો ન ધર્યો અને પાછો લઇ લે. આથી કદાચ શ્રીવિઠ્ઠલનાથજીએ વિચાર કર્યો હશે કે પૂજામાર્ગ અને ઉપાસના માર્ગના સાધકો અમને બહુ પરિશ્રમ આપે છે. માટે શ્રીમહાપ્રભુજી પંઢરપુર પધાર્યા ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી હશે કે હે વલ્લભ! આ પૂજામાર્ગમાંથી હું કંટાળી ગયો છું, આપ સેવામાર્ગ પ્રગટ કરો. તે વખતે આપની ઉંમર ૩૧ વર્ષની હતી. શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરીઃ આપ લગ્ન કરો અને સજોડે મારી સેવા કરો. આથી શ્રીમહાપ્રભુજીએ પ્રભુના સુખ માટે શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન કર્યાં. આપને ત્યાં શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઇજી પ્રગટ થયા. શ્રીગુસાંઇજીએ તે સેવામાર્ગ ઘણો વિસ્તાર્યો.

શ્રીમહાપ્રભુજી સેવામાર્ગની તમામ પ્રક્રિયાઓ કરી ન બતાવે તો કેમ કરવી તેની આપણને ખબર કેમ પડે? એટલા માટે શ્રીમહાપ્રભુજીએ જાતે સેવા કરીને આપણને સેવાની રીત અને પ્રીત શીખવાડી છે. આથી શ્રીવલ્લભાખ્યાનમાં કહ્યું કેઃ 'આપ સેવા કરી શીખવે શ્રી હરિ, ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો.' એકબીજા કીર્તનમાં પણ આ વાત સમજાવી છે. 'પ્રગટ હવે મારગ રીત દિખાઇ' પૂજામાર્ગમાં ઠાકોરજી પાસે નૈવેદ્ય તરીકે આખાંને આખાં ફળ મૂકી દેવામાં આવે છે. તેઓ માનતા હશે કે ઠાકોરજી આ બધું ક્યાં આરોગે છે? તેઓ તો દૃષ્ટિથી અંગીકાર કરે છે. માત્ર સુગંધ લે છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં તો 'કરિ મનુહાર લિવાઇ, ખૂબ કાલાવાલાં કરી, ખૂબ વિનંતી કરી આરોગાવવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજીએ સ્વયમ્ સેવા કરીને આપણને શીખવ્યું કે સેવાના સમયમાં સેવા કરવી અને સેવાના અનવસરમાં વિરહની ભાવના કરવી. આજે તો સેવાના અનવસરમાં વૈષ્ણવો ગામગપાટા મારે છે. લાંબા પગ કરીને દુનિયાદારીની વાતો કરે છે. કહેવત છે કે 'મળે ચાર ચોટલા, અને ભાંગે ઘરના ઓટલા'- માટે વૈષ્ણવોએ લૌકિક વાતો છોડવી જોઇએ, વ્રજભક્તોએ વિપ્રયોગનો જે અનુભવ કર્યો હતો, તેનું ભાવન કરવું જોઇએ. આમ, શ્રીમહાપ્રભુજીએ પોતાના ભક્તોને શિક્ષા આપવા માટે કૃષ્ણભક્તિ કરી બતાવી. 'સેવા રીત પ્રીત વ્રજજન કી, જનહિત જગ પ્રગટાઇ'

શ્રીમહાપ્રભુજી ભૂતળમાં પધારી ભગવદીયોનું હિત કરનારા છે. આપણો ખોવાઇ ગયેલો આનંદ આપણને પાછો આપ્યો, તે આપણું મોટામાં મોટું હિત છે. આપણા હિત માટે શ્રીમહાપ્રભુજીએ સેવામાર્ગ પ્રગટ કર્યો છે. પૂજામાર્ગ અન ઉપાસનામાર્ગથી ભિન્નતા બતાવવા માટે સેવામાર્ગ પ્રગટ કર્યો છે. પૂજામાર્ગમાં ક્રિયા છે, સેવામાર્ગમાં સ્નેહ છે. તેથી ભગવદીયોઓએ ગાયું કે 'પ્રીતમ પ્રીત હિ તે જાય પૈયે' પ્રભુ એકમાત્ર સ્નેહથી પ્રાપ્ત થાય છે. સ્નેહ વગર સેવામાર્ગ સફળ બનતો નથી.

ભક્તિ શબ્દ સ્નેહપૂર્વકની સેવાના અર્થમાં વપરાય છે. નારદજીએ અને શાંડિલ્ય મુનિએ ભક્તિ શબ્દની વ્યાખ્યા કરી કે ઇશ્વરમાં પૂર્ણ પ્રેમ એનું નામ ભક્તિ. પ્રેમનું બીજું નામ જ ભક્તિ સ્નેહથી કરવામાં આવતી સેવા એટલે ભક્તિ. જે સેવામાં આપણું મન ઓતપ્રોત થઇ જાય, તે ભક્તિ.

આપણે ભગવાન પ્રત્યે ભાવ રાખીએ, પરંતુ ભાવજન્ય કોઇ ક્રિયા ન કરીએ, તો કોરો ભાવ શા કામનો? કોઇ માતા એના દીકરાને એમ કહે કે મને તારા ઉપર ઘણો ભાવ છે પણ તને ખવડાવવું નથી. તો માનો પ્રેમ શા કામનો? સેવામાં ભાવની ચરિતાર્થતા છે. આમ ભાવાત્મિકા ક્રિયા એ ભક્તિ છે. આ અર્થમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિ શબ્દનો પ્રયોગ કર્યો છે.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિનો સિદ્ધાંત અને સ્વરૂપ 'સિદ્ધાંતમુક્તાવલિ' નામના ગ્રંથમાં બતાવ્યું. આજે મોટાભાગના વૈષ્ણવો સેવાનો મર્મ સમજતા નથી. સેવાના નામ ઉપર કેવળ મેવા ખાય છે અને વેઠ ઉતારે છે. સેવા તો બહુ મોટી વસ્તુ છે. શ્રીમહાપ્રભુજીએ સેવાની વ્યાખ્યા આપી, 'ચેતસ્તત્પ્રવણમ્ સેવા'. ચિત્તનું તમામ ઇન્દ્રિયો સહિત પ્રભુમાં અને પ્રભુનાં કાર્યોમાં પરોવાઇ જવું એનું નામ સેવા.

આપણે ઈન્દ્રિયો તો સેવામાં પરોવીએ છીએ. પણ ઈન્દ્રિયોના રાજા એવા મનને રખડતું મૂકી દઈએ છીએ. ઈન્દ્રિયો પરોવાય અને મન ન પરોવાય તો એ ક્રિયા કહેવાય, સેવા ન કહેવાય. તમારી પાસે મોતીના દાણા ગમે તેટલા હોય, તેમને ખોબામાં કે હથેળીમાં લો, તેમને ગબડવાનો સ્વભાવ હોવાથી તે હાથમાંથી ગબડી જશે. હાથમાં સ્થિર રહેશે નહિ એટલે ડાહ્યા માણસે કહ્યું: તેમને દોરામાં પરોવી દો. પછી તે ગબડી શકશે નહિ.

આ રીતે આપણી તમામ ઈન્દ્રિયોનો પણ ગબડવાનો સ્વભાવ છે. આંખ રૂપ તરફ દોરાય છે. કાન શબ્દ તરફ દોરાય છે. જીભ રસ તરફ દોરાય છે. આ બધી ઈન્દ્રિયોને એકાગ્રતાના દોરામાં પરોવી દઈને, પ્રભુને સમર્પણ કરી દઈએ તો તે સેવા બને. આપણે સેવામાં ઈન્દ્રિયો પરોવીએ છીએ, પણ તે સાથે મન પરોવતા નથી. શ્રીઠાકોરજીની સેવા કરવા બેઠા હોઈએ ત્યારે મન મુંબઈમાં ભટકવા દોડી જાય. તે દરમ્યાન સેવામાં કઈ ક્રિયા કરી, એનું પણ પૂરું ભાન હોય નહિ. આને સેવા ન કહેવાય.

યોગમાં પણ કહ્યું કે યોગીની સર્વ ચિત્તવૃત્તિઓ તેઓ જેનું ધ્યાન કરતા હોય, તેમાં ઓતપ્રોત થઈ જવી જોઈએ. એવી રીતે ભક્તની તમામ વૃત્તિઓ મન સહિત ભગવત્કૃતિમાં ઓતપ્રોત થઈ જાય ત્યારે સેવા કહેવાય છે.

શ્રીમહાપ્રભુજીએ સેવા કરવાની રીત પણ બતાવી. વૈષ્ણવોએ તનુજાવિત્તજા સેવા કરતાં કરતાં માનસી સેવા સુધી પહોંચવાનું. સેવામાં આપણું તન એટલે શરીર ઉપયોગમાં લેવાય તે તનુજા સેવા, આપણું દ્રવ્ય અને સાધનો પણ ઉપયોગમાં લેવાય, તે વિત્તજા સેવા. આપણા શરીર અને આપણા દ્રવ્ય તથા સાધનોથી સેવા કરવામાં આવે એ તનુવિત્તજા સેવા. એ રીતે આપણે પ્રભુમાં પૂરેપૂરા ઓતપ્રોત થઈએ છીએ. એકલી તનુજા સેવાથી કે એકલી વિત્તજા સેવાથી ઓતપ્રોત થવાતું નથી. તનુજા સેવા દ્વારા આપણી અહંતાનો નાશ થાય છે. વિત્તજા સેવા દ્વારા આપણી મમતાનો નાશ થાય છે. અહંતા અને મમતા મનમાં સાથે સાથે રહેલાં છે. એટલે બંનેનો એકસાથે નાશ થવો જરૂરી છે. માટે શ્રીમહાપ્રભુજીએ કેવળ તનુજા કે કેવળ વિત્તજા સેવા કરવાની આજ્ઞા ન કરતાં તનુવિત્તજા સેવાની આજ્ઞા કરી છે.

શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક થઈ ગયા દામોદરદાસ સંભરવાળા. તેઓ કરોડપતિ હતા, પણ તેમના ઠાકોરજી શ્રીદ્વારકાનાથજીની સેવા જાતે કરતા. જાતે જળ ભરી લાવતા. જાતે બુહારી કાઢતા. સેવાનાં બધાં કામ જાતે કરતા. એક

દિવસ તેમના સસરાએ ટકોર કરી: 'તમે મારા જમાઇ છો. એટલે તમને શીખામણ આપવાનો હું અધિકારી છું. તમારી પાસે ઘણું દ્રવ્ય છે. તમે જળ ભરવા માટે માણસો કેમ રોકતા નથી?' દામોદરદાસજીએ પૂછયું: 'હું જળ ભરું એમાં વાંધો શો છે?' સસરાજી કહે: 'તમને ભલે વાંધો ન હોય, પણ મને વાંધો છે. મારી આબરૂ ખરાબ થાય છે.' આપણને પણ ઘણીવાર આવું લાગે છે. હું મોટરમાં ફરનારો, મારા હાથમાં સાવરણી શોભે? જ્યાં સુધી આપણને આવું અભિમાન રહેશે ત્યાં સુધી આપણાથી તનુજા સેવા થવાની નથી.

દામોદરદાસજી એમના સસરાની વાત સમજી ગયા, તેમણે વિચાર કર્યો જેમનું ગણિત લૌકિક હોય, એની સાથે જીભાજોડી કરવાથી નકામો સમય બગડે. બીજા દિવસે તેમણે પત્નીને કહ્યું: 'ઉઠાવો, ગાગર અને ચાલો જળ ભરવા'. ભરબજારે પતિ-પત્ની જળ ભરવા નીકળ્યાં, પોતાના મોભાનો વિચાર ન કર્યો. સસરાની દુકાન પાસેથી પસાર થયાં. સસરાજીએ ઝીણી આંખે જોયું કે જમાઇ માથાનો છે. ના પાડી તો દીકરીનેય જળ ભરવા લઇ આવ્યો. ઘેર આવી સસરાજીએ હાથ જોડીને કહ્યું: તમારે જળ ભરવું હોય તો ભરજો, પણ મારી દીકરી પાસે ભરાવતા નહિ.'

દામોદરદાસજીએ આપણને શીખવ્યું કે: આપણી અહંતાનો નાશ કરવો હોય, તો આપણે શ્રીઠાકોરજીની બને તેટલી તનુજા સેવા કરવી. શ્રીઠાકોરજીને ઘરમાં પધરાવી મોટપ કે મોટાઇ છોડીને જાતે સેવા કરવી. શ્રીભાગવતમાં પણ આવા બીજા ભગવદીયોનાં ઉદાહરણો મળે છે. અંબરીષ રાજા મોટા ચક્રવર્તી રાજા હતા. તેમણે પણ આ જ શ્રીદ્વારકાનાથજીની સેવા કરેલી. તેઓ જાતે શ્રીઠાકોરજીના મંદિરમાં બુહારી કાઢતા.

પુષ્ટિમાર્ગની સેવાની ભાષામાં બુહારીને સોહની કહેવામાં આવે છે. શ્રીઠાકોરજીને સુહાય-પ્રસન્નતા થાય, એવું કરવું તેનું નામ સોહની. આ સોહનીની સેવા ઉત્તમ સેવા છે. જેમ જેમ મંદિરમાં સોહનીની સેવા કરીએ તેમ મનમાં વિચારતા જઇએ કે મારા અંતરનો કચરો પણ આ જ રીતે સાફ કરી, મારું હૃદય શ્રીઠાકોરજીને સોહાય તેવું સુંદર બનાવું. શ્રીઠાકોરજીના મંદિરમાં શ્રીઠાકોરજીની સાથે વ્રજભક્તોની ચરણરજ પણ પડે છે. એ અલૌકિક ચરણરજનો આપણા શરીર સાથે અભિષેક થાય એ માટે વૈષ્ણવોએ સોહનીની સેવા અવશ્ય કરવી જોઇએ.

પુષ્ટિમાર્ગની સેવાપ્રણાલિકામાં આવા ઘણા પારિભાષિક શબ્દો છે. જે શબ્દો આપણે આપણાં લૌકિક વ્યવહારોમાં વાપરતા નથી. અન્ય લૌકિક માણસોને એ શબ્દોનો અર્થ પણ સમજાતો નથી. આવા શબ્દો વાપરવાનું કારણ એ છે કે સેવાની ગુપ્તતા સચવાય. શ્રીઠાકોરજીને જે કંઇ અંગીકાર કરાવવાનું છે, તેમાં આપણું મન ન જાય, તેમાં મન જાય તો પણ તે સામગ્રી અર્ધભુક્ત થાય. સેવા અન્ય મનુષ્યોથી ગુપ્ત રીતે કરવાની છે. માટે શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઇજીએ સેવા માટે અલગ શબ્દો આપ્યા છે.

જેમ તનુજા સેવા આપણી અહંતાને દૂર કરે છે, તેમ વિત્તજા સેવા આપણી મમતાનો નાશ કરે છે, વિત્ત એટલે કેવળ પૈસો નહિ. જેના ઉપર આપણે આપણું મમત્વ રાખતા હોઇએ તે બધું તેમાં આવી જાય. એ બધું આપણી સંપત્તિ કહેવાય. જેમ કે આપણું ઘર, આપણું કુટુંબ, એ બધું આપણું વિત્ત છે. જેના જેના ઉપર આપણા મનમાં એવો ભાવ જાગે કે આ મારું છે, એ બધું વિત્ત કહેવાય. આ તમામ જડ-ચેતન પદાર્થો પ્રભુને સમર્પણ કરવાથી તેમાંથી આપણું મમત્વ છૂટે છે. તેનું અભિમાન આપણને રહેતું નથી. આમ અહંતા અને મમતાનો નાશ થતાં, આપણામાં દાસભાવ આવે છે, દીનતા આવે છે. મમત્વ છૂટતાં પ્રભુમાં પ્રેમ વધે છે. આ પ્રકારે તનુવિત્તજા સેવા પ્રેમપૂર્વક મન અને ઇન્દ્રિયોની એકાગ્રતાપૂર્વક કરતા રહેવાથી તેના ફળરૂપે માનસી સેવા સિદ્ધ થાય છે. રાજા આશકરણજીને આવી માનસી સેવા સિદ્ધ થઇ હતી.

શ્રીગુસાંઇજીના એક સેવક હતા. શ્રીગુસાંઇજીની કૃપાથી તેમને પણ માનસી સેવા સિદ્ધ થઇ હતી. તેઓ સ્વભાવે બહુ કંજૂસ હતા. તેઓ શ્રીગુસાંઇજીને શરણે ગયા. ત્યારે તેમણે શ્રીગુસાંઇજીને કહ્યું: 'મહારાજ, તમારો પુષ્ટિમાર્ગ બહુ ખર્ચાળ છે. એટલે મને સેવા કરવાની આજ્ઞા ન કરશો!' શ્રીગુસાંઇજીએ કહ્યું: 'વૈષ્ણવ, તમને એવી સેવા શીખવું કે એક પૈસો પણ ખર્ચવો ન પડે.' વૈષ્ણવે કહ્યું: 'તો મને વાંધો નથી.' શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી: 'સવારે સ્નાન કરી, ઘરમાં એકાંતમાં પલાંઠી વાળીને બેસજો. આંખો બંધ કરી મનમાં ને મનમાં સેવાના પ્રકારનું ચિંતન કરજો.' શ્રીઠાકોરજીને જગાવવાથી લઇને શયન પર્યંતની સેવાનો, ઉત્સવની સેવાનો અને ઋતુ અનુસારની સેવાનો પ્રકાર સમજાવ્યો. એ પ્રમાણે આ વૈષ્ણવ રોજ મનથી સેવાનું ચિંતન કરવા લાગ્યા. આમ કરતાં કરતાં એક વખત ઉત્સવનો દિવસ આવ્યો. તેઓ મનમાં શ્રીઠાકોરજી માટે ખીરની સામગ્રી સિદ્ધ કરી રહ્યા હતા. અનાયાસ ખાંડ વધારે પડી ગઇ. તેમના કંજૂસ સ્વભાવને લઇને ખાંડ કાઢી

લેવા વાસણમાં હાથ નાંખવા ગયા. ત્યારે શ્રીઠાકોરજીએ પ્રગટ થઇ તેમનો હાથ પકડી લીધો અને આજ્ઞા કરીઃ 'તું ક્યાં આ ખાંડ ખરીદવા ગયો હતો? તે વૈષ્ણવની અંતઃકરણની આંખો ખૂલી ગઇ. પોતાના કંજૂસ સ્વભાવ માટે તેમને ઘણો પશ્ચાત્તાપ થયો. આમ, સેવાનું ધ્યાન અને ચિંતન કરતાં કરતાં તે વૈષ્ણવને માનસી સેવા સિદ્ધ થઇ ગઇ.

જ્યાં સુધી પ્રભુ આવરણ સહિત બિરાજે ત્યાં સુધી તનુવિત્તજા સેવા. આ સ્થિતિમાં શ્રીઠાકોરજી આપણી સાથે હસતા-બોલતા નથી. જે દિવસે શ્રીઠાકોરજી આંખો સામે સાક્ષાત્ પ્રગટ થાય અને સેવા અંગીકાર કરે, અથવા અંતઃકરણમાં સાક્ષાત્ પ્રગટ થાય અને સેવા અંગીકાર કરે ત્યારે તે માનસી સેવા. માનસી સેવામાં ભાવનું પ્રાધાન્ય છે. તેથી અંતઃકરણમાં બિરાજી ભાવાત્મક સ્વરૂપ તમામ ભાવાત્મક સેવાઓ અંગીકાર કરે છે. અંતઃકરણમાં બધી લીલા સામગ્રી વિદ્યમાન હોય છે. એટલે તે સેવામાં બાહ્ય સામગ્રીની જરૂર પડતી નથી. આશકરણ રાજાને આવી માનસી સેવા સિદ્ધ થઇ હતી. તેમના રાજ્ય ઉપર પડોશી રાજા ચઢી આવ્યો ત્યારે તેની સામે આશકરણ રાજા લડવા ગયા હતા. લડાઇ દરમ્યાન લડતાં લડતાં પણ તેઓ માનસી સેવા કરી રહ્યા હતા. તેઓ શ્રીઠાકોરજીને રાજભોગ ધરવા માટે કઢીનો ડબરો હાથમાં પકડી રહ્યા હતા, ત્યારે તેમનો ઘોડો કૂદયો અને ભાવાત્મક કઢી બહાર ઢોળાઇ ગઇ.

શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરવા પધારતા ત્યારે પોતાના ઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવી, પોતાના મસ્તક ઉપર ઝાંપીજી લઇને ચાલતા. પોતાની જાતે રસોઇ બનાવી શ્રીઠાકોરજીને ભોગ ધરતા, અને પોતે ભોજન કરતા. શ્રીમહાપ્રભુજીએ અપરિગ્રહ સેવ્યો હતો. જે દિવસે જે કંઇ મળે, તે બધું તે દિવસે શ્રીઠાકોરજીને ધરાવી દેતા અને બીજા દિવસ માટે કંઇપણ રાખતા નહોતા. આમ, આપે સ્વયમ્ સેવા કરીને સેવા શીખવી છે.

સેવા ત્રણ સ્વરૂપે સમજાય છે, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. આપણા ઘરમાં શ્રીઠાકોરજીની સેવા કરીએ, તે આધિભૌતિક સેવા. જેમાં આપણી ભૌતિક ઇન્દ્રિયોનો ઉપયોગ કરીએ છીએ. માનસી સેવા એ આધ્યાત્મિક સેવા. જે અંતઃકરણમાં થાય છે. શ્રીઠાકોરજી સાક્ષાત્ પ્રગટ થાય અને જે સેવા કરવામાં આવે તે આધિદૈવિક સેવા. આવી આધિદૈવિક સેવાનો પ્રકાર શ્રીમહાપ્રભુજીની રાધાકૃષ્ણ કુંડ ઉપરની બેઠકના પ્રસંગમાં પ્રસિદ્ધ છે. જ્યાંથી શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીની નિકુંજમાં શ્રીસ્વામિનીજીનું માનમોચન કરવા પધાર્યા હતા.

શ્રીમહાપ્રભુજીએ 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં આજ્ઞા કરી કે : હે વૈષ્ણવ! સેવા પુષ્ટિમાર્ગમાં પુરુષાર્થ છે. તે ધર્મ પુરુષાર્થ છે. બ્રહ્મસંબંધ લઈને શ્રીઠાકોરજીના શરણે આવેલા વૈષ્ણવોનો એ જ ધર્મ છે કે તેમણે નંદનંદન શ્રીકૃષ્ણની સર્વદા સર્વાત્મક ભાવે સેવા કરવી. આ સિવાય બીજો કોઈ ધર્મ નથી.

આપણને પ્રશ્ન થશે કે સતત સેવા કેવી રીતે થાય? અમારે સેવા સિવાય બીજાં સત્તરસો સાંઈઠ કામો હોય. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે શ્રીઠાકોરજીની સામગ્રી કરવાની, શૃંગાર કરવાની ઈત્યાદિ જે સેવા છે તે મુખ્ય સેવા છે. આ સેવાને અંગભૂત અન્ય જે કાર્યો છે તે ગૌણસેવા છે. ગૌણસેવાને પરિચર્યા પણ કહેવામાં આવે છે. આપણે દુનિયામાં પ્રભુને શ્રમ ન થાય તે માટે સંબંધો જાળવવા. આજીવિકાનું કાર્ય કરવું. રોગ થાય ત્યારે દવા લેવી. આ બધાં કાર્યો સેવાનાં અંગભૂત માનવાં.

આમ, દાસભાવથી સેવાનું સ્વરૂપ સમજીને સેવા કરવી. પરંતુ ઘણા વૈષ્ણવોને અમે સેવા કરવાનું કહીએ છીએ ત્યારે તેમને ઝાટકો લાગે છે. એ લોકો વિચાર કરે છે કે અમારાથી આટલી મર્યાદા પાળી શકાશે નહિ. આટલો સમય આપી શકશે નહિ. આ તેમની ગેરસમજ છે. તમે જેટલી મર્યાદા પાળી શકો, જેટલો સમય આપી શકો, એટલા પ્રમાણમાં કોઈ વાંધો નથી. પણ તમારી સ્થિતિ અનુસાર જે રીતે થઈ શકે તે રીતે તમારે સેવા તો કરવી જ જોઈએ એટલો સંકલ્પ જરૂર કરજો કે હું સેવક છું અને શ્રીઠાકોરજી મારા સ્વામી છે. શ્રીઠાકોરજીની સેવા કરવી તે મારું કર્તવ્ય છે. માટે મારે શ્રીઠાકોરજીની સેવા અવશ્ય કરવાની છે. માટે આપણે સૌ કૃષ્ણસેવા જરૂર કરીએ. જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃતે નમઃ

(૨૬) 'નિખિલેષ્ટદઃ' = નિખિલેષ્ટદાય નમઃ = નિખિલ એટલે સર્વ કંઈ જે ઈષ્ટ હોય, તે આપનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

ભક્તોને કોઈ પ્રકારની લૌકિક કામનાઓ હોતી નથી. ભક્તો હંમેશાં પ્રભુના સુખના મનોરથો કરનારા હોય છે. પ્રભુના સુખના મનોરથ એ જ ભક્તોનું ઈષ્ટ છે. તેથી શ્રીમહાપ્રભુજી ભક્તોના આવા અલૌકિક મનોરથોની પૂર્તિ કરનારા છે. ભગવદીયોના મનમાં ભગવાન સંબંધી મનોરથો જાગવા જોઈએ. લૌકિક મનોરથો શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજી પૂરા કરતા નથી. શ્રીમહાપ્રભુજી 'નવરત્ન'માં પણ આ જ આજ્ઞા કરે છે. પ્રભુ પોતાના ભક્તોને લૌકિક, વૈદિક કાર્યોમાં સ્વસ્થતા આપતા નથી.

શ્રીભાગવતજીમાં અદિતિ માતાનો પ્રસંગ આવે છે. અદિતિ માતાના મનમાં બે વાતો રમતી હતી. એક વાત એ રમતી હતી કે દિતિના પુત્રોએ મારા પુત્રોને સ્વર્ગભ્રષ્ટ બનાવ્યા છે. મારા પુત્રોનું સ્વર્ગ છીનવી લીધું છે. મારા પુત્રોને બહુ કનડગત કરી છે. માટે દિતિના પુત્રોનું મૃત્યુ થવું જોઈએ અને દિતિની પુત્રવધૂઓ વિધવા બનીને રડવી જોઈએ. તેમના મનમાં બીજી વાત એ રમતી હતી કે નારાયણ ભગવાન મારા પુત્ર બની મારા ખોળામાં રમે. નારાયણ ભગવાને કહ્યું: 'અદિતિ માતા! મેં તમારા મનના સંકલ્પો જાણ્યા છે. હું તમારો અલૌકિક સંકલ્પ પૂરો કરીશ. પરંતુ લૌકિક સંકલ્પો પૂરા નહિ કરું. તમે દિતિના પુત્રોને મરેલા જોવા માંગો છો અને તેમની સ્ત્રીઓનું સૌભાગ્ય સિંદૂર લૂછવા માંગો છો, એ મારાથી નહિ બને. હું તમારો પુત્ર બનીને તમારા ખોળામાં જરૂર રમીશ.'

આવી જ રીતે શ્રીમહાપ્રભુજી પણ વૈષ્ણવોના બધા અલૌકિક મનોરથો પરિપૂર્ણ કરે છે. લૌકિક મનોરથો પૂરા કરતા નથી. આપણા મનમાં એવો અલૌકિક મનોરથ થાય કે મારે મારા શ્રીઠાકોરજીને વ્રજમાં પધરાવીને વિવિધ મનોરથો કરવા છે, તો શ્રીમહાપ્રભુજી એ મનોરથ જરૂર પૂરો કરશે. પરંતુ મનમાં એવો લૌકિક મનોરથ જાગે કે મારે આનંદ પ્રમોદ માટે કાશ્મીર ફરવા જવું છે તો શ્રીમહાપ્રભુજી કહેશે કે એ બધું તું તારી જાતે ફોડી લેજે, મારે એની સાથે કોઈ લેવાદેવા નથી.

મહાનુભાવ ટીકાકારોએ 'નિખિલેષ્ટ' નો બીજો અર્થ કર્યો- નિખિલ એટલે સર્વરૂપ એવા શ્રીઠાકોરજી. જે ભક્ત શ્રીઠાકોરજીની સેવા કરે છે એની ઝોળીમાં શ્રીમહાપ્રભુજી સર્વ સ્વરૂપ ધારણ કરનારા શ્રીઠાકોરજીને પધરાવી આપે છે. આમ, શ્રીમહાપ્રભુજી નિખિલ ઈષ્ટનું દાન કરનારા છે. તેથી નિખિલેષ્ટદાય નમઃ ।

શ્લોક-૧૩

સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥

શબ્દાર્થ :

(૨૭) **સર્વલક્ષણસંપન્નઃ** = સર્વ લક્ષણવાળા (૨૮) **શ્રીકૃષ્ણજ્ઞાનદઃ** = શ્રીકૃષ્ણનું જ્ઞાન આપનારા (૨૯) **ગુરુઃ** = ગુરુ (૩૦) **સ્વાનંદતુંદિલઃ** = પોતાના આનંદમાં મગ્ન રહેનારા (૩૧) **પદ્મદલાયતવિલોચનઃ** = કમળના દળ (પાંખડી) જેવાં વિશાળ નેત્રોવાળા (શ્રીમહાપ્રભુજી છે.)

(૨૭) 'સર્વલક્ષણ સંપન્નઃ' = સર્વલક્ષણસંપન્નાય નમઃ = સર્વ લક્ષણોથી સંપૂર્ણ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

આમ તો સર્વ શબ્દનો અર્થ થાય બધું. એટલે કે શ્રીમહાપ્રભુજી બધાં લક્ષણોવાળાં છે. બધાં લક્ષણનો વ્યાપક અર્થ કરીએ તો તેમાં ખોટાં લક્ષણો અને સારાં લક્ષણો બંનેનો સમાવેશ થાય. પરંતુ વ્યવહારમાં જ્યારે આપણે એમ કહીએ છીએ કે ફલાણાભાઈ બધાં લક્ષણવાળા છે, ત્યારે જો તેમનામાં ખોટાં લક્ષણો વધારે હોય તો સર્વ શબ્દ તેમનાં ખોટાં લક્ષણો માટે વપરાય છે. જો તેમનામાં સારાં લક્ષણો વધારે હોય તો સર્વ શબ્દ તેમનાં સારાં લક્ષણો માટે વપરાય છે. એ સ્થિતિમાં ત્યાં સર્વ શબ્દનો વ્યાપક અર્થ ન કરતાં સંકુચિત અર્થ કરવામાં આવ્યો એમ સમજવું. જેમ કે કોઈ એમ કહે કે સર્વ બ્રાહ્મણોને જમાડો. એનો સંકુચિત અર્થ એવો થાય કે ગામમાં હોય તેટલા બ્રાહ્મણોને જમાડો. એનો સંકુચિત અર્થ એવો થાય કે તમારા ગોરના ઘરમાં જેટલા તેના કુટુંબીઓ હોય એટલાંને જમાડો. આમ, શબ્દને કયા સંદર્ભમાં વાપરવામાં આવે છે તેના આધારે તેનો અર્થ કરવો જોઈએ.

અહીં સર્વ શબ્દ ત્રણ અર્થમાં વપરાયો છે. નિખિલેષ્ટનું દાન કરવાનું સામર્થ્ય શ્રીઠાકોરજીનું છે. તો એ મનોરથોની પૂર્તિ કરવાનુ સામર્થ્ય ગુરુનું અને ભક્તનું પણ છે. આમ તમામ મનોરથોનું દાન શ્રીઠાકોરજી કરી શકે છે, ગુરુ કરી શકે છે અને વૈષ્ણવ પણ કરી શકે છે. આમ, સર્વ શબ્દથી એવું સમજાયું કે શ્રીમહાપ્રભુજીમાં ઈશ્વરત્વ છે, ગુરુત્વ છે અને ભગવદીયત્વ પણ છે. શ્રીવલ્લભ આ ત્રણેય લક્ષણોથી યુક્ત છે. માટે આપણને 'સર્વલક્ષણસંપન્ન' કહ્યા.

શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપે પ્રગટ થયા. પોતાનો ઉગ્ર પ્રતાપ પ્રગટ કર્યો. લોકોને મોક્ષનું દાન કર્યું. ત્યારે તેમાં આપનાં ઈશ્વર સ્વરૂપનાં દર્શન થયાં. શ્રીમહાપ્રભુજીએ ગુરુ તરીકે દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો, શ્રીભાગવતજીનું પારાયણ કર્યું ત્યારે આપના સૌમ્ય ગુરુ સ્વરૂપનાં દર્શન થયાં. શ્રીમહાપ્રભુજીએ દીનતાપૂર્વક શ્રીઠાકોરજીની સેવા કરી અને ભગવદીયો સાથે ભગવદ્વાર્તા કરી ત્યારે આપનામાં ભગવદીય સ્વરૂપનાં લક્ષણ પ્રગટ થયાં. ષોડશ ગ્રંથ પૈકીના કેટલાય ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીએ પોતાને કૃષ્ણના દાસ કહ્યા છે. આમ આ ત્રણેય પ્રકારનાં લક્ષણો આપનામાં પ્રગટ હોવાથી આપ સર્વલક્ષણસંપન્ન છે.

બીજી રીતે વિચાર કરીએ તો શ્રીમહાપ્રભુજીમાં પુરુષોત્તમ ભાવ છે, પુરુષ ભાવ છે અને સ્ત્રીભાવ પણ છે. આપે આ ત્રણે ભાવના ભાવાત્મક સ્વરૂપોનો અનુભવ ભગવદીયોને કરાવ્યો છે. આથી, પણ આપ 'સર્વલક્ષણસંપન્ન' છે.

'સર્વલક્ષણસંપન્ન' નો એક ત્રીજો અર્થ કરવામાં આવ્યો. શ્રીમહાપ્રભુજીના મુખારવિંદમાં સકલ લીલાનો આનંદ બિરાજે છે. આપના હૃદયમાં સકળ લીલાની ભાવસંપત્તિ બિરાજે છે. લક્ષણ એટલે ચિહ્ન. લીલાના લક્ષણરૂપે આનંદ શ્રીમહાપ્રભુજીમાં પ્રગટ છે. શ્રીમહાપ્રભુજીનું આનંદરૂપ સર્વ લીલાના ચિહ્નોનું સૂચન કરે છે. પદ્મનાભદાસજીએ તેમનાં પદોમાં આ સ્વરૂપનું સુંદર નિરૂપણ કર્યું છે. જેમ શ્રીઠાકોરજીએ યશોદા માને પોતાના મુખમાં ચૌદ ભુવનનાં દર્શન કરાવ્યા હતાં, જેમ શ્રીરામચંદ્રજીએ કૌશલ્યા માતાને પોતાના રોમરોમમાં સકલ વિશ્વનાં દર્શન કરાવ્યાં હતાં, એમ શ્રીમહાપ્રભુજીએ પોતાના રોમરોમમાં ભક્તોને કરોડો કરોડો શ્રીગોવર્ધનનાથજીનાં સ્વરૂપોનાં દર્શન કરાવ્યાં છે, માટે શ્રીમહાપ્રભુજી 'સર્વલક્ષણસંપન્ન' છે.

'સર્વલક્ષણસંપન્ન' નો ચોથો અર્થ કર્યો. શ્રીમહાપ્રભુજી સાહિત્ય, સંગીત અને કલાના લક્ષણોથી સંપન્ન છે. કલાનિધિ કૃષ્ણને રીઝવવા માટે શ્રીમહાપ્રભુજી સાહિત્ય, સંગીત અને કલાનો વિનિયોગ સેવામાં કરી રહ્યા છે. આવા સર્વલક્ષણસંપન્ન શ્રીમહાપ્રભુજીને નમન કરીએ. સર્વલક્ષણસંપન્નાય નમઃ ।

(૨૮) 'શ્રીકૃષ્ણજ્ઞાનદઃ' = શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ = શ્રીકૃષ્ણનું જ્ઞાન કરાવનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જ્યારે શ્રીગુસાંઇજી મહારાજ એમ આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણનું જ્ઞાન આપનારા શ્રીમહાપ્રભુજી છે, ત્યારે આપણને પ્રશ્ન થશે કે કૃષ્ણતત્ત્વનું નિરૂપણ ગીતામાં અને ભાગવતમાં પણ છે, અનેક પુરાણોમાં છે. કપિલ, નારદ, વ્યાસ જેવા મહામુનિઓએ કૃષ્ણતત્ત્વનું નિરૂપણ ઉપનિષદોમાં, બ્રહ્મસૂત્રોમાં અને પુરાણોમાં કર્યું છે. ત્યારે તે ઉપરાંત કૃષ્ણતત્ત્વનું કોઇ જ્ઞાન બાકી રહી જતું હશે ખરું? શ્રીમહાપ્રભુજીએ કોઇ વિશેષ કૃષ્ણજ્ઞાન કરાવ્યું હશે? એનો જવાબ એ છે કે જ્ઞાન બે રીતે અપાય. શબ્દાત્મક જ્ઞાન અને અનુભવાત્મક જ્ઞાન. શબ્દો દ્વારા જે જ્ઞાન આપવામાં આવે તે પરોક્ષ જ્ઞાન, અનુભવ દ્વારા જે જ્ઞાન આપવામાં આવે તે પ્રત્યક્ષ જ્ઞાન. શ્રીમહાપ્રભુજી તેમના ગ્રંથો દ્વારા શબ્દોમાં કૃષ્ણતત્ત્વનું જ્ઞાન કરાવે છે. પરંતુ વિશેષ કૃપા કરે ત્યારે રસાત્મક કૃષ્ણસ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન પણ કરાવે છે, જે જ્ઞાન અગાઉના મહામુનિઓએ કરાવ્યું નથી.

કોઇ એમ કહે કે ખાંડ બહુ મીઠી લાગે. ખાંડ ખાધી ન હોય તો એની મીઠાશની મનોમન કલ્પના કરી શકાતી નથી. પરંતુ ખાંડ ખાનાર ખાંડનું નામ સાંભળે એટલે તેના મોમાં પાણી છૂટે છે. ખાંડ ખાનારને પૂછો કે તેની મીઠાશ કેવી છે તો તે કહેશે કે મને શબ્દોમાં કહેતાં ન આવડે. પણ ઘણી મીઠી છે. જ્યાં સુધી જ્ઞાન અનુભવાત્મક બનતું નથી, ત્યાં સુધી તે જ્ઞાનનો આનંદ મળતો નથી.

વેદની શ્રુતિઓએ પરોક્ષ જ્ઞાન આપ્યું છે, પ્રત્યક્ષ જ્ઞાન આપ્યું નથી, કારણ કે તેમને પણ કૃષ્ણતત્ત્વનો પ્રત્યક્ષ અનુભવ ન હતો. તે અનુભવ લેવા માટે વેદની શ્રુતિઓ વ્રજમાં ગોપીઓ બનીને આવી. તેમણે કાત્યાયની વ્રત કર્યું ત્યારે તેમને રાસલીલામાં રસાત્મક સ્વરૂપનો અનુભવ થયો. આ રસાત્મક સ્વરૂપનો અનુભવ લૌકિક શરીર અને ઇન્દ્રિયોથી થતો નથી. માટે આ ગોપીઓને કાત્યાયની વ્રત દ્વારા અને વેણુગીતના શ્રવણ દ્વારા અલૌકિક બનાવ્યાં. તેમનામાં પોતાનું સુધાસ્વરૂપ પધરાવી આપ્યું, ત્યારે તેમને સંપૂર્ણ રસાત્મકતાનો અનુભવ થયો.

આવું જ્ઞાન પૃથ્વી ઉપર શ્રીમહાપ્રભુજી વિના કોઇ આપી શકતું નથી. માટે શ્રીમહાપ્રભુજીને શ્રીકૃષ્ણનું જ્ઞાન આપનારા કહ્યા. અહીં બીજો પ્રશ્ન થાય કે કૃષ્ણ શબ્દની પૂર્વે શ્રી શબ્દ કેમ મૂક્યો? સામાન્ય રીતે શ્રી શબ્દ માનવાચક છે. જેમાં પ્રેમમાં તદ્રૂપતા આવે ત્યાં માન ટકતું નથી. તેનો જવાબ એ છે કે જેમ શ્રી શબ્દ માનવાચક છે તેમ શ્રી શબ્દ સ્વામિનીજી-વાચક છે. શ્રીસ્વામિનીજી સહિત કૃષ્ણ સ્વરૂપનો શ્રીમહાપ્રભુજી પ્રત્યક્ષ અનુભવ કરાવે છે, એમ સૂચવ્યું. પ્રભુ ઉભય-દલાત્મક છે. એટલે પ્રભુનાં ઉભયદલ- સંયોગ અને વિપ્રયોગ સ્વરૂપનું દાન શ્રીમહાપ્રભુજી કરે છે. શ્રી એટલે અગ્નિબીજ અને કૃષ્ણ એટલે અમૃતબીજનું એ બંનેનું દાન શ્રીમહાપ્રભુજી કરે છે. માટે શ્રીકૃષ્ણનું જ્ઞાન આપનારા શ્રીમહાપ્રભુજી છે એમ કહ્યું.

પૃથ્વી ઉપર શ્રીકૃષ્ણના દાતા સ્વરૂપે શ્રીમહાપ્રભુજીનાં દર્શન સૂરદાસજીના પ્રસંગમાં થાય છે. સૂરદાસજી તેમની પર્ણકૂટિ છોડી શ્રીયમુનાજી કિનારે આગ્રા પાસે ગૌઘાટ નામના સ્થળે આવીને વસ્યા હતા. તેમના મનમાં એક જ લગની હતી કે મને કૃષ્ણ કનૈયાનાં દર્શન ક્યારે થાય? એમના સેવકે તેમને સમાચાર આપ્યા કે શ્રીવલ્લભાચાર્યજી અહીં પધાર્યાં છે. જેમ બારણે ટકોરા થાય અને બારણું ઉઘડી જાય, તેમ આ શબ્દો સાંભળી સૂરદાસજીનાં હૃદયનાં દ્વાર ઉઘડી ગયાં. તેઓ શિષ્યને સાથે લઇ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા માટે આવ્યા. શ્રીમહાપ્રભુજી સંધ્યાવંદન

કરી રહ્યા હતા, સૂરદાસજીને ચર્મચક્ષુ ન હતાં પણ ચિત્તચક્ષુ ખૂલ્યાં હતાં. તેમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી વિનંતી કરી, 'મારો અંગીકાર કરો.' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ તમે સુંદર પદો રચી, પ્રભુને રિઝાવો છો, એવું અમે સાંભળ્યું છે. તો એકાદ પદ અમને પણ સંભળાવો.' સૂરદાસજીએ હાથમાં તંબૂરો લીધો. હૃદયમાં વિરહતાપ ભર્યો હતો. તેથી પોતાના દોષોનું ભાન થયું. તેમણે ગાયું 'અબ હૌં નાચ્યો બહુત ગોપાલ' સૂરદાસજી કહે છેઃ હે નાથ! દુનિયામાં મને માયાએ નચાવ્યો છે. કામ, ક્રોધ, લોભ, મોહ બધાએ મને નચાવ્યો છે. બીજા બધા પતિતો આજકાલના છે. પણ હું તો જનમોજનમનો પતિત છું. આમ ગાતાં ગાતાં સૂરદાસજીનાં નેત્રોમાંથી ચોધાર આંસુ વહેવાં લાગ્યાં. શ્રીમહાપ્રભુજીએ મંદ હાસ્ય કરીને પૂછ્યુંઃ 'સૂર! આમ પોતાની જાતને વારંવાર પતિત કહેવાથી શું પ્રભુ મળશે!' બુદ્ધિથી દૃષ્ટિ દોષ જોનારી બને તો દિલદાર પ્રભુનાં દર્શન કેમ થાય? ભક્તને દોષદર્શનની જરૂર નથી. અહંતા અને મમતાનો નાશ કરવા માટે દીનતાની જરૂર છે. દીનતાના ભાવમાં રંગાયેલા ભક્તના મનમાં પ્રણયના ભાવ જાગે છે. માટે તમારી બુદ્ધિને ધીમે-ધીમે કૃષ્ણરંગમાં પ્રેમમાં રંગવી જોઈએ. સૂરદાસજીએ કહ્યુંઃ મહારાજ! મને આ બધાંમાં કંઈ સમજ પડતી નથી. શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ 'તમે સ્નાન કરી આવો.' સૂરદાસજી શ્રીયમુનાજીમાં સ્નાન કરીને આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધની દીક્ષા આપી. પછી શ્રીમહાપ્રભુજીએ તેમને દશમ-સ્કંધના સુબોધિનીજીનાં મંગલાચરણનો શ્લોક બોલાવ્યો.

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનમ્ કલાનિધિમ્ ॥

ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ તેમને દશમ સ્કંધની અનુક્રમણિકા સમજાવી. તે દ્વારા શ્રીમહાપ્રભુજી સૂરદાસજીને ભગવત્સ્વરૂપ અને લીલાનું દાન કર્યું. સૂરદાસજીને તરત જ નંદભવનનાં દર્શન થયાં. નંદભવનમાં થઈ રહેલાં નંદમહોત્સવનાં દર્શન કરતાં તેમણે પદ ગાયું. 'વ્રજ ભયો મહરકે પૂત'. આ પદમાં તેમણે સમગ્ર નંદમહોત્સવનું વર્ણન કર્યું. પછી તો સૂરદાસજી રોજ શ્રીનાથજીબાવાની કીર્તનની સેવા કરતા. આમ, શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને સ્વરૂપનો અને સેવાનો અનુભવ આપ્યો.

એકવાર શ્રીગોકુલનાથજી અને બીજા બાળકોના મનમાં વિચાર આવ્યો કે સૂરદાસજીને નેત્રો નથી, છતાં શ્રીનાથજીને જેવાં વસ્ત્રો અને શૃંગાર ધર્યા હોય

તેવાં કીર્તન કરે છે. તો શું કોઈ તેમને કહી જતું હશે? આપણે સૂરદાસજીની પરીક્ષા કરીએ. આમ વિચારી તેઓ સૂરદાસજીને ગોકુલ લઈ ગયા. ગરમીનો સમય હતો. શ્રીનવનીતપ્રિયજીને ઝીણાં મોતીના શૃંગાર ધર્યા હતા. શ્રીઅંગ પર એક પણ વસ્ત્ર ધર્યું ન હતું. પછી સૂરદાસજીને કીર્તન ગાવાનું કહ્યું ત્યારે સૂરદાસજીએ ગાયું 'દેખે રી હરિ નંગમ્ નંગા' શ્રીગોકુલનાથજીએ કહ્યું: 'સૂરદાસજી' તમને શું આવાં દર્શન થાય છે? સૂરદાસજીએ કહ્યું: 'હા' મહારાજ. શ્રીઠાકોરજીએ અદ્ભુત લીલા કરી છે, તેથી મેં પણ એવું અદ્ભુત પદ ગાયું છે. સૂરદાસજીને અંતઃકરણનાં ચક્ષુઓનું દાન કરનાર શ્રીમહાપ્રભુજી છે. માટે કહ્યું: શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ ।

શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો આપણને ત્રણ પ્રકારની ભાવનાઓનું દાન મળે. સ્વરૂપ ભાવના, લીલા ભાવના અને ભાવભાવના. સૂરદાસજીને આ ત્રણેય વસ્તુ શ્રીકૃષ્ણના જ્ઞાન સ્વરૂપે પ્રાપ્ત થઈ હતી. એ વાત શ્રીગોકુલનાથજીએ પોતાની ટીકામાં સમજાવી છે. શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ ।

(૨૯) 'ગુરુ:' = ગુરવે નમઃ = ગુરુસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણને પ્રશ્ન થશે કે ગુરુ કોને કહેવાય? શ્રીગોકુલનાથજીએ ગુરુની વ્યાખ્યા આપી છે. જે જ્ઞાનનો ઉપદેશ આપે અને સાથે સાથે તેમના માર્ગમાં જે પરમફળ હોય એનું દાન પણ કરે, તે ગુરુ. જ્ઞાન આપવું એ સાધન છે. અત્યારે આપણે એટલું જ જાણીએ છીએ કે જ્ઞાન આપે તે ગુરુ. જ્ઞાન ઈશ્વર સુધી જવાનું સાધન છે. એવું સાધન તો ગુરુ આપે જ. પણ સાથે સાથે પરમ ફળરૂપ ઈશ્વરનું પણ દાન કરે તે સાચા ગુરુ. આમ ગુરુ સાધન પણ આપે અને ફળ પણ આપે. શ્રીમહાપ્રભુજી સાધન અને ફળનું દાન કરનારા છે. માટે આપને ગુરુ કહ્યા છે. શ્રીમહાપ્રભુજીએ પોતે ગુરુનાં લક્ષણો 'નિબંધ' ગ્રંથમાં બતાવ્યાં છે. ગુરુ સેવાપરાયણ હોવા જોઈએ. જ્ઞાન આપે, પણ પોતે આચરણ ન કરે, એ ગુરુ ન બની શકે. વિચારની સાથે આચરણનો સંયોગ ગુરુની અંદર અવશ્ય હોવો જોઈએ. કૃષ્ણસેવા એ પુષ્ટિમાર્ગના ગુરુનું મોટામાં મોટું આચરણ છે. સેવામાર્ગનો ઉપદેશ આપે અને પોતે જ સેવા ન કરે તો એ ગુરુ બની શકે નહિ.

શ્રીમહાપ્રભુજીએ બીજું લક્ષણ બતાવ્યું, સેવા કરે પણ દંભ ન કરે. દેખાવ માટે સેવા ન કરે. આપણે જોઈએ છીએ કે કેટલાક લોકો મંદિરમાં આરતી ઊતરતી હોય ત્યારે ભીડ કરી ઊભા રહે છે. એ એક પ્રકારનો દંભ છે, દેખાવ

છે. કૃષ્ણસેવા કોઇપણ જાતના કપટ કે દંભ વગર કરવી જોઇએ. એવું જે શીખવે તે ગુરુ.

ગુરુનું ત્રીજું લક્ષણ બતાવ્યું, તેઓ શ્રીભાગવતના તત્ત્વને જાણનારા હોય. શ્રીમદ્ ભાગવત્, સુબોધિનીજી, શ્રીમહાપ્રભુજીના ગ્રંથો વગેરેમાં જેમને પૂર્ણ ભાવ હોય અને તેમને બરાબર સમજતા હોય તે ગુરપદને યોગ્ય ગણાય.

આ બધાં લક્ષણો એક શ્રીમહાપ્રભુજીમાં છે. માટે શ્રીપુરુષોત્તમજીએ આજ્ઞા કરી કેઃ પુષ્ટિમાર્ગમાં ગુરુ તો શ્રીમહાપ્રભુજી છે. બાકી બધા ગુરુદ્વાર છે.

આપણે ત્યાં એવી પણ ભાવના છે કે શ્રીમહાપ્રભુજીની સાથે શ્રીગુસાંઇજી પણ ગુરુ સ્વરૂપ છે. કારણ કે જેમ આ તમામ લક્ષણો શ્રીમહાપ્રભુજીમાં છે તેમ શ્રીગુસાંઇજીમાં પણ છે. શ્રીગુસાંઇજી પણ સાધન અને ફળનું દાન કરનારા છે. ભગવદ્ આનંદ અને ભગવદ્ જ્ઞાનનો ભંડાર શ્રીગુસાંઇજી પણ છે.

શ્રીમહાપ્રભુજી ગુરુ સ્વરૂપે બે પ્રકારે દર્શન આપે છે. આપે વિષ્ણુ સ્વામી સંપ્રદાયનું આચાર્ય પદ સ્વીકાર્યું હતું. તેથી આપ વિષ્ણુસ્વામી સંપ્રદાયના ગુરુ છે. આપે પુષ્ટિમાર્ગ પ્રગટ કરી, તેનું આચાર્યપદ પણ સ્વીકારેલું છે. તેથી આપ પુષ્ટિમાર્ગના પણ ગુરુ છે. વિષ્ણુસ્વામીએ શ્રીમહાપ્રભુજીની પહેલાં ઘણાં વર્ષો પૂર્વે સેવામાર્ગની આછી ઝલક પ્રગટ કરી હતી. એક વખત વિષ્ણુ સ્વામીએ પોતાના ઈષ્ટને ભોગ ધર્યો. રોજ તેમને વિરહ રહેતો કે મારા ઈષ્ટ મને ક્યારે દર્શન આપે? અને વિરહમાં તેમણે આઠ દિવસ ખાનપાન પણ ન કર્યું. આ વિષ્ણુ સ્વામીને શ્રીઠાકોરજીએ લલિતત્રિભંગી સ્વરૂપે દર્શન આપ્યાં. આ વિષ્ણુ સ્વામીને કોઇ યોગ્ય શિષ્ય મળ્યા નહિ. જે તેમની પરંપરા સારી રીતે સાચવે. વિષ્ણુ સ્વામીએ વેદાન્તનો જે વિચાર સ્વીકાર્યો, તે શ્રીમહાપ્રભુજીએ પણ સ્વીકારેલો. એ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો જ વિચાર હતો. આથી શ્રીમહાપ્રભુજીએ પોતાને શ્રીવિષ્ણુસ્વામીના મતાનુયાયી કહ્યા છે. વિષ્ણુસ્વામીએ તેમના સંપ્રદાયનું ગુરુ પદ બિલ્વમંગલાચાર્યને સોંપ્યું હતું અને આજ્ઞા કરી હતી કે આ સંપ્રદાયમાં સેવાનો જે સૂક્ષ્મ પ્રકાર છે, એનો પ્રકાશ થાય તેમ કરજો. બિલ્વમંગલાચાર્ય વ્યાપક સ્વરૂપે સેવામાર્ગનો પ્રકાશ કરે એવા મહાપુરુષની શોધમાં ૭૦૦ વર્ષ સુધી હતા. વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાયના દરબારમાં શ્રીમહાપ્રભુજીનો વિજય થયો ત્યારે માધ્વસંપ્રદાયના આચાર્ય શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને માધવ સંપ્રદાયનું આચાર્યપદ સ્વીકારવા વિનંતી કરી. પરંતુ માધ્વ મતનો સિદ્ધાંત અલગ

હોવાથી, શ્રીમહાપ્રભુજીએ તે સ્વીકાર્યો નહિ. ત્યારબાદ બિલ્વમંગલાચાર્ય તેમના દિવ્ય સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને વિષ્ણુસ્વામી સંપ્રદાય પુષ્ટિમાર્ગ સાથે ઘણું સામ્ય ધરાવતો હોવાથી, શ્રીમહાપ્રભુજીએ તેનું આચાર્યપદ સ્વીકાર્યું માટે આપ ગુરુ કહેવાયા.

વિષ્ણુસ્વામી સંપ્રદાયમાં ગોપાલ મંત્રની દીક્ષા આપવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો આનાથી શુદ્ધ પુષ્ટિમાર્ગીય રસનો અનુભવ નહિ થઈ શકે. કેવળ મર્યાદા પુષ્ટિજીવોનો ઉદ્ધાર થશે. આથી શ્રીનાથજીબાવા દ્વારા આપે બ્રહ્મસંબંધ મંત્ર પ્રગટ કર્યો અને દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનું બીડું ઝડપ્યું. પુષ્ટિજીવો માટે આપે રસમાર્ગ, સેવામાર્ગ અને રાસલીલાનું રહસ્ય પ્રગટ કર્યું. માટે આપ ગુરુ કહેવાયા.

શ્રીમહાપ્રભુજી નિરપેક્ષ ગુરુ છે, સાપેક્ષ ગુરુ નથી. મારો શિષ્ય મને કંઈ આપે એવી અપેક્ષા જેના હૃદયમાં હોય, તે સાપેક્ષ ગુરુ. જેમને કંઈપણ લેવાની અપેક્ષા ન હોય, કેવળ આપવાની ઉદાર વૃત્તિ હોય, તે નિરપેક્ષ ગુરુ. શ્રીમહાપ્રભુજી આવા નિરપેક્ષ ગુરુ છે, એમ બતાવવા શ્રીગુસાંઈજી હવે એક બીજું નામ આપે છે. ગુરવે નમઃ ।

(૩૦) 'સ્વાનંતુંદિલઃ' = સ્વાનંદતુંદિલાય નમઃ = પોતાના આનંદમાં પરિપુષ્ટ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીવલ્લભ પોતાના જ આનંદમાં પરિપુષ્ટ છે. સંસ્કૃતમાં 'તુંદિલ' શબ્દનો અર્થ છે 'પરિપુષ્ટ'. જેનું પેટ બહુ મોટું હોય, તે 'તુંદિલ' કહેવાય. મોટા પેટવાળા માટે 'તુંદિલ' શબ્દ વપરાય છે. શ્રીમહાપ્રભુજી ભગવદ્‌રસ, ભગવદ્‌ભાવ અને ભગવદ્‌આનંદથી એટલા બધા ભરેલા છે કે તેમને અન્ય કોઈપણ વસ્તુની અપેક્ષા નથી. જ્યારે શ્રીમહાપ્રભુજી નગરઠઠ્ઠા પધાર્યા ત્યારે નારાયણદાસ લુહાણા નામના એક બાળકના શરીર ઉપર ઘણા ફોલ્લાઓ પડેલા હતા. ઘણી દવાઓ કરાવી હતી. પણ નારાયણદાસને ફાયદો થયો ન હતો. નારાયણદાસના પિતાએ જાણ્યું કેઃ શ્રીમહાપ્રભુજી નામના મહાપુરુષ પધાર્યા છે, એટલે તેઓ નારાયણદાસને લઈ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ નારાયણદાસને પુષ્ટિજીવ જાણી, કરુણા પ્રકટ કરી. પોતાનો ચરણકમલ નારાયણદાસના શરીર પર ધર્યો. તે સાથે તેમનો બધો રોગ મટી ગયો. નારાયણદાસના પિતાએ એક હજાર સોનામહોરોથી વધુ ભેટ ધરી. શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ 'હું રૂપિયા લેનારો વૈદ્ય નથી.'

એવી જ રીતે વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાયના દરબારમાં શ્રીમહાપ્રભુજીનો કનકાભિષેક થયો. ત્યારે આપે બધું સોનું બ્રાહ્મણોને આપી દીધું. પોતે કંઇ રાખ્યું નહિ. આથી, શ્રીગુસાંઇજીએ કહ્યું કે: શ્રીમહાપ્રભુજી નિરપેક્ષ ગુરુ છે. પોતાના નિજાનંદમાં મસ્ત છે. આપને પોતાની પ્રતિષ્ઠા વધારી આનંદ મેળવવો નથી. પૈસા ભેગા કરી આનંદ મેળવવો નથી. કેવળ પોતાની નિત્યલીલાના આનંદમાં આપ સદા મગ્ન છે.

'સ્વ' શબ્દના જુદા જુદા અર્થ કરવામાં આવ્યા છે. શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી: સ્વ શબ્દનો એક અર્થ છે પોતાનો. બીજો અર્થ છે પ્રભુનો. શ્રીમહાપ્રભુજી પ્રભુના આનંદથી પરિપુષ્ટ છે. માટે તેમને પ્રાકૃત આનંદની જરૂર પડતી નથી. વિષયાનંદ અને બ્રહ્માનંદ તો શ્રીમહાપ્રભુજીના ચરણોમાં પાણી ભરે છે.

સ્વ શબ્દનો ત્રીજો અર્થ કર્યો સ્વામિની. જેમ સ્વામિનીઓ પોતાના આનંદથી પરિપુષ્ટ છે તેમ સ્વામિની સ્વરૂપ શ્રીવલ્લભ સ્વામિનીભાવના પ્રેમાનંદથી ચોવીસ કલાક પરિપુષ્ટ રહે છે. આપના રોમરોમમાં સતત પ્રેમસરિતા વહે છે. એમને બીજા આનંદની જરૂર જ હોતી નથી.

સ્વ શબ્દનો ચોથો અર્થ કર્યો પોતાના ભગવદીયો, પોતાના ભક્તોના આનંદથી શ્રીમહાપ્રભુજી પરિપુષ્ટ છે. અંતરંગ ભક્તો સાથે આપ રહે છે.

સ્વ શબ્દનો પાંચમો અર્થ કર્યો સ્વરૂપાનંદ. શ્રીમહાપ્રભુજી પોતાના સ્વરૂપમાં, ભાગવત સ્વરૂપમાં અને સ્વામિની સ્વરૂપમાં પરિપુષ્ટ છે.

સ્વાનંદ શબ્દ માટે એમ કહેવામાં આવે છે કે તે સુ વત્તા આનંદ એમ બે શબ્દોની સંધિથી બની પણ શકે. સુ એટલે સારું, અત્યધિક. તેથી સ્વાનંદ એટલે અત્યધિક આનંદ. જે બહાર અને અંદર બધી રીતે રહેલો હોય, તે અત્યધિક આનંદ કહેવાય. આવા અત્યધિક દિવ્ય આનંદથી શ્રીમહાપ્રભુજી પરિપૂર્ણ છે.

અહીં આપણને પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજી પોતાના આનંદથી પરિપૂર્ણ છે એવું કેવી રીતે સમજાય? શ્રીગુસાંઇજી તેનો જવાબ હવે પછીના નામમાં આપે છે. સ્વાનંદતુંદિલાય નમઃ ।

(૩૧) 'પદ્મદલાયતવિલોચનઃ' = પદ્મદલાયતવિલોચનાય નમઃ = કમળની પાંખડી જેવાં જેમનાં વિશાળ નેત્રો છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

પદ્મદલ એટલે કમળની પાંખડી. આયત એટલે વિશાળ. શ્રીમહાપ્રભુજીનાં નેત્રો કમળની ખીલેલી પાંખડી જેવાં વિશાળ, સુંદર અને રસરૂપ છે. આંખો મીંચીને શ્રીમહાપ્રભુજીનાં નેત્રકમળનું ધ્યાન ધરો. કમળની પાંખડીઓ લાલગુલાબી રંગની હોય છે. તેમ શ્રીમહાપ્રભુજીનાં નેત્રકમળો આરક્ત છે. જેમ કોઇ મદિરાનું પાન કરે તો એની આંખો લાલ છલકતા જામ જેવી લાગે છે, તેમ શ્રીવલ્લભના નેત્રોનો લાલ રંગ શુદ્ધ પ્રેમનો, ભક્તિનો અને આનંદનો છે. આપનાં નેત્રોમાં સદા તરવરતો આનંદ બિરાજે છે. કમળની પાંખડી કોમળ હોય, તેના પર જલબિંદુ શોભે, તેમ શ્રીવલ્લભનાં નેત્રોમાંથી કરુણાનાં કોમળ બિંદુઓ ટપક્યાં કરે છે. આપણને એમની કૃપાથી આપનાં કમળનેત્રનું દર્શન કોઇવાર જો થઇ જાય તો ખબર પડે કે આપના નેત્રકમળમાં કેટલી બધી કોમળ કરુણા ભરેલી છે! કમળ બહુ સુંદર હોય છે. તેમ શ્રીમહાપ્રભુજીનાં વિશાળ નેત્રો ખૂબ સુંદર છે. કમળ તનના તાપ બુઝાવે છે. તેમ શ્રીમહાપ્રભુજીનાં નેત્રકમળ આપણા અંતરના અનંત તાપોને શાંત કરે છે. એ નેત્રકમળ જેના ઉપર સ્થિર થાય એ ભક્ત કૃતકૃત્ય બની જાય છે. માટે ભક્તો કહે છેઃ હે કૃપાનાથ! અમારે નથી દોલત જોઇતી, કે નથી જીવનના ભોગ જોઇતા. અમારે બસ આપની એક મીઠી નજર જોઇએ છે. આપની પ્રસન્નતા ભરેલી દૃષ્ટિ અમારી ઉપર પડે એટલું જ માંગીએ છીએ.

કમળ અને ભ્રમરનો હંમેશનો સંબંધ છે. ભ્રમરને બધાં ફૂલ ઉપર ભટક્યા પછી સંતોષ થતો નથી. ભ્રમરનો અનન્ય અનુરાગ કમળમાં છે. તેથી ભ્રમર ઇચ્છે છે કે હું સદા આ કમળની પાંખડીમાં બિડાયેલો રહું. એવી રીતે ભગવદ્રસથી છલકાતા શ્રીમહાપ્રભુજીના મુખકમળનું પાન કરવા ભક્તો સદા એમના નેત્રકમળમાં રહેવા ઇચ્છે છે. ભગવદીયો કહે છે કે ભલે અમે આપના નેત્રકમળમાં એવા બિડાઇ જઇએ કે પછી ક્યારેય બહાર જ ન આવીએ.

ચાહે તો આપણાં નેત્રોમાં પ્રભુ બિરાજે અથવા પ્રભુનાં નેત્રોમાં આપણે રહીએ. પ્રભુનાં નેત્રોમાં જઇને વસવું, પ્રભુનાં નેત્રરૂપી શૈયા ઉપર બેસવું એ કંઇ જેવી તેવી વાત નથી. ઘરમાં આવેલા મહેમાનને આપણે યોગ્ય આસન ઉપર બેસાડીએ. પણ ભક્તો કહે છે કે હે નાથ! જ્યાં સુધી અમને તમારા નેત્રોનું આસન મળશે નહિ ત્યાં સુધી અમને દુનિયામાં મોટામાં મોટા સિંહાસનથી પણ સંતોષ થશે નહિ. આમ ભગવદીયો સતત શ્રીમહાપ્રભુજીનાં કમળ જેવા લોચનોથી ઝંખના કરે છે. આ લોચનો અનેક ભક્તોનાં મનને ચોરનારા છે. આવા શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં લાખ લાખ વંદન કરીએ. પદ્મલાયતવિલોચનાય નમઃ।

શ્લોક : ૧૪

કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટ - દાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદૃક્પાત સંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥

શબ્દાર્થ:

(૩૨) કૃપાદૃગ્વૃષ્ટિ સંહૃષ્ટદાસદાસીપ્રિયઃ = કૃપાદૃષ્ટિની વૃષ્ટિથી પ્રસન્ન થયેલા દાસદાસીઓ (ભક્તો) ને પ્રિય (૩૩) પતિઃ = શરણાગત જીવોના સ્વામી (૩૪) રોષદૃક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ - રોષપૂર્ણ નજરથી ભક્તોના શત્રુઓનો નાશ કરનારા (૩૫) ભક્તસેવિતઃ - ભક્તો વડે સેવાયેલા (શ્રીમહાપ્રભુજી છે.)

(૩૨) 'કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ' = કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસી પ્રિયાય નમઃ = કૃપારૂપી જળની વૃષ્ટિ પોતાના દાસદાસીઓ ઉપર કરવાથી તેમને પ્રિય બનેલા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

શ્રીમહાપ્રભુજીના કમળ જેવા લોચનમાં કૃપારૂપી જળ ભરેલું છે. કૃપારૂપી આ જળની વૃષ્ટિ શ્રીમહાપ્રભુજી પોતાના દાસદાસીઓ ઉપર કરે છે. તેથી તેઓ પોતાના દાસદાસીઓના પરમ પ્રિય બન્યા છે.

આપણે અન્યને કોઈ વસ્તુ આપીએ તો તે ક્યાં તો આનંદથી અપાય અથવા ક્રોધથી અપાય. શ્રીમહાપ્રભુજી કૃપારૂપી વૃષ્ટિનું દાન પોતાના નેત્ર દ્વારા આનંદથી આપે છે. ખૂબ પ્રસન્ન થઈને આપે છે. નિર્વ્યાજ પ્રેમ પ્રગટ કરીને આપે છે. દાસદાસીઓ ઉપર આવી પ્રસન્નતાનું કારણ શું? કારણ એક જ છે કે પોતાનો કૃપા કરવાનો સ્વભાવ. એ અનુગ્રહ દ્વારા પોતાના ભક્તો ઉપર પોતાના કૃપાજળની વૃષ્ટિ કરે છે.

શ્રીગુસાંઈજી મહારાજે આ નામમાં પહેલાં દાસ શબ્દ મૂક્યો અને પછી દાસી શબ્દ મૂક્યો. નિત્યલીલામાં કોઈ દાસ છે જ નહિ. બધી જ દાસીઓ છે. ત્યાં હંસ સારસ જેવાં લૌકિકમાં વિરક્ત પતિ-પત્નીઓ છે. એ બધાં ઉપર પણ શ્રીમહાપ્રભુજી કૃપાની વૃષ્ટિ કરે છે. સર્વને વૃષ્ટિ દ્વારા અભયનું દાન આપે છે. શ્રીમહાપ્રભુજીના નેત્રકમળનાં દર્શન જેમને એક વખત થઈ ગયાં, તેમને સંસારમાં કોઈનો ભય લાગતો નથી. જે લોકો પોતાના ભગવદીયોને કનડગત કરે છે તેમના ઉપર શ્રીમહાપ્રભુજી અગ્નિની વર્ષા પણ વરસાવી શકે છે. માટે આવી

કૃપાની વૃષ્ટિ નિજજનો ઉપર કરનારા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસીપ્રિયાય નમઃ ।

(૩૩) 'પતિઃ' = પતયે નમઃ = શ્રીમહાપ્રભુજી પતિ સ્વરૂપ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

પોતાના શરણે આવેલા સેવકોના શ્રીમહાપ્રભુજી પતિ છે. સ્વામી છે. જેમ પતિ પોતાનાં પત્ની અને અન્ય આશ્રિતોનું યોગક્ષેમ સંભાળે, તેમ શ્રીમહાપ્રભુજી પોતાના નિજજનોની રક્ષા કરનારા છે, સૌને અભયદાન આપનારા છે. એમના શરણે જનારની કોઈ દિવસ લૌકિક ગતિ કે અન્ય ગતિ થતી નથી. આવા શ્રીમહાપ્રભુજી કેવી રીતે ભક્તોનું રક્ષણ કરે છે તે શ્રીગુસાંઈજી આગળના નામમાં બતાવે છે. પતયે નમઃ ।

(૩૪) 'રોષદક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્' = રોષદક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિષે નમઃ = રોષથી જેમનાં નેત્રો લાલ છે અને જે ભગવદીયોનો અપરાધ સહન કરી શકતા નથી એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ભગવાન પોતાનો અપરાધ સહન કરે છે પણ પોતાના ભક્તોનો અપરાધ સહન કરી શકતા નથી, તેમ શ્રીમહાપ્રભુજી પણ પોતાના ભક્તોનો અપરાધ સહન કરતા નથી. જો કોઈ ભક્તનો અપરાધ કરે તો તેની સામે શ્રીમહાપ્રભુજી રોષ ભરેલી દૃષ્ટિ કરે છે, અને પોતાના ક્રોધથી એ અપરાધ કરનારને બાળી નાંખે છે. ભક્તનો દ્વેષ કરનાર આખોને આખો એ ક્રોધાગ્નિમાં બળી જાય છે.

શ્રીમહાપ્રભુજીના એક સેવક થઈ ગયા. પ્રભુદાસ ભાટ. તેમના ઉપર શ્રીમહાપ્રભુજીની ઘણી કૃપા હતી. તેઓ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની ઘણી સેવા કરતા. તેઓ વૃદ્ધ થયા. શરીર અશક્ત બન્યું. મૃત્યુ નજીક આવ્યું. ગામ લોકોએ વિચાર કર્યો કે એમને પૃથોદક તીર્થમાં લઈ જઈએ. તીર્થમાં દેહ પડે તો તેમનો ઉદ્ધાર થાય. પ્રભુદાસે કહ્યું: 'મારે પૃથોદક તીર્થમાં જવું નથી. મને મારા ઠાકોરજીના ચરણોમાં પડ્યો રહેવા દો, મને અહીં મરવામાં વાંધો નથી.' તેમની વાત ગામલોકોએ ન માની. તેમને બળજબરીથી પૃથોદક તીર્થમાં લઈ ગયા. પરંતુ પ્રભુદાસે ત્યાં દેહ છોડ્યો નહિ. થાકીને લોકો તેમને તેમના ગામમાં પાછા લાવ્યા. શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં તેમણે દેહ છોડ્યો. આમ શ્રીમહાપ્રભુજી ભક્તોનું રક્ષણ કરનારા અને ભક્તોને એમના દ્વેષ કરનારાઓથી બચાવનારા છે.

તીરથ ચૌધરી કરીને એક માથાભારે માણસ હતો. તે હંમેશા વૈષ્ણવોની નિંદા કરતો. તેણે જોયું કે આ પ્રભુદાસ ભાટ તીર્થક્ષેત્રમાં જઇને મર્યો નહિ. ત્યારે તે તેમની નિંદા કરવા લાગ્યો. કર્ણોપકર્ણ આ વાત શ્રીમહાપ્રભુજી પાસે પહોંચી કે તીરથ ચૌધરી ભક્તોનો અપરાધ કરે છે. શ્રીમહાપ્રભુજીની રોષ ભરેલી દૃષ્ટિ તીરથ ચૌધરી ઉપર પડી. આથી, તીરથ ચૌધરી જ્યારે રાત સૂઇ ગયો ત્યારે ચાર યમદૂતોએ આવીને તેને ખૂબ માર્યો તે ખોખરો થઇ ગયો. બીજા દિવસે તેને ભાન આવ્યું કે આ વૈષ્ણવોના ગુરુ બહુ પ્રતાપી છે. તેણે હાથ જોડીને વૈષ્ણવોને કહ્યુઃ 'બાપજી, તમારા ગુરુ ઉગ્ર પ્રતાપવાળા છે. આજ પછી હું કોઇપણ દિવસ તમારી નિંદા નહીં કરું.'

શ્રીમહાપ્રભુજીનું મુખ કૃપામૂલક છે. ક્રોધમૂલક નથી. આપ ક્રોધ કરે છે તે પણ કૃપા કરવા માટે કરે છે, દ્વેષને લઇને ક્રોધ કરતા નથી. આપ કોઇના ઉપર કદાપિ દ્વેષ કરતા નથી. જે મનુષ્ય ભગવદીયોની નિંદા કરે કે તેમનો અપરાધ કરે એને નર્કમાં જવું પડે છે. એવા જીવાત્માને નરકવાસ ન થાય, માટે શ્રીમહાપ્રભુજી એના દોષોને પોતાની દૃષ્ટિના અગ્નિ દ્વારા બાળી નાંખે છે. એને શુદ્ધ કરે છે અને એનો ઉદ્ધાર કરે છે. આવા શ્રીવલ્લભના ચરણોમાં આપણા લાખ લાખ પ્રણામ.

શ્રીમહાપ્રભુજી આપણા ગુરુ છે. આપે સકળ વેદોનો અભ્યાસ કર્યો છે. વેદનો અભ્યાસ કરવાનો અધિકાર ગાયત્રીમંત્રની દીક્ષાથી મળે છે. એટલા માટે ગાયત્રીમંત્રનો ઉપદેશ જરૂરી છે. શ્રીમહાપ્રભુજીની પાંચ વર્ષની અવસ્થા હતી. ત્યારે કાશીમાં પંચગંગા ઘાટ ઉપર શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ આપના ઉપનયન સંસ્કાર કર્યાં. જેવી રીતે વામનજીના પાત્રમાં અંબિકાદેવીએ ભિક્ષા આપી હતી, જેવી રીતે વામનજીએ બલિ રાજાની બધી સંપત્તિ ભિક્ષામાં લઇ લીધી હતી અને દેવોના સ્વર્ગને સુખી બનાવ્યું હતું, તેમ શ્રીમહાપ્રભુજીએ પણ ભિક્ષાપાત્રમાં આપણા હૈયાના બધા ભાવો સ્વીકારી લીધા છે. શ્રીમહાપ્રભુજી ગુરુ સ્વરૂપે બિરાજે છે. આપણા હૈયામાં આપ સદા બિરાજે અને આપણો અંગીકાર કરે એવી વિનંતી કરીએ.

શ્રીવલ્લભ ગુરુ બને છે ત્યારે જીવ શિષ્ય બને છે. અંગીકાર કરવાની રીતો જુદી જુદી છે. કેટલાક ભક્તોનો અંગીકાર આપ નેત્રો દ્વારા કરે છે. કૃપા પ્રકાશનું દાન કરવાથી એ જીવ સર્વ જંજાળો છોડી ભગવાનના શરણે આવે છે.

એક કવિએ કહ્યું : કેટલીકવાર પરબ બંધ હોય તો પાણી મળતું નથી, પ્યાસ લાગી હોય તોય પાણી ન મળે, પરંતુ એ પરબ ખોલી નાંખવામાં આવે તો

કેટલાય તરસ્યા એનાથી તૃપ્ત થાય છે. યુગોથી કૃપાની જે પરબો બંધ હતી તે શ્રીમહાપ્રભુજીએ ભૂતળમાં ખોલી નાંખી છે. અનંત યુગોથી તરસ્યા જીવોની પ્યાસ આપે બુઝાવી છે. જ્યારે શ્રીમહાપ્રભુજી પોતાની દૃષ્ટિનું દાન કરે છે ત્યારે શ્રીમહાપ્રભુજીના નેત્રકમળ એક ભાષા બની જાય છે. એક મંત્ર બની જાય છે. પછી બ્રહ્મસંબંધનો મંત્ર મોઢેથી બોલવાની જરૂર રહેતી નથી. શ્રીમહાપ્રભુજીનાં કમળ જેવાં લોચન અનંત ભગવદ્‌રસની છબી લઈને બિરાજે છે. એ નેત્રોમાં અનંત-અનંત લીલાની છબિઓ સંગ્રહાયેલી છે, આવાં નેત્રકમળ દ્વારા શ્રીમહાપ્રભુજી ભક્તનો અંગીકાર કરે છે.

ક્યારેક શ્રીમહાપ્રભુજી જીવને સ્પર્શ કરીને તેઓ અંગીકાર કરે છે. વાંસવાડાના ગોપાળદાસ સ્નાન કરવા માટે ત્રિવેણી સંગમ પર આવ્યા હતા. ત્યારે શ્રીમહાપ્રભુજી પણ ત્યાં સ્નાન કરતા હતા. શ્રીમહાપ્રભુજીએ તેમને દૈવી જીવ જાણીને ખોબો ભરીને જળ લઈ, તેમના પર નાંખ્યું. જળનો સ્પર્શ થતાં ગોપાળદાસને નિત્યલીલાનું સ્મરણ થઈ આવ્યું. તેમણે જળમાં જ શ્રીમહાપ્રભુજી તરફ મસ્તક ઝૂકાવ્યું અને શ્રીમહાપ્રભુજીએ તેમનો અંગીકાર કર્યો. આમ, શ્રીમહાપ્રભુજી કૃપાદૃષ્ટિને લઈને પોતાના દાસ દાસીઓના પ્રિય બન્યા છે.

એ દૃષ્ટિમાં ભક્તો માટે કૃપા છે તો ભક્તોના દ્વેષીઓ માટે કોપ પણ છે. પ્રભુની કૃપા અને પ્રભુનો કોપ આ બંને સમજવા જેવાં છે. માણસનો કોપ બધું ખલાસ કરે છે અને પોતે પણ ખલાસ થાય છે. જગતનો કોપ પ્રલય લાવે છે. પરંતુ પ્રભુનો કોપ પ્રલયમાંથી ઉગારે છે. ક્રોધનો સ્વભાવ પ્રલય કરવાનો છે. ડૂબાડી દેવાનો છે. પરંતુ ઠાકોરજીનો કૃપામૂલક કોપ અનંત દોષોમાંથી જીવને ઉગારે છે. આવા શ્રીમહાપ્રભુજીની સેવા ભક્તો કરે છે. ભોગીઓ કરી શકતા નથી. ભક્તો દ્વારા શ્રીમહાપ્રભુજી સેવાય છે તેવું આપનું નામ શ્રીગુસાંઈજી આપે છે. રોષદક્ પાતસંપ્લુષ્ટભક્તદ્વિષે નમઃ ।

(૭૫) 'ભક્તસેવિતઃ' = ભક્તસેવિતાય નમઃ = ભક્તો વડે સેવાતા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ભક્તો શ્રીમહાપ્રભુજીની સેવા કરે છે. શ્રીવલ્લભ સ્વરૂપમાં અનન્ય અનુરાગી છે, તે શ્રીમહાપ્રભુજીના ભક્તો છે. આ ભક્તો દિવસ-રાત શ્રીમહાપ્રભુજીની સેવામાં ખડેપગે ઊભા હોય છે. સતત એમના સ્મરણમાં રચ્યા-પચ્યા હોય છે. તેઓ શ્રીમહાપ્રભુજીને હંમેશાં વિનંતી કરે છે, આપના માટે

હૃદયની મઢૂલી સજાવી રાખી છે. આપ મારા હૃદયમાં બિરાજશો તો આપને ઘણી પ્રસન્નતા થશે.

સેવા કરવાના બે દૃષ્ટિકોણ હોય છે. એક સેવા કરનારને સુખ મળે અને બીજું સેવ્યને સુખ મળે. જે પોતાના સુખ માટે સેવા કરે છે તે સ્વાર્થી છે. જે પ્રભુના સુખ માટે સેવા કરે છે તે નિઃસ્વાર્થી છે. ભક્તિમાર્ગમાં સ્વાર્થી સેવકોની અપેક્ષા નથી. ભક્તિ મહારાણી કહે છેઃ તમે તમારા પ્રિયતમનું સુખ જુઓ એ જ સાચી સેવા છે. નારદજીએ ભક્તિસૂત્રમાં કહ્યું છે કે પ્રભુના સુખે સુખી બનવું અને પ્રભુના દુઃખે દુઃખી બનવું એનું નામ ભક્તિ. શ્રીમહાપ્રભુજીની અમે સેવા કરીએ અને બદલામાં અમને કંઈક મળે એવી ભાવનાવાળા સેવકો શ્રીમહાપ્રભુજી પાસે પહોંચી શકતા નથી. જે કેવળ શ્રીવલ્લભને સુખ આપવાની કામના કરે છે, એવા સેવકો જ શ્રીવલ્લભની સેવા કરી શકે છે. આ સેવા અહંકારથી નહિ પણ પ્રેમથી કરવામાં આવે તો જ શ્રીમહાપ્રભુજી સ્વીકારે છે. અહંકારથી સેવા કરતા ભક્તની નૌકા ડૂબી જાય છે અને નમ્રતાથી સેવા કરતા ભક્તની નૌકા તરી જાય છે.

ચોર્યાસી વૈષ્ણવોમાં એવા વૈષ્ણવો થયા કે જેમણે કેવળ શ્રીમહાપ્રભુજીની સેવા કરી છે. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીઠાકોરજી પધરાવી આપ્યા નથી. તેવા સેવકોમાં મુખ્ય શ્રીદામોદરદાસ હરસાની છે. જેઓ સતત શ્રીવલ્લભની સેવામાં તત્પર હતા અને શ્રીવલ્લભના રસમાં છકેલા હતા. એવા બીજા સેવક મહાવનનાં એક ક્ષત્રાણી હતાં. તેમણે કહ્યું : મહારાજ, મારે તો આપની જ સેવા કરવી છે. શ્રીમહાપ્રભુજીએ એક વસ્ત્ર ઉપર પોતાનાં ચરણારવિંદ છાપી આપ્યાં. તે માજી આ ચરણચિહ્નની સેવા કરતાં. કેટલાક વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીએ પોતાના હસ્તાક્ષર પધરાવી આપ્યા. તેઓ તે સ્વરૂપે શ્રીમહાપ્રભુજીની સેવા કરતા. આમ, શ્રીમહાપ્રભુજીની સેવા જુદી જુદી રીતે પ્રગટ થઈ. સ્વરૂપ સેવા, ચિત્રસેવા, હસ્તાક્ષરસેવા વગેરે. આ સર્વ સ્વરૂપે શ્રીમહાપ્રભુજી તે તે ભક્તોને પોતાના સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ કરાવતા. મહાવનનાં ક્ષત્રાણી જ્યારે જ્યારે કંઈ મૂંઝવણમાં મૂકાય ત્યારે ત્યારે તેમના ઉપર બિરાજતા ચરણારવિંદ પાસે જઈ વિનંતી કરતાં કે હવે હું શું કરું? શ્રીમહાપ્રભુજી તેમને માર્ગ બતાવતા.

આવી જ રીતે જ્યાં જ્યાં શ્રીમહાપ્રભુજીએ પારાયણ કર્યાં ત્યાં ત્યાં આપનાં બેઠકજી બિરાજે છે. બેઠકજીમાં ચોતરાજી ઉપર ગાદીજી પધરાવીએ છીએ અને શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ છીએ. આ બધો પ્રકાર 'ભક્તિસેવિતઃ' નામમાં

સમજાય છે. આપણને પ્રશ્ન થશે કે ભક્તો જ્યારે શ્રીમહાપ્રભુજીની સેવા કરે છે ત્યારે એ ભક્તોને કેવો અનુભવ થાય છે? એનો જવાબ શ્રીગુસાંઇજી હવે પછીનાં નામમાં આપે છે. ભક્તસેવિતાય નમઃ ।

શ્લોક-૧૫

સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુ-પૂરિતાશેષસેવકઃ ॥૧૫॥

શબ્દાર્થ :

(૩૬) સુખસેવ્યઃ = સુખથી સેવાતા (૩૭) દુરારાધ્યઃ = મહાકષ્ટે આરાધી શકાય તેવા (૩૮) દુર્લભાંઘ્રિસરોરુહઃ = મુશ્કેલીથી જેમનાં ચરણકમળ પ્રાપ્ત થાય તેવા (૩૯) ઉગ્રપ્રતાપઃ = ઉગ્ર પ્રતાપવાળા (૪૦) વાક્સીધુપૂરિતા-શેષસેવકઃ = વચનામૃતોથી બધા સેવકોને એકરસ કરી દેનારા (શ્રીમહાપ્રભુજી છે.).

(૩૬) 'સુખસેવ્યઃ' = સુખસેવ્યાય નમઃ = પોતાની સેવા કરનારને પરમસુખનો અનુભવ કરાવનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જે કોઇ શ્રીમહાપ્રભુજીની સેવા કરે છે તેને પરમસુખનો અનુભવ થાય છે. શ્રીવલ્લભ સુખપૂર્વક સેવા કરવા યોગ્ય છે. આપણે જેની સેવા કરતા હોઇએ, એમનો સ્વભાવ ક્યારેક દુર્વાસા જેવો પણ હોય. ઘણા વૈષ્ણવોને ખબર છે કે સેવા કરવી અને તેમાંયે અમારા ગોસ્વામી બાળકોની સેવા કરવી કેટલી અઘરી હોય છે. જો તેઓ અગ્નિરૂપ ધારણ કરે, પ્રચંડ કોપ કરે તો પેલો બિચારો વૈષ્ણવ હાથ જોડી નમતો નમતો ચૂપચાપ ઊભો રહે. એ કોપના અગ્નિમાં બળીને ભસ્મ થઇ જાય. આ જોઇને આપણને પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી તો સાક્ષાત્ અગ્નિ સ્વરૂપ છે. કોઇ વૈષ્ણવ તેમની સેવા કરવા જાય તો શ્રીમહાપ્રભુજી તેને બાળી નહિ નાંખતા હોય? ઘણા વૈષ્ણવો અમને કહે છે કેઃ અમે આપની સેવા કરવાની ઇચ્છા રાખીએ છીએ, પણ આપ અગ્નિ સ્વરૂપ કહેવાઓ. અમને તેનો ડર લાગે છે.

આનો જવાબ એ છે કે શ્રીમહાપ્રભુજી જે ભક્તો દ્વારા સેવાય છે એ ભક્તોને શ્રીવલ્લભનો અનુભવ, બહુ જ આનંદનો અનુભવ છે. જો કે શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ છે પણ તે લૌકિક અગ્નિ નથી, અલૌકિક અગ્નિ છે. એટલે જેમ જેમ આપણે તેમની વધારેને વધારે પાસે જઇએ તેમ તેમ એકદમ શીતલ, સુખદ પ્રેમના મહાસમુદ્રનો અનુભવ થાય છે. જ્યાં પ્રેમનો પરમ સમુદ્ર છલકાતો હોય, ત્યાં તેમની સેવા કરવામાં તો બહુ સુખ મળે છે. જે અંતરંગ ભક્તો શ્રીમહાપ્રભુજીની

સેવા કરે છે, તે ભક્તોને એમ જ લાગે કે અમે સાકાર, અનંત, આનંદ સ્વરૂપ એવા પ્રેમની સેવા કરી રહ્યા છીએ. શ્રીઠાકોરજીની સેવા એટલે પ્રેમની સેવા અને શ્રીમહાપ્રભુજીની સેવા એટલે પણ પ્રેમની સેવા.

શ્રીમહાપ્રભુજી અને પ્રેમ એ બે અલગ તત્ત્વો નથી. પ્રેમ હરિનું રૂપ છે અને હરિ પ્રેમનું રૂપ છે. આ બંને એકમેકથી શોભે છે. જાણે સૂર્ય અને સૂર્યનાં કિરણો એકમેકથી ન શોભતાં હોય! માટે શ્રીમહાપ્રભુજી સુખસેવ્ય છે. તેમની સેવા એટલા માટે કરવાની છે કે તેથી શ્રીમહાપ્રભુજીને સુખ થાય અને શ્રીમહાપ્રભુજીનું સુખ જોઈને આપણને પણ સુખ થાય.

આપણને પ્રશ્ન થાય કે કોની સેવા કરવાથી આવું સુખ મળે? જે માણસ આપણા અપરાધોનો ડગલે ન પગલે દંડ આપે એની સેવા કરવામાં સુખ થતું નથી. જે આપણા અપરાધો સામે ન જોતાં આપણને ક્ષમા કરે અને પ્રેમ આપે એની સેવા કરવાનું સુખ છે. શ્રીમહાપ્રભુજી તો પુષ્ટિ પુરુષોત્તમ છે અને કરુણાનો મહાસાગર છે. અનંત દોષોથી ભરેલા જીવોનો દોષો ન જોતાં કેવળ કરુણા કરે છે. ભક્તો પણ ક્યાં ઓછા અપરાધ કરે છે? પહેલો દાખલો કૃષ્ણદાસ મેઘનનો લઈએ. શ્રીમહાપ્રભુજીને શરણે જવા છતાં પોતાના પૂર્વ ગુરુને ભૂલી શક્યા નથી. તેથી વારંવાર શ્રીવલ્લભને વિનંતી કરે છે, આપ મારા ગુરુને ત્યાં પધારો. કોઈ માણસ એકની એક વાત વારંવાર કરે તો તે સાંભળનાર સામાન્ય માણસ પણ ગુસ્સે થઈ જાય. કૃષ્ણદાસ મેઘને ત્રણ-ત્રણ વખત શ્રીમહાપ્રભુજી પાસે આ વરદાન માગ્યું. છતાં શ્રીમહાપ્રભુજી તેમના પર ક્રોધ કરતા નથી. એક નાનું બાળક વારંવાર એકની એક વાત કરે તો આપણે તેના પર ગુસ્સે થતા નથી. શ્રીમહાપ્રભુજી તો અગ્નિ સ્વરૂપ છે. છતાં કૃષ્ણદાસ મેઘન ઉપર જરાપણ ગુસ્સે ન થયા. માટે કૃષ્ણદાસ મેઘન જેવા ભગવદીયો સદાય શ્રીમહાપ્રભુજીની સાથે તેમનો પડછાયો બનીને રહ્યા.

આપણે રામાનંદ પંડિતને જાણીએ છીએ. શ્રીમહાપ્રભુજી તેમના ઉપર ઘણા ખિજાયા હતા. તેમનું ઘર છોડી દીધું હતું, પણ તેમનો ત્યાગ કરીને શ્રીમહાપ્રભુજીના નેત્રોમાંથી તો અશ્રુ જ વહ્યાં હતાં. શ્રીમહાપ્રભુજીને ઘણું દુઃખ થયું હતું કે રામાનંદ! તું મારો સેવક થઈને તેં આવું કર્યું? ઘણીવાર બાળકની ઉપર માને ઘણું વહાલ હોવા છતાં બાળકના હિત માટે એને બે-ચાર તમાચા મારે છે. પછી તે એકલી રસોડામાં જઈને રડી લે છે. આમ શ્રીમહાપ્રભુજીએ પણ

રામાનંદનો ત્યાગ કરી એમના અપરાધ માટે ખૂબ વ્યથા અનુભવી. જો શ્રીમહાપ્રભુજીએ મનથી રામાનંદનો ત્યાગ કર્યો હોત તો શ્રીનાથજીબાવા એમની જલેબી સ્વીકારત નહિ.

શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ આવી રીતે સુખસેવ્ય છે. જે ગુરુ પાસે ભણવાનું મન થાય તે ગુરુ પરમફળનું દાન કરવાની શક્તિ ધરાવનાર હોય, એમની સેવામાં સેવકોને સુખ થાય. સેવાના બદલામાં જો એ ગુરુ 'ખોદે ડુંગર અને કાઢે ઉંદર', તો કંઈ ન મળે. ભક્તના હૃદયમાં અતિ દર્દ થાય. શ્રીમહાપ્રભુજીની સેવા કરો તો પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય, નિત્યલીલાની પ્રાપ્તિ થાય, સતત શ્રીમહાપ્રભુજીના સાન્નિધ્યમાં નિત્યલીલાનો અનુભવ થાય.

શ્રીમહાપ્રભુજી આનંદ સ્વરૂપ છે. જેનું જેવું સ્વરૂપ હોય તેનો તેવો સ્વભાવ હોય. તેમને સ્પર્શ કરવાથી આપણને તેનો અનુભવ થાય. કોઈ દુઃખિયા પાસે બેસીને સતત એની દુઃખી વાતો સાંભળવાથી આપણે દુઃખી બનીએ છીએ. શ્રીમહાપ્રભુજી આનંદ સ્વરૂપ અને આનંદ સ્વભાવવાળા છે. એટલે એમના સાન્નિધ્યથી આપણને આનંદનો અનુભવ થાય છે. માટે શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ તો આનંદનો અનુભવ થાય.

શ્રીમહાપ્રભુજી સુખસેવ્ય હોવાનું એક બીજું પણ કારણ છે. જે માણસનો સ્વભાવ સરળ ન હોય, વાતવાતમાં ખોટું લાગી જાય, વાત વાતમાં દોષ કાઢે, વાતવાતમાં મોઢું ચઢાવે એની સેવા કરવી બહુ અઘરી છે. સરળ વ્યક્તિની સેવા બહુ સુખરૂપ છે. શ્રીમહાપ્રભુજી આવા સરળ સ્વભાવના છે. માટે આપ સુખસેવ્ય છે.

શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તો ઉપર અપાર પ્રેમ રાખનારા છે. તેથી ઘણા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીની સાથે પૃથ્વી પરિક્રમામાં રહેતા અને સેવા કરતા. વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનું એટલું બધું આકર્ષણ હતું કે તેઓ ઘરબાર અને કુટુંબ બધું જ છોડી દેતા. જેમ લોઢું લોહચુંબક તરફ ખેંચાય તેમ વૈષ્ણવો શ્રીમહાપ્રભુજી તરફ દોડતા. શ્રીમહાપ્રભુજીની પાછળ-પાછળ દોડતા. માટે શ્રીગુસાંઈજીએ કહ્યું શ્રીમહાપ્રભુજી સુખસેવ્ય છે એમને આપણે વંદન કરીએ. સુખસેવ્યાય નમઃ ।

(૩૭) દુરારાધ્યઃ દુરારાધ્યાય નમઃ - જેનું આરાધન કરવું બહુ અઘરું છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

શ્રીમહાપ્રભુજી સુખસેવ્ય તો છે જ, પરંતુ સાથે સાથે દુરારાધ્ય છે. 'દુરારાધ્ય' પદને સમજાવવા માટે ટીકાકારોએ જુદી જુદી દૃષ્ટિ રજૂ કરી છે. એક દૃષ્ટિ એ છે

કે શ્રીમહાપ્રભુજી ભક્તો દ્વારા સુખસેવ્ય છે, જ્યારે અભક્તો દ્વારા દુરારાધ્ય છે. આવા અભક્તો શ્રીમહાપ્રભુજીની ગમે તેટલી સેવા કરવા માંગે તો પણ શ્રીમહાપ્રભુજી તેમને પોતાની સેવા આપતા નથી. સુંદરદાસ માધવદાસની વાર્તા જોઇ હતી. પીંપળી ગામમાં આ બંને મિત્રો રહેતા. સુંદરદાસ દૈવી જીવ હતા. સંતોની સેવા કરવામાં એમને આનંદ આવતો. એમણે સાંભળ્યું કે ગામમાં એક મહાપુરુષ પધાર્યા છે. તેથી તેઓ દોડતા આવ્યા. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ મને આપની ચરણસેવા આપો. શ્રીમહાપ્રભુજીના સેવકે કહ્યુંઃ ભાઇ, અમારા શ્રીમહાપ્રભુજી તમને સેવા નહિ આપે. પેલો કહે હું બધા સંતોની સેવા કરું છું. વૈષ્ણવે કહ્યુંઃ અમારા શ્રીમહાપ્રભુજીનો નિયમ છે, જે એમના શિષ્ય હોય તેમની જ સેવા સ્વીકારે છે, બીજાની સેવા સ્વીકારતા નથી. કારણ ગુરુ સેવા અંગીકાર કરે તો સેવાનું ફળ આપવું પડે. શ્રીમહાપ્રભુજીની સેવાનું ફળ નિત્યલીલાનું દાન છે. સામાન્ય લોકોને આ ફળ મેળવવાનો અધિકાર નથી. તેથી શ્રીમહાપ્રભુજી જે ભક્તો નથી તેમના માટે દુરારાધ્ય છે.

દુરારાધ્ય શબ્દનો બીજો અર્થ બતાવ્યો દુ એટલે દુઃખ. શ્રીમહાપ્રભુજી દુઃખથી આરાધ્ય છે. પ્રશ્ન થશે શ્રીમહાપ્રભુજીનું આરાધન કરવામાં ક્યું દુઃખ થાય? તો કહે છે વિરહતાપનું દુઃખ. જ્યાં સુધી આપણા અંતઃકરણમાં વિરહનો અનુભવ પ્રગટે નહિ, ત્યાં સુધી વલ્લભાગ્નિનું આરાધન થાય નહિ. તમે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીમાં જઇને સેવા કરો. પરંતુ એ સેવા કરતાં કરતાં અંતઃકરણમાં વિયોગનો તાપ પ્રગટ થવો જોઈએ. જેમ જેમ વિયોગનો અગ્નિ અંતઃકરણમાં પ્રગટ થાય તેમ તેમ શ્રીમહાપ્રભુજીનું આરાધન સરળ બનતું જાય.

એક વસ્તુ યાદ રાખવા જેવી છે. આપણી પાસે બે શબ્દો છે. સાધના અને આરાધના. કેવળ ક્રિયા કરવી એ સાધના છે. પરંતુ સંપૂર્ણ સમર્પણ સાથે ભાવપૂર્વક પ્રભુને પામવા માટે મથામણ કરવી એ આરાધના છે. સાધના લાખો લોકો કરી શકે છે, જ્યારે આરાધના કોઇક વિરલા પુષ્ટિજીવો કરી શકે છે. આપણે જે કંઇ કરીએ છીએ, તે સાધના છે. આરાધના નથી. જેના પ્રાણ, ઇન્દ્રિયો, દેહ, મન બધું જ પ્રભુની પ્રાપ્તિ માટે તન્મય અને તદાકાર બની ગયું હોય તે આરાધક છે.

આવા એક આરાધકને થોડાં વર્ષો પહેલાં વૃંદાવનમાં મળવાનું થયું હતું. વૃંદાવનમાં શ્રીબાંકેબિહારીજીના મંદિરની પાસે એક નાની ગલી હતી. ગામના લોકોએ કહ્યુંઃ અહીં એક પરમ પ્રેમાસ્પદ ભક્ત રહે છે. એમનાં દર્શન કરવા જેવાં

છે. અમે એ ભક્તનાં દર્શન કરવા ગયાં. નાનીસરખી મઢૂલી, બહેને કંતાનની સાડી પહેરેલી. ૨૦ વર્ષની તેમની ઉંમર. એમ લાગે કે વસંતઋતુમાં સુંદર ગુલાબ ખીલ્યું છે. ગૌર મુખ ઉપર ગુલાબ જેવી લાલ-લાલ ઝાંય, આંખો ચપળ હરિણીની. કાળી ભમ્મર, કમર સુધી ઝૂલતો કેશકલાપ, શરીર ઉપર એકપણ આભૂષણ નહિ. કોઇ સ્ત્રીનો પતિ પ્રવાસે ગયો હોય ત્યારે તે વિરહિણી નારી તમામ આભૂષણો તજીને સતત તેના સ્મરણમાં અને ઝંખનામાં એક દર્દનો અનુભવ કરતી હોય, એવા એમના મુખ ઉપરના ભાવો. કાજળ જેવી આંખોમાં ભીનાશ, પલકો ઉપર ઝીણાં ઝીણાં બૂંદ બાઝેલાં. અમે એમને પૂછયું: આટલી નાની ઉંમરમાં તમે કોની સાધના કરો છો? એવું શું થયું કે તમારી સ્થિતિ આવી થઇ ગઇ છે? જેમ વાદળ ફાટે અને ધોધમાર વરસાદ વરસી જાય તેમ પ્રશ્નના જવાબમાં એમનાં નેત્રોમાંથી આંસુઓની ધાર વહેવા લાગી. કંઠ ગદ્ગદિત થયો, મોઢું લાલ થઇ ગયું. અમને લાગ્યું અમે કંઇ ભૂલ તો નથી કરીને!

કપડું નીચોવતા હોઇએ તેમ તેમણે પોતાના હૃદયને નીચોવીને ઉત્તર આપ્યો. 'હું કોઇ સાધના જાણતી નથી!' એમનો અવાજ ઘંટડી રણકે એવો મીઠો હતો. થોડીવાર પછી તેમણે કહ્યું: 'હું તો મારા પ્રિયતમની આરાધના કરું છું.' મેં બીજો પ્રશ્ન પૂછયો: 'કેટલા સમયથી કરો છો?' વાદળમાં વીજળી ચમકે એમ તેમના દર્દભરેલા મોં ઉપર થોડું હાસ્ય આવ્યું. તેમણે કહ્યું: 'હું ક્યારથી આરાધના કરું છું તેની મને ખબર નથી. પણ એમ લાગે છે કે કદાચ ઘણા યુગોથી કરી રહી છું. આ આરાધનામાં કેટલા યુગો વીત્યા હશે તે હું જાણતી નથી.' મેં ફરી પૂછયું: તમારી આરાધનાનો અંત ક્યારે આવશે? શું સદા આમ વિરહિણીના રૂપમાં જ રહેવું પડશે? તેમની આંખમાં એક આશાનું કિરણ હતું. તેમણે કહ્યું: 'મારા પ્રિયતમ એટલા કઠોર નથી કે અનેક યુગો પછી પણ મને ન મળે. તેઓ કરુણાના મહાસાગર છે.' મેં પૂછયું: 'આટલા યુગોથી આરાધના પછી પણ તે કેમ મળતા નથી?' તેઓ જમીન તરફ દૃષ્ટિ કરી, પગના નખથી જમીન ખોતરવા લાગ્યા. ધીમેથી કહ્યું: 'હું એમને શા માટે દોષ આપું? શક્ય છે હું જ તેમને યોગ્ય બની શકી ન હોઉં, એવું પણ શક્ય છે કે તેઓ અહીં જ કંઇ મારી આજુબાજુ છુપાયા હોય, પરંતુ એક હકીકત છે કે હજી હું મારા પ્રાણનાથ પ્રભુને પામી શકી નથી. યુગોથી આરાધના કરું છું અને નહિ મળે ત્યાં સુધી કરતી રહીશ.

એમના મોં ઉપર પ્રભુને પામવા માટેનો જે તલસાટ હતો, ભગવદ્ ચરણાવિંદનો જે અનુરાગ હતો એ માટે લૌકિકનો જે ત્યાગ હતો તે જોતાં એમ

લાગ્યું હતું કે આ બહેન જીવતી જાગતી આરાધના છે. આવો અનન્ય અનુરાગ એટલે આરાધના. આજે આપણે કેવળ સેવાની સાધના કરીએ છીએ, આરાધના કરતા નથી. જે દિવસે આપણી સેવા આરાધના બની રહેશે તે દિવસે સેવા નહિ રહેતાં સેવાનું ફળ બની જશે.

શ્રીરાધિકાજી કૃષ્ણપ્રેમની જીવતી જાગતી આરાધનાનું સ્વરૂપ છે. તેઓ સતત કૃષ્ણઆરાધનામાં તન્મય છે. તેમની એક એક ક્ષણ પ્રાણનાથ પ્રભુને પરમસુખ આપવા માટે તત્પર હોય છે.

આવી રીતે શ્રીમહાપ્રભુજીની આરાધના ક્વચિત્ કોઈ વિરલો ભક્ત કરે છે. આપણે સૌ શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરીએ છીએ, જપ કરીએ છીએ, બેઠકોમાં જઈને ઝારી-ચરણસ્પર્શ કરીએ છીએ, પરંતુ આ બધું એક સાધનાની રીતે કરીએ છીએ. તેને હજી આરાધનાનું સ્વરૂપ મળ્યું નથી.

જ્યારે હૃદયમાં તીવ્ર વિરહતાપ શરૂ થાય, તે તાપાગ્નિથી તન, મન, પ્રાણ બધું સેકાય, ત્યારે એમ લાગે કે અગ્નિ સ્વરૂપની આરાધના થઈ રહી છે. શ્રીમહાપ્રભુજીની આરાધના આવી રીતે થવી જોઈએ. માટે કહ્યું કે : શ્રીમહાપ્રભુજી દુરારાધ્ય છે.

એક કવિ કહે છે : મિત્ર, તમારે ફૂલની શૈયા ઉપર સૂવું હોય તો પહેલાં કાંટાની પથારી પણ ભોગવવી પડશે. મિલનનો આનંદ મેળવવો હોય તો વિયોગની જવાળામાં જલવું પડશે. વિરહ હોય તો મિલનનો આનંદ છે. એમ શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત કરવા માટે વિરહનું દુ:ખ જોઈએ. ત્યારે શ્રીવલ્લભાગ્નિ એની ઉપર પ્રસન્ન થાય છે. શ્રીમહાપ્રભુજીનું આરાધન દુ:ખસાધ્ય છે. તેમ શ્રીમહાપ્રભુજીના ચરણકમળની પ્રાપ્તિ પણ દુ:ખસાધ્ય છે એવું શ્રીગુસાંઈજી હવે પછીના નામમાં સમજાવે છે. દુરારાધ્યાય નમઃ ।

(૩૮) 'દુર્લભાંઘ્રિસરોરુહઃ' = દુર્લભાંઘ્રિસરોરુહાય નમઃ = જેમનાં ચરણકમળ દુર્લભ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

સંસ્કૃતમાં અંઘ્રિ શબ્દનો અર્થ છે ચરણ. શ્રીમહાપ્રભુજીના ચરણ સરોરુહ એટલે કમળ જેવાં છે. સર એટલે સરોવર, રુહ એટલે ઉત્પન્ન થનાર. સરોવરમાં ઉત્પન્ન થનાર એટલે કમળ. શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ દુર્લભ છે. ભક્તોને પણ બહુ કષ્ટસાધ્ય છે. અભક્તોને તો તેની પ્રાપ્તિ થતી જ નથી. શ્રીમહાપ્રભુજી પરમકૃપા કરે તો તેમના ચરણારવિંદની છાપ હૃદય અને મસ્તક પર પડે.

ભગવદીયોને ચરણારવિંદની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે. શ્રીમહાપ્રભુજી ભક્તોના લલાટ ઉપર આપનાં ચરણારવિંદ ધરે અથવા ભક્તોના હૃદય ઉપર એ ચરણારવિંદ ધરે. ગોપીગીત ગાતાં ગાતાં ગોપીજનો પ્રભુના વિરહમાં આકુળ વ્યાકુળ બની ગયાં. ત્યારે તેમણે વિનંતી કરીઃ કે મહારાજ! આપનું ચરણારવિંદ જે કાળીનાગના મસ્તક ઉપર નાચ્યું હતું, તે અમારા હૃદય ઉપર પધરાવો. એવી રીતે પધરાવો કે તેની છાપ અમારા હૃદય ઉપર સારી રીતે અંકિત થાય.

શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદ આપણા ઉપર ઘણી કૃપા કરે તો આપણાં લલાટ અને હૃદય ઉપર બિરાજે. દુર્લભ શબ્દથી અહીં એવું શીખવ્યું કે શ્રીમહાપ્રભુજીની સેવા માટે જેમ તાપ જરૂરી છે, તેમ તેમના ચરણકમળની પ્રાપ્તિ માટે પણ તાપ જરૂરી છે.

શ્રીગોકુલનાથજીએ શ્રીમહાપ્રભુજીના ચરણકમળનું બહુ સુંદર વર્ણન કર્યું છે. શ્રીવલ્લભ શૃંગાર કલ્પદ્રુમ છે. એનું બીજ અગ્નિ અને અમૃત છે. અગ્નિ સ્વરૂપ શ્રીસ્વામિનીજી અને અમૃત સ્વરૂપ શ્રીઠાકોરજી છે. આ બીજની અંદરથી શૃંગાર કલ્પદ્રુમ વિકાસ પામે છે. અમૃતબીજમાંથી આનંદરૂપી પાંદડાઓ અંકુરિત થાય છે. અગ્નિબીજમાંથી અગ્નિસ્વરૂપ પાંદડાઓ વિકસે છે. વિપ્રયોગ અને સંયોગ આ કલ્પવૃક્ષના બે ભાગ છે. શ્રીમહાપ્રભુજી અલૌકિક શૃંગારરસનો ખજાનો છે. આનંદરસનો નિધિ છે. આ બધો રસ શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં ઊતરી આવે છે. શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદ સકલ અમૃતનો કુંભ છે. એ અમૃતનું પાન કરવા ભક્તો ભ્રમર બને છે. પરંતુ આ ચરણકમળમાં રહેલો રસ તમામ ભક્તોને મળતો નથી. જેના ઉપર અનન્ય કૃપા હોય તેને જ મળે છે. માટે શ્રીપદ્મનાભદાસજીએ કહ્યું કે : શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદ રાજધાની જેવા છે. તેમાં વ્રજરજકણોરૂપી અનંત સંપત્તિ બિરાજે છે. એ સંપત્તિ મેળવવા ભક્તો સતત ઉત્સુક છે. શ્રીહરિરાયજીએ પણ એજ માંગ્યું કે હે વલ્લભ! ભલે આપના ચરણારવિંદ સદા અમારે મસ્તકે બિરાજે. શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદને ફળરૂપ જાણી આપણા ખોળામાં એમને ધારણ કરવાનો સદા મનોરથ સેવવો જોઈએ. દુર્લભાંઘ્રિસરોરુહાય નમઃ ।

(૩૯) 'ઉગ્રપ્રતાપઃ' = ઉગ્રપ્રતાપાય નમઃ = ઉગ્રપ્રતાપવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીનો પ્રતાપ ખૂબ ઉગ્ર છે. જેમ સૂર્ય અને અગ્નિ પોતાના ઉગ્રતાપથી બધું બાળી નાંખે છે, તેમ શ્રીમહાપ્રભુજીનો ઉગ્રપ્રતાપ અનેક પ્રકારના

અપરાધોને બાળી નાંખે છે. આપણામાં રહેલી અનેક પ્રકારની લૌકિકતાઓને બાળી નાંખે છે.

થોડા સમય પહેલાંની વાત છે. એક વૈષ્ણવ બહેન હતાં. એમને એવો વહેમ થયો કે મારે ત્યાં કોઈ ભૂતપ્રેત છે અને મને રાત્રે સતાવે છે. તેમણે બ્રહ્મસંબંધ પણ લીધેલું. તેમનાં પડોશણે આ વૈષ્ણવ બહેનને કહ્યું: તું નકામી દુઃખી થાય છે. આપણા ગામની બહાર એક પીરનું સ્થાનક છે. ત્યાં જઈને એનું મંતરેલું જળ લઈ આવ, ભૂતપ્રેત તને કનડશે નહિ. તે વૈષ્ણવ બહેને વિચાર કર્યો: એ મંતરેલું જળ લાવું તો મને અન્યાશ્રય ન થાય? પડોશણે કહ્યું: તું ડૉક્ટરની દવા નથી લાવતી? એમ સમજજે કે પીર નામના ડૉક્ટરની દવા છે. વૈષ્ણવ બહેને પૂછયું: મને મારા ઠાકોરજીમાં અવિશ્વાસ થાય એનું શું? પેલી બાઈ કહે: તારે ઠાકોરજીની સેવા છોડવાની નથી, બપોરે સેવા કરીને નિરાંતે જજે. દોરો આપશે, મંતરેલું પાણી આપશે. વૈષ્ણવ બહેન કહે: મારાથી એ દોરો કેવી રીતે પહેરાય? પડોશણે કહ્યું: 'તું ગળામાં સોનાની કંઠી પહેરે છે ને?' તેમ પહેરી લેવાનો.' પડોશણના દુ:સંગથી વૈષ્ણવ બહેનના મનમાં વાત ઠસી ગઈ કે ભૂતપ્રેત દૂર કરવા હોય તો દોરાધાગા કરવા જોઈએ. તે બહેને પીરના સ્થાનકે જવાનું નક્કી કર્યું.

તેટલામાં અનાયાસ એક પરમ ભગવદીય વૈષ્ણવ બહારગામથી તેમના ઘેર આવ્યા. તેમની આગતાસ્વાગતામાં અને પ્રસાદ લેવડાવવામાં મોડું થઈ ગયું. તેથી તે બહેન તે દિવસે જઈ શક્યાં નહિ. એમને ખબર પડી કે દર શુક્રવારે જ ત્યાં દોરો અને મંતરેલું પાણી આપવામાં આવે છે. વાત બીજા શુક્રવાર પર ગઈ. બીજો શુક્રવાર આવ્યો. તે દિવસે એના દીકરાને વાગવાથી લોહી નીકળ્યું હતું. દીકરો રડતો હતો. એટલે જઈ શકી નહિ. આમ કંઈ ને કંઈ કારણસર પાંચ છ શુક્રવાર ચાલ્યા ગયા. એ બહેન પુષ્ટિજીવ હોવા છતાં અન્યાશ્રય કરવા જતી હતી. શ્રીમહાપ્રભુજી પોતાના પ્રતાપબળથી તેને રોકી રાખતા હતા.

આખરે એક દિવસ તે બહેન ત્યાં પહોંચી ગઈ. દોરો અને જળ લઈ ઘેર આવી. શ્રીમહાપ્રભુજીએ તે રાત્રે પોતાનો ઉગ્રપ્રતાપ બતાવ્યો. પેલું જળ ઢોળાઈ ગયું અને દોરો ગુમ થઈ ગયો. પોતાને કોઈ મારી રહ્યું હોય એમ લાગતું હતું. શ્રીમહાપ્રભુજીએ તેને પ્રેરણા કરી, તું અન્યાશ્રય ન કર, મારી સેવક છે. મારું સ્મરણ કર. મારું નામ રટ. ભૂતપ્રેત-પિશાચ તને કંઈ કરી શકશે નહિ. તે વૈષ્ણવ બહેન

શ્રીવલ્લભ નામનું આરાધન કરવા લાગી. જેમ જેમ આરાધન વધતું ગયું તેમ તેમ ભૂત-પ્રેતની સર્વ બાધાઓ દૂર થતી ગઈ. શ્રીમહાપ્રભુજી આવા ઉગ્રપ્રતાપી છે.

બેઠકચરિત્રમાં કામવનની બેઠકનું ચરિત્ર શ્રીમહાપ્રભુજીના ઉગ્રપ્રતાપનો પરિચય કરાવે છે. કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીનાં વસ્ત્રો ધોતા હતા. એ વસ્ત્રના જળનો એક છાંટો કિનારે ઊભેલા એક પ્રેતની ઉપર પડ્યો. તરત જ તેની પ્રેતયોનિ છૂટી ગઈ.

શ્રીમહાપ્રભુજીના સેવક માધવદાસની વાર્તા આપણે જોઈ ગયા હતા. એક પીર આવીને બધું ખાઈ જતો હતો. શ્રીમહાપ્રભુજી તેમને ત્યાં પધાર્યા, ત્યારે તે પીર આવી શક્યો નહિ. તેણે કહ્યું: હું ઘણો બળું છું.

એક રાજા હતો. એને કોઢ નીકળ્યો. બ્રાહ્મણોએ કહ્યું: તમારા પાપોનું આ પરિણામ છે. કોઢથી મુક્ત થવા તમારું એક સોનાનું પૂતળું બનાવો. એમાં તમારા બધાં પાપો મૂકો. એ પૂતળું કોઈ બ્રાહ્મણને દાનમાં આપો તો તમારો કોઢ જાય. રાજાએ તેમ કર્યું. પૂતળું દાનમાં લેવા બ્રાહ્મણોને બોલાવ્યા. એ પૂતળું એક આંગળી ઊંચી કરે, કોઈ આ નિશાની સમજે નહિ. ગભરાઈ જાય અને દાન લેવાની ના પાડે. એ તો પાપનું ભરેલું પોટલું હતું. જેનામાં પાપને પવિત્ર બનાવવાની શક્તિ હોય તે જ તે દાન લઈ શકે. શ્રીમહાપ્રભુજીએ ગામમાં પધાર્યા. રાજાનું દુ:ખ દૂર કરવા આપ પધાર્યા. પૂતળાએ એક આંગળી ઊંચી કરી, સામે શ્રીમહાપ્રભુજીએ ત્રણ આંગળી બતાવી. પેલું પૂતળું લજ્જા પામ્યું. શ્રીમહાપ્રભુજીએ એનું દાન સ્વીકાર્યું. એના ટૂકડા કરાવી બ્રાહ્મણોમાં વહેંચી દીધા. રાજાનો કોઢ દૂર થયો. પછી રાજાએ પૂછયું: પૂતળાએ એક આંગળી ઊંચી કેમ કરી? સામે તમે ત્રણ આંગળી કેમ બતાવી? શ્રીમહાપ્રભુજીએ ખુલાસો કર્યો: પૂતળાએ પૂછયું તમે એક વખત સંધ્યાવંદન અને ગાયત્રીમંત્રનો જપ કરો છો? મેં કહ્યું: હું ત્રણ વખત કરું છું. શ્રીમહાપ્રભુજીનો આવો ઉગ્રપ્રતાપ છે. સામાન્ય માણસો એમના આ તેજ સામે જોઈ શકતા પણ નથી.

સૂર્યનો સ્વભાવ પ્રકાશ આપવાનો છે. પરંતુ તે સૂર્ય સામે સતત જોતા રહીએ તો આંખે અંધારું છવાઈ જાય. જે સૂર્યનો તાપ જીરવી શકે એને પ્રકાશ મળે. સૂર્યગ્રહણ વખતે તમે સતત નરી આંખે સૂર્યને જોયા કરશો તો આંખે અંધારા આવી જશે. ત્યારે સમજાશે કે સૂર્ય પ્રકાશ પણ આપી શકે છે અને જીરવતાં ન આવડે તો અંધારું પણ છવાઈ જાય છે. આવો જ શ્રીમહાપ્રભુજીનો પ્રબળ ઉગ્રપ્રતાપ છે. એના

ઉપર આપણે વિશ્વાસ રાખવો જોઈએ. કોઈ ભૂતપ્રેતનો ડર લાગે અથવા ક્યારેક એવું લાગે કે મારામાં આત્મવિશ્વાસ ઓછો થઈ રહ્યો છે અથવા આ કામ મારે કરવાનું છે. પણ મારાથી થઈ શકશે નહિ. અથવા કોઈનો ડર લાગે ત્યારે શ્રીમહાપ્રભુજીના ઉગ્રપ્રતાપ સ્વરૂપમાં વિશ્વાસ રાખજો. શ્રીસર્વોત્તમ સ્તોત્રનું એક એક નામ એક મંત્ર છે. તેથી તે સ્થિતિમાં તમે ઉગ્રપ્રતાપાય નમઃ એ મંત્રનો જપ કરતા રહેજો. તમને શ્રીમહાપ્રભુજીના ઉગ્રપ્રતાપથી કોઈ બાધા નડશે નહિ.

આ અનુભવસિદ્ધ વાત છે. વેરાવળમાં એક વૈષ્ણવ કુટુંબ હતું. તેમને ત્યાં પ્રેતનો ઘણો ઉપદ્રવ. તેમને શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ. જેમને આ પ્રેત પજવે તેમને ઝારીજીનું જળ પાય અને ઉગ્રપ્રતાપાય નમઃ નો જપ કરાવે. તેમ થતાં જ તે માણસ બોલવા લાગે હું બળું છું. હું જાઉં છું અને તેના દેહમાંથી પ્રેત ચાલ્યું જાય. શ્રીમહાપ્રભુજીના નામમાં આવી શક્તિ છે. માટે તમને કોઈની બીક લાગે, ડર લાગે, મન પોચું પડી જાય ત્યારે ઉગ્રપ્રતાપાય નમઃ મંત્રનો જપ કરજો. શ્રીમહાપ્રભુજીનો ઉગ્રપ્રતાપ તમને મદદ કરશે. ક્યારેક તમને એમ લાગે કે મને અન્યાય થઈ રહ્યો છે. એની સામે બદલો લેવા મન આવેશમાં આવે ત્યારે પણ શ્રીમહાપ્રભુજીને યાદ કરજો. ઉગ્રપ્રતાપાય નમઃ મંત્રનો જપ કરજો. શ્રીમહાપ્રભુજી ભક્તોનો વાળ વાંકો થવા દેતા નથી. આવા શ્રીમહાપ્રભુજીને આપણે લાખ લાખ પ્રણામ કરીએ. ઉગ્રપ્રતાપાય નમઃ ।

(૪૦) 'વાક્સીધુપૂરિતાશેષસેવકઃ' = વાક્સીધુપૂરિતાશેષસેવકાય નમઃ = વાણીરૂપી અમૃતથી બધા સેવકોને રસપૂર્ણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

વાક્ એટલે વાણી. સીધુ એટલે અમૃત. વાણીરૂપી અમૃતથી પૂરિત એટલે પરિપૂર્ણ છે, અશેષ એટલે બધાં. જેમની વાણીરૂપી અમૃતથી બધા સેવકો પરિપૂર્ણ છે એવા શ્રીમહાપ્રભુજી છે. આપણને પ્રશ્ન થશે કે બધા સેવક એમ કહેવા માટે શ્રીગુસાંઈજીએ સર્વ સેવક એવો પ્રયોગ કેમ ન કર્યો અને અશેષ સેવક એમ કેમ કહ્યું? સર્વ અને અશેષમાં ફેર શો? સર્વ શબ્દ એવો છે કે જેને જેટલો વ્યાપક કે સંકુચિત અર્થમાં વાપરવો હોય તેટલો વાપરી શકાય. જેમ કે સર્વ બ્રાહ્મણને ભોજન કરાવવું જોઈએ. આમાં સર્વ શબ્દનો અર્થ ભોજન કરાવવાની શક્તિ અને અનુકૂળતા પ્રમાણે ગણી શકાય. પોતાની શેરીમાં રહેતા બ્રાહ્મણોથી લઈને આખા દેશના બ્રાહ્મણો સુધી સર્વ શબ્દનો અર્થ વિસ્તારી શકાય. એ જ પ્રમાણે

શ્રીમહાપ્રભુજી વ્રજમાં બિરાજતા હોય ત્યારે વ્રજમાં જેટલા ભક્તો હોય તેમને પોતાની વાણીના અમૃતથી પરિપૂર્ણ કર્યા હોય. આપ ગુજરાતમાં પધારે ત્યારે ગુજરાતમાં જેટલા આપના સેવકો હોય તેમને પોતાની વાણીના રસથી ભરપૂર કર્યા હોય. આમાં સર્વ શબ્દનો અર્થ સંકુચિત બને છે. કેમ કે ગુજરાતના ભક્તોને જે મળે તે વ્રજના ભક્તોને ન પણ મળે. શ્રીગુસાંઈજી મહારાજ એમ સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીના શરણે આવેલા તમામ સેવકોને આપે એક સરખી રીતે પોતાની વાણીના અમૃતથી ભરી દીધા છે. સમ ખાવા પૂરતો પણ એવો એકેય વૈષ્ણવ નથી જેને શ્રીવલ્લભની અમૃતમય વાણીનો આનંદ ન મળ્યો હોય. એમ સૂચવવા અશેષ શબ્દનો પ્રયોગ થયો છે.

કેટલીક વખત કેટલીક વાતો નકારાત્મક સ્વરૂપે કહેવી પડે છે. જેમ શ્રીયમુનાષ્ટકમાં શ્રીયમુનાજીના કિનારા પરની રજનું વર્ણન કરવા શ્રીમહાપ્રભુજીએ અમન્દ શબ્દ વાપર્યો. જે મન્દ નથી તે. શ્રીયમુનાજીના કિનારા પર એટલી બધી રેણુ છે કે તેનું વર્ણન કરવા કોઈ શબ્દ ન મળ્યો. ત્યારે આપે એમ કહ્યું કે એ રેણુ અમન્દ છે અર્થાત્ ઓછા પ્રમાણમાં નથી. એ જ રીતે શ્રીયમુનાષ્ટકમાં શ્રીયમુનાજીના જળપ્રવાહ માટે પણ આપે અમન્દ શબ્દ વાપર્યો. એ પ્રવાહ ધીમો નથી, મન્દ નથી એમ કહ્યું. આમ નિષેધાત્મક વાણીમાં જે વાત કહેવી હોય એ વધારે મજબૂત રીતે કહેવાય છે. એ જ પ્રમાણે અહીં અશેષ શબ્દ દ્વારા નિષેધાત્મક વાણી વાપરી કે શ્રીમહાપ્રભુજીના વાણીરૂપી અમૃતથી એકપણ સેવક વંચિત રહ્યો નથી.

શ્રીઠાકોરજીએ વેણુનાદ કરીને વેણુના માધ્યમથી ગોપીજનોને પોતાના સુધારસનું પાન કરાવ્યું. તેમ શ્રીમહાપ્રભુજીએ પોતાનાં વચનો દ્વારા અને પોતાના ગ્રંથો દ્વારા સર્વભક્તોને અલૌકિક સુધારસનું પાન કરાવ્યું છે. પૂરિત એટલે અંદર અને બહાર બંને રીતે આ ભક્તો શ્રીમહાપ્રભુજીની વાક્સુધાથી ભરપૂર બન્યા છે. શ્રીમહાપ્રભુજીની વાણીનું શ્રવણ કરવાથી એ ભક્તોને અંતઃકરણમાં વિપ્રયોગનો અનુભવ થાય છે અને બહાર સંયોગ રસનો અનુભવ થાય છે. સંયોગ રસના અનુભવથી સતત તેઓ રોમાંચિત થતા રહે છે, અને વિપ્રયોગના અનુભવથી તેમનું અંતઃકરણ તાપાત્મક ભાવનો અનુભવ કરે છે. જો શ્રીવલ્લભે આવી વાણી ન વર્ષાવી હોત તો સાક્ષાત્ શૃંગારાત્મક પ્રભુનો આ રીતે સંયોગ અને વિપ્રયોગનો અનુભવ ભક્તોને ન થયો હોત.

વાણીમાં શક્તિ છે. શ્રીમહાપ્રભુજીની વાણી એટલે સાક્ષાત્ વેણુનાદ. માટ શ્રીમહાપ્રભુજીની વાણીને અમૃતરૂપા કહેવામાં આવી છે. અમૃત સર્વ તાપ મટાડે અને અમરત્વ આપે. શ્રીમહાપ્રભુજીની વાણી આપણા લૌકિક તાપોને શાંત કરે અને આપણામાં ભગવદ્ભાવ જગાડે છે. આપણી લૌકિક અવિદ્યાનો નાશ કરે અને આપણને અલૌકિક તનુનવત્વની પ્રાપ્તિ કરાવે. ગોપીજનોને વેણુનાદ દ્વારા આવી તનુનવત્વની પ્રાપ્તિ થઇ હતી.

ભગવદીયોને પણ શ્રીમહાપ્રભુજીની વાણીનું શ્રવણ કરવા માટે કેવી ઉત્કટ કામના હતી તે ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓમાંથી સમજાય છે.

તેમાંના એક વૈષ્ણવ હતા દિનકરદાસ શેઠ. શ્રવણભક્તિ તો તેમની જ. શ્રવણભક્તિ દ્વારા વાણીરૂપી અમૃતની પ્રાપ્તિ થાય છે. તેઓ પાંચ વર્ષના હતા ત્યારથી શ્રવણભક્તિના ઉપાસક હતા. કોઇપણ મહાત્મા ગામમાં આવે એટલે એમની કથા શ્રવણ કરવા દોડી જાય. ઘરમાંથી છાનુંછપનું જે કંઇ હાથમાં આવે તે બધું આપી આવે. ઘરવાળા એમને ચોર કહે, પણ કથાકારો એમને શેઠ કહે. એક વખત ઘરમાં ભાઇનાં લગ્ન હતાં. માતાએ તેમને નવાં કપડાં અને ઘરેણાં પહેરાવેલાં. લાગ જોઇને તેઓ કથા સાંભળવા ભાગી ગયા. કથાકારની પોથી ઉપર નવાં કપડાં અને ઘરેણાં મૂકી આવ્યા. એક પોતડી પહેરી ઘેર પાછા આવ્યા. ઘરવાળા ઘણાં ગુસ્સે થયાં. ઘણો માર પડ્યો પણ એક શબ્દ બોલ્યા નહિ. માતા-પિતાની હયાતિ પછી ભાઇએ તેમને ઘરમાંથી કાઢી મૂક્યા. તેઓ ત્રિવેણી સંગમ ઉપર આવ્યા. ત્યાં કૃષ્ણદાસ મેઘન મળ્યા. કૃષ્ણદાસ મેઘન પાસેથી તેમણે જાણ્યું કે નજીકમાં અડેલમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. શ્રવણના રસિયા દિનકરદાસ ત્યાં દોડ્યા. શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી વેણુગીત અને યુગલગીતના પ્રસંગ સાંભળ્યા. આંખમાંથી શ્રાવણ-ભાદરવાનાં નીર વરસ્યાં. તેમને થયું આ કોઇ મનુષ્યની વાણી નથી, કૃષ્ણનો સાક્ષાત્ વેણુનાદ છે. શ્રીવલ્લભની વાણીનો અલૌકિક રસ દિનકરદાસના રોમરોમમાં વ્યાપી ગયો.

તેઓ શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા. પછી તો રોજ શ્રીમહાપ્રભુજીની કથા સાંભળે. એક વખત ચોમાસાના દિવસમાં સમયસર રસોઇ કરી, ભોજન કરી, કથામાં પહોંચવાનું તેમને મોડું થયું. રસોઇ થતી હતી ત્યારે કોઇએ કહ્યું કે શ્રીમહાપ્રભુજી કથા કરવા પોથી ખોલી રહ્યા છે. આ સાંભળી બાટી શેકાય એટલી ધીરજ રાખવાને બદલે તેઓ કાચીપાકી બાટી ખાઇ કથા સાંભળવા દોડ્યા. આ

જાણી શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા અને આજ્ઞા કરી : મારી કથાનો આજથી તું મુખ્ય શ્રોતા છે. તું આવીશ પછી હું કથા શરૂ કરીશ. દિનકરદાસની આવી શ્રવણ ભક્તિ હતી.

આમ, બધા સેવકોને શ્રીવલ્લભની વાણી વિના બીજી કોઈ વાણી ગમતી ન હતી. સૌને એમ લાગતું એકવાર કેરીના રસ જેવી વાણીનો સ્વાદ ચાખ્યા પછી કડવી કારેલા જેવી વાણી કોણ ચાખે? શ્રીમહાપ્રભુજીની અમૃતમયી વાણી શ્રીમદ્‌ભાગવત સાથે સંબંધી છે. એ વાત શ્રીગુસાંઈજી હવે પછીના નામમાં બતાવે છે.

શ્રીવલ્લભના નામરસનું પાન કરતાં આપણા મનરૂપી દોરડાને ઘણું સાવધાન રાખવું જોઈએ. મનરૂપી દોરડાને આ નામરસમાં પરોવવાનું છે. દીપક અજવાળું આપે અને રત્નો પણ અજવાળું આપે. તેમાં બહુ ફેર છે. દીપકનું અજવાળું થોડા સમયમાં બુઝાઈ જાય. રત્નોનું અજવાળું સદૈવ રહે. તુલસીદાસજી કહે છે જ્ઞાનનો પ્રકાશ દીવાના અજવાળા જેવો છે. ભક્તિનો પ્રકાશ રત્નોના અજવાળા જેવો છે. દીવાને સળગાવવા પ્રયત્ન કરવા પડે. પવન એને બુઝાવી ન નાંખે માટે સતત સાવધાન રહેવું પડે. તેમાં તેલ પૂરવું પડે. ઘણા પ્રયત્નો પછી પણ દીવો બુઝાઈ જાય છે. પરંતુ ભક્તિ પ્રભુકૃપાથી આપણા હૃદયમાં આપોઆપ ઝળહળે છે અને તેનો પ્રકાશ કદી પણ બુઝાતો નથી. શ્રીમહાપ્રભુજીના આ નામરત્નોમાં આવા દીવાનો પ્રકાશ-જ્ઞાનનો પ્રકાશ નથી, ભક્તિનો પ્રકાશ છે. તેજસ્વી રત્નો શરીર ઉપર ધારણ કરવા માટે છે. રત્નોને સાચવીને તિજોરીમાં રાખીએ છીએ, તેમ શ્રીમહાપ્રભુજીનાં નામરત્નોને આપણે ભાવરૂપી તિજોરીમાં સાચવવાનાં છે. દુઃસંગ, અશ્રદ્ધા, અન્યાશ્રય જેવા ચોર આપણા હૃદયમાંથી આ રત્નોની ચોરી ન જાય, એટલા માટે ભાવરૂપી તિજોરીની આજુબાજુ સત્સંગની વાડ ઊભી કરવાની છે.

શ્રીમહાપ્રભુજી વૈશ્વાનર સ્વરૂપ છે, પ્રભુના મુખારવિંદનો અવતાર છે. તેથી શ્રીમહાપ્રભુજી વાણીરૂપી રત્નોનો પ્રકાશ શ્રીભાગવતજી પર કરે છે. શ્રીવલ્લભ શ્રીભાગવતરૂપી રસસમુદ્રનું મંથન કરનારા છે. વાક્સીધુપૂરિતાશેષસેવકાય નમઃ।

શ્લોક-૧૬ :

શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૬॥

શબ્દાર્થ :

(૪૧) શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ = શ્રીભાગવતરૂપી અમૃતના સમુદ્રનું મંથન કરવાને સમર્થ (૪૨) તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ = તેના સારરૂપ રાસસ્ત્રીઓના ભાવનું સ્વરૂપ ધારણ કરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૪૧) 'શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ' = શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાય નમઃ = શ્રીભાગવતરૂપી અમૃતના સમુદ્રનું મંથન કરવાની જેમનામાં ક્ષમતા છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીગુસાંઈજી મહારાજ શ્રીમદ્ ભાગવતને સમુદ્રની ઉપમા આપે છે. સમુદ્રમાં જેમ અનંત નદીઓ આવીને ઠલવાય છે, એમ શ્રીમદ્ભાગવતમાં સકલ વેદો, સકલ ઉપનિષદો, સકલ વેદાંત, સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા વગેરે આવીને ઠલવાયાં છે. શ્રીભાગવતરૂપી સમુદ્રમાં સકલ આર્ય સનાતન સંસ્કૃતિનાં દર્શન છે. તેમાં મહાભારત છે અને રામાયણ પણ છે. તેમાં તમામ સિદ્ધાંતોનો સમન્વય છે. અઢાર હજાર શ્લોકોનું સાહિત્ય છે. આ સામાન્ય સમુદ્ર નથી પરંતુ પીયૂષ એટલે અમૃત સમુદ્ર છે. સામાન્ય સમુદ્રમાં માછલાં, મગરમચ્છ, અનેક જીવજંતુ હોય. સાથે સાથે રત્નો પણ હોય. સામાન્ય સમુદ્રમાં સારું અને ખોટું બન્ને હોય, પણ શ્રીભાગવતરૂપી સમુદ્રમાં કેવળ અમૃત જ છે. આ સમુદ્રમાંથી હળાહળ ઝેર ક્યાંય મળવાનું નથી. સંસાર એક એવો સમુદ્ર છે જેનું મંથન કરવાથી અમૃત મળે અને ઝેર પણ મળે. ક્યાંક સુખ પણ મળે અને ક્યાંક દુ:ખ પણ મળે. સામાન્ય જગત સુખ અને દુ:ખનો સમન્વય છે. જ્યારે શ્રીભાગવત અલૌકિક સમુદ્ર છે. જ્યાં કેવળ સુખ જ સુખ છે. જ્યાં કેવળ અમૃત છે.

એટલા માટે શ્રીભાગવતના માહાત્મ્યમાં સૂત પુરાણી અમૃતની વાત કહ્યા વિના રહી શક્યા નહીં. એક વખત સૂત પુરાણી પાસે શૌનક વગેરે ઋષિઓ આવ્યા. તેમણે ઘણા પ્રશ્નો કર્યા. સૂતજી કહે છેઃ હે ઋષિઓ! આ મહાન સમુદ્રના અમૃતનો પાર કોઇ પામી શક્યું નથી. શ્રીશુકદેવજી પરીક્ષિત રાજાને ભાગવતની કથા સંભળાવવા તત્પર થયા ત્યારે સ્વર્ગના અમૃતનો કળશ લઇને ત્યાં દેવતાઓ આવ્યા. તેમણે શ્રીશુકદેવજીને વિનંતી કરીઃ અમારું અમૃત પરીક્ષિતને પીવડાવો અને તમારું ભાગવતામૃત અમને પીવડાવો. શ્રીશુકદેવજીને લાગ્યું આ દેવો કોઇ વાણિયા પાસેથી વિનિમય કરવાની એટલે કે વેપાર કરવાની બુદ્ધિ શીખીને આવ્યા છે. અમૃતનો વેપાર કરવા આવ્યા છે. પરંતુ અમૃતનો વેપાર ન થાય.

વ્યાપારી ગણિતવાળા માણસોને અમૃત મળતું નથી. અમૃત મેળવવા માટે બહુ જબરજસ્ત સાધના કરવી પડે. એ સાધનાને પણ આરાધનામાં ફેરવવી પડે. શ્રીશુકદેવજી મહારાજ હસવા લાગ્યા. તેઓ દેવતાઓ સામે ઘણાં આશ્ચર્યથી હસ્યા. તેમણે કહ્યું: દેવતાઓ! એક વાત પૂછું? પિત્તળના બદલામાં સોનું અપાય? કાચના બદલામાં હીરો અપાય? શ્રીશુકદેવજી મહારાજે સ્વર્ગામૃતના બદલામાં કથામૃત ન આપ્યું.

સ્વર્ગામૃત દીર્ઘ જીવન આપી શકે છે, પણ દિવ્ય જીવન આપી શકતું નથી. શ્રીભાગવતામૃત દિવ્ય જીવન આપે છે, એટલે આપણે પસંદગી કરવાનો સવાલ આવે. દીર્ઘ જીવન જોઇએ છે કે દિવ્ય જીવન જોઇએ છે? રોગોથી ભરેલું દીર્ઘ જીવન જીવવું છે કે ૨૫ વર્ષનું આનંદ-પૂર્ણ જીવન જીવવું છે? શ્રીમહાપ્રભુજી કેવળ ૫૨ વર્ષ પૃથ્વી ઉપર બિરાજ્યા, પણ એ બાવન વર્ષનું જીવન સતત છલોછલ આનંદ ભર્યું હતું. દીર્ઘ જીવન ઠૂંઠા ઝાડ જેવું છે, તેને ન વસંત આવે કે પાનખર આવે. દિવ્ય જીવન ઘટાદાર વૃક્ષ જેવું છે. તેમાં વસંત પણ આવે અને પાનખર પણ આવે. ફૂલો ખીલે અને ફળ પણ આવે. શ્રીભાગવતરૂપી અમૃત આવું દિવ્ય જીવન આપનારું છે.

આપણને પ્રશ્ન થાય કે શ્રીભાગવતમાં આવું જે અમૃત છે એ શાનું છે? દૂધમાં ખાંડ નાંખીએ એટલે દૂધ મીઠું થાય. તેમ શ્રીભાગવતના અઢાર હજાર શ્લોકોમાં બે પ્રકારના અમૃતના સાગર છલકાય છે. એક છે ભક્તિનો સાગર અને બીજો છે ભગવાનનો સાગર. આ બંને સાગર અલૌકિક આનંદ આપનારા છે. શ્રીભાગવતજીના અક્ષરે અક્ષરમાં ભક્તિ અને ભગવાન રમતા હોવાથી શ્રીભાગવતજી અમૃતનો મહાસાગર છે. એટલા માટે શ્રીભાગવતજીના મંગલાચરણમાં વ્યાસજીએ કહ્યું: આ વેદનું પરિપક્વ ફળ છે. અમૃતથી ભરેલું છે. ભક્તિ અને ભગવદ્રસ. લાખ શબ્દોમાં એને સમજાવી ન શકાય એવું એ આનંદનું સ્વરૂપ. નારદજીએ તેમના ભક્તિસૂત્રમાં કહ્યું; ભક્તિ એ પ્રેમ સ્વરૂપ છે. તેનું વર્ણન થઇ શકતું નથી.

ભક્તિનું બીજ વેદોમાં અને ઉપનિષદોમાં મળે છે. ભક્તિનું પ્રગટ સ્વરૂપ ભગવદ્ગીતામાં પ્રાપ્ત થાય છે. ભગવદ્ગીતાના શ્લોકે શ્લોકે અને પદે પદે ભક્તિ મહારાણીનો ઝંડો ફરકે છે. શ્રીપુરુષોત્તમજી મહારાજે ગીતા ઉપરની તેમની 'અમૃત તરંગિની' ટીકામાં આજ્ઞા કરી છે કે : ભગવદ્ગીતામાં ભલે જ્ઞાન વગેરે

સર્વનું નિરૂપણ હોય, પરંતુ ગીતા મુખ્યત્વે ભક્તિનું શાસ્ત્ર છે. પહેલા છ અધ્યાયમાં ભક્તિનું પહેલું પ્રકરણ છે. બીજા છ અધ્યાયમાં ભક્તિનું બીજું પ્રકરણ છે. ત્રીજા છ અધ્યાયમાં ભક્તિનું ત્રીજું પ્રકરણ છે. પહેલા પ્રકરણમાં ભક્તિ બીજરૂપે છે. બીજા પ્રકરણમાં ભક્તિ વૃક્ષરૂપે છે. ત્રીજા પ્રકરણમાં ભક્તિ ફળરૂપે છે. ભગવદ્‌ગીતામાં ભક્તિ મહારાણી કિશોર વયનાં છે. માટે ભગવાન વારંવાર કહે છેઃ 'હે અર્જુન! હું ભક્તિ દ્વારા જેવો દેખાઉં છું એવો કોઈ દ્વારા દેખાતો નથી માટે તું બધા ધર્મો છોડી મારા એકલાને શરણે આવ.'

જેમ વસંતઋતુમાં ફૂલો ખીલે એમ ભાગવતજીમાં ભક્તિદેવી ઉપર વસંતના રંગ ખીલ્યા છે. ડગલેને પગલે ભક્તિદેવીના યૌવનનો આનંદ ખીલ્યો છે. માનવજીવનનું અમૃત એટલે યૌવન. સકલ આનંદનો ઉપભોગ કરી શકે એવી એ અવસ્થા. આવી અવસ્થા ભાગવતજીમાં ભક્તિદેવીને પ્રાપ્ત છે તેથી તેના અઢાર હજાર શ્લોકોમાં ભક્તિદેવી નાચી રહ્યાં છે અને ભક્તોને નચાવી રહ્યાં છે.

શ્રીભાગવતનાં માહાત્મ્યમાં ભક્તિદેવીની કથા છે. ભક્તો નૃત્ય કરી રહ્યાં છે. એવી ભક્તમંડળીની વચ્ચે ભક્તિદેવી જ્ઞાન અને વૈરાગ્યરૂપી બે પુત્રોને લઈને આવ્યાં. નૃત્યમાં તેઓ તન્મય બની ગયાં. તેમણે બ્રહ્માજીને પૂછયુંઃ હે દેવ! મારું ઘર કયાં? બ્રહ્માજીએ કહ્યુંઃ હે મહારાણી, તમે ભક્તોના હૃદયમાં બિરાજો. ભક્તિદેવી ભક્તોના હૃદયમાં બિરાજમાન છે. તેઓ અમૃત સ્વરૂપા છે. તેથી ભક્તિનો સ્વાદ લેતાં લેતાં ભક્તો પણ અમૃતસ્વરૂપ બની જાય છે. પરિણામે આનંદમય બની ક્યારેક નાચવા લાગે છે, તો ક્યારેક રડવા લાગે છે. ભક્તોએ શ્રીભાગવતજીમાંથી ભગવદ્‌રસ પાત્ર ભરી ભરીને પીધો છે.

નાનકડા પ્રહલાદના રોમરોમમાં ભક્તિના ભાવ ખીલ્યા હતા. પ્રહલાદજી ક્યારેક નાચે છે, હસે છે અને રડે છે. એમની અંદર ભક્તિ દેવી યુવાન છે.

પરંતુ આપણામાં ભક્તિદેવી સાવ ઘરડાં થઈ રહ્યાં છે. લૂલા લંગડા બની ગયાં છે. બહારથી એમ લાગે કે આપણામાં ભક્તિનું નવું સ્વરૂપ છે, પણ અંદરથી આપણી એ ભક્તિ બોખલી અને ખોખલી થઈ ગઈ છે. ભક્તિથી સો વર્ષનો મનુષ્ય પણ યુવાન બને છે. જ્યારે આપણે તો યુવાનીમાં અકાળે વૃદ્ધ થયા છીએ.

કાશીના શેઠ પુરુષોત્તમદાસજી શ્રીમહાપ્રભુજીના અનન્ય અનુરાગી. તેમની વૃદ્ધાવસ્થા થઈ. એ જોઈને એક દિવસ એમના પુત્ર ગોપાલદાસે પૂછયુંઃ 'પિતાજી, હવે હું શ્રીઠાકોરજીના જળની સેવા કરું?' શ્રીપુરૂષોત્તમદાસજીએ કહ્યુંઃ 'બેટા,

તને મારા ઘડપણની દયા આવી છે? શરીરને ઘડપણ આવતું હશે પરંતુ અમૃતસ્વરૂપા ભક્તિ જેને પ્રાપ્ત થાય છે એને કદી પણ ઘડપણ આવતું નથી. મેં ભક્તિનાં અમૃત પીધાં છે.' પુત્રે કહ્યું: 'પિતાજી, ઉંમર તો દરેકને દેખાય.' શેઠે જવાબ ન આપ્યો. ગંગાજી જળ ભરવા ગયા. ગયા ત્યારે વૃદ્ધાવસ્થા હતી. વાળ શ્વેત હતા અને દાંત પડી ગયા હતા. પરંતુ જળ ભરીને પાછા આવ્યા ત્યારે એમના દેહમાં યુવાનને શરમાવે તેવો તરવરાટ હતો. મસ્તકે મોટી જળની ગાગર ઊંચકી દોડતા દોડતા આવી રહ્યા હતા. પુત્રને આશ્ચર્ય થયું. તેઓ પિતાનાં ચરણોમાં પડ્યા. તેમને સમજાયું કે આ યુવાની શરીરની નથી, આ યુવાની મનની પણ નથી. આ યુવાની તો ભક્તિની છે. જે ભક્તિનું અમૃત પી લે છે એનું જીવન સદાબહાર બની જાય છે. કદી મુરઝાતું નથી. આવો ભક્તિનો રસસાગર શ્રીભાગવતજીમાં ભરેલો છે.

શ્રીભાગવતજીના પદે પદે અને શ્લોકે શ્લોકે સાક્ષાત્ ભગવાન બિરાજે છે. ભાગવતજીના એકે એક નામ કૃષ્ણરસથી ભરેલાં છે. તેથી એ શબ્દો સાંભળીને ભક્તોનું હૃદય ગાંડુ-ઘેલું બની જાય છે. શ્રીભાગવતજી શ્રીનાથજીબાવાનું સ્વરૂપ છે.

શ્રીશુકદેવજી મહારાજ પરીક્ષિત રાજાને આવા ભાગવતજી સંભળાવી રહ્યા હતા. જ્યારે બારે સ્કંધ પૂરા થવા આવ્યા, સાત દિવસ પૂરા થવા આવ્યા, શુકદેવજી મહારાજને જવાનો સમય થયો ત્યારે તેમણે પરીક્ષિતને છેલ્લી વાત કહી. હે રાજા! હવે તું મરવાનો નથી. કોઈ તક્ષક તને મારી શકશે નહીં. કારણ કે તેં ભક્તિનું અમૃત પીધું છે, સાક્ષાત્ ભગવાનનું રસપાન કર્યું છે. આ સાંભળી પરીક્ષિત રાજા રોમાંચિત થઈ ગયા. તેમના અંતઃ કરણમાં આનંદ આનંદ છવાઈ ગયો. શ્રીશુકદેવજીના ચરણોમાં તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. તેમણે કહ્યું: હે દેવ! આપની કરુણાથી હું સિદ્ધ બન્યો છું. આપે મને અમૃતરૂપ ભગવાન સંભળાવ્યા છે તેથી હું સિદ્ધ થયો છું. મેં શબ્દો નથી સાંભળ્યા, કથાવાર્તા નથી સાંભળી, મેં ભગવાનને સાંભળ્યા છે.

આવાં અલૌકિક ભક્તિ અને ભગવાન જેની અંદર બિરાજતા હોય એને અમૃતનો સમુદ્ર કહેવાય. માટે શ્રીભાગવત અમૃતનો સમુદ્ર છે.

મોતી શોધવા મરજીવાઓ દરિયાના કિનારે છબછબિયાં કરતાં નથી. તેઓ સમુદ્રની ઊંડાઈમાં ડૂબકી મારે છે. આમ શ્રીમહાપ્રભુજીએ પણ ભાગવતરૂપી અમૃત-સમુદ્રનું ઊંડાણથી મંથન કર્યું છે, શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો: સર્વ

શાસ્ત્રો શ્રીભાગવતજીમાં બિરાજે છે, એટલે બધાં શાસ્ત્રોનું મંથન કરવાની જરૂર નથી. શ્રીભાગવતજીના મંથનથી બધાં શાસ્ત્રોનું મંથન આપોઆપ થશે. આથી આપે વેદ ઉપર ભાષ્ય ન રચ્યું. ઉપનિષદો કે ગીતા ઉપર પણ ભાષ્ય ન રચ્યું. આપે શ્રીભાગવત ઉપર ભાષ્ય રચ્યું. એનું નામ શ્રીસુબોધિનીજી. શ્રીભાગવતનું મંથન કરી. શ્રીવલ્લભે સાત પ્રકારે શ્રીભાગવતના અર્થ સમજાવ્યા. ચાર અર્થ શ્રીભાગવતાર્થ નિબંધમાં આપ્યા અને ત્રણ અર્થ શ્રીસુબોધિનીજીમાં આપ્યા. શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયની સમીક્ષા ભાગવતાર્થ નિબંધમાં છે. વાક્ય, પદ અને અક્ષરની સમીક્ષા શ્રીસુબોધિનીજીમાં છે.

શ્રીવલ્લભની ઈચ્છા સમગ્ર શ્રીભાગવતજીનું મંથન કરી, બધું નવનીત પ્રગટ કરવાની હતી. પરંતુ શ્રીઠાકોરજીએ વિચાર કર્યો કે ભાગવતજીનું બધું નવનીત પચાવવાની શક્તિ આધુનિક જીવોમાં નથી. માખણ મળે તો પણ તેને પચાવવાની શક્તિ જોઈએ, નહીં તો અપચો થઇ જાય. આથી બે વખત શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભને આજ્ઞા કરીઃ હવે આપ શ્રીભાગવતનું મંથન કરવાનું બસ કરો. શ્રીશુકદેવજી મહારાજ પણ પરીક્ષિત રાજા પાસે શ્રીભાગવતનું રહસ્ય ખોલતા હતા ત્યારે રાજાની બુદ્ધિમાં શ્રદ્ધાને બદલે સંશય પ્રવેશતાં શુકદેવજી મૌન થઇ ગયા. આટલી ઉંચી કોટિના જ્ઞાની વૈરાગી એવા પરીક્ષિત પણ પૂછી બેઠા કે શ્રીકૃષ્ણે પારકી સ્ત્રીઓ સાથે આવી લીલા કેમ કરી? શુકદેવજી સમજી ગયા કે પરીક્ષિતને હજુ કૃષ્ણતત્ત્વનું અને કૃષ્ણસ્વરૂપનું જ્ઞાન થયું નથી. શુકદેવજી પોતાની વાણીને ફેરવી લીધી.

એમ શ્રીમહાપ્રભુજીએ એકથી ત્રણ સ્કંધ ઉપર શ્રીસુબોધિનીજી લખ્યાં. શ્રીઠાકોરજી વારંવાર થોભી જવાની આજ્ઞા કરવા લાગ્યા. એટલે ચોથો સ્કંધ છોડી સીધા દશમા સ્કંધ ઉપર લખવાની શરૂઆત કરી. દશમો સ્કંધ પૂરો કર્યો. ૧૧ મો સ્કંધ ચાલુ કર્યો, ત્યાં શ્રીઠાકોરજીની છેલ્લી આજ્ઞા થઈ. તેથી ભાગવતના મંથનનું કાર્ય અધૂરું રહ્યું. શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ ધારણ કર્યો અને નિત્યલીલામાં પધાર્યા.

શ્રીચાચા ગોપેશ્વરજીએ સર્વોત્તમજીની ટીકામાં લખ્યું છે કે જયારે શ્રીમહાપ્રભુજીએ ભાગવતરૂપી સમુદ્રનું મંથન કર્યું ત્યારે તેમાંથી અનેક આનંદમય સિદ્ધાંતો પ્રગટ થયા, એ સર્વનું સારતત્ત્વ રાસલીલા છે. શ્રીમહાપ્રભુજીના આ સિદ્ધાંતો ભગવદીયોને આજે પણ આનંદનું દાન કરે છે. આવા શ્રીવલ્લભને આપણે દંડવત્ પ્રણામ કરીએ.

અહીં શ્રીગુસાંઇજીએ ક્ષમ: શબ્દ વાપર્યો છે. ક્ષમ એટલે સમર્થ. દેવો અને દાનવોના સમુદ્રમંથન વખતે મંદરાચલ પર્વત જળમાં ઊંડોને ઊંડો ઊતરતો હતો. ત્યારે ભગવાને સ્વયં સમુદ્રનું મંથન કર્યું. પહેલાં ઝેર નીકળ્યું, પછી રત્નો નીકળ્યાં અને છેલ્લે અમૃત નીકળ્યું. શ્રીગુસાંઇજી કહે છે શ્રીમહાપ્રભુજી પણ આવા સર્વસમર્થ છે, માટે આપે એકલા હાથે ભાગવતનું મંથન કર્યું. ભાગવતજી ઉપર અનેક વિદ્વાનોની ટીકાઓ છે. પણ જે રસ શ્રીમહાપ્રભુજી પ્રગટ કરી શક્યા તે બીજા કોઇ પ્રગટ કરી શક્યા નથી. શ્રીભાગવતનું હૃદય દશમ સ્કંધ છે. દશમ સ્કંધમાં તામસ ફળ પ્રકરણ છે. એમાં રાસપંચાધ્યાયી છે. તે શ્રીભાગવતનો અલભ્ય રસ છે. શ્રીભાગવતનું ફળ છે. જેમ સમુદ્રમાંથી નીકળેલું અમૃત ભગવાને દેવોને પાયું એમ આ રાસલીલાનું અમૃત શ્રીમહાપ્રભુજીએ પોતે પીધું અને પોતાના ભક્તોને પાયું એમ આગળના નામથી સમજાવે છે. શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાય નમ: ।

(૪૨) 'તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ:' = તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહાય નમ: = શ્રીભાગવતના સારરૂપ રાસસ્ત્રીભાવથી પૂર્ણ જેમનું સ્વરૂપ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

અલૌકિક તત્ત્વો માટે લૌકિક શબ્દો વપરાતા નથી. લૌકિકમાં શરીરને તન કે દેહ કહેવાય. જ્યારે શ્રીઠાકોરજીનું શરીર એમ ન કહેવાય. શ્રીઠાકોરજીનું સ્વરૂપ અથવા શ્રીઠાકોરજીનો શ્રીવિગ્રહ એમ કહેવાય. આપણામાં શરીર અને આત્મા અલગ છે. ભગવાનમાં એ બંને અલગ નથી. એકરસ, એકરૂપ છે. આપણું શરીર પ્રાકૃત છે, તેની અંદરનો આત્મા ચિન્મય છે. પ્રભુનું બાહ્ય સ્વરૂપ અને ભીતરનું સ્વરૂપ બધું અલૌકિક એકરૂપ છે. તેથી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ માટે અહીં વિગ્રહ શબ્દ વાપર્યો છે.

શ્રીવલ્લભે ભાગવતરૂપી સમુદ્રનું મંથન કર્યું છે. એમાં વિશેષરૂપે રાસલીલાનું મંથન કર્યું. આ રાસલીલાના મંથનમાં ઘણાં રત્નો પ્રાપ્ત થયાં. શ્રીવલ્લભે સમજાવ્યું કે સ્વરૂપ વિના રાસલીલા સંભવે નહિ, રાસ માટે પ્રિયા અને પ્રિયતમનું સ્વરૂપ જોઇએ. શ્રીવલ્લભે વિચાર કર્યો, હું કયું રૂપ ધારણ કરૂં? પ્રિયાનું કે પ્રિયતમનું? એમાં વધુ ફાયદો શામાં છે? દેખીતી રીતે એમ લાગ્યું કે પ્રિયતમનું રૂપ ધારણ કરવામાં વધારે આનંદ આવે, કારણ કે અનંત પ્રિયાઓ એમના ચરણમાં પોતાનું

સર્વસ્વ અર્પણ કરે. શ્રીમહાપ્રભુજીએ રાસપંચાધ્યાયીના મંથનમાં એવું વિચાર્યું કે પ્રભુની પ્રિયાઓએ તો તેમનું સર્વસ્વ સમર્પણ કર્યું છે, પરંતુ એ સમર્પણ કરતાં પ્રિયતમ પ્રભુનું સમર્પણ મોટું છે. ભગવાન પોતે ભક્તોને સમર્પિત થઈ જાય એ ઘણું મોટું સમર્પણ છે, માટે શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો કે હું પ્રિયા સ્વરૂપ ધારણ કરું.

પ્રિયા સ્વરૂપનો ભાવ ધારણ કરવામાં જે આરાધના આનંદ મળે છે તે પ્રિયતમનો ભાવ ધારણ કરવામાં મળતો નથી. પ્રિયા ભાવમાં સંયોગનો અને વિપ્રયોગનો આનંદ મળે છે. શ્રીઠાકોરજી ક્યારેય રડ્યા નથી. રડવાનું તો હંમેશાં ગોપીજનોને જ રહ્યું છે. આથી શ્રીમહાપ્રભુજીએ નક્કી કર્યું કે રાસમાં રહેલું છે તે ગોપીરૂપે મને પ્રાપ્ત થશે. આથી, આપે પોતાના અંગેઅંગમાં સ્વામિનીભાવ ધારણ કર્યો.

વેણુગીતના સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ એક ગુપ્ત વાત કહી. રાસસ્ત્રીભાવ એટલો મહાન છે કે શ્રીઠાકોરજીએ પણ પોતાના સ્વરૂપની ભીતરમાં ગૂઢ સ્ત્રીભાવ ધારણ કર્યો છે. શ્રીઠાકોરજીને થયું કે આ ગોપીજનોમાં સમર્પણરૂપી ધર્મલક્ષણ છે. જેના દ્વારા અનંત ભાવોથી તેઓ પ્રિયતમને તો રિઝાવે છે. હું કોઈકવાર એવો ગોપીભાવ કેમ ધારણ ન કરી લઉં? આવો વિચાર કરીને શ્રીઠાકોરજી કોઈકવાર રાસસ્ત્રીભાવથી ભરપૂર બની જાય છે. શ્રીમહાપ્રભુજીને સ્ત્રીગૂઢભાવ ઘણો પ્રિય છે. કારણ કે શ્રીઠાકોરજીને પણ તે ભાવ પ્રિય છે.

સ્ત્રીગૂઢભાવ ધારણ કરવાથી શ્રીઠાકોરજી સાથે બોલવાનો, ખેલવાનો, લડવા-ઝઘડવાનો, મદલીલા અને માનલીલા કરવાનો ઘણો આનંદ આવે છે. માટે શ્રીવલ્લભે રાસસ્ત્રીભાવ ધારણ કર્યો છે.

આપના કેટલાક કૃપાપાત્ર જીવોને આ સ્વરૂપનાં આપે દર્શન પણ કરાવ્યાં છે. એમાંના એક શ્રીરામદાસજી હતા. શ્રીમહાપ્રભુજીએ તેમનાં નેત્રોમાં કૃપારૂપી અંજન આંજ્યું. તેથી તેમને આ સ્વરૂપનાં દર્શન થયાં. બાકી તો સામાન્ય ભક્તોને શ્રીમહાપ્રભુજીનાં દર્શન પુરુષરૂપે અને આચાર્યરૂપે થાય છે. યુગલસ્વરૂપે શ્રીમહાપ્રભુજીનાં દર્શન રામદાસજી, દમલાજી કે પદ્મનાભદાસજી જેવા વિરલ ભક્તોને જ થાય છે. રામદાસજી કહે છે કે શ્રીવલ્લભ પોતાના ઉરમાંથી પ્રગટ થયેલા પ્રિયતમ સાથેના લીલારસમાં ભિંજાયેલા રહે છે. આપના રોમરોમમાં કોટિ કોટિ રાસ રમાડે છે. શ્રીયમુનાજીમાં જેટલા તરંગો અને રજકણો છે એટલી

રાસલીલાઓ શ્રીમહાપ્રભુજીના રોમરોમમાં રમાઇ રહી છે. સ્ત્રીગૂઢભાવ ધારણ કરી શ્રીવલ્લભ સદાય એ રસમાં મસ્ત રહે છે. આવા રાસસ્ત્રીભાવપૂરિત શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ.

રાસસ્ત્રીભાવથી શ્રીમહાપ્રભુજી ભગવદીયોને સતત સમર્પણ, શ્રદ્ધા, સ્નેહ અને સેવા એ ચારનો આનંદ આપે છે. નિગૂઢ ભાવાત્મક તત્ત્વોનું પણ દાન કરે છે. જે પોતે અનુભવે અને બીજાને આપે તે સમર્થ કહેવાય. જે અનુભવે પણ બીજાને ન આપે તે અસમર્થ કહેવાય. શ્રીમહાપ્રભુજીનું આવું સામર્થ્ય શીખવવા શ્રીગુસાંઇજી હવે પછીનું નામ કહે છે. રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહાય નમઃ ।

શ્લોક-૧૭ :

સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમાવિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥

શબ્દાર્થ:

(૪૩) સાન્નિધ્યમાત્રદતશ્રીકૃષ્ણપ્રેમા = પોતાના સાન્નિધ્ય માત્રથી ભક્તોને શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરનારા **(૪૪) વિમુક્તિદઃ** = વિશેષમુક્તિ અપાવનારા **(૪૫) રાસલીલૈકતાત્પર્યઃ** = રાસલીલાના એકમાત્ર ધ્યેયવાળા **(૪૬) કૃપયૈયતત્કથાપ્રદઃ** = કૃપા કરી કૃષ્ણકથાનું ફળ આપનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૪૩)'સાન્નિધ્યમાત્રદતશ્રીકૃષ્ણપ્રેમા' = સાન્નિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમ્ણે નમઃ = પોતાના સાન્નિધ્યમાત્રથી શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

જેમ સૂર્યનું સાનિધ્ય તાપ આપે છે, ચંદ્રનું સાન્નિધ્ય શીતળતા આપે છે એમ શ્રીમહાપ્રભુજીનું સાન્નિધ્ય શ્રીકૃષ્ણપ્રેમનું દાન કરે છે. જેમ કપડું ભીનું હોય તો બીજા સૂકાં કપડાંને તેના સંબંધથી ભીનું કરે છે. એવી રીતે શ્રીવલ્લભ શ્રીકૃષ્ણપ્રેમરસથી તરબોળ છે માટે જે જીવ શ્રીવલ્લભના સંબંધમાં આવે છે, તેમનો સેવક થાય છે, તેને પણ શ્રીવલ્લભ શ્રીકૃષ્ણરસથી ભીનો કરે છે. કપડું એકદમ ભીનું હોય તો તરત જ કોરા કપડાને ભીંજવી દે, તેમ શ્રીવલ્લભ શ્રીકૃષ્ણપ્રેમરસથી એટલા છલકાય છે કે તેમના શરણે આવેલા જીવોને તરત જ પ્રેમરસથી ભીંજવી દે છે.

બીજા ગુરુઓ નીચોવેલા વસ્ત્ર જેવા હોય છે. તેઓ ઉપદેશ આપે છે ત્યારે આપણા અંતઃકરણમાં કંઈક જ્ઞાન થાય છે. પણ પ્રેમ જાગતો નથી. જ્યાર શ્રીમહાપ્રભુજીનો પુણ્ય પ્રતાપ એવો છે કે તેમને કંઇ બોલવાની, ઉપદેશ આપવાની જરૂર પડતી નથી. આપના સાન્નિધ્ય માત્રથી જીવમાં કૃષ્ણપ્રેમ પ્રગટે છે.

આપનાં નેત્રો જ્યારે બંધ હોય ત્યારે બિડાયેલાં કમળ જેવાં લાગે છે. આપનું અગ્નિસ્વરૂપ એકદમ તપેલા તાંબા જેવું લાગે છે. આપનું શ્યામ મુખારવિંદ નીચે ઊતરી આવેલા વાદળ જેવું લાગે છે. વિચાર કરો, એક બાજુ આપ વાદળ જેવા છે અને બીજુ અગ્નિ જેવા છે. વાદળ અને અગ્નિનો સંયોગ એટલે વાદળ અને વીજળીનો સંયોગ. ભક્તો જ્યારે ટગર-ટગર આ સ્વરૂપનું ધ્યાન ધરે છે ત્યારે આપ ભક્તોને સાક્ષાત્ નંદનંદનના ઘનશ્યામ સ્વરૂપનો અનુભવ કરાવે છે. અગ્નિની પીળી જવાળાઓ આપના સ્વરૂપમાં પીતવર્ણા શ્રીરાધિકાજીનું દર્શન કરાવે છે. જ્યારે ભક્તો ટગર-ટગર નેત્રે શ્રીમહાપ્રભુજીનાં બિડાયેલાં નેત્રકમળોનું દર્શન કરે છે ત્યારે શ્રીમહાપ્રભુજીનાં નેત્રકમળ ખૂલી જાય છે અને તેમાં શ્યામસુંદર શ્રીયમુનાજીની અનંત અનંત લીલાઓનાં દર્શન થાય છે. શ્રીમહાપ્રભુજીનું હૃદયકમળ પણ ત્યારે ખૂલી જાય છે. એ હૃદયકમળમાં સહસ્ર વ્રજભક્તોના લીલાપરિકર સાથે બિરાજતા શ્રીઠાકોરજીની અનંત અનંત લીલાઓનાં દર્શન થાય છે. આથી ભક્તો રોમાંચિત થઇ જાય છે. શ્રીમહાપ્રભુજી આવી રીતે પોતાના સાન્નિધ્યમાત્રથી ભક્તોને કૃષ્ણપ્રેમનું દાન કરે છે.

એકવાર આપ બદ્રિકાશ્રમની યાત્રાએ પધાર્યા હતા. ત્યાં હાડકાના મોટા મોટા ઢગલા પર્વત જેવા દેખાયા. કૃષ્ણદાસજીએ પૂછયું: 'આ બધું શું છે?' શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'બદ્રિકાશ્રમમાં બે ભક્તો યુગોયુગોથી તપ કરી રહ્યા છે કે જેથી તેમને કૃષ્ણભક્તિ મળે. અનેક જન્મો સુધી તપ કરવા છતાં તેમને કૃષ્ણભક્તિ મળી નથી. તેમનાં અનેક જન્મોનાં શરીરોનાં હાડકાંનો પર્વત જેટલો ઢગલો થયો છે કૃષ્ણદાસજીએ પૂછયું: મહારાજ, તેમને કૃષ્ણભક્તિ ક્યારે મળશે? શ્રીમહાપ્રભુજીએ હસીને કહ્યું: 'આટલે દૂર આ નિર્જન જગ્યામાં અમે તેમના માટે જ આવ્યા છીએ. જે ગુફામાં આ તપસ્વીઓ તપ કરતા હતા ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા. ગુફાના અંધકારમાં આનંદનો પ્રકાશ થયો. તપસ્વીઓ દર્શન કરવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીના કમળલોચનમાંથી કરુણાના ધોધ વહી રહ્યા હતા. તપસ્વીઓને દર્શનમાત્રથી કૃષ્ણ-પ્રેમની પ્રાપ્તિ થઇ ગઇ છે. તપસ્વીઓએ વિચાર કર્યો કે શ્રીમહાપ્રભુજીએ નથી અમારા મસ્તકે હાથ મૂક્યો, નથી ઉપદેશના બે શબ્દો કહ્યા, છતાં અમને કૃષ્ણભક્તિ મળી. એ આપની જ કૃપા

છે. તેમણે ત્યાં જ દેહ છોડી દીધો. બીજા જન્મમાં તેઓ આન્યોરમાં વ્રજવાસીને ત્યાં બાળકરૂપે જન્મ્યા અને શ્રીગિરિરાજજીની તળેટીમાં શ્રીનાથજી બાવાની સાથે ખેલવા લાગ્યા.

આમ, શ્રીમહાપ્રભુજીએ તેમને તપસ્વીજીવનથી મુક્ત કર્યા. પૃથ્વી ઉપર લીલાનો અનુભવ કરાવ્યો. આપ આન્યોર પધાર્યા ત્યારે આ બંને બાળકોને ઓળખી લીધા. એમના માબાપને બોલાવી આપે આજ્ઞા કરી : આ બંને કૃષ્ણના સખા છે. તેમને હું બ્રહ્મસંબંધ આપું છું. તેથી તેમનું આ શરીર છૂટી જશે અને તેઓ લીલામાં પ્રાપ્ત થશે. આ જાણતાં તેમના માતા-પિતાને ઘણો આનંદ થયો. શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું. નિત્યલીલાની પ્રાપ્તિ કરાવી.

શ્રીગુસાંઇજીએ આ નામમાં શ્રીકૃષ્ણ શબ્દ વાપર્યો છે. શ્રી એટલે સ્વામિની ભાવ અને કૃષ્ણ એટલે ભગવદ્‌ભાવ. શ્રીમહાપ્રભુજી આ બંને ભાવરૂપી સંયોગરસ અને વિપ્રયોગરસનું દાન કેવળ પોતાના સાન્નિધ્યથી કરે છે. એવા શ્રીવલ્લભને આપણે વંદન કરીએ.

મર્યાદામોક્ષ કરતાં પુષ્ટિમાર્ગીયમોક્ષ અલગ છે. મર્યાદામોક્ષમાં જીવ અક્ષરબ્રહ્મમાં લીન બની જાય છે. જ્યારે પુષ્ટિમોક્ષમાં તે નિત્યલીલાનું સ્વરૂપ પ્રાપ્ત કરી પ્રભુની લીલામાં પ્રવેશે છે અને લીલારસનો સાક્ષાત્ અનુભવ લે છે. આવી વિશિષ્ટ પ્રકારની પુષ્ટિમુક્તિ આપનારા શ્રીમહાપ્રભુજી છે. એમ સૂચવવા હવે તેમનું આગળનું નામ કહે છે. સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમ્ણે નમઃ ।

(૪૪) 'વિમુક્તિદઃ' = વિમુક્તિદાય નમઃ = વિશિષ્ટ, મુક્તિ અપાવનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

હમણાં જ આપણે બે તપસ્વીઓનો પ્રસંગ જોયો. શ્રીમહાપ્રભુજીએ તેમને વ્રજવાસી તરીકેના તેમના બીજા જન્મમાં બ્રહ્મસંબંધ કરાવી, તરત જ નિત્યલીલામાં મોકલી આપ્યા હતા. એવી રીતે ચોર્યાસી વૈષ્ણવોમાં આગ્રાના જીયદાસ સુરી નામના વૈષ્ણવ થઇ ગયા. તેઓ ન્યાયાધીશ હતા. ન્યાય આપવાનું એમના હાથમાં હતું. એકવાર આગ્રામાં એક બ્રાહ્મણબાઇને એક મુસલમાન સાથે ઝઘડો થયો. મુસલમાને થોડા પૈસા આપી, જીયદાસને ફોડ્યા. તેમણે વિધવા બ્રાહ્મણ બાઇ તરફ અન્યાય કર્યો. આ બ્રાહ્મણીએ તેમને શાપ આપ્યો. જીયદાસના શરીરે કોઢ નીકળ્યો. જીયદાસને ઘણો પસ્તાવો થયો. મનમાં વૈરાગ્ય જાગ્યો. તેઓ રોજ શ્રીયમુનાજીને કિનારે જઇને બેસે અને પોતાના અપરાધનો પશ્ચાત્તાપ કરે.

એક દિવસ શ્રીમહાપ્રભુજી આગ્રા પધાર્યા. શ્રીયમુના કિનારે આપ સંધ્યાવંદન કરવા પધાર્યા. જીયદાસે આપનાં દર્શન કર્યાં, અને સેવક કરવા વિનંતી કરી. દર્શન થતાં જ જીયદાસને પોતાના નિત્યલીલાના સ્વરૂપનું અનુસંધાન થયું. ભવોભવથી ભગવાનથી વિખૂટો પડેલો હું જીવ છું એવું જ્ઞાન થયું. શ્રીમહાપ્રભુજીએ જીયદાસને શરણે લીધા. સેવા કરવા માટે શ્રીલાડીલેશજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. જીયદાસજીએ તેમની સેવા એક જ દિવસ કરી. એક જ દિવસમાં તેમને તનુવિત્તજાની સાથે સાથે માનસી સેવા પણ સિદ્ધ થઈ ગઈ. હૃદયમાં ભરપૂર તાપભાવ જાગ્યો. સર્વાત્મભાવ એટલો વધ્યો કે સેવામાંથી બહાર આવતાં જ શ્રીઠાકોરજીનો વિયોગ સહન ન થતાં, તેમણે તેમનો દેહ છોડી દીધો. શ્રીમહાપ્રભુજીએ તેમને નિત્યલીલામાં મોકલી આપ્યા. આમ શરણે આવેલા બધા જીવોને શ્રીમહાપ્રભુજી કૃપા કરી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવે છે. પુષ્ટિજીવને નિત્યલીલાની પ્રાપ્તિ થાય એ જ પુષ્ટિમુક્તિ છે. આવી પુષ્ટિમુક્તિ પ્રાપ્ત કરાવનાર શ્રીમહાપ્રભુજીએ આપણે વંદન કરીએ. વિમુક્તિદાય નમઃ ।

(૪૫) 'રાસલીલૈકતાત્પર્યઃ' = રાસલીલૈકતાત્પર્યાય નમઃ = રાસલીલાનું તાત્પર્ય પ્રગટ કરનારા શ્રીમહાપ્રભુજી એકમાત્ર છે, હું તેમને નમન કરું છું.

રાસલીલાના તાત્પર્યને પ્રગટ કરવા માટે શ્રીમહાપ્રભુજી સતત પ્રયત્ન કરે છે. રાસલીલાનો રસ ભૂતળમાં પ્રગટ કરવા માટે તો આપનું પ્રાગટ્ય છે. શ્રીભાગવત ઉપર મોટા મોટા મહાત્માઓએ ઘણી ટીકાઓ લખી છે. છતાં રાસલીલાનું રહસ્ય પૂરેપૂરું એમની સમજમાં આવ્યું નથી. જેવું રાસલીલાનું રહસ્ય શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું છે એવું રહસ્ય આજ સુધી બીજું કોઈ સમજાવી શક્યું નથી.

શ્રીઠાકોરજી ત્રણ રીતે લીલા કરે છે. (૧) મૂળ લીલા (૨) નિત્યલીલા અને (૩) ભૂતળ પરની લીલા. આમાં ભૂતલ ઉપર ત્રણ રીતે લીલા કરે છે. ધર્મ સ્વરૂપની લીલા, ધર્મી સ્વરૂપની લીલા અને નામ લીલા. ધર્મ ધર્મી સ્વરૂપે એક પ્રકારની લીલા કરે છે. તેમાં સંયોગ અને વિપ્રયોગ લીલાનો સમાવેશ થાય છે. આ રૂપલીલા છે. બીજી લીલા નામલીલા છે. અને ત્રીજી લીલા બાહ્ય અને આંતરરૂપે અનુભવાતી લીલા છે. રાસલીલામાં ફલપ્રકરણમાં આ ત્રણેય લીલાઓનું તાત્પર્ય શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું છે.

એક ભગ્વદીય વ્રજમાં રહેતા હતા. તેમણે કહ્યું કે રાસલીલાનું તાત્પર્ય રાસપંચાધ્યાયી સુધી જ છે એવું સમજવાનું નથી. આ રાસલીલાને સમજવા માટે આપણે ભ્રમરગીત સુધી જવું પડશે. રાસપંચાધ્યાયીના પાંચ અધ્યાય, યુગલ ગીતનો એક અધ્યાય અને ભ્રમરગીતના બે અધ્યાય સુધી જવું પડશે. આટલા અધ્યાય ભેગા કરો ત્યારે રાસલીલાનું તાત્પર્ય સમજી શકો. તો જ તમે પ્રભુનું રસસ્વરૂપ સમજી શકો.

શ્રીઠાકોરજી જે પ્રત્યક્ષ લીલા કરે છે તે બાહ્ય લીલા છે. એ બાહ્ય લીલામાં તેમના ધર્મ સ્વરૂપનો અનુભવ થાય છે. લઘુરાસ એ ધર્મ સંયોગ છે. મહારાસ ધર્મી સંયોગ છે. યુગલગીતની લીલા એ ધર્મ વિપ્રયોગની લીલા છે. ભ્રમરગીતની લીલા એ ધર્મી વિપ્રયોગની લીલા છે. શ્રીઠાકોરજી આપણી નજર સામે પણ રાસ રમે છે. જેનાં દર્શન આપણે શરદપૂર્ણિમાની રાત્રે સેવામાં કરીએ છીએ. ભગવદીયોએ એ લીલાનાં કીર્તનો ગાયાં છે. એ કીર્તનોનું શ્રવણ અને રાસલીલાનું દર્શન બાહ્યરસ છે. શ્રીઠાકોરજી ભક્તોના અંતઃકરણમાં પણ રાસ રમે છે. જેમ એક સમુદ્રમાં અનેક તરંગો ઉત્પન્ન થાય તેમ ભક્તના હૃદયમાં સતત પ્રભુની અનંત રાસલીલાઓ ચાલતી હોય છે. આ રાસલીલાનો આંતરસંયોગ અને આંતરવિપ્રયોગ છે. એનું તાત્પર્ય પ્રગટ કરવા માટે રાસસ્ત્રીભાવથી ભરપૂર શ્રીવલ્લભ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. શ્રીમહાપ્રભુજીના આ રાસવિહારી સ્વરૂપને ઓળખીને શ્રીગુસાંઈજી મહારાજે નામ આપ્યું 'રાસલીલૈક્તાત્પર્યાય નમઃ' શ્રીવલ્લભ રાસલીલાના રસમાં સદૈવ મસ્ત રહે છે અને એ રસનું પાન ભગવદીયોને કરાવે છે. પીવું અને પીવડાવવું આ બંને આનંદનું કાર્ય છે માટે હવે શ્રીગુસાંઈજી મહારાજ એ સ્વરૂપનું નિરૂપણ કરતાં એક નવું નામ આપે છે. રાસલીલૈક્તાત્પર્યાય નમઃ ।

(૪૬) 'કૃપયૈતત્કથાપ્રદઃ' = કૃપયૈતત્કથાપ્રદાય નમઃ = શ્રીમહાપ્રભુજી કૃપા કરીને રાસલીલાની આવી કથાનું દાન આપે છે, એમને હું નમન કરું છું.

આ રાસલીલાની કથા શ્રીમહાપ્રભુજી અંતરંગ ભક્તોને સંભળાવે છે. શ્રીગુસાંઈજી મહારાજે કથા કહી એમ કહેવાને બદલે કથા આપી એમ કહ્યું, કથા સંભળાવાય, કથા અપાય કેવી રીતે? શ્રીમહાપ્રભુજી કથાનું દાન કરે છે. એમાં પણ 'દ' શબ્દની આગળ 'પ્ર' ઉપસર્ગ મૂક્યો, એટલે કે ખૂબ સારી રીતે દાન કરે છે. એની સ્પષ્ટતા શ્રીગોકુલનાથજીએ ટીકામાં કરી છે.

શ્રીમહાપ્રભુજી અંતરંગ ભક્તોને કથાનું શ્રવણ કરાવે છે, સાથે સાથે કથામાં બિરાજમાન શ્યામસુંદર સાથે એમનો સંબંધ પણ કરાવે છે. કથાનું શ્રવણ કરાવવું એ પરોક્ષ આનંદ છે. પ્રભુ સાથે સાક્ષાત્ સંબંધ કરાવવો એ પ્રત્યક્ષ આનંદ છે. કથા-શ્રવણનો આનંદ શ્રોતાનંદ અથવા શ્રવણાનંદ છે. સંબંધનો આનંદ સંબંધાનંદ છે.

આપણે આ શરીર અને નેત્રોથી રાસલીલાનાં દર્શન કર્યાં નથી. રાસલીલાની અલૌકિકતા આપણે સમજી શકતા નથી. તેથી તેને આપણે વર્ણવી પણ શકતા નથી. જેણે એ દર્શન કર્યું હોય તે જ તેની કથા સંભળાવી શકે છે. શ્રીવલ્લભને રાસલીલાનું કેવળ દર્શન નથી, રાસલીલાનો સાક્ષાત્ સંબંધ અને અનુભવ છે. એથી શ્રીવલ્લભ જ આપણને રાસલીલાની કથાનું ઉત્તમ શ્રવણ કરાવી શકે છે. શ્રીમહાપ્રભુજીની વાણીમાં રાસલીલાનો આનંદ પ્રગટ થાય છે. એ આનંદનું આપ ભક્તોને દાન આપે છે. માટે એમ કહ્યું કે આપ કથાનું સારી રીતે દાન કરે છે.

ગોલોકધામમાં પ્રભુની જે લીલા છે તે મૂળલીલા છે. ભૂતળના જીવો પર કૃપા કરવા સારસ્વત કલ્પમાં એ લીલા આપે ભૂતળમાં પ્રગટ કરી છે. ત્યારથી અલૌકિક સ્વરૂપથી એ લીલા નિત્ય છે. ભૂતળમાં અલૌકિક સ્વરૂપે આ લીલા નિત્ય હોવાથી તે નિત્યલીલા કહેવાય છે. પ્રભુ પોતાના અવતારકાળમાં આ લીલાનો અનુભવ સૌને કરાવે છે, ત્યારે એ ભૂમિલીલા અથવા ભૂતળલીલા કહેવાય છે. પ્રભુની ભૂમિલીલાનો અનુભવ એવા ભક્તોને થયો કે જેઓ પ્રભુની મૂળલીલા સાથે સંબંધ ધરાવનારા હતા. એટલે તે ગોલોકમાં પ્રભુની સાથે રહેનારા હતા. જેઓ ગોલોકના જીવો ન હતા, તેમને ભૂતળ ઉપર પ્રભુની ભૂમિલીલાનો કે નિત્યલીલાનો અનુભવ થતો નથી. એ અધિકાર કેવળ ગોલોકના જીવોનો જ છે. આપણે ભૂતળ ઉપર પ્રગટ થયા છીએ, પ્રભુની મૂળલીલાના જીવો છીએ, માટે એ લીલા સાથે આપણો કોઈ પ્રકારે સંબંધ છે. આથી શ્રીમહાપ્રભુજીએ આપણા લીલાસ્વરૂપનું અનુસંધાન કરાવ્યું છે. એ અનુસંધાન દ્વારા આપણને પ્રભુની નિત્યલીલાનું અનુસંધાન કરાવ્યું છે અને તે રીતે ભગવત્સ્વરૂપનું દાન કરે છે.

શ્રીવલ્લભને ક્યારેક ક્યારેક પોતાની ભૂતળલીલાનું વિસ્મરણ થઈ જતું. આપ નિત્યલીલાનું અનુસંધાન કરવામાં નિમગ્ન થઈ જતા. આથી આપ વારંવાર દમલાજીને આજ્ઞા કરતા કે દમલા! ભગવદ્વાર્તા કરે ઘણો સમય થઈ ગયો છે. ચાલો ભગવદ્વાર્તા કરીએ.

શ્રીમહાપ્રભુજી સ્વામિની સ્વરૂપ છે. દમલાજી લલિતા સ્વરૂપ છે. એ નિત્યલીલાના સંબંધને યાદ કરીને ભૂતળ ઉપર શ્રીમહાપ્રભુજી દમલાજી સાથે ભગવદ્વાર્તા કરે છે. ભગવદ્વાર્તા કરતાં કરતાં શ્રીમહાપ્રભુજીનાં નેત્રોમાં વિરહનાં અશ્રુઓનો પ્રવાહ વહે છે ત્યારે દમલાજી આપનાં નેત્રોના અશ્રુ લૂછે છે. આ ભગવદ્વાર્તા પરસ્પરના સખીભાવની વાર્તા છે. શ્રીમહાપ્રભુજીએ આ વાર્તા દમલાજી અને ગુરુશિષ્યના સંબંધથી કરી નથી. પરંતુ નિત્યલીલાના સખીભાવ સંબંધથી કરી છે. માટે શ્રીમહાપ્રભુજીનું નામ પડ્યું કૃપયૈતત્કથાપ્રદાય નમઃ ।

શ્રીમહાપ્રભુજીનો નિત્યક્રમ હતો, કે બપોર સુધી સેવા કરી, થોડો વિશ્રામ લઈ, વૈષ્ણવોની વચ્ચે બિરાજી વેણુગીત અને યુગલગીતની ભગવદ્વાર્તા કરવી. શ્રીમહાપ્રભુજી શ્રીભાગવત આદિનો પાઠ અને પારાયણ કરતાં. પોતાના ભક્તો સામે એના પ્રસંગોનું વચનામૃત પણ કરતા. પણ નિત્યનિયમથી તો વેણુગીત અને યુગલગીતની રસવર્ષા જ કરતા. વેણુગીત અને યુગલગીતમાં પ્રભુના ધર્મ અને ધર્મી સ્વરૂપોનું નિરૂપણ છે. એના દ્વારા સતત રાસલીલાનું રસવર્ષણ શ્રીમહાપ્રભુજી ભગવદીયો પર કરતા હતા.

આ રસવર્ષણ કરતાં કરતાં શ્રીમહાપ્રભુજી ભક્તોને ઉગ્ર વિરહતાપનું દાન આપે છે. એનો અનુભવ કરવા માટે ભક્તોને ભક્તિમાર્ગનો સંન્યાસ ધારણ કરવાની આજ્ઞા આપે છે. એ સમજાવવા શ્રીગુસાંઈજી બીજું નામ આપે છે. કૃપયૈતત્કથાપ્રદાય નમઃ ।

શ્લોક-૧૮

વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ ।
ભકત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ॥૧૮॥

શબ્દાર્થ :

(૪૭) **વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ** = વિરહના અનુભવ માટે જ સર્વત્યાગનો ઉપદેશ કરનાર (૪૮) ભકત્યાચારોપદેષ્ટાઃ = ભક્તિમાર્ગની રીતનો ઉપદેશ કરનારા (૪૯) કર્મમાર્ગપ્રવર્તકઃ = કર્મમાર્ગના પ્રવર્તક (શ્રીમહાપ્રભુજી છે.).

(૪૭) 'વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ' = વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકાય નમઃ = વિરહના અનુભવ માટે સર્વત્યાગનો ઉપદેશ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આ નામ સમજવા જેવું છે, તેમાં ભક્તિમાર્ગના સંન્યાસનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એ સંન્યાસનું સ્વરૂપ સમજાવવા માટે શ્રીમહાપ્રભુજીએ 'સંન્યાસ નિર્ણય' ગ્રંથ લખ્યો છે. શ્રીહરિરાયજીએ આ નામને સમજાવવા ઘણી કૃપા કરી છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી ઘરબાર છોડવાની આજ્ઞા આપતા નથી. આપે સમજાવ્યું કે સંન્યાસ બે પ્રકારનો છે. સાધનદશાનો સંન્યાસ અને ફળદશાનો સંન્યાસ. સાધન દશાના સંન્યાસને વિહિતસંન્યાસ કહેવામાં આવે છે. ફળદશાના સંન્યાસને અવિહિત સંન્યાસ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં બતાવ્યું છે તે વિહિત સંન્યાસ. શાસ્ત્રોએ સાધારણ રીતે બતાવ્યો નથી તે અવિહિત સંન્યાસ.

જીવ સાધનદશાનો સંન્યાસ લે ત્યારે જીવની સ્થિતિ કાચા ઘડા જેવી હોય છે. તે ઘરબાર છોડી સંન્યાસ લઇ વિશ્વમાં વિચરણ કરે તો કાચા ઘડામાં કાણા પડવાનો સંભવ રહે તેમ એ સંન્યાસીને વિષયાક્રાન્ત બનવાનો સંભવ રહે છે. વિષયાક્રાન્ત સંન્યાસી ફૂટેલા ઘડા જેવો બની જાય છે. ફૂટેલા ઘડામાંથી જેમ પાણી નીકળી જાય તેમ સંન્યાસીનું જ્ઞાન, ભગવત્ પ્રેમ વગેરે બધું વિષયાક્રાન્ત થવાથી નાશ પામે છે. સાધનદશામાં જીવે ઘણી સાવધાની રાખવાની રહે છે. કારણ કે ઘણી જાતના દુ:સંગો લાગે છે. ક્યારેક સંન્યાસી એવું વિચારે કે આ બધાથી બચવા હું એકલો હિમાલયની કોઇક ગુફામાં ચાલ્યો જઇશ અથવા કોઇ વનમાં પર્ણકૂટિ બાંધીને રહીશ. જો તે એવી રીતે રહેવા માંડે તો એવું પણ બને કે તે એકલો પોતાની અંદર ખવાઇ જાય. એકાંતમાં એની વાસનાઓ જ એને ભરખી જાય. કારણ કે એકાંતમાં વાસનાઓનું ધ્યાન કરવાનો એને અનુકૂળ સમય મળે છે.

ગીતાજીમાં ભગવાને અર્જુનને કહ્યું: હે અર્જુન! પહેલા માણસ તેની ઇન્દ્રિયોનું ધ્યાન કરે છે. તેમાંથી કેવળ વૈચારિક સુખ મેળવે છે. વૈચારિક સુખ મેળવતાં એને ઇન્દ્રિયોનું સુખ મેળવવાની લાલસા જાગે છે. માની લો કે આપણે કોઇક એકાંત સ્થાનમાં રહેતા હોઇએ. તે પહેલાં કોઇ જમણવારમાં ગયા હોઇએ, લાડુ ખાધો હોય, લાડુ ભાવ્યો હોય, અનાયાસે એકાંત સ્થાનમાં એ લાડુ આપણા માથા ઉપર સવાર થઇ જાય. એનું ચિંતન થવા લાગે કે લાડુની અંદર થોડી વધારે ખાંડ હોય તો સારું. લાડુમાં ગાયનું સુંદર તાજું ઘી વધારે નાંખીએ તો સારું. આમ તેના સ્મરણમાંથી આપણે વૈચારિક સુખ મેળવવા લાગીએ છીએ. વૈચારિક સુખથી આપણને તૃપ્તિ થતી નથી. મન ઇન્દ્રિયોનું સુખ ઇચ્છે છે. એટલે વિચાર આવે ક

હવે ક્યાંકથી લાડુ ખાવા મળે તો સારું. આપણે ગુફામાંથી બહાર આવ્યા. લાડુ માટે ભિક્ષા માંગવા નીકળ્યા. ભિક્ષા લેવા ગયા ત્યાં આપણાથી કહેવાઇ ગયું કે આજનો દિવસ મારા ભિક્ષાપાત્રમાં લાડુ મૂકશો તો ચાલશે. ભિક્ષા આપનાર માણસે કડક શબ્દોમાં ઠપકો આપ્યો કે : સંન્યાસી થઇને તમારે લાડવા ખાવાના છે? આ બધા શોખ સારા નથી. એ દિવસે લાડુ ન મળ્યો. વાસના એમની એમ રહી. તેને લઇને આપણને ક્રોધ ચઢ્યો. ગીતાજી કહે છે : કામની સ્ફૂર્તિમાથી લોભ જાગે છે અને ક્રોધ પણ જાગે છે. આપણને એટલો બધો ક્રોધ ચઢ્યો કે મેં ઘરબાર છોડ્યાં શું કરવાં? મારી માતા અને પછી મારી પત્ની હું કહું ત્યારે મને લાડુ બનાવી આપતી હતી! આ ક્રોધ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે તે મોહનું રૂપ ધારણ કરે છે. પછી આપણને સંન્યાસ લીધો એ ગમતું નથી. પાછો સંસાર ગમવા માંડે છે. ઇચ્છાની અપૂર્તિમાંથી જન્મેલું આ સંમોહનું સ્વરૂપ છે. એ જીવ એમાં એટલો બધો બંધાઇ જાય છે કે એને કોઇ ગુરુજી વેદાન્ત ભણાવે તો વેદાન્તમાં મન લાગતું નથી. તે બધું ભૂલી જાય છે. આ સંમોહ કોઇક દિવસ એની બુદ્ધિને ભ્રમમાં નાંખે છે. પરિણામે બુદ્ધિનો નાશ થાય છે.

આપણને લાડુ ન મળે તો વિચાર આવે કે હું ચોરી કરીને પણ ખાઇશ. આપણે લાડુ ચોરવા નીકળીએ એક હૉટલ દેખાય. માંગીએ તો કહે કે પૈસા છે? કદાચ હા પાડીએ, પણ પૈસા હોય નહિ. હૉટલવાળો અંદર જાય એટલે ટેબલ પર પડેલ થાળીમાંથી ચાર-પાંચ લાડુ ચોરી લઇએ અને ભાગી જઇએ.

આમ વાસનાનું સતત ચિંતન કરવાથી માણસનું જીવનમાં કેટલું બધું અધઃપતન થાય છે! બગડવાની અને પતનની શરૂઆત આપણા વિચારોમાં, મનમાં અને ઇચ્છાઓમાં જાગે છે. આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે : સાધન દશા ઉન્નતિના માર્ગે લઇ જવાને બદલે ક્યાંય સાધકને પતનની ખીણમાં ફેંકી દે છે. માટે એકાંત પણ સલામત નથી.

બીજી વાત કહી કે સંન્યાસીએ સતત પરિભ્રમણ કરવાનું છે, તેથી સંગદોષ લાગે છે. કારણ તેને દુનિયામાં સારા માણસો પણ મળે અને ખોટા માણસો પણ મળે. આનાં કરતાં તો પોતાનું ઘર શું ખોટું? કમસે કમ ઘરની ચાર દિવાલના નિયમોમાં તો રહેવાય!

ત્રીજી વાત એ કહી કે ગૃહસ્થ તરીકે માણસ જ્યારે જીવે છે ત્યારે તે સમાજમાં જીવે છે. તેના ઉપર તેના કુટુંબના, સમાજના, સંબંધીઓના અંકુશો

હોય છે. તે એકબીજાના સહારે જીવે છે, તેથી એકબીજાનો ડર રહે છે કે મારાથી કંઈક ખોટું થઈ ન જાય. મારું નામ બગડે નહિ. માણસ કદાચ ગમે તેવું ખોટું વિચારે ખરો, પણ આચારમાં મૂકતાં દશ વખત વિચાર કરે છે. હું પ્રતિષ્ઠિત માણસ છું, ઘરમાં, કુટુંબમાં મારી આબરૂ છે એટલે આવું પગલું મારાથી ન ભરાય. પણ સમાજના બંધનો તોડ્યાં, ઘરના બંધન કાપ્યાં, પછી સંન્યાસીને કોઈનો ડર રહેતો નથી. ત નિરંકુશ બની જાય તેવો સંભવ રહે છે. માટે આજ્ઞા કરી કે સાધનદશામાં ત્યાગ કરશો નહિ.

ચોથી વાત એ બતાવી કે સંન્યાસીને અન્નદોષ લાગે છે, કારણ સંન્યાસી પોતે રાંધીને ભોજન કરતો નથી. તે બીજાને ત્યાંથી ભિક્ષા માગીને ભોજન કરે છે. જેના ઘરમાં જેવું અન્ન હોય એવું એને ખાવું પડે છે. ક્યારેક તેને તામસી અન્ન મળે અને ક્યારેક રાજસ અન્ન મળે અને ક્યારેક સાત્ત્વિક અન્ન પણ મળે. ક્યારેક શુદ્ધ વિચારથી રાંધેલું અન્ન મળે અને ક્યારેક અશુદ્ધ વિચારથી રાંધેલું અન્ન મળે. કહેવત છે કે 'અન્ન એવો ઓડકાર'. અન્નમાંથી આ શરીર ભૌતિક રીતે બનેલું છે. એટલે જેવું અન્ન શરીરમાં ગયું હોય, એવા આધ્યાત્મિક વિચારો આવે. આથી શ્રીમહાપ્રભુજી સાધનદશાના સંન્યાસની ના પાડે છે.

પાંચમી વાત એ બતાવી કે કર્મમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં ત્યાગની જરૂર નથી. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્યારે આપણને પ્રભુનો વિરહ અને વિપ્રયોગની પરિસ્થિતિ સતત રહ્યા કરે ત્યારે આપણાથી ઘરબાર આપોઆપ છૂટી જાય છે. આ ત્યાગ ફળદશાનો ત્યાગ છે. તે સાચો અને પરમત્યાગ છે. માટે શ્રીવલ્લભે આજ્ઞા કરી : હે વૈષ્ણવો! દેશ અને વેશ બદલવાથી માણસ બદલાતો નથી. અત્યાર સુધી આપણે લાલ, લીલા કે સફેદ કપડાં પહેરતાં, હવે ભગવાં કપડાં પહેર્યા, કપડાં બદલવાથી કાળજું બદલાયું નથી. શ્રીશંકરાચાર્યે પણ વેશ અને કેશથી સંન્યાસીનો દેખાવ કરનારા દંભી સંન્યાસીઓની મજાક કરી છે. તેમણે કહ્યું કે આવા સંન્યાસીને બ્રહ્મની પ્રાપ્તિ નથી. પ્રભુના વિરહનો પ્રેમમાર્ગ સાધકને આપોઆપ સંન્યાસી બનાવે છે.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પણ આ વાત સમજાય છે. અતિ ઉત્કટ પ્રેમ અતિ વૈરાગ્યને જાગૃત કરે છે. માણસના મનમાં અનુરાગના ભાવની સાથે વૈરાગ્યનો ભાવ રહેલો છે. તમે એકને સ્વીકારવાની ઈચ્છા કરો, ત્યારે તમારે બીજાને છોડવાની તૈયારી રાખવી પડે. એક મ્યાનમાં બે તલવાર રહેતી નથી. જો

આપણા મનમાં કૃષ્ણ પ્રત્યે પ્રેમ છે તો એ મનમાં કામવાસના માટે પ્રેમ નહિ જાગે. જો કામવાસનામાં પ્રેમ હશે તો કૃષ્ણપ્રેમ નહિ જાગે. જેનામાં કૃષ્ણપ્રેમ જાગૃત થાય છે તેનામાંથી ઘરબાર, પત્ની પુત્ર વગેરે ઉપરનો પ્રેમ આપોઆપ છૂટી જાય છે. પછી તેને કૃષ્ણના વિરહનો જ અનુભવ થાય છે. પ્રભુના વિરહદશાનો અનુભવ માટે સંસારનો પ્રેમ છૂટી જવો ઘણો જરૂરી છે. જેમ જેમ આ વિરહદશાનો અનુભવ વધુને વધુ ઉત્કટ બને તેમ તેમ આપણું મન લૌકિકમાંથી વધારે વધારે ઉખડતું જાય. છેવટે એવો સમય આવે કે પ્રભુમાં સર્વાત્મભાવ જાગે. જેને વ્યસનાવસ્થા કહેવામાં આવે છે. એ સમયમાં આપણને પોતાનું ભાન રહેતું નથી. અંદર અને બહાર સર્વત્ર કૃષ્ણનો જ અનુભવ થાય. એ સ્થિતિમાં આપણે પ્રયત્નપૂર્વક ઘરબાર છોડવાની જરૂર રહેતી નથી. ઘરબાર આપોઆપ છૂટી જતાં હોય છે. પછી આપણે કૃષ્ણના માર્ગ ઉપર ભક્તિમાર્ગના સંન્યાસી બની ચાલીએ તો વાંધો નથી.

આપણી સામે ગોપીજનોનો આવો જ અનુભવ છે. આ ગોપીજનો પ્રેમમાર્ગના યાત્રીઓ છે. યુવાન છે, તેમને ઘરબાર, કુટુંબ પણ છે, તો તેમનામાં કેટલાંક કુંવારા પણ છે. તેમને એક જ લગની લાગી છે કે અમે તો કૃષ્ણના બનીને રહીશું. તેઓ ઘરમાં રહે છે, છતાં ઘરમાં નથી રહેતાં. તેઓ ઘરની તમામ વસ્તુઓને જુએ છે છતાં નથી જોતાં. કારણ કે એમનું મન કૃષ્ણરંગમાં રંગાયેલું છે. કૃષ્ણ સિવાય એમને બીજું કંઈ ગમતું નથી. આવો કૃષ્ણપ્રેમ જાગ્યો. ધીમે ધીમે આ પ્રેમમાંથી આસક્તિ જાગી. અને અંતે આસક્તિમાંથી વ્યસનાવસ્થા થઈ. વ્યસન અવસ્થા એટલે એવી સ્થિતિ કે જેમાં કૃષ્ણ વગર એક ક્ષણ પણ જીવાય નહિ. તેઓ નંદભવનમાં દર્શન કરીને આવે અને મનમાં સતત પરિતાપ લઈને આવે. ફરી પાછા ક્યારે દર્શન કરીશું? એમ કરતાં કરતાં શરદપૂનમની રાત આવી. પ્રભુએ તેમના વિરહતાપના નિવારણ માટે આપેલા વચનની રાત્રી આવી. શ્યામસુંદરે વેણુનાદ કર્યો. વેણુમાં એક એક ગોપીનું નામ લઈ, તેમને બોલાવવા લાગ્યા. પોતાનું નામ સાંભળતા, એટલો ઉત્કટ પરિતાપ થયો કે તેમને ભાન રહ્યું નહિ. શ્યામસુંદર પાસે પહોંચવાનું એક માત્ર જ્ઞાન રહ્યું. એમાં ઘર, કુટુંબ બધું છૂટી ગયું. પ્રેમમાર્ગના આ સંન્યાસીઓને ભગવા પહેરવાની કે માથું મુંડાવવાની જરૂર ન પડી. તેમણે તો સોળ શણગાર સજ્યા. સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. તન, મનથી સુધ-બુધ ભૂલી, જે દિશામાં વ્હાલાની વેણુ વાગતી હતી, તે દિશામાં તેઓ

દોડ્યાં. તેમનાં ઝાંઝરમાંથી શ્રીકૃષ્ણ:શરણં મમનો નાદ સંભળાતો હતો. એમનાં કંકણોના રણકારમાં કૃષ્ણના નામનો ધ્વનિ પ્રગટ થતો હતો. પ્રેમપંથના આ પ્રવાસીઓએ કૃષ્ણ માટે બધું છોડી દીધું. તેમનું બધું છૂટી ગયું ત્યારે કૃષ્ણનો સંગમ થયો.

શ્રીકૃષ્ણને લાગ્યું કે ગોપીજનોનો પરિત્યાગ પરિપૂર્ણ નથી. તેઓ બધું છોડીને આવ્યાં છે, પણ તેમનું અભિમાન છૂટ્યું નથી. ઘણીવાર એવું બને કે માણસ બધું છોડી દે. પરંતુ એ છોડવાનું અભિમાન વળગ્યું રહે. આપણે એમ કહીએ કે હું કંઇ લેતો નથી, તો તે પણ એક અભિમાન છે. એક સંન્યાસી બાવા કૃષ્ણ મંદિરમાં આવે. ભગવાનની સામે પગ ઉપર પગ ચઢાવીને બેસે. ભક્તોએ કહ્યું: 'બાવાજી, આ ભગવાનનું મંદિર છે, અહીં પગ ચઢાવીને બેસાય નહિ.' સાધુએ કહ્યું: 'તમને ખબર નથી, હું મોટો ત્યાગી છું.' ભક્તોએ કહ્યું : 'તેથી શું થયું? આ તો ભગવાનનું મંદિર છે.' સાધુ બોલ્યા 'હું ભગવાનને એ કહેવા જ આવ્યો છું કે મેં તમારા માટે ઘરબાર કુટુંબ બધું છોડી દીધું છે. 'એક ભક્તે કહ્યું: 'ખરેખર તમે બધું છોડ્યું છે?' બાવાજીએ કહ્યું: 'શું હું જુઠું બોલું છું? ખરેખર મેં બધું છોડી દીધું છે.' ભક્તે કહ્યું: 'તમે બધું છોડ્યું હશે, પણ અભિમાન છોડ્યું નથી. એટલે તો અહીં પગ ઉપર પગ ચઢાવીને બેઠા છો. 'માણસ બધું છોડી શકે છે, એનું અભિમાન છોડી શકતો નથી. સામાન્ય માણસના અભિમાન કરતાં ય સાધકનું અભિમાન વધારે હોય છે. શ્રીઠાકોરજી જાણે છે કે આ ગોપીજનો બધું છોડીને આવ્યાં છે, પણ થોડું અભિમાન લઇને આવ્યાં છે. એ અભિમાન ઉતારવા માટે તેમને વિરહવેદનાની જરૂર છે. લઘુરાસ શરૂ થયો. રાસ રમતાં રમતાં ગોપીજનોમાં અભિમાન જાગ્યું. અમે પરિપૂર્ણ છીએ. તેમાંથી તેમના મનમાં સૌભાગ્યમદ જાગ્યો, અને માનભાવ જાગ્યો. મંદ અને માનનું મોચન કરવા માટે શ્રીમદનમોહનલાલે ગોપીજનોને વિરહતાપ આપવાની ઇચ્છા કરી. શ્રીઠાકોરજીએ વિચાર્યું કે એમને મારે સંપૂર્ણ આનંદનું દાન કરવું હશે તો સર્વત્યાગનો ઉપદેશ ચરિતાર્થ કરવા તીવ્ર વિરહનું દાન કરવું પડશે.

જેમ વાદળમાં ચંદ્ર છુપાઇ જાય તેમ શ્રીનંદનંદન ગોપીજનોના મંડળમાંથી છુપાઇ ગયા. અંતર્ધાન થતાંની સાથે ગોપીજનોનાં અંતઃકરણમાં જાણે કરોડો વીંછીઓએ ડંખ દીધા હોય એવી વેદનાઓ જાગવા માંડી. તેમનું અભિમાન ઊતરી ગયું. વિરહજન્ય વેદનાથી કૃષ્ણને શોધવા લાગ્યાં. શ્રીમહાપ્રભુજી પણ

આવી રીતે ભક્તોનું અભિમાન ઉતારી, સર્વત્યાગનો ઉપદેશ આપવા માટે વિરહનો અનુભવ કરાવે છે.

આવા વિરહના અનુભવમાં જો આપણું બધું છૂટી જાય તો તેનો વાંધો હોતો નથી. પરંતુ જ્યાં સુધી આવો વિરહ જાગ્યો નથી ત્યાં સુધી ઘર-બાર કુટુંબ વગેરે છોડવું તે ડહાપણભરેલું નથી.

આમાં શ્રીહરિરાયજીએ એક બીજી વાત પણ સમજાવી છે. જીવને ભગવદ્દર્શન થયા પછી સ્ત્રીભાવની પ્રાપ્તિ થાય છે. સ્ત્રીભાવની પ્રાપ્તિમાં માન, ક્રોધ જેવા દોષો જન્મે છે. આ દોષોને દૂર કરવા માટે ભગવાન તેમને વિરહરૂપી અગ્નિ આપે છે. સર્વત્યાગ વગર વિરહરૂપી અગ્નિનો અનુભવ થતો નથી.

શ્રીહરિરાયજી એક ત્રીજી વસ્તુ સમજાવે છે. જ્યાં સુધી અંતઃકરણમાં અભિમાન રહે છે ત્યાં સુધી પ્રભુ પાસે પધારતા નથી. દૂર ચાલ્યા જાય છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે જ્યાં સુધી આત્મા પ્રસન્ન હોય છે ત્યાં સુધી પરમાત્મા તેની સાથે ખેલે છે. જીવમાં સૌભાગ્યમદ આવે એટલે એની શરણાગતિનું ખંડન થાય છે. આવા જીવો સતત દાસભાવવાળા રહે એટલા માટે શ્રીઠાકોરજી કૃપા કરીને એમના અભિમાનને દૂર કરે છે અને તેમને વિરહનું દાન કરે છે.

નંદદાસજીએ વિરહના ચાર પ્રકાર બતાવ્યા. (૧) પલકાન્તર વિયોગ (૨) પ્રત્યક્ષ વિયોગ (૩) વનાન્તર વિયોગ અને (૪) દેશાંતર વિયોગ. શરૂઆતના ત્રણ વિયોગમાં પ્રભુ પાછા મળશે એવી આશા ગોપીજનોને રહેતી હતી. પરંતુ દેશાંતર વિયોગમાં પ્રભુ મથુરા પધાર્યા ત્યારે તેમને ખાતરી થઈ કે હવે તેઓ નહિ મળે. આથી બહારથી તેમને વિરહવેદના થઈ. પરંતુ અંદરથી શ્યામસુંદરનું સતત સાન્નિધ્ય મળ્યું. ટીકાકારોએ આજ્ઞા કરીઃ કેવળ વિપ્રયોગનો અનુભવ કરવો હોય તો સર્વત્યાગની જરૂર છે. તેનાથી કેવળ વિપ્રયોગ ધર્મી સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આપણી પાસે ગજ્જન ધાવનનો દાખલો છે. ગજ્જન ધાવનને ધર્મી વિપ્રયોગનું દાન થયું હતું. શ્રીઠાકોરજીની સેવા છૂટી ગઈ હતી. ત્યારે શ્રીનવનીતલાલજીએ તેમને આજ્ઞા કરી કે : તું મને શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવી આવ. ગજ્જને શ્રીનવનીતલાલને શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવ્યા અને તેઓ પણ ત્યાં જ રહી ગયા. વ્યસન દશામાં સતત વિરહનો અનુભવ કરતા રહ્યા.

શ્રીમહાપ્રભુજી આવી સ્થિતિમાં સર્વત્યાગનો ઉપદેશ કરે છે. આવા વિરહનો અનુભવ શ્રીમહાપ્રભુજીએ પણ પોતાની પ્રગટલીલામાં બતાવ્યો છે. એકવાર

પરમાનંદદાસજીએ વિનંતી કરી: કૃપાનાથ! આપ કનોજ મારે ત્યાં પધારો. શ્રીમહાપ્રભુજી પધાર્યા. આપે આજ્ઞા કરી: પરમાનંદદાસ, કીર્તન ગાવ. પરમાનંદદાસે કીર્તન ગાયું: ''હરિ તેરી લીલા કી સુધિ આવૈ'' જેમાં તેમણે એમ ગાયું કે ગોપીજનો કૃષ્ણના વિરહમાં તેમનું સ્મરણ કરતાં, શોધતાં શોધતાં મૂર્છાવશ થતા હતાં. આ પદ સાંભળી શ્રીમહાપ્રભુજી પણ પ્રભુના વિરહમાં ત્રણ દિવસ સુધી મૂર્છિત સ્થિતિમાં બિરાજ્યા.

આ પ્રસંગ દ્વારા શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પુષ્ટિજીવોએ વિરહનો અનુભવ કરવો બહુ જરૂરી છે. વિરહનો અનુભવ કરનારા પ્રેમયોગીઓ છે. તેઓ સાચા સંન્યાસીઓ છે. આ વિરહનો અનુભવ ન થાય ત્યાં સુધી વૈષ્ણવે ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા કરવી. એ સિદ્ધાંત સમજાવવા શ્રીગુસાંઈજી નવું નામ કહે છે. વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકાય નમઃ ।

(૪૮) 'ભકત્યાચારોપદેષ્ટા' = ભકત્યાચારોપદેષ્ટ્રે નમઃ = ભક્તિના આચારનો ઉપદેશ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

અહીં ભક્તિ શબ્દનો અર્થ સેવા છે. ભક્તિ એટલે પ્રેમપૂર્વકની સેવા. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોને સેવાના આચરણનો ઉપદેશ આપ્યો છે. જ્યાં સુધી વિરહતાપથી આકુળવ્યાકુળ ન થવાય ત્યાં સુધી વૈષ્ણવે પોતાનાં ઘરમાં રહીને પોતાના સેવ્યસ્વરૂપ શ્રીઠાકોરજીની સેવા કરવાની છે.

આપણને પ્રશ્ન થશે કે ભક્તિમાર્ગનો આચાર એટલે શું? સેવામાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ ત્રણ પ્રકારની સેવા બતાવી છે. નિત્ય સેવા, ઉત્સવની સેવા અને ઋતુ પ્રમાણેની સેવા. ૩૬૦ દિવસની સેવામાં આ ત્રણેય પ્રકાર આવી જાય છે. મંગળાથી શયન પર્યન્તની નિત્યસેવા બારે માસ કરવાની છે. વચ્ચે-વચ્ચે ઉત્સવો આવે, જન્માષ્ટમી આવે, રાધાષ્ટમી આવે, દાન અને સાંઝીના ઉત્સવો આવે. આમ બાર મહિનામાં ઘણા ઉત્સવો આવે. તે તે ઉત્સવની સેવાના વિશિષ્ટ પ્રકાર છે. તે મુજબ ઉત્સવની સેવા કરવાની છે. બાર મહિનામાં જુદી જુદી ઋતુઓ આવે. ઋતુ અનુસાર શ્રીઠાકોરજીને સુખ થાય તે પ્રમાણેની સેવા કરવાની છે. શીતકાલમાં અંગીઠી ધરાવીએ, ગદલ ધરાવીએ, શીતકાલની સામગ્રીઓ આરોગાવીએ, ગરમ જળથી સ્નાન કરાવીએ. તે જ પ્રમાણે દરેક ઋતુમાં ઋતુ અનુસાર સેવા કરવી જોઈએ. આમ, પૂર્ણ પ્રકારે સેવા કરવાનું આચરણ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે.

શ્રીગુસાંઈજીની સેવક એક ભોળી બાઈ હતી. તેના માથે શ્રીમદનમોહનજી બિરાજે. તે સિવાયનું શ્રીઠાકોરજીનું અન્ય કોઈ સ્વરૂપ હોય એવું તે જાણે નહિ. એક દિવસ એક વિરક્ત વૈષ્ણવ તેમના ઠાકોરજીને પધરાવી આ બાઈને ત્યાં આવ્યા. વિરક્ત વૈષ્ણવના માથે શ્રીબાલકૃષ્ણલાલજી બિરાજે. બાઈજીએ ઝાંપીજી ખોલ્યાં. શ્રીબાલકૃષ્ણલાલજીનાં દર્શન કરી એને એવો વિચાર આવ્યો કે સખત ઠંડીમાં ઠાકોરજીને આવો શ્રમ થયો છે. માટે આ પ્રકારે બિરાજ્યા છે. બાઈ તો રડવા લાગી. મારા ઘરમાં તમને આટલી બધી ઠંડી લાગી! હવે હું શું કરું? તેણે તો તેલમાં અજમો કકડાવી શ્રીઠાકોરજીના શ્રીઅંગે ખૂબ તેલમર્દન કર્યું. પછી ગરમ ગરમ સામગ્રીઓ બનાવી આરોગાવી. બે-ચાર રજાઈ ઓઢાડી દીધી. આટલું કરવા છતાં શ્રીઠાકોરજી શ્રીમદનમોહનજી સ્વરૂપે દર્શન આપતા નથી. ઘણા ઉપચારો કર્યા ત્યારે શ્રીઠાકોરજીએ વિચાર કર્યો, મારે આ બાઈના ભાવાત્મક સ્વરૂપે દર્શન આપ્યા વિના ચાલશે નહિ. શ્રીઠાકોરજીએ બાઈને શ્રીમદનમોહનજી સ્વરૂપે દર્શન આપ્યાં. બાઈ ઘણી રાજી થઈ. આનું નામ ઋતુ અનુસારની સેવા.

પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગની સેવાની રીતમાં આજ મુખ્ય તફાવત છે. એક વખત વ્રજમાં સૌને ખબર પડી કે રાજા માનસિંહ વ્રજમાં દર્શન કરવા આવ્યા છે. વ્રજમાં મર્યાદામાર્ગના જેટલાં મંદિરો હતાં, ત્યાંના પૂજારીઓએ શ્રીઠાકોરજીને સખત ગરમીના દિવસોમાં પણ જરીનાં ઝાકઝમાળ વસ્ત્રો, આભૂષણો ધરાવી દીધાં. દરેક મંદિરમાં આવાં દર્શન કરતાં રાજા માનસિંહને અકળામણ થવા લાગી. છેલ્લે તેઓ જતિપુરા આવ્યા. શ્રીનાથજીના મંદિરે દર્શન કરવા ગયા. સાંજનો સમય હતો. બહાર સખત ગરમી હતી. પરંતુ મંદિરમાં શ્રીઠાકોરજીની સામે શીતળ ફુવારાઓ ઊડતા હતા. જળમાં ખસનું અત્તર પધરાવ્યું હતું. ચારેબાજુ ગુલાબજળનો છંટકાવ થયેલો હતો. ભીની ભીની સુગંધ આવતી હતી. શ્રીનાથજીબાવાએ સફેદ મલમલની નાની સરખી ધોતી ધરી હતી. આખા શ્રીઅંગ ઉપર ઝીણા મોતીના આછા શૃંગાર હતા. મસ્તકે સફેદ પાગ અને સાદી મોરચંદ્રિકા હતી. રાજા માનસિંહને ઘણી પ્રસન્નતા થઈ. તેમણે વિચાર કર્યોઃ શ્રીઠાકોરજીનું સાચું સુખ તો અહીં છે.

શ્રીમહાપ્રભુજીએ આ પ્રકારે કઈ ઋતુમાં કઈ સામગ્રી આરોગાવવી, કેવાં વસ્ત્ર આભૂષણ ધરવાં, કેવી રીતે સેવા કરવી, એનો બહુ ઊંડો વિચાર કર્યો છે અને આપણને સેવામાર્ગનો ઉપદેશ કર્યો છે.

સેવા કરનારે બે બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ. (૧) અન્યાશ્રયનો ત્યાગ અને (૨) અસમર્પિત વસ્તુનો ત્યાગ. આ બાબતો સમજાવવા આપે 'સિદ્ધાંતરહસ્ય' નામનો ગ્રંથ આપ્યો છે. જેવી રીતે કોઈ સ્ત્રી ગમે તેટલું સારું કામ કરનારી હોય, પણ દશ ઠેકાણે ભટકતી રહે તો તેના પતિને પ્રિય લાગતી નથી, તેવી રીતે પ્રભુનો આશ્રય છોડી, જે જીવ સકામભાવથી ચારેબાજુ ભટકતો રહે તે ભગવાનને વહાલો લાગતો નથી. શ્રીઠાકોરજી એની સેવા અંગીકાર કરતા નથી. માટે શ્રીદયારામભાઈએ કહ્યું: એક વર્યો શ્રીગોપીજનવલ્લભ, નહિ સ્વામી બીજો. આ પ્રેમમાર્ગ છે. પ્રેમમાર્ગમાં અનન્યતા પહેલી શરત છે. તે વિના ચાલે નહિ. જેમ પતિવ્રતા નારી પતિની આરાધના કરે, તેમ જીવે ભગવદાશ્રય રાખી પ્રભુની સેવા કરવી જોઈએ.

આ સિદ્ધાંત આજે સરખી રીતે સમજીને જીવનમાં આચરવાને બદલે આપણે જડતાથી જીવીએ છીએ, એટલે ઘણાંને અન્યાશ્રય સમજાતો નથી. અનન્યતા તો સાચા મનની જોઈએ. ઘણાં લોકો મને પૂછે છે કે તમે ભાગવત વાંચો છો. વૈષ્ણવ છો, છતાં શિવજીનું નામ કેમ લ્યો છો? હું તેમને કહું છું શિવનું નામ લેવાથી તમારી અનન્યતા ઓછી થતી નથી. શિવજીનો આશ્રય કરવાથી, એમનું અવલંબન કરવાથી, એમનામાં તદ્રૂપ થઈ જવાથી અનન્યતા છૂટે છે. એમની પાસે સકામભાવે જવાથી અન્યાશ્રય થાય છે. શ્રીમહાપ્રભુજીએ કોઈપણ દેવનો અનાદર કે અપરાધ કરવાની આજ્ઞા કરી નથી. સન્માન બધા દેવોનું કરીએ, પણ આશ્રય તો એક શ્રીગોપીજનવલ્લભ અને શ્રીવલ્લભાધીશનો રાખીએ. કોઈ કન્યા પરણીને સાસરે જાય, ત્યારે ત્યાં એના સસરા, જેઠ, દિયર, પતિના મિત્રો એમ ઘણા બધાં હોય. એ કન્યા એવો વિચાર કરે કે હું પતિવ્રતા છું. એટલે પતિના સિવાય કોઈનું મોઢું નહિ જોઉં, કોઈની સાથે વાત નહિ કરું તો એ ચાલે ખરું? ઘરસંસાર એમ ચાલે નહિ. આ બાહ્યાચાર છે. પતિવ્રતા ધર્મની સાચી સમજ નથી. સાચો પતિવ્રતા ધર્મ એ છે કે અન્ય પુરુષોને યોગ્ય આદર આપવો, પરંતુ પ્રેમપૂર્વક પોતાનું સર્વ સમર્પણ કેવળ પોતાના પતિને કરવું. અન્ય પુરુષો સાથે સકામ વ્યવહાર ન કરવો.

આમ, અનન્યતામાં અંદરનો વિચાર એ બહુ મોટી બાબત છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી શ્રીઠાકોરજીનો દૃઢાશ્રય રાખી, અનન્ય ભાવે તેમની સેવા કરવી.

સાથે-સાથે શ્રીઠાકોરજીનું ધરેલું લઈને જીવન જીવવું. અસમર્પિત વસ્તુનો કાયમ માટે ત્યાગ કરવો. આ રીતે સમર્પિત જીવન જીવવાનો ભક્તિમાર્ગનો ઉપદેશ શ્રીવલ્લભે કર્યો. આપણે આપશ્રીને વંદન કરીએ.

અહીં આપણને એક પ્રશ્ન થાય કે શ્રીઠાકોરજીની સેવા તો કરીએ, પરંતુ સનાતન વૈદિક ધર્મનું અમારે પાલન કરવાનું કે નહિ કરવાનું? શ્રીગુસાંઈજી મહારાજ એના જવાબમાં શ્રીમહાપ્રભુજીનું બીજું એક નામ આપે છે. ભકત્યાંચારોપદેષ્ટ્રે નમઃ ।

(૪૯) 'કર્મમાર્ગપ્રવર્તકઃ' = કર્મમાર્ગપ્રવર્તકાય નમઃ = કર્મમાર્ગનું પ્રવર્તન કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

સનાતન હિન્દુ ધર્મશાસ્ત્ર મુજબ વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવું જરૂરી છે. બ્રહ્મચારીએ બ્રહ્મચર્યાશ્રમનું, ગૃહસ્થે ગૃહસ્થાશ્રમનું પાલન કરવું જોઈએ તેમ બ્રાહ્મણે બ્રાહ્મણનાં કર્મો, ક્ષત્રિય અને વૈશ્યે તેમનાં કર્મો કરવાં જોઈએ. આ વેદમાર્ગની મર્યાદા છે. જેમ શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગની મર્યાદા સ્વીકારે છે, તેમ આપ વેદમાર્ગની મર્યાદા પણ સ્વીકારે છે, કારણ કે ભક્તિમાર્ગ વેદમાર્ગનો એક ભાગ છે. વેદમાર્ગથી ભક્તિ માર્ગ અલગ નથી. પુષ્ટિમાર્ગ સનાતન વૈદિક ધર્મમાંથી જ પ્રગટ થયો છે, એટલે સનાતન વૈદિક ધર્મના વર્ણ અને આશ્રમના જે નિયમો છે, તે બધા નિયમો આપણે પુષ્ટિમાર્ગીઓએ પાળવા જ જોઈએ. દા.ત. ગર્ભાધાનથી લઈને મરણ સુધીના સોળ સંસ્કારો છે. આ બધા આપણે પાળવા જોઈએ. પરંતુ આપણામાં એવા કેટલાક નાના નાના પંથો નીકળ્યા છે, તે લોકો એમ કહે છે કે માણસ મરી ગયા પછીના સંસ્કારમાં અમે માનતા નથી. આ બધું કરવાની અમારે જરૂર નથી. અમારે તો શ્રીઠાકોરજીની સેવા જ કરવાની છે. આ માનવું બરાબર નથી. કારણ કે શ્રીમહાપ્રભુજીએ કર્મમાર્ગની મર્યાદાઓ જાળવી છે. જો સનાતન વૈદિક ધર્મમાં બતાવેલાં કર્મો ન કરીએ તો વેદ ભગવાનનો અનાદર અને અવગણના થાય.

આપણે ત્યાં લગ્નપ્રસંગ આવે એટલે પુરોહિત કહે છે: ગણેશની સ્થાપના કરો. ત્યારે વૈષ્ણવો કહે છે કે અમે ગણપતિ બેસાડતા નથી. આ એક જડતા છે. વૈદિક કર્મ જે પ્રકારે થતું હોય તે પ્રકારે કરવું જ જોઈએ. ઘણાં લોકો અમને એમ કહે છે કે ગણપતિને સ્થાને શ્રીજીબાવાને પધરાવીએ છીએ. આપણી આ ભૂલ છે. જે જગ્યાએ જે દેવતાનું કામ હોય, ત્યાં તેમને બેસાડવા જોઈએ. આ બધી વૈદિક મર્યાદા છે, તેનું પાલન કરવું જોઈએ. તેનાથી અન્યાશ્રય થતો નથી. અન્યાશ્રય

તો ત્યારે થાય કે ગણપતિ અમારાં વિઘ્ન દૂર કરશે એવો ભાવ રાખી તેમનું સકામ પૂજન કરીએ.

કોઇ બ્રાહ્મણ એમ કહે કે હું પુષ્ટિમાર્ગમાં આવી ગયો, એટલે હવે મારે બ્રાહ્મણધર્મ પાળવાની જરૂર નથી. હું સેવા કરું છું, તેથી મારે સંધ્યાવંદન અને ગાયત્રીના જપ કરવાની જરૂર નથી. તો આ વાત ખોટી છે. બ્રાહ્મણે સંધ્યાવંદન અને ગાયત્રીના જપ દરરોજ કરવા જોઇએ. તેટલા માટે તમે જોશો કે શ્રીમહાપ્રભુજીના વંશમાં આજ સુધી બરાબર વૈદિક ધર્મની તમામ વિધિઓનું પાલન કરવામાં આવે છે.

ઘણાં વૈષ્ણવો પૂછે છે કે બ્રહ્મસંબંધ લીધા પછી અમે ગાયત્રી ન જપીએ તો ચાલે? એનો જવાબ છે કે તમે બ્રાહ્મણ હો તો જપવી પડે. પરંતુ તમે બ્રાહ્મણ ન હો અને મનપસંદ મંત્ર લીધો હોય તો એ જપવાની તમારે જરૂર નથી. ઘણાં લોકો કહે છે કે અમારે સૂતકમાં મુંડન કરાવવાની જરૂર નથી. થોડા દિવસ પહેલાં બે વૈષ્ણવ બહેન અમારાં પૂજ્યપાદ શ્રીભાભીજી મહારાજ પાસે આવેલાં. તે બહેને વિનંતી કરીઃ અમારે તો આમ કંઇ વાળ ઉતરાવવાના નથી, પણ તમને જરૂર લાગે તો બે-ચાર વાળ કાપી લો. પૂજ્યપાદ શ્રીભાભીજી મહારાજે આજ્ઞા કરીઃ હું હજામ થોડી છું કે તમારા વાળ કાપું! આ ચૌલકર્મ છે. સોળ સંસ્કારમાંનો એક સંસ્કાર છે. ઠાકોરજી સામે વાળ કાપી લીધા એટલે પતી જતું નથી. વૈદિક સંસ્કાર વૈદિક નિયમ મુજબ થવા જોઇએ. કોઇ બ્રાહ્મણ વૈષ્ણવ એમ કહે કે હું પુષ્ટિમાર્ગીય છું એટલે શ્રીઠાકોરજીને ભોગ ધરીને લેતા કોઇ પટેલ કે વણિક વૈષ્ણવના હાથનું ખાઇ શકું તો એ બરાબર નથી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પણ સનાતન વૈદિક ધર્મની મર્યાદાઓ તો પાળવી જ જોઇએ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વૈદિક ધર્મનું પાલન આપણી ફરજ સમજીને કરવાનું છે. નહીં કે તેનાથી પુણ્ય મળશે, સ્વર્ગ મળશે એવી કામનાઓ રાખીને કરવાનું. તે વૈદિક કર્મ છે માટે કરવાનું છે. કામનાઓ પૂરી કરવા માટે કરવાનું નથી. ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરીઃ હે અર્જુન! કર્મ તો તારે કરવું જ પડશે, પરંતુ કર્મમાં આસક્તિ રાખીને તારે કર્મ કરવાનું નથી. વેદની આજ્ઞા છે માટે કર્મ કરવાનું છે, તેથી કર્મમાં આસક્તિનો અભાવ રાખીને તું કર્મ કર.

ઘણાં લોકો હવે એમ પૂછવા આવે છે કે પુષ્ટિમાર્ગમાં લગ્નવિધિ કરવાની જરૂર ખરી? ઘણાં લોકો અમારા મંદિરમાં આવીને એમ કહે છે કે ઠાકોરજીની

સામે વરઘોડિયાં એક-બીજાને હાર પહેરાવી દે તો ન ચાલે? ત્યારે અમે કહીએ છીએ કે તમે વૈદિક ધર્મને ન તરછોડો. જો આપણે વૈદિક ધર્મનું પાલન નહિ કરીએ તો આપણા બાપદાદાની પરંપરા તૂટી જશે.

ગીતાજીમાં ભગવાન કહે છે: હે અર્જુન! જ્યાં સુધી ગૃહસ્થાશ્રમ છે ત્યાં સુધી અનાસક્ત ભાવે આ કર્મો તારે કરવાં પડશે. સંન્યાસ લીધા પછી કોઈ વૈદિક કર્મ કરવાની આવશ્યકતા રહેતી નથી. સંન્યાસીને સૂતક કે વૃદ્ધિ લાગતી નથી. જ્યારે આપણા પુષ્ટિમાર્ગમાં કેટલાક વૈષ્ણવો સૂતક કે વૃદ્ધિ પાળતા નથી. એવા એક વૈષ્ણવ મંદિરમાં રોજ દર્શન કરવા આવે. અમે એમને કહ્યું કે તમારાં દાદી ગુજરી ગયાં એ વાત સાચી છે? તેમણે હા કહી અમે પૂછ્યું: 'તમને સૂતક લાગેલું છે. મંદિરમાં ન અવાય.' તેમણે કહ્યું: 'એ તો બધું વેદમાં લખેલું હશે. શ્રીમહાપ્રભુજીએ થોડું કહ્યું છે?' આપણી આવી ગેરસમજ છે કે વૈદિક મર્યાદાઓનું પાલન કરવા શ્રીમહાપ્રભુજીએ કહ્યું નથી. શ્રીમહાપ્રભુજીએ તો સમજાવ્યું છે કે આપણે હિન્દુ છીએ એટલે વેદધર્મનું પાલન કરવું જોઈએ. આપણે વૈષ્ણવ થયા તે પહેલાં મૂળમાં હિન્દુ છીએ એ વાત ભૂલી જવી જોઈએ નહિ.

જેમ સંન્યાસી બન્યા પછી વૈદિક નિયમોનું પાલન કરવાનું રહેતું નથી, તેમ જે વૈષ્ણવોને વ્યસન અને તન્મયતાની સ્થિતિ પ્રાપ્ત થાય તેમને માટે આ બધા નિયમો રહેતા નથી. કારણ આ નિયમો તે સ્થિતિમાં આપોઆપ છૂટી જાય છે. પરંતુ આપણે આજની આપણી સ્થિતિમાં જાણી જોઈએ એ છોડી દઈએ તો ચાલે નહિ. વૈષ્ણવોએ લોકસંગ્રહ માટે પણ આ બધાં કાર્યો કરવાં જરૂરી છે.

કેટલાક લોકો પુષ્ટિમાર્ગના નામે નાસ્તિક બનાવાની વાતો કરે છે. પુષ્ટિમાર્ગના નામે ધર્મની અને ભગવાનની અવહેલના કરે છે. પુષ્ટિમાર્ગના નામે નવા-નવા નિયમો પોતાના ખિસ્સામાંથી કાઢીને બતાવે છે. એમની વાતોમાં આપણે વિશ્વાસ કરવો જોઈએ નહિ. પુષ્ટિમાર્ગના ઘડવૈયા શ્રીમહાપ્રભુજી છે. અમે કોઈ નિયમો આપતા નથી. શાસ્ત્રીજી પણ કોઈ નિયમો આપતા નથી. નિયમો શ્રીમહાપ્રભુજી બનાવે છે. આપણે આપણા મનથી માની લઈ ખોટા નિયમો પાળીએ તે બરાબર નથી. માટે શ્રીમહાપ્રભુજીનું નામ કહ્યું 'કર્મમાર્ગપ્રવર્તકાય નમઃ'

કર્મમાર્ગપ્રવર્તકનો અર્થ શુદ્ધ પુષ્ટિજીવોને બહુ ગમતો નથી. તેમણે એવો અર્થ કર્યો કે રસમાર્ગમાં ભગવત્સેવારૂપી જે કર્મ છે એનું પ્રવર્તન કરનારા શ્રીવલ્લભ છે.

કેટલાક એવા પ્રશ્ન કરે છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ યજ્ઞ-યાગાદિક કરવાં કે નહિ. કારણ કે વેદમાં યજ્ઞો કરવાની આજ્ઞા છે. આપણે ત્યાં પણ શ્રીમહાપ્રભુજીથી લઈને આજ સુધી સોમયજ્ઞ કરવાની પરંપરા છે. તો પુષ્ટિમાર્ગમાં યજ્ઞનું મહત્ત્વ ખરું? એનો જવાબ શ્રીગુસાંઈજી હવે પછીના નામમાં આપે છે. કર્મમાર્ગપ્રવર્તકાય નમઃ ।

શ્લોક - ૧૯

યાગાદૌભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥

શબ્દાર્થ :

(૫૦) **યાગાદૌભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ** = યજ્ઞ વગેરે ભકિતમાર્ગનાં જ સાધન છે, તેવો ઉપદેશ આપનારા (૫૧) **પૂર્ણાનંદઃ** = પૂર્ણ આનંદવાળા (૫૨) **પૂર્ણકામઃ** = પૂર્ણ કામનાઓવાળા (૫૩) **વાક્પતિઃ** = વાણીના પતિ (૫૪) **વિબુધેશ્વરઃ** = જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ (એવા શ્રીમહાપ્રભુજી છે.)

(૫૦) 'યાગાદૌભક્તિમાગકસાધનત્વોપદેશકઃ' = યાગાદૌ ભક્તિમાગકસાધનત્વોપદેશકાય નમઃ = યજ્ઞ યાગ વગેરે ભક્તિ-માર્ગીય સાધનોનો ઉપદેશ કરનારા શ્રીમહાપ્રભુજીને નમન કરું છું:

શ્રીમહાપ્રભુજીએ વૈદિક સંસ્કૃતિનો પૂર્ણ રીતે સ્વીકાર કર્યો છે, તેથી આપે યજ્ઞોનો પણ સ્વીકાર કર્યો છે. યજ્ઞોમાં સકામભાવ અને નિષ્કામભાવ બંને જોવા મળે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે યજ્ઞ સાક્ષાત્ નારાયણનું સ્વરૂપ છે. એમની પ્રસન્નતા માટે તમે યજ્ઞ કરો તો એ યજ્ઞ તમારા માટે યોગ્ય છે. કોઈ કામના રાખીને કરશો નહિ. આ સાંભળીને આપણને પ્રશ્ન થશે કે આપણાથી અન્યાશ્રય થાય? તમે સોમયજ્ઞમાં જોયું હશે કે સોમદેવતાને પલનામાં ઝુલાવવામાં આવે છે. દેવતાને ધૂમધામથી પધરાવવામાં આવે છે. એનું રહસ્ય શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ચંદ્ર, સોમ, અગ્નિ વગેરે જુદા-જુદા દેવો ભગવાનની વિભૂતિ છે. તેમને સ્વતંત્ર દેવો માનશો તો તમારી બુદ્ધિમાં અન્યાશ્રયનો ભાવ આવશે. પરંતુ તેમને ભગવદ્વિભૂતિ સમજીને યજ્ઞ કરશો અને તેમાં લૌકિક ફળની કામના નહિ રાખો તો તે અન્યાશ્રય થશે નહિ, કારણ કે આવા યજ્ઞો અંતઃકરણને શુદ્ધ કરે છે. ભક્તિરૂપી ફળનું દાન કરે છે. શ્રીમહાપ્રભુજીએ સર્વનિર્ણય પ્રકરણમાં સમજાવ્યું કે યજ્ઞ પંચાત્મક છે. પ્રકૃતિ યજ્ઞ અને વિકૃતિ યજ્ઞ એ બંને પ્રભુનાં સ્વરૂપ છે. યજ્ઞ-

યાગાદિમાં જે સંભારો વપરાય છે તે પણ પ્રભુનું સ્વરૂપ છે. તેમાં જે મંત્રો બોલાય છે તે પણ ભગવાનના ભક્તોએ ઉચ્ચારેલા મંત્રો છે. દેવતાઓને આહુતિ અપાય છે, તે દેવતાઓ પણ પ્રભુની વિભૂતિ છે.

શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું કે સ્વર્ગકામો યજેત્-અર્થાત્ સ્વર્ગની કામનાથી યજ્ઞ કરવો. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કેઃ સ્વર્ગ એટલે સ્વર્ગલોક નહિ, પણ આત્મસુખ. ભક્તિ એ જ આપણું આત્મસુખ છે. આમ બધા યજ્ઞો ભક્તિમાર્ગના કર્મનાં સાધન તરીકે છે, તેનાથી ચિત્ત શુદ્ધ થાય છે. અંતઃકરણ પવિત્ર બને છે. પ્રેમનો પ્રવાહ વધારે આનંદથી પ્રવાહિત થાય છે. આવો ભાવ રાખીને યજ્ઞ કરવાથી અન્યાશ્રય થતો નથી. પરંતુ સકામભાવ રાખીને કોઈ ફળ મેળવવા માટે યજ્ઞ કરવાનો શ્રીમહાપ્રભુજી નિષેધ કરે છે.

આપણને પ્રશ્ન થશે કે બીજા ઋષિમુનિઓ સ્વર્ગકામનાથી યજ્ઞ કરે છે તો શ્રીમહાપ્રભુજી સ્વર્ગકામનાથી યજ્ઞ કરવાની કેમ ના પાડે છે? સ્વર્ગની કામના એટલે સુખની કામના. આપણને સુખ મળે એમાં ખોટું શું છે? એનો જવાબ શ્રીગુસાંઈજી હવે પછીના નામમાં આપે છે. યાગાદૌભક્તિ-માર્ગૈકસાધનત્વોપદેશકાય નમઃ ।

(૫૧) 'પૂર્ણાનંદઃ' = પૂર્ણાનંદાય નમઃ = પૂર્ણાનંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણા પ્રાણપ્યારા શ્રીવલ્લભ પૂર્ણાનંદ છે. જે પૂર્ણ આનંદથી છલકાતા હોય તે બીજા સુખના એક બુંદનો ય શા માટે વિચાર કરે? શ્રીમહાપ્રભુજીનું શરૂઆતમાં એક નામ હતું, પરમાનંદાય નમઃ પરમાનંદ અને પૂર્ણાનંદ. તે બંને બ્રહ્મનાં લક્ષણ છે. પૂર્ણતા અને પરમતા કેવળ બ્રહ્મમાં રહેલી છે. બ્રહ્મ વગર કોઈ પૂર્ણ નથી અને પરમ નથી. જે પૂર્ણ અને પરમ છે તે જ આત્મતૃપ્ત છે. તેઓ બીજા આનંદની કામના કરતા નથી. જે સ્વયમ્ આનંદમય છે તેનામાં આત્મરતિ છે. તેને બીજાની પાસેથી ઊછીનો આનંદ લેવાની જરૂર પડતી નથી. ઉપનિષદો કહે છે પરમાત્મા એવું આનંદનું પરમ અને પૂર્ણ સ્વરૂપ છે કે જેના આનંદની ઝીણી ઝીણી કણિકાઓથી જગત જીવી રહ્યું છે.

કલ્પના કરો કે જેની પાસે કરોડો રૂપિયા હોય એ કદી કોડીની કામના કરે ખરાં! શ્રીવલ્લભમાં સ્વરૂપાનંદ, ભાવાનંદ, લીલાનંદ અને રસાનંદ ભરપૂર છે.

ઉપનિષદોએ પૂર્ણની વ્યાખ્યા કરી. તેમાં ગમે તેટલું ઉમેરો તો પણ વધે નહિ, ગમે તેટલું લઈ લો તો પણ ઘટે નહિ. પૃથ્વી ઉપર સમુદ્ર આવો પૂર્ણ છે. તેને ઉલેચવાથી તે ખાલી થતો નથી. તેમાં ગમે તેટલી નદીઓ ઠલવાય તો તે છલકાતો નથી. આપણા સરવાળા અને બાદબાકીની દુનિયા ત્યાં નથી. શ્રીમહાપ્રભુજીમાં આવી આનંદની પૂર્ણતા છે. પૂર્ણઆનંદમાંથી અનેક ભક્તોએ આનંદ લૂંટ્યો છે, અને પોતાના હૃદયમાં રહેલો આનંદ શ્રીવલ્લભને સમર્પિત કર્યો છે છતાં, શ્રીવલ્લભમાં તેમનો આનંદ વધ્યો નથી કે ઘટ્યો નથી. માટે શ્રીવલ્લભને સ્વર્ગસુખની કામના નથી. પૂર્ણાનંદાય નમઃ ।

(૫૨) 'પૂર્ણકામઃ' = પૂર્ણકામાય નમઃ = પૂર્ણકામ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જેના બધા મનોરથો પરિપૂર્ણ થયા હોય, કોઈ મનોરથ બાકી ન હોય, તે પૂર્ણકામ કહેવાય. શ્રીમહાપ્રભુજી આવા પૂર્ણકામ છે. યજ્ઞ યાગાદિક દ્વારા શ્રીમહાપ્રભુજીને લૌકિક તૃપ્તિની કોઈ કામના નથી.

પૂર્ણકામના શબ્દનો એક બીજો અર્થ આપ્યો 'પૂર્ણ સ્પૃહાવાળા' શ્રીવલ્લભ સ્વયમ્ નિઃસ્પૃહી છે, પરંતુ ભગવદીયો સતત તેમની કામના કરે છે. ભગવાન માટે આત્મકામ, આત્મરત, આત્મતૃપ્ત એવા શબ્દો વપરાય છે. આ બધા શબ્દો શ્રીમહાપ્રભુજીને પણ લાગુ પડે છે. જેમનાં બધા મનોરથ રાસરસેશ્વર પૂરા કરતા હોય તેમને બીજી કામના જાગે શું કરવા? આવા પરિપૂર્ણ શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. પૂર્ણકામાય નમઃ ।

(૫૩) 'વાક્પતિઃ' = વાક્પતયે નમઃ = વાણીના પતિ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી વાણીના પતિ છે. વાણી મુખારવિંદમાંથી પ્રગટ થાય છે. શ્રીવલ્લભ શ્રીનાથજીબાવાના મુખારવિંદ સ્વરૂપ છે તેથી વાણી શ્રીવલ્લભને અધીન છે.

એક બહુ સુંદર પ્રસંગ શ્રીવલ્લભના જીવનમાં બન્યો. જેમાં આપનું વાક્પતિત્વ પ્રગટ થયું. મધ્યપ્રદેશમાં ઓડછા રાજ્યનો રાજા રામભદ્ર હતો. તેને ત્યાં ઘણા વિદ્વાનો શાસ્ત્રાર્થ માટે આવતા. તેમાં એક વિદ્વાન હતો, જેનું નામ ઘટસરસ્વતી હતું. તે શક્તિનો ઉપાસક હતો. તેણે સરસ્વતી દેવીને પોતાના કબજામાં બાંધી દીધી હતી. સરસ્વતી દેવી તેના હાજરાહજૂર હતી. તે જે પ્રમાણે વિનંતી કરે તે

પ્રમાણે સરસ્વતી દેવી કરતી. તે જ્યારે શાસ્ત્રાર્થ કરવા બેસે ત્યારે દેવીને વિનંતી કરતો કે તું માત્ર મારી જીભ ઉપર રમજે. બીજાની જીભ ઉપર રમીશ નહિ. શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા ત્યારે બંનેનો શાસ્ત્રાર્થ થયો. તેમાં શ્રીમહાપ્રભુજીનો વિજય થયો. ઘટ સરસ્વતીએ વિચાર કર્યો હું સરસ્વતીને કબજે રાખનારો! આજે સરસ્વતીએ આવું વિપરીત કેમ કર્યું? તેણે દેવીને પૂછયું: તમે મારી સાથે કેમ છલના કરી? હું તમારો ભક્ત છું, તમારો બાળક છું અને તમે મને જ દગો દીધો? સરસ્વતી દેવીએ કહ્યું: એક સ્ત્રી કોઈની પત્ની પણ હોય છે અને માતા પણ હોય છે. જ્યારે પુત્ર અને પતિની વચ્ચે તેને પસંદગી કરવાનો સવાલ આવે છે ત્યારે પત્નીની ફરજ છે કે તે પતિનું જ વરણ કરે. જેમ કાયાની પાછળ છાયા જાય એમ પત્નીનું કર્તવ્ય પતિને પગલે પગલે ચાલવાનું છે. તું મારો પુત્ર હોઈ શકે, પણ શ્રીવલ્લભ તો મારા પતિ છે. સાક્ષાત્ પ્રભુનું મુખારવિંદ છે. તેમની સાથે હું લાગેલી છું. તેઓ મારી આરાધના કરતા નથી. હું તેમની આરાધના કરું છું. તું બીજાથી મને છૂટા પડવાનું કહે તો હું કરું. પરંતુ હું મારા પતિથી કોઈ દિવસ છૂટાછેડા લેવાની નથી. હું તને તરછોડી શકું, પણ મારા પતિને તરછોડી શકું નહિ, તે ખાસ યાદ રાખજે. આથી શ્રીગુસાંઈજીએ કહ્યું 'વાક્પતયે નમઃ'

કવિ કાલિદાસે કહ્યું કે: કેટલીક વાણી એવી હોય છે કે અર્થની પાછળ પાછળ ચાલે છે. કેટલીક વાણી એવી હોય છે કે તેની પાછળ પાછળ અર્થ દોડતા હોય છે. શ્રીમહાપ્રભુજીની વાણી એવી છે કે તેની પાછળ પાછળ અર્થ દોડતા આવે છે. આપશ્રીને અર્થનો વિચાર કરીને બોલવું પડતું નથી. કારણ કે આપની વાણી વેદવાણી છે. શ્રીમહાપ્રભુજીના જેટલા ગ્રંથો છે, તે બધા મંત્રરૂપ છે. કારણ કે એ વાણી શ્રીવાક્પતિના મુખારવિંદમાંથી પ્રગટેલી વાણી છે. એ વાણીમાં બે પ્રકારનું ગૌરવ છે. તેમાં પ્રભુનું માધુર્ય છે અને પ્રભુનું ઐશ્વર્ય પણ છે. શ્રીમહાપ્રભુજીએ જ્યારે પુષ્ટિભક્તિનું નિરૂપણ કર્યું ત્યારે તેમાં પ્રભુનું માધુર્ય પ્રગટ થયું. શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું ત્યારે તેમાં પ્રભુનું ઐશ્વર્ય પ્રગટ કર્યું.

શ્રીવલ્લભની વાણી ભક્તિસ્વરૂપા અને જ્ઞાનસ્વરૂપા છે. પુષ્ટિમાર્ગનું નિરૂપણ કરે છે ત્યારે તે ભક્તિ સ્વરૂપા છે. બ્રહ્મવાદનું નિરૂપણ કરે છે ત્યારે તે જ્ઞાનસ્વરૂપા છે. શ્રીવલ્લભની વાણીમાં ત્રણ સ્વરૂપો છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. અણુભાષ્યમાં આપની આધિભૌતિક વાણી છે. તત્ત્વાર્થદીપ નિબંધમાં આધ્યાત્મિક વાણી છે. સુબોધિનીજીમાં આપની આધિદૈવિક વાણી છે. આ ઉપરાંત

ષોડશ ગ્રંથોમાં આપની નિર્ગુણ વાણી છે. આથી આપણે કહીએ છીએ કે શ્રીમહાપ્રભુજી વાક્પતિ છે. વિષય-અનુરૂપ વાણીને પ્રગટ કરનારા છે.

શ્રીમહાપ્રભુજીનું આ નામ પણ અન્ય નામોની જેમ મંત્રાત્મક છે. આ નામનો જપ કરવાથી વિદ્યાનું દાન પ્રાપ્ત થાય છે. તમારે અનુભવ કરવો હોય તો કરી જોજો. પરીક્ષાના સમયે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ઘટી જતો હોય છે, ગભરામણ થતી હોય છે. સરસ્વતીની આરાધનામાં કચાશ રહી ગયાનું લાગે છે. ત્યારે શ્રીમહાપ્રભુજીના આ નામનું રટણ કરવું. વાક્પતયે નમઃ શ્રીમહાપ્રભુજી વાણીના સ્વામી છે. સરસ્વતીના અધિપતિ છે. તેમની કૃપાથી ઇચ્છિત જ્ઞાન અને વિદ્યા અવશ્ય પ્રાપ્ત થાય છે. વાકપતયે નમઃ ।

(૫૩)'વિબુધેશ્વરઃ'= વિબુધેશ્વરાય નમઃ = શ્રીમહાપ્રભુજી વિબુધોમાં ઈશ્વર છે. હું આપને નમન કરું છુંઃ

વિબુધ શબ્દમાં 'વિ' ઉપસર્ગ છે. તેના ઘણા અર્થ છે. જેમ કે વિશેષ, વિવિધ, વધારે. બુધ એટલે જ્ઞાન. જેનામાં વિવિધ પ્રકારનું, વિશિષ્ટ પ્રકારનું અને બીજા કરતાં વધારે જ્ઞાન હોય તે વિબુધ કહેવાય. સારસ્વત પંડિતો વિબુધ કહેવાય છે. આવા સારસ્વત પંડિતોના પણ શ્રીમહાપ્રભુજી સ્વામી છે, એટલે કે ઈશ્વર છે. સામાન્ય માણસો શ્રીમહાપ્રભુજીના ગૌરવનો સ્વીકાર કરે પરંતુ જ્યારે સારસ્વત વિદ્વાનો આપના ગૌરવનો સ્વીકાર કરે ત્યારે આપ વિબુધેશ્વર એટલે સારસ્વતોના સ્વામી કહેવાય છે.

જેમ હાથીને અંકુશમાં રાખવા માટે મહાવત હોય છે. મોટરને અંકુશમાં રાખવા માટે ડ્રાઈવર હોય છે. તેમ સારસ્વત વિદ્વાનોને અંકુશમાં રાખવા માટે વાક્પતિ શ્રીવલ્લભ છે. વિદ્વાનો વાણીના વિલાસ દ્વારા સારાને ખોટું અને ખોટાને સારું સિદ્ધ કરી શકે છે. વાણીનો વિલાસ બહુ મોટો વિલાસ છે. કેટલીકવાર વાણી ઈન્દ્રજાળ જેવી હોય છે. તે એવો પ્રભાવ પાડે કે આપણે સારાને ખોટું માનીએ અને ખોટાને સારું માનીએ.

અકબર બાદશાહનો પ્રસંગ છે. બીરબલની વાણીમાં ઓજસ હતું. એકવાર અકબર બાદશાહની સવારી નીકળી. તેમણે રસ્તામાંથી રીંગણ ખરીદ્યાં. અકબર બાદશાહે બીરબલને કહ્યું: 'બીરબલ, આ તો કાળાં લાકડાં છે. બીરબલે કહ્યું: હા જહાંપનાહ, સાચી વાત છે. પછી રીંગણ ઉપર એવું લાંબુ લેક્ચર આપ્યું કે કોઈ રીંગણ ખાય જ નહિ. એક દિવસ અકબર બાદશાહની રસોઈમાં રીંગણનું શાક

બન્યું. શાક ખાતાં ખાતાં સૌએ તે વખાણ્યું. બાદશાહે કહ્યું: બીરબલ, રીંગણનું શાક કેટલું સુંદર છે. બીરબલે કહ્યું: તેને હિન્દીમાં બેગન કહે છે. જેનામાં બે ગુણ હોય તે બેગન. તે ઉપરથી કાળું છે પણ અંદરથી ગોરું છે. આમ માણસ સારાને ખોટું અને ખોટાને સારું કહી શકે છે. કોઈને ઉપરથી નીચે પાડી શકે છે તો કોઈને નીચેથી ઉપર લઈ જઈ શકે છે.

આવી બુદ્ધિના ચમકારાથી પંડિતો પરમાત્માને ખોટી રીતે સમજાવે નહિ, એટલા માટે શ્રીમહાપ્રભુજી અંકુશનું કાર્ય કરે છે. કારણ કે વાણી કેવળ બુદ્ધિનો વિલાસ નથી, તેમાં અનુભવની તાકાત રહેલી છે.

જે સભામાં શ્રીમહાપ્રભુજી ન પધારે એ સભામાં વિદ્વાનો વેદનો ફાવે તેવો અર્થ કરે. શ્રીમહાપ્રભુજી પધારે એટલે વિદ્વાનોની બોલતી બંધ થઈ જાય. આવી કેટલીયે સભાઓમાં શ્રીમહાપ્રભુજીએ સિદ્ધ કર્યું કે આપ વિદ્વાનોના ઈશ્વર છે.

જગન્નાથપુરીમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે ત્યાંના રાજાએ શાસ્ત્રાર્થ માટે સભા બોલાવી હતી. તેણે ચાર પ્રશ્નો પૂછયા હતા. કયો દેવ મોટો? કયું શાસ્ત્ર મોટું? ક્યું નામ મોટું? શ્રીમહાપ્રભુજીએ સિદ્ધ કર્યું કે મોટામાં મોટા દેવ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ. મોટામાં મોટું શાસ્ત્ર ગીતા. મોટામાં મોટો મંત્ર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મોટામાં મોટું કર્મ શ્રીકૃષ્ણની સેવા. વિદ્વાનોએ કહ્યું: અમે તમારી વાત સ્વીકારતા નથી. શ્રીવલ્લભે કહ્યું: શ્રીજગન્નાથજીને ન્યાય કરવા દો. શ્રીજગન્નાથજીની સામે કાગળ, કલમ અને શાહીનો ખડિયો મુકાયા. ત્યારે જગન્નાથજીના કરકમલોથી એ જ હકીકત લખાઈને આવી. એક બ્રાહ્મણે શંકા કરી, કે જગન્નાથજીને કરકમલો છે જ નહિ, તો તેમણે લખ્યું કેવી રીતે? શ્રીમહાપ્રભુજીએ કહ્યું: ભગવાન ઉપર તમે આક્ષેપ કરો છો. તમે ભગવાનના દ્વેષી જણાવ છો. ફરીથી કાગળ, કલમ અને ખડિયા મૂકાયા. ભગવાને આજ્ઞા લખી: જે પિતાનો અને પ્રભુનો દ્રોહ કરે છે તે પિતાનો પુત્ર નથી. તે કોઈ પારકા મનુષ્યથી થયેલો પુત્ર હોવો જોઈએ. પેલાના મૂળની તપાસ કરતાં તે વાત સાચી જણાઈ.

આપણને પેદા કરનાર આપણા મા-બાપમાં આપણો વિશ્વાસ હોવો જોઈએ. તેમ જે મા-બાપના પણ મા-બાપ છે તેવા પરમાત્મામાં પણ આપણો વિશ્વાસ હોવો જોઈએ. ઘણાં પૂછે છે ભગવાન છે એની ખાતરી શી? આપણે એને પૂછવું પડે કે તું છે એ જ ભગવાનની નિશાની છે. મનુષ્ય એ પરમાત્માની નિશાની છે. જગતમાં બોલવું, ચાલવું, હાલવું એ ચૈતન્ય છે. આ અલ્પ ચૈતન્યથી પ્રતીતિ થાય છે કે આ

બધું ચૈતન્ય જ્યાંથી આવ્યું તેવું પૂર્ણ ચૈતન્ય રહેલું છે. આજે વૈજ્ઞાનિકો રીમોટ કન્ટ્રોલ દ્વારા ગ્રહોને કબજે રાખે છે. મોટા-મોટા ઉપગ્રહોને છોડે છે. એમ ભગવાન પણ પોતાના રીમોટ કન્ટ્રોલથી આખા બ્રહ્માંડને ચલાવે છે. ભગવાને કેટલી સુંદર સૃષ્ટિ બનાવી! જાત-જાતનાં પ્રાણીઓ, રંગ-બેરંગી ફૂલો, જાત-જાતના માણસો, વિવિધ પદાર્થો આ બધું ભગવાને કેવું અદ્‌ભુત બનાવ્યું છે! એ બધાની ઉપર ભગવાનનો રીમોટ કન્ટ્રોલ પણ છે છતાં માણસ શંકા કરે છે કે ભગવાન છે ખરા? ત્યારે એમ લાગે છે કે આપણે પરમાત્માના ઉપકારોને ભૂલી ગયા છીએ.

'વિબુધ' શબ્દનો બીજો અર્થ છે દેવતાઓ. કારણ કે દેવતાઓ પણ જ્ઞાનસ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી સર્વ દેવતાઓના પણ સ્વામી છે. તમામ દેવતાઓ શ્રીમહાપ્રભુજીની સન્મુખ પોતાનું આધિદૈવિક સ્વરૂપ પ્રગટ કરે છે. જ્યારે શ્રીમહાપ્રભુજી કાશીમાં શ્રીભાગવતનું પારાયણ કરતા ત્યારે કાશી વિશ્વનાથ મહાદેવ તેનું શ્રવણ કરવા પધારતા. માનસી ગંગા ઉપર ચકલેશ્વર મહાદેવ શ્રીમહાપ્રભુજી પાસે કથા શ્રવણ પધારતા. તેમનો એક ભક્ત હતો, જે રોજ મહાદેવજીનાં દર્શને આવે. તેને સાત દિવસ મહાદેવજીનાં દર્શન ન થયાં. આઠમા દિવસે મહાદેવજીનાં દર્શન થયાં. તેણે પૂછ્યું: આપ સાત દિવસ ક્યાં પધાર્યા હતા? મહાદેવજીએ કહ્યું: અહીં શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, તેમનાં દર્શન કરવા અને તેમની કથા શ્રવણ કરવા. શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં આવા અનેક પ્રસંગો છે. માટે આપનું નામ પડ્યું વિબુધેશ્વરાય નમઃ ।

શ્લોક-૨૦ :

કૃષ્ણનામસહસ્રસ્યવકતા, ભકતપરાયણઃ ।
ભકત્યાચારોપદેશાર્થનાનાવાકયનિરૂપકઃ ॥૨૦॥

શબ્દાર્થ :

(૫૫) કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા = શ્રીપુરુષોત્તમનામ સહસ્રના વક્તા, (૫૬) ભક્તપરાયણઃ = ભક્તોનાઆશ્રયરૂપ (૫૭) ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ = ભક્તિના આચારના ઉપદેશ માટે વિવિધ ગ્રંથોનું નિરૂપણ કરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૫૫) 'કૃષ્ણનામસહસ્રસ્યવક્તા' = કૃષ્ણનામસહસ્રસ્યવકત્રે નમઃ = ભગવાન શ્યામસુંદરના એક હજાર આઠ નામ પ્રગટ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

વાણીના અધિપતિ શ્રીમહાપ્રભુજીએ પ્રભુની નામલીલાનું મહત્ત્વ સમજાવવા માટે શ્રીભાગવતના અઢાર હજાર શ્લોકોમાંથી એક હજાર આઠ નામ વીણી શ્રીપુરુષોત્તમ સહસ્ર નામની રચના કરી. ફલાત્મક પ્રભુનાં નામો જીવાત્માને પ્રાપ્ત કરાવ્યાં. સમગ્ર શ્રીભાગવતના પારાયણનો લાભ પ્રાપ્ત કરવા વૈષ્ણવોએ રોજ શ્રીપુરુષોત્તમ સહસ્ર નામનો પાઠ કરવો જોઈએ. શ્રીભાગવત વાંચવાનું જે ફળ મળે એ શ્રીપુરુષોત્તમસહસ્ર નામ વાંચવાથી મળે.

વિષ્ણુસહસ્રનામમાં પણ પ્રભુનાં નામ છે, પરંતુ શ્રીપુરુષોત્તમસહસ્ર નામમાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીની વાણી છે. એટલા માટે વૈષ્ણવોએ તેનો પાઠ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ આપના પ્રથમ કુમાર શ્રીગોપીનાથજી માટે પ્રગટ કર્યો હતો. શ્રીગોપીનાથજીનો એવો નિયમ હતો કે અઢાર હજાર શ્લોકોનું શ્રીભાગવત પારાયણ પૂરું કર્યા પછી ભોજન કરે. આજે પણ એવા કેટલાક ભક્તો છે જે એક કે બે દિવસમાં ભાગવત પારાયણ સતત કરે છે અને પૂરું કરે છે ત્યાં સુધી ભોજન કરતા નથી. શ્રીગોપીનાથજીની આવી કઠોર તપશ્ચર્યા જોઈ શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથની રચના કરી અને આજ્ઞા કરી: આપનો સમય ભાગવત પારાયણમાં જતો રહે તેના કરતાં ભગવત્ સેવામાં વધારે જાય અને સાથે-સાથે ભાગવત પારાયણ, તો પૂર્ણ ફળ મળે, તે હેતુથી તમે આ સહસ્ર નામાવલીનો પાઠ કરો. શ્રીવલ્લભે આ સહસ્ર નામાવલિ શ્રીસૂરદાસજીને પણ સંભળાવી હતી. તેનું શ્રવણ કર્યા પછી શ્રીસૂરદાસજીએ સૂરસાગરની રચના કરી. તેમાં સમગ્ર ભાગવતની લીલાઓ આવી જાય છે.

આમ, ભગવન્નામરૂપી પ્રકાશને પ્રગટ કરી, શ્રીમહાપ્રભુજી ભક્તોનો ઉદ્ધાર કરવા માટે સતત પ્રયત્નશીલ છે એમ સૂચવવા આપનું એક બીજું નામ કહે છે.

(૫૬) 'ભક્તપરાયણ:' = ભક્તપરાયણાય નમઃ = ભક્તોનો સતત ઉદ્ધાર કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

મા-બાપ કરતાં ગુરુનો ઉપકાર વધારે હોય છે. આ લોકમાં આપણું ભલું થાય એનું ચિંતન મા-બાપ કરે છે. પરલોકમાં શિષ્યનું ભલું થાય, એનું ચિંતન ગુરુ કરે છે. બાળક જેમ પોતાના હિત અને અહિતનો વિચાર કરી શકતો નથી, તેમ અજ્ઞાની જીવ પણ પોતાના હિત અને અહિતનો વિચાર કરી શકતો નથી, આવા અબુધ જીવોનો ઉદ્ધાર કરવા શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી. માટે આપ ભક્તપરાયણ છે. આપ ભક્તોને હિત અને અહિતનો ઉપદેશ આપે છે. કર્તવ્ય

અને અકર્તવ્યનો ઉપદેશ આપી, ખોટા માર્ગેથી બચાવી સારા રસ્તે લઈ જાય છે. આપે સમગ્ર અવતાર ભક્તોનો ઉદ્ધાર કરવામાં સમર્પિત કર્યો છે.

જ્યારે આપ દશ વર્ષના હતા ત્યારે આપે માતાના ચરણોમાં વંદન કરી, વિનંતી કરી, મને ઘર છોડવાની આજ્ઞા આપો. કઈ મા આવડા નાના બાળકનો ત્યાગ સહન કરી શકે! મા રડવાં લાગ્યાં. શ્રીમહાપ્રભુજીએ માની ચરણરજ મસ્તક પર ધારણ કરી કહ્યું: મા, હું કંઈક કરવા માટે આવ્યો છું. એને વાર થઈ જશે તો ઘણું મોડું થશે. કેટલાય જીવો ભગવાનની વિમુખ થશે. મને દૈવી જીવો પોકારી રહ્યા છે માટે મને આજ્ઞા આપો.

દશ-અગિયાર વર્ષની વયે એક ધોતી અને ઉપરણો ધારણ કરી, ખુલ્લાં ચરણારવિંદે આપે ભારતભ્રમણ શરૂ કર્યું. ગામડે-ગામડે, શહેરે-શહેરે પરિભ્રમણ થતું રહ્યું. આટલો બધો પ્રયાસ અને પરિશ્રમ આપે કોના માટે કર્યો? કેવળ ભક્તોના ઉદ્ધાર માટે આપ બધું કરી રહ્યા છે. આપનો આ પ્રયાસ સામાન્ય ન હતો. પ્રવાસ પણ અસામાન્ય હતો. કોઈના ઘરમાં રહેવાનું નહિ. ગામ બહાર જળાશય હોય ત્યાં રહેવાનું. વૃક્ષની છાયામાં રાતવાસો કરવાનો. સવારે સ્નાન અને સંધ્યાવંદન કરી, જાતે સામગ્રી બનાવી, સેવા કરવાની. પ્રવાસમાં ભગવદીયો સાથે હોય તેમની સાથે ભગવદ્‌વાર્તા કરવાની. ગ્રંથોનું અધ્યયન કરવાનું. માધવભટ્ટ કાશ્મીરીને ગ્રંથ લખાવવાનો. ગામમાંથી દૈવી જીવો આવે તેમનો ઉદ્ધાર કરવાનો. તેમને પ્રભુની ભક્તિનું દાન કરવાનું. આમ, અગિયાર વર્ષની ઉંમરથી ૫૨ વર્ષ સુધી કેવળ આપ ભક્તપરાયણ થઈને રહ્યા છે.

બીજી ભારત પરિક્રમા પહેલાં ૩૧ વર્ષની ઉંમરે આપે લગ્ન કર્યાં. લગ્ન પછી પત્નીને માતાની પાસે મૂકી બીજા જ દિવસે આપ પ્રવાસે ઊપડી ગયા. માતાને શ્રીમહાપ્રભુજીએ કહ્યું: ભલે આજે મારાં લગ્ન થયાં હોય, પણ મારી લગની તો મારા ભક્તોમાં લાગેલી છે. આવા ભક્તપરાયણ શ્રીવલ્લભને આપણે નમન કરીએ.

ટીકામાં ભક્તપરાયણ શબ્દનો એક બીજો અર્થ સમજાવ્યો છે. ભક્તો પ્રભુના પ્રેમાસ્પદ જીવો છે. એમનું અંતઃકરણ એ જ શ્રીમહાપ્રભુજીને બિરાજવાનું મંદિર છે. આમ, શ્રીમહાપ્રભુજી ભક્તોના અંતઃકરણમાં નિવાસ કરનારા છે. શ્રીમહાપ્રભુજી ભક્તો માટે આટલું બધું કરતા હોય તો ભક્તોના હૃદયમાં બિરાજે એ સ્વાભાવિક છે. શ્રીમહાપ્રભુજી ભક્તહૃદયના ભાવનામંદિરમાં વાસ કરે છે

દિલ્હીમાં બાદશાહને મળવા સામાન્ય લોકો દીવાને આમમાં જાય. ખાસ લોકો દીવાને ખાસમાં જાય. શ્રીમહાપ્રભુજીનું જગતમાં પધારવું એ દીવાને આમ છે. ભક્તોના હૃદયમાં પધારવું દીવાને ખાસ છે.

શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર જુદા-જુદા સ્થાનોએ બેઠકોમાં બિરાજે છે. એક એક બેઠક ભક્તનું હૃદય છે. વૈષ્ણવો બેઠકયાત્રા કરવા જાય ત્યારે ન પૂરું સરખી રીતે સ્નાન કરે, ન આચારશુદ્ધિ પાળે. ઝારી ભરવામાં પણ ધક્કા-મૂક્કી કરે. ઝારી ભરતાં પહેલાં એમાંથી જળની ધારા શ્રીમહાપ્રભુજી ઉપર થાય. બધું ગંદું થાય. પછી તેઓ કહે એમ બેઠક કરી આવ્યા. પરંતુ આપણે આપણા હૃદયમાં બેઠક બનાવીને શ્રીમહાપ્રભુજીને પધરાવતા નથી. ટીકાકારોએ કેવો સુંદર અર્થ કર્યો કે શ્રીમહાપ્રભુજી ભક્તોનો ઉદ્ધાર કરવા માટે જગતમાં પોતાની નામલીલા અને રૂપલીલા પ્રગટ કરે છે. આ ભક્તપરાયણ શ્રીમહાપ્રભુજી ભક્તોના હૃદયમાં બિરાજે છે અને ભક્તોને ભક્તિનો સિદ્ધાંત સમજાવી તેમના કર્તવ્યનો બોધ કરે છે. એ વાત સમજાવવા આગળનું નામ કહે છે.

(૫૭) 'ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ' = ભકત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકાય નમઃ = **ભકિતના આચારનો ઉપદેશ કરવા માટે શ્રીમહાપ્રભુજી વિવિધ વાક્યોનું નિરૂપણ કરે છે, આવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.**

ભક્ત્યાચાર એટલે ભક્તિનો આચાર. ભક્તિના આચારનો ઉપદેશ કરવા માટે નાના એટલે ઘણાં વિવિધ વાક્યોનું શ્રીમહાપ્રભુજીએ આપના ગ્રંથો દ્વારા નિરૂપણ કર્યું છે. આપે ઘણા ગ્રંથો લખ્યા છે. એના દ્વારા ભક્તિનું આચરણ કેવી રીતે કરવું એનો ઉપદેશ ભક્તોને આપ્યો છે. ષોડશ ગ્રંથોનું ઉદાહરણ લો. શ્રીમહાપ્રભુજીએ તેમાં બાલબોધ નામનો એક ગ્રંથ લખ્યો છે. તેમાં જે વૈષ્ણવ નથી એમના ચાર પુરુષાર્થો કયા તે સમજાવ્યું છે. સામાન્ય જગત માટેના ત્રણ પુરુષાર્થ ધર્મ, અર્થ અને કામ જગતમાં પ્રસિદ્ધ છે. પરંતુ મોક્ષ પુરુષાર્થની બાબતમાં વિવિધ મતો છે. તેથી શ્રીમહાપ્રભુજીએ મર્યાદામાર્ગીય મોક્ષનું સ્વરૂપ આ ગ્રંથમાં સમજાવ્યું અને આજ્ઞા કરી કેઃ જો તમારે આ પ્રકારનો મોક્ષ ન જોઈતો હોય તો તમે પુષ્ટિભક્તિના માર્ગે ચાલો. પુષ્ટિભક્તિના માર્ગે ચાલવા માટે આપે સિદ્ધાંતમુક્તાવલિની રચના કરી. ચતુઃશ્લોકી ગ્રંથ આપ્યો. સિધ્ધાંત રહસ્ય અને ભક્તિવર્ધિની જેવા ગ્રંથો આપ્યા. આ બધા ગ્રંથો દ્વારા આપે પુષ્ટિભક્તોને સમજાવ્યું

કે ભક્તિરૂપી પુરુષાર્થ સિદ્ધ કરવા માટે આપણા ઘરમાં રહીને શ્રીઠાકોરજીની તન, મન, ધનથી સેવા કરવી એ પુષ્ટિધર્મ છે. શ્રીઠાકોરજી સ્વયં આપણું પુષ્ટિધન છે. શ્રીઠાકોરજીને પ્રાપ્ત કરવાની રાત-દિવસ ઝંખના કરવી એ આપણો કામ છે. શ્રીઠાકોરજીનાં સેવા, સ્મરણ એ જ આપણો મોક્ષ છે. આમ, પુષ્ટિભક્તના ચારેય પુરુષાર્થ આપે ચતુઃશ્લોકીમાં બતાવ્યા.

શ્રીદમલાજીને બ્રહ્મસંબંધ મંત્રનું રહસ્ય સમજાવવા માટે આપે સિદ્ધાંતરહસ્યની રચના કરી હતી. બ્રહ્મસંબંધ લીધા પછી પાંચ પ્રકારના દોષો કેવી રીતે દૂર થાય છે અને જીવ પ્રભુની સેવા કરવા શુદ્ધ અને સમર્પિત થાય છે તે સમજાવ્યું. બ્રહ્મસંબંધ લીધા પછી વૈષ્ણવોએ અસમર્પિત ન લેવું જોઇએ એનો ઉપદેશ આ ગ્રંથમાં આપ્યો. શ્રીદમલાજીએ આ ગ્રંથ શ્રીગુસાઇજીને સંભળાવ્યો હતો. ભક્તિવર્ધિની ગ્રંથમાં ભક્તિના વિકાસની અવસ્થાઓ સમજાવીને વૈષ્ણવોએ ભક્તિમય જીવન કયા પ્રકારે જીવવું તેનો ઉપદેશ આપ્યો. આ બધા ગ્રંથોમાં ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ છે.

આ બધું આપણાથી કેમ થઇ શકે, એવી ચિંતા વૈષ્ણવોને થતી હોય છે. વૈષ્ણવો આ ચિતારૂપી ચિંતામાં બળે નહિ તે માટે શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ આપ્યો અને અલૌકિક ચિંતાઓને દૂર કરવાના ઉપાય તેમાં બતાવ્યા. આ ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજીએ આપણને આશ્વાસન આપ્યું કે વૈષ્ણવ તું કોઇ દિવસ ચિંતા કરીશ નહિ. શ્રીમહાપ્રભુજીએ કેટલું મોટું આશ્વાસન આપ્યું! ભટકતા જીવને ગુરુદેવ વિના આવું આશ્વાસન બીજું કોણ આપે! આપે આજ્ઞા કરીઃ પુષ્ટિભગવાન તેને છોડશે નહિ. માટે તેઓ જે કહે તેમાં તારુ ભલું સમજી, તું નિશ્ચિંત થઇ જા.

શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈયાશ્રય' ગ્રંથ દ્વારા વિવેક, ધૈર્ય અને આશ્રય સમજાવ્યા. પ્રભુની ઇચ્છા પ્રમાણે બધું થાય છે એવો વિવેક રાખી બધાં દુઃખો ધીરજથી સહન કરી, પ્રભુનું શરણ પકડી રાખવું એવો ઉપદેશ આપ્યો. આમ સેવાની સાથે સાચા વૈષ્ણવનું ઘડતર કરવાનો માર્ગ આ બધા ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવ્યો છે.

સતત શ્રીમહાપ્રભુજીના આ ઉપદેશોનું મનન કરવાથી આપણે સારા મનુષ્ય અને સાચા વૈષ્ણવ જરૂર બની શકીએ. એક મનુષ્ય જો સાચો મનુષ્ય બને તો આગળ ચાલીને તે જરૂર ઉત્તમ વૈષ્ણવ થઇ શકે. શ્રીમહાપ્રભુજીના પરમ ભગવદીયો આ

ઉપદેશોનું મનન- ચિંતન કરતા હતા. શ્રીમહાપ્રભુજી ભક્તિના માર્ગે કેવી રીતે આગળ વધાય એનું સ્વયમ્ આચરણ કરીને ભક્તોને શીખવે છે. એ સૂચવતું નવું નામ શ્રીગુસાઈજી આપે છે. ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાકયનિરૂપકાય નમઃ ।

શ્લોક-૨૧

સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥

શબ્દાર્થ :

(૫૮) સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયઃ = જેમણે સ્વાર્થ છોડીને, પોતાના સમગ્ર પ્રાણ પ્રભુને અર્પણ કર્યા છે એવા ભક્તોના પ્રિય **(૫૯) તાદૃશવેષ્ટિતઃ** = ભગવદીયોથી વીંટળાયેલા **(૬૦) સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ** = પોતાના સેવકો માટે બધાં સાધનો કરનારા **(૬૧) સર્વશક્તિધૃક્**: = સર્વશક્તિ ધારણ કરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૫૮) 'સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયઃ' = સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયાય નમઃ = સ્વાર્થ છોડીને જેમણે પોતાના સમગ્ર પ્રાણ પ્રભુને અર્પણ કર્યા છે એવા પોતાના ભક્તોને વ્હાલા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીના સેવકોએ શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી માટે પોતાના તમામ લૌકિક સ્વાર્થોનો પરિત્યાગ કર્યો છે અને તે દ્વારા બંને સ્વરૂપોને પોતાના પ્રાણપ્રિય બનાવ્યા છે. આવા ભક્તો શ્રીવલ્લભના પણ પ્રાણપ્રિય બન્યા છે.

પુષ્ટિભક્તિમાં શ્રીઠાકોરજી અને શ્રી મહાપ્રભુજીની સેવા વૈષ્ણવો માટે અલૌકિક સ્વાર્થ છે. એ સિદ્ધ કરવા ભગવદીયો બધી લૌકિક વસ્તુઓનો પરિત્યાગ કરે છે. શ્રીમહાપ્રભુજીને પ્રાણપ્રિય માને છે. પોતાનું તન, મન, ધન આપનાં ચરણોમાં સમર્પિત કરે છે. આવા ભગવદીયો શ્રીવલ્લભને પ્રાણપ્રિય છે.

શ્રીપદ્મનાભદાસજીને યાદ કરો. શ્રીપદ્મનાભદાસજીને જગતમાં શ્રીમહાપ્રભુજી સિવાય બીજું કોઈ પ્યારું નથી. જેવી રીતે શમા ઉપર પરવાના મરી ચૂકે એવી રીતે શ્રીમહાપ્રભુજી માટે પ્રાણ આપનારા આ જીવો હતા. પદ્મનાભદાસજી શ્રીમહાપ્રભુજી માટે કંઈપણ કરવા તૈયાર હતા. એક વખત શ્રી મહાપ્રભુજી કનોજ પધારતા હતા. સાથે એક વણજારો પણ હતો. શ્રીમહાપ્રભુજી પદ્મનાભદાસને ત્યાં પધાર્યા. સમય થયે ભોજન કરવા બિરાજ્યા. ત્યારે પેલો વણજારો રડતો રડતો આવ્યો. તેણે કહ્યું:

હું લૂંટાઈ ગયો છું. આવાં મહાપુરુષના સંગમાં હોવા છતાં મારું ભાગ્ય રૂઠ્યું છે. પદ્મનાભદાસજીએ કહ્યું: ભલા માણસ, તું રડીને શ્રીમહાપ્રભુજીને શ્રમ ન આપીશ. તેઓ તો તને ઓળખતાં પણ નથી. તું સાથે ચાલતો એટલું જ. તું મારી સાથે ચાલ. તેઓ તેને એક શરાફની પેઢી ઉપર લઈ ગયા.પદ્મનાભદાસજીની ગામમાં ઘણી પ્રતિષ્ઠા હતી.પદ્મનાભદાસે શરાફને કહ્યું: મારી પાસે પૈસો નથી. પણ મારે ૧૭ હજાર રૂપિયા જોઈએ છે.મારી પાસે ધર્મનું જે વૈદિક તપ છે અને વિદ્યા છે તે હું તમારા ત્યાં ગીરો મૂકું છું. તેના બદલામાં તમે આ વણજારાને ૧૭ હજાર રુપિયા ચૂકવી દો.પદ્મનાભદાસજીનો હેતુ એક જ હતો કે શ્રીમહાપ્રભુજીને આ વણજારા રૂદનથી શ્રમ ન થાય. અને દુનિયા એમ ન કહે કે શ્રીમહાપ્રભજીની સાથે ચાલતાં તે લૂંટાઈ ગયો. ગુરુ માટે આવો વિરલ ત્યાગ કરનારા પદ્મનાભદાસજી થઈ ગયા. પછી પદ્મનાભદાસજીએ ત્યાંના રાજાને મહાભારતની કથા સંભળાવી. તેમની પાસેથી ૧૭ હજાર રૂપિયા વ્યાજ સાથે શરાફને અપાવી દીધા.પોતે એક પૈસો પણ લીધો નહીં.આવા ભગવદીયોને આપણે વંદન કરીએ. શ્રીમહાપ્રભુજી આવા ભગવદીયોથી સતત વીંટળાયેલા રહે છે. એમ આગળના નામમાં શ્રી ગુસાંઈજી જણાવે છે. સ્વાર્થોજ્ઝિતા ખિલપ્રાણપ્રિયાય નમઃ ।

(૫૯) 'તાદૃશવેષ્ટિતઃ' = તાદૃશવેષ્ટિતાય નમઃ = તાદૃશી ભગવદીયોથી વીંટળાયેલા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

તાદૃશી એટલે ભગવાનના અત્યંત કૃપાપાત્ર ભગવદીયો જીવો. વેષ્ટિત એટલે વીંટળાયેલા રહેવું. તાદૃશી ભગવદીયો શ્રીમહાપ્રભુજીને વીંટળાયેલા રહે છે. આપણે ગળામાં સોનાની કંઠી પહેરીએ તો તેમાં પદક હોય છે. એ પદકમાં મધ્યમાં મોટું નંગ હોય છે અને આજુબાજુ નાનાં નાનાં નંગ જડેલાં હોય છે. નાનાં નાનાં રત્નો જેવા ભગવદીયોની વચ્ચે કોહીનૂર હીરા જેવા શ્રીમહાપ્રભુજી બિરાજે છે. જેમ તારાઓથી ચંદ્ર વીંટળાયેલો રહે તેમ શ્રીમહાપ્રભુજી ભગવદીયોથી વીંટળાયેલા રહે છે. શ્રીમહાપ્રભુજી એકલા ક્યારેય બિરાજતા નથી.

સામાન્ય વૈષ્ણવો આપની પાસે રહી શકતા નથી. કારણકે તાદૃશી વૈષ્ણવો જ શ્રીવલ્લભનો અગ્નિતાપ જીરવી શકે છે. સામાન્ય વૈષ્ણવોમાં એ તાપ જીરવવાની શકિત હોતી નથી. જે ભક્તોએ ભગવાનને સમર્પણ કરી એમ કહ્યું કેઃ હું તમારો છું. તે તદીય વૈષ્ણવ. તેમના જીવનમાં હું તમારો છું એવો તદીય ભાવ જોવા મળે છે. ભગવાન જેનો સ્વીકાર કરે અને કહે કેઃ તું મારો છે એ તાદૃશી વૈષ્ણવ. કારણ ભગવાન એના હૃદયમાં ભગવદ્ધર્મ પ્રગટ કરે છે, અને આમ પોતે સાક્ષાત્ ધર્મી

સ્વરૂપે એના હૃદયમાં બિરાજે છે. ભગવાને પોતાના દિવ્ય ધર્મો, ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આવા ભક્તોને આપ્યા હોય છે. તેથી તેમનું સ્વરૂપ અલૌકિક હોય છે. તેમને તાદૃશી વૈષ્ણવ કહેવાય. શ્રીમહાપ્રભુજી સાથે આવા તાદૃશી વૈષ્ણવોને નિત્યલીલાનો સંબંધ છે.

નિત્યલીલામાં આ ભગવદીયો ગોપીજન સ્વરૂપે શ્રીસ્વામિનીજીની સેવામાં હાજરાહજૂર રહેતા. તેથી અહીં પૃથ્વી ઉપર પણ તેઓ શ્રીમહાપ્રભુજીની નજીકમાં જ રહે છે. શ્રીમહાપ્રભુજીથી દૂર જતા નથી. જેમ ચકોરી ચંદ્રને છોડતી નથી, માછલું જળને છોડતું નથી, તેમ આ ભગવદીય ક્ષણવાર પણ શ્રીમહાપ્રભુજીને છોડતા નથી. આવા ભગવદીયો શ્રીમહાપ્રભુજીની સેવામાં એટલા ઓતપ્રોત હોય છે કે તેઓ વૈદિક ધર્મે બતાવેલાં બધાં સાધનો યથાર્થ રીતે કરવાનો સમય મેળવી શકતા નથી. ત્યારે આવા ભક્તોને માટે શ્રીમહાપ્રભુજી સ્વયમ્ એ સાધનો કરે છે, એનું નિરૂપણ આગળના નામમાં કર્યું છે. તાદૃશવેષ્ટિતાય નમઃ।

(૬૦)'સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ' = સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ = પોતાના ભક્તોને માટે બધાં જ સાધનો કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી જાણે છે કે મારા આવા વૈષ્ણવો નિઃસાધન દૈવી જીવો છે. તેમનામાં બધા વૈદિક ધર્મોનું પાલન કરવાની શક્તિ, સ્થિતિ અને સમય નથી, તેથી તેઓ વૈદિક ધર્મોનું પાલન કરી શકતા નથી. તેથી શ્રીમહાપ્રભુજી ભક્તોને બદલે પોતે સંધ્યાવંદન, યજ્ઞ-યાગાદિ વગેરે સર્વ વૈદિક સાધનો કરી લે છે.

આ નામનો એક બીજો અર્થ પણ કહ્યો. પોતાના ભક્તોનો ઉદ્ધાર કરવા માટે જેટલાં સાધનો જરૂરી છે એ બધાં શ્રીમહાપ્રભુજીએ ભૂતળમાં પ્રગટ કર્યા છે, છતાં વૈષ્ણવ એ સાધનો પ્રમાણે જીવન જીવી શકતો નથી, ત્યારે શ્રીમહાપ્રભુજી તેના ઉપર કૃપા કરે છે. જેમ ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું હતું કેઃ તું તારા યોગક્ષેમની ચિંતા ન કરીશ. અનન્ય ભાવથી તું મારા શરણે આવ. તારા યોગક્ષેમની ચિંતા હું કરીશ. એ જ રીતે મા-બાપ પણ બાળકના યોગક્ષેમની ચિંતા કરે છે તેમ શ્રીમહાપ્રભુજી પણ પોતાના વૈષ્ણવોના યોગક્ષેમની ચિંતા કરે છે, જે વૈદિક કર્મો વૈષ્ણવો નથી કરી શકતા એ સર્વ શ્રીમહાપ્રભુજી કરે છે. શ્રીમહાપ્રભુજી આ બધાં સાધનો કેવી રીતે કરતા હશે એવો આપણને પ્રશ્ન થાય. એનો જવાબ શ્રીગુસાંઈજી આગળના નામમાં આપે છે. સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ।

(૬૧) 'સર્વશક્તિધૃક્' = સર્વશકિતધૃષે નમઃ = સર્વશકિત ધારણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીભાગવતમાં બાર પ્રકારની પ્રભુની શક્તિઓ બતાવવામાં આવી છે. જેમાં ત્રણ મુખ્ય છે. શ્રી, પુષ્ટિ અને વાણી. આ ત્રણે શક્તિઓ શ્રીમહાપ્રભુજીમાં વિદ્યમાન છે. શ્રીશકિત એટલે ઈચ્છા શકિત. શ્રીસ્વામિનીજી ઈચ્છાશકિતનું સ્વરૂપ છે. પુષ્ટિશકિત એટલે કૃપાશકિત. શ્રીયમુનાજી કૃપાશકિતનું સ્વરૂપ છે. વાણીશકિત એટલે વેદની શ્રુતિઓ. શ્રુતિરૂપા ગોપીજનો, વેદની શ્રુતિઓનું સ્વરૂપ છે. આ તમામ શકિત શ્રીમહાપ્રભુજીમાં બિરાજે છે. તેથી આપ ઈચ્છાશકિતરૂપે પુષ્ટિજીવોનું કલ્યાણ કરે છે, કૃપાશકિત રૂપે પુષ્ટિજીવોને પ્રભુ સાથે મેળવી આપે છે, વાણીશકિતરૂપે આપ ગ્રંથરચના કરી, જીવોને પુષ્ટિમાર્ગનું જ્ઞાન આપે છે.

શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો : મારી આ સર્વ શક્તિઓ છે. પરંતુ તેમાં કૃપાશક્તિ વિશેષ છે. મારું કૃપાસ્વરૂપ હું કોને દાનમાં આપું? આપે વિચાર કર્યો, જ્યાં સુધી પૃથ્વી ઉપર દૈવી જીવો અને પુષ્ટિજીવો હશે ત્યાં સુધી પુષ્ટિમાર્ગનો પ્રચાર કરવો જ પડશે. મારા પછી આ માર્ગનો પ્રચાર કરવાની જવાબદારી હું કોના હાથમાં સોપું? જો હું મારા કોઈ સેવકને સોંપું તો જે ભગવત્‌શકિત મારામાં બિરાજે છે તે કદાચ મારા શિષ્યમાં ન પણ હોય માટે આપે વંશ વિસ્તારની ઈચ્છા કરી. એ સમજાવવા શ્રીગુસાંઈજી નવું નામ આપે છે. સર્વશકિતધૃષે નમઃ।

શ્લોક-૨૨

ભુવિભકિતપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥

શબ્દાર્થ :

(૬૨) ભુવિભકિતપ્રચારેકકૃતેસ્વાન્વયકૃત્ = માત્ર ભકિતના પ્રચાર માટે જ પોતાના વંશને ચલાવનારા (૬૩) પિતા = પિતા (૬૪) સ્વવંશેસ્થાપિતાઅશેષસ્વમાહાત્મ્યઃ = પોતાના વંશમાં પોતાનું સઘળું માહાત્મ્ય મૂકનાર (૬૫) સ્મયાપહઃ = ગર્વને હરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૬૨) 'ભુવિભકિતપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત્' = ભુવિભકિત પ્રચારૈકકૃતેસ્વાન્વયકૃતે નમઃ = પૃથ્વીમાં ભકિતનો પ્રચાર કરવા માટે પોતાના વંશને જેમણે સ્થાપન કર્યો છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમસ્કાર કરું છું.

ભુવિ એટલે પૃથ્વી. પૃથ્વીમાં ભકિતનો જ ફક્ત પ્રચાર કરવા માટે સ્વ એટલે પોતાનો અને અન્વય એટલે વંશ. અર્થાત્ પોતાનો વંશ શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કર્યો છે.

વંશનું સ્થાપન કરવા ગૃહસ્થાશ્રમ જરૂરી છે. શ્રીમહાપ્રભુજીની વય ૩૧ વર્ષની હતી ત્યારે આપ પૃથ્વી પરિક્રમા કરતા કરતા પંઢરપુર પધાર્યાં પંઢરપુરમાં પાંડુરંગ વિઠ્ઠલનાથજીનાં દર્શન કર્યાં. ચારેબાજુ વિઠોબાનો જયજયકાર થતો હતો. પછી આપ ત્યાં ચંદ્રભાગા નદીને કિનારે બિરાજ્યા. પંઢરીનાથ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીવલ્લભને મળવા પધાર્યા. ભગવાને આજ્ઞા કરીઃ વલ્લભ, મારી એક ઈચ્છા તમારે પૂરી કરવાની છે. શ્રીવલ્લભ હાથ જોડી વિનંતી કરવા લાગ્યાઃ 'પ્રભુ આજ્ઞા કરો.' શ્રીવિઠ્ઠલનાથજી મીઠું મીઠું હસીને બોલ્યા 'વલ્લભ, અહીં લોકો મારી સેવા કરે છે. રોજ મને ઠંડા જળથી નવરાવે છે અને માખણ-મીસરી ખવરાવે છે. મને અહીં થોડો પરિશ્રમ છે. માટે મારે તમારા પુત્ર થઈને તમારે ઘેર પ્રગટ થવું છે.' શ્રીવલ્લભે વિનંતી કરીઃ પ્રભુ, મારે લગ્ન નથી કરવાં. મેં બ્રહ્મચર્ય પાળવાનો નિર્ણય કર્યો છે. શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરીઃ 'વલ્લભ! ગૃહસ્થાશ્રમ જ એવો આશ્રમ છે કે જેમાં ગોપાલ તમારે ઘેર ઘોડિયામાં ઝૂલી શકે, એ લાભ બીજા કોઈ આશ્રમમાં મળતો નથી. માટે મારી આજ્ઞા છે.' શ્રીવલ્લભે વિનંતી કરીઃ 'મહારાજ, નાની ઉંમરમાં બધી કન્યાઓનાં લગ્ન થઈ જાય છે. એકત્રીસ વર્ષના મારા માટે કોઈ કન્યા કુવારી ક્યાંથી હોય!' શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યુંઃ 'મેં એની વ્યવસ્થા કરી છે. આપ કાશી પધારો. આપની જ્ઞાતિના એક બ્રાહ્મણ એમની સુલક્ષણા કન્યા માટે માંગુ લઈને આવશે.'

શ્રીમહાપ્રભુજી કાશી પધાર્યા. દેવન ભટ્ટ નામના એક વિદ્વાન ગૃહસ્થ બ્રાહ્મણ એમની કન્યા મહાલક્ષ્મી માટે માંગુ લઈને આવ્યા. પંચગંગા ઘાટ ઉપર લગ્ન મંડપ બંધાયો. ત્યાં લગ્નવિધિ થઈ. દૂર દૂરથી વૈષ્ણવો શ્રીવલ્લભના લગ્નમાં દર્શન કરવા આવ્યા, આનંદ આનંદ થઈ ગયો.

૩૧ વર્ષના શ્રીમહાપ્રભુજી વરરાજા બન્યા છે. મુખારવિંદ ઉપર સુંદર તિલક છે. કમલપત્રથી મુખારવિંદ શોભે છે. કેસરી ધોતી અને ઉપરણો ધારણ કર્યાં છે. આપના સુંદર કેશ ઉપર મંગલ સહેરો બાંધવામાં આવ્યો છે. તેલુગુ દેશની પ્રણાલિકા પ્રમાણે લગ્નની વિધિ થઈ રહી છે. વર-કન્યા ચોખા ભરેલા ટોપલામાં બિરાજ્યા છે. આ લગ્નનું કારણ પૃથ્વી ઉપર ભકિતનું પ્રવર્તન કરવા માટે છે.

લૌકિક સુખ માટે નથી. આમ, શ્રીમહાપ્રભુજીએ લગ્ન કરીને ભૂમિ ઉપર ભક્તિનો પ્રચાર કરવા ગૃહસ્થાશ્રમ અંગીકાર કર્યો અને વંશપરંપરાનું સ્થાપન કર્યું.

જગતમાં બે વંશો પ્રસિદ્ધ હતા. એક યદુવંશ અને બીજો રઘુવંશ. હવે આજથી ત્રીજો વંશ પ્રસિદ્ધ થયો અને તે વલ્લભ વંશ. શ્રીમહાપ્રભુજી વંશપરંપરા સ્થાપિત કરવા માટે પિતા બન્યા. તેથી આપનું નવું નામ કહે છે, ભુવિભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃતે નમઃ ।

(૬૩) 'પિતા' = પિત્રે નમઃ = પિતા સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

દુનિયાના લોકો લગ્ન કરીને બાપ તો બને છે પણ તેમને શ્રીમહાપ્રભુના જેટલું પિતૃપણું ભાગ્યે જ મળે છે. શ્રીમહાપ્રભુજીનું પિતા નામ ઘણું ગૌરવપૂર્ણ છે. ઉપનિષદો કહે છે કે આત્મા જ પુત્રના નામે પરિણમે છે.શ્રીમહાપ્રભુજી સ્વયમ્ શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રગટ થયા. પિતા બનવાનો અર્થ એ છે કે પોતાના જેવી પરંપરા શ્રીમહાપ્રભુજીએ ભૂતળમાં પ્રગટ કરી. જેટલા ગુણો શ્રીવલ્લભના છે એટલા જ ગુણો શ્રીવિઠ્ઠલના છે. શ્રીગુસાંઈજી પણ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમનું સ્વરૂપ છે. આમ શ્રીગુસાંઈજીના પ્રાગટ્યથી શ્રીમહાપ્રભુજી પોતાનું પિતા નામ સાર્થક કરે છે.

સંવત ૧૫૫૯માં શ્રીમહાપ્રભુજીનાં લગ્ન શ્રીમહાલક્ષ્મીજી સાથે થયાં. સંવત ૧૫૬૮માં અડેલમાં પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાગટ્ય થયું. સંવત ૧૫૭૨માં ચરણાટમાં શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયું. શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી બંને સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવત્સ્વરૂપ છે. પરંતુ આપણી વૈષ્ણવ સૃષ્ટિ શ્રીગુસાંઈજીને જેટલા જાણે છે એટલા શ્રીગોપીનાથજીને જાણતી નથી. ઘણા વૈષ્ણવોને એવું કહેતા સાંભળ્યા છે કે શ્રીગોપીનાથજી બળદેવજીનું સ્વરૂપ છે અને શ્રીગુસાંઈજી કૃષ્ણકનૈયાનું સ્વરૂપ છે. જેમ ગોપીજનો બલરામજીને માન આપતા, પણ તેમને હૃદયથી પ્રિયતમ તો શ્યામસુંદર હતા. એમ શ્રીગુસાંઈજી અમારા પ્રાણ પ્યારા છે. આ વાત બરોબર નથી. સાચી વાત એ છે કે શ્રીમહાપ્રભુજીનું પૂર્ણ તેજ શ્રીગોપીનાથજીમાં અને શ્રીગુસાંઈજીમાં સમાયેલું છે.જેમ શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીના શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ અને સેવામાર્ગનું પોષણ કર્યું છે તેમ શ્રીગોપીનાથજીએ પણ કર્યું છે. જો શ્રીગોપીનાથજી મર્યાદા સ્વરૂપ હોત તો આપનું પ્રાગટ્ય શ્રીમહાપ્રભુજીને ત્યાં શા માટે થાત?

શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ લેતાં પહેલાં પોતાના ઉત્તરાધિકારી તરીકેનું તિલક શ્રીગોપીનાથજીને કર્યું હતું. આમ, પુષ્ટિમાર્ગના પહેલા આચાર્ય શ્રીમહાપ્રભુજી છે.બીજા આચાર્ય શ્રીગોપીનાથજી છે. ત્રીજા આચાર્ય શ્રીગુસાંઈજી છે. શ્રીગોપીનાથજી બહુ નાની વયમાં ભગવલ્લીલામાં પધાર્યા હતા.આપની વંશપરંપરા આગળ ચાલી નહિ. તેથી શ્રીગોપીનાથજીને જાણનારા ભગવદીયો બહુ ઓછા થયા. એવું એક અનુમાન છે કે ૨૫૨ વૈષ્ણવ પૈકીના કેટલાક સેવક શ્રીગોપીનાથજીના હતા. શ્રીનાથજીની સેવાનો આટલો મોટો વૈભવ શ્રીગોપીનાથજીએ વધાર્યો છે. ગુજરાતમાં શ્રીગુસાંઈજીની સાથે શ્રીગોપીનાથજી પણ પધાર્યા હતા. તેથી આજે ઘણી જગ્યાએ શ્રીગુસાંઈજીની બેઠક છે. તેમાં કેટલીક શ્રીગોપીનાથજીની હોવાનો પણ સંભવ છે. શ્રીગુસાંઈજીએ ઘણા ગ્રંથો રચ્યા છે. શ્રીગોપીનાથજીનો એક જ ગ્રંથ આજે મળે છે, તેનું નામ છે 'સાધન દીપિકા'. આપણે અષ્ટપ્રહરની સેવા કરીએ છીએ એનું વિસ્તૃત નિરૂપણ શ્રીગોપીનાથજીએ આ ગ્રંથમાં કરેલું છે.

આજે આપણે શ્રીમહાપ્રભુજીનો અને શ્રીગુસાંઈજીનો ઉત્સવ ધામધૂમથી ઉજવીએ છીએ ત્યારે ઘણાં વૈષ્ણવોને એ પણ ખબર નથી કે શ્રીગોપીનાથજીનો ઉત્સવ કયા દિવસે આવે છે? શ્રીગોપીનાથજીનું પ્રાગટ્ય ભાદરવા વદ બારસે થયું. આપણે શ્રીમહાપ્રભુજીના એક લાલજીની વાત કરીએ. અને બીજાને ભૂલી જઈએ તે કેમ ચાલે? આજથી થોડાં વર્ષ પહેલાં શ્રીપુરુષોત્તમજી લેખવાળાએ વિચાર કર્યો કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ઉત્સવની જેમ જ શ્રીગોપીનાથજીનો ઉત્સવ પણ મનાવવો જોઈએ. ત્યારથી અમારા સુરતના ઘરમાં શ્રીગોપીનાથજીનો ઉત્સવ પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ઉત્સવની જેમ મનાવવામાં આવે છે.

આમ, શ્રીમહાપ્રભુજીના બંને પુત્રો અગ્નિકુમાર છે. માટે શ્રીમહાપ્રભુજીનું પિતા નામ સાર્થક છે.

વડીલોના મુખારવિંદથી એવું સાંભળેલું છે કે શ્રીગુસાંઈજીના ગર્ભાધાન કાળ ફાગણવદ-૯ના દિવસે હતો. તે દિવસે શ્રીગુસાંઈજી મહારાજનું સ્થાપન શ્રીઅક્કાજીના ઉદરમાં થયું. કેટલાક ઘરોમાં આ દિવસે ગુપ્ત ઉત્સવ મનાવવામાં આવે છે.

તે દિવસે શ્રીમહાપ્રભુજીએ પદ્મનાભદાસજીએ આજ્ઞા કરીઃ તમે પ્રયાગ જાઓ. ત્યાં અક્કાજી બિરાજે છે. તેમને પધરાવી લાવો. રાત પડી ગઇ હતી. કિનારે એક પણ નાવ ન હતી. આ સ્થિતિમાં જમુનાજી પાર કરીને પ્રયાગ કેવી રીતે પહોંચવું? પરંતુ પદ્મનાભદાસને શ્રવલ્લભના વચનોમાં પાકી શ્રદ્ધા હતી. તેઓ કિનારે આવ્યા. ત્યાં એક નાવ તરતી તરતી આવી. સાત વર્ષની ઉંમરનો એક બાળક નાવિક કાળી કામળી ઓઢીને નાવ લઇ આવ્યો. એણે પદ્મનાભદાસને પૂછયુંઃ બાબા, સામે પાર જવું છે? પદ્મનાભદાસજીએ કહ્યુંઃ સામે પાર જવું છે અને પાછા આવવું છે. નાવિકની આંખ આનંદથી ચમકતી હતી. તેણે હા કહી. પદ્મનાભદાસજી નાવમાં બેસી પ્રયાગ ગયા. અક્કાજીને પધરાવી લાવ્યા. અડેલ આવી શ્રીમહાપ્રભુજીની પર્ણકુટિ તરફ જવા લાગ્યા. પાછળ નજર કરી તો ન મળે નાવ અને ન મળે નાવિક. તેઓ સમજી ગયા કે નાવિક બનીને મારા ઘનશ્યામ પધાર્યા હતા. વૈષ્ણવોએ પદ્મનાભદાસજીને કહ્યુંઃ તમે શ્રીઠાકોરજીને શ્રમ કરાવ્યો. પદ્મનાભદાસજીએ કહ્યુંઃ મેં તો મારા ગુરુની આજ્ઞાનું પાલન કર્યું છે. બાકી હું કંઇ જાણતો નથી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ પુરુષોત્તમની લીલા પુરુષોત્તમ જાણે. તે રાત્રિએ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ શ્રીપ્રભુચરણના સ્વરૂપે શ્રીઅક્કાજીના ઉદરમાં પધાર્યા. જેમ શ્યામસુંદર શ્રીયશોદામાના ઉદરમાં પધાર્યા ત્યારે સકળ વ્રજભૂમિમાં આનંદ આનંદ છવાઇ ગયો હતો, તેમ સકલ વૈષ્ણવ સૃષ્ટિમાં આનંદ આનંદ છવાઇ ગયો.

પૂર્ણપુરુષોત્તમનું પ્રાગટ્ય યોગ્ય સ્થળમાં થાય છે. શ્રીઠાકોરજી ગોકુળમાં પ્રગટ્યા. શ્રીમહાપ્રભુજી ચંપારણ્યમાં પ્રગટ્યા તેમ શ્રીગુસાંઇજી ચરણાટમાં પ્રગટ થયા. જયાં અનંત અનંત ભક્તો પ્રભુનાં ચરણકમળમાં આળોટ્યા હોય તેવી ભૂમિ એટલે ચરણાટ. ચરણાટ ધામમાં શ્રીમહાપ્રભુજી સાથે અનંત વ્રજભક્તોએ વાસ કર્યો હતો. તેથી કૃષ્ણપ્રાગટ્ય વખતે જેવું અલૌકિક વાતાવરણ હતું તેવું જ અલૌકિક વાતાવરણ શ્રીગુસાંઇજીના પ્રાગટ્ય વખતે પણ હતું. શ્યામસુંદર શ્રાવણ મહિનાની કૃષ્ણપક્ષની નવમીએ પ્રગટ થયા. તો શ્રીગુસાંઇજી માગસર મહિનાની કૃષ્ણપક્ષની નવમીએ પ્રગટ થયા. શ્રાવણ માસ શ્રવણ નક્ષત્ર ઉપરથી બન્યો. શ્રવણ નક્ષત્ર વૈષ્ણવ નક્ષત્ર છે. તેમ ભગવાન કહે છે કે બધા મહિનાઓમાં માગસર માસ એ મારું વિભૂતિરૂપ છે. નવમીનો દિવસ પૂર્ણ તિથિનો દિવસ છે. શ્રીકૃષ્ણચંદ્રજી, શ્રીરામચંદ્રજી અને શ્રીગુસાંઇજી નવમીના દિવસે પ્રગટ થયા. શ્રીગુસાંઇજીના પ્રાગટ્યના દિવસે ગુરુવાર હતો.

તે દિવસે એક સંન્યાસી શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા. તેમની પાસે પંઢરપુરના શ્રીવિઠ્ઠલનાથજીનું એક સુંદર સ્વરૂપ હતું. એ સંન્યાસીએ વિનંતી કરીઃ આ સ્વરૂપને આપ પધરાવો. શ્રીમહાપ્રભુજીએ પ્રસન્નતાથી આજ્ઞા કરી કે આજે સ્વામી અને સેવક બંને સાથે ઘેર પધાર્યા છે. શ્રીઠાકોરજીનું નામ વિઠ્ઠલનાથ છે તેમ આ પુત્રનું નામ પણ વિઠ્ઠલનાથ રાખવું છે. શ્રીપુરુષોત્તમજીએ વિઠ્ઠલ શબ્દની સુંદર વ્યાખ્યા કરી. વિદ્ એટલે જ્ઞાન ઠ એટલે શૂન્ય અને લ એટલે સ્વીકારવું. જેઓ જ્ઞાનથી શૂન્ય છે તેમને ભગવદ્ જ્ઞાન પ્રાપ્ત કરાવનાર તે વિઠ્ઠલ. આવા શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ શ્રીગુસાંઇજી શ્રીમહાપ્રભુજીને ત્યાં પ્રગટ થયા. તેથી શ્રીમહાપ્રભુજીનું પિતા નામ સાર્થક થયું. શ્રીમહાપ્રભુજી અગ્નિસ્વરૂપ છે માટે શ્રીગુસાંઇજી અગ્નિકુમાર છે. પિત્રે નમઃ।

(૬૪) 'સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ' = સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યાય નમઃ = પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના વંશમાં પધરાવનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

પ્રભુનું માહાત્મ્ય બે પ્રકારનું છે.અશેષ માહાત્મ્ય અને શેષ માહાત્મ્ય. પ્રભુનું જે વંશરૂપ છે તે અશેષ માહાત્મ્ય. પ્રભુનું જે સેવકરૂપ છે તે શેષ માહાત્મ્ય. અશેષ માહાત્મ્ય એટલે ભગવદ્ભાવ, પુરૂષોત્તમભાવ, પૂર્ણ માહાત્મ્ય. શેષ માહાત્મ્ય એટલે દાસભાવવાળું માહાત્મ્ય. શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઇજીના માધ્યમથી પોતાના વંશમાં પુરૂષોત્તમભાવપૂર્ણ માહાત્મ્ય સ્થાપિત કર્યું. અને વૈષ્ણવસૃષ્ટિમાં શ્રીદામોદરદાસ હરસાનીજીના માધ્યમથી દાસભાવપૂર્ણ માહાત્મ્ય સ્થાપિત કર્યું. માટે શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિ બે પ્રકારની છે. બિંદુસૃષ્ટિ અને નાદસૃષ્ટિ. આપના વંશજ વલ્લભકુળના બાળકો જે અગ્નિકુમાર કહેવાય છે એ બિંદુસૃષ્ટિ છે. આપના શરણે આવેલા વૈષ્ણવજનો એ નાદસૃષ્ટિ છે.

શ્રીઠાકોરજીએ વેણુનાદ કર્યો ત્યારે તેમાંથી બે વસ્તુઓ પ્રગટ થઇ. એક તો વેણુનો શબ્દ એટલે નાદ. આ શબ્દોમાંથી પ્રભુના અધરો ઉપર બિરાજતાં અમૃતના બિંદુઓ ટપક્યાં, જે નાદરૂપી પાત્રમાં એકત્ર થયાં. શ્રીઠાકોરજીના ભક્તોના કાનમાં એ અધરસુધા પહોંચી. એ અધરસુધાનું નામ પડયું સર્વાભોગ્યાસુધા. શ્રીઠાકોરજીના અધર ઉપર જે બિંદુ પ્રગટ થયું તેમાંથી બિંદુસૃષ્ટિ પ્રગટી. જે નાદ પ્રગટ થયો તેમાંથી નાદસૃષ્ટિ પ્રગટી. આમ શ્રીઠાકોરજીની વેણુમાંથી આ બંને સૃષ્ટિનું પ્રાગટ્ય થયું.

લાકડાં સળગે ત્યારે તેમાંથી ઝીણા ઝીણા તણખાઓ નીકળે છે. આ તણખાઓ પણ અગ્નિરૂપ હોય છે, તેમ શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિરૂપ છે. એટલે આજ સુધી તેમનો જે વંશવેલો છે તે પણ અગ્નિમાંથી નીકળેલાં અગ્નિસ્વરૂપો છે.

તમને આજે એવો પ્રશ્ન થશે કે જો આમ હોય તો અમને આજે શ્રીમહાપ્રભુજીનાં અશેષ માહાત્મ્યનાં દર્શન કેમ થતાં નથી? શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશજોને આજ્ઞા કરી કે તમે સાવધાન રહેજો. એ વાત ખરી છે કે મેં મારું અશેષ માહાત્મ્ય તમારામાં પધરાવ્યું છે. પરંતુ એ માહાત્મ્ય ત્યાં સુધી જ તમારામાં પ્રગટ રહેશે, જ્યાં સુધી તમે પ્રભુથી બહિર્મુખ નહિ થાવ. નીચે પડવું સહેલું છે, ઉપર ચઢવું અને શિખર ઉપર ટકી રહેવું અઘરું છે.

આપણે શ્રીમહાપ્રભુજીના "શિક્ષાશ્લોકી", ગ્રંથને યાદ કરીએ. શ્રીમહાપ્રભુજી સંન્યાસ ધારણ કરી, કાશીમાં હનુમાન ઘાટ ઉપર બિરાજ્યા હતા ત્યારે આપે મૌન ધારણ કર્યું હતું. તે વખતે શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી નાની વયના હતા. બંને બાળકો વૈષ્ણવોની સાથે શ્રીમહાપ્રભુજીનાં દર્શને પધાર્યાં. બંને બાળકોએ વિનંતી કરીઃ આપ નિત્યલીલામાં પધારો પછી અમારે પૃથ્વી ઉપર કેવા પ્રકારે રહેવું તે કૃપા કરીને સમજાવો. ત્યારે શ્રીમહાપ્રભુજીએ ગંગાકિનારાની રેતી ઉપર સાડા ત્રણ શ્લોકો લખીને પોતાનાં બંને બાળકોને અને વૈષ્ણવોને એક સરખી આજ્ઞા આપી.

આ શ્લોકો વલ્લભકુળમાં જન્મેલા અમે- આપનાં બાળકોએ સતત યાદ રાખ્યા. કારણ કે અશેષ માહાત્મ્ય ત્યારે જ પ્રગટ થાય કે જ્યારે આ "શિક્ષાશ્લોકી"ને શીખીએ અને જીવનમાં ઉતારીએ. શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકોમાં પહેલી વાત એ કહી કે પ્રાણનાથ શ્રીનાથજીથી જો તમે બહિર્મુખ થઈ જશો તો સંસારસાગરમાં વહી જશો. બહિર્મુખ થવાનાં વિવિધ કારણો છે. પહેલું કારણ છે દુઃસંગ. દુઃસંગમાંથી બીજું કારણ જન્મે છે દુર્ભાવ. શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી પ્રત્યે દુર્ભાવ જાગે છે. ત્રીજું કારણ છે કંચન અને કામિનીનો સંગ. અગર તમારે કૃષ્ણને પામવા હોય તો કંચન અને કામિનીનો સંગ છોડવો પડશે. જેમ ઈન્દ્ર રાજાની અપ્સરાઓ સ્વર્ગમાં જનારને મોહ કરવા આવે છે તેમ ભગવન્ માર્ગમાં આગળ વધતાં અટકાવવા કામિની અને કંચનનાં આકર્ષણો આવે છે. બીજા બધા દુઃસંગમાંથી માણસ છૂટી શકે છે પણ કંચન કામિનીના દુઃસંગમાંથી છૂટવું બહુ અઘરું છે. આ બધું શ્રીમહાપ્રભુજીએ મોઘમમાં કહી દીધું.

સાથે સાથે આપશ્રીએ એવી આજ્ઞા કરી કે તમે કેવળ શ્રીકૃષ્ણને- શ્રીનાથજીને પકડી રાખો. તમારી દૃષ્ટિ કેવળ નયનાભિરામ શ્રીનાથજીમાં રાખજો. તમારી આંખમાં એમના જ રૂપને રમતું અને ગમતું રાખજો. જો શ્રીનાથજીબાવા તમારું સર્વસ્વ રહેશે તો તમારામાં મારું અશેષ માહાત્મ્ય સદાય જાગતું રહેશે.

સાથે સાથે એ પણ યાદ રાખજો કે તમે બહિર્મુખ બની જશો તો જેમ પ્રવાહી જીવો સંસારના પ્રવાહમાં તણાય છે. તેમ તમે-મારાં વહાલાં બાળકો પણ સંસારના પ્રવાહમાં તણાઇ જશો. આમ તો તમે નાવિક જેવા છો. આ દુનિયાને તારવા આવેલા છો. જેમની નાવ ડૂબતી હોય એમની નાવના તમે સહારા છો. શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોના નાવિક છે તેમ શ્રીમહાપ્રભુનાં બાળકો પણ પુષ્ટિજીવોના નાવિક છે. જો તમે બહિર્મુખ થઇ જશો તો નાવને તારનાર જ નાવને ડૂબાડનારા બની જશો. બીજાની નાવ તો ઠીક, પણ તમારી પોતાની નાવ પણ ડૂબી જશે. તે જાતે ડૂબે છે તે બીજાનો ઉદ્ધાર શું કરે? સંસારના પ્રવાહમાં તણાઇ જતાં સંસારનો એ પ્રવાહ તમારા દેહ, ચિત્ત, મન, ઇન્દ્રિયો એ બધાંને ખાઇ જશે.

શ્રીમહાપ્રભુજીએ આ જ આજ્ઞા પોતાની નાદસૃષ્ટિ એવા વૈષ્ણવોને પણ કહી. આપે આજ્ઞા કરી હે વૈષ્ણવો! આપણું સર્વસ્વ શ્રીનાથજીબાવા છે. એ નિધિસ્વરૂપ મેં તમારે માથે પધરાવી આપ્યું છે. આ અલૌકિક ભગવત્‌સ્વરૂપને તમે લૌકિક માનશો નહિ. પૂર્ણાભાવભીના હૃદયથી તમે તેમને તમારા પ્રિયતમ ઇષ્ટ સ્વરૂપ ગણીને તમની સેવા કરજો. જો તમે તમારા આ ઇષ્ટ સ્વરૂપને છોડીને બીજે જ્યાં ત્યાં ભટકતા રહેશો, લૌકિક આકર્ષણમાં ખેંચાતા રહેશો. તો આપણા શ્રીઠાકોરજી તમારો ત્યાગ કરશે. આપણે જો શ્રીઠાકોરજીનો ત્યાગ કરીશું તો શ્રીઠાકોરજી આપણો પણ ત્યાગ કરશે માટે શ્રીઠાકોરજીને લૌકિક માનશો નહિ. તેમને તમારા અલૌકિક નિધિ માનીને સર્વાત્મભાવથી તેમની તનુવિત્તજા સેવા કરજો.

તે જ વખતે ત્યાં શ્રીનાથજીબાવા પોતે પ્રગટ થયા. શ્રીનાથજીબાવાએ શ્રીવલ્લભકુળને અને વૈષ્ણવોને બધાંને આજ્ઞા કરી કે શ્રીગોવર્ધનધરણ એવા મારામાં તમે વિશ્વાસ રાખજો. તમે વલ્લભકુળમાં પ્રગટ થઇને પણ જો અવિશ્વાસ રાખશો, અન્યાશ્રય કરશો અને પ્રભુનાં ચરણારવિંદનો આશ્રય છોડી દેશો તો કાળપ્રવાહમાં ભટકતા થઇ જશો. જો મારામાં દૃઢ વિશ્વાસ રાખશો તો તમારે કોઇપણ પ્રકારની ચિંતા કરવાનું કારણ નથી.

શ્રીમહાપ્રભુજીની શિક્ષાના આ શ્લોકો સૌએ ઘૂંટી-ઘૂંટીને હૃદયમાં ઉતારવા જેવા છે. આપણા સૌના માથે જે સ્વરૂપ બિરાજે છે તે નિધિસ્વરૂપ છે. તેમની પૂર્ણભાવથી સેવા કરીએ અને શ્રીવલ્લભનાં ચરણકમળોમાં અનન્ય અનુરાગ રાખીએ, એ ખાસ જરૂરી છે.

શ્રીમહાપ્રભુજીનું અશેષ મહાત્મ્ય આજે પણ એમનાં બાળકોમાં વિદ્યમાન છે. શ્રીદ્વારકેશજી મહારાજે કહ્યું છે કેઃ શ્રીવલ્લભકે કુલમેં સબહી વલ્લભરૂપ. શ્રીવલ્લભકુળનાં બધાં બાળકો અગ્નિકુમારો છે, એટલે અલૌકિક અગ્નિ સ્વરૂપ છે.

આજથી ૨૦૦ વર્ષ પહેલાં આખું ધંધુકા ગામ જૈન હતું. તે કેવી રીતે વૈષ્ણવ થયું એ પ્રસંગ જાણવા જેવો છે. કાંકરોલીના ઘરમાં શ્રીગિરધરજી મહારાજ થઇ ગયા. આપ એક વખત ત્યાં પધાર્યા હતા. જળની ખેંચ હતી. આપના જળઘરિયા મીઠા જળની શોધમાં ગયા. કોઈકે મશ્કરીમા કહ્યું આ કૂવો બહુ મીઠો છે. આપે આજ્ઞા કરી શ્રીઠાકોરજીની ઝારીજીનું જળ એમાંથી જ ભરો. તે જળનાં ઝારીજી ભર્યાં. આપે ઝારીજીનું પ્રસાદી જળ લીધું, તે અત્યંત ખારું હતું. આપે વિચાર કર્યો કે મશ્કરી કરનારને પણ ખબર પડવી જોઇએ કે પ્રભુનો પુણ્યપ્રતાપ કેવો છે? આપે સ્વયમ્ તે કૂવા ઉપર પધારી, શ્રીઠાકોરજીની ઝારીજીનું જળ કૂવામાં પધરાવ્યું. તે પધરાવતાંની સાથે જ આખો કૂવો મીઠો થઇ ગયો. ગામ લોકોને ખબર પડી. આવો અદ્ભુત ચમત્કાર જોઇ સૌ શરણે આવ્યા. આખું ગામ વૈષ્ણવ થયું અને શ્રીદ્વારકાનાથજીના ચરણારવિંદમાં ભગવદીય બની અનન્ય અનુરાગી થયું.

આવો જ બીજો એક પ્રસંગ વડોદરામાં બન્યો. વડોદરામાં બાજવાડામાં શ્રીગોવર્ધનનાથજીનું મંદિર છે. ત્યાં પહેલાં વડોદરાના ગાયકવાડ ખંડેરાવના કબજામાં હવેલી જેવું એક મોટું મકાન હતું. શ્રીગુસાંઈજીના દ્વિતીય ગૃહના એક ગોસ્વામી બાળક ત્યારે વડોદરા પધાર્યાં. આ હવેલી જેવા મકાનમાં ઘણાં ભૂતપ્રેત હતાં. તેથી તેમાં કોઇ રહી શકતું નહિ. ગાયકવાડ સરકારે મહારાજશ્રીની મશ્કરી કરવા આ હવેલીમાં એમને ઉતારો આપવાનું ગોઠવ્યું. તેમણે વિચાર કર્યો મહારાજશ્રીમાં શકિત હશે તો ભૂતોને કાઢી મૂકશે, નહિ તો આપણને સમજણ પડશે. આપે ત્યાં મુકામ કર્યો. રાત થઇ, અસંખ્ય ભૂતાવળો કિકિયારીઓ કરવા લાગ્યાં. આપશ્રીએ શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી શ્રીહસ્તમાં જળ લઈ, એક પછી એક ભૂત ઉપર છાંટવા માંડ્યું. સૌ ભૂતપ્રેત ચીસો પાડતાં કહેવા લાગ્યાંઃ અમે બહુ

બળીએ છીએ, અમને ક્ષમા કરો. અમે ચાલ્યા જઈએ છીએ. સૌ ભૂતો ત્યાંથી ભાગી ગયાં. ભાગતાં ભાગતાં સૌ એમના મૂળ સ્થાને જતા રહ્યાં. એ હવેલીમાં એક ભયંકર બ્રહ્મરાક્ષસ હતો. તે મહારાજશ્રીને શરણે આવ્યો. તેણે વિનંતી કરીઃ "કૃપાનાથ! બધાં ભૂત ગયાં તો ભલે ગયાં. હવે હું આપનો સેવક છું. અહીં હું આપની સેવા કરીશ. મને અહીંથી જવાની આજ્ઞા ન કરશો." એ ગોસ્વામી બાળકે એની ઇચ્છા પ્રમાણે એને ત્યાં રહેવા દીધો. ખંડેરાવ ગાયકવાડે આ હકીકત જાણી. એટલે તે હવેલી તે બાળકને ભેટ ધરી. આપશ્રીએ ત્યાં પોતાના સેવ્ય ઠાકોરજી શ્રીગોવર્ધનનાથજીને પધરાવ્યા. થોડા સમય પહેલાં ત્યાં અચાનક આગ લાગી હતી. એમ કહેવાય છે કે આપે જે બ્રહ્મરાક્ષસને હવેલીને જે સ્થાનમાં રહેવાની આજ્ઞા કરી હતી ત્યાં કંઈક ગરબડ થવાથી આ દુર્ઘટના બની હતી. પરંતુ શ્રીઠાકોરજીને જરાપણ પરિશ્રમ થયો ન હતો.

આવા અનેક પ્રસંગો ૫૦૦ વર્ષના ઇતિહાસમાં બનેલા છે. જેના પરથી નક્કી થાય છે કે શ્રીમહાપ્રભુજીનો પુણ્યપ્રતાપ આજે પણ શ્રીવલ્લભ વંશમાં વિદ્યમાન છે.

કેટલાક ટીકાકારોએ 'સ્વવંશ' શબ્દ શ્રીગુસાંઇજીના અર્થમાં સ્વીકાર્યો છે. તે મુજબ પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી એ બંને સ્વરૂપમાં કોઇજ ભેદ નથી. ભગવદીયો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીમાં ભેદ માનતા નથી કારણ કે શ્રીમહાપ્રભુજીએ પોતાનું અશેષ માહાત્મ્ય શ્રીગુસાંઇજીમાં પધરાવી દીધું છે. એના પણ કેટલાક પ્રસંગો વાર્તાસાહિત્યમાં મળી આવે છે.

શ્રીમહાપ્રભુજી આસુરવ્યામોહલીલા કરીને પધાર્યા ત્યારે શ્રીદમલાજી શ્રીગુસાંઇજીનું ધ્યાન રાખતા. શ્રીગુસાંઇજીની બાલ્યાવસ્થા હતી. શ્રીગુસાંઇજી ગાદી તકિયા પર બિરાજે ત્યારે અડધી ગાદી દબાવીને શ્રીદામોદરદાસજી દીનતાથી બેસતા. એક વખત શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને દર્શન આપીને પૂછયું: 'તમે વિઠ્ઠલને ક્યા સ્વરૂપે જાણો છો?' દામોદરદાસજીએ કહ્યું: 'હું તેમને આપના પુત્ર તરીકે જાણું છું.' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: "મારામાં અને વિઠ્ઠલમાં કોઈ ભેદ નથી. તમે તેમને મારા સ્વરૂપે જ જાણો." દામોદરદાસજી શ્રીગુસાંઇજીનું ચરણામૃત લેતા નહોતા ત્યારે શ્રીમહાપ્રભુજીએ ફરી દર્શન આપીને આજ્ઞા કરી: "તમે વિઠ્ઠલનું ચરણામૃત કેમ લેતા નથી?" દામોદરદાસજીએ વિનંતી કરી: "કૃપાનાથ! મારા ગુરુ તો આપ છો." ત્યારે શ્રીમહાપ્રભુજીએ હસીને આજ્ઞા

કરી: "તને મારામાં અને વિઠ્ઠલમાં ભેદ કેમ દેખાયો? વિઠ્ઠલરૂપે પણ હું જ છું. માટે આજથી તું તેમનું ચરણામૃત લેજે." આમ દામોદરદાસજી દ્વારા શ્રીમહાપ્રભુજીએ સકલ વૈષ્ણવ સૃષ્ટિને સમજાવ્યું કે જે વલ્લભ છે તે જ વિઠ્ઠલ છે અને જે વિઠ્ઠલ છે તે જ વલ્લભ છે. દ્વિદલાત્મક પ્રભુનો વિપ્રયોગ એટલે શ્રીમહાપ્રભુજી અને સંયોગ એટલે શ્રીગુસાંઇજી. આથી શ્રીપુરુષોત્તમજીએ લખ્યું છે કે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ મળીને સંપૂર્ણ પુષ્ટિમાર્ગના આચાર્ય બને છે.

આવો જ અનુભવ શ્રીસૂરદાસજીનો પણ છે. જ્યારે સૂરદાસજીને નિત્યલીલામાં જવાનો સમય થયો ત્યારે સૂરદાસજી ચંદ્ર સરોવર પર તેમની પર્ણકુટિ પાસે પોઢ્યા હતા. એક વૈષ્ણવે શ્રીગુસાંઇજીને ખબર આપી. આપે આજ્ઞા કરી: "પુષ્ટિમાર્ગનું જહાજ હવે પાછું જવાની તૈયારીમાં છે. તમે સૌ ત્યાં જાઓ. હું પણ આવું છું." શ્રીગુસાંઇજી શ્રીનાથજીબાવાની રાજભોગ આરતી કરીને ત્યાં પધાર્યા. સૂરદાસજીના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. તેમણે શ્રીગુસાંઇજીના ચરણારવિંદ પકડી લીધાં. તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા, 'દૃઢ ઇન ચરણન કેરો ભરોસો' સામે શ્રીગુસાંઇજી બિરાજે છે. સૂરદાસજી વૈષ્ણવોને કહી રહ્યા છે કે હે વૈષ્ણવો! શ્રીગુસાંઇજીનાં ચરણારવિંદમાં દૃઢ ભરોસો રાખજો. પછી કહ્યું: 'શ્રીવલ્લભ નખચંદ્રછટાબિન સબ જગમેં જૂ અંધેરો' કારણ કે સૂરદાસજીને શ્રીગુસાંઇજીના નખચંદ્રમાં શ્રીમહાપ્રભુજીના જ નખચંદ્રનાં દર્શન થતાં હતાં. શ્રીગુસાંઇજીના સ્વરૂપમાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં હતાં. એટલે તેમણે વૈષ્ણવોને સમજાવ્યું હે વૈષ્ણવો! શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલનાં ચરણ જુદાં નથી. એક જ છે. અંતે કહ્યું: 'જે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલના સ્વરૂપમાં ભેદ કરે છે એ આંધળો છે. જે બંનેને એક જ જાણે છે તે દેખતો છે. શ્રીગુસાંઇજી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ જ છે.એટલા માટે શ્રીમહાપ્રભુજીના બધા સેવકો શ્રીગુસાંઇજીને વલ્લભ જ માનતા. અને શ્રીગુસાંઇજીના બધા સેવકો શ્રીગુસાંઇજીમાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરતા.

પરંતુ આધુનિક જમાનામાં એક વિચિત્ર વિચારસરણી ઊભી થઇ છે કે શ્રીમહાપ્રભુજી જુદા અને શ્રીગુસાંઇજી જુદા. એવા કેટલાક લોકો છે જે કેવળ વલ્લભ વલ્લભ કરે છે અને શ્રીગુસાંઇજીને માનતા નથી. એમનો અલગ પંથ છે. જેને તેઓ વલ્લભ પંથ કહે છે. મને લાગે છે કે આ કેડી આગળ જાય જ નહિ. એ ત્યાં ને ત્યાં જ અટવાઇ જાય. આજે આપણા પુષ્ટિમાર્ગમાં આવા ઘણા મનસ્વી

નાના પંથો અને ફાંટાઓ નીકળી પડ્યા છે. વલ્લભ પંથના લોકોનું માનવું છે કે બસ કેવળ મહાપ્રભુજીને જ ભજો. બીજા કોઈને નહિ. પતિભાવે અને પ્રભુભાવે મહાપ્રભુજીની ભક્તિ કરો. શ્રીનાથજીબાવાને માનવાની જરૂર નથી. તમે તેમને શ્રીનાથજીબાવાનો પ્રસાદ આપો તો મોઢું ફેરવીને કહેશે કે અમે તેમને માનતા નથી. અમારા સ્વામી તો શ્રીમહાપ્રભુજી છે. માટે તેઓ શ્રીમહાપ્રભુજી સિવાય બીજા કોઈની વાણીનો પાઠ કરતા નથી. તેઓ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પણ પાઠ કરતા નથી. કારણ કે તે શ્રીગુસાંઈજીની વાણી છે. શ્રીમહાપ્રભુજીની વાણી નથી. તેમને પૂછવાનું મન થાય કે તમે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ વચ્ચે આવો ભેદ કરશો તો તમારી શી ગતિ થશે? તેઓ વલ્લભકુળ પાસે જાય તો હાથ જોડે, પણ, દંડવત્ પ્રણામ ન કરે. તેઓ કહે કે તમે એમના વંશજ છો પણ મહાપ્રભુજી તો જુદું જ તત્ત્વ છે. તેઓ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ન બોલે 'શ્રીવલ્લભઃ શરણં મમ' બોલે. તમે તેમને 'જયશ્રીકૃષ્ણ' કહો તો તેઓ 'જયશ્રીવલ્લભ' કહે. મને લાગે છે કે આ તેમની જડતા છે. તેમની બુદ્ધિ પર કોઈએ રાખ ઢાંકી દીધી છે. તેમને અમે આ બધું સમજાવીએ ત્યારે તેઓ કહે છે કે આ બધું શ્રીગુસાંઈજીએ લખ્યું છે. શ્રીમહાપ્રભુજીએ થોડું લખ્યું છે?

શ્રીમહાપ્રભુજીની આ નામાવલીનું શ્રવણ કર્યા પછી વૈષ્ણવ સૃષ્ટિનું એ કર્તવ્ય છે કે તેઓ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીમાં ભેદ ન કરે. આવું અશેષ માહાત્મ્ય શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીમાં કેવી રીતે પધરાવ્યું હશે, એનું આશ્ચર્ય થાય. એના જવાબમાં બીજું નામ આપે છે. 'સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યાય નમઃ'

(૬૫) 'સ્મયાપહઃ' = સ્મયાપહાય નમઃ = આશ્ચર્ય અને અભિમાનને દૂર કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

'સ્મય' શબ્દના બે અર્થ છે, આશ્ચર્ય, અભિમાન. અપહ એટલે દૂર કરનારા. ભક્તોના મનમાં જાગતા આશ્ચર્યને અને અભિમાનને શ્રીમહાપ્રભુજી દૂર કરે છે. ભક્તોના મનનું આશ્ચર્ય શ્રીમહાપ્રભુજી એટલા દૂર કરે છે કે મેં મારું અશેષ માહાત્મ્ય મારા વંશની અંદર એટલા માટે સ્થાપ્યું છે કે મારા અલૌકિક અગ્નિત્વનો સંબંધ મારા વંશજોને પણ છે. આજનું વિજ્ઞાન પણ કહે છે કે આપણાં બાળકોમાં સાત પેઢીના સંસ્કરોનો વારસો આવે છે. વિજ્ઞાનની આ વાત ધર્મશાસ્ત્રો સારી રીતે જાણતા હતા. તેથી સાત પેઢી સુધી સમાન ગોત્રના મનુષ્યો પૈકી કોઈનું

મરણ થાય તો સૂતક લાગે છે. વિજ્ઞાન આ સિદ્ધાંતને મેન્ડોલીઝમનો સિદ્ધાંત કહે છે. એક બાળકને બહારથી આપેલા સંસ્કાર અને ગર્ભથી આપેલા સંસ્કારમાં ઘણો મોટો ફરક હોય છે. શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશજોને ગર્ભના સંસ્કાર આપ્યા છે. તેથી વલ્લભવંશમાં ભગવત્સેવાના ગર્ભસંસ્કાર છે. શ્રીવલ્લભવંશના હાથે શ્રીઠાકોરજીની જે સેવા થાય છે અને અન્ય લોકોના હાથે જે સેવા થાય છે તેમાં ઘણો મોટો તફાવત આજે પણ દેખાય છે. આમ, આપે સ્વવંશમાં અશેષ માહાત્મ્ય પધરાવ્યું છે એમાં કોઇ આશ્ચર્ય નથી. આવું આશ્ચર્ય આપે દૂર કર્યું. માટે આપને સ્મયાપહાય નમઃ કહ્યા.

શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો મેં મારા વંશજોમાં અશેષ માહાત્મ્ય તો પધરાવી દીધું, પણ કદાચ તેમનામાં અભિમાન આવે તો? એમ થઇ જાય કે અમે પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છીએ! એવા ખ્યાલથી ક્યાંક અપરાધ થઇ જાય તો? એટલા માટે એમને સંયમમાં રાખવાનું કામ વૈષ્ણવ સૃષ્ટિને આપ્યું. માટે શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી કે તમે શ્રીગુસાંઇજીની સંભાળ રાખજો. શ્રીગુસાંઇજી નાના હતા ત્યારે તેમને ખેલકૂદમાં બહુ આનંદ આવતો. વ્રજવાસીઓ સાથે મળી આપ બહુ આનંદ કરતા. તેથી એક વખત દામોદરદાસજીએ શ્રીગુસાંઇજીને વિનંતી કરીઃ 'મહારાજ, આ માર્ગ તાપકલેશનો છે, હાંસીખેલનો નથી.' એ સાંભળીને શ્રીગુસાંઇજીનાં નેત્રોમાં અશ્રુ આવ્યાં. આપે આજ્ઞા કરીઃ 'દમલાજી! તમારા મુખારવિંદથી સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી મને આજ્ઞા કરી રહ્યા છે, શ્રીવલ્લભ વંશને વિનંતી કરવા માટે દમલાજી જેવો અધિકાર જોઇએ.

એક વૈષ્ણવ હતા. તેઓ ઘણું રડતા હતા. અમારાથી તેમને પૂછાઇ ગયું કે 'તમે કેમ રડો છો?' તેમણે કહ્યું 'કૃપાનાથ! મારાથી એક ગોસ્વામી બાળકને કંઇક સલાહ અપાઇ ગઇ છે. મારો એ અપરાધ થયો છે. તેનો પસ્તાવો થાય છે.' અમે કહ્યુંઃ વૈષ્ણવ! તમે કોઇ અપરાધ નથી કર્યો. તમે દાસભાવથી વિનંતી કરવાનો અધિકાર ધરાવો છો. શ્રીમહાપ્રભુજીએ તમને એ અધિકાર આપ્યો છે. તમે શ્રીવલ્લભકુળ પ્રત્યે પૂર્ણભાવથી જ્યારે વિનંતી કરી છે, જ્યારે તેમાં કોઇ દુર્ભાવ નથી, જ્યારે પૂરા વિનય અને વિવેકથી વાત કરી છે ત્યારે તેમાં અપરાધનો પ્રશ્ન નથી. આવા શ્રીમહાપ્રભુજીએ આમ અભિમાનથી પણ બચવાની કૃપા કરી છે માટે સ્મયાપહાય નમઃ

શ્લોક-૨૩:

પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયોનન્ય-ભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥

શબ્દાર્થ :

(૬૬) પતિવ્રતાપતિઃ = પતિવ્રતાના પતિ (૬૭) પારલૌકિકૈહિકદાનકૃત્ = પરલોકના અને આ લોકના ફળનું દાન કરનારા (૬૮) નિગૂઢહૃદયઃ = અતિશય ગૂઢ હૃદયવાળા (૬૯) અનન્યભકતેષુજ્ઞાપિતાશયઃ = અનન્ય ભક્તોને (પોતાના મનનો) આશય સમજાવનાર (શ્રીમહાપ્રભુજી છે.)

(૬૬) 'પતિવ્રતાપતિઃ' = પતિવ્રતાપતયે નમઃ = પતિવ્રતા ભક્તોના પતિ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી પતિવ્રતા ભક્તોના પતિ છે. પતિવ્રતા એટલે પત્ની. શ્રીમહાપ્રભુજીનાં વહુજી શ્રીમહાલક્ષ્મીજી આપનાં પતિવ્રતા પત્ની છે. તેથી આપ પતિવ્રતા પત્ની એવાં શ્રીમહાલક્ષ્મીજીના પતિ છે.

'પતિવ્રતા' શબ્દથી અનન્ય સેવકો એવો અર્થ પણ લઇ શકાય. જેમ પત્ની તેના પતિની અનન્ય બનીને રહેવાનું વ્રત રાખે છે તેમ આપના સેવકો પણ આપના અનન્ય બનીને રહે છે. આવા અનન્ય વૈષ્ણવોના આપ પતિ એટલે સ્વામી છે.

શ્રીગુસાંઇજી મહારાજે આગળ શ્રીમહાપ્રભુજીનું એક નામ આપ્યું હતું 'પતિઃ'. હવે અહીં આપને 'પતિવ્રતા પતિઃ' કહ્યા. પતિ નામથી એમ સૂચવ્યું હતું કે આપ ભક્તોનું રક્ષણ કરનારા છો. હવે બીજી વખત પતિ શબ્દથી એમ સૂચવે છે કે આપ ભક્તોનું પોષણ કરનારા છો. પત્નીનું રક્ષણ કરવું એ પતિની પહેલી ફરજ છે. પત્નીનું પોષણ કરવું એ પતિની બીજી ફરજ છે. કોઇ પતિ પત્નીનું રક્ષણ કરે પણ પત્નીનું પોષણ ન કરે તો એ પતિ પૂર્ણ ન કહેવાય, અધૂરો કહેવાય.

શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તોનું રક્ષણ કરે છે અને તેમના ભાવનું પોષણ કરે છે. રક્ષણ કરવા માટે પત્નીએ પતિવ્રત લેવાની જરૂર નથી. સામાન્ય પતિ તેની પત્ની ગમે તેવી હોય, તો પણ તેનું રક્ષણ કરે છે. તો શ્રીમહાપ્રભુજીને શરણે આવેલો જીવ ભલે અનન્ય ભાવવાળો ન હોય, સ્વાર્થથી શરણે આવ્યો હોય તો પણ શ્રીમહાપ્રભુજી તેને અભયદાન આપે છે. શ્રીભાગવતજીમાં પતિ શબ્દની

વ્યાખ્યા મળે છે. જેને કોઈનો ભય નથી તે પતિ. શ્રીમહાપ્રભુજી ગમે તેવા ભક્તને પણ અભયદાન આપનારા છે. માટે આપ ભક્તોના પતિ, સ્વામી છો.

ઘણીવાર દુનિયામાં એવું દેખાય છે કે લગ્નની છાપથી પુરુષ પતિ બની જાય અને સ્ત્રી પત્ની બની જાય. પરંતુ તે પુરુષ તેની પત્નીનું રક્ષણ ન કરે તો તે પતિ કહેવડાવવાને લાયક હોતો નથી. જે રક્ષણ કરે તે પતિ. એ અર્થમાં ભગવાન સાક્ષાત્ પતિ છે અને શ્રીમહાપ્રભુજી પણ સાક્ષાત્ પતિ છે.

શ્રીરામચંદ્રજીનું ચરિત્ર આપણે જાણીએ છીએ. શ્રીરામચંદ્રજી લંકાના સમુદ્ર કિનારે બિરાજતા હતા. ત્યારે ભયભીત બનેલો વિભીષણ શ્રીરામચંદ્રજીના શરણે આવ્યો. શ્રીરામચંદ્રજીએ તેના મસ્તક પર પોતાનો હસ્ત મૂકીને કહ્યુંઃ 'લંકેશ, તું મારા શરણે આવ્યો છે. સર્વ શરણાગતને અભયદાન આપવું તે મારી ફરજ છે, માટે હું તને અભયદાન આપું છું.'

કૃષ્ણલીલામાં પણ એક પ્રસંગ છે. જ્યારે ઈન્દ્રે વ્રજ પર મુશળધાર વરસાદ વરસાવ્યો અને વ્રજને ડૂબાડવા માંડ્યું ત્યારે શરણાગત વ્રજવાસીઓને અભયદાન આપવા શ્રીઠાકોરજીએ સાત દિવસ સુધી ગિરિરાજ ધારણ કર્યો હતો, માણસને સૌથી મોટો ભય મૃત્યુનો હોય છે. મૃત્યુથી ડરેલા વ્રજવાસીઓને પ્રભુએ ઉગારી લીધા, તેમની રક્ષા કરી. તેથી ભગવાન પ્રજાપતિ કહેવાયા.

શ્રીમહાપ્રભુજી કેવળ પતિ નથી, પતિવ્રતાના પતિ છે, કેવળ રક્ષા કરનારા પતિ નથી, રસનું દાન કરનારા પતિ છે.

પતિવ્રતા શબ્દનો અર્થ આપણે એવો સમજીએ છીએ કે પતિના મૃત્યુ પાછળ જે સતી બની અગ્નિમાં કૂદી પડે તે પતિવ્રતા કહેવાય. પતિવ્રતાનું લક્ષણ એવું બતાવવામાં આવ્યું છે કે જે પતિના દુઃખે દુઃખી હોય, અને પતિના સુખે સુખી હોય, તે પતિવ્રતા નારી. પતિ જ્યારે પ્રવાસમાં ગયો હોય ત્યારે વિરહમાં ઝૂરીઝૂરીને જે સુકાઈ જાય, તે પતિવ્રતા નારી. ઘણાંને એમ લાગે છે કે સંબંધ મોઢા ઉપર બતાવવા પૂરતા જ હોય. જે સ્ત્રી એના પતિની સામે કહે કે મને તમારા વિના ગમશે નહિ, એ સ્ત્રી પતિના ગયા પછી એકલી લાડવા ખાતી હોય, તો તે પતિવ્રતા કહેવાય નહિ. આજે લાખો-કરોડો માણસો પતિ-પત્નીના રૂપમાં જીવે છે, પણ એમના અંતરની દુનિયા ઉઘાડીને જોવામાં આવે તો જણાશે કે તેઓ સાચા દિલથી પતિ-પત્ની તરીકે જીવતા નથી, એક નાટક કરે છે.

પતિવ્રતા નારીનું જ્વલંત ઉદાહરણ ભક્ત કવિ જયદેવજીનાં પત્ની પદ્માવતીએ બતાવ્યું છે. જયદેવજી અને પદ્માવતીનો પ્રેમ દૂધમાં સાકર મળી ગઇ હોય, તેવો અનન્ય હતો. એક દિવસ પદ્માવતી દેવી રાજાના રાણીવાસમાં રાણીઓ પાસે બેઠાં હતા. બધી રાણીઓ પતિ પ્રેમનાં બણગાં ફૂંકતી હતી. પદ્માવતી દેવી ચૂપ હતાં. રાણીઓએ આગ્રહ કર્યો કે તમે પણ તમારા પતિપ્રેમ વિષે કંઇક કહો. પદ્માવતી દેવીએ કહ્યુંઃ પ્રેમ એ મોઢેથી બોલવાની વસ્તુ નથી. મારી સમજ એવી છે કે પતિ વગર જેના પ્રાણ એકક્ષણ પણ ન ટકી શકે એ પતિવ્રતા સ્ત્રી. રાણીઓને પદ્માવતી દેવીની પરીક્ષા લેવાનો વિચાર આવ્યો. એક દિવસ જયદેવજી રાજા સાથે વનમાં ગયા હતા. ત્યારે રાણીઓએ એક વિશ્વાસુ માણસ પાસે જયદેવજીનાં વસ્ત્રો વાઘના લોહીમાં તરબોળ કરાવી મંગાવ્યા અને તે પદ્માવતી દેવીના હાથમાં આપ્યાં. પદ્માવતી દેવી પતિનાં વસ્ત્રોને ઓળખી ગયાં. એક ક્ષણમાં તેઓ મૂર્છા ખાઇ ઢળી પડ્યાં. દોડાદોડ થઇ ગઇ. વૈદો આવ્યા. પણ તેમણે કહ્યુંઃ ઘણું મોડું થઇ ગયું છે. રાણીઓને પસ્તાવો ઘણો થયો. પણ હવે કોઇ ઉપાય નહોતો. જયદેવજી આવ્યા. તેમણે પણ ઘણો વિલાપ કર્યો. તેમણે કહ્યુંઃ હું જીવતો હોઉં અને પદ્માવતી જાય, તે બને નહિ. તેમણે આંખો બંધ કરી હાથમાં તાનપૂરો લીધો. રાધા-માધવનું પ્રેમથી સ્મરણ કરી વિનંતી કરીઃ તમારી પ્રીત અમે જીવનમાં ઉતારી છે. તમારી જોડી અખંડિત હોય અને અમારી જોડી ખંડિત થાય, એ કેમ ચાલે? પ્રભુએ તેમની વિનંતી સાંભળી. પદ્માવતી દેવીનો ગયેલો આત્મા તેમના શરીરમાં પાછો આવ્યો. તેમના પતિવ્રતા ધર્મનો જયજયકાર થયો.

શ્રીમહાપ્રભુજીનાં ચરણાવિંદને છોડીને જેમનું ચિત્ત ક્યાંય જતું નથી એવા ભક્તો પતિવ્રતા ધર્મવાળા ભક્તો છે. જેમ ભ્રમર કમળને છોડીને ક્યાંય જતો નથી, તેમ આવા ભક્તો શ્રીમહાપ્રભુજીમાં જ અનન્ય અનુરાગી હોય છે. આવા અનન્ય અનુરાગી ભક્તોને શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનું દાન કરે છે. પોતાના અલૌકિક આનંદનું દાન કરે છે.

શ્રીમહાપ્રભુજી સામાન્ય ભક્તોને કેવળ દુઃખમાં બચાવે છે, પણ આવા અનન્ય ભક્તોને અલૌકિક સુખનું દાન કરે છે.

પતિવ્રતા નારીનું બીજું એક લક્ષણ છે. જેના મનમાં પતિ પ્રત્યે અભાવ કે કુભાવ ન આવે તે પતિવ્રતા કહેવાય. ગોપીજનો પતિવ્રતા હતાં. તેમણે શ્રીઠાકોરજીની પતિવ્રતા ભક્તિ કરી હતી. ગોપીજનોનો શ્રીઠાકોરજી પરનો પ્રેમ એક સમાન રહ્યો હતો. તેમણે શ્રીઠાકોરજીના દોષો વિચાર્યા નથી, કેવળ ગુણનાં

દર્શન કર્યાં છે. દોષોના દર્શનથી ઘટે અને ગુણના દર્શનથી વધે એ સાચો પ્રેમ નથી. પ્રેમીમાં સંશયવૃત્તિ જાગે તો માનવું કે આ સાચો પ્રેમ નથી. શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવકોને શ્રીમહાપ્રભુજીમાં ક્યારેય અભાવ-કુભાવ કે સંશયવૃત્તિ જાગતા નથી. રાસલીલામાં પધારેલા ગોપીજનોને ભગવાને વારંવાર વ્રજમાં જવાની આજ્ઞા કરી, ત્યારે તેમણે શ્રીઠાકોરજીને કહી દીધું કે તમે લાખ કહેશો તો પણ આપનાં ચરણારવિંદ છોડીને અમે ક્યાંય જવાના નથી. એમ વૈષ્ણવોએ પણ શ્રીમહાપ્રભુજીને કહી દીધું 'શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર કહો કૌન પે જઈએ હો' આ શબ્દો પતિવ્રતા ભક્તના શબ્દો છે. શ્રીહરિરાયજી આવા પતિવ્રતા હતા. પતિવ્રતાપતયે નમઃ

(૬૭) 'પારલૌકિકૈહિકદાનકત્' = પારલૌકિકૈહિકદાનકૃતે નમઃ = પરલોક સંબંધી અને આ લોક સંબંધી વસ્તુઓનું દાન કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી એવા કૃપાળુ છે કે પારલૌકિક અને ઐહિક વસ્તુઓનું ભક્તોને દાન કરે છે. પારલૌકિક એટલે પરલોક સંબંધી અને ઐહિક એટલે આ લોક સંબંધી. આપણને પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી પરલોક સંબંધી શું દાન આપે છે? શ્રીમહાપ્રભુજીની કૃપાથી પરલોક સંબંધી સૌથી મોટું દાન એ છે કે ગોલોકધામમાં ભક્તની નિત્ય સ્થિતિ થાય. આપની કૃપાથી પ્રભુની અંતરંગ લીલામાં પ્રાપ્તિ થાય. જે જીવો કર્મમાર્ગ દ્વારા ઉપાસના કરે છે અથવા જ્ઞાનમાર્ગ દ્વારા ઉપાસના કરે છે તેમને વધુમાં વધુ મોક્ષ મળે છે. મોક્ષ એટલે પ્રભુના નિજધામ અક્ષરબ્રહ્મમાં જીવાત્માનું વિલીન થઈ જવું. પછી તેને કલ્પના અંત સુધી જન્મ-મરણ લેવાં ન પડે. જે જીવો ઉપાસનામાર્ગ ઉપર ચાલે છે અને જે જે દેવની ઉપાસના કરે છે તેમને તે તે દેવના તે તે લોકની પ્રાપ્તિ થાય છે. તેમનાં પુણ્ય પૂરાં થતાં તેમને ફરી પૃથ્વી ઉપર જન્મવું પડે છે. જ્યારે જે જીવો પુષ્ટિના માર્ગ ઉપર ચાલે છે અને શ્રીમહાપ્રભુજીનું સેવન કરે છે તેમને પૂર્ણાનંદ અને પરમાનંદ એવા પ્રભુની નિત્યલીલાની પ્રાપ્તિ થાય છે. આનાથી વધારે મોટું ફળ પરલોકમાં બીજું કોઈપણ નથી. માટે આજ્ઞા કરી કે, શ્રીમહાપ્રભુજી નિજજનોને પ્રભુનો સંબંધ કરાવી પારલૌકિક ફળનું દાન કરનારા છે.

આપણને બીજો પ્રશ્ન થાય કે ઐહિક ફળ ક્યાં હશે? ઐહિક ફળ એટલે આ લોકમાં પ્રાપ્ત થતાં ફળ. શ્રીમહાપ્રભુજી સેવામાં ઉપયોગી એવા ભગવત્સંબંધી

સ્ત્રી, પુત્ર, ધન, ઘર વગેરેની પ્રાપ્તિ કરાવે છે. કર્મથી જે ફળ મળે છે તે અમુક સમય પૂરતું હોય છે. જ્યારે શ્રીમહાપ્રભુજીની કૃપાથી જે ફળ મળે છે તે ભગવત્સંબંધી હોય છે. આપણે આપણા પુરુષાર્થ દ્વારા કોઈ વસ્તુ મેળવીએ અને પ્રભુની કૃપા દ્વારા મેળવીએ એમાં ઘણો ફેર છે. જો આપણું કુટુંબ ભગવત્સેવામાં ઉપયોગી થાય, એવી પત્ની મળે અથવા પતિ મળે, એવાં સંતાનો અને સંબંધીઓ મળે, એવા મિત્રો મળે, એવું ઘર મળે, એવી સંપત્તિ મળે, એવો સમય અને પરિસ્થિતિ મળે તો સમજી લેવું કે શ્રીમહાપ્રભુજીએ તમારો પૂર્ણ અંગીકાર કર્યો છે. તમને આ લોક સંબંધી ઉત્તમોત્તમ ફળ આપ્યું છે.

સેવા કરવાની તમારી ઈચ્છા હોય પણ તમારા પતિ કે પત્ની એમ કહે કે શ્રીઠાકોરજીની સેવા નથી કરવાની. કુટુંબની સેવા કરો. પત્ની એમ કહે કે હું શ્રીઠાકોરજીની સેવા પણ કરીશ, સાથે-સાથે તમારી સેવામાં કોઈ જ ઊણપ નહિ આવવા દઉં. તો પતિ મહાશય કદાચ જવાબ આપશે કે હું જીવું છું ત્યાં સુધી તમારા ઠાકોરજી હું છું. મર્યા પછી બીજા ઠાકોરજીની સેવા કરજો.

ઘણીવાર આવું બધું બને છે. પૈસા કમાવવા માંડયો એટલે એનો લોભ વધે. એમાંથી આપણે ઊંચા આવતા નથી. એમાં ફસાઇને ઠાકોરજીની સેવા કરી શકતા નથી. જેમનામાંથી આપણે પ્રગટ થયા છીએ અને અંતે જેમની લીલામાં આપણે જવાનું છે, અનંત અનંત જન્મોનો જેમનો સાથ છે, એમની સેવા આ જન્મમાં સારી રીતે કરવા મળે એવું શ્રીમહાપ્રભુજીની કૃપાથી બની શકે છે. આપણા દ્વારા પ્રભુની સેવા થવી તે આ લોકનું ઉત્તમોત્તમ ફળ છે. તે આપનારા શ્રીમહાપ્રભુજી છે.

અસુર યોનિમાં જન્મેલો વૃત્રાસુર પુષ્ટિ જીવ હતો. તેણે દેહાવસાન સમયે ચાર શ્લોકથી શ્રીઠાકોરજીને વિનંતી કરી હતી. એ ચાર શ્લોકો ‘વૃત્રાસુર ચતુઃશ્લોકી’ના નામથી જાણીતા છે. તેના પહેલા શ્લોક પર શ્રીમહાપ્રભુજીની ટીકા છે. બાકીના ત્રણ શ્લોક ઉપર શ્રીગુસાંઈજીની ટીકા છે. બંને સ્વરૂપોએ વૃત્રાસુર ચતુઃશ્લોકીનો ભાવ ખૂબ સુંદર રીતે સમજાવ્યો છે. વૃત્રાસુર કહે છે કે પ્રભુ! મારા પોતાનાં કર્મોને લઈને હું સંસારના ચક્રમાં ભમી રહ્યો છું. મારે બીજો કોઈ મોક્ષ જોઈતો નથી. મારે કેવળ ભગવદીયોનો સંગ જોઈએ છે. મારું ઘર, મારી પત્ની, મારો પુત્ર એ બધાં ઉત્તમ શ્લોક એવા ભગવદીયોની સ્થિતિ ધરાવનારાં હોય, એમનું સખ્ય મને પ્રાપ્ત થાવ. જો મારાં કુટુંબીજનો, મારું ઘર, મારી સંપત્તિ મને આપનાથી વિમુખ બનાવનારાં હોય, તો કોઈ કાળે એમનો સાથ મને ન

આપશો. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમારા ઘરનાં તમારા કુટુંબીઓ જો ભગવદીય હશે તો સેવામાં તમને સાથ આપશે.

શ્રીપદ્મનાભદાસજીનું ચરિત્ર આપણી સામે છે.તેઓ પોતે મહાન ભગવદીય હતા. તેમની પુત્રી તુલસાં પણ એવી જ ભગવદીય હતી. એમનો પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર પણ ભગવદીય હતાં. આમ, આપણે પણ જ્યારે સત્સંગ માંગીએ છીએ ત્યારે જો ઘરમાં બધાં ભગવદીય હોય તો બહાર સત્સંગ શોધવા જવું પડતું નથી. શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો આવું ભગવદીય કુટુંબ મળે. આમ શ્રીમહાપ્રભુજી ઐહિક અને પારલૌકિક બંને વસ્તુનું દાન કરનારા છે.

પદ્મનાભદાસજીની દીકરી તુલસાંનો પ્રસંગ યાદ કરો. ભગવદીય પિતાની એ ભગવદીય દીકરી હતી. એકવાર શ્રીગુસાંઇજી તુલસાંને ત્યાં પધાર્યા. આપે પૂછયું: તુલસાં, તારો નિર્વાહ કેમ ચાલે છે?' તુલસાંએ જવાબ આપ્યો 'કૃપાનાથ! હું પેટ ભરીને ખાઉં છું અને નિરાંતે સૂઇ જાઉં છું. તેનાથી વધારે મારાથી કંઇ બનતું નથી.' તુલસાંએ આ વચન ત્રણ ભાવથી કહ્યાં. એક ભાવ પોતાની લૌકિક ક્રિયાનો બતાવ્યો, જે સામાન્ય ભાવ હતો. બીજો દાસભાવ બતાવ્યો, જે દીનતાનો ભાવ હતો અને ત્રીજો ગુરુભાવ બતાવ્યો. દાસભાવથી એમ કહ્યું અમે તો સામાન્ય જીવ છીએ. સેવા અમે શું જાણીએ? અમે તો પેટ ભરવા સેવા કરીએ છીએ. તેમાં અલૌકિક ભાવ એ હતો કે શ્રીઠાકોરજી આપની કૃપાથી એટલો બધો સાનુભાવ બતાવે છે કે પેટ ભરીને માણીએ છીએ અને પ્રભુની કૃપાથી એટલું સુખ છે કે બધી વાતે નિશ્ચિંત છીએ. પ્રભુની સાથે પોઢીએ છીએ. ગુરુભાવથી એમ કહ્યું કે જ્યાં સુધી આપ નહોતા મળ્યા ત્યાં સુધી ભટકતા હતા. આપ મળ્યા પછી અમને સર્વ વાતે શ્યામસુંદર એટલો બધો આનંદ કરાવે છે કે અમને કોઇ ચિંતા રહી નથી. જેમ બાળકના માથે એના મા-બાપ હોય તો બાળક નિશ્ચિંત બનીને સૂઇ જાય તેમ શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ ગુરુનું જેને છત્ર મળ્યું હોય એ પણ નિશ્ચિંત બનીને સૂઇ જાય. આવો ભગવદીય પરિવાર શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો જ મળે છે.

આજે પણ આવા કેટલાક ભગવદીય પરિવારો આપણી વચ્ચે છે. ચંપારણ્ય જતાં રસ્તામાં રાયપુર શહેર આવે છે. રાયપુરમાં આવો એક મારવાડી વૈષ્ણવ પરિવાર છે. તેમના ઘરમાં તમે પ્રવેશ કરો ત્યારથી એમ લાગે કે આ પદ્મનાભદાસજીનું ઘર છે. ઘરના બે નાના દીકરાઓ સવારે અપરસમાં સ્નાન કરી ધોતી-બંડી પહેરી, તિલક કરી કીર્તન કરતા કરતા શ્રીઠાકોરજીના મંદિરમાં

મંદિરવસ્ત્ર કરે, મંગળભોગની તૈયારી કરે. પછી આગલા દિવસનો જે મહાપ્રસાદ વધ્યો હોય તે લઈને નિશાળ જાય. પત્ની અપરસમાં સ્નાન કરી રસોઈ કરે. ઘરની કન્યાઓ માતાને રસોઈમાં મદદ કરે. પતિ પણ અપરસમાં સ્નાન કરી શ્રીઠાકોરજીને જગાવવાથી લઈને રાજભોગ પર્યન્તની સેવા કરે. મોટો દીકરો સવારે કોલેજમાં જાય એટલે સાંજે ઉત્થાપનની સેવા તે કરે. આખો પરિવાર સાંજે સાથે બેસીને શયનમાં કીર્તન ગાય. રાત્રે ભગવદ્વાર્તા કરતાં અને સાંભળતાં કોઈ વાગા વસ્ત્ર સીવે, કોઈ ઠાકોરજી માટે માળા કરે. આમ આખો દિવસ એમને ત્યાં શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ ચાલ્યાં જ કરે.

એકવાર એમના એક સંબંધી બજારમાંથી પેંડા લઈને આવ્યા. એમના સાત-આઠ વર્ષના દીકરાને પેંડા આપ્યા. એ નાનો દીકરો કહે હું આ પેંડો નહિ ખાઉં. શ્રીઠાકોરજીને તે ધરેલો નથી. ભગવત્ સંસ્કારવાળું આ સંસ્કારી કુટુંબ શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો જ મળે. બાકી તો આજે એવા પરિવારોમાં જીવીએ છીએ કે જ્યાં છોકરાઓ ત્રણ-ચાર વર્ષના થાય ત્યારથી સીટીઓ વગાડતા જાય અને સિનેમાનાં વિચિત્ર ગાયનો ગાતાં જાય. જ્યાં સેવાનું કોઈ વાતાવરણ ન જ હોય.

આવો જ પરિવાર કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસજીનો હતો. શેઠ પુરુષોત્તમદાસજીને પારલૌકિક દાનરૂપે શ્રીવલ્લભના ચરણારવિંદમાં અનુરાગ થયો અને શ્રીમદનમોહનલાલજીની સેવા પ્રાપ્ત થઈ. તેમને ત્રણ વસ્તુઓ મળી. આધિભૌતિકરૂપે તેમનું ઘર બંધાતું હતું ત્યારે તેના પાયા ખોદતા અંદરથી સાત કરોડ રૂપિયા મળ્યા, જે તેમણે શ્રીમદનમોહનલાલજીની સેવામાં વાપર્યા. શ્રીઠાકોરજીને રોજ બાવન બીડા આરોગાવતા. તેમને આધ્યાત્મિક ફળ મળ્યું કે મહાદેવજી જેવા મહાદેવજી તેમના ત્યાં મહાપ્રસાદ લેવા આવ્યા. આધિદૈવિક ફળ એ મળ્યું કે જન્માષ્ટમીના ઉત્સવે શ્રીમહાપ્રભુજીએ તેમને સાક્ષાત્ અલૌકિક નંદમહોત્સવનો અનુભવ કરાવ્યો. સકલ વ્રજ પરિવાર નંદ-મહોત્સવ કરવા તેમને ત્યાં પધાર્યો. આવું આ લોક અને પરલોકનું સુખ શ્રીવલ્લભ આપે છે.

શ્રીમહાપ્રભુજીના એક સેવક થઈ ગયા. નરહરિદાસ. તેઓ બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા. પ્રભુની ભક્તિમાં બહુ રસ હતો. એક દિવસ તેમને તેમના પિતા સાથે બોલાચાલી થઈ. તેમણે પિતાને કહ્યું: ભગવાન જેમ રાખે તેમ રહીએ. આ બધું આપનારા શ્રીઠાકોરજી છે. પિતાએ ખિજાઈને કહ્યું: તારો ભગવાન તને ક્યાં

આપે છે? હું તને ખવડાવું છું. તું તો એક પણ પાઈ કમાતો નથી. નરહરિદાસને પિતાના શબ્દોમાં પ્રભુનું અપમાન જણાયું. ઘરબાર છોડી નીકળી પડ્યા. જગન્નાથપુરી પહોંચ્યા. જગદીશ ભગવાને તેમને સ્વપ્નમાં આજ્ઞા કરી : અહીં શ્રીમહાપ્રભુજી પધાર્યા છે, તમે તેને શરણે જાઓ. આપ તમારી મનોકામના પૂરી કરશે. નરહરિદાસ સેવક થવા આવ્યા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી પહેલાં તમારી લોકની ઇચ્છાઓ પૂરી કરીશ. માટે તમારી ઇચ્છા કહો. હું જાણું છું કે તમારે તમારા પિતાને બતાવી આપવું છે કે એની મદદ વિના તમે જીવી શકો છો. સમુદ્રકિનારે જાઓ. ત્યાંથી તમને અઢળક દ્રવ્ય મળશે. તેના દ્વારા શ્રીજગન્નાથજીના મનોરથો કરજો. લોકોમાં તમારી વાહ વાહ થશે. એ જાણીને તમારો પિતા તમારી પાસે નમતો આવશે. તમારું બધું દ્રવ્ય ખલાસ થઇ જાય ત્યારે મારી પાસે આવજો. હું તમને અલૌકિક વસ્તુની પ્રાપ્તિ કરાવીશ. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે બધું થયું. બધું દ્રવ્ય ખલાસ થયા પછી નરહરિદાસ શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ આપી પારલૌકિક ભગવત્સ્વરૂપનું દાન કર્યું. આમ, શ્રીમહાપ્રભુજી પોતાના જ ભક્તોને આ લોક અને પરલોકના સુખનું દાન કરનારા છે. પારલૌકિકૈહિકદાનકૃતે નમઃ ।

(૬૮) 'નિગૂઢહૃદયઃ' = નિગૂઢહૃદયાય નમઃ = અતિગૂઢ અંતઃકરણવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી ક્યા ભક્તને કઇ વસ્તુનું દાન કરશે એનો કોઇ નિયમ આપે બતાવ્યો નથી. એ માટે આપણે કોઇ તર્ક કરી શકતા નથી. જેમ તિજોરીમાં રત્નો ભરી રાખ્યાં હોય તેમ શ્રીમહાપ્રભુજીએ પોતાના હૃદયરૂપી તિજોરીમાં કૃપારૂપી રત્નો ભરી રાખ્યાં છે. લાખ પ્રયત્ન કરવા છતાં કદાચ શ્રીમહાપ્રભુજીના હૃદયને જાણી ન શકાય. તો સામાન્ય લોકો તો તે જાણી જ કેમ શકે! શ્રીમહાપ્રભુજી આવા અતિ ગૂઢ અંતઃકરણવાળા છે.

આ નામનો એક બીજો અર્થ કહ્યો કે દુનિયામાં શ્રીઠાકોરજી નિગૂઢતત્ત્વ છે. તેમને શોધવા ગમે તેટલી મથામણ કરીએ પણ તે જડતા નથી. શ્રીભાગવતજીમાં કહ્યું કે ભગવાને ત્રણ લીલાઓ કરી છે. એક આંખમિચોલી, બીજી સેતુબંધ અને ત્રીજી વાનરની માફક વૃક્ષોની ડાળીઓ ઉપર કૂદવાની લીલા. શ્રીઠાકોરજી પણ જગતમાં આપણી સાથે સંતાકૂકડીની રમત રમે છે. શ્રીઠાકોરજી સંતાઇ ગયા છે. આપણે તેમને શોધીએ છીએ. આજ સુધી હજારો મહાત્માઓ

તેમને શોધતા રહ્યા છે. કોઈએ કર્મ દ્વારા તો કોઈએ જપ દ્વારા, કોઈએ તપ દ્વારા તો કોઈએ યોગ દ્વારા, કોઈએ જ્ઞાન દ્વારા તો કોઈએ પ્રેમ દ્વારા તેમને શોધવાના પુરુષાર્થ કર્યા છે. સૌ એમ કહે છે કે તે સૌની આજુબાજુમાં અને હૃદયમાં જ છે, છતાં તે ક્યાંય જડતા નથી. કવિ કહે છે એ દિલદારની તસવીર હૃદયના આયનામાં જ ચમકે છે, જરા આંખો બંધ કરીને જોઈ લ્યો. આપણે આંખ બંધ કરીએ તો અંધારું જ દેખાય છે. બીજું કંઈ દેખાતું નથી. ઉપનિષદોએ કહ્યું: તેઓ જગતના કણકણમાં છે. ઉઘાડી આંખે જોઈ લો. આપણે ખુલ્લી આંખે જોઈએ છીએ તો જડ, ચેતન વસ્તુઓ દેખાય છે. ભગવાન ક્યાંય દેખાતા નથી. કારણ કે તેઓ નિગૂઢ તત્ત્વ છે. પાસે હોવા છતાં નજીક નથી. હૃદયમાં હોઈને પણ હૃદયમાં અનુભવાતા નથી. આવા નિગૂઢ પ્રભુને જેમણે પોતાના હૃદયમાં કાયમને માટે પધરાવી રાખ્યા છે એવા શ્રીમહાપ્રભુજી છે. માટે આપને નિગૂઢ હૃદયવાળા કહ્યા.

શ્રીઠાકોરજી નિગૂઢ છે એનો એક બીજો ભાવ પણ સમજવા જેવો છે. આપનું અલૌકિક ભાવાત્મક સ્વરૂપ ઘણું નિગૂઢ છે. આપ ભક્તો માટે પુંભાવાત્મક સ્વરૂપે બિરાજે છે, પરંતુ ભક્તો પર ઘણા પ્રસન્ન થાય ત્યારે આનંદના અતિરેકમાં ભક્તો માટે આપ સ્ત્રીભાવાત્મક સ્વામિની સ્વરૂપ પણ બની જાય છે. જ્યારે ભક્ત ગોપીભાવ ધારણ કરે છે ત્યારે પ્રભુ ભોક્તા બને છે, પરંતુ એ ગોપીભાવમાં જ્યારે પ્રભુ તરબોળ બની જાય છે ત્યારે સમર્પિત ભક્તની સામે પોતે પણ સમર્પિત થતાં પોતે ભોક્તામાંથી ભોગ્ય બને છે. ભોગ્ય સ્વરૂપ દ્વારા ભક્તોને સમર્પિત થઈ, ભક્તોને આનંદનું દાન કરે છે. આવું ભાવાત્મક નિગૂઢ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના હૃદયમાં સતત લીલાવિહાર કરે છે. માટે આપને નિગૂઢ હૃદયવાળા કહ્યા.

શ્રીહરિરાયજીએ આ નામનો એક બીજો અર્થ સમજાવ્યો છે. શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીની લીલાત્મક અને ભાવાત્મક વાતો શ્રીમહાપ્રભુજી પોતાનાં હૃદયમાં છુપાવીને રાખે છે અને દમલાજી જેવા કોઈક અંતરંગ ભક્ત સામે પોતાનું હૃદય ખોલે છે. માટે પણ આપ નિગૂઢ હૃદયવાળા છે. તેથી નિગૂઢહૃદયાય નમઃ।

(૬૯) 'અનન્યભક્તેષુજ્ઞાપિતાશયઃ' = અનન્યભક્તેષુજ્ઞાપિતાશયાય નમઃ = અનન્ય ભક્તોની સામે પોતાના હૃદયના નિગૂઢ ભાવો પ્રગટ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણને પ્રશ્ન થશે કે અનન્ય ભક્તો એટલે કેવા ભક્તો? શ્રીદામોદરદાસ હરસાનીજી, પદ્મનાભદાસજી, પ્રભુદાસ જલોટા વગેરે શ્રીમહાપ્રભુજીના અનન્ય ભક્તો છે. તેમની સામે શ્રીમહાપ્રભુજી પોતાના નિગૂઢ હૃદયની વાત ખોલે છે. શ્રીઠાકોરજી સાથે કરેલા લીલાવિહારની ગુપ્ત વાતો આપ કરે છે. સામાન્ય જીવોને આવી વાત કરવાથી કોઇ લાભ થતો નથી. આવી દિવ્ય વાતો તો અંતરંગ જીવો મળે તો જ કરી શકાય. જેમ એક પરણેલી કન્યા તેના પતિના અનુભવો જ્યાં ત્યાં કહેતી નથી. પોતાની ખાસ સખીને જ કહે છે. શ્રીમહાપ્રભુજીએ આ ચરિત્રથી બતાવ્યું કે શ્રીઠાકોરજી સાથેના સંગમની અલૌકિક ભગવદાનંદના અનુભવની વાતો જ્યાં ત્યાં દિલ ખોલીને કહેવી જોઇએ નહિ.

આપણને પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજીના અંતરંગ ભક્ત કેવી રીતે બની શકાય? જ્યારે ભગવાન અને ભક્ત બંનેના હૃદયની બારીઓ એક-બીજા તરફ ખૂલે ત્યારે અંતરંગ ભક્ત કહેવાય. તમારી બારી ખુલ્લી હોય. પણ સામેના પાડોશીની બારી બંધ હોય તો તમે વાત કરી શકતા નથી. બંને બારી ખૂલી જાય તો આમને-સામને ઊભા રહીને વાત કરી શકાય છે. જેમના હૃદય-હૃદયની બારી ખૂલી જાય તેઓને કશું કહેવાની પણ જરૂર પડતી નથી. વગર કહે એક-મેકના હૃદયને સમજી શકાય છે.

શ્રીમહાપ્રભુજી ગંગાસાગર સંગમ ઉપર બિરાજતા હતા. રાત્રિનો સમય હતો. આપના હૃદયમાં શ્રીઠાકોરજીનો લીલાવિહાર ચાલતો હતો. તે સમયે શ્રીઠાકોરજીને મમરા આરોગવાની ઇચ્છા થઇ. શ્રીમહાપ્રભુજીની ચરણસેવા કરતાં શ્રીકૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીના નિગૂઢ હૃદયની વાત જાણી ગયા. અડધી અંધારી રાતે ગંગાસાગર તરીને સામે કિનારે પહોંચ્યા. ખેતરના માલિક પાસે જઇ મનમાગ્યા દામ આપી, ધાન કપાવી મમરા તૈયાર કરાવી લઇ આવ્યા. શ્રીમહાપ્રભુજીનાં ચરણ ચાંપી જગાડ્યા અને સામગ્રી સન્મુખમાં ધરી. આમ, શ્રીમહાપ્રભુજી પોતાના અનન્ય ભક્તો સામે પોતાનું હૃદય ખોલનારા છે. અનન્યભક્તેષુજ્ઞાપિતાશયાય નમઃ

શ્લોક-૨૪ :

ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥

શબ્દાર્થ :

(૭૦) ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ = ઉપાસના વગેરે માર્ગોમાં અત્યંત આસકિતના મોહને નિવારનાર (૭૧) ભક્તિમાર્ગે સર્વમાર્ગ-

વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ = ભક્તિમાર્ગ બીજા માર્ગો કરતાં કંઈક જુદા પ્રકારનો છે એવો અનુભવ કરાવનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૭૦) 'ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ' = ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકાય નમઃ = મુગ્ધ સ્વભાવના કારણે સેવામાર્ગ છોડી ઉપાસનામાર્ગ તરફ જનારા ભક્તોના મોહનું નિવારણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

કેટલાક પુષ્ટિજીવો અજ્ઞાનજન્ય મોહને કારણે પ્રેમમાર્ગ એવા પુષ્ટિમાર્ગનો સેવાપ્રકાર છોડી ઉપાસના માર્ગમાં પ્રવૃત્ત થાય છે. શ્રીમહાપ્રભુજી તેમના મોહનું નિવારણ કરી, તેમને ફરી સેવામાર્ગમાં લાવે છે. આદિ શબ્દથી ઉપાસના ઉપરાંતના અન્ય માર્ગોનું પણ સૂચન થયું. જેમ કે જ્ઞાનમાર્ગ, મંત્ર-તંત્રનો જપમાર્ગ, યજ્ઞનો માર્ગ, વામતંત્રનો માર્ગ, પ્રાણનિરોધ કરનાર યોગનો માર્ગ વગેરે. જીવો એવા લાલચુ છે કે જે બાજુ લાલચ મળે, તે બાજુ લલચાઈ જાય છે. આપણને કોઈ કહે કે આમ કરવાથી તમારું મન-ગમતું થશે તો આપણે ઘરમાં શ્રીઠાકોરજીની સેવા મૂકીને એમ કરવા માંડીએ છીએ. તેમાં ત્રણ બાબતો કારણભૂત છે. આપણો અતિમોહ, અજ્ઞાન અને દુઃસંગ. જીવનો ઉદ્ધાર કરવા શ્રીમહાપ્રભુજી જીવના મોહનું નિવારણ કરે છે.

શ્રીગુસાંઈજી મહારાજે 'ભક્તિહંસ' નામનો ગ્રંથ રચ્યો છે. તેમાં બીજા તમામ માર્ગો કરતાં પ્રેમલક્ષણા પુષ્ટિમાર્ગ કેવી રીતે ઉત્તમ છે તે અનેક પ્રમાણોથી સમજાવ્યું છે. તેના મંગલાચરણમાં શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજીને વિનંતી કરે છે કે હે પ્રભુ! આ જીવો આપના મોહક પરમ આરાધ્ય સ્વરૂપને મૂકી મંત્ર-ઉપાસના આદિ માર્ગોએ ભટકી રહ્યા છે. આપનાં વ્યૂહસ્વરૂપોનું આરાધન કરે છે. કોઈ અંશરૂપની ઉપાસના કરે છે તો કોઈ કલારૂપની ઉપાસના કરે છે. માત્ર પુષ્ટિજીવો જ આપના આનંદમય પરબ્રહ્મ સ્વરૂપની ઉપાસના કરે છે.

ભાગવતમાં ભગવાને ઉદ્ધવજીને કહ્યુંઃ હે ઉદ્ધવ! ઉપાસનાના માર્ગ પણ જાણી લે. ઉપાસનાના એક એક અંગનું હું ફળ આપું છું. જેમ કે કોઈ ભાવિક વ્યક્તિ મંદિરમાં મારી પ્રતિષ્ઠા કરે તો હું એને સાર્વભૌમ રાજ્ય આપું છું. મારું મંદિર બનાવે તો હું એને ત્રિભુવનનો રાજા બનાવીશ. વિધિપૂર્વક મારી ષોડશોપચાર પૂજા કરનારને બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવીશ. જે આ ત્રણેય વસ્તુઓ કરશે તેને હું મોક્ષનું દાન કરું છું. ઉદ્ધવજીએ કહ્યુંઃ મહારાજ! આ બધું તો તમે આપો છો, પણ

તમે પોતે ક્યારે મળો એ કહોને? ભગવાન કહે છેઃ ઉદ્ધવ! આત્મનિવેદન ભક્તિ કરનારને હું મળું છું. જે જીવ તેનાં ઘરબાર, સ્ત્રી-પુત્ર ધન વગેરે બધું મને સમર્પણ કરે છે, અને આત્મનિવેદન કરવાથી મારામાં જેની ભક્તિ જાગે છે તેને હું પ્રાપ્ત થાઉં છું. હે ઉદ્ધવ! આવો ભક્ત મને અતિ પ્રિય છે. આ પ્રમાણે ભાગવતના એકાદશ સ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને ઉપાસના માર્ગને વરેલા ભક્ત અને આત્મનિવેદનના માર્ગને વરેલા ભક્તનો પરિચય કરાવ્યો. ભગવાને સ્વયમ્ સમજાવ્યું કે જેના પર મારી પરમ કૃપા ઊતરે છે તેને જ ભક્તિ પ્રાપ્ત થાય છે.

શ્રીગુસાંઈજી મહારાજ ભક્તિહંસ ગ્રંથમાં આજ્ઞા કરે છેઃ ભક્તિમાર્ગમાં ભક્તિની શરૂઆત શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, પાદસેવન આદિ નવધા ભકિતથી થાય છે. પરંતુ જો કોઈ જીવ પેટ ભરવા ખાતર સ્વાર્થને વશ થઈ આ નવધા ભક્તિ કરે તો એને કાંઈ મળતું નથી. જેવી રીતે ખેડૂત ખેતી કરે છે તો તેના બદલામાં તેને આપોઆપ પેટ ભરવાનું સાધન મળી રહે છે. જે લોકો પેટ ભરવા માટે ખેતી કરે છે તેને કાંઈ મળતું નથી. તેમ જે ભક્તો પેટ ભરવા માટે નવધા ભક્તિ કરે છે તેમને કોઈ અલૌકિક લાભ મળતો નથી. ઘણાં લોકો કહે છે આટલા મંત્રજાપ કરીશું તો અમારી મનોકામના પૂરી થશે, તે બધા કર્મમાર્ગના અધિકારી છે. ભક્તિમાર્ગના અધિકારી નથી.

ઘણા અજ્ઞાની લોકો ઉપાસના માર્ગને ભક્તિમાર્ગ સમજી લે છે અને તેમાં પ્રવૃત્ત થાય છે. એમના મોહનો નાશ શ્રીમહાપ્રભુજી કરે છે. જે ભક્તિ પોતાના સ્વાર્થ માટે કરવામાં આવે છે તે કર્મમાર્ગ કહેવાય. સંન્યાસ લીધેલા જ્ઞાનીઓ ચિત્તશુદ્ધિ અને આત્મકલ્યાણ માટે ભક્તિ કરે તો એ જ્ઞાનમાર્ગ કહેવાય. જો ગૃહસ્થો ભક્તિને મોક્ષનું અંગ સમજી ભક્તિ કરે તો તે ઉપાસના માર્ગ કહેવાય. જુદા જુદા ભક્તિમાર્ગના આચાર્યો પાસે દીક્ષા લઈ ભક્તિ કરવામાં આવે તો તે પ્રવાહી ભક્તિ કહેવાય. પ્રેમાત્મક ભક્તિનો સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે તો તે મર્યાદા ભક્તિ કહેવાય. સ્નેહ પ્રભુમાં વધારવા માટે અને પ્રભુના સુખ માટે જે ભક્તિ કરવામાં આવે તે પ્રેમલક્ષણા પુષ્ટિ ભક્તિ કહેવાય. ગોપીજનોએ ગોપીગીત ગાઈને કીર્તનભક્તિ કરી. સ્નેહના પ્રભાવને લીધે સ્નેહવશ તેમણે આ ગીત ગાયું અને તેનાથી તેમને પ્રભુની પ્રાપ્તિ થઈ. તેમની આ પુષ્ટિભક્તિ ફલાત્મિકા ભક્તિ હતી. આપણે કીર્તન ગાઈએ છીએ ત્યારે આપણી તે કીર્તનભક્તિ સાધનાભક્તિ છે. શ્રીમહાપ્રભુજી આવી ફલાત્મિકા ભક્તિનું નિરૂપણ કરવા માટે પૃથ્વી ઉપર પધાર્યા છે.

કેટલાક લોકો શ્રીઠાકોરજીનો અનન્ય આશ્રય છોડી અન્યાશ્રય કરવા દોડે છે. ને ગ્રહો બતાવવા જાય છે. જોષીઓ જેમ કરવાનું કહે તેમ કરે છે. આંખો મીંચીને કરે છે. પરિણામે તેમનું પુષ્ટિમાર્ગમાંથી પતન થાય છે. ફળના લોભમાં તેઓ શ્રીમહાપ્રભુજીથી વિમુખ બને છે. ત્યારે શ્રીમહાપ્રભુજી તેમની કૃપાને પાછી ખેંચી લે છે. આજે આપણા ઉપર પ્રભાવ પાડનારાં પુસ્તકો અને પ્રવચનો ઘણાં વધી ગયાં છે. તે બધાં આપણું બ્રેઇનવોશ કરે છે. પરિણામે આપણે શ્રીમહાપ્રભુજીના મૂળ માર્ગથી ભટકી જઈએ છીએ. જેમ કોઇ દર્દી એક દિવસ ડૉક્ટર પાસે જાય, બીજા દિવસે વૈદ પાસે જાય, ત્રીજા દિવસે હોમિયોપેથિક ડૉક્ટર પાસે જાય. એ બધાંને લઈને છેવટે તેનું અચ્યુતમ્ કેશવમ્ થાય. એમ આપણું પણ થાય છે. આવાં પ્રલોભનોથી આપણને દૂર રાખવા અને સંસારસાગરમાં વહી જતા બચાવવા શ્રીમહાપ્રભુજી પ્રગટ થાય છે. માટે ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહ-નિવારકાય નમઃ।

(૭૧) 'ભક્તિમાર્ગેસર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્' = ભક્તિમાર્ગેસર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃતે નમઃ = પોતાના ભક્તિમાર્ગમાં સર્વથી વિલક્ષણ એવી અનુભૂતિ કરનારા અને કરાવનારા શ્રીમહાપ્રભુજીને હું વંદન કરું છું.

આમ તો ભક્તિમાર્ગ ઘણા છે. કપિલદેવજીએ દેવહૂતિ માતાને કહ્યું હતુંઃ હે મા! સર્વ ભક્તિમાર્ગોમાં પુષ્ટિમાર્ગ વિલક્ષણ છે. શબ્દોમાં કહેવાથી એની વિલક્ષણતાનું સ્વરૂપ નહિ સમજાય. અનુભવ કરવાથી તે વિલક્ષણતા સમજાય. માટે શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તોને સર્વથી વિલક્ષણ અનુભવ કરાવે છે. તે વિલક્ષણ અનુભવ શ્રીમહાપ્રભુજીએ પોતે પણ કર્યો છે.

આપણા મનમાં પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજીએ એવો શો વિલક્ષણ અનુભવ કર્યો? એનો જવાબ એ છે કે બીજા ભક્તિમાર્ગોનું અંતિમ ધ્યેય મોક્ષ છે. જ્યારે પુષ્ટિ ભક્તિમાર્ગનું અંતિમ ધ્યેય પ્રભુની લીલાની સાક્ષાત્ અનુભૂતિ છે. આવી લીલાની અનુભૂતિ પુષ્ટિભક્તિમાર્ગ સિવાય બીજે ક્યાંય થતી નથી.

ઘણાં લોકો પૂછે છે કે શ્રીમહાપ્રભુજીએ આ લીલાવાદ ક્યાંથી પ્રગટ કર્યો? એનો જવાબ એ છે કે આપ પોતે જ લીલાનું મૂળભૂત સ્વરૂપ છે. આપે તેથી આ લીલાવાદ પૃથ્વી ઉપર પ્રગટ કર્યો હતો. આપની પૂર્વે પણ વેદની શ્રુતિઓએ તેની થોડી ઝલક વ્યક્ત કરી છે. તૈત્તરીય ઉપનિષદમાં બ્રહ્માનંદ વલ્લીમાં શ્રુતિઓએ ગાન કર્યું કે જીવ તમામ આનંદરૂપ કામનાઓનો બ્રહ્મની સાથે બ્રહ્મરૂપ બની

બ્રહ્મના ધામમાં ભોગ કરે છે. બ્રહ્મ રસરૂપ અને જ્ઞાનરૂપ છે. તેથી બ્રહ્મસ્વરૂપે જીવોને અનેક પ્રકારની વિવિધ લીલાઓનો અનુભવ કરાવ્યો છે. આ વિલક્ષણ અનુભૂતિ અન્ય કોઇ ભક્તિમાર્ગ દ્વારા થતી નથી. કેવળ પુષ્ટિમાર્ગમાં થાય છે. શ્રીમહાપ્રભુજી સ્વયમ્ તે અનુભૂતિ કરે છે અને ભગવદીયોને તેની અનુભૂતિ કરાવે છે.

પુષ્ટિમાર્ગની એક બીજી વિલક્ષણ અનુભૂતિ એ છે કે બધે ઠેકાણે બ્રહ્મ નિરાકાર બનીને આનંદ આપે છે. જ્યારે પુષ્ટિભક્તિમાં બ્રહ્મ ભક્તવત્સલરૂપ સ્વરૂપ ધારણ કરીને આનંદનું દાન કરે છે. જ્યારે ભક્તમાં વિરહભાવ જાગે ત્યારે વિભુ સ્વરૂપનો અનુભવ કરાવે છે. સંયોગભાવ જાગે ત્યારે રસલીલા કરનારા પ્રભુનો અનુભવ થાય છે. આમ, પુષ્ટિભક્તિને વ્યાપક બ્રહ્મની અને સાકાર બ્રહ્મની બંને અનુભૂતિઓ સાથે સાથે થાય છે.

પુષ્ટિમાર્ગમાં એક ત્રીજી વિલક્ષણ અનુભૂતિ છે. અન્ય માર્ગોમાં વિદ્વાનોએ અને જ્ઞાનીઓએ જેને કચરો માનીને ફેંકી દેવાની સલાહ આપી, તેને પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ સાધન તરીકે સ્વીકારવાની આજ્ઞા કરી છે. જ્ઞાનીઓ કહેતા કે કામ એ કચરો છે, તેને વાળી ઝૂડીને સાફ કરો, તેને સળગાવી દો. તમે નિષ્કામ બનો. ઘણા ઋષિ મુનિઓએ યુગો સુધી જ્ઞાનાગ્નિને સળગાવ્યો. પણ તે કાયમ સળગતો ન રહ્યો. વિશ્વામિત્ર જેવા મહાત્માએ દસ હજાર વર્ષ તપ કર્યું. બ્રહ્મચર્યના તેજથી તેઓ સોના જેવા તપેલા હતા. તેમને લાગ્યું કે મારા જ્ઞાનાગ્નિથી કામરૂપી કચરો બળીને ભસ્મ થયો છે, પરંતુ તેઓ નહોતા જાણતા કે હૃદયના એકાદ ખૂણામાં હજુ કામ જીવતો છે. તેમને મેનકા નામની અપ્સરાનો સંપર્ક થયો. જેમ ધરતીમાં પડેલું બીજ જળનો સંપર્ક થતાં ઊગી નીકળે છે તેમ વિશ્વામિત્ર જે કામવાસનાને મરેલી માનતા હતા તે બહાર આવી. અને તેમાંથી શકુંતલા કન્યાનો જન્મ થયો.

આથી, પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે : કામને બાળવાની ચેષ્ટા કરશો નહિ, કારણ કે તે બળવાનો નથી. ખુદ કામદેવ મહાદેવજીના ત્રીજા લોચનના અગ્નિથી બળીને ભસ્મ થઇ ગયો હતો. પરંતુ વાસનારૂપે તે મર્યો નથી. આથી ગીતાજીમાં શ્રીકૃષ્ણને કહેવું પડ્યું કે : ઇન્દ્રિયોમાં, મનમાં અને બુદ્ધિમાં રહેલો કામ કેમેય કરીને મરતો નથી. આધુનિક મનોવિજ્ઞાન પણ એમ જ કહે છે કે તમે ગમે તે કરશો પણ કામ બળવાનો નથી. તમે તેનું એક સ્વરૂપ છોડશો તો

તે બીજાં રૂપ લઈને આવશે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમે તમારો કામ શ્રીકૃષ્ણના ચરણમાં સર્મપણ કરી લો. કૃષ્ણને અર્પિત થયેલો કામ કૃષ્ણમય બની જશે. કૃષ્ણ તેને પોતાનામાં સમાવી લેશે. આ કામના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા છે. ભગવાને કુમારિકાઓને આજ્ઞા કરી હતીઃ હે દેવીઓ! તમારી બુદ્ધિ મારામાં લાગેલી છે. તમે તમારા કામને સમર્પણ કરવા માંગો છો. તમારા ભાવાગ્નિમાં બળી ગયેલો કામ ભક્તિનું રૂપ ધારણ કરે છે. આપણા શરીરમાં જ્યાં જ્યાં કામનાં કેન્દ્રો પડેલાં છે ત્યાં ત્યાં ભક્તિનાં કેન્દ્રો પણ છે. ભક્ત પોતાના કામને પ્રભુને સમર્પિત કરે છે ત્યારે તેમાંથી ભક્તિના અંકુરો પ્રગટ થાય છે. માટે જે પોતાની બુદ્ધિ ભગવાનને સમર્પિત કરે છે એની બુદ્ધિમાં લૌકિક વાસનાના અંકુરો પેદા થતા નથી. જેમ અગ્નિમાં શેકાઈ ગયેલું બીજ ઊગતું નથી, તેમ ભગવાનને અર્પિત થયેલો કામ સંસારને ઉપયોગી બનતો નથી. આમ, જ્ઞાનીઓ જેને કચરો સમજતા હતા તેમાંથી ભક્તોએ ભક્તિનું એક નવું સામ્રાજ્ય બનાવ્યું. અને તે દ્વારા પ્રભુના પરમાનંદનો અનુભવ કર્યો. જ્ઞાનીઓ માને છે કે મદ, ક્રોધ વગેરે બધાં દુર્લક્ષણો છે. ભક્તોએ કહ્યુંઃ હે શ્યામસુંદર! અમે તમારી સાથે ક્રોધ કરીએ, મદ કરીએ, લોભ કરીએ તો તે તમને સમર્પિત થતાં, અમારા ગુણ બની જાય છે. આવો પુષ્ટિભક્તિમાર્ગ વિલક્ષણ છે.

પુષ્ટિભક્તિમાર્ગની વિલક્ષણતા ભગવાને ગીતાજીમાં બતાવી છે. હે અર્જુન! કોઈપણ ભક્ત મને પુત્ર, પુષ્પ, જળ કે ફળ અર્પણ કરે છે તો હું તેને ભાવથી ગ્રહણ કરું છું. જ્ઞાનીઓએ વિચાર કર્યો ભગવાનને એક તુલસીપત્ર અર્પણ કરી દો. તેઓ રાજી થઈ જશે ત્યારે ભક્તે વિચાર કર્યો એક તુલસીપત્રનો ભોગ ધરવો એ પૂરતો નથી. જગતમાં ભોજન માટે ઘણાં પ્રકારનાં પાંદડાં ભગવાને પ્રગટ કર્યાં છે. માટે એની સામગ્રી કરી ભક્તો શ્રીઠાકોરજીને નૂતન-નૂતન સામગ્રી અંગીકાર કરાવે, તેમાં રહેલું વૈવિધ્ય પ્રભુને પ્રસન્ન કરે છે. જ્ઞાની ભક્ત કહે છે : આજે મારી પાસે બીજું કંઈ નથી, હું આ એક ફૂલ તમને ધરું છું, તેની સુગંધ લેજો. જ્યારે પુષ્ટિભક્ત ગુલાબના ફૂલમાંથી પણ સુંદર સામગ્રી બનાવશે, જુદી જુદી સામગ્રીમાં ગુલાબના ફૂલની પાંખડીઓ પધરાવશે, ગુલાબનું મીઠું અત્તર પધરાવશે અને ઠાકોરજીને અંગીકાર કરાવશે. પેલો જ્ઞાનીભક્ત ઠાકોરજીને આખું ને આખું ફળ ધરી દેશે. પણ જે પુષ્ટિજીવ હશે તે એ ફળને સુંદર રીતે સિદ્ધ કરી સજાવીને ભોગ ધરશે. શ્રીવિઠ્ઠલભાઈ મેવાવાળાને યાદ કરો. તેઓ સુંદર ફળફૂલોની કેવી સુંદર છાબ સજાવે છે જ્ઞાનીભક્ત કહે છેઃ મહારાજ, આજે આ ગંગાજળ કે જમુનાજળ

આરોગી બિરાજો. ત્યારે પુષ્ટિભક્તિ વિનંતી કરે છેઃ આપને આરોગાવવા બીજું કંઇ નથી, તો જળમાં મિસરી પધરાવી, આપને શીતળ ભોગ ધરું. આમ પુષ્ટિમાર્ગની બધી જ વાતો વિલક્ષણ છે.

પુષ્ટિમાર્ગની એક બીજી પણ વિલક્ષણતા છે. બીજે બધે દુઃખના નિવારણને સુખ અને શાંતિ માન્યાં છે. પુષ્ટિમાર્ગમાં ડગલેને પગલે દુઃખ પણ છે અને પરમાનંદ પણ છે. દુઃખ વગર પુષ્ટિમાર્ગ સિદ્ધ થતો જ નથી. આથી શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણમાં આજ્ઞા કરી કે : હે પ્રાણનાથ ગોકુલેશ્વર! યશોદા મૈયાને, નંદબાવાને અને ગોપાંગનાઓને તમે જે વિરહનું દુઃખ આપ્યું છે તે દુઃખ દર્દથી મારું દિલ ક્યારે ભરાશે? બીજે બધે દુઃખ દૂર કરવાના ઉપાયો છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં દુઃખ વધારવાના ઉપાયો છે.

એક વખત શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. આપની પાસે આપના સેવકો પણ હતા. વૃંદાવનથી રૂપ ગોસ્વામી અને સનાતન ગોસ્વામી શ્રીમહાપ્રભુજીનાં દર્શન માટે આવ્યા. તેમણે જોયું કે શ્રીમહાપ્રભુજીના સેવકો દૂબળા પાતળા છે. તેમણે વ્યંગમાં કહ્યુંઃ આપનો માર્ગ પુષ્ટિમાર્ગ છે. છતાં આપના સેવક આટલા દૂબળા પાતળા કેમ છે? શ્રીમહાપ્રભુજીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે મેં તેમને ના પાડી હતી, કે તમે આ માર્ગમાં પડશો નહિ. છતાં તેમાં પડ્યા તેથી તેનું ફળ ભોગવી રહ્યા છે. રૂપ ગોસ્વામી અને સનાતન ગોસ્વામીને આ જવાબમાં કંઇ સમજણ ન પડી. તેઓ તેમના ગુરુ શ્રીચૈતન્યમહાપ્રભુ પાસે ગયા. બધી વાત કરી. તે સાંભળી શ્રીચૈતન્ય મહાપ્રભુને મૂર્છા આવી ગઇ. તેમનાં નેત્રમાંથી આંસુની ધાર વહેવા લાગી. મૂર્છામાંથી જાગ્યા એટલે ફરીથી તે જ વાત પૂછી. ફરીથી તેમને મૂર્છા આવી. મૂર્છા વળતાં તેમણે કહ્યુંઃ શ્રીવલ્લભાચાર્યજીના સ્વરૂપને તમે શું જાણો? એ તો સાક્ષાત્ વિપ્રયોગનું સ્વરૂપ છે. પુષ્ટિભક્તિ કરવી એ ખાંડાના ખેલ છે. તેમાં ડગલે ને પગલે વિરહના તાપમાં સળગવું પડે છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમારે ખાવું પીવું હોય, આનંદ મેળવવો હોય, સુખ-શાંતિ મેળવવી હોય તો આ માર્ગમાં આવશો નહિ. આ માર્ગ તો પ્રભુ માટે રડવાનો માર્ગ છે. વેદનાનો માર્ગ છે. જેમ માછલી તરફડે એમ તરફડવાનો માર્ગ છે. એ બધું તમારાથી સહન થતું હોય તો આ માર્ગમાં આવજો. આ વિરહનું દુઃખ પુષ્ટિમાર્ગમાં સાધન પણ છે અને ફળ પણ છે. પુષ્ટિમાર્ગની અનુભૂતિ જુદી છે. ક્યારેક રડતાં રડતાં હસી જવાય, તો ક્યારેક હસતાં હસતાં રડી જવાય.

ઉધ્ધવજી એક વખત વૈદ્ય બનીને વ્રજમાં આવ્યા. ઉધ્ધવજીને એમ થયું કે વ્રજની ગોપીઓ અબુધ છે. વેદાન્ત ભણી નથી. કૃષ્ણના વિરહમાં દુઃખી થાય છે. હું તેમના દર્દને દૂર કરું. પરંતુ વ્રજમાં આવીને ઉધ્ધવજી ગોપીઓનું દર્દ દૂર કરી શક્યા નહિ. તેઓ જાતે જ વિરહના દર્દી બની ઔષધિરૂપે વ્રજવાસ કરવાની કામના સેવતા રહ્યા, આવો વિલક્ષણ પુષ્ટિભક્તિનો માર્ગ છે. જ્યારે વિરહનું સાધન વિરહનું ફળ બને છે ત્યારે ભક્તને ફલાત્મક વિરહનો અનુભવ થાય છે. આખી દુનિયા પ્રિય પ્રભુની વિરહાનુભૂતિ બની જાય છે.

જ્ઞાનીનો સર્વાત્મભાવ અને પ્રેમીનો સર્વાત્મભાવ જુદા છે. પ્રેમીના સર્વાત્મભાવમાં વિવિધ લીલારૂપે પ્રેમ જન્મે છે, પ્રેમના એ દર્દની અંદર તે પ્રભુને જુએ છે. એવા એક ભક્તે કહ્યુંઃ હે પ્રભુ! તમને આજે સામે જોયા, ત્યારે તમારો અનુભવ કર્યો. પણ જ્યારે આંખો બંધ કરીને જોયા ત્યારે તમારો વધુ અનુભવ થયો. જેટલો અનુભવ સંયોગમાં ન મળ્યો એટલો અનુભવ વિરહમાં મળ્યો. મિલનમાં થોડાક પડદા હોય છે. આંખનો પડદો, કાળનો પડદો, વિચારોનો પડદો, પણ વિરહમાં, જુદાઈમાં કોઈ પડદા હોતા નથી.

સંયોગમાં ભગવત્‌સ્વરૂપનો જે અનુભવ છે તેના કરતાં વિપ્રયોગમાં વિલક્ષણ અનુભવ છે. આ વિલક્ષણ અનુભવ સકલ લીલાની એક જ સમયે અનુભૂતિ કરાવે છે. આવી અનુભૂતિ શ્રીમહાપ્રભુજી કરે છે અને ભક્તોને કરાવે છે, માટે ભક્તિમાર્ગે સર્વમાર્ગે વૈલક્ષણ્યાનુભૂતિકૃતે નમઃ ।

શ્લોક-૨૫ :

પૃથક્‌શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુજસ્થલીલારસસુપ્‌રિતઃ ॥૨૫॥

શબ્દાર્થ :

(૭૨) પૃથક્‌શરણમાર્ગોપદેષ્ટા = સ્વતંત્ર શરણમાર્ગનો ઉપદેશ આપનારા,
(૭૩) શ્રીકૃષ્ણહાર્દવિત્ = શ્રીકૃષ્ણહાર્દવિત્ = શ્રીકૃષ્ણના હૃદયને જાણનારા,
(૭૪) પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિતઃ = નિકુંજમાં રહેલા લીલારસથી પ્રતિક્ષણે ભરપૂર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

(૭૨) 'પૃથક્‌શરણોમાર્ગોપદેષ્ટા' = પૃથક્‌શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ = પુષ્ટિભક્તિમાં પૃથક્‌શરણમાર્ગનો ઉપદેશ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ જે શરણમાર્ગનો ઉપદેશ કર્યો છે તે બીજા કરતાં કંઈક જુદી જાતનો છે. શરણના બે પ્રકાર છેઃ મર્યાદાશરણ અને પુષ્ટિશરણ. જે જીવ પોતાના સાધનના બળથી ભગવાનના શરણે જાય, તે મર્યાદાશરણ, ભગવાન જે જીવ પર કૃપા કરી, તેને પોતાના શરણમાં લે તે પુષ્ટિશરણ. જીવ ભગવાનને શોધવા જાય, તે મર્યાદા. ભગવાન જીવને શોધતા આવે તે પુષ્ટિ.

આગ્રામાં વિષ્ણુદાસ છીપા રહેતા હતા. એકવાર શ્રીમહાપ્રભુજી આગ્રા પધાર્યા ત્યારે વિષ્ણુદાસ છીંટના કાપડના તાકાઓ લઈને બજારમાં વેચવા બેઠા હતા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કૃષ્ણદાસ મેઘન તે ખરીદવા ગયા. વિષ્ણુદાસે ચાર ગણી કિંમત માંગી. કૃષ્ણદાસે આનાકાની વિના તે રકમ ચૂકવી દીધી. ત્યારે વિષ્ણુદાસને થયું આ મહાપુરુષ છે. તેમનું દ્રવ્ય મારાથી રખાય નહિ. તેમણે પાછું આપવા માંડ્યું. કૃષ્ણદાસે કહ્યુંઃ અમારા ગુરુ તેમના સેવક વિના કોઈનું દ્રવ્ય સ્વીકારતા નથી. વિષ્ણુદાસ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. સેવક કરવા વિનંતી કરી. આજ્ઞા થતાં વિષ્ણુદાસ જમુનાસ્નાન કરીને આવ્યા. રસ્તામાં એક એંઠી પાતળ ઊડીને તેમના પગને લાગી. તેથી તેઓ સ્નાન કરી આવ્યા. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીના કિનારે સામે પધારી, તેમને બ્રહ્મસંબંધ આપ્યું. આવા પુષ્ટિશરણનું દાન કરનારા શ્રીમહાપ્રભુજી છે.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરી કે : આ કળિયુગમાં ભક્તિમાર્ગ પણ દુઃસાધ્ય છે. એક સુસાધ્ય છે શરણમાર્ગ. કર્મમાર્ગમાં કર્તા, કર્મ, મંત્ર, દ્રવ્ય, કાળ વગેરે સાધનો શુદ્ધ હોવાં જોઈએ. જે આજે શક્ય નથી. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનની જાગૃતિ માટે ચિત્તશુદ્ધિ જોઈએ. તે માટે વૈરાગ્ય અને ત્યાગ જરૂરી છે. તેના અભાવમાં જ્ઞાન પ્રાપ્ત થતું નથી. ભક્તિમાર્ગમાં કૃષ્ણપ્રેમ જાગવો જોઈએ. તે જગાડવા ઘણી મથામણ કરી, પણ તે જાગતો નથી. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ કર્મ જ્ઞાન કે ભક્તિ અત્યારે થઈ શકે તેમ નથી. તે માટે એકમાત્ર ઉપાય છે શરણમાર્ગ.

ગીતાના શરણમાર્ગ કરતાં પુષ્ટિમાર્ગનો શરણમાર્ગ કંઈક જુદો છે. એમ બતાવવા શ્રીગુસાંઈજીએ 'પૃથક્' શબ્દ વાપર્યો. અર્જુન મર્યાદાપુષ્ટિજીવ છે. ગોપીજનો શુદ્ધ પુષ્ટિજીવ છે. એ બંને શરણસ્થ જીવો છે. અર્જુનનો શરણમાર્ગ અને ગોપીજનોનો શરણમાર્ગ જુદો છે. અર્જુન ભગવાનના શરણે ગયો તે હારીને થાકી ગયો હતો. લાચાર બનીને ગયો હતો. તે હાથ જોડીને કહે છેઃ હે ગોવિંદ! હું આપનો શિષ્ય છું, તે થાકી ગયેલા બિમાર માણસના જેવું હતું. અર્જુનના

મનમાં મોહ, ગ્લાનિ, યુદ્ધ કરવું કે નહિ તેનો સંઘર્ષ હતો. અર્જુનની આ બધી બિમારીઓ હતી. તે બિમાર થઈને ભગવાનનાં ચરણોમાં આવ્યો હતો. ત્યારે ગોપીજનોની શરણાગતિ સ્નેહપૂર્વકની શરણાગતિ હતી. જેમ પતિવ્રતા નારી પોતાનું સર્વસ્વ પતિને સોંપી તેની શરણાગતિ લે, તેમ ગોપીજનો શરણસ્થ થયા હતાં. અર્જુન ભગવાનને શરણે આવવા છતાં સંપૂર્ણ શરણસ્થ થયો નથી. એણે પોતાનું કંઈક છુપાવી રાખ્યું. માટે તે વારંવાર કહે છે કે હું નહિ લડું. ન લડવા કેટલી દલીલો કરે છે.

સાચા શરણાગતનું લક્ષણ એ છે કે એક વખત શરણસ્થ થયા પછી પોતાની બુદ્ધિ વાપરવી નહિ. સ્વામીની આજ્ઞાનું પાલન કરવા તત્પર રહેવું. અર્જુનને સમજાવવા ભગવાનને રણમેદાનમાં ૭૦૦ શ્લોકોથી ઉપદેશ આપવો પડ્યો. તોય તે માન્યો નહિ. ત્યારે ભગવાને કહ્યું: હવે તારી બુદ્ધિમાં આવતા તમામ વિચારોને તું છોડી દે અને મારામાં વિશ્વાસ રાખ. હું તારો સારથી છું. હું તારી ગાડીને સાચવીશ. તને અથડાવા નહિ દઉં. ભગવાને અર્જુનને શરણે લઈને એક વચન આપ્યું. તને બધાં પાપોથી હું છોડાવી દઈશ.

શ્રીદ્વારકાનાથ ઘણા ચતુર છે, તોળી તોળીને એક એક શબ્દ વાપર્યો છે. જેને માંડ માંડ ઘસડીને શરણમાં લાવવો પડ્યો એવા જીવને એક જ ફળ અપાય, પાપોમાંથી મુક્તિ. તેનાથી વધુ અર્જુનને આપ્યું નહિ. જ્યારે ભગવાને શરણાગત ગોપીજનોને પાપમુક્તિની સાથે પ્રભુની પ્રાપ્તિ આપી. વ્રજભક્તોની શરણાગતિ તદીયની શરણાગતિ છે, પ્રેમીની શરણાગતિ છે. અર્જુનની શરણાગતિ નોકરની-લાચાર માણસની - તદાશ્રિતની શરણાગતિ છે. આમ, ગીતાજીના શરણમાર્ગ કરતાં પુષ્ટિમાર્ગનો શરણમાર્ગ પૃથક્ છે.

એકાદશ સ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને કહ્યું: હે ઉદ્ધવ, સર્વાત્મભાવથી તું શરણે આવ, તારું કહેવાતું બધું મારાં ચરણોમાં સોંપી દે. આ આત્મનિવેદનથી પુષ્ટિભક્તિમાર્ગની શરણાગતિ શરૂ થાય છે. માટે શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધનું દાન કરે છે. પુષ્ટિમાર્ગનો શરણમાર્ગ સર્વાત્મભાવનો છે. શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવને શીખામણ આપે છે : હે જીવ! તું ભગવાન પાસે કબૂલ કરી લે કે હું આપનાથી હજારો વર્ષોથી વિખૂટો પડ્યો છું. તું ભગવાનનાં ચરણમાં રડી લે કે હું આપનો છું અને આપની સાથે રહેવાનો છું. તું ભગવાનને બધું સમર્પિત કરી દે. આત્મા સહિત તારું સર્વ સમર્પણ કર. આ પુષ્ટિનો

શરણમાર્ગ છે. આવો પૃથક્શરણમાર્ગ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે. પૃથક્શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ ।

(૭૩) 'શ્રીકૃષ્ણહાર્દવિત્' = શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ = શ્રીકૃષ્ણનું હૃદય જાણનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

હાર્દ એટલે હૃદય અને વિદ્ એટલે જાણનારા. શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના હૃદયને જાણનારા છે. એટલે ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણનું હૃદય વાંચીને, આપે આ પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો છે. અહીં એકલા કૃષ્ણ કહ્યા નથી, પણ શ્રીકૃષ્ણ કહ્યા છે. પુષ્ટિશરણમાર્ગ પ્રગટ કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બંને સ્વરૂપોએ કરી હતી, માટે શ્રીમહાપ્રભુજી બંને સ્વરૂપોના હૃદયને જાણનારા છે. એમની આજ્ઞાનું પાલન કરવા આપે આ પુષ્ટિશરણમાર્ગ પૃથ્વી ઉપર પ્રગટ કર્યો છે. માટે શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ ।

(૭૪) 'પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસપૂરિતઃ' = પ્રતિક્ષણનિકુંજસ્થ લીલારસપૂરિતાય નમઃ = નિકુંજનો જે લીલારસ છે તેનાથી શ્રીમહાપ્રભુજી પ્રતિક્ષણ સુપૂરિત છે, એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીહરિરાયજીએ 'નિકુંજસ્થ' નો અર્થ કર્યો નિકુંજનાયક શ્રીનાથજીબાવા. શ્રીનાથજીબાવા નિકુંજના દ્વાર ઉપર ડાબો હસ્ત ઊંચો કરી જમણો હસ્ત કટિ ઉપર ધારણ કરી, ઠાડા છે. ડાબો હસ્ત ઊંચો કરી, પુષ્ટિજીવોને બોલાવી રહ્યા છે. હે વહાલા વૈષ્ણવો! મારા શરણે આવો. પુષ્ટિપ્રભુ પુષ્ટિજીવોને આ પ્રકારે પુષ્ટિશરણાગતિનું દાન કરી રહ્યા છે. બીજો હસ્તકટિ ઉપર ધરી તેની મૂઠી વાળીને એમ સૂચવી રહ્યા છે કે તમે મારે શરણે આવશો તો હું તમને સદા મારી મૂઠીમાં સુરક્ષિત રાખીશ. પરિણામે તમે સંસારસાગર તરી જશો. માટે તમે મારી પાસે આવો. આવા નિકુંજનાયક શ્રીનાથજીબાવાના અલૌકિક લીલારસમાં શ્રીમહાપ્રભુજી પ્રતિક્ષણ અંદરથી અને બહારથી સુપૂરિત છે. એટલે છલોછલ છે. આપશ્રીને સતત એક જ સ્મરણ છે : 'શ્રીનાથજીચરણમ્ શરણં વ્રજેમ'.

'નિકુંજસ્થ' શબ્દનો બીજો અર્થ કર્યોઃ નિકુંજેશ્વરી શ્રીરાધાજી. જેમ નિકુંજનાયક શ્રીનાથજીબાવા નિકુંજમાં બિરાજે છે તેમ નિકુંજેશ્વરી શ્રીરાધાજી પણ શ્રીનાથજીબાવાની સાથે નિકુંજમાં બિરાજે છે. પરિણામે શ્રીમહાપ્રભુજી જેમ શ્રીનાથજીબાવાના રસથી છલોછલ છે, તેમ નિકુંજેશ્વરી શ્રીરાધાજીના રસથી પણ ભરપૂર છે.

શ્રીયુગલસ્વરૂપ નિકુંજસ્થ છે તો તેમની સાથે શ્રીમહાપ્રભુજી પણ પોતાના મૂળ લીલા સ્વરૂપે નિકુંજસ્થ છે. આપ ભલે ભૂતળમાં પધાર્યા હોય, પણ સતત નિકુંજસ્થ છે અને તેથી પોતાના લીલારસમાં સુપૂરિત છે. લીલારસ સિવાય બીજો કોઇ રસ શ્રીવલ્લભને ભાવતો નથી. આથી શ્રીમહાપ્રભુજીનું આખું સ્વરૂપ જ નિકુંજલીલાનું સ્વરૂપ છે. એટલા માટે એવાં દર્શન કરીને શ્રીપદ્મનાભદાસજીએ કહ્યું: હે ભગવદીયો! તમારી આંખ ઉપર અલૌકિક પ્રેમનો રસ ચઢાવી શ્રીવલ્લભના મુખારવિંદથી લઇને ચરણારવિંદ સુધી દર્શન કરો. આપના વદનારવિંદમાં સમગ્ર વ્રજલીલા અને નિકુંજલીલા બિરાજમાન છે. વીણાના ઊંચાનીચા થતા તારની જેમ આપની ભ્રૂકુટિનું હલનચલન થાય છે. અપલક નેત્રોથી આપ લીલારસનો અનુભવ કરી રહ્યા છે. આપની ભ્રૂકુટિ ઉપર પ્રિયા પ્રિયતમનું મિલન થઇ રહ્યું છે.

ગહ્‌વર વનમાં પ્રભુની અનન્ય લીલાઓ પ્રગટ છે. તેમ શ્રીમહાપ્રભુજીના હૃદયરૂપી ગહ્‌વર વનમાં અનંત લીલાઓ થઇ રહી છે. ગહ્‌વર વનમાં પ્રભુએ દાણલીલા કરી હતી. સખાઓને શ્રીશ્યામસુંદરે આજ્ઞા કરી હતી કે તમે સૌ વૃક્ષો ઉપર ચઢી જાઓ. આજે કિશોરીજીને લૂંટીશું અને ગોરસ લઇશું. બધા સખાઓ વૃક્ષો ઉપર ચઢી ગયા. પોતે એકલા હાથમાં લાલ લકૂટી લઇ ગહ્‌વર વનના દ્વાર ઉપર ઠાડા રહ્યા. બરસાનાની ગોપીઓ એક પછી એક માથા ઉપર ગોરસની મટૂકી લઇ ત્યાંથી નીકળવા લાગી. તેમની વચમાં શ્રીકિશોરીજી પણ હતાં. લાલાજીએ આંખો નચાવીને કહ્યું: 'અરી, કિશોરીજી, આ ગોરસની મટૂકી અહીં મૂકી દો.' શ્રીકિશોરીજીએ આંખો નચાવીને કહ્યું: 'અહીં તમારા બાપની જાગીર ઓછી છે કે તમે કહો તેમ બધું હું કરું.' 'આ વન તો મારા પિતાની જાગીર છે.' લાલજીએ આંખનો ઈશારો કર્યો તે સાથે વૃક્ષ ઉપરથી વાંદરાઓ નીચે કૂદકા મારી ઉતરી આવે તેમ બધા સખાઓ ઉતરી આવ્યા. તેમને જોઇને શ્રીકિશોરીજીએ કહ્યું: શ્યામ, તમે તમારા આટલા સખાઓને લઇને ભલે આવ્યા હો, પણ મારી એક વાત સાંભળી લો. જો મારી મટૂકીને કોઇએ હાથ લગાવ્યો છે, તો મારા પિતાને હું ફરિયાદ કરીશ. ગોકુળમાં રહીને કાનજી તમે બંદર જેવા થઇ ગયા છો. શ્રીકિશોરીજી બોલતા રહ્યા અને શ્યામસુંદરે હસતાં હસતાં તેમના મસ્તકેથી મટૂકી ઉતારી લીધી. શ્રીકિશોરીજી હારી ગયાં. આવી અનેક લીલાઓ ગહ્‌વર વનમાં થયા કરે છે. એ જ લીલાઓ શ્રીવલ્લભના હૃદયરૂપી ગહ્‌વર વનમાં પણ થઇ રહી છે.

શ્રીપદ્મનાભદાસજી કહે છે : હે વૈષ્ણવો! તમે દર્શન તો કરો. મારા શ્રીવલ્લભનાં નેત્રોમાં અખંડ રાસલીલા થઇ રહી છે. નેત્રોની શ્યામકીકી મારા શ્યામસુંદર છે. અંદરનો સફેદ રંગ બધી ગોપીઓ છે. તેમાંની લાલાશ એ ગોપીજનોનો પ્રેમ છે. આવા શ્યામસુંદર ગોરી ગોપીઓ સાથે શ્રીવલ્લભનાં નેત્રોમાં રાસવિલાસ કરી રહ્યા છે. શ્રીવલ્લભનાં નેત્રોમાં એ રાસના આનંદની પ્રભાનાં દર્શન થાય છે. આમ, શ્રીમહાપ્રભુજી સ્વયમ્ નિકુંજલીલાથી ભરપૂર છે. આપનું મુખારવિંદ નિકુંજલીલાનું રહસ્યસ્થાન છે. ગોપીજનોએ રાસલીલા વખતે પોતાનાં ઉત્તરીય વસ્ત્રો ઉતારીને એનો ઢગલો કર્યો હતો. એ ઉત્તરીય વસ્ત્રો ઉપરણા રૂપે શ્રીમહાપ્રભુજીના સ્કંધ ઉપર શોભી રહ્યાં છે, જે રાસલીલાનું સ્મરણ કરાવે છે. આવા શ્રીમહાપ્રભુજીના નખચંદ્ર પણ ભાવપૂર્ણ છે. આપના ચરણારવિંદના નખચંદ્રની જ્યોત સિવાય બીજું કંઇ દેખાતું નથી.

નિકુંજલીલાના રસથી પરિપૂર્ણ શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતાય નમઃ ।

શ્લોક-૨૬ :

તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃ પ્રિયઃ ॥૨૬॥

શબ્દાર્થ :

(૭૫) તત્કથાક્ષિપ્તચિત્તઃ = ભગવત્કથામાં ચિત્તને પરોવેલું રાખનારા (૭૬) તદ્વિસ્મૃતાન્યઃ = તેને લઇને બીજા બધાંને ભૂલી જનારા (૭૭) વ્રજપ્રિયઃ = જેમને વ્રજ પ્રિય છે એવા (૭૮) પ્રિયવ્રજસ્થિતિઃ = વ્રજમાં બિરાજવું જેમને પ્રિય છે એવા (૭૯) પુષ્ટિલીલાકર્તા = પુષ્ટિલીલા કરનારા (૮૦) રહઃપ્રિયઃ = એકાંત પ્રિય (શ્રીમહાપ્રભુજી છે.)

(૭૫) 'તત્કથાક્ષિપ્તચિત્તઃ' = તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ = તેની કથામાં જેમનું ચિત્ત પરોવાયેલું છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

'તત્કથા' એટલે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીની નિકુંજની કથા. 'આક્ષિપ્ત' શબ્દના બે-ત્રણ અર્થ કરવામાં આવ્યા. ચારેબાજુથી અને અંદરથી પરોવાયેલા અર્થાત્ શ્રીમહાપ્રભુજીએ સર્વ રીતે પોતાનું પૂરેપૂરું મન આ કથામાં જોડી દીધેલું છે. બીજો અર્થ કર્યો ભગવત્કથામાં ચિત્ત સતત પરોવાવાને કારણે જેમનું ચિત્ત સદા ચંચળ રહે છે તે. તેના પરિણામે તે ચિત્ત વિવિધ લીલાઓના

રસમાં એક પછી એક એમ ઉડ્ડયન કરતું રહે છે. ત્રીજો અર્થ કર્યો કે શ્રીમહાપ્રભુજી વિપ્રયોગ સ્વરૂપે કથાઓ કરી રહ્યા છે. ભક્તો એવું અનુમાન કરે છે કે અત્યારે શ્રીવલ્લભનું ચિત્ત નિકુંજલીલામાં પરોવાયેલું છે. જ્યાં આપ સંયોગરસનો અનુભવ કરે છે.

જ્યારે સંયોગલીલા રસનો અનુભવ કરે છે ત્યારે ચિત્ત નિકુંજના રસથી અંદર અને બહાર પરિપૂર્ણ થઇ જાય છે. જ્યારે વિપ્રયોગ લીલાનો અનુભવ કરે છે ત્યારે વિપ્રયોગને સહન કરવા માટે આપ પ્રિયા પ્રિયતમની કથાઓ પોતાના મનને સમજાવે છે. સંયોગમાં સંયોગરસનો આનંદ છે. વિપ્રયોગમાં કથારસનો આનંદ છે. એટલા માટે સેવા અને કથા બંને વૈષ્ણવોને ખૂબ જરૂરી છે. શ્રીમહાપ્રભુજી જ્યારે સતત વિપ્રયોગાવસ્થાનો અનુભવ કરે છે ત્યારે પ્રભુની કથા સિવાય બીજું કંઇ કરતા નથી. રાસલીલામાંથી શ્રીકૃષ્ણ અંતર્ધાન થઇ ગયા ત્યારે તેમના વિરહમાં પોતાના દેહ અને પ્રાણ ટકી રહે તે માટે ગોપીજનોએ પણ ગોપીગીત દ્વારા ગીત અને સંગીતમાં કૃષ્ણકથા કરી હતી.

વિરહનો સ્વભાવ જ પ્રિયની કથા કરાવે છે. જેમ કે તમારો દીકરો અમેરિકા હોય, ત્યારે તમને તેની બહુ યાદ આવે તે સ્વાભાવિક છે. તે વખતે તમે જેને જેને મળશો તેની પાસે તમારા દીકરાની જ વાત કરશો. તેનામાં તમારો એટલો પ્રેમ છે કે તમને તેની જ વાતો યાદ આવે છે. તેમ શ્રીમહાપ્રભુજીને પણ ભૂતળમાં પધાર્યા પછી શ્રીઠાકોરજીના વિરહમાં શ્રીઠાકોરજીની એટલી યાદ આવે છે કે તેઓ ભૂતળમાં ભગવત્કથાઓ કરે છે. વારંવાર શ્રીભાગવતજીનું પારાયણ કરે છે. ગોપીજનોએ પણ ગોપીગીતમાં કહ્યું હતું કે હે શ્યામસુંદર! આપના વિરહમાં આપની કથાઓ અમને જીવાડનારી છે. જેમ આપનામાં દિવ્ય છ ધર્મો રહેલા છે તેમ આપની કથાઓમાં પણ એ જ છ ધર્મો રહેલા છે. તે જ અમારા પ્રાણને ટકાવી રાખે છે. માટે શ્રીમહાપ્રભુજીનું ચિત્ત સમગ્ર રીતે ભગવત્કથાઓમાં લાગેલું છે. તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ ।

(૭૬) તદ્વિસ્મૃતાન્યઃ - તદ્વિસ્મૃતાન્યાય નમઃ - કથા સિવાય બીજું બધું જેઓ ભૂલી ગયા છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

કૃષ્ણકથામાં શ્રીમહાપ્રભુજી એટલા બધા તન્મય થઇ ગયા છે કે કથા સિવાય બીજું બધું ભૂલી ગયા છે. કથાઓને લીધે પ્રિયતમનો પ્રેમ વિપ્રયોગનું સ્વરૂપ ધારણ કરે છે, એટલે એ વિરહભાવની સતત અવસ્થાને લઇને આપ બીજું બધું ભૂલી ગયા છે.

ભગવત્કથા દ્વારા જેમ શ્રીમહાપ્રભુજીને અન્ય સર્વનું વિસ્મરણ થઇ રહ્યું છે, તેમ તે કથાનું સ્મરણ કરાવી આપ ભક્તોને પણ સંસારનું વિસ્મરણ કરાવે છે. જ્યાં સુધી અન્યનું સ્મરણ રહે ત્યાં સુધી આપણો પ્રેમ સંપૂર્ણ હોતો નથી. અન્યનું વિસ્મરણ એ જ પ્રેમની સાચી સાધના છે.

ગોપિકાઓએ રડતાં રડતાં પ્રભુને વિરહવ્યાકુળ બની વિનંતી કરી હતીઃ હે નાથ! તમે અમને દર્શન કેમ આપતા નથી? અમારા શા અપરાધો છે? તમે શું એમ માનો છો કે અમે તમારા ચરણારવિંદને, તમારા સ્વરૂપને છોડી બીજે ભટકવાનાં છીએ? જો અમે અમારી આંખથી તમારા રૂપ સિવાય બીજા કોઇ રૂપને જોઇએ તો અમારી આંખો બળી જજો. આ અનન્યતા છે. ગોપીજનોને શ્યામસુંદર સિવાય બીજું કંઇ યાદ આવતું નથી. તેઓ બીજું કંઇ જોતાં નથી, સાંભળતાં નથી કે વિચારતાં નથી. આવી અનન્યતા જ્યારે આપણને થશે ત્યારે ભક્તિમાર્ગની સાધના અને આરાધના પૂરી થશે.

પરમાનંદદાસજીને યાદ કરો. શ્રીમહાપ્રભુજીએ પરમાનંદદાસજીને શરણે લઇ, કૃપા કરી, દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. પરમાનંદદાસજીને નિત્યલીલાનું સ્મરણ કરાવ્યું, તેથી પરમાનંદદાસજી અન્ય સર્વ કંઇ ભૂલી ગયા. તેમણે ગાયું 'હરિ તેરી લીલાકી સુધી આવૈ' તેમણે આંખમાં આંસુઓ ભરી ભરી આ પદ ગાયું. તે સાંભળતાં શ્રીમહાપ્રભુજી પણ લીલારસમાં એવા ડૂબી ગયા કે ત્રણ દિવસ-રાત આપ મૂર્છામાં બિરાજ્યા. આવો વિરહતાપ શ્રીમહાપ્રભુજીએ સેવ્યો છે અને પોતાના ભક્તોને પણ આપ્યો છે. માટે તદ્વિસ્મૃતાન્યાય નમઃ ।

(૭૭) 'વ્રજપ્રિયઃ' = વ્રજપ્રિયાય નમઃ = જેમને વ્રજ પ્રિય છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

'વ્રજ' શબ્દથી બે અર્થ સમજવાના. વ્રજ એટલે વ્રજભૂમિ અને વ્રજ એટલે વ્રજના લોકો. વ્રજભૂમિમાં નિત્યલીલા વિદ્યમાન છે. વ્રજમાં વ્રજવાસીઓ વસે છે. વ્રજવાસીઓના વહાલા શ્રીમહાપ્રભુજી છે અને શ્રીમહાપ્રભુજીને વ્રજવાસીઓ વહાલા છે. તેવી રીતે વ્રજના વહાલા શ્રીમહાપ્રભુજી છે અને શ્રીમહાપ્રભુજીને વ્રજ વહાલું છે. પ્રિય શબ્દ અરસ-પરસનો પ્રેમ બતાવે છે. શ્રીઠાકોરજી પણ વ્રજને અને વ્રજવાસીઓને ખૂબ પ્રેમ કરે છે. આપ આજ્ઞા કરે છે તેમને છોડીને હું બીજે ક્યાંય જતો નથી. તેમ શ્રીમહાપ્રભુજી પણ વ્રજને છોડીને બીજે ક્યાંય બિરાજતા નથી. શ્રીમહાપ્રભુજી જ્યાં બિરાજે છે ત્યાં વ્રજ પધારે છે.

શ્રીમહાપ્રભુજીએ ભૂતળમાં વ્રજનું માહાત્મ્ય પ્રગટ કર્યું. આપે શ્રીમદ્ ગોકુલ ગામ ફરી વસાવ્યું. પુષ્ટિમાર્ગનો પ્રાદુર્ભાવ પણ શ્રીમદ્ ગોકુળમાં થયો. શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી પરિક્રમા ત્રણ વખત કરી, પરંતુ વ્રજ ચોર્યાસી કોશની પરિક્રમા અનેક વખત કરી છે. શ્રીનાથજીબાવા સાથેનું શ્રીમહાપ્રભુજીનું મિલન પણ વ્રજમાં થયું. વ્રજનું માહાત્મ્ય આપે પ્રભુદાસ જલોટાની વાર્તામાં સ્વયમ્ પ્રગટ કર્યું છે.

શ્રીમહાપ્રભુજી રાધાકૃષ્ણ કુંડ ઉપર બિરાજતા હતા. શીતકાલનો સમય હતો. શીતકાલમાં સૂર્યોદય થતાં થતાં શ્રીઠાકોરજીને રાજભોગ આવી જાય. એક દિવસ તે સમયે પ્રભુદાસ જલોટાએ સ્નાન પણ કર્યું નહોતું. શ્રીવલ્લભે આજ્ઞા કરી! 'પ્રભુદાસ, આવો, મહાપ્રસાદ લો.' પ્રભુદાસે વિનંતી કરીઃ 'કૃપાનાથ! હજી મેં સ્નાન નથી કર્યું. શ્રીમહાપ્રભુજી વ્રજરસમાં છકેલા હતા. તેથી આપે આજ્ઞા કરી': પ્રભુદાસ! આ વ્રજમંડળમાં દેહની શુદ્ધિ શ્રીયમુનાજીના જળથી થાય તેમ વ્રજરજથી પણ થાય. વ્રજરજ શરીરમાં લગાવો એટલે તમારું સ્નાન થઈ જશે. પ્રભુદાસ, આ વ્રજભૂમિ અલૌકિક છે, એનાં વૃક્ષો પણ અલૌકિક છે. વ્રજમંડળમાં જેટલાં વૃક્ષો છે એ બધાં ભગવચ્ચિંતનમાં મગ્ન, મુનિઓનાં સ્વરૂપો છે. એમના પાંદડે પાંદડે વેણુધારી રમી રહ્યા છે. એક એક વૃક્ષ ઉપર ચતુર્ભુજ સ્વરૂપે તેઓ ખેલી રહ્યા છે. અહીં તો રજથી પણ સ્નાન કરી શકાય અને જળથી પણ સ્નાન કરાય.'

શ્રીવલ્લભને વ્રજ બહુ વહાલું છે, તેમ શ્રીઠાકોરજીને પણ વ્રજ બહુ વહાલું છે. ભક્તોને પણ વ્રજ એટલું જ વહાલું છે, માટે ગોપીજનોથી લઈને શ્રીદયારામભાઈ સુધીના સૌ ભગવદીયોને એક જ વાત કહી કે 'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિ આવું, ત્યાં નંદકુંવર ક્યાંથી લાવું?'

આજે આધિભૌતિક વ્રજમાં શ્યામસુંદરની અલૌકિક લીલાઓનાં દર્શન થવાને બદલે ભલે આપણને વિપરીત લીલાઓનાં દર્શન થતાં હોય. પરંતુ આધ્યાત્મિક અને આધિદૈવિક વ્રજમંડળમાં તો આજેય સારસ્વત કલ્પનો એ જ આનંદ અને એ જ લીલાઓ વિદ્યમાન છે. જેનો અનુભવ વ્રજલીલામાં તન્મય થવાથી મળી શકે. 'વ્રજપ્રિયાય નમઃ' ।

(૭૮) 'પ્રિયવ્રજસ્થિતિઃ' = પ્રિયવ્રજસ્થિત્યૈ નમઃ = વ્રજમાં રહેવું જેમને બહુ પ્રિય છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીને વ્રજમાં રહેવું એટલું બધું પ્રિય છે કે આપની ૮૪ બેઠકો પૈકી ૨૪ બેઠકો કેવળ વ્રજમાં છે. આ વ્રજભૂમિમાં પણ શ્રીમહાપ્રભુજીને શ્રીમદ્ગોકુલ બહુ ગમે છે. શ્રીમદ્ગોકુળની આપની બેઠક બડી બેઠક તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં ભક્તોને વ્રજલીલાના ઘણા અનુભવ આપે કરાવ્યા છે. આથી શ્રીવલ્લભ જ્યાં બિરાજતા હોય, ત્યાં ભક્તો વ્રજવાસ કરીને અને ગોકુલવાસ કરીને રહે છે. આપને પણ વલ્લભીયોની સાથે રહેવાનું સહજ રીતે મન થાય. તેથી ઘણા વૈષ્ણવોને વ્રજમાં રહેવું ગમે છે. આપણે શ્રીવલ્લભની સાથે વ્રજધામમાં સદા વાસ કરીએ, વૃંદાવનમાં નાચી-કૂદીને ગાઇએ અને ભગવલ્લીલાનો ઘણો આનંદ લઇએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : તમારે પ્રભુમાં પૂર્ણ નિરુદ્ધ થવું હોય તો થોડા દિવસ તમારા ગામ કે ઘરથી દૂર જઇ ભગવત્સ્થાનમાં રહો. ભગવદીયોની જોડે રહો. એકાગ્ર ચિત્તથી ત્યાં સેવા, સ્મરણ કરો. તેનાથી તમારા ચિત્તનો નિરોધ થશે. વ્રજમંડળ આવું ભગવત્સ્થાન છે. આ ભગવત્સ્થાનમાં આપણું શ્રીવલ્લભ ધામ બનશે. ત્યારે વ્રજવાસની સ્થિતિ સુલભ બનશે. પ્રિયવ્રજસ્થિત્યૈ નમઃ ।

(૭૯) 'પુષ્ટિલીલાકર્તા' = પુષ્ટિલીલાકર્ત્રે નમઃ = પુષ્ટિલીલા કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

પુષ્ટિલીલા એટલે સારસ્વત કલ્પમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણસ્વરૂપે વ્રજમંડલમાં પ્રગટ થઇને કરેલી રસાત્મક લીલાઓ. આ પુષ્ટિલીલાઓને શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવો માટે ફરી પ્રગટ કરી છે. લીલાઓનું કેવળ જ્ઞાન આપવાથી તે લીલાઓમાં સંમિલિત થવાય નહિ. માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિલીલારૂપી સેવા અને સ્મરણનું સ્વયમ્ આચરણ કરીને સેવાની રીત અને પ્રીત બંને પ્રગટ કર્યા છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીએ આપણને સેવાની રીત શીખવી છે. જે રીતે વ્રજવાસીઓ મંગળાથી શયન પર્યન્ત શ્રીનંદનંદનની સેવા કરતા, વિવિધ ઋતુઓમાં ઋતુ પ્રમાણે અને ઉત્સવ પ્રમાણે સેવા કરતા, એ રીતે લૌકિક જીવોથી સેવા બનવી અઘરી છે. વ્રજભક્તોની જેમ ૨૪ કલાક તેમાં મન જોડાઇ રહેવું આપણા માટે શક્ય નથી. આપણને તો બીજી ઘણી ઉપાધિઓ છે. સેવામાં બે કલાક થઇ જાય, તો વારંવાર ઘડિયાળ જોવા લાગીએ છીએ. વ્રજભક્તોના પ્રકારે સેવા કરી ગયા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી મહારાજ.

એકવાર ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી સેવામાં બિરાજતા હતા. ત્યારે ચાચા હરિવંશજી આપની બેઠકમાં ગયા. ત્યાં કલ્યાણ ભટ્ટ હાજર હતા. ચાચાજીએ પૂછયું: 'શ્રીગોકુલેશજી શું કરે છે?' ત્યારે કલ્યાણ ભટ્ટે કહ્યું: 'લાલનની સેવા કરે છે.' આ સાંભળી ચાચાજીએ કહ્યું: 'સેવા તો બાપ-બેટા કરી ગયા. હવે તો આપણે લકીર પીટીએ છીએ.' કલ્યાણ ભટ્ટને આ વચનો ગમ્યાં નહિ. પણ તેઓ ચાચાજી પાસે ચૂપ રહ્યા. પછી તેમણે શ્રીગોકુલનાથજીને આ વાત કરી. ત્યારે શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી: 'કલ્યાણ ભટ્ટ, ચાચાજી જેવા ભગવદીયે મને એવું પ્રમાણપત્ર આપ્યું કે હું લકીર પીટું છું!' આપનાં નેત્રોમાં હર્ષના બિંદુઓ ચમક્યાં. આપે વિચાર કર્યો શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલા પુષ્ટિમાર્ગરૂપી સેવા-સ્મરણના માર્ગમાં એકાદ પગલું મૂકવાનું પણ મારામાં સામર્થ્ય છે એ જ આનંદની બાબત છે.

વ્રજભૂમિની રીત અને પ્રીત પુષ્ટિલીલા દ્વારા શ્રીમહાપ્રભુજીએ આમ પ્રગટ કરી. એક વખત આપ ગોકુળમાં બિરાજતા હતા. ત્યારે નંદમહોત્સવનો દિવસ આવ્યો. શ્રીનવનીતલાલને પલને ઝુલાવવા પલનું તો હતું નહિ. આપે ચાર વૈષ્ણવોને ચાર ખૂણા પકડવાની આજ્ઞા કરી. વસ્ત્રની ઝોળી બનાવી તેમાં નવનીતલાલની ગાદી પધરાવી, શ્રીમહાપ્રભુજીએ નવનીતલાલને પલને ઝુલાવ્યા. વૈષ્ણવો કીર્તનો ગાતાં, ખૂબ નાચ્યા અને નંદમહોત્સવ મનાવ્યો. એવી જ રીતે અન્નકૂટનો સમય આવ્યો, ત્યારે શ્રીમહાપ્રભુજીએ એક રૂપિયામાં શ્રીનાથજીને અન્નકૂટ આરોગાવ્યો. આમ, શ્રીમહાપ્રભુજીએ સ્વયમ્ પુષ્ટિલીલાઓનું આચરણ કરી, આપણને સેવા કરતાં શીખવ્યું છે. માટે પુષ્ટિલીલાકર્તે નમઃ ।

(૮૦) 'રહઃ પ્રિયઃ' = રહઃ પ્રિયાય નમઃ = જેમને એકાંત પ્રિય છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું:

'રહઃ' એટલે એકાંત. શ્રીમહાપ્રભુજીને એકાંત બહુ પ્રિય છે. તમે જોયું હશે કે શ્રીમહાપ્રભુજીની જ્યાં બેઠકો છે તે બધી ગામ બહાર, દૂર એકાંત સ્થાનોમાં છે. આપને લૌકિક લોકોની ભીડ ગમતી નથી. લૌકિક લોકોની સાથે વસવું ગમતું નથી. લૌકિક લોકો સાથે સંભાષણ પણ ગમતું નથી. આવું એકાંત શ્રીમહાપ્રભુજીએ એટલા માટે પસંદ કર્યું કે નિકુંજભાવનાનું સતત રટણ, વિના ખલેલે હૃદયમાં ચાલ્યા કરે. લીલારસનો આનંદ લેવામાં કોઈ વિક્ષેપ ન પડે.

ઘણાં લોકો આજે શાંતિ માટે બૂમો પાડે છે. તેઓ ફરિયાદ કરે છે કે અમને ક્યાંય શાંતિ મળતી નથી. તેઓ એકાંતવાસ કરે તોયે મન અશાંત રહે છે. તેમને

મનથી શાંતિનો અનુભવ થતો નથી. વિચારોનો ઘોંઘાટ મનને સતાવે છે. આમ, એકાંતમાં પણ મનમાં અનેક ભૂતાવળો નાચ્યા કરતી હોય. જ્યારે કેટલાક એવા પણ લોકો હોય છે કે તેમની ચારેબાજુ ગમે તેટલી ધાંધલ-ધમાલ હોય છતાં તેઓ મનથી સંપૂર્ણ શાંતિ અનુભવે છે. શ્રીમહાપ્રભુજીનું હૃદય આ પ્રકારે સતત એકાંતનો અનુભવ કરે છે. માટે આપ એકાંતપ્રિય છે. શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે ગમે તેવી ધાંધલ-ધમાલમાં તમે તમારા અંતરમાં એવું એકાંત બનાવો કે તમે સતત ભગવત્સ્મરણમાં મગ્ન રહી શકો. અંતરમાં આવું એકાંત હશે તો પ્રભુના સ્મરણમાં આનંદ આવશે. ઘોંઘાટમાં તમે જપ કરશો તો પ્રભુનું સ્મરણ નહિ થાય, બીજાનું સ્મરણ થશે. માટે શ્રીમહાપ્રભુજી એકાંતપ્રિય છે. રહઃપ્રિયાય નમઃ ।

શ્લોક : ૨૭

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ॥૨૭॥

શબ્દાર્થ :

(૮૧) **ભક્તેચ્છાપૂરકઃ** = ભક્તોની ઇચ્છાઓ પૂરી કરનારા (૮૨) **સર્વાજ્ઞાતલીલઃ** = જેમની બધી લીલાઓ સમજી ન શકાય તેવા (૮૩) **અતિમોહનઃ** = અત્યંત મોહિત કરનારા (૮૪) **સર્વાસક્તઃ** = સર્વમાં આસક્તિ વગરના (૮૫) **ભક્તમાત્રાસક્તઃ** = માત્ર ભક્તોમાં આસક્તિ રાખનારા (૮૬) **પતિતપાવનઃ** = પાપીઓને પવિત્ર કરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૮૧) 'ભક્તેચ્છાપૂરકઃ' = ભક્તેચ્છાપૂરકાય નમઃ = ભક્તોની ઇચ્છાઓને પૂર્ણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી અંતરના એકાંતમાં નિજાનંદમાં રમમાણ હોવા છતાં પોતાના વહાલા ભક્તોની ઇચ્છાઓ પરિપૂર્ણ કરે છે. ભક્તો ચાતક જેવા છે તો શ્રીમહાપ્રભુજી મેઘ સમાન છે. ચાતક પક્ષી સ્વાતિ બુંદ માટે મેઘ ઉપર વિશ્વાસ રાખી, રાહ જુએ છે તેમ ભક્તો શ્રીમહાપ્રભુજીમાં વિશ્વાસ રાખે છે ત્યારે શ્રીમહાપ્રભુજીની કૃપા તેમના ઉપર વરસી પડે છે. ભક્તો કહે છેઃ હે મહાપ્રભુ! અમે તો બારેય મહિના તરસ્યા ચાતક જેવા છીએ આપનો સ્વભાવ કૃપા વરસાવવાનો છે. માટે ચાતકની જેમ અમે પિયુ પિયુનું રટણ કરતાં રહીશું અને આપ કૃપા વરસાવી, અમારી ચાતકની ઇચ્છાઓ પૂરી કરતાં રહેશો.

જેની પાસે અલૌકિક સામર્થ્ય હોય તેઓ જ ભક્તોની અલૌકિક ઈચ્છાઓ પૂરી કરી શકે છે. આવું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં છે. શ્રીમહાપ્રભુજીના સેવકો ક્યારેય તેમની લૌકિક ઈચ્છાઓ લઈને શ્રીમહાપ્રભુજી પાસે જતા નથી. લૌકિક ઈચ્છાઓ, લૌકિક સાધનોથી પૂરી થવાની છે. તે માટે શ્રીમહાપ્રભુજીને શ્રમ કરાવવો એ સેવકનું કર્તવ્ય નથી. જે અલૌકિક ઈચ્છાઓને દુનિયામાં બીજું કોઈ પૂરી કરી શકે તેમ નથી, એ જ ઈચ્છાઓ શ્રીમહાપ્રભુજી પાસે લઈને જઈશું તો આપ તેને જરૂર પૂરી કરશે.

ઈચ્છાઓ માટે એમ કહેવાયું છે કે લૌકિક ઈચ્છાઓ કદી પૂરી થતી નથી. તે અગ્નિમાં હોમેલા ઘી જેવી છે. જેમ જેમ એક એક ઈચ્છા પૂરી થતી જાય તેમ તેમ બીજી અનેક ઈચ્છાઓ વધતી જાય છે. આ ઈચ્છાઓ માણસને કેદી બનાવે છે. જન્મોજન્મના કેદખાનામાં માણસને સડવું પડે છે. લૌકિક ઈચ્છાને વાસના અથવા એષણા કહેવામાં આવે છે. લોકેષણા, વિત્તેષણા જેવી અનેક ઈચ્છાઓ હોય છે. તે એક નર્તકી જેવી છે. તે જાતે નાચે છે અને જેની અંદર તે જાગે તેને પણ નચાવે છે.

વૈષ્ણવોને આવી લૌકિક ઈચ્છાઓ પજવતી નથી. વૈષ્ણવોને અલૌકિક ઈચ્છાઓ જાગે છે. જેને મનોરથ કહેવાય છે. મનના રથમાં પ્રિયતમ પ્રભુને પધરાવી વિવિધ પ્રકારે લાડ લડાવવાની ભાવના એનું નામ મનોરથ. અલૌકિક ઈચ્છાઓ મનોરથ બનીને જન્મોજન્મ સુધી મનમોહનની ભૂમિમાં આપણને ઉડ્ડયન કરાવે છે.

પદ્મનાભદાસજીએ તેમના એક પદમાં શ્રીદામોદરદાસ હરસાનીજીની વાત વર્ણવી છે. દમલાજીને મનમાં અલૌકિક ઈચ્છા જાગી. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : કૃપાનાથ! લીલામાં મારું સ્વરૂપ કયું હશે તે મને બતાવો. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને દમલાજીની સામે જોયું. દમલાજીનાં નેત્રોમાં કૃપાનું અંજન અંજાઈ ગયું. દમલાજીને અલૌકિક લીલાસૃષ્ટિનાં દર્શન થવા લાગ્યાં. લીલાભૂમિમાં સુવર્ણભૂમિનાં દર્શન થયાં. વૃંદાવનમાં કદંબનાં વૃક્ષો સાથે વેલીઓને વીંટળાઈને ભગવલ્લીલાનું ગાન કરતી જોઈ. એ વૃંદાવનમાં પ્રભુનું રમણસ્થાન હતું. વિવિધ નિકુંજો હતી, શ્રીયમુનાજી બિરાજતાં હતાં. બંને કિનારા રત્નજડિત હતા. શ્રીયમુનાજી પોતાના તરંગ ઉપર ચરણારવિંદ ધરી, શ્રીહસ્તમાં કમળની માળા લઈ, પ્રભુની પાસે પધારી રહ્યા હતાં. શ્રીયમુનાજીના કિનારે લાલ-પીળી રાવટીઓ બાંધવામાં આવી હતી. ત્યાં શ્યામસુંદર વ્રજભક્તો સાથે વિહાર કરી

રહ્યા હતા. ક્યાંક કોકિલા બોલતી હતી, ક્યાંક મોર નાચતા હતા, એવી અનંત આનંદમય રસલીલાની આ ભૂમિ હતી. દમલાજીએ લલિતાસખીનું પોતાનું સ્વરૂપ નિહાળ્યું. લલિતાસખી પ્રિયાપ્રિયતમના સાનિધ્યમાં ઊભા હતાં. પદ્મનાભદાસજી કહે છે: આવાં અલૌકિક દર્શન દમલાજીને તો થયાં, પરંતુ એ દર્શનનો આનંદ મને પણ મળ્યો. આવી કૃપા શ્રીવલ્લભ સિવાય બીજું કોણ કરી શકે? માટે કહ્યું: ભક્તેચ્છાપૂરકાય નમઃ ।

(૮૨) 'સર્વાજ્ઞાતલીલઃ' = સર્વાજ્ઞાતલીલાય નમઃ = બધા વૈષ્ણવો જેમની લીલા જાણી શકતા નથી, એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

સર્વ એટલે બધા જ વૈષ્ણવો. અજ્ઞાત એટલે જાણી શકતા નથી. શ્રીમહાપ્રભુજીની લીલાને કોઈ જાણી શકતું નથી. શ્રીમહાપ્રભુજી કૃપા કરે ત્યારે અનંત લીલાસાગરમાંથી એકાદ રસબિંદુનું દાન કરે છે. એ રસબિંદુમાં આટલો બધો આનંદ હોય તો લીલાસિંધુમાં કેટલો આનંદ હશે! કોઈપણ ભક્ત એવો નથી કે જે સંપૂર્ણ લીલાસાગરનું પાન કરી શકે. શ્રીમહાપ્રભુજી અગાધ લીલાસાગરથી ભરેલા હોવાથી આપની લીલાનો પાર સામાન્ય વૈષ્ણવો તો પામી શકતા નથી જ, પરંતુ મોટા-મોટા ભગવદીયો પણ તેનો પાર પામી શકતા નથી માટે સર્વાજ્ઞાતલીલાય નમઃ ।

(૮૩) 'અતિમોહનઃ' = અતિમોહનાય નમઃ = અતિમોહન સ્વરૂપવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ એવું સુંદર છે કે જોતાંની સાથે જ આપણી આંખો ચોંટી જાય. ઉખડવાનું મન જ ન થાય. દુનિયામાં લાખો કરોડો માણસોમાં એવું એકાદું વ્યક્તિત્વ મળે છે, જેની પાસે ચુંબકીય વ્યક્તિત્વ હોય છે. એનું વર્ણન શબ્દોમાં થતું નથી. પરંતુ એ વ્યક્તિત્વ બીજા માણસોને પોતાનામાં જકડી રાખે છે. લૌકિક માણસનું આવું વ્યક્તિત્વ હોય તો શ્રીમહાપ્રભુજીના અલૌકિક વ્યક્તિત્વની વાત જ શી કરવી! આપ તો સાક્ષાત્ આનંદ સ્વરૂપ છે. પરમાનંદ સ્વરૂપ છે, અને પૂર્ણાનંદ સ્વરૂપ છે. આપનું સૌંદર્ય, માધુર્ય, આનંદ, નિર્મળતા, હૃદયમાં ઉછળતો મુગ્ધ ભગવત્પ્રેમ આ બધું અતિમોહન છે. ભગવદીયો માટે મુગ્ધકર રસરૂપ છે.

એકવાર શ્રીવલ્લભ મથુરાના બજારમાંથી નીકળ્યા. એક દુકાનમાં લાલજીનાં અનેક સ્વરૂપો હતાં. આપે એ સ્વરૂપો તરફ બંકિમ નજરે જોયું. તે સાથે જ એ સ્વરૂપોમાં ભગવદ્ આર્વિભાવ થયો. તે સ્વરૂપો ઘૂંટણિયાં તાણી શ્રીમહાપ્રભુજી

પાછળ પાછળ દોડવા લાગ્યાં. શ્રીમહાપ્રભુજી મુકામ પર પધાર્યા, ત્યાં સુધી તે સ્વરૂપો સાથે પધાર્યાં. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપો જુદા જુદા વૈષ્ણવોને સેવા માટે પધરાવી આપ્યાં. પેલો દુકાનદાર પણ વિચાર કરવા લાગ્યો કે આવો કોઈ મનુષ્ય બજારમાંથી નીકળે અને બધાં સ્વરૂપો તેમની પાછળ ચાલવા લાગે તો એનો વેપાર જ થાય નહિ. શ્રીઠાકોરજીને પણ આવું આકર્ષણ કરાવનારા શ્રીમહાપ્રભુજી છે.

રામદાસજી નામના એક ભગવદીય થઈ ગયા. એમ કહેવાય છે કે તેઓ ચોર્યાસી વૈષ્ણવ પૈકીના ન હતા પરંતુ પાછળના સમયના હતા. તેઓ વ્રજમાં જ રહેતા. તુલસીદાસજીને શ્રીરામચંદ્રજીમાં જેવો અનન્ય ભાવ હતો તેવો જ અનન્ય ભાવ રામદાસજીને શ્રીમહાપ્રભુજીમાં હતો. તેમણે શ્રીમહાપ્રભુજીના આવા મોહિની સ્વરૂપનું વર્ણન પદોમાં કર્યું છે. તેઓ સમજાવે છે કે વહાલા વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજીનો રૂપસાગર અગાધ છે. વૈષ્ણવોને તેમાંથી જુદા જુદા સ્વાદ પ્રાપ્ત થાય છે. જેને લીલાનું સ્મરણ હોય તે જ પોતાના પાત્રમાં રૂપ-રસસિંધુ ભરી શકે છે. એકવાર જેણે શ્રીવલ્લભમાધુર્યનું પાન કરી લીધું પછી તેની સામે બીજું ગમે તેવું રૂપ આવે તો પણ તેની નજરમાં વસતું નથી. શ્રીમહાપ્રભુજીના રસસાગરનું પાન કર્યા પછી સંસારનો કોઈપણ સમુદ્ર તમને ખારો જ લાગશે.

શ્રીમહાપ્રભુજીના અતિમોહન સ્વરૂપનાં દર્શન જ્યારે પદ્મનાભદાસજીને થયાં ત્યારે તેઓ પણ ચકિત થઈ ગયા. તેમણે વિનંતી કરીઃ મહારાજ, આજ આપના રૂપમાં હું શ્રીમદનમોહનલાલને નીરખી રહ્યો છું. મદ અને મોહ બંનેનું મર્દન કરનાર શ્રીમદનમોહનલાલ કોટિ લાવણ્ય અમૃતસાગર છે. એમ લાગે છે કે શ્રીમહાપ્રભુજી મદનને પણ મોહ કરે એવા અદ્ભુત સ્વરૂપવાળા છે, આવા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. અતિમોહનાય નમઃ ।

(૮૪) 'સર્વાસક્તઃ' = સર્વાસક્તાય નમઃ = સર્વમાં આસક્તિ ન રાખનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી દુનિયાની કોઈપણ વ્યક્તિ કે વસ્તુમાં આસક્તિ રાખતા નથી. આપ કેવળ અલૌકિકમાં આસક્તિ રાખનારા છે કેવળ પોતાના ભક્તોમાં આપ આસક્ત છે. ભક્ત સિવાય અન્ય કોઈ આપને મોહ પમાડી શકતું નથી. આપનું અલૌકિક ધન શ્રીનાથજીબાવા છે. જે સ્વયમ્ સાક્ષાત્ લાવણ્યનો અમૃતસાગર છે. તે બીજા સામાન્ય રૂપમાં આસક્ત કેવી રીતે થાય? આવા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. સર્વાસક્તાય નમઃ ।

(૮૫) 'ભક્તમાત્રાસક્તઃ' = ભક્તમાત્રાસક્તાય નમઃ = માત્ર ભક્તો પ્રત્યે આસક્તિ રાખનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જે કેવળ શ્રીમહાપ્રભુજીના અનન્ય ભક્તો છે તેમના પ્રત્યે જ શ્રીમહાપ્રભુજીને પૂર્ણ આસક્તિ છે. ભગવાને પણ આવા ભક્તોને સતત ચાહવાનું વરદાન આપેલું છે. ભગવાન કહે છેઃ હે ભગવદીયો! તમે જો મારામાં રમશો તો હું તમારામાં રમીશ, તમારો મારા પ્રત્યેનો પ્રેમ સાચો હશે તો ક્યારેય એ પ્રેમ એકાકી કે એકમાર્ગી રહેશે નહિ. ભક્ત ભગવાનમાં આસક્ત થાય તો ભગવાન પણ ભક્તના એ પ્રેમમાં આસક્ત થાય છે. શ્રીમહાપ્રભુજીનાં ચરણ કમળ સમાન છે. આપના ભક્તો ભ્રમર જેવા છે. તેથી ચરણકમળના દાસ બનીને ચરણકમળમાં પ્રીતિ રાખનારા છે.

કાશીમાં શ્રીમહાપ્રભુજીની પડોશમાં શ્યામદાસ સુથાર નામના ભક્ત રહેતા હતા. શ્રીમહાપ્રભુજી દરરોજ શ્યામદાસને મળવા પધારતા. એકવાર આપના માતુશ્રીએ કહ્યુંઃ 'વલ્લભ! શ્યામદાસ સુથાર જાતિના છે. તમે વારંવાર તેમના ત્યાં જાઓ તે યોગ્ય નથી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'મા, એ સુથાર જાતિનો છે તેથી શું થયું? તે મારો પ્રિય ભક્ત છે. હું તેના વિના રહી શકીશ નહિ.'

શ્રીમહાપ્રભુજીની આવી જ આસક્તિ શ્રીદામોદરદાસ હરસાનીજીમાં પણ હતી. નિત્યલીલામાં પધારવાની જ્યારે આપે તૈયારી કરી ત્યારે આપે શ્રીઠાકોરજી પાસે ખોળો ધરીને એટલું જ માંગ્યું કે 'કૃપાનાથ! મારા વિના દમલો એકક્ષણ પણ ભૂતળમાં રહી શકશે નહિ. પુષ્ટિમાર્ગની સ્થિતિ માટે ભૂતળમાં રહેવાનું દમલાને જરૂરી છે. માટે તેની સ્થિતિ ભૂતળમાં બની રહે એવું કરજો.' પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીમહાપ્રભુજી કેટલા તત્પર છે તે જણાય છે. ભક્તમાત્રાસક્તાય નમઃ ।

(૮૬) 'પતિતપાવનઃ' = પતિતપાવનાય નમઃ = પતિતોને પાવન કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીવલ્લભ ભક્તોનો ઉદ્ધાર કરવા માટે પતિતપાવન બને છે. જેમ અગ્નિ તમામ અશુદ્ધિઓને બાળીને ભસ્મ કરે છે તેમ શ્રીવલ્લભ જીવના તમામ દોષોને બાળીને ભસ્મ કરે છે. પરિણામે ભક્તમાં શુદ્ધ ભક્તિ રહે છે. આપણને પ્રશ્ન થશે કે પુષ્ટિમાર્ગમાં પતિત કોણ? દુનિયામાં ઘણી જાતના સાધકો છે. ઘણી જાતની સાધનાઓ છે. એ કરવાનું કારણ એ છે કે માણસના મનમાં અનેક દોષો, અપરાધો

અને પાપો રહેલાં છે. જે દોષોનું, પાપોનું અને અપરાધોનું આચરણ કરે છે તે બધા પતિત કહેવાય છે. એમનાં પાતકો અને પાતકોને મળતા દંડ શાસ્ત્રોએ બતાવેલા છે. સાથે સાથે શાસ્ત્રોએ તેના પ્રાયશ્ચિત્તના ઉપાયો પણ બતાવ્યા છે. લૌકિક પાપ, શરીરથી થતાં પાપ, મનનાં પાપ, વાણીનાં પાપ, આંખોનાં પાપ, બુદ્ધિનાં પાપ એમ અનેક પ્રકારનાં પાપો છે. આ બધાં પાપોને ધોઈ નાંખવા માટે જુદા જુદા પ્રાયશ્ચિતો છે. એવાં પાપો અને એવા પતિતોની અહીં વાત નથી. એવા પતિતો જે અનેક કષ્ટસાધ્ય પ્રાયશ્ચિતોથી ઉદ્ધાર ન પામે તે પ્રભુની કૃપાથી કેટલીકવાર ઉદ્ધાર પામે છે. નારાયણે અજામિલ નામના પાપીનો ઉદ્ધાર કેવળ કૃપાબળથી કર્યો હતો.

અહીં એવા પતિતોની વાત કરી છે જે વૈષ્ણવમાર્ગ વિરુદ્ધ આચરણ કરે છે. ભક્તિમાર્ગથી વિરુદ્ધ આચરણ એટલે શ્રીહરિગુરુવૈષ્ણવનો અપરાધ કરવો તે. ભગવાન, ગુરુ અને ભક્તનો અપરાધ કરનાર ભક્તિમાર્ગમાં પતિત ગણાય છે. આપણે આગળ ઉપર રામાનંદ પંડિતની વાર્તા જોઈ ગયા. જેમણે પત્નીને જલદી છાણ ભેગું કરવા આજ્ઞા કરતાં ભક્તોનો અને ગુરુનો અપરાધ કર્યો હતો.

ભક્તિમાર્ગમાં બીજું પાપ છે પ્રિયતમ પ્રભુનો અનુરાગ છોડી, જ્યાં ત્યાં ભટકતા રહેવું. લગ્ન કરેલી સ્ત્રી પતિને છોડી, જ્યાં ત્યાં ભટકે તો એ પાપી ગણાય છે. તેમ જે વૈષ્ણવો પોતાના સેવ્ય પ્રભુમાં આસક્તિ ન રાખતાં જ્યાં ત્યાં ભટકતા રહે તો તે ભક્તિમાર્ગમાં પતન છે. આવા ભટકેલા જીવોને શ્રીવલ્લભ પોતાના ચરણમાં લાવે છે અને તેમનો ઉદ્ધાર કરે છે.

શ્રીઠાકોરજીથી વિખૂટા પડવું એ પણ ભક્તિમાર્ગમાં એક પતન છે. નિત્યલીલાથી વિખૂટા પડીને આપણે પૃથ્વીમાં જન્મ લીધો એ આપણું મોટામાં મોટું પતન છે. જીવના આ પતનમાંથી તેનો ઉદ્ધાર કરવા શ્રીમહાપ્રભુજી ભૂતળમાં પધાર્યા છે.

ભક્તિ માટેનાં સર્વ સાધનો આચરવા છતાં ફળની પ્રાપ્તિ ન થાય તે પણ પતનનું કારણ છે. કીર્તન કે સેવા કરતાં આનંદ ન આવે, મંત્રજાપ કરતાં આનંદ ન આવે તો માનવું કે એ બધા સાધનોમાં કંઈક અશુદ્ધિ છે. આપણાં તન-મનનો દોષ છે. શરીર ને મન લૌકિક વાસનાઓથી ભરેલું છે. આવો જીવ પતિત કહેવાય છે. આવા પતિતોનો ઉદ્ધાર કરવા માટે શ્રીમહાપ્રભુજી પધાર્યા છે. શ્રીમહાપ્રભુજીનાં ગુણગાન કરવાથી પતિતમાં પતિતનો પણ ઉદ્ધાર થાય છે. માટે પતિતપાવનાય નમઃ।

શ્લોક -૨૮ :

સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટર: ।
યશ: પીયૂષલહરીપ્લાવિતાન્યરસ: પર: ॥૨૮॥

શબ્દાર્થ :

(૮૭) સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટર: = પોતાનાં યશોગાનથી ખુશ થયેલા ભક્તોનાં હૃદયકમળ પર બિરાજનાર **(૮૮) યશ:પીયૂષ લહરીપ્લાવિતાન્યરસ:** = પોતાના યશરૂપી અમૃતની લહેરોથી અન્ય રસને ડુબાડી લેનારા **(૮૯) પર:** = પરમ શ્રેષ્ઠ (પરબ્રહ્મ) (એવા શ્રીમહાપ્રભુજી છે.)

(૮૭) 'સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટર:' = સ્વયશોગાનસંહૃષ્ટહૃદયામ્ભોજવિષ્ટરાય નમ: = પોતાના યશોગાનથી પ્રસન્ન થતાં જેમનું હૃદયકમળ વિકાસ પામે છે, એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીને પોતાનું યશોગાન અત્યંત પ્રિય છે. શ્રીમહાપ્રભુજી ભક્તોના હૃદયકમળમાં બિરાજમાન છે. જ્યારે ભક્તો શ્રીવલ્લભનાં યશોગાન અત્યંત આનંદથી કરે છે ત્યારે શ્રીમહાપ્રભુજીનું હૃદયરૂપી કમળ વિકસે છે. શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થઈને તે ભક્તના હૃદયકમળને પોતાનું નિજધામ બનાવી, સદા ત્યાં બિરાજે છે. શ્રીમહાપ્રભુજીની બેઠક આપણા હૃદયમાં બનાવવાની છે. તે માટે હૃદયકમળ ખીલેલું હોવું જોઈએ. તેના પર પ્રેમપરાગનું આસન બિછાવવું જોઈએ. એવું સુંદર નિજધામ આપણે એમનાં ગુણગાન દ્વારા તૈયાર કરી શકીએ. એક વખત શ્રીમહાપ્રભુજી આપણા હૃદયકમળમાં બિરાજી ગયા પછી આપણે કંઈપણ મેળવવાનું બાકી રહેશે નહિ. શ્રીમહાપ્રભુજીએ ચતુ:શ્લોકીમાં આજ્ઞા કરી છે કે: હે વૈષ્ણવ! જો તેં તારા હૃદયમાં શ્રીગોકુલાધીશને ધારણ કરી લીધા છે તો હવે તારે લૌકિક-વૈદિકમાં કંઈ મેળવવા જેવું બાકી રહે છે ખરું? એક વખત હીરો મળ્યા પછી કોણ છીપલાં વીણવા જાય? માટે શ્રીગુસાંઈજી મહારાજે સમજાવ્યું કે જે અનેક સાધનોથી પણ મળી શકતા નથી એવા શ્રીવલ્લભને એમના ગુણગાનથી પ્રસન્ન કરીને એમને આપણા હૃદયમાં સદાને માટે પધરાવી શકીએ છીએ. માટે સ્વયશોગાનસંહૃષ્ટહૃદયામ્ભોજવિષ્ટરાય નમ:.

(૮૮) 'યશ: પીયૂષલહરીપ્લાવિતાન્યરસ:' = યશ: પીયૂષલહરી પ્લાવિતાન્યરસાય નમ: = પોતાના ગુણગાનરૂપી અમૃતના તરંગો પ્રગટ કરીને એમાં અન્ય રસોને ડૂબાડી દેનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ ગોપીગીતનાં શ્રીસુબોધિનીજીમાં સમજાવ્યું કે, પ્રભુનું ગુણગાન કરવામાં આવે ત્યારે એ ગુણગાનમાં બિરાજેલું પ્રભુનું ધર્મી સ્વરૂપ ગુણગાન કરનારના હૃદયમાં આવીને બિરાજે છે. તેથી એ ગુણગાન અમૃતસમાન બની જાય છે. એવી જ રીતે શ્રીમહાપ્રભુજીનું ગુણગાન અમૃતના તરંગોને પ્રગટ કરે છે. તે વખતે ગુણગાન કરનારના બીજા બધા રસો એમાં ડૂબી જાય છે. આમ શ્રીમહાપ્રભુજીનું યશોગાન અમૃતના છલકાતા સમુદ્ર જેવું છે. જેમાં આપણે સંપૂર્ણ ડૂબી જઈએ છીએ. પછી બીજા રસો તેની સામે ટકી શકતા નથી. આપણી પાસે દૂધ ભરેલું એક વાસણ હોય, તેમાં જો એકાદ કિલો ખાંડ પધરાવી દઈએ તો પછી ખાંડ જ ખાંડ દેખાય, દૂધ દેખાય જ નહિ. તેમ લૌકિક રસ એક વાટકી દૂધ જેવો છે. જ્યારે શ્રીમહાપ્રભુજીનું યશોગાન પાંચ કિલો ખાંડ જેવું છે. શ્રીમહાપ્રભુજીના યશના ગુણગાનથી આપણું હૃદય ખીલવું જોઈએ. તો જ આપણે તેમાં ડૂબી શકીશું. પછી બીજા લૌકિક રસો આપણને કોઈ બાધા પહોંચાડી શકશે નહિ. સમુદ્રના કિનારે ઊભા રહેવાથી કદાચ એનાં મોજાં આપણને ડૂબાડી દે. એ સંજોગોમાં સલામતિ શોધવી હોય તો આપણે જાતે સમુદ્રનું મોજું બની જવું જોઈએ. તો સમુદ્રની છાતી ઉપર નાચી શકાય અને ક્યારેય ડૂબવાનો ડર રહે નહિ.

એક કવિએ બીજી પણ એક વાત બતાવી છે. સાગરને કિનારાની શી જરૂર? નૌકાને લંગરની શી જરૂર? નૌકા અને કિનારાને ડૂબી જવામાં જ મસ્તી છે. ભક્તિનો માર્ગ પ્રભુમાં ડૂબી જવાનો માર્ગ છે. શ્રીમહાપ્રભુજી ભક્તિસાગરમાં આપણા અન્ય રસોને ડૂબાડી દેવા સમર્થ છે. માટે યશઃ પીયૂષલહરીપ્લાવિતાન્યરસાય નમઃ ।

(૮૯) 'પરઃ' = પરાય નમઃ = પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે. ભગવાને ગીતાજીમાં પોતાના સ્વરૂપનું નિરુપણ કરતાં આજ્ઞા કરી કે હું અક્ષરથી પણ પર છું. હું પુરુષોત્તમ છું. શ્રીમહાપ્રભુજી એ જ પુરુષોત્તમ સ્વરૂપ છે. માટે પરાય નમઃ ।

શ્લોક -૨૯ :

લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥૨૯॥

શબ્દાર્થ :

(૯૦) લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ = લીલામૃતના રસપ્રવાહમાં સર્વને ભીંજવી દેનારા (૯૧) ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ = ગોવર્ધનમાં રહેવાના ઉત્સાહવાળા (૯૨) તલ્લીલાપ્રેમપૂરિતઃ = ગોવર્ધનલીલાના પ્રેમમાં ચકચૂર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

(૯૦) 'લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્' = લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃતે નમઃ = (શ્રી પ્રભુની) લીલાઓના અમૃતરસના પ્રવાહમાં સર્વ મનુષ્યોને ભીંજવી નાખનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીનો લીલારસ તેને ધારણ કરનારા તમામ ભગવદીયોને ભીંજવી દે છે. અહીં ભગવદીયો માટે 'શરીરભૃત્'. એવો શબ્દપ્રયોગ કર્યો છે. 'શરીરભૃત્' એટલે શરીર ધારણ કરનારા. આપણને પ્રશ્ન થશે કે શું આપણે બધા શરીર ધારણ કરનારા નથી? ભાગવતજીમાં શુકદેવજી એક સ્થળે કહે છેઃ રાજા, શરીર ધારણ કરનારી એ ગોપિકાઓને કેટલો બધો આનંદ મળ્યો? ત્યાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે શરીર ધારણ કરવાનું ફળ ગોપિકાઓને મળ્યું છે. શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો ઉપરાંત મન, બુદ્ધિ વગેરે છે. આ તમામ દ્વારા ગોપિકાઓએ કૃષ્ણરસ પીધો હતો. એમની એક પણ ઈન્દ્રિય બાકી રહી ન હતી. જ્યારે આપણે તો આપણા શરીરથી રૂપના નામે, શબ્દના નામે, વિચારોના નામે, રસના નામે અને પ્રેમના નામે ઝેર જ પીએ છીએ. શરીર ધારણ કરીને આપણે શરીરનો સદુપયોગ કરી શક્યા નથી. જેમ ગોપિકાઓની તમામ ઈન્દ્રિયો ભગવદ્રસનું પાન કરે છે તેમ શ્રીમહાપ્રભુજીના તમામ સેવકો તેમની બધી જ ઈન્દ્રિયો દ્વારા ભગવદ્રસ પામે છે. શ્રીમહાપ્રભુજી તેમને લીલારસની ભીનાશથી ભીંજવી નાંખે છે.

શ્રીચાચા ગોપેશ્વરજીએ આ નામનો સુંદર અર્થ સમજાવ્યો છે. સમુદ્રમાં એક તરંગની પાછળ બીજો તરંગ આવ્યા કરે છે. એવી રીતે લીલારસના સાગરમાંથી પણ એક પછી એક તરંગો ભક્તની પાસે આવે છે અને ભક્તને ભીંજવે છે. આમ ભક્તનું હૃદય લીલારસના તરંગોથી હંમેશ માટે ભીંજાયેલું રહે છે.

શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી. આ ભગવદીયો બહારથી અને અંદરથી બંને બાજુથી ભીંજાય છે. માટે 'આર્દ્ર' શબ્દ બે વખત વાપર્યો છે. જે લોકો બહારથી કે અંદરથી શરીર પર પ્લાસ્ટિકનું કવર ચઢાવીને ભગવત્કથા સાંભળવા બેસે છે, એટલે

શ્રોતાઓ ઉપર ઉપરથી ભીંજાય છે. પરંતુ અંદરથી કોરાધાકોર હોય છે. આવા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતા ખિલશરીરભૃતે નમઃ ।

(૯૧) 'ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ' = ગોવર્ધનસ્થિત્યુત્સાહાય નમઃ = શ્રીગોવર્ધનમાં રહેવા માટે જેમનામાં સતત ઉત્સાહ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીગિરિરાજબાવાનું સાન્નિધ્ય શ્રીવલ્લભને અતિ પ્રિય છે, કારણ કે શ્રીગિરિરાજબાવા ત્રણ સ્વરૂપે બિરાજે છે. આધિભૌતિક પર્વત સ્વરૂપ, આધ્યાત્મિક ભક્ત સ્વરૂપ અને આધિદૈવિક ભગવત્સ્વરૂપ. આધિભૌતિક પર્વત સ્વરૂપે શ્રીગિરિરાજબાવાનાં આપણને દર્શન થાય છે. આપણા પર તેમની કૃપા થાય તો આધ્યાત્મિક હરિદાસવર્ય સ્વરૂપે દર્શન આપે છે. શ્રીગિરિરાજબાવાના સ્વરૂપમાં આધિદૈવિક સ્વરૂપે સાક્ષાત્ શ્રીગોવર્ધનધર બિરાજે છે, જેનો અનુભવ ગોવર્ધનલીલામાં વ્રજવાસીઓને આપે કરાવ્યો હતો. સહસ્ર ભુજા ધરી પ્રભુ શ્રીગિરિરાજમાંથી પ્રગટ થયા હતા અને વ્રજભક્તોનો અન્નકુટ આરોગ્યા હતા. આવા શ્રીગિરિરાજબાવાની નિકુંજોમાં સતત દિવ્ય લીલાઓ થયા કરે છે. માટે શ્રીમહાપ્રભુજીને ત્યાં બિરાજવું ગમે છે. શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજબાવાની નિત્ય પરિક્રમા કરે છે. આપણે પણ રોજ શ્રીમહાપ્રભુજી પાછળ પાછળ મનથી શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરવી. ગોવર્ધનસ્થિત્યુત્સાહાય નમઃ.

(૯૨) 'તલ્લીલાપ્રેમપૂરિતઃ' = તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ = એ લીલાના પ્રેમથી ભરપૂર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

'તત્ લીલા' એટલે આગળ વર્ણવેલી ગોવર્ધનલીલા. શ્રીમહાપ્રભુજી ગોવર્ધનલીલા પ્રેમથી પરિપૂર્ણ છે. બીજો અર્થ એવો પણ થાય કે એકલી ગોવર્ધનલીલા નહિ, પરંતુ શ્રીગિરિરાજબાવાના પ્રદેશમાં ભગવાન જે જે નિકુંજલીલાઓ કરે છે તે તમામ લીલાઓથી શ્રીવલ્લભ પરિપૂર્ણ છે. શ્રીઠાકોરજીએ ગોવર્ધનલીલા દ્વારા વ્રજવાસીઓનો અન્યાશ્રય દૂર કર્યો. પ્રભુની આવી કૃપાનું સ્મરણ થઈ આવતાં આપણું હૃદય પ્રેમપૂરિત બની જાય છે. ગોવર્ધનલીલા દ્વારા પ્રભુએ અન્નકૂટભોગ આરોગ્યો. પોતાનું અતિશય સામર્થ્ય પ્રગટ કર્યું. ભક્તોને સાત પ્રકારે શરણાગતિનું દાન આપ્યું. ઇન્દ્રમાનભંગ કર્યો. આવા પ્રભુનું સ્મરણ કરતાં શ્રીમહાપ્રભુજી સંપૂર્ણ બની જાય છે. ઇન્દ્રમાનભંગ જોઈ શ્રીમહાપ્રભુજીને વિશ્વાસ થયો કે અમારા પ્રભુ અભિમાનીઓનાં માન જરૂર દૂર કરશે.

ગોવર્ધનલીલા સંબંધી ગિરિરાજબાવાની ઘણી લીલાઓ છે. શ્રીગિરિરાજજીના સ્વરૂપમાં આઠ નિકુંજ દ્વારો છે. એક એક સખાની નિકુંજ ત્યાં આવેલી છે. એમાં શ્રીવલ્લભ રસવિહાર કરે છે. શ્રીગિરિરાજબાવાની છત્રછાયામાં પ્રભુ સખાઓ સાથે છાકલીલા કરે છે. વર્ષાઋતુમાં વનભોજન કરે છે. તેનું સ્મરણ કરતાં શ્રીમહાપ્રભુજી પ્રેમપૂરિત બને છે. માટે તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ ।

શ્લોક-૩૦ :

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥

શબ્દાર્થ :

(૯૩) **યજ્ઞભોક્તા** = યજ્ઞનો ભોગ કરનારા (૯૪) **યજ્ઞકર્તા** = યજ્ઞ કરનારા (૯૫) **ચતુર્વર્ગવિશારદઃ** = ચાર પુરુષાર્થોના જાણકાર (૯૬) **સત્યપ્રતિજ્ઞઃ** = સત્ય પ્રતિજ્ઞાવાળા (૯૭) **ત્રિગુણાતીતઃ** = ત્રણે ગુણોથી પર (૯૮) **નયવિશારદઃ** = નીતિ-સિદ્ધાન્તોના જાણકાર (શ્રીમહાપ્રભુજી છે.)

(૯૩) 'યજ્ઞભોક્તા' = યજ્ઞભોક્ત્રે નમઃ = યજ્ઞના ભોક્તા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણને પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજી યજ્ઞના ભોક્તા કેવી રીતે છે? કારણ કે યજ્ઞનો ભોગ તો શ્રીનાથજીબાવા આરોગે છે. એનો જવાબ એ છે કે ભોગ મુખારવિંદ દ્વારા આરોગી શકાય. શ્રીનાથજીબાવાનું મુખારવિંદ શ્રીમહાપ્રભુજી છે. એટલે શ્રીનાથજીબાવા જ્યારે ભોગ અંગીકાર કરે છે ત્યારે શ્રીમહાપ્રભુજી પણ મુખારવિંદ સ્વરૂપે એ ભોગ આરોગે છે, તેથી શ્રીમહાપ્રભુજીની બેઠકોમાં આપણે અન્નકૂટ કરીએ છીએ. જો કેવળ આચાર્ય સ્વરૂપે જ શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હોત તો આપની બેઠકમાં આવા સેવાપ્રકારની જરૂર ન હોત. શ્રીવલ્લભનું એ પુરુષોત્તમરૂપ છે. માટે આપ યજ્ઞના ભોક્તા છે. આપણે શ્રીઠાકોરજીને કંઈ પણ સામગ્રી ધરીએ ત્યારે શ્રીઠાકોરજીની સાથે શ્રીમહાપ્રભુજી પણ આરોગે છે.

બીજો ભાવ એવો છે કે વૈષ્ણવોના અંતઃકરણમાં પણ શ્રીમહાપ્રભુજી બિરાજે છે, એટલે જ્યારે આપણે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવીએ છીએ ત્યારે તેનાથી શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થાય છે. માટે યજ્ઞભોક્ત્રે નમઃ

(૯૪) 'યજ્ઞકર્તા' = યજ્ઞકર્ત્રે નમઃ = યજ્ઞના કર્તા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

માયાવાદીઓ એમ કહે છે કે કર્તૃત્વ અને ભોક્તૃત્વ માયાવાદ છે. કારણ પુરુષ ચૈતન્ય જીવાત્મા કોઈનો ભોક્તા નથી કે કોઈનો કર્તા પણ નથી. શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ દ્વારા સમજાવ્યું કે પ્રભુ દરેકના ભોક્તા પણ છે અને કર્તા પણ છે. શ્રીમહાપ્રભુજીએ ગીતાજીમાંથી તેનું પ્રમાણ આપ્યું. ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરીઃ યજ્ઞમાં તમે જે કંઈ આપો છો એ બધું ભોગવનારો હું જ છું. જગત્‌નો કર્તા પણ હું છું. આથી શ્રીમહાપ્રભુજીએ ભોક્તૃત્વ અને કર્તૃત્વ એમ બંનેનો સ્વીકાર કર્યો છે.

જેમ ગોવર્ધન યજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણે સ્વયમ્ કર્યો અને સહસ્રભુજા ધારણ કરી તેનો અંગીકાર પણ કર્યો તેમ શ્રીમહાપ્રભુજી પણ શ્રીઠાકોરજીને ભોગ આરોગાવે છે ત્યારે આપનું યજ્ઞકર્તા-સ્વરૂપ પ્રગટ થાય છે અને શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપે આપ સ્વયમ્ આરોગે છે, ત્યારે આપનું યજ્ઞભોક્તા-સ્વરૂપ પ્રગટ થાય છે.

ગોવર્ધન યજ્ઞ વખતે નંદનંદન શ્રીબાલકૃષ્ણલાલે ભોગ ધર્યો. આપ નિકુંજનાયક શ્રીગોવર્ધનજી સ્વરૂપે તે આરોગ્યા. એક ભગવદીયે આ લીલાને સુંદર રીતે વર્ણવી છે. શ્રીસ્વામિનીજીને આ લીલાનાં દર્શન કરતાં બહુ હસવું આવતું હતું. વડીલોની હાજરીમાં પોતાનું મુખ સાડીના પાલવથી ઢાંકીને આપ હસતાં હતાં. ત્યારે લલિતાજીએ પૂછ્યુંઃ 'કિશોરીજી આપ આટલું બધું કેમ હસી રહ્યાં છો?' શ્રીસ્વામિનીજી લલિતાજીને બાજુમાં લઈ જઈને કહે છેઃ 'લલિતા! તારી સમજમાં કંઈ આવ્યું નથી. આટલો બધો ભોગ શ્રીગિરિરાજબાવાને ધરવામાં આવ્યો એ બધી સામગ્રી સહસ્રભુજા ધારણ કરીને આપણો કનૈયો આરોગી રહ્યો છે! એ જોઈને મને આશ્ચર્ય થાય છે.'

શ્રીમહાપ્રભુજી પોતે આચાર્યસ્વરૂપે અંગીકાર કરાવે છે અને ભગવત્‌સ્વરૂપે અંગીકાર કરે છે. પોતે સેવા કરે છે અને પોતે સેવા લે છે.

સવાલ એ થાય છે કે પહેલો કર્તા હોય કે પહેલો ભોક્તા હોય? સામાન્ય રીતે કર્તા પહેલો હોય અને ભોક્તા પછી હોય. પરંતુ અહીં ભોક્તા સ્વરૂપ પહેલાં બતાવ્યું અને પછી કર્તા સ્વરૂપ બતાવ્યું. ટીકાકારોએ તેનું કારણ સમજાવ્યું કે શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ સ્વરૂપે છે તેથી આપ નિત્યલીલામાં સદૈવ ભોક્તા

સ્વરૂપે બિરાજમાન છે. આપનું યજ્ઞભોક્તા સ્વરૂપ નિત્ય છે. આપે પૃથ્વી ઉપર શ્રીવલ્લભાવતાર ધારણ કર્યો ત્યારે આપનું યજ્ઞકર્તાસ્વરૂપ પ્રગટ થયું છે. આથી શ્રીગુસાંઇજી મહારાજે નિત્યલીલાના અનુસંધાનથી પહેલાં શ્રીમહાપ્રભુજીને યજ્ઞભોક્તા કહ્યા અને પછી યજ્ઞકર્તા કહ્યા. આવા યજ્ઞકર્તા શ્રીમહાપ્રભુજીને આપણે વંદન કરીએ. યજ્ઞકર્ત્રે નમઃ

(૯૫) 'ચતુર્વર્ગવિશારદઃ' = ચતુર્વર્ગવિશારદાય નમઃ = ચારે પુરુષાર્થના સ્વરૂપના જ્ઞાતા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

ચતુર્વર્ગ એટલે ચાર વર્ગ. વર્ગનો એક અર્થ છે પુરુષાર્થ. બીજો અર્થ છે વિભાગ. ત્રીજો અર્થ છે તફાવત. આ ચારે પુરુષાર્થ, વિભાગ અથવા તફાવતના સ્વરૂપના વિશેષ જ્ઞાનવાળા શ્રીમહાપ્રભુજી છે. માટે આપને ચતુવર્ગ વિશારદ કહ્યા. વિશારદ એટલે વિશેષ જ્ઞાનવાળા.

વેદમાર્ગમાં ચાર પુરુષાર્થોનું નિરૂપણ છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. વેદમાર્ગમાં જે અર્થમાં સમજાવ્યા છે, તેના કરતાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં તે વિશિષ્ટ અર્થમાં બતાવેલા છે અન્ય માર્ગમાં મોક્ષનું સ્વરૂપ કેવું છે તે શ્રીમહાપ્રભુજીએ બાલબોધ ગ્રંથમાં બતાવ્યું છે. પુષ્ટિમાર્ગમાં આ ચાર પુરુષાર્થોનું સ્વરૂપ કેવું છે તે આપે ચતુઃશ્લોકી અને વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં બતાવ્યું છે.

વિદ્વાનો ઘણી જાતના ધર્મો બતાવે છે. કોઇ કહે છે તપ એ ધર્મ છે. કોઇ યજ્ઞને ધર્મ કહે છે. કોઇ સત્યને ધર્મ કહે છે. કોઇ દાનદક્ષિણાને ધર્મ કહે છે. વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ મહારાજ! આટલા બધા ધર્મો અમે ક્યાંથી પાળી શકીએ? અમારે માટે સરળતાથી પાળી શકાય એવો કોઇ ધર્મ બતાવોને! ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ પુષ્ટિમાર્ગમાં દાસભાવથી પ્રભુની સેવા કરવી એ ધર્મ છે. દરેક વ્યક્તિ પોતપોતાનું કર્તવ્ય બજાવે તે તેનો ધર્મ છે. જેમ કે મા-બાપની સેવા કરવી એ બાળકનો ધર્મ છે. પ્રજાની રક્ષા કરવી એ રાજાનો ધર્મ છે. એક માણસ એના જીવનમાં જુદા જુદા પ્રકારની ઘણી જવાબદારીઓ વહન કરતો હોય છે, તે કોઇનો પતિ છે, કોઇનો પુત્ર છે, કોઇનો ભાઇ છે. તે સમાજની એક જવાબદાર વ્યક્તિ છે અને રાષ્ટ્રનો એક નાગરિક પણ છે. આ બધા સંબંધો એના શરીર સાથે જોડાયેલા છે એટલે આ સંબંધોના આધારે તેનાં જે જે કર્તવ્યો છે, તે બધા તેના દેહના ધર્મો છે. આ બધા લૌકિક ધર્મો છે.

દરેક મનુષ્યમાં એક જીવાત્મા પણ રહેલો છે. એ જીવાત્માને પણ તેનું કંઈક કર્તવ્ય છે, જે તેનો આત્મધર્મ કહેવાય છે. જેમ પિતા તરીકે પુત્રનું રક્ષણ કરવું તે મનુષ્યનો ધર્મ છે, તેમ જીવાત્મા પરમાત્માનો પુત્ર છે, પુત્ર તરીકેની પિતાની સેવા કરવી તે તેનો ધર્મ છે. બીજી રીતે વિચારીએ તો પરમાત્મા સ્વામી છે અને જીવાત્મા દાસ છે. તેથી સ્વામી એવા પરમાત્માની સેવા કરવી એ જીવાત્માનો આત્મધર્મ છે. માટે શ્રીઠાકોરજીની સેવા કરવી એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો આત્મધર્મ છે. આથી ચતુઃશ્લોકીમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે હે જીવ! સર્વદા સર્વાત્મભાવથી સર્વકાળે નંદનંદન એવા પરમાત્માની તું સેવા કર. એ સિવાય બીજો કોઈ તારો ધર્મ નથી.

આપણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ મહારાજ, અમારો અર્થ કયો? લૌકિકમાં જુદા જુદા અનેક અર્થો છે. કેટલાક લોકો માટે વ્યક્તિ અર્થરૂપ બને છે. તો કેટલાક લોકો માટે વસ્તુ અર્થરૂપ બને છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી ભગવદીયો માટે ભગવાન જ અર્થરૂપ છે. આથી વૃત્રાસુરે ભગવાનને કહ્યુંઃ હે નારાયણ! મને પૃથ્વી કે સ્વર્ગનું રાજ્ય જોઈતું નથી. મને મોક્ષ પણ જોઈતો નથી. આપને છોડીને મારે બીજું કશું જોઈતું નથી. આપ જ મારો અર્થ છો. આપ મને પ્રાપ્ત થાઓ. એક ભગવદીયે કહ્યું હે પ્રાણનાથ! પ્રત્યેક સવારે તમારા સ્વરૂપ સાથે હું તમને જ માંગું છું, તમે મારી પાસે આવો, મારે બીજું કંઈ જોઈતું નથી.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે તેમના પ્રસિદ્ધ ગીતાંજલી કાવ્ય સંગ્રહમાં ભગવાનની કૃપાને 'કઠોર કૃપા' કહી છે. બહુ વિચાર કરવા જેવો આ શબ્દ છે. આપણને આશ્ચર્ય થાય કે દયા કેવી રીતે કઠોર હોય? જીવ પ્રભુને વિનંતી કરે છે કે મને ઘર આપો, પૈસો આપો, પ્રતિષ્ઠા આપો, સુખની સામગ્રીઓ આપો. ત્યારે કદાચ ભગવાન તેને તે બધું આપી પણ દે. અજ્ઞાની જીવ તેનાથી રાજી પણ થાય. પરંતુ ભક્તજીવ આવી માગણી ક્યારેય કરતો નથી. છતાં પણ પરમાત્મા એ ભક્તજીવને સંસારના ભોગ ભોગવવાની સામગ્રીઓ આપી દે તો તે જીવાત્મા રડે છે અને પૂછે છે કે પ્રભુ આ તમારી દયા છે કે કઠોરતા છે? ઘણીવાર પૈસાદાર માણસોને ત્યાં કઠોર દયા જોવામાં આવે છે. તેમની પાસે ભરપૂર સંપત્તિ હોય, છતાં તેમની આંખોમાં આંસુ હોય છે. સૌ પોતપોતાના દુઃખને રડતાં હોય છે. રવીન્દ્રનાથ ટાગોર કહે છેઃ આવું થવું એ તમારી કઠોર દયાનું કારણ છે. માટે વૃત્રાસુર કહે છે મારે તમારી આવી કઠોર દયા જોઈતી નથી. મારે અર્થ પુરુષાર્થ તરીકે તમારી જ જરૂર છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે લૌકિક ઇચ્છા પૂરી કરવી એ લૌકિક પુરુષાર્થ છે. તેને આપણે કામ પુરુષાર્થ કહીએ છીએ. પરંતુ કેવળ પ્રભુને જ નીરખવાની ઝંખના એ અલૌકિક કામ પુરુષાર્થ છે. વૃત્રાસુર પણ એ જ વિનંતી કરે છે : હે કમળલોચન કૃષ્ણ, મારું મન તમને જોવા ઝંખે છે. જેનો પતિ પરદેશ ગયો છે એની પત્ની પોતાના પતિને જોવા ઝંખે છે, તેમ મને તમારી પ્રતીક્ષા છે.

ચોથો પુરુષાર્થ છે મોક્ષ. મર્યાદામાર્ગમાં અક્ષરબ્રહ્મમાં જીવાત્માનું લીન થઇ જવું મોક્ષ છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં ભગવાનના બની જવું એ મોક્ષ છે, માટે વૃત્રાસુર કહે છે પ્રભુ! મને ભગવદીયોનું સખ્ય આપો, જેઓ મને આપના બની રહેવાની વિદ્યા શીખવે. જ્યારે ભક્ત પરોક્ષમાં પ્રભુને કહેતો રહે કે હું તારો છું, ત્યારે ભગવત્સ્વરૂપ એની પાસે પધારી, આજ્ઞા કરે કે તું મારો છે. ત્યારે તે મોક્ષ છે. ભક્ત ભગવાનને કહે હું તારો છું ત્યારે તે તદીયતા છે. ભગવાન કહે તું મારો છે ત્યારે તદ્રૂપતા છે. આ જ પુષ્ટિમાર્ગનો મોક્ષ છે. તે મેળવવા માટે સેવા અને કથા જરૂરી છે. સેવા અને કથા પણ પુષ્ટિમાર્ગમાં સાધન નથી, ફળરૂપ છે. માટે મોક્ષરૂપ છે.

વર્ગ શબ્દનો અર્થ કહ્યો વર્ણ અને આશ્રમ. શ્રીમહાપ્રભુજી ચારે વર્ણના અને ચારે આશ્રમના ધર્મને જાણે છે. એટલું જ નહિ પણ આપે ચારેય આશ્રમ જીવનમાં અપનાવ્યા હતા. આપે ૩૧ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમનું પાલન કર્યું અને પછી ગૃહસ્થાશ્રમ તથા વાનપ્રસ્થાશ્રમનો અનુભવ કર્યો. ૫૨ વર્ષની વયે આપે ભક્તિમાર્ગીય સંન્યાસ અંગીકાર કર્યો હતો.

ટીકાકારોએ આ નામનો એક અલૌકિક અર્થ પણ કર્યો છે. નિત્યલીલામાં વ્રજભક્તોનાં ચાર યૂથ છે. એક યૂથ શ્રીસ્વામિનીજીનું, બીજું યૂથ શ્રીચંદ્રાવલીજીનું, ત્રીજું યૂથ શ્રીરાધાસહચરીજીનું અને ચોથું યૂથ શ્રીયમુનાજીનું. આ ચારેય યૂથના ભક્તો શ્રીઠાકોરજીની સુંદર રીતે સેવા કરે છે. આ સર્વ વ્રજભક્તોના ભાવ, લીલા અને સેવાને શ્રીમહાપ્રભુજી જાણે છે, માટે આપને ચતુર્વર્ગવિશારદ કહ્યા. ચતુર્વર્ગવિશારદાય નમઃ.

(૯૬) 'સત્યપ્રતિજ્ઞઃ' = સત્યપ્રતિજ્ઞાય નમઃ = સત્ય પ્રતિજ્ઞા ધારણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી જે પ્રતિજ્ઞા ધારણ કરે છે તેને પરિપૂર્ણ કરે છે. આપે પ્રતિજ્ઞા કરી હતી કે દૈવી જીવોનો ઉદ્ધાર કરવો. માટે આપ ૫૨ વર્ષ ભૂતળમાં બિરાજ્યા.

ગામેગામ પધારી બધા દૈવી જીવોને શરણે લીધા. તેમને બ્રહ્મસંબંધ દ્વારા શ્રીનાથજીબાવાની અને તેમની સેવાનું દાન કર્યું. આપે અનેક ગ્રંથો પ્રગટ કરી પુષ્ટિજીવોને તેમના ઉદ્ધારની વાત સમજાવી. આપે શ્રીભાગવતનું મંથન કરી અલૌકિક રસ ચખાડ્યો. આમ આપે લીધેલી પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરી. પ્રતિજ્ઞા આપે શ્રીયુગલ સ્વરૂપની સન્મુખ લીધી હતી. જેમ કોઇ ભક્ત બગીચામાંથી સુંદર ફૂલ ચૂંટી લાવી, પ્રભુનાં ચરણોમાં સમર્પણ કરે, તેમ આપે જગતરૂપી ઉપવનમાં પ્રગટેલા નિત્યલીલાના દેવી જીવોરૂપી સુંદર પુષ્પો શોધી-શોધીને શ્રીનાથજીબાવાના ચરણોમાં સમર્પિત કર્યાં. પ્રભુથી વિખૂટા પડેલા જીવોનો સંબંધ પ્રભુ સાથે કરાવી આપ્યો.

આપે કાશીના વિદ્વાનોને વચન આપ્યું હતું કે તમે સૌ સંન્યાસ ધારણ કરો. હું પણ સંન્યાસ ધારણ કરીશ. આપે તે પ્રતિજ્ઞાનું પણ પાલન કર્યું. માટે સત્યપ્રતિજ્ઞાય નમઃ ।

(૯૭) 'ત્રિગુણાતીતઃ' = ત્રિગુણાતીતાય નમઃ = ત્રણે ગુણોથી રહિત શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

પ્રકૃતિના ત્રણ ગુણો છે. સત્ત્વ, રજ અને તમ. તે આપણને સાત્વિક, રાજસ અને તામસ બનાવે છે. તેને કારણે ચિત્ત પણ તે તે ગુણવાળું બને છે. કેટલીકવાર એક જ માણસમાં પ્રકૃતિના જુદા જુદા ગુણો પણ જોવા મળે છે. તેને લઇને આપણને તે માણસ સમજાતો નથી. કોઇક વખત તે જ્ઞાનની ડાહી ડાહી વાતો કરનારો લાગે છે, તો કોઇક વખત તે ભોગવિલાસી લાગે છે, તો કોઇક વખત તે ઝઘડાખોર દેખાય છે. શ્રીમહાપ્રભુજી પ્રકૃતિના આ ત્રણે ગુણોથી પર છે માટે આપ ત્રિગુણાતીત છે. તેથી આપે કરેલી પ્રતિજ્ઞામાં વિશ્વાસ મૂકી શકાય છે. ત્રિગુણાતીતાય નમઃ ।

(૯૮) 'નયવિશારદઃ' = નયવિશારદાય નમઃ = વ્યવહાર નીતિના વિશારદ એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી ભક્તિનો કેવળ ઉપદેશ જ આપતા નથી, એનો આચાર જાતે આચરીને ભક્તોને શીખવે છે. વિચાર જ્યાં સુધી આચારમાં ન ઊતરે ત્યાં સુધી વિચાર પાંગળો છે. જ્ઞાનનું ક્રિયામાં વહન થવું જોઇએ. વિચારને આચારનો આધાર હોવો જોઇએ. શ્રીમહાપ્રભુજી આવી વ્યવહારનીતિમાં વિશારદ છે. આપ શાસ્ત્રોનું જે પ્રતિપાદન કર્યું તેને વ્યવહારમાં મૂકવામાં આપ બહુ જ કુશળ છે. આપણે એક દિવસ કોઇ નિયમ પાળીએ તો બીજા દિવસે તે નિયમ શિથિલ બની જાય છે. પરંતુ

શ્રીમહાપ્રભુજીએ જે પ્રતિજ્ઞાઓ લીધી એ હંમેશ માટે પાળી છે. આપની એક પ્રતિજ્ઞા હતી અપરિગ્રહની. અપરિગ્રહ એટલે કોઈની પાસે માંગવું નહિ. જે સમયે જે કંઈ અનાયાસ મળી આવે તે, તે જ દિવસે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી દેવું. બીજા દિવસ માટે તેનો સંગ્રહ કરવો નહિ. એક દિવસ એવો આવ્યો કે ભંડારમાં શ્રીઠાકોરજીને ભોગ ધરવા સામગ્રી રહી નહિ, ત્યારે આપે શ્રીઠાકોરજીની સોનાની કટોરી ગીરવે મૂકી તેની સામગ્રી મંગાવી, ભોગ ધર્યો. પરંતુ આપ નીતિવિશારદ હોવાથી વિચાર કર્યો કે શ્રીઠાકોરજીની સત્તાનું દ્રવ્ય આપણાથી લેવાય નહિ. તે દિવસે તમામ મહાપ્રસાદ ગોગ્રાસમાં પધરાવી દીધો. આપે અને આપના પરિવારે તથા આપના પરિચારકોએ તેમાંથી કંઈપણ લીધું નહિ.

શ્રીમહાપ્રભુજીના સેવકો પણ આવા જ ટેકીલા હતા. આપે શ્રીપદ્મનાભદાસજીને સિદ્ધાંત શીખવ્યો કે ભાગવતજીનો ઉપયોગ પેટ ભરવા માટે કરવો નહિ. પદ્મનાભદાસજીએ પ્રતિજ્ઞા કરી. તેમનું બધું દ્રવ્ય વપરાઈ ગયું. એક દિવસ એવો આવ્યો કે તેમના ઠાકોરજીને ભોગ ધરવા ઘરમાં કશું હતું નહિ. ત્યારે પદ્મનાભદાસજીએ ભીંજવેલા ચણા જુદી જુદી સામગ્રીની ભાવના કરીને શ્રીઠાકોરજીને ધર્યા, જે શ્રીઠાકોરજીએ બહુ પ્રસન્નતાથી અંગીકાર કર્યા. આમ, શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને જીવનના વ્યવહારની નીતિ શીખવી છે. માટે નયવિશારદાય નમઃ ।

શ્લોક-૩૧ :

સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥૩૧॥

શબ્દાર્થ :

(૯૯) **સ્વકીર્તિવર્ધનઃ** = પોતાની કીર્તિને વધારનારા (૧૦૦) **તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ** = બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખનારા (૧૦૧) **માયાવાદાખ્યતૂલાગ્નિઃ** = માયાવાદરૂપી રૂના ઢગલામાં અગ્નિ સમાન (૧૦૨) **બ્રહ્મવાદનિરૂપકઃ** = બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા (શ્રીમહાપ્રભુજી છે.)

(૯૯) સ્વકીર્તિવર્ધનઃ સ્વકીર્તિવર્ધનાય નમઃ - પોતાની કીર્તિમાં વધારો કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજી પોતાના વિચારો અને આચારો દ્વારા પોતાની કીર્તિને સતત વધારનારા છે. આપે વેદ આદિ શાસ્ત્રોનું મંથન કરીને અલગ પુષ્ટિમાર્ગ પ્રગટ

કર્યો. તેનાથી આપની કીર્તિમાં પહેલો વધારો થયો છે. આપે દૈવી જીવોને બ્રહ્મસંબંધ મંત્ર આપીને તેમનો ઉદ્ધાર કર્યો, તેનાથી આપની કીર્તિમાં બીજો વધારો થયો છે. આપે અદેયદાન એવા શ્રીઠાકોરજીને પોતાના ભક્તોને સોંપ્યા, તેથી આપની કીર્તિમાં ઓર વધારો થયો છે. ભગવાનને આપણે પ્રભુ કહીએ છીએ. પરંતુ શ્રીવલ્લભને આપણે મહાપ્રભુ કહીએ છીએ. જગતમાં કીર્તિ વધે અને જગતના લોકો એમની આમન્યા સ્વીકારે તે સામાન્ય છે. પરંતુ જગદીશ્વર જેની આમન્યા સ્વીકારે એ અસામાન્ય છે. શ્રીઠાકોરજીને શ્રીમહાપ્રભુજીએ પોતાના વશમાં કર્યા એ આપની કીર્તિનું ચરમશિખર છે. માટે સ્વકીર્તિવર્ધનાય નમઃ ।

(૧૦૦) 'તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ' = તત્વસૂત્રભાષ્યપ્રદર્શકાય નમઃ = તત્ત્વસૂત્રો ઉપરના ભાષ્યને પ્રગટ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

વેદ ઉપનિષદ વગેરે બધું સાહિત્ય સૂત્રાત્મક શૈલીમાં લખાયેલું છે. વેદનાં અંગભૂત બધાં દર્શનોનું સાહિત્ય પણ સૂત્રાત્મક છે. પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસાનાં સૂત્રો છે. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા વગેરે દર્શનો પણ સૂત્રાત્મક ભાષામાં લખાયેલાં છે. જેમ એક ઘડામાં સાગર ભરી લેવામાં આવે તેમ આ બધા ગ્રંથોમાં સૂત્રાત્મક ભાષામાં જ્ઞાનનો મહાસાગર છલકે છે. તેમાં થોડામાં ઘણું કહી દેવામાં આવ્યું છે. આ બધાં તત્વજ્ઞાનનાં સૂત્રોમાં જ્ઞાનનો જે મહાસાગર છે એને વેદવ્યાસજીએ પોતાના બ્રહ્મસૂત્રોમાં સમાવી લીધો છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વેદનું ભાષ્ય ગીતા છે, ગીતાનું ભાષ્ય વ્યાસસૂત્રો છે અને વ્યાસસૂત્રોનું ભાષ્ય ભાગવત છે. વેદમાં સંહિતા વિભાગ, બ્રાહ્મણ વિભાગ, આરણ્યક વિભાગ અને ઉપનિષદ વિભાગનો સમાવેશ થાય છે. ચાર વેદોની મૂળ સંહિતાઓ છે. એના ભાષ્યરૂપે બ્રાહ્મણ ગ્રંથો છે. આરણ્યક ગ્રંથો છે અને ઉપનિષદ ગ્રંથો છે. આપે વિચાર કર્યો કે વેદ ઉપર ભાષ્ય લખવાનું કામ એટલો સમય માંગી લે છે કે જે એક જીવનકાળમાં પૂરું ન થાય. માટે સમગ્ર વેદ જેમાં સમાવેશ પામ્યા છે, સર્વ ઉપનિષદોનું જ્ઞાન જેમાં ઠલવાયું છે, એવા વેદવ્યાસ રચિત બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્ય લખવું. બ્રહ્મસૂત્રના ચાર અધ્યાય છે. એક એક અધ્યાયના ચાર-ચાર પાદ છે. આપે આ બ્રહ્મસૂત્ર ઉપર જે ભાષ્ય લખ્યું છે તે અણુભાષ્ય તરીકે પ્રસિદ્ધ છે. જેમ વ્યાસજીની ભાષા સૂત્રાત્મક છે તેમ આપે લખેલા અણુભાષ્યની ભાષા પણ સૂત્રાત્મક છે. વિષ્ણુ સ્વામીના વખતમાં શુદ્ધાદ્વૈત

મત પ્રસિદ્ધ હતો. માટે શંકરાચાર્યે પોતાનું ભાષ્ય રચતાં પૂર્વ પક્ષ તરીકે શુદ્ધાદ્વૈતના વિચારોને સ્થાન આપેલું છે. આમ, શુદ્ધાદ્વૈત મત બહુ પ્રાચીન હતો જે જગતમાં પૂરતો પ્રકાશિત રહ્યો ન હતો. માટે એ મતનો સમુદ્ધાર કરવા જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રો ઉપર અણુભાષ્ય રચ્યું. તેના દ્વારા આપે માયાવાદનું ખંડન કર્યું અને બ્રહ્મવાદનો ઉદ્ધાર કર્યો. માટે તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકાય નમઃ ।

(૧૦૧) 'માયાવાદાખ્યતૂલાગ્નિઃ' = માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ = માયાવાદરૂપી રૂને બાળવામાં જે અગ્નિ સ્વરૂપ છે એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

માયાવાદને અહીં રૂની ઉપમા આપી છે. રૂનો દેખાવ એવો લાગે છે કે બહુ મોટો ઢગલો છે, પરંતુ તેને બાળવા માટે ઝાઝો પ્રયત્ન કરવો પડતો નથી. એક નાની ચિનગારી પૂરતી છે. રૂ વજનમાં ઓછું હોય પણ પવનના સપાટે ચારે બાજુ ફેલાઇ જાય તેમ માયાવાદ ચારેબાજુ પ્રસરી ગયો હતો. શ્રીમહાપ્રભુજીની અલૌકિક વાણીનો ઉગ્રપ્રતાપ એ માયાવાદને બાળીને ભસ્મ કરે છે. માયાવાદીઓના મનમાં માયાનું ભૂત એટલું બધું છે કે તેમને બધે જ માયા દેખાય છે. માયાવાદીઓ બ્રહ્મને માયાના ચશ્માથી જુએ છે. એમને લાગે છે કે બ્રહ્મ માયાનાં વસ્ત્રો પહેરીને આવ્યો છે માટે હાથ-પગવાળો સાકાર અને સગુણ દેખાય છે. ખરેખર તે બ્રહ્મ નથી. પણ માયામાં પડેલું બ્રહ્મનું પ્રતિબિંબ છે. શ્રીગુસાંઇજીએ પણ વિદ્વન્મંડન ગ્રંથમાં આ માયાવાદને બરાબર જવાબ આપ્યો છે. ત્યાં આપના જયેષ્ઠ કુમાર શ્રીગિરિધરજીએ માયાવાદીની જેમ પૂર્વ પક્ષ કર્યો છે. શ્રીગુસાંઇજીએ ઉત્તર પક્ષ કરી, બ્રહ્મવાદ સમજાવ્યો છે. શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે તમે કહો છો કે બ્રહ્મ સાકાર નથી, એટલે તેને રૂપ નથી. બીજી બાજુ કહો છો કે માયામાં પડેલું બ્રહ્મનું આ પ્રતિબિંબ છે તો જેનું રૂપ નથી તેનું પ્રતિબિંબ પડે ખરું? પ્રતિબિંબ હંમેશાં સ્વચ્છ વસ્તુમાં પડે. અસ્વચ્છમાં ન પડે. તમે માયાને સ્વચ્છ પણ નથી કહેતા અને અસ્વચ્છ પણ નથી કહેતા તો માયામાં તેનું પ્રતિબિંબ કેવી રીતે પડે?

આમ, શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઇજીએ માયાવાદ મિથ્યા છે એમ સમજાવ્યું, માયાવાદનું આપે ખંડન કર્યું. માટે માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ ।

(૧૦૨) 'બ્રહ્મવાદનિરૂપકઃ' = બ્રહ્મવાદનિરૂપકાય નમઃ = બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ ત્રણ પૃથ્વીપરિક્રમા દરમ્યાન દરેક સ્થળે શાસ્ત્રાર્થમાં માયાવાદનું ખંડન કર્યું અને બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું છે. વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાના દરબારમાં અને ઓડછામાં રામભદ્ર રાજાના દરબારમાં માયાવાદીઓને આપે ચૂપ કરી દીધા તેથી તે બંને સ્થળે આપનો કનકાભિષેક થયો હતો. માયાવાદના પ્રવર્તક શિવજીએ પણ પ્રમાણિત કર્યું કે શ્રીવલ્લભાચાર્યજીનો માર્ગ એ જ સત્ય છે.

બ્રહ્મવાદ વિષે અગાઉ થોડો વિચાર કર્યો છે. જેમ માયાવાદીઓને સર્વત્ર માયા દેખાય છે તેમ શ્રીમહાપ્રભુજીને સર્વત્ર બ્રહ્મનાં દર્શન થાય છે. બ્રહ્મવાદમાં આપે શુદ્ધાદ્વૈતવાદનું નિરૂપણ કર્યું છે, જેમાં બ્રહ્મ અને જીવ બંને શુદ્ધ હોય અને એ બંનેને અદ્વૈત કરનાર પણ શુદ્ધ હોય તેનું નામ શુદ્ધાદ્વૈત. જીવ દોષથી ભરેલો છે, પરંતુ બ્રહ્મસંબંધ લઇ, પ્રભુને શરણે જતાં ભગવત્‌કૃપાથી તેના સર્વ દોષો દૂર થઇ જાય છે. ત્યારે જીવ અને બ્રહ્મનું અદ્વૈત થાય છે.

ઉપનિષદમાં એક કથા આવે છે. પોતાનો પુત્ર શ્વેતકેતુ વિદ્યાભ્યાસ કરીને આવ્યો ત્યારે પિતાએ તેને પૂછયું, તું શું ભણીને આવ્યો છે? શ્વેતકેતુએ કહ્યું કે એક જાણવાથી સર્વ જાણી શકાય એવું જ્ઞાન મેળવીને હું આવ્યો છું. આમ શ્વેતકેતુના પ્રસંગમાં શુદ્ધાદ્વૈત વિચાર પ્રગટ થયો છે. શ્રીમહાપ્રભુજીએ પોતાના અણુભાષ્યમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું છે. માટે બ્રહ્મવાદનિરૂપકાય નમઃ।

શ્લોક-૩૨ :

અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥

શબ્દાર્થ :

(૧૦૩) અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ = બધાં અલૌકિક આભૂષણોથી શોભતા **(૧૦૪) સહજસ્મિતઃ** = સ્વાભાવિક હાસ્યવાળા **(૧૦૫) ત્રિલોકીભૂષણ** = ત્રિલોકીના ભૂષણરૂપ **(૧૦૬) ભૂમિભાગ્ય** = પૃથ્વીના ભાગ્યરૂપઃ **(૧૦૭) સહજસુંદરઃ** = કુદરતી રીતે જ સુંદર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

(૧૦૩) 'અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ' = અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ = સર્વ અલૌકિક આભૂષણોથી શોભતા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

અપ્રાકૃત એટલે અલૌકિક. અખિલ એટલે સર્વ. આકલ્પ એટલે આભૂષણો. ભૂષિત એટલે શોભતા. શ્રીમહાપ્રભુજી પ્રાકૃત આભૂષણો ધારણ કરતા નથી.

સોના, હીરા, મોતીનાં આભૂષણો પ્રાકૃત આભૂષણો છે. શ્રીમહાપ્રભુજી અપ્રાકૃત આભૂષણો ધારણ કરનારા છે. આપના રોમરોમમાં શ્રીગોવર્ધનનાથજી બિરાજે છે. સકલ વૃંદાવનની અલૌકિક સંપત્તિ આપનાં આભૂષણો છે. જે શ્રીમહાપ્રભુજીએ ધારણ કર્યા માટે અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ ।

(૧૦૪) 'સહજસ્મિતઃ' = સહજસ્મિતાય નમઃ = સહજસ્મિતવાળા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણને પ્રશ્ન થશે કે સ્મિતની પહેલાં 'સહજ' શબ્દ મૂકવાની શી જરૂર? આપણે હસીએ છીએ તે શું સહજ હાસ્ય નથી? અને શ્રીમહાપ્રભુજીનું હાસ્ય છે તે સહજ હાસ્ય છે? તેનો જવાબ છે કે જેનું અંતરંગ સ્વરૂપ ભાવરસથી ભરેલું હોય, તેના મુખ પર સહજ હાસ્ય હોય. જેના અંતરમાં દાવાનળ સળગતો હોય, છતાં તે હાસ્ય કરે, ત્યારે નાટકના નટ જેવો લાગે. બીજું કારણ એ છે કે પ્રસન્નતા માટેનું હાસ્ય સહજ હોય છે. જેમાં દાંત દેખાય નહિ. બે હોઠ થોડાં મલકતા હોય. તેને સ્મિત કહેવાય. દંતપંક્તિઓ દેખાય તેને હાસ્ય કહેવાય. હાસ્ય સાથે અવાજ ઉમેરાય ત્યારે અટ્ટહાસ્ય કહેવાય. શ્રીમહાપ્રભુજી ભગવલ્લીલાના આનંદથી સતત સ્મિત કર્યા કરે છે. ભગવલ્લીલા સાથેનું આપનું અનુસંધાન બાહ્ય નથી, પરંતુ અંતરંગ છે. એ અલૌકિક રસનો સ્વાદ સહજ સ્મિતરૂપે આપના મુખારવિંદ પર પ્રગટ થાય છે. એનાં દર્શન કરતાં જ ભક્તોના રોમરોમમાં અનંત અનંત આનંદનો અનુભવ થાય છે. માટે સહજસ્મિતાય નમઃ ।

(૧૦૫) 'ત્રિલોકીભૂષણઃ' = ત્રિલોકીભૂષણાય નમઃ = ત્રિલોકના ભૂષણરૂપ શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

આપણને પ્રશ્ન થશે કે શ્રીમહાપ્રભુજીને ચૌદ લોકના ભૂષણ કહેવાને બદલે ત્રિલોકના ભૂષણ કેમ કહ્યા? ત્રિલોક શબ્દનો એક અર્થ છે સત્યલોકથી લઈને પાતાળ લોક સુધીનો કોઈપણ લોક. ત્રિલોક શબ્દ ત્રણ પ્રકારના ભગવદીયો માટે પણ વપરાય છે. સાત્ત્વિક, રાજસ અને તામસ ભગવદીયો. શ્રીમહાપ્રભુજીના સેવકો ચાર પ્રકારના છે. સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ. તે પૈકીના નિર્ગુણ ભક્તો સતત આપની સાથે લાગેલા છે. એમના સિવાય બાકીના ત્રણે પ્રકારના ભગવદીયોનાં આભૂષણો તે વલ્લભ છે. શ્રીમહાપ્રભુજીએ આ ત્રણેય પ્રકારના ભગવદીયોનો ભગવલ્લીલામાં અંગીકાર કરાવ્યો છે, માટે ત્રિલોકીભૂષણાય નમઃ ।

ત્રિલોક શબ્દથી કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ પણ સમજાય છે. આપે આ ત્રણેય માર્ગનું પ્રવર્તન કર્યું છે. માટે ત્રિલોકીભૂષણાય નમઃ ।

શ્રીમહાપ્રભુજી ભગવદીયોને ત્રણ સ્વરૂપે અનુભવ કરાવનારા છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. જે કેવળ પ્રવાહી જીવો છે. તેમને પોતાનું આધિભૌતિક સ્વરૂપ બતાવે છે. જે મર્યાદાયુક્ત પુષ્ટિભક્તો છે. તેમને પોતાના આધ્યાત્મિક સ્વરૂપનો અનુભવ કરાવે છે. અને જે શુદ્ધ પુષ્ટિજીવો છે તેમને શ્રીમહાપ્રભુજી પોતાના આધિદૈવિક સ્વરૂપનું દર્શન આપે છે. પ્રવાહી જીવોને શ્રીમહાપ્રભુજી વિદ્વાન અને આચાર્ય સ્વરૂપે જણાય છે. મર્યાદા પુષ્ટિજીવોને શ્રીમહાપ્રભુજી અવતાર સ્વરૂપે જણાય છે. શુદ્ધ પુષ્ટિજીવોને શ્રીમહાપ્રભુજી નિકુંજલીલાનાયક પરમાનંદ સ્વરૂપે જણાય છે. શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીના આધિદૈવિક સ્વરૂપનો જ પરિચય કરાવ્યો છે. માટે ત્રિલોકીભૂષણાય નમઃ ।

(૧૦૬) 'ભૂમિભાગ્યઃ' = ભૂમિભાગ્યાય નમઃ = ભૂમિના ભાગ્યને ખોલનાર શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીમહાપ્રભુજીના ભૂતળમાં પધારવાથી પૃથ્વી દેવીનો ભાર ઉતરી ગયો અને તેમનું ભાગ્ય ખૂલી ગયું. તે દિવસે પૃથ્વી રોમાંચિત બની. જ્યારે બ્રહ્માંડનો પ્રલય થયો ત્યારે ભગવાને વરાહરૂપ ધારણ કરી, પોતાની બંને દંતપંક્તિઓ દ્વારા પૃથ્વીને પ્રલયના નીરમાંથી ઉગારી લીધી હતી. વરાહ અવતારમાં ભૂમિને ભગવાનરૂપી વર મળ્યો. વર ગમે તેવો હોય પણ વરાહ જેવું મોઢું હોય, ભુજાઓ ન હોય, બે દાંત હોય તો વિલક્ષણ લાગે. તે દિવસે ભૂમિદેવીને રોમાંચ થયો હતો. આનંદ થયો હતો. તેમને લાગેલું કે આજે હું સૌભાગ્યવતી બની છું. પછી તો તે ભૂમિ ઉપર શ્રીરામ પધાર્યા. શ્રીકૃષ્ણ પધાર્યા. શ્રીરામ અને શ્યામ ખુલ્લા ચરણારવિંદથી પૃથ્વી ઉપર ઘણું ફર્યાં. પોતાના ચરણોથી પૃથ્વીને અંલકૃત કરી. પછી શ્રીવલ્લભ પધાર્યા. આપે ખુલ્લા ચરણથી ભ્રમણ કરવાની પ્રતિજ્ઞા લીધી. આપના ચરણકમલનો આસ્વાદ ભૂમિ દેવીને ડગલે ને પગલે મળ્યો. તેમના વક્ષઃસ્થલ ઉપર શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ અંકિત થયાં. આપે ભૂમિદેવીને પરમ સૌભાગ્ય આપ્યું. માટે ભૂમિભાગ્યાય નમઃ ।

(૧૦૭) 'સહજસુંદરઃ' = સહજસુંદરાય નમઃ = જેઓ સહજ સુંદર છે તેવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

જેમ શ્રીમહાપ્રભુજીનું સ્મિત સહજ છે તેમ આપનું સૌંદર્ય પણ સહજ છે. જેનું સૌંદર્ય સહજ હોય, એને આભૂષણો પહેરવાં ન પડે કે મેકઅપ કરવો ન પડે. ચંદ્રમાનું સૌંદર્ય સહજ હોવાથી, તેને કોઇ રીતે શણગારવાની જરૂર નથી. ગમે તેટલી અંધારી રાત હોય, તો પણ ચંદ્રમાનું રૂપ સુંદર જ લાગે છે. તે બીજનો હોય, કે પૂનમનો હોય તેટલો જ સુંદર અને મીઠો લાગે છે. બહારનું સૌંદર્ય ભીતરના સૌંદર્યથી અલગ છે. બહાર ચામડાનું સૌંદર્ય છે, ભીતર ભાવનું સૌંદર્ય છે. માણસમાં બહારનું સૌંદર્ય હોય છે, ભીતરનું સૌંદર્ય ઓછું હોય છે. શ્રીવલ્લભ તો બહારથી અને ભીતરથી સૌંદર્યનું સ્વરૂપ છે. શ્રીવલ્લભ શ્રીઠાકોરજીનું સૌંદર્ય છે અને શ્રીસ્વામિનીજીનું સૌંદર્ય પણ છે. સૌંદર્યનો સંબંધ માધુર્ય સાથે અને આનંદ સાથે છે. માટે શ્રીવલ્લભ સહજસુંદર છે. સહજસુંદરાય નમઃ ।

શ્લોક-૩૩ :

અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોકતંનામ્નામષ્ટોત્તરશતમ્ ॥૩૩॥

શબ્દાર્થ :

(૧૦૮) **અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ** = જેમનાં ચરણ-કમળોની રજરૂપી ધન માટે સર્વ ભક્તો પ્રાર્થના કરે છે (એવા શ્રીમહાપ્રભુજી છે.) ઈતિ = આ પ્રમાણે, **આનંદનિધેઃ** = આનંદનિધિ (એવા શ્રીમહાપ્રભુજી) નાં **પ્રોક્ત** = કહેવામાં આવ્યાં, **નામ્નામ્** = નામો, **અષ્ટોત્તરશતમ્** = એકસો આઠ.

(૧૦૮) 'અશેષભકતસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ' = અશેષભક્ત સંપ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ = બધા જ ભક્તો જેમના ચરણકમળની રજરૂપી ધન માટે સારી રીતે વિનંતી કરે છે, એવા શ્રીમહાપ્રભુજીને હું નમન કરું છું.

શ્રીવલ્લભના બધા જ સેવકો નિષ્કામભાવવાળા છે. તેઓ પોતાના લૌકિક દુઃખોને દૂર કરવા અને લૌકિક સુખોને પામવા ક્યારેય શ્રીવલ્લભને પ્રાર્થના કરતા નથી. તેઓ શ્રીવલ્લભને વિનંતી કરે છે કે હે નાથ! અમારે કંઇ જોઈતું નથી. આપના ચરણકમળના પરાગરૂપી રજ એ અમારું મોટામાં મોટું ધન છે. તે મેળવીને અમે સૌભાગ્યશાળી બનીએ છીએ. હવે અમારે બીજી કોઇ અભિલાષા રહી નથી.

ઉદ્ધવજીએ ગોપિકાઓને પણ આ જ વાત કહી હતી. મને આ વ્રજરજની એક કણિકા મળી જાય તો ય હું તેને મારું સદ્‌ભાગ્ય સમજીશ. તેમ પુષ્ટિભક્તો પણ શ્રીમહાપ્રભુજીની ચરણરજના અભિલાષી છે. આપની પ્રગટલીલામાં આપના ભક્તોએ એ જ અભિલાષા રાખી હતી. આજે પણ ભગવદીયો એ જ અભિલાષા રાખે છે. લક્ષ્મી મનુષ્યને સાચો સંપત્તિવાન બનાવી શકતી નથી. સાચી અલૌકિક સંપત્તિ તો શ્રીવલ્લભની રજમાં છે. માટે શ્રીગુસાંઇજી મહારાજે આ એકસો આઠમા નામમાં આપણને સમજાવ્યું કે આવા શ્રીમહાપ્રભુજીના ચરણરજની જ સદા અભિલાષા રાખજો. એ ચરણરજ છોડીને બીજે ક્યાંય હરશો-ફરશો નહિ. શ્રીસૂરદાસજીએ પણ અંતિમ સમયે આ જ માંગ્યું હતું કે 'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો.' શ્રીહરિરાયજી મહાપ્રભુએ પણ શ્રીમહાપ્રભુજી પાસે વારંવાર એ જ માંગણી કરી કે હે કરુણાનિધાન! વૃંદાવનની રજ આપના ચરણકમળથી ઓતપ્રોત છે. આપનું ચરણારવિંદ શ્રીયમુનાજળથી ભિંજાયેલું છે. એ ભિંજાયેલા ચરણારવિંદમાં વૃંદાવનની રજ લાગેલી છે. એ ચરણારવિંદમાં અનેક અલૌકિક રસોના સાગર બિરાજમાન છે. એવા આપના અલૌકિક ચરણારવિંદ અમારા મસ્તક પર પધરાવી અમને સનાથ કરો.

આપણે પણ શ્રીમહાપ્રભુજીને એ જ પ્રાર્થના કરીએ કે આપની ચરણરજથી અમને સનાથ કરો. એકસો આઠ નામોનું ચિંતન કરતાં કરતાં આપણે શ્રીમહાપ્રભુજીના ચરણોમાં વંદન કરીએ. આ પ્રમાણે અહીં ૧૦૮ નામો પરિપૂર્ણ થયાં. અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ

તેત્રીસમા શ્લોકના બીજા ચરણમાં આપ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી આનંદના નિધિ-સાગર છે તેમનાં ઉપરોક્ત ૧૦૮ નામો મેં પ્રગટ કર્યા છે. એ ૧૦૮ નામોનું તમે સતત રટણ અને ચિંતન કરજો.

શ્લોક - ૩૪ :

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સતદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥

શબ્દાર્થ :

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ = શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધ બુદ્ધિવાળો જે, **પઠતિ** = પાઠ કરે છે **અનુદિનં** = દરરોજ, **જનઃ** = મનુષ્ય, **સઃ** = તે, **તદેકમનાઃ** = તેમનામાં એક મનવાળો થઈને, **સિદ્ધિમ્** = સિદ્ધિ, **ઉક્તામ્** = કહેલી, **પ્રાપ્નોતિ** = મેળવે છે, **અસંશયઃ** = સંશય નથી.

શ્લોકાર્થ :

શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધબુદ્ધિવાળો જે મનુષ્ય, શ્રીમહાપ્રભુજીમાં એક મનવાળો થઈને આ સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે, તે આગળ કહેલી સિદ્ધિ મેળવે છે તેમાં સંશય નથી.

વિવરણ :

આ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ તમારી બુદ્ધિને શ્રદ્ધા નામના પવિત્ર જળમાં ધોઈને કરજો. પોપટની જેમ યંત્રવત્ ન કરશો. આપણી બુદ્ધિ વિશુદ્ધ હોતી નથી. તેમાં લૌકિક વાસનાઓનો કચરો ભરેલો હોય છે. લૌકિક બુદ્ધિથી અલૌકિક સ્વરૂપ સમજી શકાતું નથી. લૌકિક બુદ્ધિથી અલૌકિક સ્વરૂપનો વિચાર કરવા જતાં ક્યારેક દોષનું ચિંતન થઈ જાય છે, જે અપરાધરૂપ બને છે. અલૌકિક સ્વરૂપને દુનિયાના ગજથી માપી શકાતું નથી. ભૌતિક વિજ્ઞાન અલૌકિક સ્વરૂપને સમજાવી શકાતું નથી. અલૌકિક સ્વરૂપને સમજવા બુદ્ધિના પાયામાં શ્રદ્ધા હોવી જોઈએ. એટલે આ સ્તોત્રનો પાઠ આપણે શ્રદ્ધાપૂર્વક કરવાનો છે. શ્રીગુસાંઈજી મહારાજ પણ શ્રીમહાપ્રભુજીનું જ અવર સ્વરૂપ છે, સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે. શ્રુતિરૂપા ગોપીજનોના સ્વામિનીભાવનું સ્વરૂપ છે માટે આપના મુખારવિંદમાંથી પ્રગટ થયેલું આ સ્તોત્ર પણ આપણે માટે ગાયત્રીમંત્ર સમાન છે. વેદમંત્રરૂપ છે. એવી શ્રદ્ધા રાખીને આપણે આ સ્તોત્રનો પાઠ કરવો જોઈએ.

બુદ્ધિપૂર્વક પાઠ કરવાનું એટલા માટે કહ્યું કે તમે કેવળ સ્તોત્રના શબ્દો બોલી જાવ, તે પૂરતું નથી. પ્રત્યેક શબ્દનો અર્થ અને તેની પાછળ છુપાયેલો અલૌકિક ભાવ સમજીને આ સ્તોત્રનો પાઠ કરો. આ અલૌકિક નામો છે, આધિદૈવિક નામો છે, પ્રત્યેક નામ સ્વરૂપાત્મક છો. એનું રહસ્ય વિચાર્યા વિના પોપટની જેમ પાઠ કરી જશો તો આનંદ નહિ આવે. શ્રદ્ધાથી વિશુદ્ધ કરેલી બુદ્ધિ દ્વારા પાઠ કરશો તો આનંદ આવશે. જેમ મેલાં કપડાંને ધોવા માટે પાણી જોઈએ, આંખને ધોવા માટે અશ્રુ જોઈએ, તેમ બુદ્ધિને ધોવા માટે - શુદ્ધ કરવા માટે શ્રદ્ધા જોઈએ. શુદ્ધ થયેલી બુદ્ધિ દ્વારા શ્રીવલ્લભનું સ્મરણ કરો. બુદ્ધિને કોરે મૂકીને ચાલવાનું નથી. તેમ કેવળ બુદ્ધિથી ચાલવાનું પણ નથી. ભાવના અને બુદ્ધિ બંનેનો સમન્વય કરવાનો છે. આપણી શ્રદ્ધા અને ભાવનાને બુદ્ધિ સાથે મેળવી દેવાથી આપણે લક્ષ્ય ઉપર પહોંચી શકીએ છીએ. જે કોઈ વૈષ્ણવ શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધ કરેલી બુદ્ધિથી દરરોજ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરે છે તેનું ચિત્ત શ્રીમહાપ્રભુજીના ચરણોમાં

ચોંટી જાય છે. તેને સર્વ પ્રકારની અલૌકિક સિદ્ધિઓ મળે છે. એમાં કોઇ સંશય નથી.

પુષ્ટિભક્ત માટે ઉત્તમમાં ઉત્તમ સિદ્ધિ કૃષ્ણાધરામૃતનો આસ્વાદ છે. તે મળ્યા પછી મોક્ષની પણ જરૂર રહેતી નથી. માટે શ્રીદયારામભાઈએ કહ્યું: 'પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઇ જાચું હું, મુક્તિમાર્ગીને આપજો મોક્ષ રે... હું તો નવ જાચું રે...'

શ્લોક-૩૫ :

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃસર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

શબ્દાર્થ :

તદ્ = તે; **અપ્રાપ્તૌ** = ન મળતાં; **વૃથા** = નકામો; **મોક્ષ** = મોક્ષ; **તદ્**= તે; **આપ્તૌ** = મળતાં; **તદ્** = તે; **ગતાર્થતા** = હેતુ સિદ્ધ થયો; **અતઃ** = તેથી; **સર્વોત્તમ સ્તોત્ર** = સર્વોત્તમ્ સ્તોત્રનો; **જપ્યં** = જપ કરવો જોઇએ; **કૃષ્ણરસાર્થિભિઃ** = કૃષ્ણરસની ઈચ્છાવાળાઓએ.

શ્લોકાથ :

તે (સિદ્ધિ) ન મળે તો, મોક્ષ પણ નકામો છે. જ્યારે તે (સિદ્ધિ) મળતાં, સર્વ હેતુ સિદ્ધ થયા એમ સમજીને, શ્રીકૃષ્ણના રસની ઈચ્છાવાળાઓએ શ્રીસર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો.

વિવરણઃ

આ સ્તોત્રનો જપ લૌકિકરસની કામનાવાળાએ કરવાની જરૂર નથી. કારણ કે શ્રીમહાપ્રભુજી લૌકિક કામનાઓ આપનારા નથી. જેમને કૃષ્ણરસની કામના છે, તેઓ જો શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી અહર્નિશ આ સ્તોત્રનો જપ કરે તો તેમને અવશ્ય કૃષ્ણાધરામૃતનો રસાસ્વાદ પ્રાપ્ત થાય છે. તેમાં કોઇપણ પ્રકારનો સંશય રાખવાનું કોઇ કારણ નથી. કારણ કે આજ સુધી આ અનુભવ અનેક ભગવદીયોને થઇ ચૂક્યો છે.

શ્રીગુસાંઇજી મહારાજે અહીં બે વાત કરી. તમે આ સ્તોત્રનો પાઠ પણ કરો, ને જપ પણ કરો. શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી પાઠ અને જપનું સ્વરૂપ સમજવું જોઇએ. જ્યાં સુધી સ્તોત્ર પૂરેપૂરું મોઢે ન થાય, ત્યાં સુધી તમારે તેનો પાઠ કરવો જોઇએ. એટલે કે પુસ્તક લઇને એકાંતમાં બેસી સંપૂર્ણ સ્તોત્ર બોલવું જોઇએ. એમ કરતાં કરતાં જ્યારે આખું સ્તોત્ર શુદ્ધ રીતે મોઢે થઇ જાય ત્યારે એકાંતમા

બેસી, શ્રીમહાપ્રભુજીનું હૃદયમાં ધ્યાનમાં ધરી, આ સ્તોત્રનો મનમાં જપ કરવો જોઈએ. તેનાથી સ્વરૂપધ્યાન સિદ્ધ થાય છે.

તેના જપથી 'કૃષ્ણધરામૃતાસ્વાદ' ની સિદ્ધિ મળે છે. તે સાથે ભક્તિયોગ-સેવામાં નડતા અંતરાયો પણ દૂર થાય છે. આ બંને ફળ પાસે મર્યાદા 'મોક્ષ' નું ફળ તો અતિ તુચ્છ છે. જેને આ અલૌકિક ફળ મળે, તે મોક્ષની ઈચ્છા સ્વપ્નમાં પણ ન કરે. જેને આ ફળ મળ્યું તેને સર્વ ફળ મળ્યાં- તેના બધા લૌકિક અલૌકિક હેતુ સિદ્ધ થયા જાણવા.

આમ, અગ્નિકુમાર શ્રીગુસાંઈજી મહારાજે પરમ કૃપા કરી, શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક ૧૦૮ નામ આપણી પાસે પ્રગટ કર્યાં. આપણે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ચરણકમળોમાં વંદન કરતાં એટલી વિનંતી કરીએ કે આપની કૃપાથી અમે આપનું સ્વરૂપધ્યાન કરતાં કરતાં, શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી દરરોજ આ સ્તોત્રનો જપ કરીએ એવી શક્તિ અને પ્રીતિ આપ અમને પ્રદાન કરો. આપનાં ૧૦૮ નામ રૂપી અલૌકિક સ્વરૂપનો પ્રકાશ અમારા હૃદયમાં આપ પ્રગટ કરો. આપના ચરણારવિંદમાં અમારી દૃઢ શ્રદ્ધા અને નિષ્ઠા બની રહે એવી મતિ આપ અમને પ્રદાન કરો. આપની આજ્ઞાઓનું પાલન કરવા માટે કાર્યો કરવાની આપ અમને પરમશક્તિ આપો.

"ઈતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં શ્રીસર્વોત્તમ સ્તોત્રં સંપૂર્ણમ્ ॥"
"શ્રીમદ્ અગ્નિકુમાર-શ્રીગુસાંઈજી-એ કહેલું શ્રીસર્વોત્તમ સ્તોત્ર સંપૂર્ણ ॥"

■



મુદ્રક : પુષ્ટિ પ્રિન્ટર્સ, મહેસાણા. ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪